
# ષોડશગ્રંથ-પરિચય

[શ્રીમહાપ્રભુજીવિરચિત 'ષોડશગ્રંથ' અને 'પંચશ્લોકી', 'શિક્ષાશ્લોકાઃ' અને 'શ્રીમધુરાષ્ટકમ્' ગ્રંથો પરના પૂ. પા. ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી આલેખિત ગ્રન્થ-પરિચયનો ગુજરાતી અનુવાદ]



# ષોડશગ્રંથ - પરિચય

શ્રીમહાપ્રભુજીવિરચિત

'ષોડશગ્રંથ' અને 'પંચશ્લોકી',

'શિક્ષાશ્લોકાઃ' અને 'શ્રીમધુરાષ્ટકમ્' ગ્રંથો પરના

પૂ.પા.ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી આલેખિત

ગ્રન્થ-પરિચયનો ગુજરાતી અનુવાદ

: પ્રકાશક :

**પુષ્ટિ સાહિત્ય કેન્દ્ર**

C/o. સુરેન્દ્ર જમનાદાસ શાહ
પુષ્પ હેરીટેજ, મહાવીર નગર,
દહાણુકરવાડી, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭.
ફોનઃ 2863 2396 - 9833272383
મધુભાઈ શાહ - ફોનઃ 28070043 - 9320787642

# ષોડશગ્રંથ–પરિચય

**શ્રીમહાપ્રભુજી** વિરચિત **'ષોડશગ્રંથ'** અને **'પંચશ્લોકી'**, **'શિક્ષાશ્લોકાઃ'** અને **'શ્રીમધુરાષ્ટકમ્'** ગ્રંથો પરના **પૂ.પા. ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી** આલેખિત ગ્રન્થ-પરિચયના ગુજરાતી અનુવાદકો :
શ્રી મગનભાઈ લા. તન્ના (શ્રીયમુનાષ્ટકમ્ થી અંતઃકરણપ્રબોધઃ સુધી),
શ્રી પ્રતાપરાય કાં. શાહ (વિવેકધૈર્યાશ્રયઃ થી શ્રી સંન્યાસનિર્ણયઃ સુધી),
શ્રી બાબુભાઈ પી. નાયક (નિરોધલક્ષણમ્ થી શ્રીમધુરાષ્ટકમ્ સુધી).


<u>પ્રકાશન સહયોગી :</u>

| | | |
|---|---|---|
| (૧) | શ્રી પુષ્ટિ સાહિત્ય કેન્દ્ર કાંદીવલી<br>શ્રી સુરેન્દ્ર શાહ અને શ્રી મધુભાઈ શાહ | ૧૦૦ પુસ્તક |
| (૨) | શ્રી વૈષ્ણવ – કાંદીવલી | ૨૦૦ પુસ્તક |
| (૩) | શ્રીમતી વીભાબેન સુનીલભાઈ જાગીરદાર, સુરત | ૧૦૦ પુસ્તક |
| (૪) | શ્રીમતી રંજનબેન હેમંતભાઈ મુલ્લાજી, મુંબઈ | ૧૦૦ પુસ્તક |
| (૫) | શ્રીમતી પ્રમીલાબેન પુરુષોત્તમદાસ કલ્યાણી | ૧૦૦ પુસ્તક |
| (૬) | શ્રી વૈષ્ણવ C/o. શ્રી સુરેન્દ્રભાઈ | ૨૦૦ પુસ્તક |
| (૭) | શ્રી બચુભાઈ, વિલેપારલા | ૫૦ પુસ્તક |
| (૮) | શ્રીમતી સ્નેહલતાબેન કૃષ્ણકુમાર ગાંધી | ૩૦ પુસ્તક |
| (૯) | ગો.વા. ચંપાબેન વાડીલાલ મણીયાર – હ. કૈલાસબેન | ૨૦ પુસ્તક |
| (૧૦) | શ્રી વૈષ્ણવ | ૧૦૦ પુસ્તક |

: નિશુલ્ક વિતરણાર્થ :

પ્રથમ આવૃત્તિ **એપ્રીલ ૨૦૦૧** (પ્રત ૧૫૦૦)
દ્વિતીય આવૃત્તિ **સપ્ટેમ્બર ૨૦૦૧** (પ્રત ૩૦૦૦)
તૃત્તીય આવૃત્તિ **ડીસેમ્બર ૨૦૦૯** (પ્રત ૧૦૦૦)

: તૃત્તીય આવૃત્તિના મુદ્રક :

નરોતમ ભાટીયા, ૭૦૨, કૃષ્ણ લીલા, ખોખાણી લેન,
ઘાટકોપર (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૭૭. ફોન : (૦૨૨) ૨૫૦૧ ૧૮૧૩


## અનુક્રમણિકા

[**ષોડશગ્રંથ–પરિચય :** શ્રીમહાપ્રભુજીવિરચિત 'ષોડશગ્રંથ' અને 'પંચશ્લોકી', 'શિક્ષાશ્લોકાઃ' અને 'શ્રીમધુરાષ્ટકમ્' ગ્રંથો પરના **પૂ.પા. ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી** આલેખિત **ગ્રન્થ–પરિચય**નો ગુજરાતી અનુવાદ]


| ક્રમ | | પૃષ્ઠ |
|---|---|---|
| | આમુખ | ii |
| | આશીર્વચન | v |
| ૧. | શ્રીયમુનાષ્ટકમ્ | ૧ |
| ૨. | બાલબોધઃ | ૪ |
| ૩. | સિદ્ધાંતમુક્તાવલી | ૧૦ |
| ૪. | પુષ્ટિપ્રવાહમર્યાદાભેદઃ | ૧૭ |
| ૫. | સિદ્ધાંતરહસ્યમ્ | ૨૬ |
| ૬. | નવરત્નમ્ | ૩૩ |
| ૭. | અંતઃકરણપ્રબોધઃ | ૪૦ |
| ૮. | વિવેકધૈર્યાશ્રયઃ | ૪૮ |
| ૯. | કૃષ્ણાશ્રયસ્તોત્રમ્ | ૬૧ |
| ૧૦. | ચતુઃશ્લોકી | ૭૨ |
| ૧૧. | ભક્તિવર્ધિની | ૯૧ |
| ૧૨. | જલભેદઃ | ૧૧૨ |
| ૧૩. | પંચપદ્યાનિ | ૧૨૬ |
| ૧૪. | સંન્યાસનિર્ણયઃ | ૧૩૨ |
| ૧૫. | નિરોધલક્ષણમ્ | ૧૬૮ |
| ૧૬. | સેવાફલમ્ | ૨૦૧ |
| ૧૬–અ. | સેવાફલવિવરણમ્ | ૨૦૧ |
| ૧૭. | પંચશ્લોકી | ૨૩૩ |
| ૧૮. | શિક્ષાશ્લોકાઃ | ૨૪૮ |
| ૧૯. | શ્રીમધુરાષ્ટકમ્ | ૨૫૫ |

## પુષ્ટિ સાહિત્ય કેન્દ્ર કાંદીવલી - મુંબઈ

## પ્રવૃત્તિઓ

પુષ્ટિ સાહિત્યની સુચિ ''પુષ્ટિ સાહિત્ય ખજાનો''
www.pustimarg.net નામની વેબસાઈટ ના
Book વિભાગ પર જોઈ શકાશે.

આધ્યાત્મિક તેમજ પુષ્ટિ માર્ગીય અલભ્ય
પુસ્તકના અભ્યાસ માટે તેમજ
પુષ્ટિ માર્ગના ગ્રંથોનું વિતરણ
શ્રીવલ્લભ પુસ્તકાલય (સુખધામ)

**શ્રીઠકુઈ ભાટીયા સેવા ફંડ**

ત્રીજે માળે, એસ. વી. રોડ અને શંકર ગલીના જંકશન ઉપર
કાંદીવલી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૬૭.

સોમવાર થી શનીવાર - સમય : બપોરના ૩ થી ૬

**: વધુ માહિતી માટે સંપર્ક :**

શ્રી મધુભાઈ શાહ, કાંદીવલી.
ફોન : (૦૨૨) ૨૮૦૭૦૦૪૩

શ્રી સુરેન્દ્ર જમનાદાસ શાહ, કાંદીવલી.
ફોન : (૦૨૨) ૨૮૬૩ ૨૩૯૬
મોબાઈલ : ૯૮૩૩૨ ૭૨૩૮૩

## : પુષ્ટિ સાહિત્ય પુસ્તકાલય :

## ગ્રંથો ઘરે વાંચવા ઉપલબ્ધ છે.

**શ્રી નવગામ વિસાનાગર વણિક સમાજનું**

**કાર્યાલય :**

ગોકલદાસ હકમચંદ નિવાસ
મથુરાદાસ રોડ, કાંદીવલી (પશ્ચિમ),
મુંબઈ - ૪૦૦ ૦૬૭.

સોમવાર - બુધવાર - શુક્રવાર સાંજના ૫.૩૦ થી ૭.૦૦

સંપર્ક : સુરેન્દ્ર શાહ - ૯૮૩૩૨૩૨૩૮૩
મધુભાઈ શાહ - ૯૩૨૦૭૮૭૬૪૨

પુષ્ટિ માર્ગીય ગ્રંથો વસાવવા
(વિતરણ વ્યવસ્થા)

**પુષ્ટિ સાહિત્ય કેન્દ્ર**

C/o. સુરેન્દ્ર જમનાદાસ શાહ
ઈ / ૫૦૩, પુષ્પ હેરિટેજ, મહાવીર નગર,
પંચશીલ ગાર્ડનની સામે, દહાણુકર વાડી,
કાંદીવલી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૬૭.
ફોન : ૨૮૬૩૨૩૯૬ (મોબાઈલ) : ૯૮૩૩૨૭૨૩૮૩

# : આમુખ :
## (આવૃત્તિ ત્રીજી)

પૂજયપાદ્ ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી - (પાર્લા-કિશનગઢ) વિરચિત આ અમૂલ્ય ગ્રંથ ઘણા વખતથી અપ્રાપ્ય હતો અને વૈષ્ણવોની સતત માગ રહેતી હતી તેમજ કેટલાક ભગવદીયોની આ પુસ્તકના પુનઃ પ્રકાશનમાં સહકાર આપવાની ભાવના પણ હતી એટલે શ્રીહરિની કૃપા અને શ્રીવલ્લભના અનુગ્રહથી આ ગ્રન્થનું પુનઃ પ્રકાશન અમે કરી શક્યા છીએ. આ પ્રકાશનમાં શ્રી પરીખ પરિવારના પ. ભ. શ્રી એન. કે. પરીખે નિઃશુલ્ક વિતરણાર્થે પુસ્તક છાપવાની પોઝીટીવ આપીને જે સહયોગ આપ્યો છે. તે માટે હાર્દિક આભાર..

માગસરવદ ૯
વિ.સં. ૨૦૬૬
શ્રી ગુસાંઈજી પ્રાકટ્યોત્સવ
તા. ૧૦-૧૨-૨૦૦૯

– પ્રકાશક

નોંધ : ગુજરાતી ટાઈપમાં 'દ' 'દ' (=દ્) જેવો લાગે છે અને જ્યાં 'પ' આવે છે ત્યાં શબ્દ છૂટો પડી જતો હોય એમ લાગે છે. વાચકોને આ ત્રુટીઓ પ્રેમપૂર્વક નિભાવવા વિનંતી.

॥ શ્રીવલ્લભો વિજયતે જ્ઞાનૈકબન્ધુઃ ॥

गोस्वामी श्याम मनोहर

પુષ્ટિમાર્ગ ઉપર મંગલપ્રસ્થાન કરવા માંગતા પ્રત્યેક પુષ્ટિપથિકો માટે ષોડશગ્રન્થો સોળે સોળ કલાઓથી પ્રકાશમાન સૌમ્ય શીતલ અને સુખદ માર્ગપ્રકાશક મનોહારી ચંદ્રમા જેવા છે.

આધુનિક વિજ્ઞાન મુજબ સૂરજનો જ પ્રકાશ ચંદ્રમાથી પરાવર્તન થવાને કારણે શીતલ અને સૌમ્ય રૂપ ધારણ કરી લેતો હોય છે. તેવું જ કાંઈક અહિંયાં પણ છે!

સહજ પરિતાપથી પુષ્ટિપ્રભુથી વિખૂટાં પડેલાં પ્રત્યેક પુષ્ટિજીવ ફરીથી પુષ્ટિપ્રભુના પુષ્ટિભાવ કે પુષ્ટિપ્રકૃતિ સરખી રીતે સમજીને તે પુષ્ટિપ્રભુ સાથે નાતો જમાવી શકે તેવો પ્રબલ તાપભાવ આપણા પુષ્ટિભક્તિમાર્ગીયમાર્તણ્ડ એવા મહાપ્રભુના મનમાં કેટલો આકુલ હશે તે તો દામોદરદાસજીની વાર્તામાં "દમલા! તેં કછુ સુન્યો?" વચનમાં એકદમ સમજી નથી શક્યાં શું?

પરન્તુ ષોડશગ્રન્થોમાં પ્રકટ થયેલ વાણીમાં તે મનોભાવ સૂર્યથી પરાવર્તન આતપ જેમ શીતલ ચાંદનીમાં

६३, स्वस्तिक सोसायटी, चौथा रस्ता, जुहू स्कीम,
बम्बई ४०० ०५६.   फोन: ६२६६३२६
"अक्षेत"
महाप्रभु श्री वल्लभाचार्य मार्ग, नयाशहर, किशनगढ़, ३०५८०२

ફેરવાઈ જાય તેમ શીતલ સૌરભ અને આહ્લાદક બની ગયો છે:

૧) સ્વભાવવિજયો ભવેદ્ વદતિ વલ્લભ: શ્રીહરે: (યમુનાષ્ટક)

૨) ઈત્યેવં કથિતં સર્વં નૈતજ્જ્ઞાને ભ્રમ: પુન: (બાલબોધ)

૩) એવં સ્વશાસ્ત્રસર્વસ્વં મયા ગુપ્તં નિરૂપિતમ્
એતદ્ બુદ્ધ્વા વિમુચ્યેત પુરુષ: સર્વસંશયાત્ (સિદ્ધાન્તમુક્તાવલી)

૪) પ્રવાહેઽપિ સમાગત્ય પુષ્ટિસ્થ: તૈર્ન યુજ્યતે (પુષ્ટિપ્રવાહમર્યાદા)

૫) ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના
ગંગાત્વેન નિરૂપ્યા સ્યાત્ તદ્વદત્રાપિ ચૈવ હિ (સિદ્ધાન્તરહસ્ય)

૬) તસ્માત્ સર્વાત્મના નિત્યં "શ્રીકૃષ્ણ: શરણં મમ"
વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિ: (નવરત્ન)

૭) ઈતિ શ્રીકૃષ્ણદાસસ્ય વલ્લભસ્ય હિતં વચ:
ચિત્તં પ્રતિ યદાકર્ણ્ય ભક્તો નિશ્ચિન્તતાં વ્રજેત્ (અન્ત:કરણપ્રબોધ)

६३, स्वस्तिक सोसायटी, चौथा रस्ता, जुहू स्कीम,
बम्बई ४०० ०५६. फोन: ६१४६३२६

"अडेल"
महाप्रभु श्री वल्लभाचार्य मार्ग, नयाशहर, किशनगढ, ३०५८०२





૮) એવમાશ્રયણં પ્રોક્તં સર્વેષાં સર્વદા હિતમ્
કલૌ ભક્ત્યાદિમાર્ગા હિ દુ:સાધ્યા ઈતિ મે મતિ: (વિવેકધૈર્યાશ્રય)

૯) કૃષ્ણાશ્રયમિદં સ્તોત્રં ય: પઠેત્ કૃષ્ણસન્નિધૌ
તસ્યાશ્રયો ભવેત્ કૃષ્ણ: ઈતિ શ્રીવલ્લભોઽબ્રવીત્ (કૃષ્ણાશ્રય)

૧૦) અત: સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વરપાદયો:
સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમિતિ મે મતિ: (ચતુ:શ્લોકી)

૧૧) ઈત્યેવં ભગવચ્છાસ્ત્રં ગૂઢતત્ત્વં નિરૂપિતમ્
ય એતત્ સમધીયીત તસ્યાપિ સ્યાદ્ દૃઢા રતિ: (ભક્તિવર્ધિની)

૧૨) ઈતિ જીવેન્દ્રિયગતા નાનાભાવં ગતા ભુવિ
રૂપત: ફલતશ્ચૈવ ગુણા: વિષ્ણો: નિરૂપિતા (જલભેદ)

૧૩) અનન્યમનસો મર્ત્યા: ઉત્તમા: શ્રવણાદિષુ
દેશકાલદ્રવ્યકર્તૃ-મન્ત્રકર્મપ્રકારત: (પંચપદ્યાનિ)

६३, स्वस्तिक सोसायटी, चौथा रस्ता, जुहू स्कीम,
बम्बई ४०० ०५६. फोन: ६१४६३२६

"अडेल"
महाप्रभु श्री वल्लभाचार्य मार्ग, नयाशहर, किशनगढ, ३०५८०२

૧૩) ઇતિ કૃષ્ણપ્રસાદેન વલ્લભેન વિનિશ્ચિતમ્
સંન્યાસવરણં ભક્તૌ અન્યથા પતિતો ભવેત્
(સંન્યાસનિર્ણય)

૧૪) યસ્ય વા ભગવત્કાર્યં યદા સ્પષ્ટં ન દૃશ્યતે
તદા વિનિગ્રહસ્તસ્ય કર્તવ્ય ઇતિ નિશ્ચય:
નાત: પરતરો મન્ત્રો નાત: પરતર: સ્તવ:
નાત: પરતરા વિદ્યા તીર્થં નાત: પરાત્પરમ્
(નિરોધલક્ષણ)

૧૫) અવશ્યેયં સદા ભાવ્યા સર્વમન્યન્મનોભ્રમ:
તદીયૈરપિ તત્કાર્યં પુષ્ટૌ નૈવ વિલમ્બયેત્
ગુણક્ષોભેઽપિ દ્રષ્ટવ્યમેતદેવેતિ મે મતિ:
કુસૃષ્ટિરત્ર વા કાચિદુત્પદ્યેત સ વૈ ભ્રમ:
(સેવાફલ)

તે ઉપરાંત

૧૬) ભાવસ્વભાવસ્થાદીપ: સર્વસ્વરૂપેષ્વપિ સ:
પરલોકસ્ય તેનાયં સર્વભાવેન સર્વદા
સેવ્ય: સ્વાભાવિક ગોપીશો વિશ્વાસ્યમહિત:
(વિદ્વન્મણ્ડન)

આમ ઠોસઠોસ ગ્રન્થો અને વાણીના આમાં ટાંકેલ શ્લોકો
પણ પ્રકટ પરદેશી વાણીમાં કેટલો ભાવ ભક્તિસંસ્કારી





(પર્વતલ રસ) પ્રકટ થઈ આવે છે તે દરેક સહૃદય પાઠકજનોના હૃદયને સ્પર્શી શકે તેવી હકીકત છે!

આમાં ધર્મશાસ્ત્ર કરનાર અને ધર્મોપદેશકની ગુરુ કે જનક પિતા જેવી અધિકારસભર વાણીનાં સુરો મુખરિત થાય છે તો પોતાના બાળકોના અબોધ બાળકના માટે અને મમતાળુ માતાના વાત્સલ્યના સુરો પણ મહાપ્રભુ પોતાના મુખારવિંદમાં મમતાથી વહ્યા હોય એવું લાગે છે! આમાં કોઈ વિરક્તાત્માને વિરક્તિદ્વારા આપવામાં આવતી જો તેના સ્વાર્પણની શિખામણના સુરો હોય તો તેમજ એક મિત્રને તેના મિત્રદ્વારા મૈત્રીપૂર્ણ ભાવનાના સુરો પણ આપણને મનોમંથન માટે પ્રેરણા આપી રહ્યા છે!

આ તરફ ઉપર વિચાર પડતા શ્રીવલ્લભાચાર્યશ્રી મહોત્સવના આયોજન વખતે મનમાં એક વિચાર ઝબૂક્યો કે લોકો અને ખાસ કરીને ગુજરાતી વૈષ્ણવોની વાણીમાં આમાંનો કયો ગ્રન્થ કોના માટે ઉપદેશવામાં આવ્યો તે ચકાસી કેમ ન લેવું? આવો ભાવ

અધિકરણસંગ્રહ (પત્રાવલમ્બન) જે મહાપ્રભુજીની વાણીમાં પ્રકટ થઈ રહ્યો છે તો તેનો પ્રથમ શ્રોતા મહાપ્રભુજીની સાથે કેવા સંબંધો અને નાસ્તિકતાથી જોડાયેલો છે અને કેવો મમત્વનો પ્રતિભાવ દાખવતા મહાપ્રભુજીએ આ ઉપદેશો આપ્યા છે!

એટલે ચોર્યાશી વૈષ્ણવોની વાર્તાના સંદર્ભમાં આ ષોડશગ્રન્થોનું મનન કરતાં જે-જે વિચારણાઓ ગ્રન્થકારના અભિપ્રાયને શોધવા માટે આપણે તે આ ગ્રન્થપરિચય તરીકે ગ્રન્થોના પ્રારંભમાં જોડવામાં આવ્યો હતો.

તે વખતે ~~[illegible]~~ આગળ-આગળ આપણાં કેટલાક ગોસ્વામીઓના ઘરથી જો આગળ-આગળ ગ્રન્થ પ્રકાશિત થાય તો બધા જ શ્રીવલ્લભનંદનોની આમાં અંગત નામરજી એવો સ્વપ્ન જોયો હતો! તેથી શરૂઆતના ચાર-પાંચ ગ્રન્થોનાં પ્રકાશકોની ગ્રન્થપરિચયમાં સહમતિ મેળવવાના સૌજન્યની મનોવૃત્તિ રાખીને દાખવતાં જતાં વાંધાવચકાઓ કાઢવામાં આવ્યા. તેથી વગર વિચાર્યે સંક્ષિપ્ત ગ્રન્થપરિચયો લખવાનો જ તે વખતે યોગ્ય લાગ્યું. પછી





આવા સૌજન્યપ્રદર્શનની આદિ ભૂલ કર્યા વગર જેમ મહાપ્રભુ પ્રેરણા આપે તેમ લખીને પ્રકાશિત ગ્રન્થોજ પ્રકાશકોના હાથમાં મૂકવાની સૂઝ પડતી ગઈ, તેથી ધીમે-ધીમે ગ્રન્થપરિચયોમાં વિસ્તારથી છણાવટ શક્ય બની. આ કારણે, પરન્તુ, આ ગ્રન્થોના ગ્રન્થપરિચયોની લખાણની શૈલી અને માપમાં એકરૂપતા નથી જળવાણી તે બદલ ક્ષમાયાચના કરવાની હોય. પરન્તુ "અભ્યાસત: ક્ષેમકરાં ભવન્તિ" જોતાં શરૂઆતમાં સંક્ષેપ પછી થોડોક વિસ્તાર અને અંતે પૂરો વિસ્તાર આમ ષોડશગ્રન્થોના અધ્યેતાઓને આ ક્રમિક સમ્પ્રદ અને ઉપયોગી પણ લાગે એવી આશાએ "ભગવાન કરે સો ભલી કરે"ની ભાવના મુજબ હું રાખું છું.

આ સમગ્ર ગ્રન્થપરિચયોનું ગુજરાતી અનુવાદ કરાવીને તેમજ બીજા પણ પંચશ્લોકી, શિક્ષાશ્લોકી અને મધુરાષ્ટકના ગ્રન્થપરિચયોને પણ સાથોસાથ સંકલિત કરીને પ્રકાશિત કરવાનું અને તેમને વિના મૂલ્યે વિતરિત કરવાનો મનોરથ જો શ્રી

અત: કે. પરીક્ષના હૃદયમાં જાગ્યો તે મહાપ્રભુ શ્રીવલ્લભની કૃપાવૃષ્ટિની રસાર્દ્રતા તરીકે સ્વીકારવા હું પ્રેરાયો છું.

આ ગ્રન્થવિષયોનું સંકલન-અનુવાદ-પ્રકાશન અને નિ:શુલ્ક વિતરણ પુષ્ટિભક્તિ અને પુષ્ટિપ્રપત્તિની ભાવનાને અનુસરનાર આપણાં સમ્પ્રદાયનાં ભંડારોની મહતી સેવા છે. સાચી ફલશ્રુતિ; અતઃ, શ્રીમહાપ્રભુની વાણીમાં વૈષ્ણવોની રૂચિ જાગે, તેને સમજે, તેને જીવે અને તેને માણતા થાય તેમાં રહેલી છે! "બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ!"

ગોસ્વામી શ્યામ મનોહર

દિ. ૨૫ મે, ૨૦૦૧

મુંબઈ

६३, स्वस्तिक सोसायटी, चौथा रास्ता, जुहु स्कीम,
बम्बई ४००.०५६. फोन: ६१४४३२६
"अहेल"
महाप्रभु श्री वल्लभाचार्य मार्ग, नगरशहर, किशनगढ, ३०५८०२



# ૧. શ્રીયમુનાષ્ટકમ્

આપણે સાંભળતા આવીએ છીએ કે પોતાની વ્રજયાત્રા દરમ્યાન શ્રીમદ્‌વલ્લભાચાર્ય મહાપ્રભુજી મહાવનમાં યમુનાજીના તટ ઉપર ગોકુલ ગામની ખોજમાં પરિભ્રમણ કરી રહ્યા હતા ત્યારે સ્વયં શ્રીયમુનાજીએ પ્રકટ થઈને વર્તમાન ગોકુલનું સ્થળ બતાવ્યું હતું. પ્રાચીન ગોકુલ ગામના સ્થળની ઓળખાણ પછી શ્રીમહાપ્રભુજી ત્યાં બિરાજ્યા અને ત્યારે શ્રીયમુનાજીનું પુષ્ટિમાર્ગીય માહાત્મ્ય અથવા મહત્ત્વનું જ્ઞાન તેઓશ્રીના મુખેથી આપોઆપ નીકળવા માંડ્યું અને તે જ ષોડશગ્રંથમાં મંગલાચરણ રૂપે યોજાયેલ શ્રીયમુનાષ્ટકસ્તોત્ર છે.

એક કિંવદન્તી અનુસાર શ્રીયમુનાષ્ટકની રચના વિ.સં.૧૫૪૯ શ્રાવણ સુદિ ત્રીજને દિવસે શ્રીગોકુલમાં થઈ હતી. (દ્રષ્ટવ્ય : શ્રીનાગરદાસ બાંભણિયા દ્વારા લિખિત "શ્રીષોડશગ્રન્થની રચના તથા શ્રીમહાપ્રભુના ચરિત સાથે સંકળાયેલ મહત્ત્વની તવારીખો" લેખ, વૈષ્ણવવાણી અંક ૪, વર્ષ ૧૯૭૯)

જેમ ગંગાજી સાથે દાસ્યભાવાત્મિકા મર્યાદાભક્તિની એક અંતર્ધારા વહે છે, તે જ પ્રમાણે શ્રીયમુનાજીની સાથે પણ પુષ્ટિભક્તિની અંતર્ધારા વહે છે. શ્રીયમુનાજીની સાથે વહેતી પુષ્ટિમાર્ગની આ અંતર્ધારા વ્યાપિવૈકુંઠના નાથને નાના એવા ગોકુલના નાથ થવાને માર્ગ તથા પુષ્ટિમાર્ગીય ગરિમા પ્રદાન કરે છે. ક્ષય કરી રહેલા કાળના પ્રવાહમાં તણાતા જીવોને ત્યાંથી પરાણે ખેંચી લઈને પોતાની સાથે વહેવડાવીને આ ધારા તેઓને શ્રીકૃષ્ણની દિવ્ય મધુર નિત્ય લીલાઓ સુધી પહોંચાડી દે છે.

શ્રીમદ્‌વલ્લભાચાર્ય મહાપ્રભુજીએ આ શ્રીયમુનાષ્ટકસ્તોત્રમાં શ્રીયમુનાજીનાં આધિભૌતિક, આધ્યાત્મિક તેમ જ આધિદૈવિક રૂપોનું વર્ણન કરતાં પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણથી શ્રીયમુનાજીની અસાધારણ અષ્ટવિધ વિશિષ્ટતા અથવા ઐશ્વર્યનું આઠ શ્લોકમાં વર્ણન કર્યું છે. ક્રમશઃ એક એક શ્લોક શ્રીયમુનાજીના એક એક ઐશ્વર્યના વર્ણન માટે કહેવાયેલ છે. શ્રીયમુનાજીનાં તે ઐશ્વર્ય નીચે પ્રમાણે છે :

(૧) શ્રીયમુનાજી પુષ્ટિમાર્ગીય અનેકવિધ સિદ્ધિઓને આપનારાં છે. દાખલા તરીકે, સાક્ષાત્ ભગવત્સેવામાં ઉપયોગી દેહની પ્રાપ્તિ, ભગવાનની વિવિધ પુષ્ટિલીલાઓનાં દર્શન પ્રાપ્ત કરી શકવાનું સામર્થ્ય, તે લીલાઓમાં વ્યક્ત થતા રસોનો અનુભવ કરી શકવાનું સામર્થ્ય તથા સર્વાત્મભાવ વગેરે. આ બધી પુષ્ટિમાર્ગીય સિદ્ધિઓ છે, જે સિદ્ધિઓ શ્રીયમુનાજી દ્વારા પુષ્ટિજીવોને પ્રાપ્ત થાય છે.

(૨) શ્રીયમુનાજી ભગવદ્ભાવને વધારનારાં છે. દેવાદિવિષયિણી રતિ અથવા પ્રીતિને ભાવ કહેવાય છે. પુષ્ટિમાર્ગના આરાધ્ય દેવ શ્રીકૃષ્ણ જ છે અને શ્રીયમુનાજી પુષ્ટિજીવને આ જ શ્રીકૃષ્ણના સ્નેહરૂપ ભગવદ્ભાવથી યુક્ત કરે છે.

(૩) પોતાના આરાધ્ય શ્રીકૃષ્ણની સાથે સંબંધ જોડવામાં પુષ્ટિભક્ત સામે જે કાંઈ પ્રતિબંધ કે વિઘ્ન આવે છે તેને શ્રીયમુનાજી દૂર કરે છે. આ વિઘ્નોને હરી લઈને પુષ્ટિભક્તને ભગવદનુભવ કરવા યોગ્ય શુદ્ધ બનાવી દે છે. આથી શ્રીયમુનાજી પુષ્ટિજગતને પાવન કરનારાં છે.

(૪) જેવાં ગુણધર્મ અને રૂપ ભગવાને પુષ્ટિલીલામાં પ્રકટ કર્યાં છે તે બધાં શ્રીયમુનાજીમાં પ્રકટ કર્યાં છે. આથી શ્રીયમુનાજી સાથે જેઓનો સંબંધ સ્થાપિત થયો હોય તેમનો પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણની સાથે પણ સંબંધ અનાયાસે જ સ્થાપિત થઈ ગયો, એમ સમજી લેવું જોઈએ.

(૫) ભગવાનના પ્રિય ભક્તોમાં જે કાંઈ કલિરૂપ દોષ હોય તેમને શ્રીયમુનાજી દૂર કરી દે છે.

(૬) રાસલીલામાં ભગવાન તિરોહિત થઈ ગયા, તે પછી જેવી રીતે ગોપીઓએ શ્રીયમુનાજીના તટ ઉપર નિઃસાધન ભાવથી શ્રીકૃષ્ણની પ્રતીક્ષા કરી, તેવી જ રીતે જે કોઈ પુષ્ટિજીવ શ્રીયમુનાજીના આશ્રયથી ભગવાનને ખોળવા ઈચ્છે છે તે ભગવાનનો પ્રેમપાત્ર બને છે તથા ભગવાનને મેળવી શકે છે. શ્રીયમુનાજલપાનનું આ અસાધારણ મહત્ત્વ છે કે શ્રીયમુનાજી તેમનું જલપાન કરનારનાં દેહ–ઈન્દ્રિય આદિ કાલરૂપી પ્રવાહમાં તેમના આત્માને વહેવડાવીને ક્યારેય યમાલય (યમદ્વાર) સુધી નથી પહોંચાડતાં, પરંતુ કાલાતીત પરમાત્માને પ્રેમરૂપી રાશથી બાંધીને પાનકર્તા ભક્ત સુધી અવશ્ય પહોંચાડી દે છે.

(૭) દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ તેમ જ આત્મા, આવી રીતે સર્વ દ્વારા ભગવલ્લીલા તેમ જ ભગવત્સ્વરૂપનો અનુભવ—આ અલૌકિક સામર્થ્યને તનુનવત્વ અર્થાત્ દેહનું નવીનીકરણ (દેહને નવીનતા પ્રાપ્ત થવી તે) માનવામાં



આવેલ છે. શ્રીયમુનાજી પુષ્ટિજીવોના દેહ વગેરેમાં એવું અલૌકિક સામર્થ્ય પ્રકટ કરી દે છે કે, હજારો પરિવત્સરોથી (વર્ષોથી) પ્રભુથી વિખૂટો પડેલો જીવ, પોતાના કાળથી જર્જરિત દેહ–ઈન્દ્રિય વગેરેમાં એક એવી વિલક્ષણ શક્તિ કે નવીનતાનો અનુભવ કરવા લાગી જાય છે કે, તેમને ભગવાનનો રસાત્મક અનુભવ બધી રીતે થવા માંડે છે, એટલું જ નહિ, પરંતુ નિત્યલીલામાં પણ શ્રીયમુનાજીને કારણે તેમને નવો દેહ મળી જાય છે.

(૮) શ્રીયમુનાજીના તટ ઉપર તથા જળમાં પણ શ્રીકૃષ્ણની અનેકવિધ લીલાઓ આધિદૈવિક રૂપે સનાતન ચાલતી રહી છે. શ્રીયમુનાજીમાં જલક્રીડાનિમગ્ન પરમ આનંદાત્મક પ્રભુનો આનંદ જ શ્રમજલકણોના રૂપમાં ઊછળીને શ્રીયમુનાજલમાં તાદાત્મ્ય પ્રાપ્ત કરી લે છે. આથી શ્રીયમુનાજલસ્નાન પુષ્ટિભક્તોમાં શ્રીકૃષ્ણની સાથે અંગસંગના અનુભવનો રોમાંચ પેદા કરે છે.

શ્રીયમુનાજીનું આ આધિદૈવિક સ્વરૂપ સમગ્ર રીતે લીલાસામયિક પુષ્ટિભક્તોના અનુભવનો જ વિષય થાય છે. આંશિકરૂપે (તોપણ) આધુનિક પુષ્ટિજીવોને માટે પણ પ્રતિબંધ કરનારા દોષોનું નિવારણ, સ્વભાવવિજય, ભગવદ્ભક્તિ તથા ભગવત્પ્રેમનો અધિકાર શ્રીયમુનાજી દ્વારા પ્રાપ્ત થાય છે. આથી શ્રીયમુનાજીની કૃપાથી પુષ્ટિજીવ પુષ્ટિમાર્ગમાં પ્રવેશવાને યોગ્ય થાય છે. આ મંગલવિધાન શ્રીયમુનાજીનું કાર્ય છે. આથી તેમની સ્તુતિને પુષ્ટિમાર્ગીય ઉપદેશમાં મંગલાચરણરૂપે યોજવામાં આવેલી છે.

**ઇતિ શમ્**

## ૨. બાલબોધઃ

એક કિંવદંતી (શ્રીનાગરદાસ બાંભણિયા શાસ્ત્રીજી દ્વારા લિખિત લેખ "શ્રીષોડશગ્રન્થની રચના... મહત્ત્વની તવારીખો" વૈષ્ણવવાણી અંક ૪, વર્ષ ૧૯૭૯) અનુસાર 'બાલબોધ' ગ્રંથની રચના શ્રીમહાપ્રભુજીએ વિ.સં. ૧૫૫૦માં પુષ્કરરાજ (દ્રષ્ટવ્ય : શ્રીયદુનાથજી કૃત શ્રીવલ્લભદિગ્વિજય મધ્યમ–યાત્રા પ્રકરણ)માં કરેલી હતી. ચોરાશી વૈષ્ણવોની વાર્તા ૫૭ મીના ભાવપ્રકાશ પ્રમાણે આ 'બાલબોધ'નો ઉપદેશ અંબાલાના નારાયણદાસ કાયસ્થને સ્વયં શ્રીમહાપ્રભુજીએ દ્વારકામાં કરેલો હતો.

નારાયણદાસના પિતા સરકારી કાર્યાલયમાં નોકરી કરતા હતા. વીસ વર્ષની ઉંમરે નારાયણદાસને જુગાર રમવાની લત લાગી અને તે કારણે ઘર છોડીને તેમને ભાગી જવું પડ્યું. ભટકતાં ભટકતાં તેઓ દક્ષિણમાં પહોંચ્યા અને ત્યાં કોઈક ઠેકાણે તેમણે વિદ્યા પ્રાપ્ત કરી અને બજારમાં બાળકોને ભણાવવા માટે એક શાળા શરૂ કરી. બાળક વિદ્યાર્થીઓને શિક્ષા કરવાનું અને શિક્ષણ આપવાનું બંને કાર્ય તેઓ ઘણી જ કઠોરતાથી કરતા હતા! શ્રીમહાપ્રભુજીના સેવક કૃષ્ણદાસે ટોકવા છતાં એકવાર કોઈ બાલક વિદ્યાર્થીને તેમણે એટલો બધો માર્યો કે તે બેહોશ બની ગયો. ત્યારે તેમને પોતાની કઠોરતાનો ખ્યાલ આવ્યો. ભાગીને સીધા કૃષ્ણદાસની પાસે આવ્યા અને તેમની મારફત શ્રીમહાપ્રભુજીની સંમુખ ઉપસ્થિત થયા. શ્રીમહાપ્રભુજીના પ્રતાપથી તે બાળક અને નારાયણદાસ બેય સ્વસ્થ થઈ ગયા. દીક્ષિત થયા પછી તેઓ દક્ષિણથી દ્વારકા સુધી યાત્રામાં શ્રીમહાપ્રભુજીની સાથે રહ્યા. દ્વારકામાં જ્યારે તેમને ઘેર પાછા ફરવાની આજ્ઞા કરવામાં આવી, ત્યારે સ્વધર્મને છેવટ સુધી નિભાવવાની તેમની ચિંતાનું નિવારણ શ્રીમહાપ્રભુજીએ એમ કહીને કર્યું કે, 'તોસોં સ્વરૂપ સેવા નિબહેગી નાહી. પરાઈ ચાકરી કરની. ઘરપેં કોઉ સેવક નાહીં. તાતે હસ્તાક્ષર લિખ દેત હોં. સામગ્રી જો બને સો ભોગ ધરિકે મહાપ્રસાદ લીજિયો' એટલે કે તારાથી સ્વરૂપસેવા નિભાવાશે નહીં. બીજાની ચાકરી કરજે. ઘરમાં કોઈ સેવક નથી. તેથી હસ્તાક્ષર લખી આપું છું. જે સામગ્રી બની શકે તે હસ્તાક્ષરને ભોગ ધરીને મહાપ્રસાદ લેજે. શ્રીમહાપ્રભુજીએ ગદ્યમંત્ર



તથા અષ્ટાક્ષર સેવાર્થે લખીને પધરાવી દીધા. 'મહારાજ, ઈતને દિન આપકે પાસ રહ્યો પરંતુ મેરે અંતઃકરણમેં બોધ ન ભયો. સો ઐસી કૃપા કરો જો સંસારકો દુઃખસુખ કછુ મોકોં બાધા ન કરે, અરુ ચિત્ત ઠાકોરજીકે ચરણારવિંદમેં લગ્યો રહે' એટલે કે મહારાજ, આટલા દિવસ આપની પાસે રહ્યો પરંતુ મારા અંતઃકરણમાં બોધ ન થયો, તો એવી કૃપા કરો જેથી સંસારનું દુઃખસુખ કાંઈ મને બાધા ન કરે અને ચિત્ત પ્રભુનાં ચરણોમાં લાગેલું રહે. એવી નારાયણદાસની વિનંતીથી શ્રીમહાપ્રભુજીએ તેને પોતાનું ચરણામૃત આપ્યું અને તેમને આ બાલબોધ ગ્રંથનો ઉપદેશ કર્યો.

બાલબોધમાં સર્વ સિદ્ધાંતોના સંગ્રહરૂપે નિરૂપણ છે, પરંતુ સ્વસિદ્ધાંતનું નિરૂપણ નથી. ભિન્ન ભિન્ન સિદ્ધાંતોનાં સાધનોનું તેમ જ ફળોનું એકવાર બરાબર જ્ઞાન થઈ જવાથી પુષ્ટિજીવને અન્ય માર્ગો ઉપર ભટકવાનો ભય રહેતો નથી. બધાં જ મોક્ષશાસ્ત્ર સાંસારિક દુઃખ દૂર કરવાના રૂપમાં અથવા તો પછી પારલૌકિક સુખની પ્રાપ્તિના રૂપમાં મોક્ષનું પ્રતિપાદન કરે છે. આ સંસારમાં રહીને પણ ભગવત્સેવા અને/અથવા ભગવત્કથા દ્વારા ભજનાનંદની પ્રાપ્તિ એ જ પુષ્ટિજીવને માટે મોક્ષ છે. તેમ હોવા છતાં તે અહીં કહેવા ધાર્યું નથી. તેનું નિરૂપણ ચતુઃશ્લોકીમાં કરવામાં આવશે.

આમ તો મનુષ્યના મનમાં અગણિત કામનાઓ એટલે કે મહત્ત્વાકાંક્ષાઓ ભરપૂર રહેલી હોય છે, તેમ છતાં વિદ્વાનોએ ચાર પુરુષાર્થના રૂપમાં તેનું વર્ગીકરણ કરેલું છે : (૧) ધર્મ (૨) અર્થ (૩) કામ અને (૪) મોક્ષ. સ્થૂળ અર્થમાં તેને ક્રમપૂર્વક (૧) કર્તવ્ય (૨) સંપદા (૩) પ્રેય અને (૪) શ્રેય કહી શકાય. જીવનમાં જોવામાં આવતી દરેક પ્રકારની કામનાઓનો આ ચાર પુરુષાર્થમાં સમાવેશ થઈ જાય છે. તેના વાસ્તવિક સહજ તેમ જ શુભ સ્વરૂપની જિજ્ઞાસાનું સમાધાન અલૌકિક એવા વેદ આદિ શાસ્ત્રોમાં પણ મળે છે, તેમ જ જુદા જુદા ઋષિઓ દ્વારા પ્રણીત આર્ષશાસ્ત્રોમાં પણ તેનું સમાધાન મળે છે.

પ્રસ્તુત બાલબોધ ગ્રંથમાં વૈદિક ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થનું નિરૂપણ કરવાનું ઈચ્છયું નથી. તેનું તો સર્વનિર્ણયમાં જ સ્પષ્ટતાથી કથન થઈ ગયેલું છે. આર્ષ અથવા લૌકિક શાસ્ત્ર કે જેમાં ત્રિવર્ગ–ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થનું નિરૂપણ કરવામાં આવ્યું છે, અહીં એ શાસ્ત્રોનું વિવેચન પણ કહેવા ધાર્યું નથી. અહીં તો માત્ર જુદા જુદા ઋષિઓ દ્વારા પોતપોતાની રીતે કહેવાયેલ મોક્ષશાસ્ત્ર અને તેમાં પ્રતિપાદન કરવા યોગ્ય મોક્ષના સ્વરૂપની બાબતમાં જ શ્રીમહાપ્રભુજી પોતાને જે અભીષ્ટ છે તે પ્રકટ કરવા ઈચ્છે છે.

મોક્ષનું નિરૂપણ કરનારા ભિન્ન ભિન્ન ઋષિઓ દ્વારા પોતપોતાની રીતે કહેવાયેલાં શાસ્ત્રોમાં ચાર શાસ્ત્ર મુખ્ય છે. અન્ય શાસ્ત્રોનો કાં તો તેમાં સમાવેશ થઈ જવાનું સમજવું જોઈએ અથવા તો સૈદ્ધાંતિક રીતે તેની ઉપેક્ષા કરવા યોગ્ય જ છે, એમ સમજવું જોઈએ.

ઋષિઓએ કહેલાં મોક્ષપ્રતિપાદક ચાર શાસ્ત્રો : (૧) ત્યાગથી સ્વતોમોક્ષનું પ્રતિપાદન કરનાર સાંખ્યશાસ્ત્ર, (૨) અત્યાગથી સ્વતોમોક્ષનું પ્રતિપાદન કરનાર યોગશાસ્ત્ર, (૩) શિવજીની ભક્તિ અથવા શરણાગતિથી પરતોમોક્ષનું પ્રતિપાદન કરનાર શૈવતંત્ર, (૪) વિષ્ણુની ભક્તિ અથવા શરણાગતિથી પરતોમોક્ષનું પ્રતિપાદન કરનાર વૈષ્ણવતંત્ર.

(૧) બાહ્યત્યાગ દ્વારા સ્વતોમોક્ષનું પ્રતિપાદન કરનાર સાંખ્યશાસ્ત્ર અનુસાર અહંતા–મમતાનો સર્વથા નાશ થઈ ગયા બાદ જીવાત્માનું પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ જવું, તેને જ મોક્ષ માનેલ છે. તે તે સમયે ભિન્ન ભિન્ન ઋષિઓએ સાંખ્ય શાસ્ત્રનું વર્ણન અનેક પ્રકારની પ્રક્રિયાઓના આધારે કહેલ છે, તેમ છતાં મોક્ષપ્રાપ્તિનો ઉપાય અને સ્વરૂપની બાબતમાં મોટે ભાગે એકવાક્યતા છે.

શ્રીમહાપ્રભુજી અનુસાર, સાંખ્યશાસ્ત્રીય પ્રણાલીનું જે રૂપ માન્ય વેદ વગેરે શાસ્ત્રોમાં વર્ણવાયેલ છે, તે પ્રમાણે સાધનનું અનુષ્ઠાન કરવાથી જ તેમાં વર્ણવાયેલ પ્રકારની મોક્ષપ્રાપ્તિ સાંખ્યથી મળી શકે છે, બીજી રીતે નહીં.

(૨) ચિત્તવૃત્તિ–નિરોધની યૌગિક પ્રણાલીથી સ્વતોમોક્ષનું પ્રતિપાદન કરનારાં યોગશાસ્ત્રો પ્રમાણે યમ–નિયમ–આસન–પ્રાણાયામ–પ્રત્યાહાર–ધ્યાન–ધારણા–સમાધિના બાહ્ય તથા આંતરિક સમુચિત ઉપાયોથી અનાત્મરૂપ વિષયોમાં ભટકતી ચિત્તવૃત્તિના નિરોધની જેટલી આવશ્યકતા છે, તેટલી આવશ્યકતા વિષયોના બાહ્યત્યાગની નથી. ચિત્તવૃત્તિનો નિરોધ થઈ જતાં જ આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ શકે છે એટલે કે મુક્ત થઈ શકે છે.

શ્રીમહાપ્રભુજી અનુસાર, આ યોગશાસ્ત્રીય ઉપાયોનું નિરૂપણ માન્ય વેદ વગેરે શાસ્ત્રોમાં પણ મળે છે, આથી તે પ્રમાણે અનુષ્ઠાન કરવાથી જ મોક્ષપ્રાપ્તિની સંભાવના છે. વૈદિક પ્રણાલીથી વિપરીત વર્તન હોય તો આત્માની સ્વરૂપમાં સ્થિતિ થવી શક્ય નથી.



(૩) પરતોમોક્ષવાદી પાશુપતાદિ શૈવતંત્રો અનુસાર સાધના કરવાથી શિવજી દ્વારા પણ મુક્તિ મળી શકે છે.

શ્રીમહાપ્રભુજી અનુસાર, સર્વાત્મક નિર્દોષપૂર્ણગુણ બ્રહ્મ જ અથર્વશિખા આદિ ઉપનિષદો પ્રમાણે જગત્સંહારક શિવજીનું રૂપ ધારણ કરે છે. આથી શિવજી મુક્તિદાતા છે, તેમાં કોઈ શંકાને સ્થાન નથી. તો પણ શિવજીરૂપે સ્વયં ભગવાન જ મુક્તિના આનંદને માણવાની લીલા કરે છે. આથી શિવજી દ્વારા પોતાને ભોગવવા યોગ્ય મુક્તિ કરતાં ભોગની પ્રાપ્તિ સુલભ માનેલી છે અને પોતાને અતિ પ્રિય કોઈક જીવને જ શિવજી મુક્તિદાન કરે છે. આવા અસાધારણ પ્રેમપાત્ર તેઓ જ થઈ શકે છે કે જેઓ પૂર્ણતાથી શિવજી પ્રતિ સમર્પિત થઈ ચૂક્યા હોય છે. આ કારણે શિવજીની ભક્તિ કે શરણાગતિની સાથે જેઓ વર્ણાશ્રમને યોગ્ય સ્વધર્મની ઉપેક્ષા નથી કરતા, તેઓને જ શિવજીથી મોક્ષ મળે છે.

(૪) પરતોમોક્ષવાદી પાંચરાત્ર વૈષ્ણવતંત્ર અનુસાર સાધના કરવાથી વિષ્ણુ દ્વારા મોક્ષ મળી શકે છે.

શ્રીમહાપ્રભુજી અનુસાર, સર્વાત્મક નિર્દોષપૂર્ણગુણ બ્રહ્મ જ મહાનારાયણ આદિ ઉપનિષદો અનુસાર જગત્પાલક વિષ્ણુનું રૂપ ધારણ કરે છે. વિષ્ણુના રૂપમાં ભગવાન સ્વયં અલૌકિક દિવ્ય ભોગો ભોગવવાની લીલા કરે છે. આ કારણે વિષ્ણુ દ્વારા તેમને પોતાને ભોગવવાના ભોગ કરતાં મોક્ષની પ્રાપ્તિ સુલભ મનાય છે. વિષ્ણુ પોતાને અતિ પ્રિય કોઈક ભક્તને જ ભોગનું દાન કરે છે. આવા અસાધારણ પ્રેમપાત્ર થવું તે પૂર્ણપણે વિષ્ણુ પ્રતિ સમર્પિત થવાથી જ શક્ય છે. આથી વિષ્ણુની ભક્તિ અથવા શરણાગતિની સાથે જેઓ વર્ણાશ્રમને યોગ્ય સ્વધર્મની ઉપેક્ષા નથી કરતા તેઓને વિષ્ણુથી મુક્તિ મળી શકે છે.

સ્વતોમોક્ષના પ્રકારમાં સાંસારિક દુઃખો તો દૂર થાય છે, પરંતુ પારલૌકિક સુખની શક્યતા નથી, જો કે પરતોમોક્ષના પ્રકારમાં તેની શક્યતા છે.

એ પ્રમાણે બ્રહ્મા–વિષ્ણુ–શિવની ત્રિપુટીમાં શિવ અને વિષ્ણુ ભોગ–મોક્ષ બંનેના દાનમાં સમર્થ હોવા છતાં અધિકાંશે શિવજી ભોગના દાતા બને છે અને વિષ્ણુ મોક્ષના દાતા થાય છે. બ્રહ્માજી કેવળ ભોગના દાતા છે, મોક્ષના નહીં. આથી મોક્ષદાતા દેવતાના સ્વરૂપે બ્રહ્માજીનું ભજન વ્યર્થ છે; પરંતુ મોક્ષશાસ્ત્રના ઉપદેશક ગુરુના રૂપે બ્રહ્મા પણ મોક્ષદાતા મનાય છે.

આ બધું જ મોક્ષશાસ્ત્રના સિદ્ધાંતોના સંગ્રહરૂપે નિરૂપણ છે. તેને જાણવાથી પુષ્ટિજીવને પૂર્ણ રીતે પુષ્ટિમાર્ગીય બનવામાં અથવા બની રહેવામાં સહાયતા મળે છે. સ્વસિદ્ધાંતનું નિરૂપણ તો આગળ જતાં સિદ્ધાંતમુક્તાવલીમાં કરવામાં આવશે. નારાયણદાસ અંબાલાવાળાને શ્રીમહાપ્રભુજીએ આ જ સર્વસિદ્ધાંત સંગ્રહ ઉપદેશ્યો હતો, જેથી તેમનું ચિત્ત પુષ્ટિના ઉત્તમ માર્ગને છોડીને જ્યાં ત્યાં ન ભટકે. વાર્તામાં ઉલ્લેખ મળે છે કે, પોતાને ઘેર પાછા ફર્યા બાદ કામકાજમાં પરોવાઈ ગયા પછી પણ તેમનું ચિત્ત ગોકુલ અને શ્રીમહાપ્રભુજી તરફ સદાય રહ્યું હતું. 'ભૈયાજી! શ્રીગોકુલ શ્રીઆચાર્યજીકે દરસનકો કબ ચલોગે? એટલે કે ભાઈજી! શ્રીઆચાર્યજીનાં દર્શન માટે શ્રીગોકુલ ક્યારે જશો? ત્યારે નારાયણદાસ કહેતા–'હાં, અબ ચલૂંગો!' એટલે કે હાં, હમણાં જ જઈશ. નેત્રમાં ઝળઝળિયાંઆવી જતાં ને લીલારસમાં મગ્ન થઈ જતા. ફરીથી તે ચાકર કહેતો કબ શ્રીગોકુલ ચલોગે ને ફરીને મગ્ન થઈ જતા'.

શ્રીમહાપ્રભુજીએ બાલપ્રબોધન દ્વારા નારાયણદાસને કેટલા બધા સ્વકીય, કેટલા બધા પુષ્ટિમાર્ગીય બનાવી દીધા હશે! આથી જ શ્રીમહાપ્રભુજીએ 'બીજ'રૂપે પુષ્ટિનાં રહસ્યોને અહીં અવતારી શ્રીકૃષ્ણના સંદર્ભમાં નહીં આપતાં તેઓના ગુણાવતાર શિવ અને વિષ્ણુના સંદર્ભમાં 'સૂચિત' કરેલ છે.

સમર્પણેનાત્મનો હિ તદીયત્વં ભવેદ્ ધ્રુવમ્ ।
અતદીયતયા ચાડપિ કેવલશ્ચેત્સમાશ્રિતઃ ॥
તદાશ્રયતદીયત્વબુદ્ધ્યૈ કિંચિત્સમાચરેત્ ।
સ્વધર્મમનુતિષ્ઠન્વૈ ભારદ્વૈગુણ્યમન્યથા ॥
ઈત્યેવં કથિતં સર્વં નૈતજ્જ્ઞાને ભ્રમઃ પુનઃ ॥

(બાલબોધ ૧૮–૧૯½)

'આત્મસમર્પણથી જ તેમના હોવાનું નિશ્ચિત થાય છે અને (આત્મસમર્પણ વિના) અતદીયપણાથી ફક્ત તેમના આશ્રિત થવાય છે. તેમનો આશ્રય અને તેમના હોવાની બુદ્ધિથી સ્વધર્મનું પાલન કરતાં કરતાં કંઈક આચરવું જોઈએ, નહીં તો બમણો બોજો થશે. એ પ્રમાણે બધું કહ્યું. તેનું જ્ઞાન થતાં ફરીને ભ્રમ થશે નહીં'.

નારાયણદાસને સ્વરૂપસેવાની આજ્ઞા મળી નહીં. તેમજ સ્વસિદ્ધાંતનો ઉપદેશ પણ મળ્યો નહીં, પરંતુ સ્વરૂપસેવાના અનુકલ્પ તરીકે એટલે કે મુખ્ય ધાર્મિક વિધિ કરવાના અભાવે, ગૌણ વિધિ કરવા માટેના ગુરુના આદેશરૂપ



શ્રીહસ્તાક્ષરની સેવાનો ઉલ્લેખ આપણને મળે છે– અને નહીં સ્વસિદ્ધાંતનો ઉપદેશ માત્ર– અને આથી જ 'બાલબોધ' દ્વારા સર્વસિદ્ધાંત સંગ્રહ ઉપદેશાયો છે. તેમ છતાં સ્વકીયતા–સાર–સર્વસ્વ ચિર–ઉત્કંઠા અને તાપભાવનું તેમને વરદાન મળ્યું– 'ભૈયાજી ! શ્રીગોકુલ શ્રીઆચાર્યજી કે દરસનકો કબ ચલોગે? હાં, અબ ચલૂંગો! નેત્રનમેં જલ ભરિ લીલારસમેં મગન હોય જાતે....' બાલબોધ વસ્તુતઃ શ્રીમહાપ્રભુજી, તેઓશ્રીના સિદ્ધાંત અને માર્ગ પ્રતિ પ્રયાણ કરવાની તીવ્ર ઉત્કંઠા જગાવે છે.

'સમર્પણેનાત્મનો હિ તદીયત્વં ભવેદ્ ધ્રુવમ્ ।
ઈત્યેવં કથિતં સર્વં નૈતજ્જ્ઞાને ભ્રમઃ પુનઃ ॥'

અર્થ : આત્મસમર્પણ કરવાથી જીવાત્માનું તદીયપણું સુનિશ્ચિત રીતે અવશ્ય સિદ્ધ થાય છે જ; આ પ્રકારે શાસ્ત્રનો સાર કહ્યો. આ જાણ્યા બાદ પુનઃ અન્ય સંદેહ રહેશે નહિ.

**ઈતિ શમ્**

# ૩. સિદ્ધાંતમુક્તાવલી

કહેવાય છે કે, સિદ્ધાંતમુક્તાવલી શ્રીમહાપ્રભુજીએ અચ્યુતદાસ સનોઢિયાને માટે લખી હતી. એક કિંવદંતી (વૈષ્ણવવાણી અંક ૪ વર્ષ ૧૯૭૯ માં શ્રીનાગરદાસ બાંભણિયા શાસ્ત્રી દ્વારા લિખિત લેખ) અનુસાર આ રચના વિ.સં.૧૫૫૫ માં જતિપુરામાં કરી હતી.

બાલબોધવાળા નારાયણદાસ અને આ અચ્યુતદાસનાં ચરિત્રોમાં ઘણી બાબતોમાં સમાનતા પણ છે અને નિર્દેશ કરી શકાય તેવો તફાવત પણ છે. નારાયણદાસને શ્રીમહાપ્રભુજીએ સ્વરૂપસેવા પધરાવવાનો ઈન્કાર કરી દીધો હતો જ્યારે અચ્યુતદાસને શ્રીગોવર્ધનધરની સેવામાં નિયુક્ત કરવા આપશ્રી ઈચ્છતા હતા. નારાયણદાસનું વ્યાવૃત્તિમય (અનેક વ્યસ્તતાઓથી ઘેરાયેલું) જીવન હોવાના કારણે તેમનાથી સ્વરૂપસેવા નિભાવવાની શક્યતા નહોતી. જ્યારે અચ્યુતદાસના ચરિત્રના અવલોકનથી તેમની વૃત્તિ સર્વથા અવ્યાવૃત્ત (કશી જ વ્યસ્તતા વગરનું) જીવન જીવવાની દેખાઈ આવતી હતી. આથી તનુવિત્તજા સેવા અથવા ગૃહસેવાના પ્રકારના નિર્વાહનો તો પ્રશ્ન જ નહોતો, તેથી શ્રીગોવર્ધનધરની કેવળ તનુજા સેવા કરવાને બદલે તેમણે સીધું જ શ્રીમહાપ્રભુજી પાસેથી માનસી સેવાનું વરદાન જ માગી લીધું. જેવી રીતે નારાયણદાસને સ્વરૂપ–સેવાના અનુકલ્પ (મુખ્ય સેવાવિધિની અવેજીમાં ગુરુજીની આજ્ઞા અનુસાર કરવાનો ગૌણ સેવાવિધિ) શ્રીહસ્તાક્ષરની સેવા દ્વારા ઉત્કટ ભાવનું દાન મળ્યું, તેવી જ રીતે અચ્યુતદાસને પ્રથમ તનુવિત્તજા સેવા અને પછી માનસી સેવાના સિદ્ધાંતમાન્ય ક્રમ વગર સીધી જ ફલરૂપા માનસી સેવાનું દાન શ્રીમહાપ્રભુજીએ કરી દીધું !

સિદ્ધાંતમુક્તાવલી તથા સંબંધિત વાર્તાનું અવલોકન કરવાથી સમજાય છે કે, જેવી રીતે વિરાટ સ્વરૂપના સાક્ષાત્કાર સમયે શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચે કંઈક એક મીઠો વિવાદ થઈ ગયો હતો, તેવો જ મીઠો વિવાદ શ્રીમહાપ્રભુજી અને અચ્યુતદાસ વચ્ચે થયેલો હોવો જોઈએ. શ્રીકૃષ્ણ પોતાના વિરાટ સ્વરૂપની મહત્તા અને તેની દેવદુર્લભતા સમજાવી રહ્યા હતા, પરંતુ અર્જુનનું એમ કહેવાનું હતું કે,



ગમે તેમ હોય, તેમને આ સ્વરૂપનાં નહીં, પરંતુ સૌમ્ય માનુષ સ્વરૂપનાં જ દર્શન વધારે મનભાવન લાગે છે. તેવી જ રીતે અચ્યુતદાસને પણ નામનિવેદન કરાવ્યા પછી શ્રીમહાપ્રભુજી શ્રીગોવર્ધનધરની સેવામાં નિયુક્ત કરવા ઈચ્છતા હતા "તુમ ગોવર્ધનધરકી સેવા કરો!" એટલે કે તમે ગોવર્ધનધરની સેવા કરો. ત્યારે અચ્યુતદાસે વિનતિ કરી 'મહારાજ, મો પર ઐસી કૃપા કરો જો એકાંતમેં બૈઠિકે માનસી સેવામેં મન લાગે !' એટલે કે મહારાજ, મારા પર એવી કૃપા કરો જેથી એકાંતમાં બેસીને માનસી સેવામાં મારું મન લાગે! ત્યારે આચાર્યજીએ પોતાનું ચરણામૃત આપ્યું. 'અચ્યુતદાસે તેનું પાન કરીને, હાથ, આંખે અને મસ્તકે લગાવીને, હૃદય સાથે લગાડ્યું, તેથી અચ્યુતદાસનાં નેત્ર અલૌકિક થઈ ગયાં અને તેઓ લીલાનાં દર્શન કરવા લાગ્યા....'

આમ તો 'સ્વામીના અભિપ્રાયમાં સંશય હોય તો પ્રભુનાં ગુણગાન કરીને કાંઈક માગવાથી શું થાય? બધે ઠેકાણે રહેલું બધું જ, તેમ જ સર્વસામર્થ્ય તેમનું જ છે.' (વિવેકધૈર્યાશ્રય)નો એ સિદ્ધાંત બધા જ શરણાગત જીવોને લાગુ થાય છે. તેમ છતાં પણ સ્નેહના આવેશમાં ભક્ત ક્યારેક ક્યારેક કાંઈને કાંઈ માગી જ લે છે. ભગવાનને પણ કૃપાના આવેશમાં તે દેવું જ પડે છે; કેમકે 'પુષ્ટિમાર્ગ'માં અનુગ્રહ નિયામક છે, એવી નિર્ધારણા છે.' (સિદ્ધાંતમુક્તાવલી)માં નિરૂપાયેલી અનુગ્રહશીલતા અથવા ભક્તપરવશતાનું રહસ્ય કેટલાક ભક્તોને હાથ લાગી જાય છે! એ પ્રમાણે જેઓ પ્રભુના સ્વભાવનો લાભ લઈ લે છે, તેવા અગ્રગણ્ય ભક્તોમાં અચ્યુતદાસ પણ એક છે.

'ત્યારે શ્રીઆચાર્યજીએ સિદ્ધાંતમુક્તાવલીની રચના કરી અને તેનું પઠન કરાવ્યું. પરિણામે તેઓ માનસીમાં મગ્ન થયા. તેઓ ગોવિંદકુંડની પાસે ગુફામાં રહેતા. નેત્રો પ્રેમરસથી ભરેલા રહેતા. તેમને દર્શન દેવાને શ્રીગુસાંઈજી હંમેશાં પધારતા. મર્યાદા રાખવા માટે ઉપરથી એવો ભાવ હતો, પરંતુ શ્રીગુસાંઈજી દર્શન કરવાને પધારતા હતા, જેનાથી શ્રીગુસાંઈજીને શ્રીઆચાર્યજીનો અનુભવ થતો હતો. અચ્યુતદાસનાં નેત્રોમાં શ્રીમહાપ્રભુજી ઝળકી રહેતા' (ભાવપ્રકાશ). વસ્તુતઃ પુષ્ટિમાર્ગમાં અનુગ્રહ જ નિયામક છે,– ભક્તનો તેમ ભગવાનનો પણ, ભક્તિની સાધનામાં તેમ જ ભક્તિના ફલદાનમાં પણ,– અનુગ્રહ જ નિયામક છે!

અચ્યુતદાસે છીનવીને કે ઝપટીને અપવાદરૂપે જે અધિકાર મેળવી લીધો હતો, તેનો કોઈ અવળો અર્થ ન લઈ બેસે, તેથી શ્રીમહાપ્રભુજી પોતાની સૈદ્ધાંતિક સ્થિતિ આ ગ્રંથમાં સ્પષ્ટ કરતા હોય એમ પ્રતીત થાય છે.

કૃષ્ણસેવા આપણા પુષ્ટિમાર્ગીય જીવોનું સનાતન કર્તવ્ય છે. જ્યારે આ કૃષ્ણસેવા માનસીરૂપમાં પરિણમે છે ત્યારે તે સેવાની શ્રેષ્ઠ અવસ્થા છે : કારણ કે ચિત્તનું ભગવાન શ્રીકૃષ્ણની સાથે તન્મય થઈ જવું એ જ સેવા છે. ચિત્તને શ્રીકૃષ્ણ સાથે તન્મય કરવા માટે સ્વયં પોતાનાં તન અને ધન કૃષ્ણસેવામાં જોડી દેવાં જોઈએ. હવે રહી વાત સાંસારિક દુઃખો દૂર થવાની કે અલૌકિક બ્રહ્માનંદની પ્રાપ્તિની. તે તો આ કૃષ્ણસેવામાં મળતો ભજનાનંદનો એક આનુષંગિક લાભ છે જ, કેમ કે, બ્રહ્માનંદમાં અનુભવાતા અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે જ્યારે ભજનાનંદ તો પરબ્રહ્મ અગણિત સચ્ચિદાનંદ શ્રીકૃષ્ણની સેવા દ્વારા જ મળી શકે છે.

આ અક્ષરબ્રહ્મ સમગ્ર જગતનાં રૂપોનું ઉપાદાન કારણ છે અને તેથી તે સર્વરૂપ પણ છે, તથા સર્વવિલક્ષણ પણ છે. જગતના કારણના સ્વરૂપની બાબતમાં અનેક પ્રકારના વિવાદ દેખાઈ આવે છે. દાખલા તરીકે વિવર્તવાદી લોકો જગતને માયિક માને છે. પ્રકૃતિ પરિણામવાદી જનો તેને પ્રકૃતિના સત્ત્વ, રજ અને તમોગુણોનું પરિણામ માને છે. આરંભવાદીઓ સૂક્ષ્મ પરમાણુઓથી નિર્માયેલું માને છે. મીમાંસકો જગત જેવું આજે દેખાય છે તેવું જ સર્વદા હતું અને રહેશે, એમ માનતા હોવાથી તેના કર્તાના રૂપમાં પરમાત્માને તેઓ માન્ય કરતા નથી. શ્રૌત મત અનુસાર, પરંતુ માયા, પ્રકૃતિ, પરમાણુ, અદૃષ્ટ કર્મ, વાસના અથવા સ્વભાવ વગેરે બધાં રૂપોમાં અક્ષરબ્રહ્મ જ જગતનું એકમાત્ર કારણ બને છે. આથી જ અક્ષરબ્રહ્મ સર્વરૂપ હોવા છતાં પણ સર્વવિલક્ષણ છે.

આધિભૌતિક ગંગાજલ કે જે ગ્રીષ્મમાં ઘટે છે અને વર્ષામાં વધે છે, વળી આધ્યાત્મિક તીર્થરૂપા ગંગા કે જેમનો ગ્રીષ્મ કે વર્ષાની સાથે કોઈ જ સંબંધ નથી તેની જેમ જગત અને પરબ્રહ્મનાં પરસ્પર સ્વરૂપોને સમજવાં જોઈએ. આધિભૌતિક રૂપમાં ગંગા કેવળ એક નદી છે પરંતુ આધ્યાત્મિક રૂપમાં મર્યાદામાર્ગીય વિધિ અનુસાર, તીર્થરૂપા ગંગાના તટ ઉપર તીર્થવાસ કરનારાઓને મનોવાંછિત ફળ દેનારી માનવામાં આવેલી છે. તેવી જ રીતે જગતનાં બધાં જ નામ—રૂપ અક્ષરબ્રહ્મનાં આધિભૌતિક રૂપ છે, પરંતુ તેનાથીય વિલક્ષણ એવું અક્ષરબ્રહ્મનું એક આધ્યાત્મિક રૂપ છે, જે મર્યાદામાર્ગીય જ્ઞાનીઓને માટે ઉપાસ્ય તથા મોક્ષની પ્રાપ્તિ કરાવનારું રૂપ છે.

ગંગાનાં આ બે આધિભૌતિક તથા આધ્યાત્મિક રૂપો સિવાય એક ત્રીજું આધિદૈવિક રૂપ પણ ક્યારેક ક્યારેક ભક્તોને તેમની ભક્તિના આવેશમાં એક મૂર્તિમતી દેવીના રૂપમાં અનુભવાય છે. આ આધિદૈવિક રૂપ બધાંને ચક્ષુથી ગ્રાહ્ય



નથી હોતું. આ તો તેઓને પ્રત્યક્ષ થાય છે કે જેઓની—ગંગાના આધિભૌતિક, આધ્યાત્મિક તથા આધિદૈવિક બધાં રૂપોમાં તીવ્ર ભક્તિને કારણે—અભેદબુદ્ધિ સિદ્ધ થઈ જાય છે. અભેદબુદ્ધિ સિદ્ધ થતાં આધિભૌતિક રૂપમાં પણ સર્વત્ર આધિદૈવિક રૂપના જેવો વ્યવહાર સંભવિત બની જાય છે.

ગંગાનાં આધિભૌતિક રૂપ જલની જેમ આ સમગ્ર જગત છે. ગંગાના આધ્યાત્મિક તીર્થરૂપની જેમ અક્ષરબ્રહ્મને સમજવું જોઈએ, અને ગંગાના આધિદૈવિક રૂપ મૂર્તિમતી દેવીની જેમ શ્રીકૃષ્ણને સમજવા જોઈએ.

જેવી રીતે જગત ત્રિવિધ એટલે સત્ત્વ, રજસ્, તમોગુણાત્મક છે, તેમ જ તેના નિયામક દેવતા પણ ત્રિવિધ વિષ્ણુ—બ્રહ્મા—શિવ મનાય છે. એવી જ રીતે અક્ષરબ્રહ્મ એકવિધ છે. તેથી તેના નિયામક—અધિદેવ પણ પરબ્રહ્મ શ્રીહરિ એક જ છે. આથી અક્ષરબ્રહ્મમાં રહેલ બ્રહ્માદિ સઘળા દેવતાઓના નિયામક પણ શ્રીહરિ જ છે. શ્રીહરિ દ્વારા અધિકાર પામ્યા હોવાના કારણે જ આ દેવતાઓ પણ મનોવાંછિત ફળ આપવાને સમર્થ થાય છે. જ્યાં સુધી પુષ્ટિભક્તોનો પ્રશ્ન છે ત્યાં સુધી તેમનું તો બધું જ મનોવાંછિત ઐહિક કે પારલૌકિક ફળ પરમાનંદરૂપ શ્રીકૃષ્ણથી જ નિશ્ચયપૂર્વક પરિપૂર્ણ થઈ જાય છે.

આથી બ્રહ્મવાદને સારી રીતે સમજીને કેવળ શ્રીકૃષ્ણમાં જ પોતાની બુદ્ધિ જોડવી જોઈએ.

બ્રહ્મવાદ અનુસાર બધા જીવાત્મા અક્ષરબ્રહ્મના અંશ છે, અને આથી જ તેઓ બ્રહ્માત્મક છે, પરંતુ અવિદ્યાજન્ય અહંતા મમતાવાળી બુદ્ધિને કારણે બ્રહ્માત્મકપણાનો બોધ આપમેળે આપણને થઈ જતો નથી. જેવી રીતે આકાશને એક ચાળણીમાંથી જોવામાં આવે તો ચાળણીનાં છિદ્રો આકાશનાં અનેક છિદ્રોની જેમ દેખાશે એવી જ રીતે અહંતા—મમતાની ચાળણી દ્વારા ભગવાન અનુભવાયેલ હોવાથી અખંડ અક્ષરચૈતન્ય પણ આપણને ખંડશઃ વ્યક્તિચેતનાના રૂપમાં ભિન્ન ભિન્ન અનુભવાય છે.

વ્યક્તિચેતનાની બ્રહ્માત્મકતાનો બોધ કેવળ અહંતા મમતાની ઉપાધિ દૂર થવા માત્રથી થઈ જતો નથી, પરંતુ પરબ્રહ્મના ધામરૂપ વ્યાપક અદ્વૈત અખંડ અક્ષરબ્રહ્મનું જ્ઞાન થાય તો જ તેવો બોધ થવાની શકયતા છે. પોતાની બ્રહ્માત્મકતાનો બોધ થઈ જવાથી અક્ષરબ્રહ્મમાં વિરાજમાન પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનાં દર્શન જીવને શક્ય બની જાય છે. જેવી રીતે ગંગાના તીર ઉપર તીર્થવાસ

કરનારા ભક્તો પોતાની તીવ્ર ભક્તિને કારણે આધિદૈવિક સ્વરૂપ મૂર્તિમતી ગંગાનાં દર્શન પ્રાપ્ત કરી લે છે, તે જ પ્રમાણે આધ્યાત્મિક અક્ષરબ્રહ્મમાં નિવાસ કરનારા ભક્તો તેના આધિદૈવિક સ્વરૂપ શ્રીકૃષ્ણનાં દર્શન પ્રાપ્ત કરી લે છે.

માહાત્મ્યના જ્ઞાન વગર સાંસારિક વૃત્તિથી જેઓ શ્રીકૃષ્ણભજનમાં પ્રવૃત્ત થાય છે, તેઓનું ભગવાન સાથેનું અંતર ઘટતું નથી. જેમ કોઈ ગંગાનો ભક્ત ગંગાના તટથી દૂર રહેવાને કારણે, ગંગાજલનાં સ્નાન, આચમન, અર્ચનથી વંચિત રહે છે અને તે કારણે તે દુ:ખી રહે છે, તે જ રીતે માહાત્મ્યજ્ઞાન (અને/અથવા સુદૃઢ સર્વતોધિક સ્નેહ)ના અભાવમાં કૃષ્ણભજનમાં પ્રવૃત્ત રહેવા છતાં જીવને કાંઈને કાંઈ ક્લેશ તો થાય છે, પરંતુ કૃષ્ણભજન ક્યારેય વ્યર્થ જતું નથી, આથી જન્માંતરે પણ કોઈને કોઈ વખતે માહાત્મ્યજ્ઞાન અને/અથવા સુદૃઢ સર્વતોધિક સ્નેહ પ્રકટ થશે અને જીવાત્મા તથા પરમાત્મા શ્રીકૃષ્ણ વચ્ચેનું અંતર ઘટશે જ, એ નિશ્ચિત છે.

આથી જગતની સઘળી ઝંઝટ છોડી દઈને પુષ્ટિના પ્રશસ્ત પથ ઉપર ચાલતાં ચાલતાં પુષ્ટિજીવે શ્રીકૃષ્ણનું જ નિરંતર ચિંતન કરતા રહેવું જોઈએ. શ્રીકૃષ્ણે પોતાના આધિદૈવિક રસાત્મક આનંદમય સ્વરૂપથી બધા વ્રજભક્તોમાં પરમાનંદનો સાગર પ્રકટાવ્યો છે અને પોતાના તે આત્મીય આનંદના સાગરમાં શ્રીકૃષ્ણ સનાતન લીલાવિહાર કરે છે. એવા વ્રજભક્તોમાં લીલાવિહાર કરનારા શ્રીકૃષ્ણના સ્વરૂપનું જ આપણે સદાય ચિંતન કરવું જોઈએ.

પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં પુષ્ટિજીવોના બે અવાંતર ભેદ શુદ્ધપુષ્ટિ અને મિશ્રપુષ્ટિ બતાવાયેલ છે. તે પ્રમાણે મિશ્રપુષ્ટિવાળા જીવોમાં પ્રવાહી જીવ ક્યારેક ક્યારેક કોઈ લૌકિક પ્રયોજનને વશ થઈને પણ કૃષ્ણભજનમાં પ્રવૃત્ત થઈ જાય છે. એવા પ્રવાહપુષ્ટિવાળા જીવોને માટે કૃષ્ણભજન સર્વથા ક્લિષ્ટ થઈ જાય છે. તેમ છતાં જેઓ બધા જ ક્લેશોને સહન કરતાં કરતાં કૃષ્ણભજનમાં લાગ્યા જ રહે છે, અને અધવચ્ચે છોડી દેતા નથી, તેમના તમામ લૌકિક આવેશ સર્વથા નષ્ટ થઈ જાય છે.

સ્વયં પોતાના આત્મસ્વરૂપના તથા પોતાના ભજનીય પરમાત્માના પણ ઉચિત શાસ્ત્રીય જ્ઞાન વિના ભજનમાં પ્રવૃત્ત થઈ જનારા ભક્ત પુષ્ટિજીવ પણ હોઈ શકે છે અને મર્યાદાજીવ પણ હોઈ શકે છે. ક્યારેક ક્યારેક મર્યાદામિશ્રિત પુષ્ટિના જીવને પણ 'મર્યાદાભક્ત' કહેવાય છે. આમ તો સામાન્ય રીતે 'મર્યાદાભક્ત'નો અર્થ કેવળ મર્યાદામાર્ગીય ભક્તિમાન જીવ જ થાય છે.



મર્યાદામિશ્રિત પુષ્ટિભક્ત પ્રારંભિક અવસ્થામાં ભક્તિરહિત શાસ્ત્રીય જ્ઞાનવાળા પણ હોઈ શકે છે તથા શાસ્ત્રીય માહાત્મ્યજ્ઞાનના અભાવમાં પણ ભક્તિમાન હોઈ શકે છે.

જ્ઞાનરહિત મર્યાદાપુષ્ટિભક્તે પોતાનું ચિત્ત ભગવાનમાં લાગ્યું રહે તે માટે ભગવાનની પૂજા, ઉત્સવ વગેરેની પ્રક્રિયામાં તત્પર રહેવું જોઈએ. ભક્તિરહિત જ્ઞાનવાન મર્યાદામિશ્રિત પુષ્ટિભક્તે દાસ્યભાવપ્રદાયિની ગંગાના તટ ઉપર, સ્નેહ પ્રકટાવવા માટે શ્રીભાગવતજીના ઊંડા અભ્યાસમાં લાંબા સમય સુધી તત્પર રહેવું જોઈએ. આ બંને પ્રકારના મિશ્રપુષ્ટિવાળા ભક્તોને જ્યારે ભગવાનના વિશેષ અનુગ્રહનો પ્રકાશ મળે છે ત્યારે તેઓ પુષ્ટિમાર્ગને ખોળી કાઢે છે અને પહેલાં કહેવાયેલ તનુવિત્તજા સેવાના ક્રમે અંતે તેઓને માનસી સેવા સિદ્ધ થઈ જાય છે.

જેઓ કેવળ મર્યાદામાર્ગીય જીવ હોય છે તેઓ પણ ભક્તિરહિત જ્ઞાનવાન અથવા જ્ઞાનરહિત ભક્તિમાન હોઈ શકે છે. આ બંને પ્રકારના જીવોને સાયુજ્ય મળે છે, પરંતુ તફાવત એ છે કે, ભક્તિરહિત જ્ઞાનવાન જીવ જ્ઞાનમાર્ગીય પ્રક્રિયા દ્વારા આધ્યાત્મિક અક્ષરબ્રહ્મમાં સાયુજ્ય—લય પ્રાપ્ત કરે છે, જ્યારે મર્યાદાભક્ત દાસ્યભાવપ્રદાયિની ગંગાની કૃપાથી આધિદૈવિક સ્વરૂપમાં મર્યાદાભક્તિમાર્ગીય સાયુજ્ય પ્રાપ્ત કરે છે.

મર્યાદામાર્ગીય સાધકની સાધનામાં દેશ—કાળ વગેરેનો નિયમ છે, પરંતુ પુષ્ટિભક્ત તો દેશકાળનાં બંધનમાં નથી જ. પુષ્ટિમાર્ગમાં તો ભગવાનનો અનુગ્રહ જ કેવળ એકમાત્ર નિયમ અથવા બંધન છે. આથી જે દેશમાં અથવા જે કાળમાં ભગવાનનો અનુગ્રહ મળી જાય તે રીતે પુષ્ટિભક્તિ સર્વત્ર સર્વદા શક્ય છે.

આ રીતે અક્ષરબ્રહ્મમાં સાયુજ્યનું દાન કરનાર જ્ઞાનમાર્ગની તુલનામાં ભક્તિમાર્ગનો ઉત્કર્ષ પ્રત્યેક પરિસ્થિતિમાં દેખાઈ આવે છે. આથી ભક્તિ સિવાય બધું જ લગભગ વ્યર્થ છે. ગંગાના તટ ઉપર તીર્થવાસ કરનારા પણ આધિદૈવિક ગંગાની બાબતે જો ભક્તિરહિત હોય તો ક્યારેક ને ક્યારેક ગંગાના આધ્યાત્મિક માહાત્મ્યને ભૂલીને અથવા તેને માત્ર આધિભૌતિક જલ જ છે એમ માનીને, પોતાનાં દુષ્ટ કર્મોને કારણે, અંતમાં તેના આધ્યાત્મિક લાભથી પણ વંચિત રહી જાય છે. એવી જ રીતે આધિદૈવિક કૃષ્ણના સ્વરૂપમાં સર્વથા ભક્તિના અભાવમાં, આધ્યાત્મિક સ્વરૂપ અક્ષરબ્રહ્મમાં જ્ઞાનબળથી નિવાસ કરનારા વિમુક્તિની માન્યતાવાળા સાધક પણ અરવિન્દાક્ષ (કમલનયન) શ્રીકૃષ્ણમાં ભાવશૂન્ય હોવાના કારણે અક્ષરમાં સાયુજ્યના લાભથી પણ વંચિત થઈને પુન: ભવપ્રવાહમાં અધ:પતનને પામે છે.

શ્રીભાગવતશાસ્ત્રનું આ ગુપ્ત રહસ્ય શ્રીમહાપ્રભુજીએ કેવળ અચ્યુતદાસને માટે પ્રકટ કર્યું નથી, પરંતુ બધા જ પુષ્ટિજીવોને—શ્રીમહાપ્રભુજીના સ્વકીયજનોને, તેમનાં કર્તવ્યના ઉપદેશ રૂપે બતાવી દીધું છે. તેને એકવાર બહુ સારી રીતે સમજી લેવાથી બધા પુષ્ટિજીવો પોતાના કર્તવ્ય સંબંધી બધા પ્રકારના સંશયોથી મુક્ત થઈ શકે છે.

**ઇતિ શમ્**



# ૪. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદઃ

કેટલાક વિદ્વાનોની ધારણા છે કે, પ્રારંભમાં શ્રીમહાપ્રભુજી દૈવી અને આસુરી જીવો ભિન્ન ભિન્ન હોવાના ગીતાપ્રતિપાદિત સિદ્ધાંતને માન્ય કરતા હતા, પરંતુ દૈવી જીવોના અવાંતર ભેદ—પુષ્ટિજીવ અને મર્યાદા જીવ ભિન્ન ભિન્ન હોવાના સિદ્ધાંતને શ્રી મહાપ્રભુજીએ પોતાની વયના ઉત્તરાર્ધમાં સ્થાપિત કર્યો હતો. આથી જ પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથનો રચનાકાળ શ્રીમહાપ્રભુજીએ અડેલમાં સ્થિર નિવાસ કર્યો તે સમયની આસપાસ નક્કી કરાય છે.

આમાં એ પણ વિચારવું જોઈએ કે, નિબંધનું શાસ્ત્રાર્થ પ્રકરણ શ્રીમહાપ્રભુજીની પ્રથમ રચના છે, એ તો મોટે ભાગે સર્વમાન્ય છે; આ ગ્રંથની કારિકા ૪૫—પરનું અવલોકન કરવાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે, નિબંધના રચનાકાળે પણ પુષ્ટિજીવ, મર્યાદાજીવ અને પ્રવાહજીવો ભિન્ન ભિન્ન હોવાની ધારણા શ્રીમહાપ્રભુજીની દાર્શનિક માન્યતાઓમાં સ્થાન પામી ચૂકી હતી. આને માટે કેટલાક શબ્દપ્રયોગો ઉપર ધ્યાન દેવું જરૂરી છે, જેમ કે,

(૧) સત્ત્વસૃષ્ટિપ્રવૃત્તાનાં દૈવાનાં મુક્તિયોગ્યતા (કા. ૪૬).

(સત્ત્વસૃષ્ટિમાં પ્રવૃત્ત દૈવીજીવોને મુક્તિની યોગ્યતા પ્રાપ્ત છે.)

(૨) બ્રહ્માનંદે પ્રવિષ્ટાનામાત્મનૈવ સુખપ્રમા, સંઘાતસ્ય વિલીનત્વાદ્, ભક્તાનાં તુ વિશેષતઃ, સર્વેન્દ્રિયૈસ્તથાચાન્તઃકરણૈરાત્મનાપિ હિ બ્રહ્મભાવાત્તુ ભક્તાનાં ગૃહમેવ વિશિષ્યતે (કા. ૫૦—૫૧. બ્રહ્માનંદમાં પ્રવિષ્ટ જીવોને કેવળ આત્મા દ્વારા જ સુખની અનુભૂતિ થાય છે કેમ કે એમના દેહાદિનો લય થઈ જાય છે, પરંતુ ભક્તોને તો બધી જ ઇન્દ્રિયો, અંતઃકરણ તથા આત્માથી વિશેષરૂપમાં આનંદની અનુભૂતિ થાય છે. એટલે બ્રહ્મભાવની તુલનામાં ભક્તોને તો ગૃહસ્થાશ્રમ જ વિશિષ્ટ છે.)

(૩) તીર્થાદાવપિ યા મુક્તિઃ કદાચિત્ કસ્યચિદ્ ભવેત્ કૃષ્ણપ્રસાદ—યુક્તસ્ય નાન્યસ્યેતિ વિનિશ્ચયઃ (કા. ૪૭. ક્યારેક કોઈને તીર્થાદિમાં પણ મુક્તિ



3

મળી જાય છે. તે તેને જ મળે છે જેના પર કૃષ્ણ પ્રસન્ન હોય છે, બીજા કોઈને નહિ એ નિશ્ચિત છે.)

અહીં સ્પષ્ટતાથી મુક્તિયોગ્ય જીવોમાંથી કોઈને બ્રહ્માનંદ અને કોઈને ભજનાનંદ મળે છે, એ નિશ્ચિત થયું છે. મર્યાદાવિધિ પ્રમાણે તીર્થ વગેરે દ્વારા જેને મુક્તિ મળે છે તે પણ શ્રીકૃષ્ણની મુક્તિદાનની ઈચ્છા પર આધારિત છે, તે પણ કહેવાયું છે. આ કારિકાઓ ઉપર લખાયેલા પ્રકાશનું અધ્યયન કરવાથી પણ મર્યાદાજીવ અને પુષ્ટિજીવોની ભિન્નતાની ધારણા સ્પષ્ટ થઈ જાય છે. જેમ કે, "યે સાત્ત્વિકા દૈવ્યાં સંપદિ જાતા વિધ્યુપજીવિનઃ સર્વદા તેષાં મુક્તિર્ભવિષ્યતિ" (પ્રકા. ૪૬) તથા " સ્વતંત્રભક્તાનાં તુ ગોપિકાદિતુલ્યાનાં સર્વેન્દ્રિયૈસ્તથાન્તઃ–કરણૈઃ સ્વરૂપેણ ચાનંદાનુભવઃ અતો ભક્તાનાં જીવન્મુક્ત્યપેક્ષયા ભગવત્કૃપાસહિતગૃહાશ્રમ એવ વિશિષ્યતે" (પ્રકા. ૫૦–૫૧. સાત્ત્વિક દૈવી જીવો, જે વિધિ પ્રમાણે જીવન વિતાવે છે તેઓની હમેશાં મુક્તિ થાય છે. તથા સ્વતંત્ર ભક્તોને તો ગોપિકાદિની જેમ સર્વ ઈન્દ્રિયો તથા અંતઃકરણ વડે સ્વરૂપથી આનંદાનુભવ થાય છે. એથી ભક્તોને જીવન્મુક્તિની અપેક્ષા ભગવત્કૃપા સહિત ગૃહાશ્રમ જ વિશેષ છે.)


આ ઉતારાઓથી એમ સિદ્ધ થઈ જાય છે કે દૈવીજીવ તથા આસુરી જીવનો ભેદ અને તેવી જ રીતે વિધ્યુપજીવી (વિધિ પ્રમાણે, વર્ણાશ્રમધર્મ પ્રમાણે જીવન વ્યતીત કરનાર) મર્યાદાજીવ તથા સ્વતંત્ર પુષ્ટિજીવના અવાંતર ભેદ શ્રીમહાપ્રભુજીએ નિબંધમાં પણ કહેવા ધારેલ છે. આવી સ્થિતિમાં પૂર્વોક્ત કહેલ આધાર પર ગ્રંથનો રચનાકાળ નિશ્ચિત કરવો મુશ્કેલ છે. આ ગ્રંથ કયા અવસર પર તથા કયા અનુયાયીને માટે લખવામાં આવ્યો હતો, તેનો પત્તો લાગતો નથી. વળી આ ગ્રંથ પૂર્ણપણે પ્રાપ્ત થતો નથી, એમ ગ્રંથના પ્રારંભમાં કરાયેલી પ્રતિજ્ઞાથી સ્પષ્ટ થઈ જાય છે. ભિન્ન ભિન્ન વ્યાખ્યાકારો પણ આ વાતનો ઉલ્લેખ કરે છે.

સર્ગભેદ–કારણભેદ, ફલભેદ, માર્ગભેદ અથવા સાધનભેદ તથા જીવોના સ્વરૂપાદિ ભેદના આધારે પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ અને પ્રવાહમાર્ગ એકબીજાથી જુદા જુદા છે, એમ શ્રી મહાપ્રભુજી આ ગ્રંથ દ્વારા આપણને સમજાવવા ઈચ્છે છે. પ્રાપ્ત ગ્રંથ પૂર્ણ ન હોવાથી એમ કહેવું મુશ્કેલ છે કે, આ આ રીતે છે, કે શ્રીમહાપ્રભુજીએ કયા પ્રકારે પહેલાં કહેવાયેલ માર્ગોનું પૃથક્કરણ, વિશ્લેષણ તેમ જ વર્ગીકરણ કર્યું હતું. જેટલો ભાગ પ્રાપ્ત થયો છે, તેના અધ્યયનથી ત્રણ પ્રકારની સંભાવના પ્રકટ થાય છે. આ બધી સમાન




ન્યાયની સામાન્ય યુક્તિ ઉપર કરાયેલી સંભાવનાઓ છે, જેનું તુલનાત્મક પ્રામાણ્ય અન્ય ગ્રંથોમાં શ્રીમહાપ્રભુજી દ્વારા આ વિષયની બાબતમાં કરાયેલાં વિધાનોની સાથેના સુમેળ ઉપર આધારિત છે.


**પ્રથમ સંભાવિત વર્ગીકરણ**




**દ્વિતીય સંભાવિત વર્ગીકરણ**



### તૃતીય સંભાવિત વર્ગીકરણ




આમાંથી કયું વર્ગીકરણ શ્રીમહાપ્રભુજીને ઈષ્ટ છે, તે માત્ર પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથના આધારે નિર્વિવાદ રીતે નક્કી થઈ શકતું નથી.

ઉપર દર્શાવેલા જીવોના વર્ગીકરણ સિવાય માર્ગભેદ, સર્ગભેદ તેમ જ ફલભેદના આધારે અન્ય વિશેષતાઓનું પણ નિરૂપણ અહીં શ્રીમહાપ્રભુજીને ઈષ્ટ છે.

## (૧) માર્ગભેદ

પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ તથા પ્રવાહમાર્ગ એ ત્રણેય માર્ગોની પોતપોતાની કેટલીક વિશેષતાઓ છે, તે પ્રમાણે આ ત્રણેય માર્ગ પરસ્પર જુદા જુદા છે. તે તે માર્ગમાં જીવોનું સ્વરૂપ, તેઓના દેહ, તેઓની રુચિ, તેઓનો વ્યવહાર તથા અંતમાં તેઓને મળનારાં ફળના તુલનાત્મક મૂલ્યને ધ્યાનમાં લેવાથી માર્ગભેદને સારી રીતે સમજી શકાય છે.

આ માર્ગભેદની ધારણા શાસ્ત્રીય પ્રમાણો ઉપર આધારિત છે. શાસ્ત્ર અનુસાર સમગ્ર લૌકિક કર્મોનો ઉદ્‌ગમ કર્મ કરનાર જીવના પ્રાકૃત સ્વભાવમાં તથા લૌકિક પ્રયોજનોની પૂર્તિના પ્રયાસમાં ગૂઢ રીતે રહેલો હોય છે. વૈદિક કર્મોનું અનુષ્ઠાન પ્રાકૃતિક વલણથી પ્રાપ્ત નહિ થાય, પરંતુ શાસ્ત્રીય આજ્ઞાઓને અનુસરવાની મનોવૃત્તિથી પ્રાપ્ત થાય છે. તેમ છતાં શાસ્ત્રીય આજ્ઞાઓ સ્ત્રી–પુરુષ, બાલક–વૃદ્ધ કે બ્રાહ્મણ–શૂદ્ર વગેરેના દેહ અને દેહની સાથે સંબંધવાળી ભાવનાઓને લક્ષમાં રાખીને આપવામાં આવી છે. આથી જ "ત્રૈગુણ્યવિષયાઃ વેદાઃ", વેદોમાં ત્રણ ગુણો વર્ણવેલા છે એમ કહેવાયું છે (ગીતા ૨–૪૫).



એ લૌકિક તથા વૈદિક કર્મોથી ઊંચે ચડવાની જ્ઞાનમાર્ગમાં જેવી સંન્યાસની એક શાસ્ત્રીય પ્રક્રિયા છે, તેવી જ નિર્ગુણ ભક્તિમાર્ગીય સર્વસમર્પણની પણ એક શાસ્ત્રમાં વર્ણવેલી પ્રક્રિયા છે. એ જ અલૌકિક નિર્ગુણા ભક્તિના પ્રકારને "પુષ્ટિમાર્ગ" કહેવાય છે. ગીતામાં દૈવી સૃષ્ટિથી ભિન્ન એક આસુરી સૃષ્ટિ બતાવવામાં આવી છે, જે પ્રવાહમાર્ગ છે. વેદોમાં વૈદિક ધર્મની ભિન્ન ભિન્ન મર્યાદાઓનું નિરૂપણ થયેલું જોવામાં આવે જ છે અને તે મર્યાદામાર્ગ છે.

એનાથી સિદ્ધ થાય છે કે, જેવી રીતે પ્રવાહમાર્ગ અને મર્યાદામાર્ગ એકબીજાથી ભિન્ન છે, તેવી રીતે એ બંનેથી ભિન્ન પુષ્ટિમાર્ગ પણ એક ભિન્ન માર્ગ જ છે. આથી બધા જીવ પુષ્ટિમાર્ગીય માની શકાતા નથી. લૌકિક કે વૈદિક બધી જાતની કામનાઓથી અને પ્રયોજનોથી પર થઈને જે જીવાત્મા કેવળ ભગવાનની જ ભક્તિમાં અત્યંત આસક્ત થઈ જાય છે, તેને પ્રવાહમાર્ગીય કે મર્યાદામાર્ગીય ગણવામાં આવતા નથી. "આત્મભાવિત ભગવાન જે જીવ ઉપર અનુગ્રહ કરે છે, તે જીવ લોક અને વેદમાં પોતાની અત્યંત નિષ્ઠાવાળી બુદ્ધિથી છુટકારો પામી શકે છે" (ભાગવત). તથા "વેદ, તપ, દાન, યાગ આદિ કોઈ પણ સાધનથી મારાં દર્શન, જેવી રીતે તેં કર્યાં છે તેવી રીતે કરવાં શક્ય નથી. હે અર્જુન, કેવળ અનન્ય ભક્તિથી જ મને આ રીતે જાણી શકાય છે, તત્ત્વતઃ જોઈ શકાય છે અને અંતમાં મારામાં પ્રવેશ પણ પામી શકાય છે" (ગીતા ૧૧–૪૭,૪૮). આ બે વચનોથી ક્રમશઃ વિશેષ અનુગ્રહ અને તેથી પ્રકટતી ભક્તિનું અત્યંત સ્પષ્ટ નિરૂપણ આપણને મળે છે. આવી રીતે અન્યત્ર પણ એવી ઉત્કૃષ્ટ ભક્તિના નિરૂપણને આધારે, તેના કારણભૂત અનુગ્રહનું કે પુષ્ટિમાર્ગનું અનુમાન કરી શકાય છે.

અહીં એ શંકા થઈ શકે છે કે, માર્ગ ભિન્ન ભિન્ન નહીં માનવો જોઈએ, પરંતુ તેમાં ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ હોવાનો, ક્રમિક પગથિયાં જેવો, સંબંધ માનવો જોઈએ. પ્રવાહનાં પગથિયા કરતાં મર્યાદાનું પગથિયું ઉત્કૃષ્ટ છે અને સર્વથી ઉત્કૃષ્ટ પગથિયું નિર્ગુણાવસ્થાનું છે. આ શંકા યોગ્ય નથી; કારણ કે, કહેવાયેલી ધારણા શ્રૌત યુક્તિ તથા બ્રહ્મસૂત્ર બંનેથી વિપરીત છે.

જેવી રીતે આસુરી જીવ અને દૈવી જીવનો નિશ્ચિત ભેદ શ્રુતિસિદ્ધ છે, તેનાં દેહ અને કર્મોની ભિન્નતા શ્રુતિઓમાં વર્ણવાયેલી છે, તેવી જ રીતે દૈવી જીવોની અંતર્ગત પુષ્ટિજીવ અને મર્યાદાજીવોનાં સ્વરૂપ, દેહ તથા કર્મોમાં પણ રહેલી પરસ્પર ભિન્નતા સ્વીકારવી જોઈએ. આથી પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ તથા પ્રવાહમાર્ગમાં રહેલો ભેદ પ્રમાણસિદ્ધ જ છે.

## (૨) સર્ગભેદ

પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ અને પ્રવાહમાર્ગમાં રહેલા પ્રમાણસિદ્ધ ભેદ વિચાર્યા પછી હવે એ માર્ગોની સૃજનક્રિયામાં રહેલો ભેદ પણ વિચારી લેવો જોઈએ.

ભગવાન પોતાના મન દ્વારા પ્રવાહમાર્ગનું સૃજન, પ્રવર્તન અને નિયમન કરે છે. આથી પ્રવાહમાર્ગીય જીવોનાં વિશિષ્ટ સ્વરૂપ, દેહ અને વ્યવહારનું નિયંત્રણ કેવળ બ્રહ્મની ઈચ્છા ઉપર આધારિત છે. વૈદિક મર્યાદામાર્ગીય જીવોનાં વિશિષ્ટ સ્વરૂપ, દેહ અને વ્યવહારનું સૃજન, પ્રવર્તન અને નિયમન, ભગવાન વેદરૂપા વાણી દ્વારા કરે છે. પુષ્ટિમાર્ગીય જીવોનાં વિશિષ્ટ સ્વરૂપ, દેહ અને વ્યવહારનું સૃજન, પ્રવર્તન અને નિયમન શ્રીકૃષ્ણ પોતાના પ્રકટ આધિદૈવિક સ્વરૂપ દ્વારા કરે છે.

એવી રીતે આ માર્ગોમાં સર્ગભેદ અથવા સૃજનની પ્રક્રિયામાં પણ ભેદ છે.

## (૩) ફલભેદ

પ્રવાહમાર્ગીય જીવોની કામનાઓ તેમ જ આચરણને અનુકૂળ કે પ્રતિકૂળ ફળ, સ્વયં પ્રભુ પોતાની ઈચ્છા પ્રમાણે નક્કી કરે છે અને તેઓને ફળદાન કરે છે. મર્યાદામાર્ગીય જીવોને વેદમાં કહ્યા પ્રમાણે ધર્મ, અર્થ અને કામરૂપી પુરુષાર્થોના અનુષ્ઠાનનું ફળ વેદાદિ શાસ્ત્રોમાં નિરૂપિત વિવિધ મોક્ષના રૂપમાં પ્રભુ આપે છે. પુષ્ટિમાર્ગીય જીવોને ભજનાનંદ સંબંધી મનોરથોની પૂર્તિ શ્રીકૃષ્ણ પોતાના આધિદૈવિક સ્વરૂપ દ્વારા કરે છે.

"હું એ આસુરી જીવોને નિરંતર અશુભ યોનિમાં નાખતો રહું છું" (ગીતા ૧૬–૧૯). આ વચનને આધારે નિરંતર અશુભ ભવપ્રવાહમાં તણાતા જતા પ્રવાહી જીવોથી મર્યાદામાર્ગીય જીવો તથા પુષ્ટિમાર્ગીય જીવોનાં ફળને જુદાં માનવાં પડે છે, કારણ કે તેઓને ભવપ્રવાહમાંથી છોડાવાય છે અને મોક્ષ અપાવાય છે.

### (ક–૧) પુષ્ટિમાર્ગ :

એ રીતે માર્ગ, સર્ગભેદ તેમજ ફલભેદના આધારે પુષ્ટિમાર્ગીય જીવોને અન્ય જીવોથી જુદા માનવા જ જોઈએ.

આ પુષ્ટિસૃષ્ટિ ભગવાનના આધિદૈવિક સ્વરૂપની સેવા માટે પ્રકટ કરાયેલી છે. આથી ભગવત્સેવા સિવાયના બીજા કોઈ કર્મમાં અથવા કોઈ



પ્રયોજનમાં પુષ્ટિસૃષ્ટિના જીવોએ આસક્ત થવું તે ભગવાનને પ્રિય નથી. બાહ્ય દૃષ્ટિથી જોતાં પુષ્ટિમાર્ગીય જીવોનાં સ્વરૂપ, દેહ, સ્વભાવ તેમ જ વ્યવહાર પણ બધા જીવોની સમાન જ દેખાય છે; પરંતુ અંતે તો આધિદૈવિક સ્વરૂપના ભજનાનંદમાં જ આ પુષ્ટિજીવોને આકર્ષણ અને સંતોષનો અનુભવ થશે કેમ કે તેઓની પાસેથી પ્રભુ આ જ કામ લેવા ઈચ્છે છે.

### (ક–૨) પુષ્ટિસર્ગ :

આ પુષ્ટિજીવના વળી બે અવાંતર ભેદ થાય છે :

(૧) શુદ્ધ પુષ્ટિસૃષ્ટિ

(૨) મિશ્ર પુષ્ટિસૃષ્ટિ

મિશ્ર પુષ્ટિસૃષ્ટિના ત્રણ અવાંતર ભેદ છે જેમ કે,

(૧) પુષ્ટિપુષ્ટિ–સૃષ્ટિ

(૨) મર્યાદાપુષ્ટિ–સૃષ્ટિ

(૩) પ્રવાહપુષ્ટિ–સૃષ્ટિ

(૧) પુષ્ટિપુષ્ટિ–સૃષ્ટિનો જીવ દરેક પ્રકારના માહાત્મ્યના જ્ઞાનવાળો અને સુદૃઢ સર્વતોધિક સ્નેહ સાથે કૃષ્ણસેવામાં અત્યંત પરાયણ હોય છે.

(૨) મર્યાદાપુષ્ટિ–સૃષ્ટિનો જીવ ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓની કથાઓ દ્વારા ભગવાનના ગુણોનું પ્રેમપૂર્વક ચિંતન કરવામાં (શ્રવણ, સ્મરણ, કીર્તનમાં) અત્યંત લીન થઈ જાય છે.

(૩) પ્રવાહપુષ્ટિ–સૃષ્ટિના જીવોમાં સારું એવું માહાત્મ્યજ્ઞાન હોતું નથી કે નથી હોતો ઉત્કટ સ્નેહ, તેમ છતાં કૃષ્ણભજનના ક્રિયાત્મક બાહ્યરૂપમાં તેઓની રુચિ તેમ જ તત્પરતા હોય છે.

મિશ્ર પુષ્ટિસૃષ્ટિના આ ત્રણેય પ્રકારોથી અનોખો શુદ્ધ પુષ્ટિસૃષ્ટિનો જીવ હોય છે. તેમને ભગવાન પ્રત્યે સ્નેહ કોઈ પ્રમાણબળના આધારે નથી હોતો, પરંતુ ભગવાન તેમની સમક્ષ સ્વયં પ્રકટ થઈને પોતાના આધિદૈવિક સ્વરૂપનાં પ્રમેયબળથી તેમને પોતાની તરફ આકર્ષી લે છે. તેમનો ભગવાન પ્રત્યેનો સ્નેહ ઉત્કૃષ્ટ, સહજ તેમ જ શુદ્ધ એટલે કે અન્ય કોઈપણ ભાવ કે પ્રયોજનથી નિર્મળ રહે છે. આ અતિ દુર્લભ પ્રકારની પુષ્ટિસૃષ્ટિ છે.

## (ક–૩) પુષ્ટિફલ

પુષ્ટિમાર્ગીય જીવોનું સાધન જેમ ભગવાનની પુષ્ટિ અથવા અનુગ્રહ છે, તેવી જ રીતે ફળ એક માત્ર સ્વયં ભગવાન જ છે.

તે તે ભક્તોને માટે ગુણ અને સ્વરૂપના ભેદો અનુસાર જેવા જેવા નિજી રૂપ ધારણ કરીને ભગવાન પ્રકટ થાય છે, તે તે ભગવદ્–રૂપોની સાથે પુષ્ટિસૃષ્ટિના ભિન્ન ભિન્ન જીવોને ફળની પ્રાપ્તિનો અનુભવ થાય છે. આ પોતાનાં ભગવદ્–રૂપો સિવાય બીજે કયાંય પણ પુષ્ટિમાર્ગીય જીવની આસક્તિ ભગવાન જુએ છે ત્યારે તો શાપ પણ દેવડાવી દે છે. ક્યારેક ક્યારેક તેમને અહંકારવાળા જોઈને પણ ભગવાન શાપ દેવડાવે છે. ત્યારે આ પુષ્ટિ–જીવો ભૂતલ ઉપર જન્મે છે. ક્યારેક ક્યારેક ભૂતલ ઉપર પુષ્ટિમાર્ગને પ્રકટ કરવાને માટે પણ પુષ્ટિજીવોને ભૂતલ ઉપર પ્રકટ કરાય છે. લોકમાં આવીને પણ દૈહિક રોગાદિ ઉપદ્રવો કે માનસિક પાખંડતા વગેરે ઉપદ્રવોથી તેઓ ઘેરાતા નથી. એ મહાનુભાવોનું ભૂતલ ઉપર પ્રાકટ્ય ભલેને શાપને કારણે થયું હોય, તો પણ તેઓનું પ્રાકટ્ય મોટે ભાગે શુદ્ધતાને માટે જ હોય છે. ભગવાન આ જીવોને માટે પોતાના સ્વરૂપમાં તથા પોતાની લીલાઓમાં જેવી વિશિષ્ટતા પ્રકટ કરે છે, તે પ્રમાણે આ ભક્તોમાં પણ તેવી વિશિષ્ટતા બંધબેસતી થઈ જાય છે. આ મહાનુભાવો લોકમાં ભેદબુદ્ધિ પેદા ન થઈ જાય એટલા માટે લૌકિક વ્યવહારનો નિર્વાહ અને વૈદિક કર્તવ્યોનું પાલન કરે છે, અર્થાત્ લોકહિતાર્થે જ કરતા હોય છે. તેઓની સહજ અને પ્રબળ રુચિ તો પોતાની વૈષ્ણવતાનું પરિપાલન કરવા માટે હોય છે, નહિ કે લૌકિકતાને કે વૈદિકતાને નિભાવવા માટે.

એ પ્રમાણે પુષ્ટિજીવોનાં, સર્ગ તેમ જ ફળનું નિરૂપણ પૂરું થયું.

ક્યારેક કયારેક આ પુષ્ટિજીવોની સાથે સદા–સર્વદા ભટકતા રહેનારા ચર્ષણી જીવ પણ મેળાપ પામતા હોય છે. આથી તેના સ્વરૂપનું પણ થોડું ઘણું નિરૂપણ અહીં પ્રસંગોપાત જ ગણાશે.

**ચર્ષણી જીવ :–**

દૈવી જીવોના સંગને કારણે કેટલાક અદૈવી જીવોમાં પણ કયારેક તે સમયે અને તેટલા સમય પૂરતાં તેના રૂપમાં દૈવી લક્ષણો દેખાવા માંડતાં હોય છે, પરંતુ તે લક્ષણો તેમનામાં ચિરસ્થાયી હોતાં નથી. એવા જીવોને 'ચર્ષણી જીવ' કહેવાય છે. ચર્ષણી જીવો પ્રતિદિન નવા નવા માર્ગો ઉપર ભટકતા રહે છે અને નવા નવા



રંગ બદલતા રહે છે. તેમનો પોતાનો કોઈ સ્થાયી રંગ કે સ્થાયી સ્વભાવ હોતો નથી. જેની સાથે મેળાપ થતો હોય છે, તેટલો સમય તેના ગુણધર્મોને તેઓ અપનાવી લે છે. પોતાના નિત્ય નવા અને બદલાતા રંગોમાં કાંઈ ને કાંઈ તેટલા સમય પૂરતાં તેમને ફળ મળતાં હોય છે અથવા અનુભવો થતા રહે છે. દૈવી જીવોનો સંગ પામીને દૈવી શીલ પ્રકટ કરે છે અને આસુરી જીવોનો સંગ પામીને તેઓ આસુરી શીલ પ્રકટ કરે છે. આમ કયાંય પણ તેઓ સ્થિર થઈ શકતા નથી.

## (ખ–૧) પ્રવાહમાર્ગ

હવે પ્રવાહમાર્ગીય જીવોનાં સ્વરૂપ, દેહ તેમ જ વ્યવહારનું નિરૂપણ કરવામાં આવે છે.

બધા જ આસુરી સૃષ્ટિના જીવોને પ્રવાહમાર્ગીય સમજવા, ગીતાજીમાં (૧૬.૭) " તેમને યોગ્ય પ્રવૃત્તિનું કે યોગ્ય નિવૃત્તિનું જ્ઞાન હોતું નથી " એમ કહીને નિરૂપણ કરાયું છે. પ્રવાહી જીવોમાં બે અવાંતર ભેદ હોય છે. જેમ કે,

(૧) અજ્ઞ પ્રવાહી જીવ (૨) દુર્જ્ઞ પ્રવાહી જીવ

(૧) આસુરી સૃષ્ટિના જે જીવોનું વર્ણન ભગવાને ગીતાજીમાં (સોળમા અધ્યાયમાં) કર્યું છે, તેમને દુર્જ્ઞ પ્રવાહી જીવ સમજવા જોઈએ.

(૨) આ દુર્જ્ઞ પ્રવાહી જીવોમાં સંગને કારણે પ્રવાહી સ્વભાવ કે પ્રવાહી લક્ષણ પ્રકટ કરનારા જીવોને 'અજ્ઞ પ્રવાહી જીવ' કહેવામાં આવે છે.

પુષ્ટિજીવ જેવી રીતે પ્રવાહમાર્ગીય કુળમાં જન્મ લઈને પણ પ્રવાહમાર્ગીય વાતાવરણમાં પોતાનો તાલમેળ બેસાડી શકતા નથી, બરાબર તેવી જ રીતે પ્રવાહમાર્ગીય જીવ પુષ્ટિમાર્ગીય કુળમાં પણ જન્મ લે તો પણ પુષ્ટિમાર્ગીય વાતાવરણ સાથે તે પોતાનો તાલમેળ બેસાડી શકતા નથી. (અહીંથી ગ્રંથ તૂટે છે.)

ગ્રંથના પૂર્વરૂપ અનુસાર નીચે દર્શાવેલ વિષયો ઉપર પ્રકાશની અપેક્ષા રહે છે :–

(ખ–૧) પ્રવાહમાર્ગીય જીવોના દેહ તેમ જ વ્યવહારનું નિરૂપણ

(ખ–૨) પ્રવાહસર્ગ (ખ–૩) પ્રવાહફલ

(ગ–૧) મર્યાદામાર્ગ (ગ–૨) મર્યાદાસર્ગ

(ગ–૩) મર્યાદાફલ (ઘ) તથા ઉપસંહાર

**ઈતિ શમ્**

# ૫. સિદ્ધાંતરહસ્યમ્

એક કિંવદંતી અનુસાર 'સિદ્ધાંતરહસ્ય'નું આલેખન શ્રી મહાપ્રભુજીએ વિ. સં. ૧૫૪૯માં કર્યું હતું. શ્રીમહાપ્રભુજીના ચરિત્ર–ગ્રંથોના આધારે તથા આ ગ્રંથની અંદરના પુરાવાના આધારે એ નિશ્ચિત છે કે, એની રચના ગોકુળમાં શ્રાવણ સુદિ એકાદશીની અર્ધરાત્રિએ થઈ હતી.

શ્રીયદુનાથજીવિરચિત શ્રીવલ્લભ–દિગ્વિજયના મધ્યમ–યાત્રા પરિચ્છેદમાં આ ઘટનાને આવી રીતે વર્ણવેલી છે : "શ્રીમહાપ્રભુજી મથુરાથી ગોકુળ પધાર્યા, ત્યાં શ્રાવણ માસની અજવાળી એકાદશીનું વ્રત તેમ જ જાગરણ આપશ્રીએ કર્યું. મધ્યરાત્રિએ ભગવાને પ્રકટ થઈને દર્શન દીધાં. તે સમયે શ્રીમહાપ્રભુજીએ પવિત્રા ધરીને મિસરીનો ભોગ ધર્યો. પછી શ્રીગોકુલનાથે શ્રીમહાપ્રભુજીને સાંત્વન આપ્યું કે, આપે દૈવી જીવોના ઉદ્ધારની ચિંતા કરવી જોઈએ નહિ. દૈવી જીવોના ઉદ્ધાર માટે પ્રસ્તુત ગ્રંથમાં વર્ણવાયેલ ભાવનાની સાથે ગદ્યમંત્રનું દાન (મદુક્તભાવનાસહિતં ગદ્યમ્) શ્રીમહાપ્રભુજીને દેવામાં આવ્યું. અન્ય જીવોને પણ આ ભાવનાના ઉપદેશની સાથે ગદ્યમંત્ર દ્વારા દીક્ષિત કરવાનો આદેશ આપવામાં આવ્યો. ભગવાને શ્રીમહાપ્રભુજીને વચન આપ્યું કે, તમારાથી જેને આ સર્વસ્વના સમર્પણપૂર્વક આત્મનિવેદનની દીક્ષા દેવામાં આવશે તેની અહંતા મમતાનો સેવામાં વિનિયોગ કરવાથી તેને ભગવાનની લીલા અનુભવવાનું સામર્થ્ય પ્રદાન કરવામાં આવશે. પ્રાતઃકાલે શ્રીમહાપ્રભુજીએ આ દીક્ષા દામોદરદાસ તથા કૃષ્ણદાસને આપી."

૮૪ વૈષ્ણવોની વાર્તા અનુસાર ભગવદાજ્ઞા પછી શ્રીમહાપ્રભુજીએ સમીપમાં સૂતેલા દામોદરદાસ હરસાનીને પૂછયું, " દમલા ! તેં કછુ સુન્યો?" તબ દામોદરદાસને કહ્યો, "જી મહારાજ ! મૈંને શ્રીઠાકોરજીકે વચન સુને તો સહી, સમુઝ્યો નાહીં." (દમલા, તેં કાંઈ સાંભળ્યું ? ત્યારે દામોદરદાસે કહ્યું, જી મહારાજ! મેં ઠાકોરજીનાં વચન સાંભળ્યાં તો ખરાં, પણ સમજ્યો નહીં.)

બૃહદારણ્યક ઉપનિષદમાં પણ સાંભળ્યું તો બધાએ હતું–સમર્પણનો સિદ્ધાંત, 'આ આત્મા સર્વ પ્રાણીઓનો અધિપતિ છે, બધાં જ પ્રાણીઓનો રાજા



છે. તે જેવી રીતે રથના ચક્રના મધ્ય ભાગમાં અને રથના ચક્રના ઘેરાવામાં સર્વે આરાઓ સમર્પિત થયેલા છે તેવી જ રીતે સર્વ જીવો, સર્વ દેવો, સર્વ લોક, ભૂતમાત્ર અને બધા જ આત્માઓ આ પરમાત્મામાં સમર્પિત થયેલા છે,' (બૃહદારણ્યક ૨–૫–૧૫), પરંતુ સમજમાં કયાં આવે છે? જે પરમાત્મામાં બધું જ સમર્પિત છે, તે પરમાત્મા પ્રત્યે મન, વાણી અને દેહથી સર્વસમર્પણની સ્વીકૃતિ બધાંની સમજમાં આવતી નથી. આથી જ ભગવાને ગીતામાં પણ કહી તો દીધું છે કે, "હે અર્જુન, તું મારામાં મનવાળો થા, મારો ભક્ત થા, મારું સેવન કર, મને નમસ્કાર કર, તું મને જ પામીશ, તું મને પ્રિય છે, એમ હું તને પ્રતિજ્ઞાપૂર્વક કહું છું" (ગીતા ૧૮–૬૫), પરંતુ ભગવાનની આ પ્રતિજ્ઞાનું તથા પ્રેમપૂર્વકના આશ્વાસનનું તાત્પર્ય સમજમાં કયાં આવે છે ? શ્રીભાગવતમાં પણ ભગવાનની વાણી આપણે સાંભળી તો છે કે, "જેઓ પત્ની, ગૃહ, પુત્ર, આપ્તજન, પ્રાણ, ધન, એ બધાંને છોડીને મારે શરણે આવેલા હોય છે તેઓનો ત્યાગ હું કેવી રીતે કરી શકું ?" (ભાગ ૯–૪–૬૫), પરંતુ તે સમજમાં કયાં આવે છે ?

આ સિદ્ધાંતરહસ્યમાં જ સાક્ષાત્ ભગવાને કહેલ ભાવના સહિત ગદ્યમંત્રમાંથી જ્યારે સ્વયં શ્રીમહાપ્રભુજીએ અક્ષરશઃ ભગવાને કહેલ ભાવના દોહરાવી દીધી, છતાંય તે સાંભળ્યા પછી પણ સમજમાં આવતી નથી ! કેટલાક વિદ્વાનોને સંદેહ થાય છે કે, "ગદ્યમંત્ર ભગવાને કહેલ છે કે શ્રીમહાપ્રભુજીએ કહેલ છે ? અથવા પ્રભુચરણશ્રીએ કહેલ છે ? કે પછી શ્રીગોકુલનાથજીએ તેને પછીના સમયમાં જોડી દીધેલ છે ?" તર્ક વિતર્ક થયા કરે છે કે, "સાક્ષાદ્ ભગવતા પ્રોક્તં તદક્ષરશઃ ઉચ્યતે" એટલે કે સાક્ષાત્ ભગવાને કહેલ તે અક્ષરશઃ કહેવાય છે, આમ કહી દીધા પછી જ્યારે ગદ્યમંત્ર કહેવાયો નથી તો અવશ્ય જ તે પછીના સમયમાં શ્રીપ્રભુચરણના ચતુર્થ પુત્ર શ્રીગોકુલનાથજીએ જોડી દીધેલ હશે ? પરંતુ આ અક્ષરશઃ નિરૂપણમાં તો પંચાક્ષરમંત્ર પણ દોહરાવવામાં આવેલ નથી, તો કેવળ ગદ્યમંત્ર માટે જ એમ કેમ? પંચાક્ષરમંત્રને પણ પ્રક્ષિપ્ત કેમ માની લેવામાં ન આવે ? જ્યારે શ્રીગોકુલનાથજીની પહેલાં થયેલ શ્રીકૃષ્ણદાસ અધિકારી– "શ્રીગોપાલમંત્ર, અષ્ટાક્ષર પંચાક્ષરકે શ્રવન કરાયે, ગદ્યમંત્ર સબ જીવનિકો દે કૃષ્ણચરણ સબકે ચિત્ત લાયે,"

તથા–(પદ–રાગ ગોરી)

કૃષ્ણ શ્રીકૃષ્ણ મનમાહિ ગતિ જાનિયે ।
દેહ ઇંદ્રિય પ્રાણ દારાગારાદિવિત્ત આત્મા,
સકલ શ્રીકૃષ્ણકી માનિયે ॥૧॥
કૃષ્ણ મમ સ્વામી હોં દાસ મનવચકરમ
કૃષ્ણ કર્તા યેહી સદા જિય આનિયે
કૃષ્ણદાસનિનાથ હરિદાસવર્યધર
ચરણરજ વલ્લભાધીશ મન સાનિયે ॥૨॥

અર્થ : કૃષ્ણ, શ્રીકૃષ્ણ જ ગતિ છે એમ મનમાં જાણો. દેહ, ઇન્દ્રિય, પ્રાણ, પત્ની, ઘર, વિત્ત, આત્મા આદિ બધું શ્રીકૃષ્ણનું છે એમ માનો. કૃષ્ણ મારા સ્વામી, હું કૃષ્ણનો દાસ–મન, વાણી અને કર્મથી, કૃષ્ણ કર્તા છે એ જ સદા જીવનમાં, મનમાં લાવો. કૃષ્ણદાસના પ્રભુ હરિદાસવર્યધર શ્રીગોવર્ધનધર છે. તેથી શ્રીવલ્લભાધીશની ચરણરજ મનમાં પધરાવો એમ કહે છે. તેને નિરંતર સાંભળતા રહેવા છતાં અને ગાતા રહેવા છતાં આજ આ સમજમાં આવતું નથી !

કેટલાક વિદ્વાનોની માન્યતા અનુસાર, આથી જ આ ગદ્યમંત્ર શ્રીગોકુલનાથજી દ્વારા નહિ, પરંતુ શ્રીપ્રભુચરણ (શ્રીવિઠ્ઠલેશજી) દ્વારા પંચાક્ષરની સાથે જોડી દીધેલ હોવાનું મનાય છે. પરંતુ તેઓશ્રીના જ્યેષ્ઠ ભાઈ શ્રીગોપીનાથજી રચિત સાધનદીપિકામાં

"નાયમાત્મા પ્રવચનૈઃ ન ધિયા બહુના શ્રુતૈઃ ।
લભ્યતે વરણં હિત્વા વૃતં સંવૃણુતે શ્રુતેઃ ॥૫૭॥
સ્મૃત્વા સ્વીયવિયોગાગ્નિં તાપદાહો ભવાંબુધૌ ।
તતઃ સર્વં સમર્પ્યૈવ શ્રીગોપાલમનું શ્રયેત્ ॥૫૮॥
ઇષ્ટં દત્તં તપો જપ્તં વૃતં યચ્ચાત્મનઃ પ્રિયમ્ ।
દારાન્ સુતાન્ ગૃહાન્ પ્રાણાન્
યત્પરસ્મૈ નિવેદનમ્ ॥૫૯॥"

અર્થ : આ પરમાત્મા પ્રવચનોથી કે બુદ્ધિપૂર્વક બહુ સાંભળવાથી પ્રાપ્ત થતા નથી, પરમાત્માને પ્રસન્ન કરીને, પરમાત્માથી વરણ કરાયેલો હોય તેનો સ્વીકાર થાય છે, એમ શ્રુતિમાં કહ્યું છે. પોતાના વિયોગરૂપ અગ્નિને સંભારીને ભવરૂપી સાગરમાં પડેલાને તાપદાહ થાય છે. તેથી ગોપાલ એવા શ્રીકૃષ્ણને બધું જ સમર્પણ કરીને તેનો આશ્રય લેવો જોઈએ. જે યજ્ઞથી પૂજાયેલ હોય તે, જે દાન કર્યું હોય તે, જે તપ કર્યું હોય તે, જે જાપ કરેલા હોય તે, જેનું આચરણ કર્યું હોય તે અને જે



પોતાને પ્રિય હોય તે સ્ત્રી, પુત્ર, ગૃહ, પ્રાણ સહિત બધું જ પરાત્પર પરમાત્મા શ્રીકૃષ્ણને સમર્પણ કરવું એ પ્રમાણે કહે છે, તેથી સ્પષ્ટ થઈ જાય છે કે શ્રીપ્રભુચરણના પહેલાં જ દીક્ષાવિધિમાં ગદ્યમંત્રનો સમાવેશ થઈ ગયો હતો. પરંતુ "મહારાજ, સુન્યો પર સમુઝ્યો નાહીં !"

નિવેદન, સમર્પણ તેમ જ વિનિયોગ ઉત્તરોત્તર એકબીજાના રહસ્યરૂપ છે અથવા તાત્પર્યરૂપ છે. પંચાક્ષર મંત્ર દ્વારા જે આત્મનિવેદન કરવામાં આવે છે, ગદ્યમંત્રમાં તે જ 'આત્મા' અને 'નિવેદન'નું રહસ્ય આત્મીય સઘળા પદાર્થોનું સમર્પણના રૂપમાં સમજાવાયું છે. ગદ્યમંત્રમાં જે આત્મા તેમ જ આત્મીય સઘળા પદાર્થોનું સમર્પણ કરવામાં આવે છે, તેનું રહસ્ય પોતાના સ્વામી શ્રીકૃષ્ણની તનુવિત્તજા સેવામાં પોતાના તથા પોતાની સાથે સંબંધિત બધા પદાર્થોના વિનિયોગમાં સરળતાથી સમાયેલું છે. અન્યથા, સમર્પણ પૂર્ણતાથી સાર્થક થતું નથી. સમર્પણ કરાયેલાનો વિનિયોગ પણ આથી જ આવશ્યક છે.

શ્રીમહાપ્રભુજીને આત્મનિવેદનની ભાવનાના રૂપમાં પ્રભુએ પ્રકટ થઈને આ જ સમજાવ્યું હતું. "તેથી અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો; જેણે આત્મનિવેદન કર્યું છે તેણે પ્રભુને સમર્પણ કરીને જ બધું કરવું, એવો નિશ્ચિત નિયમ છે" (સિદ્ધાંતરહસ્ય ૪–૫). જેઓ બ્રહ્મસંબંધ પામેલા છે તેમણે અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો જોઈએ. પોતાનાં બધાં જ કામકાજ સમર્પણપૂર્વક જ ચલાવવાં જોઈએ. આ જ બ્રહ્મસંબંધ અથવા આત્મનિવેદનની મૂળ ભાવના છે.

"નિવેદનના સમયે પોતાની સાથે સંબંધિત વસ્તુઓનો સંબંધ પ્રભુની સાથે–બ્રહ્મની સાથે થઈ જાય છે. ..... જેઓએ પોતાના પ્રાણ પૂર્ણપણે શ્રીકૃષ્ણાધીન કરી દીધા છે, તેઓને કઈ વાતની ચિંતા હોઈ શકે ? (નવરત્ન ૪–૫). નવરત્નના આ વચનની તથા સિદ્ધાંતરહસ્યના "બ્રહ્મસંબંધ કરવાથી બધાયના દેહના અને જીવના સર્વ પ્રકારના દોષો નિવૃત્ત થઈ જાય છે," (સિદ્ધાંતરહસ્ય ૨) આ વચનનો પરસ્પર સંબંધ જોડવાથી પંચાક્ષરમંત્ર દ્વારા આત્મનિવેદન અને ગદ્યમંત્ર દ્વારા વિયોગરૂપી અગ્નિના સ્મરણપૂર્વક આત્મીય સઘળા પદાર્થોનું સમર્પણ એ બંનેનું જોડાણ જ 'બ્રહ્મસંબંધ' કહેવાય છે. આ સિદ્ધાંતનું રહસ્ય આપણને 'સિદ્ધાંતરહસ્ય' ગ્રંથમાં સંભળાય છે.

આ જ રહસ્ય શ્રાવણ માસની અજવાળી અગિયારશની મધ્યરાત્રિએ સાક્ષાત્ ભગવાને પ્રગટ થઈને શ્રીમહાપ્રભુજીને સંભળાવ્યું હતું. તે પંચાક્ષર અને

ગદ્યમંત્રના અંશને ગોપ્ય હોવાને કારણે છોડી દઈને સમર્પણના સિદ્ધાંતના ભગવાને કહેલા આ રહસ્યને અહીં અક્ષરશઃ શ્રીમહાપ્રભુજીએ પુનઃ કહેલ છે. જે વાત ભગવાને ગદ્યમંત્રની ભાવનાના રૂપમાં કહી હતી તેનું અહીં અક્ષરશઃ નિરૂપણ છે, પંચાક્ષર કે ગદ્યમંત્રનું નિરૂપણ નથી.

જીવ તો અનેક પ્રકારના દોષોથી ભરેલો છે જેવા કે, (૧) અવિદ્યા સાથે સંબંધ, અવિદ્યાથી થયેલી અહંતા–મમતાની ભ્રાંતિ, અવિદ્યાથી થયેલ પ્રાણ–ધારણના પ્રયત્ન, જેવા દોષો આત્માની સાથે લાગ્યા રહે છે. સૂક્ષ્મ શરીરમાં કામ, ક્રોધ, લોભ વગેરે તથા ભૂખ, તરસ જેવા અનેક સહજ દોષો સદાય અસ્તિત્વમાં હોય છે. તેવી જ રીતે સ્થૂળ શરીરમાં પણ અનેક પ્રકારની અશુદ્ધિ તથા રોગ વગેરે દોષો સહજ રીતે રહેલા જોવા મળે છે. (૨) પાપની અતિશયતાવાળા પ્રદેશોમાં જન્મની પ્રાપ્તિથી અથવા કોઈ વાર તો એવા પ્રદેશમાં જવા માત્રથી દોષ લાગી જાય છે, એમ શાસ્ત્રો કહે છે. (૩) કલિકાલને કારણે અનેક ધાર્મિક વ્યવસ્થા લુપ્ત થઈ ગઈ છે. આથી કાળથી થતા દોષો પણ શાસ્ત્રમાં સ્વીકારાયા છે. (૪) કોઈ કોઈ વાર જાણીબૂજીને અથવાં મોહવશ થઈને પણ આપણે એવાં આચરણ કરી બેસીએ છીએ, જેને લોકમાં તેમ જ શાસ્ત્રમાં નિંદ્ય માનેલ હોય છે. (૫) કોઈ કોઈ વાર નિવારી ન શકાય તેવી સ્થિતિમાં અનિચ્છાએ, અજાણમાં એવાં ભૂલભરેલાં કામ આપણાથી થઈ જાય છે, અથવા કરવાં પડે છે કે જે લોકમાં અને વેદમાં નિંદ્ય હોય છે.

એવી રીતે લોકમાં તથા વેદોમાં નિંદિત એવા અનેક પ્રકારના દોષોથી જીવ ભરાયેલો રહે છે. પરંતુ બ્રહ્મસંબંધ થવાથી એ દોષો ભલે નિવૃત્ત થઈ જાય કે ન થાય, પરંતુ પુષ્ટિજીવ દ્વારા કરવામાં આવેલી ભગવત્સેવામાં એ દોષો બાધક થઈ શકતા નથી. બ્રહ્મસંબંધ સિવાય અન્ય કોઈ પણ પ્રકારે એ દોષોની નિવૃત્તિ શક્ય નથી.

બ્રહ્મસંબંધનું વાસ્તવિક સ્વરૂપ અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવાથી જ સિદ્ધ થાય છે. છેલ્લે સરવાળે વાત એટલી જ છે કે, જેણે આત્મનિવેદન કર્યું છે તેણે પોતાનાં બધાં જ કામકાજ સમર્પણપૂર્વક જ ચલાવવાં જોઈએ. પરંતુ તેમાં એક સાવધાની અવશ્ય રાખવી જોઈએ કે, એવી કોઈ પણ વસ્તુ કે જેનો ઉપભોગ પ્રથમ આપણે કરી લીધો હોય તે દેવાધિદેવ ભગવાન શ્રીકૃષ્ણને સમર્પણ કરાય નહિ. આપણા પ્રથમ ઉપભોગને કારણે તે વસ્તુ આપણી અર્ધભુક્ત અથવા ઉચ્છિષ્ટ થઈ જાય છે અને તે વસ્તુ શ્રીકૃષ્ણને સમર્પિત કરવાનો કોઈ અર્થ નથી. તેથી આપણે ઉપભોગ કર્યા પહેલાં બધી વસ્તુઓનું સમર્પણ કરવું આવશ્યક છે.



ભગવાન અર્થે બધી વસ્તુઓને સમર્પિત કરી દેવાથી આત્મનિવેદન કરનારનો રોજે રોજનો વ્યવહાર કેવી રીતે નભી શકશે ? અને વળી અસમર્પિતનો પણ ઉપભોગ નિષિદ્ધ મનાયેલો છે તો આ બંને વાત શી રીતે શક્ય થઈ શકશે ?

"ભગવાનને દાનના રૂપમાં જે કાંઈ ભેટ કરી દેવામાં આવે છે તેનું ફરીને અપહરણ કે ઉપભોગ નહિ કરવો જોઈએ." આ વિધાન પુષ્ટિમાર્ગીય સાધના–પ્રણાલીને લાગુ પડતું નથી : કેમ કે, પુષ્ટિમાર્ગીય સેવાપ્રણાલીમાં જેવી રીતે ઘરનો સેવક ઘરધણીએ ઉપભોગ કરેલ વસ્તુઓનો–અન્ન, વસ્ત્ર વગેરેનો ઉપયોગ લોકમાં કરે જ છે, તે પ્રમાણે બધું જ પહેલાં એકવાર પ્રભુને સમર્પિત કરવું જોઈએ અને પછી પોતાના ઉપભોગ માટે લેવું જોઈએ. તેથી સર્વસમર્પણના તેમ જ અસમર્પિત ત્યાગના સિદ્ધાંતમાં નથી તો વિરોધાભાસ કે નથી કોઈ પણ પ્રકારની કઠિનતા. બ્રહ્મસંબંધ લેતી વખતે જે વસ્તુઓનું આપણે સમર્પણ કરીએ છીએ તેનો સાક્ષાત્ કે પરંપરાથી કોઈ પણ રીતે એકવાર ભગવાનની સેવામાં વિનિયોગ થઈ ગયા પછી તેના બધા દોષો નિવૃત્ત થઈ જાય છે. તેથી એ રીતે દોષરહિત, બ્રહ્મભાવ પ્રાપ્ત કરેલી વસ્તુઓના ઉપભોગમાં કોઈ પણ પ્રકારના સાંસારિક અનર્થની સંભાવના રહેતી નથી. જેમ નદી–નાળાં ગંગામાં મળી ગયાં પછી ગંગાજલ જ માની લેવામાં આવે છે અને તેઓના સ્વતંત્ર અસ્તિત્વનો કે ગુણદોષોનો વિચાર નથી કરવામાં આવતો. એ જ પ્રમાણે ભગવાનની અલૌકિક સેવાનું અંગ બની ગયા પછી સાંસારિક વસ્તુઓના સ્વતંત્ર ગુણદોષોનો વિચાર પણ અનાવશ્યક થઈ જાય છે.

ભગવાન દ્વારા લેવાયેલાં જગતનાં બધાં જ રૂપ ભગવાનનાં રૂપ છે, તથા ભગવાનને માટે છે. આપણું પોતાનું અસ્તિત્વ અને પ્રયોજન પણ ભગવલ્લીલાના અંગરૂપ અને ભગવત્સેવા માટે છે. આથી ભગવાનને સમર્પણ કર્યા પછી ભગવાનના પ્રસાદના રૂપમાં તેનું પાછું ગ્રહણ થાય તે દોષ વગરનું છે. જ્યારે બધું જ ભગવાનનું અને ભગવાનની સેવા માટે બની જાય છે ત્યારે તે બધું ભગવદાત્મક જ થઈ જાય છે.

આ જ પુષ્ટિમાર્ગના સિદ્ધાંતનું અત્યંત ગૂઢ રહસ્ય છે. આ જ પુષ્ટિમાર્ગીનું પ્રમુખ કર્તવ્ય છે. ભગવાનના સ્વરૂપની સેવાની દીક્ષા લેવાય તે સમયે અને લીધા પછી ભગવાનને અત્યંત પ્રિય એવી આ જ ભાવના છે. આ જ ભાવના ગોકુલમાં પ્રકટ થઈને ભગવાને શ્રીમહાપ્રભુજીને સમજાવી હતી. તે અર્ધરાત્રિએ પુષ્ટિજીવોના ઉદ્ધારની ચિંતામાં જાગૃત મહાપ્રભુજીની ચિંતા આ રહસ્યના પ્રકાશનથી દૂર કરવામાં આવી હતી. પરંતુ આજ સુધી શ્રીમહાપ્રભુજીની સમીપ

સુષુપ્ત એવા તેઓશ્રીના અનેક પુષ્ટિજીવ આ સિદ્ધાંતરહસ્યને સાંભળીને પણ સમજી શકતા નથી.

"દમલા, યહ મારગ તેરે લિએ પ્રકટ કિયો હૈ," એટલે કે દમલા, આ માર્ગ તારા માટે પ્રકટ કર્યો છે એ વાણીમાં કેટલું બધું પોતાપણું છે ! "દમલા ! તેં કછુ સુન્યો?" એટલે કે "દમલા, તેં કાંઈ સાંભળ્યું ?" એ પ્રશ્નમાં સિદ્ધાંતનું પૂરેપૂરું રહસ્ય પોતાના પુષ્ટિજીવોને સંભળાવવાની અને સમજાવવાની કેટલી બધી ઉત્કંઠા છે! જીવ એને સાંભળીને પણ ભલે સમજે કે ન સમજે!

આથી જ હરિજીવન કહે છે કે, જ્યાં સુધી પ્રભુ પોતાપણું જણાવે નહિ ત્યાં સુધી પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત કેવળ ભણી જવાથી કે સાંભળી લેવાથી સમજમાં આવતો નથી. ઉપનિષદ, ગીતા, પંચરાત્ર તથા શ્રીમદ્ભાગવત, સર્વત્ર સમર્પણનો સિદ્ધાંત બધાએ ભણેલો છે ને સાંભળેલો પણ છે, પરંતુ...

શ્રીમદ્ભાગવતરૂપી અમૃતના સાગરનું સર્વોત્તમ મંથન કરીને શ્રીમદ્વલ્લભાચાર્ય મહાપ્રભુજીએ જ પોતાના ઊંઘતા પુષ્ટિજીવોને જગાડીને પૂછ્યું, "દમલા! તેં કછુ સુન્યો ?" શ્રીમહાપ્રભુજી કેવળ સંભળાવવામાં કે સમજાવવામાં સંતોષ માનતા નથી. તેઓશ્રી પુષ્ટિજીવોના હાથમાં પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ શ્રીકૃષ્ણને સોંપવા ઈચ્છે છે.

"સેવા સાજ સિંગાર સુભગ રસ ખાન પાન પ્રકટાયો,
વૃંદાવન નિકુંજકી લીલા હરિજીવન સ્વાદ ચખાયો;
જો લોં હરિ આપુનપો ન જતાવે,
તો લોં સકલ સિદ્ધાંત મારગકો પઢે સુને નહીં આવે."

(સેવા, સાજસામગ્રી, શૃંગાર તથા ખાન,પાનમાં સુભગ રસ પ્રકટ કર્યો. વૃંદાવનના નિકુંજની લીલાઓનો હરિએ જીવનમાં સ્વાદ ચખાડ્યો. એ બધું જ્યાં સુધી હરિ પોતે ન બતાવે ત્યાં સુધી માર્ગનો સકળ સિદ્ધાંત વાંચીને કે સાંભળીને ખબર ન પડે.)

**ઇતિ શમ્**



# ૬. નવરત્નમ્

એક લોકવાયકા અનુસાર નવરત્ન ગ્રંથની રચના શ્રીમહાપ્રભુજીએ વિ. સં. ૧૫૫૮માં અડેલમાં કરી હતી. (ષોડશગ્રંથની–તવારીખો, લેખ નાગરદાસ બાંભણિયા, વૈષ્ણવવાણી, અંક ૪, વર્ષ ૧૯૭૯.) આ ગ્રંથ ખેરાળુ ગામના ગોવિંદ દવે સાંચોરાને માટે લખવામાં આવેલ હતો.

પ્રારંભથી જ ગોવિંદ દવેની મનોવૃત્તિ વૈરાગ્યપ્રધાન હતી. નાની વયમાં જ તેઓ પોતાનાં માતપિતાને છોડીને તીર્થયાત્રા માટે દ્વારકા પહોંચી ગયા હતા, અને પછી ત્યાં જ રહેવા માંડયા હતા. ભાવપ્રકાશ અનુસાર તેઓ મર્યાદાપુષ્ટિના જીવ હતા, અને તેને અનુરૂપ તેમની આસક્તિ દ્વારકાલીલામાં વિશેષ હતી અને તેથી જ દ્વારકાના શ્રીરણછોડજીના સ્વરૂપમાં પણ અતિ અધિક આસક્તિ હતી. પોતાનાં માતપિતાના દેહાવસાન પછી તેઓ શ્રાદ્ધ કરવાને માટે 'ગયા' ગયા હતા. પાછા વળતાં માર્ગમાં મણિકર્ણિકાના ઘાટ ઉપર શ્રીમહાપ્રભુજી સાથે તેમનો મેળાપ થયો. દર્શન કરવાના સમયે તેમને ઈચ્છા થઈ કે શ્રીમહાપ્રભુજીની પાસે રહીને થોડું જ્ઞાન મેળવું. અનુમતિ મળી જતાં કયાંકથી વ્યાકરણનું પુસ્તક લઈ આવ્યા, પરંતુ શ્રીમહાપ્રભુજીએ મૂળ ગીતાજીના અધ્યાપન દ્વારા જ સંસ્કૃત ભાષા, વ્યાકરણ તેમ જ સિદ્ધાંતનું જ્ઞાન પણ તેમને પ્રદાન કર્યું. તેનાથી પ્રભાવિત થઈને તેઓ પુષ્ટિમાર્ગમાં દીક્ષિત થયા અને આજ્ઞા પ્રમાણે ઘેર પાછા આવીને ભગવત્સેવામાં પ્રવૃત્ત થઈ ગયા.

૮૪ વૈષ્ણવોની વાર્તા પ્રમાણે–"ગોવિંદ દૂબેએ એક પત્ર આચાર્યશ્રીને લખ્યો–'મહારાજ ! મારા મનમાં બહુ જ વ્યગ્રતા રહે છે, ભગવત્સેવામાં ચિત્ત ચોંટતું નથી, તો મારે શું કરવું?' તે પત્ર આચાર્યશ્રીની પાસે આવ્યો. પત્રને વાંચીને, આપશ્રીએ નવરત્ન ગ્રંથની રચના કરી લખી મોકલ્યો, અને લખ્યું કે, 'આ નવરત્ન ગ્રંથનો પાઠ કરવાથી તારા મનની વ્યગ્રતા ટળી જશે.' તે રીતે પાઠ કરતાં શ્રીઆચાર્યજીની કૃપાથી વ્યગ્રતા–ચિંતા બધી ટળી ગઈ અને મન ભગવત્સેવા કરવામાં લાગી ગયું,"

આ પ્રસંગનું ઊંડું રહસ્ય શ્રીહરિરાયચરણજીએ ભાવપ્રકાશમાં બહુ જ સુંદર શબ્દોમાં દર્શાવ્યું છે—"ગોવિંદ દૂબેના મનમાં વ્યાકુળતા થઈ, તેનો અર્થ એ છે કે, ગોવિંદ દૂબેનો જીવ દ્વારકાલીલાના સંબંધનો હતો અને સેવાભાવના વ્રજની કરે, તેથી તેનું મન તેમાં લાગતું નહોતું. તેમની દઢતા ન થઈ રાજલીલામાં કે ન થઈ વ્રજલીલામાં. આમ તેમનું મન અનેક સાધન કરવામાં દોડ્યા કરતું હતું. તેમને થતું કે, તીર્થ કરું, વ્રત કરું, કોઈ જપ કરું, એમ મન અનેક ઠેકાણે ભટકતું હતું. તેથી આચાર્યશ્રી મહાપ્રભુજીએ નવરત્ન ગ્રંથ લખી મોકલ્યો,—'તું ચિંતા કર નહિ, ચિત્તનો ઉદ્વેગ છે, તેને પ્રભુની લીલા જાણીને અને શ્રીઠાકોરજીમાંથી તારું મન અન્ય સ્થળે જાય તેને પણ ભગવદિચ્છા માનીને ચિંતા કરવી નહિ. જેટલી બને તેટલી સેવા કરવી'. એવી મહાપ્રભુજીની આજ્ઞાથી ગોવિંદ દૂબેનું મન સ્થિર થઈ ગયું. મન લૌકિકમાં કે વૈદિકમાં જ્યાં જાય તેને ભગવદિચ્છા માને. શ્રીરણછોડજીમાં મન બહુ જાય તેને પણ ભગવદિચ્છા માને અને ત્યાંની લીલામાં તલ્લીન રહે. શા માટે? શાસ્ત્રોમાં અને પુરાણોમાં પ્રભુને મેળવવાના અનેક ઉપાય કહેલા છે. જીવને ઈચ્છા પ્રમાણેના માર્ગ બતાવ્યા છે. જે જેનો અધિકારી હોય તેમાં તેનું મન આપમેળે જ લાગી જાય છે.

તેથી જેમ માનવી રસ્તે જનારને દશ ગામના માર્ગ બતાવે, પરંતુ જનારે પોતાને જ્યાં જવું હોય તે જ એક માર્ગે તે જાય છે. તેવી જ રીતે કોઈ ભગવદીય દ્વારા, કોઈ ગુરુ દ્વારા, કોઈ ઈશ્વર દ્વારા, જેવો અધિકારી તેવો સંગ પામે અને તે માર્ગમાં તેનો ભાવ દઢ થઈ જાય. તેવી રીતે ગોવિંદ દૂબેને શ્રીરણછોડજીમાં દઢ ભાવ થઈ ગયો."

પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં માર્ગભેદનું નિરૂપણ કરેલું છે જ. બધા જીવોના માર્ગ અલગ અલગ છે. સ્વયં પુષ્ટિમાર્ગમાં પણ ભગવાનની પાસે પહોંચવાની અનેક દિશાઓ એટલે કે અનેક રીતો છે. જે દિશામાં સહજ રીતે આપણે ચાલી શકતા હોઈએ એ જ બાજુ આપણો જવાનો પ્રયાસ અનાયાસે જ થઈ જાય છે. પોતપોતાના સ્વભાવ પ્રમાણે સરળતાથી જે માર્ગ ઉપર આપણે ચાલી શકીએ છીએ, તે માર્ગને છોડીને વિશેષ ને વિશેષ ફળ મળવાની અપેક્ષાને વશ થઈને અથવા ખોટું અનુકરણ કરવાના મનના વલણથી જ્યારે આપણે આપણા સ્વભાવથી વિરુદ્ધ માર્ગ ઉપર ચાલવા ઈચ્છીએ ત્યારે તેવા પ્રયત્નમાં ચિંતા, ઉદ્વેગ કે વ્યગ્રતાથી મનનું ઘેરાઈ જવું એ સ્વાભાવિક જ છે.



પુષ્ટિપથનો પથિક સ્વયં પોતાના સ્વરૂપનું અથવા પોતાના કર્તવ્યના સ્વરૂપનું અથવા પોતાને ભજવા યોગ્ય ભગવાનના સ્વરૂપનું ચિંતન કરે, એ તો સ્વાભાવિક અને આવશ્યક જ છે. પરંતુ એવા ચિંતનનું સ્થાન જો અસ્વાભાવિક ચિંતા લેવા માંડે તો તે શ્રીમહાપ્રભુજીને રુચિકર કે પ્રિય નથી. કારણ કે ચિંતાનું મૂળ આપણી આસ્થા, ભક્તિ તથા જે સ્વીકાર્યું છે તેને અનુરૂપ મનોવૃત્તિમાં ન રહેતાં અનાસ્થા, ઉદ્વેગ તથા અસ્વીકારની મનોવૃત્તિમાં રહે છે. ભગવાનની શરણાગતિ સ્વીકાર્યા પછી આ લોક સંબંધી કે પરલોક સંબંધી બધું જ ભગવાનને સમર્પિત કરી દેવું જોઈએ. ભગવાન તો સર્વજ્ઞ, સર્વસમર્થ, સર્વના હિતૈષી, સર્વના સુહૃદ, કર્તા—કારયિતા, અચિંત્ય લીલાવિહારી છે. એવા પ્રકારના ભાવવાળી ભૂમિકા ઉપર સંશય, ચિંતા કે પ્રાર્થનાનો ઝેરીલો અંકુર ફૂટી જ નહિ શકે. જે કાંઈ થઈ રહ્યું છે તેને લીલાના જ્ઞાનની સાથે સ્વીકારવામાં જ સાચો વિવેક રહેલો છે. ભગવાનની કૃપાથી ભગવત્સેવામાં કે ભગવત્કથામાં જેટલું ચિત્ત તન્મય થતું જાય, તેમાં અધિક ને અધિક આનંદ લેતાં રહેવાની મનોવૃત્તિ એ એક સ્વસ્થ સ્વીકૃતિની મનોવૃત્તિ છે. જ્યારે અનધિકાર ચેષ્ટાઓ દ્વારા જે આદર્શ તન્મયતા આપણને પ્રાપ્ત નથી થઈ, એના વિષે ચિંતા કે ઉદ્વેગની મનોવૃત્તિ એ અસ્વસ્થ અસ્વીકૃતિની મનોવૃત્તિ છે. જે પ્રાપ્ત થયું તેનાથી અધિક પ્રાપ્તિનો મનોરથ અસ્વાભાવિક નથી હોતો, પરંતુ જે પ્રાપ્ત નથી થયું તેની ચિંતા અથવા તેનાથી થયેલો ઉદ્વેગ એ એક અસ્વાભાવિક મનોવૃત્તિ છે. તેવી જ રીતે લૌકિક કે વૈદિક યોગક્ષેમ અંગે પણ નિરંતર ચિંતા કર્યા કરવી તે પણ ભક્તિ—વિરોધી મનોભાવ છે.

તેથી, ભગવત્સેવામાં પ્રવૃત્ત થનારા પુષ્ટિજીવોને શ્રીમહાપ્રભુજી આ નવરત્ન ગ્રંથ દ્વારા બધા જ પ્રકારની ચિંતાઓથી મુક્ત કરવા ઈચ્છે છે.

વૈદિક કર્મો કરવાનો અધિકાર જેવી રીતે ગાયત્રી મંત્રનો ઉપદેશ ગ્રહણ કરવાથી પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે પુષ્ટિમાર્ગમાં ભગવત્સેવાનો અધિકાર બ્રહ્મસંબંધની દીક્ષાથી પ્રાપ્ત થાય છે. આત્મનિવેદનની સાર્થકતા ભગવત્સેવાની સંપન્નતામાં જ રહેલી છે. આથી જ પોતાનો લૌકિક વ્યવહાર પણ શક્ય હોય ત્યાં સુધી ભગવાનની સેવામાં ઉપયોગમાં લેવાયેલા હોય તે પદાર્થોથી ચલાવવો જોઈએ. તેમાં પણ પ્રયોજન તો ભગવત્સેવાનો નિર્વાહ અન્ય પર આશ્રિત ન હોય તે જ છે. ભગવાનને દાનરૂપે કોઈ વસ્તુની ભેટ કર્યા પછી તેને ફરીને પોતાના ઉપયોગમાં લેવાનું વર્જિત છે, પરંતુ નિવેદન કરાયેલ સમર્પણની પ્રક્રિયામાં કોઈ વસ્તુને ફરીને પોતાના ઉપયોગમાં લેવાનું વર્જિત નથી. ઊલટાનું આ રીત અનુસરવા

જેવી છે. નહિ તો ભગવાનને નિવેદન કરાયેલ અન્ન વગેરેને પણ પ્રસાદના રૂપમાં પાછું લેવાનું વર્જિત માનવું પડે. સિદ્ધાંતરહસ્યમાં (શ્લો. ૪ માં) અસમર્પિત વસ્તુના ત્યાગનું જ વિધાન કરેલું છે, તેથી આત્મનિવેદન કરેલ હોય તેને માટે એ સર્વથા ઉચિત વાત છે કે, પ્રભુને સમર્પણ કરાયેલ બધી વસ્તુઓનો ઉપયોગ એવી રીતે કરવો કે, નિશ્ચિત રૂપે પહેલાં તો એકવાર ભગવાનની સેવામાં તેનો વિનિયોગ કરી જ દે, અને પછી પોતાના ઉપભોગ માટે તેને ગ્રહણ કરે. આ નિયમનું પાલન કરવાથી આત્મશુદ્ધિ થાય છે.

પરંતુ અન્ન, વસ્ત્ર વગેરે વસ્તુઓ એક વાર ભગવાનની સેવામાં આવી ગયા પછી બીજીવાર તેને ફરીથી ભગવાનની સેવામાં કામમાં લેવાનો પ્રયત્ન કરવો ઈચ્છવા યોગ્ય છે કે નહિ ? જો તેમ ન કરાય તો આગળ જતાં સેવાનું સ્વરૂપ પણ નહિ નિભાવી શકાય અને જો તેમ કરાય તો તે સંસારની રીતે જ કરવું પડશે. અને તે ઉપાર્જન કરવાની રીતિમાં ફરીને સંસારમાં ફસાવું પડશે અને તો સેવામાં પણ વિઘ્નની સંભાવના રહેશે. એવા પ્રકારની ચિંતા ભગવદ્‌ભક્તના મનમાં ઊઠી શકે છે. એ તો સ્પષ્ટ જ છે કે, એવી ચિંતા સ્વાર્થપ્રેરિત નથી હોતી, પરંતુ ભગવત્સેવા માટે જ હોય છે. પરંતુ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે સ્વાર્થપૂર્તિને માટે ચિંતા કરવી નહિ અને ભગવત્સેવા માટે પણ ચિંતા કરવી નહિ.

જેણે આત્મનિવેદન કરેલ છે તેને માટે એ આવશ્યક છે કે, જીવનમાં સુખ–દુઃખ જે કાંઈ આવે તેને ભગવાનની ઈચ્છા માનીને સ્વાભાવિક રીતે સ્વીકારી લેવું. કયારેય ચિંતા કરવી નહિ. લૌકિક વ્યવહાર નિભાવવા માટે લૌકિક પ્રયાસોમાં વ્યસ્ત રહેવાથી એ સંભવ છે કે, મર્યાદામાર્ગીય વૈરાગ્ય સિદ્ધ ન પણ થાય. પરંતુ ભગવાને પુષ્ટિમાર્ગમાં અમારો સ્વીકાર કર્યો છે, તેથી પ્રવાહમાર્ગીય લૌકિક ગતિ પુષ્ટિજીવની નહિ થવા દે, એવી દઢ આસ્થા આપણે રાખવી જોઈએ.

ભગવત્સેવા નિભાવવા માટે વ્યાપાર, નોકરી વગેરે કરવા છતાં સંભવિત એવી બહિર્મુખતાથી બચવાનો ઉપાય એ છે કે, પોતે આત્મનિવેદન કર્યું છે તેનું સંસ્મરણ સતત રાખ્યા કરવું, 'હું કૃષ્ણનો છું–કૃષ્ણનો દાસ છું.'

કોઈ વિષમ પરિસ્થિતિમાં સેવા ન નિભાવાય ત્યારે પણ જેણે આત્મનિવેદન કર્યું હોય તેવા ભગવદીયોના સત્સંગ દ્વારા આત્મનિવેદન કર્યાનું સ્મરણ સતત રાખ્યા કરવું એ અત્યંત આવશ્યક છે, કારણકે એનું સંસ્મરણ મનના પડદા પરથી છૂટ્યું કે તરત આસુરાવેશ આવી જવાની સંભાવના પ્રબળ થઈ જાય છે.



આત્મનિવેદન કરનારા બધા પુષ્ટિજીવો પછી ભલેને તે ઉચ્ચ કક્ષાના હોય કે ઉતરતી કક્ષાના હોય–બધાનો સંબંધ દાસના રૂપમાં ભગવાનની સાથે જોડાઈ જ ગયો છે, તો પછી ચિંતા શેની ? ભગવાન આપણા સ્વામી છે, તે જે કાંઈ નિજ ઈચ્છાથી કરે, તે આપણને સ્વીકાર્ય હોવું જોઈએ, અને તેમ છતાં ભગવાન તો ભક્તવશ પણ છે, તેથી પોતાના ભક્તોની વિકાર વગરની બધી જ મનોકામના, કોઈ પણ પ્રાર્થનાની અપેક્ષા વિના ભગવાન એમની મેળે જ પૂર્ણ કરશે, એવી આસ્થા આપણે રાખવી જોઈએ અને ચિંતાથી મુક્ત થવું જોઈએ.

આત્મનિવેદન તો આપણે ભગવાનને કરીએ છીએ, પરંતુ સેવા તો પોતાનાં પત્ની–પુત્ર–પરિવારની પણ કરવી જ પડે છે, એવી ચિંતા પણ આત્મનિવેદન કરનારે કરવી ન જોઈએ; કારણ કે બ્રહ્મસંબંધની દીક્ષાના સમયે આપણે માત્ર પોતાનું જ નહિ પરંતુ સમસ્ત પરિવારનું સમર્પણ ભગવાનને કરી દઈએ છીએ. તેથી આપણી સાથે સંબંધિત બધું જ પ્રભુનું છે, અર્થાત્ બ્રહ્મની સાથે સંબંધિત થઈ જાય છે તેથી તેઓનું ભરણપોષણ કે સંરક્ષણ ભક્તિવિરોધી ભાવ કે વ્યવહાર ગણાતો નથી. તો પછી ચિંતા શા માટે કરવી જોઈએ ?

પરિવારના સદસ્ય જેવાં કે પતિ–પત્ની, માતા–પિતા કે સંતતિ વગેરે, જો ભગવત્સેવામાં સહાયક નહિ થતાં બીજાં કોઈ સાંસારિક કાર્યોમાં રચ્યાં પચ્યાં રહેતાં હોય તો તેની પણ ચિંતા કરવી નહિઃ કેમ કે આપણું કર્તવ્ય તેઓને પ્રભુને સમર્પિત કરવાનું છે. તેથી એ પ્રમાણે કરી દેવાથી, બધું જ ભગવાનની ઈચ્છા ઉપર આધારિત રહે છે, કે પ્રભુ તેમને કયારે પોતાની સેવામાં લે. સહજ સદ્‌ભાવથી અને પ્રેરણાથી તેમને ભગવત્સેવામાં પ્રવૃત્ત કરાવી શકાય તો તે સારી વાત છે, નહિ તો તેઓની ભગવત્સેવામાં રુચિ કે પ્રવૃત્તિ ન દેખાતી હોય તો વ્યર્થ ચિંતા, કલહ કે કલેશ કરવો તે ભક્તિવિરોધી ભાવ છે.

કોઈક વાર એમ પણ બને કે એવી વ્યક્તિઓ સાથે કામ આવી પડે કે જેમના વિષે બ્રહ્મસંબંધ લેવાના સમયે તેઓને ભગવાનને સમર્પિત કરવાનો મનોભાવ આપણામાં સર્વથા હોય નહિ, પરંતુ તેથી ચિંતા કરવાની કોઈ આવશ્યકતા નથી; કારણ કે એકવાર સર્વાત્મભાવથી પ્રભુ પ્રત્યે સમર્પિત થઈ ગયા પછી, ભલે તે સમર્પણ સમજપૂર્વક ન પણ થયું હોય, તો પણ ચિંતાનું કોઈ કારણ રહેતું નથી.

કોઈ કોઈ વાર આપણને વિશ્વાસ નથી બેસતો કે અમારા આત્મનિવેદનને પ્રભુએ સાંભળ્યું કે નહિ, અમે તો બધું જ સમર્પણ કરી દીધું, પરંતુ ભગવાને તેનો

સ્વીકાર કર્યો કે નહિ, એવી ચિંતા પણ નકામી છે; કારણ કે શ્રીકૃષ્ણ તો પુષ્ટિપુરુષોત્તમ છે, તેથી જેમ વ્રજભક્તોનો અન્યાશ્રય છોડાવીને આપમેળે જ પોતાના ભજનમાં તેઓને પ્રવૃત્ત કરે છે, તેમ જ જ્યારે અને જે ક્ષણે તે પોતાના ભજનમાં આપણને પ્રવૃત્ત કરવા ઈચ્છશે તે જ ક્ષણે એની મેળે જ આપણો તથા આપણી સાથે સંબંધિત બધી વસ્તુનો અથવા બધી વ્યક્તિઓનો સેવામાં વિનિયોગ અનાયાસે સંપન્ન થઈ જશે. જો ભગવાનની ઈચ્છા પુષ્ટિમાર્ગમાં આપણા અંગીકારની ન હોય તો આપણે આત્મનિવેદન પણ ન કરી શકીએ. પ્રભુ તો સર્વસમર્થ છે, તેથી અમારી બધી જ અયોગ્યતાને દૂર કરીને, કોઈ પણ સાધનની અપેક્ષા વગર આપણને યોગ્ય પણ બનાવી શકે છે. તેથી આપણે નિવેદન કે સમર્પણ કરવાને યોગ્ય છીએ કે નહિ, એવી ચિંતા પણ પુષ્ટિભક્તે કરવી જોઈએ નહિ.

જ્યારે લૌકિક પ્રવૃત્તિઓ વગેરેમાં કોઈ કઠિનાઈ આવી પડે, વૈદિક, વર્ણાશ્રમ ધર્મના પાલનમાં કોઈ કઠિનાઈ ઊભી થાય ત્યારે પણ ચિંતા કરવી જોઈએ નહિ. ઊલટાનું એમ સમજવું જોઈએ કે ભગવાન વધુને વધુ ભક્તિમાર્ગ ઉપર આગળ વધવાનો અવસર આપણી સામે ઊભો કરી રહ્યા છે.

આવો ! સર્વે પુષ્ટિજીવો આવો ! અને આવી વિષમ પરિસ્થિતિમાં પણ પોતાની પુષ્ટિભક્તિને નિભાવવાનો પ્રયત્ન કરો. લૌકિક કે વૈદિક વ્યવહારોમાં સ્વાસ્થ્યનું શું મૂલ્ય, જો પુષ્ટિભક્તિનું સ્વાસ્થ્ય ન હોય ? (જો પુષ્ટિમાર્ગની આત્મનિર્ભરતા ન હોય તો લૌકિક કે વૈદિક વ્યવહારોમાં તેની કશી જ કિંમત નથી.) જો ભગવાન લૌકિક દૃષ્ટિએ કે વૈદિક દૃષ્ટિથી કંઈક વિષમ પરિસ્થિતિ આપણી સામે ઊભી કરતા હોય તો નિશ્ચિંત થઈને તેને સહન કરી લેવી જોઈએ; કારણ કે, સંભવિત છે કે એવી રીતે ભગવાન આપણને પુષ્ટિમાર્ગ ઉપર આગળ વધારવા ઈચ્છે છે.

ભક્તિની પ્રારંભિક અવસ્થામાં ગુરુની આજ્ઞા અનુસાર જ ભગવત્સેવા કરવી જોઈએ, પરંતુ ભગવાનની ઈચ્છાને અધીન કે ભગવાનની આજ્ઞાને આધીન સેવાના પ્રકારમાં કંઈક ભિન્નતા પણ આવી જાય તો તેમાં પણ ચિંતા જેવું કાંઈ નથી. ગુરુની આજ્ઞા અનુસાર હોય કે ભગવાનની આજ્ઞા અનુસાર હોય, જેવી રીતે હોય તેમ, પણ કૃષ્ણસેવામાં તત્પરતા વધતી જાય તે જ જીવનપ્રણાલી સુખપ્રદ થાય છે.

નિશ્ચિંતતાના આ બધા સિદ્ધાંતો જાણવા છતાં પણ કોઈ વાર પરિવાર સંબંધી ઊભું થયેલ કષ્ટ વ્યક્તિને વિમાસણમાં મૂકી દે છે. જેમ કે, પુત્ર, પતિ કે



પત્નીનો વિયોગ થવાથી માનસિક સંતાપ થાય જ છે, પરંતુ જે કાંઈ બની રહ્યું છે તેને ભગવાનની લીલાના જ્ઞાનની સાથે સ્વાભાવિકપણે સ્વીકારી લેવાની મનોવૃત્તિ કેળવવી જોઈએ. ચિંતા, ઉદ્વેગ કે મનનો સંતાપ વગેરેથી જેમ બને તેમ વહેલામાં વહેલો છુટકારો પમાય એવી મનોવૃત્તિ રાખવી જોઈએ.

ભક્તિનાં નવ સોપાન બતાવાયાં છે : શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. તેમાં અપેક્ષિત રીતે શ્રવણ અને કીર્તન જેવાં પ્રાથમિક સોપાનો ઉપર ચડવું તે પણ એક કઠિન કાર્ય છે, તો પછી અંતિમ સોપાન આત્મનિવેદન અને તે પછી પ્રાપ્ત થનારી નિશ્ચિંતતાની માનસિક અવસ્થાનો લાભ તો ઘણો જ કઠિન લાગે છે, પરંતુ એવી કઠિનતાના કારણે ચિંતાની આવશ્યકતા નથી, પણ તેથી ઊલટું સર્વાત્મભાવથી પ્રભુની શરણાગતિવાળા મનોભાવને ટકાવી રાખવાની આવશ્યકતા છે. એવી નિરર્થક ચિંતાઓમાં જેટલા સમયનો અને એકાગ્રતાનો વ્યય થાય છે, તેટલો સમય અને તેટલી એકાગ્રતાથી નિરંતર 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' કહેતાં રહીએ તો વાત બની શકે એમ છે.

એવું આશ્વાસન—એવો ઉત્તમ ઉપદેશ માત્ર ગોવિંદ દૂબે માટે જ નથી, પરંતુ સર્વે પુષ્ટિજીવોને શ્રીમહાપ્રભુજી આપી રહ્યા છે.

ભગવાનના વિપ્રયોગનો સ્નેહપૂર્ણ અનુભવ કરવામાં પુષ્ટિજીવનું કૃશ થવું એ તો પરમપુષ્ટિ છે– "તિહારે સેવક ઐસે કૃશ કર્યો ? બરજે હતે પર મારગમેં આયે તાકો ફલ પાય રહે હૈં !" આ કૃશતા તો પુષ્ટિભક્તિના સ્થાયિભાવનો એક રોચક સંચારિભાવ છે અને તેથી જ તે રસમાં અભિવૃદ્ધિ કરનાર પણ છે, પરંતુ ચિંતા કે ઉદ્વેગ તો ભક્તિના સ્થાયિભાવથી વિપરીત એવા રસાભાસ ઉત્પન્ન કરે છે. રસાભાસ ઉત્પન્ન કરનારી ચિંતાના વિવિધ પ્રકારોમાં થોડાક પ્રકાર અહીં સૂચવવામાં આવેલ છે. શ્રીમહાપ્રભુજી પુષ્ટિભક્તના માનસને ચિંતા કે ઉદ્વેગથી દૂષિત થતું બચાવવા ઈચ્છે છે જેથી કૃષ્ણસેવા તનુ—વિત્તજાથી માનસી સેવાના રૂપમાં વિકસિત થઈ શકે—આત્મનિવેદનનો બીજભાવ ભગવત્પ્રેમમાં અંકુરિત થઈ જાય—ભગવાનની આસક્તિમાં ફાલે ફૂલે અને અંતે ભગવદ્વ્યસનમાં તે ફલિત થઈ જાય!

**ઈતિ શમ્**

## ૭. અંતઃકરણપ્રબોધઃ

અંતઃકરણપ્રબોધ ગ્રંથ શ્રીમહાપ્રભુજીની સંન્યાસગ્રહણ કરતાં પહેલાની અને ષોડશગ્રંથોમાં સંમિલિત ગ્રંથોમાંની છેલ્લી રચના છે.

શ્રી યદુનાથજીવિરચિત વલ્લભદિગ્વિજય અનુસાર સંન્યાસગ્રહણ કર્યા પછી શ્રીમહાપ્રભુજી ભૂતલ ઉપર ૩૯ દિવસ બિરાજ્યા હતા, અને આ સંન્યાસ આપશ્રીએ આ ગ્રંથમાં વર્ણવ્યા પ્રમાણે ત્રીજી ભગવદાજ્ઞાનું પાલન કરવાના હેતુથી લીધો હતો. તેથી આષાઢ સુદિ બીજથી ૩૯ દિવસો પહેલાં, એટલે વૈશાખ (વ્રજ પ્રમાણે જ્યેષ્ઠ) વદિ સાતમની આસપાસ વિ. સં. ૧૫૮૭માં આ ગ્રંથની રચના થઈ, એમ માની શકાય છે.

કેટલાક આધુનિક વિદ્વાનોનું માનવું છે કે, આ ગ્રંથમાં વર્ણવેલી ત્રણ ભગવદાજ્ઞાઓ એ શ્રીમહાપ્રભુજીને બે વાર થયેલી અસ્વસ્થતા અને છેલ્લે થકાવટ તેમ જ દેહત્યાગની આંતરિક પ્રેરણારૂપે હતી. જે વાત આ વિદ્વાનોને ગળે નથી ઉતરતી તે છે આ ત્રણ ભગવદાજ્ઞાઓનું ચમત્કારિક રૂપ! શ્રીમહાપ્રભુજી પ્રત્યે કોઈક અતાર્કિક લગાવના કારણે મિથ્યા ભાષણના આરોપનું સાહસ તેઓ કોઈના સમક્ષ છૂટથી કરી નહિ શકે. એમ હોવાથી તેઓ ભક્તિ અને ભ્રાંતિનો સહારો લઈને એ સાવ સ્પષ્ટ વિધાનોનો ઘણો જ અસ્પષ્ટ અને અટપટો અર્થ ઘટાવીને લોકો સમક્ષ કહેતા હોય છે. એવા વિદ્વાનોને ક્યારેક લાગે છે કે, કોઈ થકાવટની ક્ષણોમાં એ ત્રણ ભગવદાજ્ઞાની ભ્રાંતિઓ થઈ આવી હશે—ક્યારેક એમને લાગે છે કે, કોઈ ત્રણ ઘાતક બીમારીઓથી થઈ આવેલી નિરાશાને કારણે શ્રીમહાપ્રભુજી તે બીમારીઓને પરલોકમાં સિધાવવાની ભગવદાજ્ઞા જ માની બેઠા છે—ક્યારે તેમને લાગે છે કે, સંભવતઃ કોઈ અંતરની વાણીના રૂપમાં શ્રીમહાપ્રભુજીએ આ લોકને ત્યાગવાનો આદેશ સાંભળ્યો હોય અને તેને જ શ્રદ્ધાવશ ભગવદાજ્ઞા માની લીધી હોય!

પૂર્ણ શ્રદ્ધા નહિ કે પૂરી અશ્રદ્ધાય નહિ, અર્થાત્ મધ્યમ માર્ગને અપનાવવાની મનોવૃત્તિના કારણે પોતાની નિરાધાર કલ્પનાઓને બૌદ્ધિકતાના રૂપમાં તે વિદ્વાનો માન્ય કરવા ઈચ્છે છે. જગતના કારણ, સ્થિતિ કે પ્રયોજનને



ઈશ્વરીય ચમત્કાર માનીને પણ જે ચમત્કૃત નથી થતા, તેઓ ઈશ્વરની આજ્ઞાના શ્રવણને 'ચમત્કારપૂર્ણ' ઘટના કહીને અસ્વીકાર કરવા ઈચ્છે છે. આનાથી વિશેષ ચમત્કારપૂર્ણ તાર્કિકતા બીજી કઈ હોઈ શકે!

આ કપોલકલ્પિત અર્થોને વહેતા મૂકવાનો એક માત્ર હેતુ પોતાની જ તૂટતી જતી શ્રદ્ધાને જેમતેમ કરીને ટકાવી રાખવાનો હોય છે. પરંતુ પોતાના આ મોહમાં તે વિદ્વાનો બહુધા આ વાત ભૂલી જાય છે કે, એવી અટપટી કલ્પનાથી શ્રીમહાપ્રભુજીના કોઈ બુદ્ધિવૈભવની કે કોઈ ચારિત્ર્યની મહત્તા અવશ્ય સિદ્ધ થતી નથી જ. જે વ્યક્તિનું મનોબળ બે વાર કેવળ બીમાર પડી જવાથી તૂટી જતું હોય તેમને 'યુગપ્રવર્તક વ્યક્તિ' કેવી રીતે માની શકાય? બે વારની બીમારીથી ફરી સાજા થવાની નિરાશાને દેહત્યાગની ભગવદાજ્ઞા માની લેનારા ભ્રાંત આત્મઘાતીને કયા અર્થમાં બુદ્ધિમાન માની શકાય?

ભારતવર્ષની તે સમયની અત્યંત વિષમ પરિસ્થિતિમાં કેવા અદમ્ય ઉત્સાહ, નિષ્ઠા અને સંકલ્પની સાથે શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવ ધર્મ અને સંસ્કૃતિની મશાલને પોતાના સુદઢ હાથોમાં ધારણ કરેલ હતી! એ મશાલથી દેશના ખૂણેખૂણાને પ્રકાશિત કરવા માટે હિંમતથી ભરેલ વ્યક્તિને એટલી નબળી ઈચ્છાશક્તિવાળા માનવામાં કયા પ્રકારનું ગૌરવ સિદ્ધ થાય છે? વર્ણ—આશ્રમ, જાતિ—લિંગ, નીચલો વર્ગ—ઉચ્ચ વર્ગ, દેશી—વિદેશી એવા કશાય ભેદ વગર શ્રીમહાપ્રભુજીએ બધીય વ્યક્તિઓનાં હૃદયને પુષ્ટિભક્તિના ઉપદેશથી ભાવપૂરિત કરી દીધાં હતાં. એવા વ્યક્તિત્વના ધણી શ્રીમહાપ્રભુજી વિકટ જંગલોમાં ઠંડી, ગરમી કે વરસાદ વગેરેની પરવા કર્યા વગર નિરંતર પરિભ્રમણ કરતા રહ્યા—વિદેશી આક્રમણકારોથી ભયભીત એવાં શહેરો કે ગામડાંમાં રહેનારા માનવસમાજમાં નિરંતર શ્રદ્ધાનો સંચાર કરતા રહ્યા. એવા તેઓશ્રી પોતે બે વારની બીમારીથી ગભરાઈ જઈને આત્મઘાત કરે, એવી કલ્પના શી રીતે બુદ્ધિસંગત માની શકાય? જ્યારે તેઓશ્રી જનતાને 'ત્રિદુઃખસહનં ધૈર્યમામૃતેઃ સર્વતઃ સદા, સર્વદા, સર્વત્ર, જીવનપર્યંત ત્રણેય પ્રકારનાં દુઃખોને સહન કરવા તેનું નામ ધૈર્ય છે(વિવેકધૈર્યાશ્રય—૬), એવો ઉપદેશ દેતા રહ્યા! તેથી—

આજ્ઞાપૂર્વં તુ યા જાતા ગંગાસાગરસંગમે ।
યાઽપિ પશ્ચાન્મધુવને ન કૃતં તદ્દ્વયં મયા ॥
દેહદેશપરિત્યાગસ્તૃતીયો લોકગોચરઃ ।
પશ્ચાત્તાપઃ કથં તત્ર સેવકોઽહં ન ચાન્યથા ॥

પરંતુ પહેલી આજ્ઞા જે ગંગા અને સાગરના સંગમસ્થાને થઈ તે અને પછી મધુવનમાં થઈ તે બે આજ્ઞાઓ મેં માની નથી. ત્રીજી લોકગોચર દેહદેશની ત્યાગની આજ્ઞા છે. તેમાં પશ્ચાત્તાપ શા માટે ? હું સેવક છું અને તેનાથી વિપરીત કંઈ જ નથી (અંતઃકરણપ્રબોધ, ૫,૬,૭).

આ શબ્દોમાં સસ્તી અંતર્વાણી કે સંઘર્ષજન્ય થાક કે શારીરિક અસ્વાસ્થ્યજન્ય નિરાશા અને ભગવદાજ્ઞાની ભ્રાંતિને ખોળવી તે શ્રીમહાપ્રભુજીનો અનાદર છે – અને તેઓશ્રીની અનુભૂતિની આધ્યાત્મિક–આધિદૈવિક ગહનતાનો સંપૂર્ણ અપરિચય હોવાનું દર્શાવે છે.

શ્રીમહાપ્રભુજીના પૌત્ર શ્રીગોકુલનાથજી આ ગ્રંથનો પરિચય આ પ્રમાણે આપે છે.

દ્વાદશ સ્કંધાત્મક શ્રીભાગવતજી પૂર્ણપુરુષ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાનનું જ નામાત્મક સ્વરૂપમાં પ્રકટ બીજું રૂપ છે. ભાગવતજીની વાણીના અર્થને પ્રકટ કરવા માટે જ વાણીના પતિ તથા ભગવન્મુખરૂપ અગ્નિનું શ્રીમહાપ્રભુજીના રૂપમાં પ્રાકટ્ય થયું. આ રહસ્ય શ્રીભાગવતની સુબોધિનીજીની વ્યાખ્યાના પ્રારંભમાં સ્વયં શ્રીમહાપ્રભુજીએ જ પ્રકટ કરેલ છે. ભાગવતજી ઉપર સુબોધિનીની વ્યાખ્યા શ્રીમહાપ્રભુજીના અવતારનું પ્રમુખતમ પ્રયોજન છે. દશમ સ્કંધ ભાગવતજીનું હૃદય છે. પ્રથમ સ્કંધથી પ્રારંભ કરીને ક્રમશઃ દશમ સ્કંધ પર્યંત પહોંચવામાં સારા એવા સમયનો વિલંબ થવાની શક્યતા હતી. પરિણામે તૃતીય સ્કંધ સુધી પહોંચ્યા પછી વિના વિલંબે દશમ સ્કંધની વ્યાખ્યા પૂરી કરવાની કોઈ સ્થળે એક વિશેષ ભગવદાજ્ઞા શ્રીમહાપ્રભુજીને થઈ તેનું પાલન તો સર્વથા થયું જ, જેથી અહીં તે આજ્ઞાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. પરંતુ તે આજ્ઞાનો અતિ ગૂઢ આશય તથા પોતાના અવતારના પ્રયોજનની પૂર્તિનો સંતોષ ભર્યો ઉદ્ગાર સ્વયં શ્રીમહાપ્રભુજીના મુખથી દશમ સ્કંધનાં સુબોધિનીજીની સમાપ્તિમાં પ્રકટ થઈ ગયો છે–"પ્રકરણમિહ પૂર્યતેઽનવદ્યં ત્રયમપિ વિશ્વજયાય માદશાનાં, નિજપદસમવાપ્તયે ચ નિત્યં નિજગુરુણા હરિણૈવ લોકવંદ્યમ્": અમારા જેવાને વિશ્વવિજય અર્થે લોકોથી વંદ્ય પોતાનું નિત્ય સ્થાન પૂર્ણતઃ પ્રાપ્ત કરવા માટે પોતાના ગુરુ શ્રીહરિએ અહીં પવિત્ર ત્રણેય (તામસ, રાજસ, સાત્ત્વિક) પ્રકરણ પૂરાં કર્યાં છે–(કારિકા, ૪૬૭).

દશમ સ્કંધની વ્યાખ્યા પૂરી કર્યા પછી શ્રીમહાપ્રભુજી પહેલાં નિર્ધાર કરેલી યોજના અનુસાર અવશિષ્ટ સ્કંધોની વ્યાખ્યા લખવામાં પ્રવૃત્ત થયા.



ભાગવતજીના સાતેય અર્થમાં એકવાકયતા સ્થાપિત કરી બતાવવાની પોતાની પ્રતિજ્ઞા અનુસાર ભાગવતાર્થ–નિબંધમાં શાસ્ત્રાર્થ, સ્કંધાર્થ, પ્રકરણાર્થ તથા અધ્યાયાર્થની વ્યાખ્યા લખાઈ ગઈ હતી. તેવી જ રીતે વાકયાર્થ, પદાર્થ અને અક્ષરાર્થની વ્યાખ્યા પણ પ્રથમ સૂક્ષ્મ ટીકામાં લખાઈ ગઈ હતી. ઉપરાંત ગૂઢતમ રહસ્યોને પ્રકટ કરવા માટે દ્વિતીય ટીકા સુબોધિનીજીની રચના કરવાનો નિર્ધાર થયો. આ એક ઘણા લાંબા સમયે પૂરી થનારી લેખન શૈલીમાં લખાઈ રહેલો ગ્રંથ હતો. ભૂતલ ઉપર એટલા લાંબા સમય સુધી શ્રીમહાપ્રભુજીનું બિરાજવું ભગવાનને સ્વીકાર્ય નહોતું. આથી જ દશમ સ્કંધ ઉપરનાં સુબોધિનીજી સત્વરે લખવાની આજ્ઞા થઈ અને તે પરિપૂર્ણ પણ થઈ. હવે ફરીને એવી જ શૈલીમાં અવશિષ્ટ સ્કંધોની વ્યાખ્યા ભગવાનને ઈષ્ટ નહોતી. શ્રી પુરુષોત્તમજી આથી જ પાંચમા અને છઠ્ઠા શ્લોકની વ્યાખ્યામાં કહે છે કે, "ન ચ પૂર્વાજ્ઞપ્તાસંપૂર્તિદોષઃ યાવદુક્તમેતાવત્કૃત્યૈવ સાજ્ઞા કૃતાસ્તુ, અધિકં ન કાર્યમ્... ઈદં ચ સૂક્ષ્મટીકાતિરોધાન–સ્કંધક્રમવ્યાખ્યાત્યાજન દશમસ્કંધવ્યાખ્યાનાનંતરમ–સામયિકમાધવભટ્ટકાશ્મીરિશરીરશરાહતિપ્રભૃતિભિઃ કાર્યૈરનુમીયતે". પહેલાં થયેલી આજ્ઞા અનુસાર અપૂર્ણતાનો દોષ નથી; કારણ કે જ્યાં સુધી કહેવાયું છે ત્યાં સુધી તો એટલી કૃતિથી જ તે આજ્ઞા તો મનાયેલી છે, પરંતુ વધુ નહિ કરવું....સૂક્ષ્મ ટીકાનું તિરોધાન, સ્કંધક્રમ વ્યાખ્યાનો ત્યાગ અને દશમ સ્કંધની વ્યાખ્યા પછી અયોગ્ય સમયે માધવ ભટ્ટ કાશ્મીરીનું શરીર બાણથી ઘવાવું વગેરે કાર્યોથી એનું અનુમાન થાય છે.

ગંગાસાગર અને મધુવનમાં જ્યારે સુબોધિનીજી લખવાનું કાર્ય બંધ કરવાની આજ્ઞા થઈ તો રાસપંચાધ્યાયવાળી ગોપાંગનાઓની જેમ શ્રીમહાપ્રભુજીએ પણ તે આજ્ઞાઓનું ઉલ્લંઘન કરવા ઈચ્છયું. વેણુનાદ સાંભળીને જે ગોપાંગનાઓ ભગવાનની પાસે પહોંચી ગઈ તેઓને ઘેર પાછા જવાની ભગવાને આજ્ઞા કરી હતી, પરંતુ તેઓ ઘેર પાછી ગઈ નહિ. શ્રીમહાપ્રભુજીએ પણ એ જ રીતે લેખન કાર્ય બંધ ન કર્યું. ભગવદાજ્ઞાના ઉલ્લંઘનના આ બંને પ્રકારોમાં તેમ છતાં એક વિશેષ અંતર એ હતું કે, ગોપાંગનાઓએ ભગવત્સ્વરૂપના સુખને માટે ભગવદ્વાણીનું ઉલ્લંઘન કર્યું હતું, જ્યારે શ્રીમહાપ્રભુજીને ભગવદ્વાણીનું ઉલ્લંઘન નામસેવા અર્થે ભગવાનથી વિપ્રયોગ સહન કરતાં કરતાં કરવું પડયું હતું. પરિણામે સૂક્ષ્મ ટીકાનું તિરોધાન થઈ ગયું. ચોથા સ્કંધથી નવમા સ્કંધ સુધીની વ્યાખ્યા છોડી દઈને દશમ સ્કંધની વ્યાખ્યા લખવાનો ભગવાનનો પણ આદેશ થયો જ હતો અને તેમ છતાં અવશિષ્ટ સ્કંધોની વ્યાખ્યા લખવા માટે પ્રવૃત્ત થયા

ત્યારે લખવાનું કામ કરનાર શ્રી માધવ ભટ્ટ કાશ્મીરી કોઈ પારધીના તીરથી ઘવાયા. એ રીતે બધી પ્રતિકૂળતાઓ કેવળ પ્રતિકૂળ ભગવાનની ઈચ્છાનું અનુમાન કરાવનારી હતી. ત્યારે જ લોકગોચર દેહ અને દેશના પરિત્યાગની ત્રીજી ભગવદાજ્ઞા થઈ. આ ત્રીજી ભગવદાજ્ઞામાં ભગવાનના આગ્રહની સ્પષ્ટતા થઈ અને તેથી જ શ્રીમહાપ્રભુજી પોતાના આગ્રહી મનને ભગવાનના આગ્રહને આધીન થવા મનાવી રહ્યા છે :

'હે મારા અંતઃકરણ ! મારી વાત સાવધાનીપૂર્વક સાંભળ કે કૃષ્ણથી ઉત્કૃષ્ટ તેમ જ નિર્દોષ કોઈ તત્ત્વ નથી અને હોઈ શકતું પણ નથી. ભાગવતજીનાં સુબોધિની વ્યાખ્યા પૂર્ણ કરવા માટે જે બે ભગવદાજ્ઞાનું ઉલ્લંઘન કર્યું હતું તે પોતાના આગ્રહી અંતઃકરણને કારણે જ તેમ થયું. અંતઃકરણને ભગવાનના આગ્રહને આધીન થવાનું સમજાવી શકાય તો બીજી બધી દેહ, ઈંદ્રિયો વગેરેની વૃત્તિ અને પ્રવૃત્તિઓ ઉપર અંકુશ મેળવી શકાય છે'.

આમ તો ભાગવતજીની વ્યાખ્યાનું પ્રયોજન અંતે તો શ્રીકૃષ્ણના સ્વરૂપમાં આસક્તિ મેળવવી તે જ છે, પરંતુ આ સમસ્યા શ્રીમહાપ્રભુજીની નહિ, કિંતુ અન્ય પુષ્ટિજીવોની હતી. ભાગવતજીના વાસ્તવિક અર્થને પ્રગટ કરવાથી પુષ્ટિજીવોનું કલ્યાણ થશે. તેઓ શ્રીકૃષ્ણની પુષ્ટિલીલાના વાસ્તવિક રહસ્યને સમજીને શ્રીકૃષ્ણમાં આસક્ત થઈ જશે. જ્યાં સુધી શ્રીમહાપ્રભુજીનો પ્રશ્ન છે ત્યાં સુધી તેઓશ્રીને તો આ પ્રક્રિયામાં ભાગવતજીની લૌકિકી ભાષા અને પરમત ભાષાનું પણ ચિંતન—મનન—વ્યાખ્યાન કરવું જ પડતું હતું. કેવળ ભગવાનની લીલાના મનન કે પ્રવચન સુધી સીમિત રહી ન શકાય. એમ હોવાથી અનેક પુષ્ટિજીવોના ઉદ્ધાર માટે બીજાઓનું કલ્યાણ કરવાની મનોવૃત્તિથી શ્રીમહાપ્રભુજી સ્વયં ભગવાનનો વિપ્રયોગ સહન કરવા તત્પર થયા હતા.

જેટલું વ્યાખ્યાન પૂર્ણ કરી દેવાયું હતું તે પુષ્ટિજીવોને પુષ્ટિપથ પર પ્રવૃત્ત કરવા માટે પૂરતું છે. તેનાથી વધારે પરોપકારની આવશ્યકતા નથી. સર્વનિર્ણય—નિબંધમાં શ્રી મહાપ્રભુજીએ સ્વયં એવો નિર્ણય કરી દીધેલો છે કે ભગવાનની સેવાના અવસરમાં ભાગ પડાવનારા ધર્મોનો ત્યાગ કરી દેવો જોઈએ. પરોપકાર વગેરે ધર્મો પણ જો ભગવાનની સેવામાં બાધક હોય તો છોડી દેવા ઉચિત છે.

''એતદ્વિરોધિ યત્કિંચિત્ તત્તુ શીઘ્રં પરિત્યજેદ્।
ધર્માદીનાં તથા ચાસ્ય તારતમ્યં વિચારયન્ ॥૨૩૯॥



એતદ્વિરોધીતિ સામાન્યવચનં ધર્માદીનામુપલક્ષણમ્...
પરોપકારાદિ સર્વધર્માણામપિ ક્ષયિષ્ણ્વેવ ફલમ્ ।
અતઃ ઉભયોરંતરં જ્ઞાત્વા પરોપકારાદિધર્માઃ
ન કર્તવ્યાઃ યદિ પૂજાવિરોધિનો ભવન્તિ ॥''

ધર્મ વગેરેનું તથા આનું તાત્પર્ય વિચારીને આથી વિરુદ્ધ જે કાંઈ હોય તેને તો તુર્ત જ સંપૂર્ણ રીતે ત્યજી દેવું જોઈએ. આથી વિરુદ્ધ એટલે આ સામાન્ય વચન ધર્મ વગેરેનું સૂચન કરનાર છે. પરોપકાર અને તેના જેવા સર્વે ધર્મોનું ફળ નાશવંત જ છે, તેથી બંનેનો ભેદ સમજીને પરોપકાર વગેરે ધર્મો જો પૂજાવિરોધી હોય તો આચરવા જોઈએ નહિ. કોઈ ધર્મ કે કર્તવ્ય ભગવાનની સેવામાં સહાયક હોય તો તે કરવા યોગ્ય છે. તે સિવાય ભગવાનની સેવામાં બાધક પરોપકાર વગેરે ધર્મ પણ ત્યજવા યોગ્ય છે, એમ સમજવું જોઈએ. પરિણામે આત્મસમર્પણ કર્યા પછી ભગવાનની સેવાથી અધિક બીજું કોઈ પણ કર્તવ્ય પુષ્ટિજીવ માટે હોઈ શકતું જ નથી.

તેથી જ શ્રીમહાપ્રભુજી કહે છે કે, સમર્પણ કર્યા પહેલાં બધાય પુષ્ટિજીવોની સ્થિતિ અસ્પૃશ્ય કુળમાં જન્મેલી કોઈ સુંદર સ્ત્રીના જેવી હોય છે. પરંતુ આત્મસમર્પણ કર્યા પછી એ જ પુષ્ટિજીવોની સ્થિતિ, ઉપર કહેલી સુંદરી જો કોઈ રાજાના મનને ગમી જાય અને તે એને પોતાની રાણી બનાવી લે, એવી સન્માનભરેલી થઈ જાય છે. આ અસાધારણ આદરની પ્રાપ્તિ થતાં કયારેક અભિમાન પણ આવી જવાનું શક્ય છે અને તે અભિમાનના કારણે કયારેક અપમાનિત થવાનો અવસર પણ આવી શકે છે; પરંતુ પોતાની પહેલાંની જે અવસ્થા હતી તેની અધમતાનો વિચાર કરતાં, મળેલી આદરપૂર્ણ અવસ્થામાં થોડુંઘણું અપમાન થાય તો એ પશ્ચાત્તાપનો વિષય નહિ લાગે, એટલા માટે કે રાજા દ્વારા અપમાનિત થયેલી, છતાં રાણી તો જગતમાં આદરણીય જ મનાય છે.

એવી રીતે કોઈ પ્રૌઢીભાવવશ ભગવદાજ્ઞાનું ઉલ્લંઘન કરવાના કારણે અપમાનિત પણ થવું પડે તો પોતાની પહેલાંની અસમર્પિત અવસ્થાનો વિચાર કરવો જોઈએ. જે પુષ્ટિજીવે બધું જ સમર્પણ કરી દીધું હોય, તેને પછી માન કે અપમાનની શી પરવા ? તેનું કર્તવ્ય તો માત્ર ભગવદાજ્ઞાનું પાલન કરવામાં જ રહેલું છે.

પુષ્ટિસૃષ્ટિ પ્રભુએ પોતાની સ્વરૂપ સેવાને માટે પ્રકટ કરેલી છે. ભગવાન તો સત્યસંકલ્પ છે, તેથી ભગવદાજ્ઞાને શિરોધાર્ય કરવી તે જ પુષ્ટિજીવનું પ્રથમ કર્તવ્ય છે, નહિ તો સ્વામિદ્રોહનો પ્રસંગ ઉપસ્થિત થઈ જશે. પછી વિલંબથી કે

વિના વિલંબે, ગમે તેમ, જે ફળ અમારા સ્વામી દેવા ઇચ્છે છે તે તો પોતાની મેળે જ દેશે. તેથી ફળ મળવામાં વિલંબની ચિંતા કર્યા વિના આપણું કર્તવ્ય છે કે, આપણા સ્વામીની આજ્ઞાનું પાલન કરવું.

પહેલા ગંગા–સાગરના સંગમ ઉપર અને પછી મધુવનમાં જે બે ભગવદાજ્ઞા પ્રાપ્ત થઈ હતી, તેનું પાલન થઈ શક્યું નહિ. હવે ત્રીજી ભગવદાજ્ઞા લોકગોચર દેહ–દેશ–પરિત્યાગની થઈ છે (અર્થાત્ આસુર વ્યામોહ–લીલાની થઈ છે)*, આ આજ્ઞાનું તો પાલન કરવું જ પડશે. તેમ છતાં તેમાં પશ્ચાત્તાપનું કોઈ કારણ નથી. જ્યારે અમે સેવક છીએ–જ્યારે અમારું બધું જ અમારા સ્વામીને સમર્પિત કર્યું છે–તો પછી લોકગોચર દેહ–દેશના પરિત્યાગની આજ્ઞામાં પશ્ચાત્તાપ કેવો ! *પ્રાચીન બધા વ્યાખ્યાકાર ક્રમશઃ દેહત્યાગની પ્રથમ આજ્ઞા, દેશત્યાગની બીજી અને લોકત્યાગની ત્રીજી આજ્ઞા, એવો અર્થ સ્વીકારે છે.

અમારા સ્વામી કૃષ્ણ રોષે ભરાઈને કોઈ લૌકિક સ્વામીની જેમ નિર્દય થઈ જશે, એવો તો સંભવ નથી. તેમની તો પ્રત્યેક આજ્ઞામાં અમારું પરમ કલ્યાણ તેમ જ અંતિમ સુખ રહેલું છે. આથી બધુંય જ્યારે પોતાના સ્વામી શ્રીકૃષ્ણને ભક્તિપૂર્વક સમર્પિત કરી જ દીધું છે ત્યારે બીજુ શું કરવાનું શેષ રહી જાય છે? તેથી આજ્ઞાના પાલનમાં જ પોતાની કૃતાર્થતાનો અનુભવ કરવો જોઈએ અને સુખી રહેવું જોઈએ.

કોઈ કોઈ વાર પરણાવેલી પુત્રીને ઉંમરલાયક થઈ જવા છતાં તેને તેના પતિની પાસે સાસરે મોકલવા પિતાનું મન માનતું નથી. એવા વાત્સલ્ય કે મોહને વશ થઈને તે પોતાની પુત્રીનું હિત કરે છે કે અહિત ? પુત્રીને તેના પોતાના પતિની પાસે ન મોકલીને કન્યાદાનનો શો અર્થ રહે છે?– એવી પિતાને ઘેર રહેનારી પત્નીથી કોઈ પતિ શી રીતે સુખી થઈ શકે?

પોતાના દેહની સાથે પણ એવો જ મોહજન્ય વ્યવહાર દેહના સ્વામી શ્રીકૃષ્ણને કેવી રીતે પ્રિય લાગશે ? કેવી રીતે સંતુષ્ટ કરી શકશે ? આથી એવો વિચાર કરવો જોઈએ કે, આત્મસમર્પણરહિત અન્ય લૌકિક જનોની જેમ અમારી પણ સ્થિતિ હોત તો શું થાત ?

શરીરનો હઠપૂર્વક ત્યાગ કરવો એ અશક્ય કાર્ય લાગે છે, પરંતુ બધાં જ દુઃખોને હરી લેનાર શ્રીહરિના સ્વરૂપનો વિચાર કરવો જોઈએ કે સાક્ષાત્ નિત્ય લીલામાં નિત્ય સંયોગ–સુખનું દાન જો પ્રભુ કરવા ઇચ્છે છે તો પછી દુઃખ શાનું ? તેથી કોઈ પણ પ્રકારના મોહની આવશ્યકતા નથી કે પ્રભુ લૌકિક સ્વામીની જેમ



રોષે ભરાશે તો શું કરવું અથવા ફલદાનમાં પ્રભુ વિલંબ કરશે તો શું થશે ? અથવા દેહ–દેશનો લોકગોચર ત્યાગ કરવાથી પુષ્ટિજીવનો ઉદ્ધાર કેવી રીતે થશે ? અથવા શ્રીમદ્ ભાગવતની વ્યાખ્યા સુબોધિનીજી સંપૂર્ણ ન થઈ શકી વગેરે વગેરે.

પોતાના આ અંતઃકરણને જાગૃત કરવા માટે ગ્રંથના રૂપમાં રચના કરી શ્રીમહાપ્રભુજીએ એમ જ સ્પષ્ટ કરી દીધું છે કે, પોતાના અંતઃકરણના ઉપદેશને બહાને શ્રીમહાપ્રભુજી સઘળા પુષ્ટિજીવોના અંતઃકરણને સંબોધિત તથા પ્રબોધિત કરવા ઇચ્છે છે, જેઓમાં ભગવાનની સેવા સિવાય કોઈ આધ્યાત્મિક કે આધિદૈવિક ફળ, પ્રયોજન કે કર્તવ્ય પ્રત્યે અધિક આકર્ષણ ઉત્પન્ન થઈ શકે છે. તેથી જ "તવ કથામૃતં તપ્તજીવનમ્" પરનાં સુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજીએ વિવેચન કર્યું છે કે, અમૃતની આવશ્યકતા મૃત્યુ આવી પહોંચે ત્યારે છે. બીજી રીતે સ્વતઃ અમૃતપાનની તીવ્ર ઇચ્છા કોઈને પણ નથી હોતી. એવી જ રીતે ભગવાનના સ્વરૂપમાં અને ભગવાનની કથામાં પણ ઘનીભૂત રસ અને તરલીભૂત રસના જેવું અંતર હોય છે. નહિ તો રાસમાં ભગવાન તિરોહિત થઈ જતાં તેમને ખોળવા કરતાં ગોપીજનોએ પણ ભાગવતકથાનું આયોજન કર્યું હોત ! "રસપિંડયોરિવ તવ કથાયાશ્ચ વિશેષઃ અન્યથા કથાર્થમેવ યત્નઃ કૃતઃ સ્યાત્" (રસપિંડની માફક તમારી કથા કરતાં પણ કાંઈક વિશેષ છે, નહીં તો કથાને માટે જ પ્રયત્ન કર્યો હોત!). આથી જ "સેવાયાં વા કથાયાં વા"માં "સેવા અને કથા" મુખ્ય કલ્પ છે જ્યારે 'સેવા અથવા કથા' ગૌણ કલ્પ છે.

તેથી બધાય પુષ્ટિજીવોએ ચિંતારહિત થઈને એ નિશ્ચિત કરી લેવું જોઈએ કે "ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્". ભગવાનના સ્વરૂપની સેવા માટે પુષ્ટિસૃષ્ટિ છે. તે સિવાય તેની ઉત્પત્તિ થઈ ન હોત (પુષ્ટિપ્રવાહમર્યાદા –૧૨). એટલે કે, ભાગવતકથા પણ વાસ્તવિક રીતે ભગવત્સેવાનું અંગ હોય તો તે ઉત્તમ કલ્પ છે, નહિ તો તે ગૌણ કલ્પ કે અનુકલ્પ જ છે. એ રીતે શ્રીમહાપ્રભુજી સેવાના અંગભૂત અંતઃકરણની શુદ્ધિનો પ્રકાર, ભગવાનની સેવામાં અનન્ય રુચિ થવાની પ્રેરણા દ્વારા આ ગ્રંથમાં અંતઃકરણને આપી રહ્યા છે.

**ઇતિ શમ્**

# ૮. વિવેકધૈર્યાશ્રયઃ

ક્યારે, ક્યાં અને કેવા પ્રસંગમાં "વિવેકધૈર્યાશ્રય"ની રચના થઈ તેનો કંઈ ઉલ્લેખ નથી મળતો.

આમ તો વિવેક, ધૈર્ય તથા આશ્રયનો સંબંધ પ્રપત્તિમાર્ગની સાથે અધિક ગાઢ રહેલો છે, પરંતુ ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત થવાવાળા પુષ્ટિજીવોને માટે વિવેક, ધૈર્ય તથા આશ્રય ભગવત્સેવામાં પણ ઉપયોગી થાય જ છે. સાચી વસ્તુસ્થિતિ તો એ છે કે વિવેક, ધૈર્ય તથા આશ્રય—એ ત્રણેયની અપેક્ષા કર્મ, જ્ઞાન તથા ભક્તિરૂપ ત્રણેય માર્ગમાં રહે છે. 'વિવેક', 'ધૈર્ય' યા તો 'આશ્રય' શબ્દોને તેમના સામાન્ય અર્થોમાં કહેવાની શ્રીમહાપ્રભુજીની ઇચ્છા નથી, પરંતુ એક ચોક્કસ પારિભાષિક અર્થમાં જ કહેવા માગે છે. જેમ કે :—

(૧) વિવેક = "હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ". શ્રી હરિ બધું પોતાની ઇચ્છાથી કરશે.

(૨) ધૈર્ય = "ત્રિદુઃખસહનમામૃતેઃ સર્વતઃ સદા". મરણ પર્યન્ત ત્રણેય પ્રકારનાં દુઃખોને સર્વત્ર સદાય સહન કરવાં તે.

(૩) આશ્રય = "ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ". આ લોકમાં તેમ જ પરલોકમાં બધી રીતે શ્રીહરિ જ આશ્રયસ્થાન છે.

આ જ પારિભાષિક અર્થોમાં વિવેક, ધૈર્ય તથા આશ્રય પુષ્ટિમાર્ગીય શ્રીકૃષ્ણસેવામાં ઉપયોગી થાય છે.

શ્રીકૃષ્ણની સેવામાં પ્રવૃત્ત થયેલ પુષ્ટિભક્ત કઈ કઈ પરિસ્થિતિઓમાં શ્રીકૃષ્ણની સેવા કરનાર માટે આવશ્યક વિવેક, ધૈર્ય યા તો આશ્રયને ગુમાવી શકે છે તથા કયા ઉપાયોથી તેમની રક્ષા સંભવ છે વગેરે વિષયોનું નિરૂપણ આ ગ્રંથમાં થયું છે.

સિદ્ધાંતમુક્તાવલીમાં ઉપદેશ કરવામાં આવેલ સેવાનાં બાહ્ય અંગોનું નિરૂપણ આપણને "સિદ્ધાંતરહસ્ય"માં તથા આભ્યંતર અંગોનું નિરૂપણ



"નવરત્ન" ગ્રંથમાં મળે છે. આ જ બાહ્ય તથા આભ્યંતર સાધનોની સાંગોપાંગતા (એટલે કે મુખ્ય અંગ તથા ગૌણ અંગો સહિત સંપૂર્ણ છણાવટ) "વિવેક–ધૈર્ય–આશ્રય"ના સિદ્ધ થવાથી શક્ય બને છે. અંતઃકરણપ્રબોધ ગ્રંથ દ્વારા અંતરાત્માનું જે પ્રબોધન એટલે કે સાવધાનતાનો ઉપદેશ આપવામાં આવ્યો તે પ્રબોધનને માટે પણ વિવેક–ધૈર્ય–આશ્રયની સંપૂર્ણ અપેક્ષા રહે છે.

આ વિવેક, ધૈર્ય તથા આશ્રયનો પરસ્પર સંબંધ વિલક્ષણ છે. જેને ભગવત્કૃપાથી આશ્રયની સિદ્ધિ પ્રાપ્ત થઈ જાય છે તેને વિવેક તથા ધૈર્ય સ્વતઃ (આપમેળે) જ સિદ્ધ થઈ જતા હોય છે. એમ ન હોય તો વિવેક અને ધૈર્ય વિના આશ્રય દૃઢ થઈ શકતો નથી. આપણાં અવિવેક તથા અધૈર્ય આપણને ભગવદાશ્રયથી વિચલિત કરતા હોય છે. આ જ કારણથી આપણા જાગૃત (યાને સચેત) વિવેક તથા ધૈર્ય દ્વારા અદૃઢ આશ્રયની રક્ષા આવશ્યક બને છે. આ પ્રમાણે વિવેક–ધૈર્ય એક કક્ષા (એટલે સપાટી, ધોરણ)છે તથા આશ્રય બીજી કક્ષા છે.

આ આશ્રય પુષ્ટિભક્તિનું એક આવશ્યક અંગ હોવા છતાં પણ કેવળ પુષ્ટિભક્તિ જ નહીં પણ કર્મ, જ્ઞાન, ભક્તિ–એ બધા માર્ગોનો અનુકલ્પ છે (એટલે કે કર્મ, જ્ઞાન કે ભક્તિ નભે કે ન નભે, આશ્રય નભાવવો જ પડે છે). કર્મ–જ્ઞાન–ભક્તિના અનેક ઉપાયો દર્શાવ્યા ઉપરાંત ભગવાને ગીતાના અન્તમાં "સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ" એટલે કે "બધા ધર્મોનો સર્વતઃ ત્યાગ કરીને એકલા મારા શરણે આવ" ના મહાન ઉપદેશ દ્વારા એક વિશિષ્ટ પ્રકારના શરણમાર્ગના રૂપમાં આ જ આશ્રયને સ્પષ્ટ કરીને સમજાવ્યો છે.

શ્રીમદ્ ભાગવતના અગિયારમા સ્કંધમાં પણ આનું સ્પષ્ટીકરણ મળે છે—

તસ્માત્ત્વમુદ્ધવોત્સૃજ્ય, ચોદનાં પ્રતિચોદનામ્ ।<br>
પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ, શ્રોતવ્યં શ્રુતમેવ ચ ॥<br>
મામેકમેવ શરણમાત્માનં, સર્વદેહિનામ્ ।<br>
યાહિ સર્વાત્મભાવેન, મયા સ્યા હ્યકુતોભયમ્ ॥<br>
(ભા/૧૧/૧૨/૧૪–૧૫)

અર્થ : શ્રુતિસ્મૃતિમાં ઉત્સર્ગ–અપવાદના રૂપમાં કહેવામાં આવેલા વિધિ–નિષેધ તથા તેનાથી પ્રેરાયેલ વિવિધ કર્મોમાં પ્રવૃત્તિ તથા નિવૃત્તિ તથા વિવિધ જ્ઞાનમાર્ગીય શ્રોતવ્ય (સાંભળવા યોગ્ય) તથા શ્રુત (સાંભળેલ) વિષયોના શ્રવણ–મનન–નિદિધ્યાસન વગેરે કોઈ પણ પ્રણાલીની અપેક્ષા રાખ્યા વગર કેવલ એક માત્ર ભગવાનના શરણમાં સર્વાત્મભાવ સહિત જવું જોઈએ.

અહીં પણ એ જ આશ્રય યાને પૃથક્શરણમાર્ગનું વિવેચન અભીષ્ટ છે (એટલે કે કહેવાને ઇચ્છેલું છે).

એવમાશ્રયણં પ્રોક્તં, સર્વેષાં સર્વદા હિતમ્ ।
કલૌ ભકત્યાદિ માર્ગા હિ, દુઃસાધ્યા ઇતિ મે મતિઃ ॥૧૭॥

અર્થ : આ પ્રમાણે આશ્રય બધાંને માટે હંમેશાં હિતકારી સિદ્ધ થાય છે, કારણ કે કલિયુગમાં ભક્તિ આદિ માર્ગ દુઃસાધ્ય (મુશ્કેલીથી સિદ્ધ થાય એવા) થઈ ગયા છે, એમ શ્રીમહાપ્રભુજીનું માનવું છે.

કર્મ, જ્ઞાન યા તો ભક્તિના માર્ગ પર ચાલી શકવાવાળા જીવોને માટે વિવેક–ધૈર્ય–આશ્રય સારી રીતે ચાલવામાં બળરૂપ (મદદરૂપ) બની જાય છે. જેઓ આ માર્ગો પર ચાલી શકતા નથી તેમને માટે આશ્રય જ માર્ગ બની જાય છે, તથા ચાલી શકવા માટે બળ પણ આશ્રય જ આપે છે.

આશ્રયનું સુલભતમ (સહેલાઈથી પ્રાપ્ત કરી શકાય તેવું) સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ આ રીતે સમજાવેલું છે.

યથા કથંચિત્ કાર્યાણિ, કુર્યાદુચ્ચાવચાન્યપિ ।
કિં વા પ્રોક્તેન બહુના, શરણં ભાવયેદ્ હરિમ્ ॥૧૮॥

અર્થ : જેવા પણ અને જે પણ, નાનાં–મોટાં યા સારાં–નરસાં કાર્ય વ્યક્તિ કરતી હોય, પરંતુ કોઈ પણ સમયે શ્રીકૃષ્ણ જ મારા એકમાત્ર સહારો યાને શરણ છે, આ ભાવના આપણા મનમાંથી દૂર ન થવી જોઈએ. આથી વિશેષ કહેવાનો શો અર્થ?

મૂલતઃ શ્રીમદ્ ભગવદ્ગીતામાં જે પ્રમાણે "અહં ત્વા સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ". અર્થ : હું તને સર્વ પાપોથી છુટકારો અપાવીશ, તું શોક કરીશ મા યા તો શ્રીમદ્ ભાગવતમાં જેમ –"મયા સ્યા હ્યકુતોભયમ્". અર્થ : મારા વડે તું કોઈ પણ વાતથી ભયરહિત થઈશ–એ વાકયોમાં ભગવાને પોતાના શ્રીમુખથી શરણાગતોને અભયદાન આપ્યું છે. એ જ આ આશ્રય કે પ્રપત્તિ (શરણાગતિ)ની ક્રિયા તેમ જ ભાવને પૃથક્શરણમાર્ગની પદવી પ્રદાન કરે છે. આ જ કારણને લીધે શ્રીમહાપ્રભુજી અહીં ષોડશગ્રંથના અંતર્ગત એવા વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં ભગવત્સેવાના અંગરૂપે તથા અનુકલ્પરૂપે આશ્રયનું નિરૂપણ કરે છે. જે સ્વયં અનુકલ્પ બની શકતો હોય તે જો અંગ બની જાય તો ભગવત્સેવાના સ્વરૂપમાં એક ખાસ પ્રકારની આભા આવે એ સ્વાભાવિક જ છે.



આ જ કારણોને લીધે શ્રીમહાપ્રભુજી ઉપદેશ આપે છે કે વિવેકની તથા ધૈર્યની રક્ષા સતત કરવી જોઈએ. એ જ પ્રમાણે આશ્રયની પણ રક્ષા સતત કરવી જોઈએ.

## વિવેક

આમ તો વિવેકના અનેક અર્થ જુદાં જુદાં શાસ્ત્રોમાં મળી આવે છે, પણ અહીં તો વિવેકનો કહેવા ધારેલો અર્થ આટલો જ છે કે જે કંઈ જ્યાં જ્યારે અને જે રીતે બની રહ્યું છે તે બધું સર્વ દુઃખહારી ભગવાન શ્રીહરિની પોતાની ઇચ્છાથી જ બની રહ્યું છે. બ્રહ્માંડના બધા ક્રિયા–કલાપો (સમૂહો) ભગવાનની ક્રીડાનાં અંગ છે. ભગવાન જે કંઈ કરે છે તેમાં કોઈ અને કોઈ પ્રકારે આપણું હિત જ રહેલું હોય છે. આપણા હૃદયમાં તેમ જ બુદ્ધિમાં આ ભાવના તથા ધારણા હંમેશા સ્થિર થઈ રહેવી જોઈએ. આ જ 'વિવેક' કહેવાય છે.

"ભગવાન સર્વસમર્થ છે, સર્વના આત્મામાં રહેલો છે અને સર્વાત્મા છે" એવા ભાવ ભગવદ્ધર્મના વિચાર અનુસાર "વિવેક" કહેવાય છે. હું ભગવાનનો અંશ છું, દાસ છું, ભગવત્ક્રીડાનો અંગ છું, તથા મારી અહંતા મમતા નકામી છે વગેરે–વગેરે મનોભાવ જીવધર્મના વિચારથી "વિવેક" કહેવાય છે. આ પ્રકારના વિવેકથી સમ્પન્ન થવાથી આપણામાંથી ચાર પ્રકારનો અવિવેક દૂર થઈ જશે. આપણી અંદર ચાર પ્રકારની વૃત્તિઓ અવિવેકને કારણે ઘર કરી બેસતી હોય છે. એ અવિવેકથી જન્મેલી વૃત્તિઓ આ પ્રમાણે છે :

(૧) પ્રાર્થનાની વૃત્તિ

(૨) અભિમાનની વૃત્તિ

(૩) હઠની વૃત્તિ

(૪) આગ્રહની વૃત્તિ.

(૧) આપણને થોડુંક કષ્ટ (દુઃખ) લાગવા માંડે અથવા તો કોઈ કામના ઉત્પન્ન થઈ જાય તો આપણાં કષ્ટોને દૂર કરવા માટે અથવા તો આપણી ક્ષુદ્ર કામનાઓની પૂર્તિને માટે ભગવાનની પ્રાર્થના કરવા માંડીએ છીએ, કેમ જાણે ભગવાન સર્વજ્ઞ, સર્વાન્તર્યામી કે સર્વાત્મા હોય જ નહીં ! ભગવાન તો આપણી પ્રાર્થના વગર પણ બધું જ જાણે છે કે આપણી શી અપેક્ષાઓ છે અને કઈ કામનાઓની પૂર્તિમાં આપણું હિત સમાયેલું છે અને કઈમાં આપણું અહિત રહેલું છે. એ આપણે જાણી શકતા નથી. પરંતુ પરમાત્મા તો આપણા આત્મામાં નિવાસ

કરે જ છે. તેથી આપણા સ્વામી આપણને શું તથા કેટલું આપવા ઈચ્છે છે તે જાણ્યા વિના આપણે માગવાની ભૂલ કરી બેસીએ છીએ. આપણા હિતમાં જ પરમાત્મા આપણને કંઈક આપે છે યા તો નથી આપતા, પરંતુ આપણે તો આપણા હિતાહિતના જ્ઞાન વિના જ માગવાની અધીરાઈ કરી બેસીએ છીએ. તેથી ભગવાન સર્વજ્ઞ છે, બધું આપવા સમર્થ છે, પરંતુ એ જ આપશે જેમાં આપણું હિત રહેલું છે, એવા દઢ વિશ્વાસને મનમાં રાખીને પ્રાર્થના—કષ્ટનિવૃત્તિ યા તો કામનાપૂર્તિ માટેની યાચના—ન કરવી એ વિવેકનું પ્રથમ લક્ષણ છે.

(૨) આ પ્રાર્થનાત્યાગ અગાઉ કહેવાયેલ ભાવભૂમિ પર કરવામાં આવે ત્યારે "વિવેક" કહેવાય છે. અન્યથા પુરુષાર્થવાદી અહંકારયુક્ત મનોવૃત્તિથી યા અનીશ્વરવાદી અશ્રદ્ધાની વૃત્તિથી યા તો કિંકર્તવ્ય—વિમૂઢ (શું કરવા જેવું છે તે વિષે મોહ પામેલી) બુદ્ધિથી પ્રાર્થના ન કરવી એ વિવેકનું લક્ષણ નથી. તેથી પ્રાર્થનાત્યાગની જેમ અભિમાનનો ત્યાગ પણ આવશ્યક છે. અભિમાન આપણને કેવળ આપણા સ્વામીનું હોવું જોઈએ—આપણા પુરુષાર્થ પર યા તો પરમાત્માથી ભિન્ન કોઈ જડ શક્તિ જેવી કે પ્રકૃતિ, કાલ, કર્મ, સ્વભાવ, માયા, શયતાન વગેરેનું નહિ; કારણ કે એ બધાંને કારણે જો કંઈ સુખ—દુઃખ આપણને થતું હોય તો એ પણ પરમાત્માની એવી ઈચ્છા હોવાના કારણે જ થતું હોય છે અન્યથા એ બધી જડ શક્તિઓ પ્રભાવહીન જ હોય છે. આ વિવેકનું બીજું લક્ષણ છે.

(૩) મિથ્યાભિમાન તથા પ્રાર્થના વિહોણા જીવનવ્યવહારમાં આમ બનવાનો સહજ સંભવ છે કે આપણી અંદર અકર્મણ્યતાનું એક એવું હઠીલાપણું વિકાસ પામે કે અમુક પરિસ્થિતિ સામાન્ય છે કે વિશેષ છે તેનો ભેદ બરાબર સમજ્યા વિના માત્ર હાથ જોડી બેસી રહેવાનું જ આપણને આદર્શ કર્તવ્ય લાગવા માંડે. એ જ કારણસર અભિમાનત્યાગ તથા પ્રાર્થનાત્યાગની સાથોસાથ જ વિવેકરહિત અપ્રવૃત્તિ કે નિષ્ક્રિયતા માટેની હઠનો ત્યાગ પણ આવશ્યક બને છે. ભક્તની પ્રવૃત્તિ તોપણ પોતાના દૈહિક સ્વાર્થોની પૂર્તિના હેતુથી પ્રેરિત નથી બનતી, પરંતુ જ્યારે તેના અંતઃકરણમાં ખાસ ભગવદાજ્ઞાનો અનુભવ થવા લાગે ત્યારે જ ભક્તની પ્રવૃત્તિ શરૂ થાય છે. એવી વિશેષ ભગવદાજ્ઞાઓ તો ખાસ અવસર પ્રસંગે અને કોઈ ખાસ ભક્ત દ્વારા કોઈ વિશેષ ભગવત્કાર્યને પૂર્ણ કરાવવાને માટે જ થતી હોય છે. ભગવદાજ્ઞા અનુસાર આ કાર્ય મારે જ પૂર્ણ કરવાનું છે એવા ભગવદીય અભિમાન સહિત તથા અકર્મણ્યતા માટેની હઠને છોડીને જ એ વિશેષ કાર્યને પૂર્ણ કરવું જોઈએ.



જે કંઈ થાય છે તે બધું ભગવદિચ્છા પ્રમાણે જ થાય છે. એ સિદ્ધાંતના સહજ સ્વીકારમાં તથા અસહજ હઠીલાપણાથી તેની સાથે ચીટકી જવામાં તફાવત પડી જાય છે. કોઈ ખાસ પ્રકારના અવસર પર સ્વધર્મ—ભગવત્સેવા યા તો તેની સાથે સંબંધ ધરાવતા કોઈ કર્તવ્ય—ને વિશેષ પ્રયત્નો દ્વારા પૂર્ણ કરવાની ભગવદાજ્ઞા દ્વારા કરાયેલી પ્રેરણા જ્યારે આપણા અંતઃકરણમાં જાગતી હોય, ત્યારે જે થશે તે ભગવદિચ્છા અનુસાર જ થશે એ પ્રકારની અકર્મણ્યત્વની હઠ રાખતી વખતે આપણે એ વાત ભૂલી જઈએ છીએ કે ઉપર કહેવામાં આવેલી પ્રેરણા પણ એ પ્રકારની વિશેષ ભગવદાજ્ઞાથી જ થઈ છે. આ કારણને લીધે હઠવાદિતાપૂર્ણ સિદ્ધાંતના દુરુપયોગનો ત્યાગ કરવો જોઈએ. વિવેકનું આ ત્રીજું લક્ષણ છે.

(૪) એક વખત કોઈ ખાસ અવસર પર "જે કંઈ થાય છે તે બધું ભગવદિચ્છા પ્રમાણે જ થાય છે" એ સિદ્ધાંત તરફ હઠવાદિતાપૂર્વક ન જોવું જોઈએ. એમ કહેવાનું તાત્પર્ય આ મુજબનું તો નથી બની જતું કે સિદ્ધાંતપ્રેરિત આગ્રહોથી હંમેશા મુક્ત જ થઈ જવું જોઈએ. વ્યવહારમાં સિદ્ધાંતપૂર્વક શું ધર્મ છે તથા શું અધર્મ છે તેનો વિચાર પ્રથમથી જ થવો જોઈએ. એ મુજબ જ કોઈ પ્રકારના કાર્યમાં પ્રવૃત્ત થવું જોઈએ, યા તો એથી દૂર રહેવું જોઈએ. આ કારણને લીધે આપદ્ધર્મ યા તો કોઈ ખાસ અવસર આવી પડતા કોઈ ખાસ પ્રકારની કાર્યપદ્ધતિને સર્વ રીતે ગ્રાહ્ય માનવાનો આગ્રહ પણ ન રાખવો જોઈએ. આ કારણને લીધે હઠત્યાગ પણ આગ્રહરહિત હોવો જોઈએ. આગ્રહસહિત (કોઈ વિશેષ આગ્રહવાળો) નહીં !

વિવેકનું આ જ સાચું તથા પરિપૂર્ણ સ્વરૂપ છે. આ ગ્રન્થના એક વ્યાખ્યાકાર શ્રીગોપીશજીના મત અનુસાર શ્રીમહાપ્રભુજી અહીં નવ પ્રકારના વિવેકનો ઉપદેશ કરે છે, જેને વિષે તેઓશ્રીની વ્યાખ્યામાં તેઓશ્રીએ બહુ સારી રીતે સ્પષ્ટીકરણ કરેલું છે. અહીં વધુ પડતો વિસ્તાર થઈ જાય એવા ભયથી અમે તેનો અનુવાદ આપતા નથી.

## ધૈર્ય

જન્મથી મૃત્યુ સુધીના બધાં પ્રકારનાં દુઃખોને સહન કરી લેવાં તેનું નામ ધૈર્ય છે. દુઃખોને સહન કરી લેવાં તેનો અર્થ એ કે તેનો સ્વીકાર કરી લેવો—તેનો સામનો (પ્રતિકાર) ન કરવો. કોઈક વખત એકાદ દુઃખ સહન કરી લેવું અને કોઈક વખત વિચલિત (વ્યગ્ર) થઈ જવું એ કંઈ ધૈર્યનો સ્વભાવ નથી. એક સરખી રીતે સર્વ પ્રકારનાં દુઃખોને હમેશાં સહન કરવાં એ જ પૂર્ણ ધૈર્યનો સ્વભાવ (અથવા લક્ષણ) છે.

દુઃખો અનેક પ્રકારનાં હોઈ શકે છે. જેમ કે રોગો વગેરેથી થતાં કાયિક યા ભૌતિક દુઃખો હોય છે. કામ—ક્રોધ વગેરેથી થતાં ઇન્દ્રિય મન સાથે સંબંધ ધરાવતાં આધ્યાત્મિક દુઃખો હોય છે. સેવા માટે ઉપયોગી વસ્તુઓનો અભાવ અથવા એવાં અન્ય ભગવત્ સંબંધી દુઃખો આધિદૈવિક દુઃખો કહેવાય છે. આ રીતે ધર્મ—અર્થ—કામના પુરુષાર્થોના સમ્પાદનને માટે લૌકિક પ્રયત્ન કરવો તે આધિભૌતિક, વૈદિક પ્રયત્ન તે આધ્યાત્મિક તથા ભગવદર્થ પ્રયત્ન તે આધિદૈવિક દુઃખ માનવામાં આવે છે. કોઈ કોઈ વખત કાલજન્ય, કર્મજન્ય અથવા સ્વભાવજન્ય દુઃખો પણ આપણને પીડા આપતા હોય છે. આ બધાં પ્રકારનાં દુઃખોને સહન કરવાં તેને ધૈર્ય કહેવામાં આવે છે.

ધૈર્ય ધારણ કરવાના ચાર ઉપાય હોય છે.

(૧) અનાગ્રહ (કોઈ પ્રકારના આગ્રહનો અભાવ)

(૨) સહન કરવું તે

(૩) ત્યાગ

(૪) અસામર્થ્યની ભાવના

(૧) દુઃખોને સહન કરવાં જોઈએ, પરંતુ જાતે ચાલી—ચલાવીને દુઃખી થવાય તેવાં કામ નહિ કરવાં જોઈએ. આપણા પ્રયત્ન વિના પોતાની મેળે જ ભગવદિચ્છાથી જ જો દુઃખો દૂર થઈ જતાં હોય તો જાણી જોઈને દુઃખી બન્યા રહેવાનો અસ્વસ્થ દુરાગ્રહ રાખવામાં પણ કોઈ મહત્તા નથી. આ જ કારણને લીધે જો આવી પડેલાં દુઃખોનો પ્રતિકાર (નિવારણ) સહજ અને સરળતાપૂર્વક થઈ જતો હોય તો દુઃખોને સહન કરે રાખવાની કોઈ જરૂર નથી, અને એવો પ્રતિકાર ન થતો હોય તો વિચલિત થવાની પણ કોઈ જરૂર નથી. આ જ ધૈર્યનું વાસ્તવિક સ્વરૂપ છે.

દુઃખ સહન કરવા માટે તૈયાર રહેવા છતાં પણ દુઃખી બની રહેવાના અસ્વસ્થ દુરાગ્રહથી બચવાનું ઉદાહરણ નીચે લખેલા કથાશ્લોક દ્વારા સારી રીતે સમજી શકાય છે.

## તક્રવત્ ધૈર્યધારણ

હત્વા નૃપં પતિમવેક્ષ્ય ભુજંગદષ્ટં
દેશાન્તરે વિધિવશાદ્ ગણિકાસ્મિ જાતા ।
પુત્રં પતિં સમધિગમ્ય ચિતાં પ્રવિષ્ટા
શોચામિ ગોપગૃહિણી કથમદ્ય તક્રમ્ ॥



અર્થ : મને હઠપૂર્વક પકડી રાખવાવાળા રાજાની હત્યા કરીને મારા પોતાના સાચા પતિની પાસે જ્યારે હું પહોંચી ત્યારે તેને પણ સર્પદંશને કારણે મરી ગયેલો જોયો. એક દેશમાંથી બીજા દેશમાં ભટકતી ભટકતી વેશ્યાવૃત્તિ સ્વીકારવાને દુઃખપૂર્વક તૈયાર થઈ, ત્યારે એક દિવસ પોતાના પહેલા પતિથી જન્મેલા પુત્રને સંપન્ન ગ્રાહક માનીને આમંત્રણ આપી બેઠી. સાચી વસ્તુસ્થિતિનું જ્ઞાન (ભાન) થયું ત્યારે પોતાના પુત્ર સાથે પતિ જેવો વ્યવહાર કરી બેસવાને કારણે, તેનું પ્રાયશ્ચિત્ત કરવાના હેતુથી બળી મરવાને તૈયાર થઈ, ત્યારે પુત્ર તો બળીને મરી ગયો, પરંતુ હું કોઈક કારણથી બચી ગઈ. મને બચાવવાવાળા ગોવાળિયાની પત્ની બનીને છાશ વેચું છું તે છાશ ઢળી ગઈ. તો હવે કહો કે કેટલાં દુઃખોને હું રડું ! આ છાશના ઢોળાઈ જવાના દુઃખને હું કયાં સુધી સંભારીને રડું ?

જીવનમાં એકથી વધીને બીજાં દુઃખો આવતાં હોય છે. કયાં કયાં દુઃખને યાદ કરીને રડવું અને કયાં સુધી રડવું ? ગોવાળિયાની પત્ની પૂર્વે અનુભવેલાં પોતાનાં દુઃખોનો વિચાર કરી નિત્ય નવા આવતાં દુઃખોને સહન કરી લેતી હોય છે. જ્યારે જ્યારે જે પ્રકારના જીવન વીતાવવાના અવસરો પોતાની સામે ઉપસ્થિત થતા આવે છે, તેનો સ્વીકાર કરી લે છે. ન તો દુઃખથી વિચલિત થાય છે અને ન તો દુઃખી બની રહેવાની નિરાશા યા તો આશા કે ઇચ્છાથી ઘેરાયેલી રહે છે. દુઃખોના આવવાનો કોઈ આગ્રહ સેવતી નથી, યા તો દુઃખોના જવાનો આગ્રહ ! "પ્રતીકારો યદચ્છાતો સિદ્ધશ્ચેન્નાગ્રહી ભવેત્" એટલે કે દુઃખ દૂર કરવાનો ઉપાય મળી આવે તો દુઃખ ભોગવવાનો આગ્રહ રાખવો નહિ.

(૨) ધૈર્ય ધારણ કરવાનો બીજો ઉપાય છે—દુઃખોને, કષ્ટોને યા તો તિરસ્કારોને સહન કરી લેવા તે. આપણે એવો વિચાર કરવો જોઈએ કે આપણને જે દુઃખ છે તે કોઈ બીજાને પણ હોઈ શકે છે. આપણું દુઃખ કે કષ્ટ કોઈ બીજાને માટે સુખરૂપ પણ થઈ શકે છે. અમારાં સુખદુઃખના અમે એકલા જ હકદાર નથી, પરંતુ અનેક લોકો હકદાર છે. તો પછી એકલા આપણે દુઃખી થવા માટે કયું યોગ્ય કારણ છે ?

## દેહવત્ ધૈર્યધારણ

દેહઃ કિમન્નદાતુર્વા નિષેક્તુર્માતુરેવ વા ।
માતુર્પિતુર્વા બલિનઃ ક્રેતુરગ્નેઃ શુનોપિ વા ॥

અર્થ : આ દેહની ઉપર સાચો અધિકાર કોનો છે ? શું એનો છે કે જે આપણને અન્ન આપે છે, યા તો આપણા જનક પિતાનો યા ગર્ભ ધારણ કરવાવાળી

માતાનો, યા તો બળપૂર્વક આપણને જે પોતાને આધીન કરી લે તેનો, યા તો ધન આપીને આપણને જ ખરીદી લે તેનો, યા તો દેહને ભસ્મસાત્ કરવાવાળા અગ્નિનો, યા તો દેહને ખાઈ જવાને તત્પર એવાં કરમ–કીડા અથવા પશુપંખીઓનો !

તો આપણા દેહના હકદાર એકલા આપણે જ નથી–પરંતુ આટલા બધા તેના હકદાર છે. બધાના કોઈ અને કોઈ પ્રકારનાં દુઃખ તથા આનંદ આપણા દેહની સાથે જોડાયેલાં છે. એવી સાર્વજનિક સંપત્તિથી એકલા આપણે દુઃખી થવાની શી જરૂર છે ?

આ જ પ્રમાણે આપણાં સુખદુઃખમાં પણ આપણા પરિવારનો, આપણા સમાજનો, આપણા રાષ્ટ્રનો, દરેક માનવનો તથા દરેક પ્રાણીનો કોઈક પ્રકારે હિસ્સો તો હોય છે જ. તો પછી એકલા આપણે જ આપણાં દુઃખોને અસહ્ય શા માટે માનવાં જોઈએ ? કોઈ એક જણનું દુઃખ જેમ આપણા પોતાને માટે સુખ બની જતું હોય છે, તેવી જ રીતે આપણું પોતાનું દુઃખ પણ કોઈ બીજાને માટે સુખ બનતું હશે. વનસ્પતિને થતું દુઃખ બકરીને માટે સુખ હોય છે. બકરીને થતું દુઃખ સિંહને માટે સુખ હોય છે. સિંહને થતું દુઃખ શિકારી માનવનું સુખ હોય છે...વગેરે ...વગેરે. આ જ કારણને લીધે આપણા કુટુંબના સભ્ય જેવા કે આપણી પત્ની દ્વારા અથવા તો કોઈ પણ અસાધુ પુરુષો દ્વારા કરવામાં આવતો આપણો તિરસ્કાર આપણે સહન કરી લેવો જોઈએ.

(૩) ધૈર્ય ધારણ કરવાનો ત્રીજો ઉપાય છે ત્યાગ. ત્યાગનો અર્થ છે આપણા તરફથી થતા બધી ઈન્દ્રિયોનાં કાર્યોને સ્થગિત કરી દેવાં, એ ઈન્દ્રિયોના એ વ્યાપારોને વાણીમાં અથવા મનમાં પ્રવેશ કરવામાંથી મુક્ત કરવા.

### જડવત્ ધૈર્યધારણ

જેવી રીતે જડભરત પોતાની મસ્ત દશામાં બેઠા રહેતા, તેમ જ્યારે રાજાના સૈનિકો જડભરતને પાલખી ઊંચકવા માટે લઈ ગયા ત્યારે જરા પણ આનાકાની કર્યા વગર તેઓ પાલખી ઉપાડવા લાગી ગયા. પાલખીને બરાબર ન ઉપાડવા માટે રાજા જ્યારે ગાળો દેવા લાગ્યો ત્યારે એ ગાળોને પણ મસ્ત દશામાં સાંભળી લીધી. તેનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે બુદ્ધિમત્તાપૂર્ણ ઉત્તર આપ્યો અને રાજા તેમનાં ચરણોમાં પડી ગયો, ત્યારે એ જ પુરાણી મસ્તદશામાં ભરતજીએ રાજાને જ્ઞાનોપદેશ પણ કરી દીધો.



આ પ્રમાણે જડની જેવા વ્યવહાર કરીને પણ ધૈર્ય ધારણ કરી શકાય છે.

(૪) ધૈર્ય ધારણ કરવાનો ચોથો ઉપાય છે–સ્વયં પોતાની અસમર્થતાની ભાવના કરવી.

### ગોપભાર્યવત્ ધૈર્યધારણ

કૃષ્ણના વિરહમાં ગોપીઓએ તથા બીજા પણ વ્રજવાસીઓએ પોતાની અસમર્થતાને જાણીને ધૈર્ય ધારણ કર્યું હતું. રાસના પ્રકરણમાં તથા મથુરાગમનના પ્રસંગે પણ ભગવાન ઉપર જ્યારે આપણી કોઈ શક્તિ અસરકારક થતી ન હોય ત્યારે આપણી અસમર્થતા દ્વારા ધૈર્ય ધારણ કરવા સિવાય બીજો કોઈ ઉપાય પણ બાકી રહેતો નથી.

આ રીતે ભગવદિચ્છાનો તથા આપણી અસમર્થતાનો વિચાર કરીને આધિદૈવિક દુઃખોને સહન કરી લેવાં જોઈએ.

આ બધા ઉપાય જો શક્ય અથવા સહેલા ન લાગતા હોય તો સર્વ દુઃખોને હરનાર શ્રીહરિનો આશ્રય સ્વીકારવો જોઈએ, કારણ કે ભગવાનનો આશ્રય કરવાથી અશક્ય વસ્તુ પણ સુશક્ય બની જાય છે. બધી દુર્લભ વાતો પણ સુલભ બની જાય છે. આ પ્રમાણે ધૈર્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે. હવે આશ્રયનું સ્વરૂપ સમજવું જોઈએ.

### આશ્રય

ઐહિક–પારલૌકિક બધી બાબતોમાં સર્વ પ્રકારે એક માત્ર શ્રીહરિનો જ આશ્રય સ્વીકારવો તે આશ્રય કહેવાય છે. આશ્રયની દઢતાના પણ ચાર ઉપાય છે.

(૧) મન તથા વાણી દ્વારા નિરંતર શરણ ભાવના

(૨) કાયિક, વાચિક તથા માનસિક રૂપમાં અન્યાશ્રયનો ત્યાગ કરવો

(૩) મેઘ ઉપર ચાતકનો જેમ દઢ વિશ્વાસ હોય છે એવી જ રીતે ભગવાન ઉપર દઢ વિશ્વાસ રાખવો. જાતે જ યોજેલા બ્રહ્માસ્ત્ર ઉપર જાતે જ મેઘનાદની જેમ ભગવાનની ઉપર કોઈ પણ દિવસ અવિશ્વાસ ન કરવો.

(૪) સુખથી અથવા દુઃખથી જે કંઈ પ્રાપ્ત થાય તેનો મમતારહિત થઈને ઉપભોગ કરવો.

(૧) આપણા જીવનમાં અનેક વિષમ પરિસ્થિતિઓ આપણી સામે આવતી રહે છે. જે ઉદ્વેગજનક પરિસ્થિતિઓમાં આપણે વિચલિત થતા હોઈએ છીએ, એ પરિસ્થિતિઓમાં જો આપણાં મન તથા વાણીમાં આપણે શરણભાવનાનું સેવન કરતા રહીએ તો આશ્રય દઢ થઈ જાય છે. આપણા જીવનમાં અનેક પ્રકારનાં આધિભૌતિક, આધ્યાત્મિક તથા આધિદૈવિક કષ્ટો આવતાં હોય છે. એવે વખતે આપણે ઘણી વખત વિવેક તથા ધૈર્ય જાળવી શકતા નથી; પરંતુ જો મન અને વાણીમાં શરણભાવના સ્થાપિત કરવામાં સફળ થઈ શકીએ તો આશ્રય દઢ થઈ જાય છે.

ગમે તે પ્રકારની પરિસ્થિતિ આપણી સામે આવી પડે—પાપની, ભયની, અપૂર્ણ કામનાઓની, ભક્તદ્રોહની, ભક્તિ—અભાવની યા તો ભક્તોથી તિરસ્કૃત થવાની—એ બધી પરિસ્થિતિઓમાં ભગવત્‌શરણભાવના એક કામ લાગે તેવો ઉપાય છે. જ્યારે કોઈ અશક્ય કાર્યને સંપન્ન અથવા સિદ્ધ કરવાની જવાબદારી આપણા ઉપર આવી પડે ત્યારે ઉદ્વેગ, આશંકા તથા કુંઠાને કારણે આપણે ભગવાનને ભૂલી જઈએ છીએ. જ્યારે કોઈ સુશક્ય કાર્યને સિદ્ધ કરવાની જવાબદારી આપણા ઉપર આવી પડે છે ત્યારે સફળતાની આશા, ઉત્સાહ તથા અહંકારને કારણે આપણે ઈશ્વરને ભૂલી જતા હોઈએ છીએ. કાર્ય ભલે અશક્ય હોય યા તો સુશક્ય હોય તો પણ ભગવાનને શરણે જવાની ભાવના હંમેશાં આપણા મન તથા વાણી પર સ્થાપિત થઈ રહેલી હોવી જોઈએ. આપણો અહંકાર જ્યારે પ્રબળ બની રહ્યો હોય—આપણો આશ્રય કરનારાઓના રક્ષણ અથવા પોષણને સમયે, અથવા તો આપણા આશ્રિતજન યા તો સંબંધીજન જ્યારે આપણા અહંકારને ઘાયલ કરતા હોય, અથવા આપણો શિષ્યજન પણ જ્યારે આપણો તિરસ્કાર કરતો હોય, ત્યારે એવા સંજોગોમાં શરણભાવનાને સ્થિર અથવા દઢ કરીને રાખવાની બહુ આવશ્યકતા છે.

માનસી સેવા, વ્યસનદશા, નિરોધ યા તો સર્વાત્મભાવના અનુભવને યોગ્ય અલૌકિક મનની સિદ્ધિને માટે પણ એક માત્ર શ્રીહરિ જ આપણું શરણ હોય છે. મનવાણીથી નિરંતર અષ્ટાક્ષર મન્ત્રનું અનુસંધાન ચાલુ રાખવું જોઈએ. આશ્રયને દઢ કરવાનો આ પ્રથમ ઉપાય છે.

(૨) કાયા, વાણી તથા મનથી અન્યાશ્રયનો ત્યાગ કરવો જોઈએ. શ્રુતિમાં નિત્યકર્મના રૂપમાં શાસ્ત્રમાં કરાયેલી આજ્ઞા ન હોય તોપણ કોઈ દેવ વગેરેનું પોતાના પ્રયત્નો દ્વારા નિષ્કામ યા તો સકામ ભજન કરવું એ અન્યાશ્રય છે. ક્યાંક જતાં હોઈએ ત્યારે રસ્તે જતાં કોઈ અન્ય દેવનું મંદિર માર્ગમાં આવતું હોય તો જુદી વાત છે, પણ પોતાની જાતે બીજા કોઈ દેવનાં દર્શન માટે તેમના મંદિરમાં



જવું એ અન્યાશ્રય ગણાય. માર્ગમાં જતા હોઈએ ત્યારે અન્ય દેવનું કોઈ મંદિર આવી જાય ત્યારે નમન દ્વારા એ દેવ તરફ આદર ભાવ પ્રકટ કરવો એ કાંઈ અન્યાશ્રય નથી, પરંતુ કોઈ લૌકિક યા અલૌકિક પ્રયોજનને વશ થઈને કોઈ અન્ય દેવની પ્રાર્થના કરવી એ અન્યાશ્રય ગણાય. "અન્ય દેવ"નો અર્થ છે—ભગવાનનું એવું દેવરૂપ કે જેને પુષ્ટિમાર્ગીય સેવાપ્રણાલીમાં માન્ય કરવામાં આવ્યું નથી. અન્યાશ્રયનો ત્યાગ કરવાથી પણ આશ્રય દઢ થઈ જાય છે.

(૩) ભગવાન ઉપર ક્યારેય અવિશ્વાસ ન કરવો જોઈએ— હંમેશા ચાતકના જેવો દઢ વિશ્વાસ રાખવો જોઈએ. લંકામાં હનુમાનજીને જ્યારે બ્રહ્માસ્ત્ર વડે બાંધવામાં આવ્યા હતા, ત્યારે સ્વયં બાંધવાવાળા રાક્ષસોને પણ બ્રહ્માસ્ત્ર ઉપર અવિશ્વાસ થઈ ગયો હતો. આ કારણને લીધે જ્યારે તેમણે બ્રહ્માસ્ત્ર સિવાયની બીજી દોરીઓથી અથવા સાંકળોથી હનુમાનને બાંધવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેમના અવિશ્વાસને જાણીને બન્ને પ્રકારનાં બંધનો તોડી નાખીને હનુમાનજી મુક્ત થઈ ગયા. આ જ કારણને લીધે ભગવાનની શક્તિમાં અવિશ્વાસ ક્યારેય ન કરવો જોઈએ. જળ વરસે યા ન વરસે તો પણ ચાતકનો વિશ્વાસ સ્વાતિબિન્દુની બાબતમાં ક્યારેય ખંડિત થતો નથી. એવો દઢ વિશ્વાસ પ્રભુ ઉપર રાખવો જોઈએ. દઢ વિશ્વાસથી ભગવદાશ્રય દઢ થાય છે.

(૪) આપણને જે કંઈ અને જેવું તથા જેટલું પ્રાપ્ત થાય તેનો મમતારહિત ઉપભોગ કરવાનું વ્રત જો આપણે લઈએ તો ન તો પ્રિય વસ્તુની પ્રાપ્તિથી હર્ષ થશે અને ન તો અપ્રિય વસ્તુની પ્રાપ્તિથી ખેદ થશે. આ પ્રમાણે પ્રાપ્ત વસ્તુના મમતારહિત ઉપભોગથી પણ ભગવદાશ્રયની દઢતા પ્રાપ્ત થાય છે.

## ઉપસંહાર

ગમે તે પ્રકારે પણ આશ્રયની દઢતાની અપેક્ષા રહે છે. નાનાં કે મોટાં, સારાં કે નરસાં, કોઈ પણ પ્રકારનાં કાર્યો કરતી વખતે જો આપણે હૃદયમાં શરણભાવનાને જાગૃત રાખવામાં સફળ અથવા શક્તિમાન થઈ જઈએ છીએ તો બીજી બધી બાબતો ધીમે ધીમે પોતાની મેળે જ સિદ્ધ થવા લાગશે. આ પ્રમાણે આપણે જોયું કે કલિયુગમાં ભક્તિ વગેરે માર્ગમાં ચાલવાનું દુઃસાધ્ય થઈ ગયું છે, તો પણ ભગવાન શ્રીકૃષ્ણનો આશ્રય બધા લોકોને માટે હંમેશા હિતકારક બને છે.

એક દષ્ટિએ જોવા જઈએ તો માર્ગ તો કર્મ, જ્ઞાન તથા ભક્તિ એમ ત્રણ જ છે. પરંતુ જે જીવો આ માર્ગો પર ચાલી નથી શકતા અથવા તો ચાલતાં ચાલતાં થાકીને બેસી જવા માગે છે તેમની સાધના અધૂરી રહી જાય છે, પરંતુ થાકેલા હોય યા તો ન થાકેલા હોય એવા જે જીવો ભગવાનનાં ચરણોમાં બેસી જાય છે તેઓ ચાલ્યા વગર પણ ધ્યેય અથવા ગન્તવ્ય સુધી પહોંચી જાય છે. ભગવાનનાં ચરણ યા શરણ ખુદ પોતાનામાં માર્ગ પણ છે અને ગન્તવ્ય પણ છે. એટલે કે માર્ગ તેમ જ ગન્તવ્ય સ્વયં ભગવાનના ચરણમાં યાને શરણમાં જ સમાયેલા છે.

"એવમાશ્રયણં પ્રોકતં સર્વેષાં સર્વદા હિતમ્..."

**ઇતિ શમ્**



## ૯. કૃષ્ણાશ્રયસ્તોત્રમ્

કૃષ્ણાશ્રયસ્તોત્રની રચના અડેલમાં શ્રીમહાપ્રભુજીએ લાહોરના બૂલા મિશ્રને માટે કરી હતી. આ ઉલ્લેખ ચોરાશી વૈષ્ણવોની ૪૬મી વાર્તાના ભાવપ્રકાશમાં મળે છે. આનો રચનાકાલ વિ. સં. ૧૫૭૦ કહેવામાં આવે છે. (શ્રીનાગરદાસ બાંભણિયા લિખિત લેખ, વૈષ્ણવ વાણી અંક ૪ વર્ષ ૧૯૭૯).

બૂલા મિશ્રનો જન્મ સારસ્વત બ્રાહ્મણના ઘરમાં થયો હતો. બૂલા મિશ્રના પિતા પુરોહિતપણાનું કામ કરતા હતા, પરંતુ બીજી કોઈ રીતે ભણ્યા ગણ્યા ન હતા. બૂલા જ્યારે દશ વર્ષના થયા ત્યારે તેમના પિતાએ બૂલાને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું "બેટા, તું બ્રાહ્મણ કુળમાં જન્મ્યો છે, કંઈક થોડું ઘણું શાસ્ત્રોનું અધ્યયન કરીશ તો સન્માનભર્યું જીવન જીવી શકીશ. જો એમ નહિ કરે તો મારી જેમ અભણ જ રહી જઈશ." પિતાએ જે પંડિતની પાસે પોતાના પુત્રને વિદ્યા મેળવવા માટે મોકલ્યો હતો તે પૂરેપૂરો "લાભપૂજાપરાયણ" પંડિત હતો (એટલે કે માત્ર વિદ્યાદાનને ખાતર શીખવનાર પંડિત ન હતો, પરંતુ પોતાના લાભને તથા પોતાની પૂજાને લક્ષમાં રાખીને ભણાવનાર પંડિત હતો). ચેલાને પોતાની સમક્ષ આવેલો જોઈને પંડિત બોલ્યો "તારે સારી રીતે ભણવું હોય (વિદ્યા પ્રાપ્ત કરવી હોય) તો સૌ પ્રથમ પાંચ–દશ રૂપિયા ભેટ તરીકે લાવીને મારી પૂજાભક્તિ કર!" (પાંચ–દશ રૂપિયાનું આજથી પાંચસો વર્ષ પહેલાં મૂલ્ય ઘણું બધું હતું.)

બૂલા મિશ્ર ગભરાઈ ગયો. ગુરુ પાસેથી ભાગીને ઘેર ચાલ્યો આવ્યો. આંખોની ભમર ખેંચીને (આશ્ચર્યમાં અને ગુસ્સામાં) પિતાએ કહ્યું "કેમ ગુરુને ઘેરથી પાછો ફરીને ઘેર આવી ગયો ને ? અરે! અહીં ઘરમાં પડયો રહીશ તો સ્ત્રીઓનું કામ ફકત ચૂલો ફૂંકવાનું જ શીખી શકીશ. શું ગુરુજીના ઘરમાં રહેવામાં તને શરમ આવે છે કે ?" બૂલાએ કહ્યું "અરે આ પંડિતજી તો મને ભણાવવાની પહેલાં જ ગુરુદક્ષિણા માગી રહ્યા છે અને અહીં તો કોઈની પણ પાસે જઈશ તો આવી સ્થિતિ સર્જાશે તેથી હું ભણવા માટે કાશી જઈશ." બૂલાના પિતાજીએ ટોણો માર્યો "ઘરની બહાર નીકળવાની તો હિંમત નથી અને મારો બેટો કાશી સુધી ભણવા જશે !"

આ વાતથી બૂલાના મન પર સખત આઘાત થયો. બૂલાએ પોતાના પિતાજીના ચરણનો સ્પર્શ કર્યો અને ઘરની બહાર નીકળી ગયા. ભીખ માગીને પેટ ભરતા ભરતા ગમે તેમ કરીને કાશી પહોંચ્યા. ત્યાં પણ ભિક્ષાવૃત્તિ સિવાય બીજો કોઈ આશરો ન હતો, પરંતુ એક પંડિતજીએ બૂલાને ભણાવવાની દયાળુતા બતાવી. બૂલાએ (ભણવા માટે) સખત મહેનત કરી તો પણ ત્રણ વર્ષના ગાળામાં કંઈ ખાસ વિદ્યોપાર્જન કરી શક્યો નહિ. બન્ને જણ એટલે કે ભણનાર અને ભણાવનાર પણ નિરાશ થઈ ગયા. એક દિવસ પંડિતજીએ સ્પષ્ટ શબ્દોમાં કહી જ દીધું "બૂલા ! તારા ભાગ્યમાં સરસ્વતી એટલે વિદ્યા–ભણતર નથી. નકામી મહેનત શા માટે કરે છે ?"

બિચારો બૂલા મિશ્ર ખિન્ન થઈ પંડિતજીની પાઠશાળામાંથી બહાર નીકળીને કાશી શહેરની બહાર ગંગાજીના કિનારા પર અન્ન–જળનો ત્યાગ કરીને બેસી ગયો. બ્રાહ્મણોને માટે સુયોગ્ય એવા વિદ્યોપાર્જનના ધર્મને બજાવવાની મહત્ત્વાકાંક્ષાને ધારણ કરીને એક બ્રાહ્મણ બાળક કાશીમાં ત્રણ વર્ષ સુધી નિવાસ કરીને પણ વિદ્યા ન મેળવી શક્યો, તો હવે અન્ન–જળનો ત્યાગ કરીને ગંગાજીના કિનારા પર બેસી રહ્યા સિવાય બીજો કયો માર્ગ બાકી રહે ? બૂલાએ વિચાર કર્યો કે આ તપસ્યાથી સરસ્વતી પ્રસન્ન થઈને વિદ્યા આપશે અને જો એમ નહિ થાય તો આ રીતે પ્રાણ ત્યજવા એ જ ઉચિત છે. ત્રણ દિવસ પછી સરસ્વતીની વાણી સંભળાઈ કે "જે કંઈ બને છે તે બધું ભગવાનની ઈચ્છા પ્રમાણે જ બને છે. ભગવાનની ઈચ્છા થાય ત્યારે ચાંડાલ (એટલે વિદ્યાપ્રાપ્તિના અધિકાર વગરનો શૂદ્ર) પણ વિદ્વાન બની શકે છે અને જો ભગવાનની ઈચ્છા ન હોય તો (વિદ્યાપ્રાપ્તિના અધિકારવાળો) બ્રાહ્મણ પણ મૂર્ખ જ રહી જાય છે."

"વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ"
"પ્રાકૃતાઃ સકલાઃ દેવાઃ ગણિતાનંદકં બૃહત્,
પૂર્ણાનંદો હરિસ્તસ્માત્કૃષ્ણ એવ ગતિર્મમ."

અર્થ : "સારાસારની સાચી સમજણ તો એ છે કે શ્રીહરિ બધું પોતાની ઈચ્છાથી કરશે." "બ્રહ્મા વગેરે બધા દેવો તો પ્રાકૃત છે (એટલે કે પ્રકૃતિ માયાના ઉપર જેમની ઉત્પત્તિ, સ્થિતિ તથા વિલયનો આધાર છે એવા છે; એટલે કે બીજા બધા દેવો સત્ત્વ આદિ ગુણોના અભિમાની–અધિષ્ઠાતા છે). જ્યારે બૃહત્ એટલે કે અક્ષરબ્રહ્મના આનંદની ગણતરી બીજા દેવોના આનંદની સરખામણીમાં શ્રેષ્ઠ તરીકે થઈ શકે છે, પણ એ ઓછા આનંદવાળું છે, જ્યારે શ્રીહરિ પૂર્ણ આનંદવાળા



છે. તેથી શ્રીહરિ કે જે પૂર્ણાનંદ સ્વરૂપ છે (અને સર્વ દુઃખોના હરનારા છે) તે મારી ગતિ એટલે આશ્રય થાઓ."

બૂલા મિશ્રના અંતરમાં "વિવેક" તો જાગ્યો, પરંતુ તેનું ધૈર્ય ખૂટી ગયું. બૂલાએ વિચાર્યું કે જો બધુંય ભગવાનની ઈચ્છા પ્રમાણે જ થતું હોય તો ભગવાનની ઈચ્છાને બદલવાને માટે ભગવાનના નામ ઉપર જ ભૂખ હડતાલ કરવી જોઈએ. એમ વિચારી બૂલો "વિષ્ણુ–વિષ્ણુ–વિષ્ણુ" એવા જપ કરતો કરતો ભૂખ્યો અને તરસ્યો બેસી રહ્યો. ભલેને અધીરો થઈને બેઠો હોય તો પણ ભગવાનનું નામ તો તેણે લીધું છે ને! એટલે બૂલા મિશ્રને ભગવાનનો સાક્ષાત્કાર થયો અને શ્રીમહાપ્રભુજીની પાસે અડેલ જવાની ભગવદાજ્ઞા પણ થઈ. બૂલા મિશ્ર ભગવદાજ્ઞા મેળવીને અડેલ પહોંચ્યા. શ્રીમહાપ્રભુજીએ એમનું સ્વાગત કર્યું અને કહ્યું–"બૂલા, તમે ધન્ય છો. તમને ભગવાનનું દર્શન થયું!" બૂલા મિશ્રે વિનયપૂર્વક નિવેદન કર્યું, "મહારાજ ! ભગવાનનું દર્શન થવું એ આપની કૃપાનું ફળ છે, પરંતુ ભગવાનનું દર્શન થવા છતાં મને હજી ભગવાનનાં સ્વરૂપના અનુભવનો આનંદ પ્રાપ્ત થયો નથી." શ્રીમહાપ્રભુજીએ સમજાવવા ઈચ્છયું "એક વાર પણ ભગવાનનો સાક્ષાત્કાર થઈ ગયા પછી સાંસારિક મોહનાં બંધનનો ભય રહી જતો નથી, પણ જીવ મુક્ત થઈ જાય છે". આ સાંભળીને બૂલા મિશ્રે વિનંતી કરી. "મહારાજ ! મારે મુક્તિ નથી જોઈતી, ભક્તિ જોઈએ છે. તેથી કૃપા કરીને આપ મને આપના શરણમાં લો !"

શ્રીમહાપ્રભુજીએ પ્રસન્ન થઈને બૂલા મિશ્રને યમુનાજીમાં સ્નાન કરવાની આજ્ઞા આપી અને પછી અષ્ટાક્ષર તથા બ્રહ્મસંબંધનું દાન કર્યું. બધાંય શાસ્ત્રોનાં ગુહ્યતમ (એટલે છૂપાંમાં છૂપાં) રહસ્યના ઉપદેશ તથા માનસી સેવામાં ઉપયોગી મનની સિદ્ધિ માટે શ્રીમહાપ્રભુજીએ 'કૃષ્ણાશ્રયસ્તોત્ર'ની રચના કરી અને બૂલા મિશ્રને એ સ્તોત્ર શીખવાડયું.

'આશ્રય' શબ્દના બે અર્થ થાય છે, ૧. સહારો દેનાર. (આશરો આપનાર) ૨. સહારો (આશરો) લેવાની ક્રિયા. તેથી જ વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં જ્યારે એમ કહેવામાં આવ્યું કે "શ્રીહરિના આશ્રયથી બધાં અશક્ય કાર્યો પણ સિદ્ધ થઈ જાય છે (અશક્યે હરિરેવાસ્તિ સર્વમાશ્રયતો ભવેત્ એટલે કે જ્યારે કોઈ કાર્ય અશક્ય લાગતું હોય ત્યારે તેને શક્ય બનાવનાર શ્રીહરિ તો છે જ અને બધું કાર્ય આશ્રયથી જ સિદ્ધ થઈ શકે છે)". ત્યાં 'આશ્રય'નો અર્થ શરણાગતિ યાને આશરો લેવાની ક્રિયા એવો થાય છે. આવી જ રીતે શ્રીમદ્ ભાગવતના બીજા સ્કંધમાં કહ્યા મુજબ

''જગતની ઉત્પત્તિ તથા પ્રલયના કર્તા તથા ઉપાદાન રૂપ પરબ્રહ્મને 'આશ્રય' કહેવામાં આવે છે. (આભાસશ્ચ નિરોધશ્ચ યતશ્ચાધ્યવસીયતે સ આશ્રયઃ પરં બ્રહ્મ પરમાત્મેતિ શબ્દ્યતે એટલે કેઆભાસ તથા નિરોધ જેના દ્વારા જાણવામાં આવે છે તે આશ્રય. એ જ પરબ્રહ્મ પરમાત્મા છે એમ કહી શકાય છે)''. આ વચનોમાં 'આશ્રય' શબ્દ આધાર અથવા સહારો બનવાવાળાના અર્થમાં પ્રયોજવામાં આવ્યો છે. 'આશ્રય' શબ્દના આ બન્ને અર્થને ધ્યાનમાં રાખીને જ 'કૃષ્ણ એવ ગતિર્મમ' (કૃષ્ણ જ મારી ગતિ છે) એવા શબ્દોમાં 'ગતિ' શબ્દનો ઉપયોગ કરવામાં આવેલો છે, અર્થાત્ ભગવાન જ સાધન છે અને ફળ પણ ભગવાન જ છે—ભગવાન જ માર્ગ છે અને ગન્તવ્ય (જ્યાં જવાનું છે તે સ્થળ) પણ ભગવાન જ છે. એ બધા અર્થોમાં શ્રીકૃષ્ણ જ અમારો આધાર—અમારો આશ્રય—અમારી ગતિ છે. આ જ કારણને લીધે 'કૃષ્ણ એવ ગતિર્મમ' નો અર્થ કૃષ્ણ જ અમારો આશ્રય છે અને કૃષ્ણનો જ આપણે આશ્રય લેવો જોઈએ એવો બન્ને પ્રકારનો અર્થ લઈ શકાય છે.

આ જગતમાં અનેક પ્રકારના જીવાત્માઓ છે. કોઈક જીવાત્માઓમાં લૌકિક ફળોની પ્રાપ્તિને માટે લૌકિક સાધનોનો આશ્રય લેવાની વૃત્તિ પ્રબળ હોય છે. પ્રવાહી જીવાત્માઓનો આ મુખ્યત્વે સ્વભાવ હોય છે. કોઈક જીવાત્માઓમાં વેદાદિ—શાસ્ત્રીય ફળોની પ્રાપ્તિને માટે કેવળ શાસ્ત્રીય સાધનોના જ આશ્રયની વૃત્તિ પ્રબળ હોય છે. મર્યાદામાર્ગના અંતર્ગત કર્મમાર્ગીય જીવોમાં આ સ્વભાવ બળવાન હોય છે. કેટલાક વૈદિક ફળોની પ્રાપ્તિને માટે વૈદિક સાધનોની સાથોસાથ ભગવાનને પણ આશ્રયના રૂપમાં સ્વીકારે છે. મર્યાદામાર્ગની અંતર્ગત જ્ઞાનમાર્ગીય, ઉપાસનામાર્ગીય તથા મર્યાદા—ભક્તિમાર્ગીય સાધકોમાં આ સ્વભાવ જોવામાં આવે છે. કેટલાક જીવાત્માઓને ભગવાન સિવાય જુદા કે અન્ય કોઈ પણ ફળની કામના હોતી નથી. તેથી એવા લોકો સાધનના રૂપમાં પણ કેવળ હરિના આશ્રયને જ સ્વીકારે છે. એવા જીવોને પુષ્ટિજીવ સમજવા જોઈએ. (આ માટે જોવું ભાગવતાર્થ પ્રકરણ નિબંધ ૫—૬/૧૨). આ કારણને લીધે જ 'કૃષ્ણ એવ ગતિર્મમ' એટલે કે 'શ્રીકૃષ્ણ જ મારી ગતિ છે' એવો મનોભાવ હોવો એ પુષ્ટિજીવનું પરમ (મોટામાં મોટું અને છેલ્લામાં છેલ્લું, ઉત્કૃષ્ટ, પ્રધાન) લક્ષણ છે.

શ્રીમદ્ભાગવતના બારમા સ્કન્ધના વર્ણનનો વિષય પણ આશ્રયલીલા જ છે. ભાગવતાર્થ પ્રકરણ નિબંધમાં 'આશ્રય' શબ્દના અનેક અર્થ બતાવવામાં આવેલા છે.

જેવી રીતે શ્રીમદ્ભાગવતના બીજા સ્કંધથી માંડીને અગિયારમા સ્કંધ



સુધી ભગવાનની જે સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ અને મુક્તિરૂપ લીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે, તે લીલાઓના કર્તા—આશ્રય એક માત્ર શ્રીકૃષ્ણ જ છે. આ નવવિધ લીલાઓ લક્ષણરૂપ છે. અને તેમનાથી લક્ષિત લક્ષ્ય—આશ્રય એકમાત્રશ્રીકૃષ્ણ જ છે. આ નવ પ્રકારની લીલાઓનું વર્ણન ભાગવતકારે એ જ હેતુથી કર્યું છે કે જે જે વિભૂતિ રૂપોને ધારણ કરીને સર્ગલીલાથી માંડીને ઈશાનુકથા સુધીની લીલાઓ ભગવાન કરે છે એ બધાં રૂપોની સાથે ભગવાનનો કાર્ય—કારણરૂપ શુદ્ધાદ્વૈતરૂપ સંબંધ છે. અર્થાત્ એક બ્રહ્મનો નામ રૂપમાં વિસ્તાર આ સમગ્ર બ્રહ્માંડ છે. (સર્વં ખલુ ઈદં બ્રહ્મ એટલે આ સર્વ જે કંઈ છે તે ખરેખર બ્રહ્મ છે.) કાર્યરૂપ બધાં લૌકિક યા તો અલૌકિક વિભૂતિનામો તથા વિભૂતિરૂપો ધારણ કરવાવાળા કારણરૂપ પરમાત્મા એક જ છે—એમ શુદ્ધાદ્વૈત—બુદ્ધિથી સમજવું આવશ્યક છે. હૃદયથી સ્નેહ યા આશ્રય— પરંતુ એ વિભૂતિનામ અથવા વિભૂતિરૂપનો નહીં, પરંતુ મૂલરૂપ શ્રીકૃષ્ણનો જ હોવો જોઈએ. કહ્યું છે કે, 'બ્રહ્મરૂપં જગત્ જ્ઞાતવ્યં બ્રહ્મ જગતોઽતિરિચ્યતે ઈતિ ન તત્રાસક્તિઃ કર્તવ્યા'. અર્થ—જગતને બ્રહ્મરૂપ જાણવું પણ બ્રહ્મ જગતથી વધારે છે એમ માનીને તે જગતમાં આસક્તિ ન રાખવી. તેથી પ્રથમ સ્કંધથી માંડીને નવમા સ્કંધ સુધી વર્ણવવામાં આવેલી લીલાઓ શ્રીકૃષ્ણના આશ્રયને દૃઢ કરવાના હેતુથી જ વર્ણવવામાં આવેલી છે. એમ કહી ચૂકયા છીએ કે બારમા સ્કંધનો મુખ્ય વર્ણ્ય—વિષય આશ્રયલીલા છે. ભાગવતાર્થ પ્રકરણ નિબંધના બારમા સ્કંધના અર્થવિસ્તારના પ્રકરણમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે—''કૃષ્ણ એવાશ્રયો મતઃ'' માત્ર શ્રીકૃષ્ણ જ આશ્રય છે એવો મત શ્રીમહાપ્રભુજીનો છે' એ જ વાકય અહીં કૃષ્ણાશ્રયસ્તોત્રમાં 'કૃષ્ણ એવ ગતિર્મમ—એટલે શ્રીકૃષ્ણ એ જ મારી ગતિ છે' એ રૂપમાં રાખવામાં આવેલું છે.

'એવકાર' એટલે કે 'જ'કાર બીજા બધા અર્થોને દૂર રાખનાર હોય એમ માનવામાં આવે છે. (એટલે કે જે શબ્દની પાછળ 'જ' શબ્દ વાપરવામાં આવ્યો હોય એને જ ભારપૂર્વક મુખ્ય શબ્દ માનીને બીજા કોઈ પણ શબ્દને વર્જિત કરવાનો હોય—છોડી દેવાનો હોય એમ માનવાનું છે. એ મુખ્ય શબ્દ સિવાય બીજો કોઈ નહિ એમ સમજવાનું છે). શ્રીકૃષ્ણના મૂળરૂપ સિવાય બીજાં બધાં વિભૂતિરૂપો—લૌકિક હોય કે અલૌકિક—જડ હોય કે ચેતન—દેવ, દાનવ, માનવ, પશુ, પંખી ઈત્યાદિ બધાં રૂપોને ભક્તિમાર્ગીય તથા પ્રપત્તિમાર્ગ મુજબ આશ્રયના દૃષ્ટિબિંદુથી જોતાં 'ઈતર' એટલે બાકીના બીજા બધા તરીકે ગણવામાં આવે છે.

જ્ઞાનમાર્ગના દષ્ટિકોણથી શુદ્ધાદ્વૈતવાદ અનુસાર એ સર્વ રીતે અભિન્ન છે, પરંતુ આ અભેદબુદ્ધિથી જોતાં એ બધાં વિભૂતિરૂપો આશ્રયણીય (એટલે આશ્રય તરીકે સ્વીકારવા યોગ્ય) નથી, પરંતુ કેવળ જ્ઞાતવ્ય (એટલે જાણવા જેવાં) છે. એ જ કારણથી બધાં વિભૂતિરૂપ આ 'જ'કારના ઉપયોગ દ્વારા વ્યાવર્તનીય (એટલે વર્જિત કરવા યોગ્ય) માનવામાં આવે છે. આ "કૃષ્ણ જ મારી ગતિ છે." એમાં વપરાયેલા 'જ'કારની વ્યાખ્યા શ્રીમહાપ્રભુજીએ–

"અન્યસ્ય ભજનં તત્ર સ્વતો ગમનમેવ ચ,
પ્રાર્થના કાર્યમાત્રેપિ તતોડન્યત્ર વિવર્જયેત્"

આ વિવેકધૈર્યાશ્રયની કારિકામાં આપેલી છે.

અર્થ :– ત્યાં બીજા કોઈ દેવનું ભજન અથવા તેમની પાસે જવાનું અથવા તેમની પ્રાર્થના કરવાનું વગેરે– શ્રીકૃષ્ણના આશ્રય સિવાયનું બીજું બધું છોડી દેવું જોઈએ એમ 'જ' શબ્દ વાપરીને જણાવ્યું છે.

અન્યાશ્રય–રહિત કેવળ શ્રીકૃષ્ણનો આશ્રય જ ઉચિત છે, એ દર્શાવવા માટે બીજાઓના આશ્રયની વિફલતાનો (એટલે બીજાઓના આશ્રયથી કંઈ નહિ વળે, ફળ નહિ મળે) એવો બોધ આવશ્યક છે. એ મુજબ આ સ્તોત્રના પ્રથમ ત્રણ શ્લોકોમાં લોકાશ્રયની વિફલતાનું નિરૂપણ કરવામાં આવેલું છે અને બીજા ત્રણ શ્લોકોમાં ધર્માશ્રયની વિફલતાનું. ત્રીજા ત્રણ શ્લોકોમાં કૃષ્ણાશ્રયની મહત્તાનું નિરૂપણ ક્રમશઃ કર્મમાર્ગીય, જ્ઞાનમાર્ગીય, તથા ભક્તિમાર્ગીય દષ્ટિકોણથી કરવામાં આવ્યું છે. છેવટના બે શ્લોકોમાં પૃથક્શરણમાર્ગ અથવા પ્રપત્તિમાર્ગના ઉપદેશ દ્વારા શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે એવી જ રીતે શ્રીમહાપ્રભુજીએ પણ સંપૂર્ણ નિર્ભયતાનું વરદાન આપેલું છે.

એક બીજી રીતથી શરૂઆતના છ શ્લોકોમાં કાળ, દેશ, દ્રવ્ય, કર્તા, મંત્ર તથા કર્મ–જે ધર્મનાં છ આવશ્યક અંગો છે તેમની વિફલતા દર્શાવતાં શ્રીમદ્–ભાગવતના બારમા સ્કંધના વર્ણ્ય–વિષય પંચવિધ આશ્રય–કૃષ્ણાશ્રય, જગદાશ્રય, વેદાશ્રય, ભક્તિઆશ્રય, તથા ભાગવતાશ્રય–ને અનુરૂપ એવા પાંચ શ્લોકોમાં ભગવદાશ્રયની મહત્તાનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

એક ત્રીજી રીતે જોતાં શરૂઆતના નવ શ્લોકોમાં નવ પ્રકારના લીલાર્થ સ્વીકારેલ વિભૂતિરૂપોનો અન્યાશ્રય છોડાવવાને માટે નવ શ્લોકોમાં– "કૃષ્ણ જ મારી ગતિ છે" એમ કહીને બીજા આશ્રયોનું વારણ કર્યું છે. તથા દશમા શ્લોકમાં કૃષ્ણાશ્રયને સુદઢ કરવામાં આવ્યો છે. અગિયારમા શ્લોકમાં આ કૃષ્ણાશ્રય સ્તોત્રની ફલશ્રુતિ કહેવામાં આવી છે.



આમ એક જ સ્તોત્રમાં વાણીના પતિ શ્રીમહાપ્રભુજીએ અનેક સૂચિતાર્થો સહિત અનેક પ્રકારે કૃષ્ણાશ્રયનું નિરૂપણ બૂલા મિશ્રને સમજાવ્યું છે.

(૧) કલિયુગને કારણે ધર્માનુષ્ઠાનમાં (એટલે ધાર્મિક વિધિપૂર્વક કરવાનાં કાર્યોમાં) પણ યા તો આંતરિક ખરાબ હેતુઓની પ્રચુરતા જ સર્વત્ર જોવામાં આવે છે અથવા તો ઈશ્વર–ભજન–વિરોધી ઉપધર્મો (ગૌણ ધર્મો) જેવા કે અનીશ્વરવાદી (ઈશ્વર નથી એવું કહેનારા) જ્ઞાન, વૈરાગ્ય, અહિંસા, દયા, લોકોપકાર ઈત્યાદિમાં પાખંડનો જ વિપુલ પ્રચાર જોવામાં આવે છે. એવા પ્રચાર વડે ભગવત્પ્રાપ્તિના કર્મ, જ્ઞાન તથા ભક્તિમાર્ગ અવરુદ્ધ થઈ ગયા છે. તો પણ જેમને સાધન તથા ફલના રૂપમાં એકમાત્ર શ્રીકૃષ્ણનો જ આશ્રય છે તેવા ભક્તોને કોઈ પણ પ્રકારનો ભય નથી રહેતો, આ કારણને લીધે આ કલિયુગમાં એક માત્ર શ્રીકૃષ્ણ જ ગતિ છે.

(૨) આખો દેશ તામસી મ્લેચ્છ શક્તિઓથી આક્રાન્ત (એટલે આક્રમણ–હુમલો–કરાયેલો, ઘેરાયેલો, જીતાયેલો, દબાયેલો, કચડાયેલો) બની ગયો છે. લોભ, લાલચ, કામુકતા, વ્યભિચાર, લૂંટફાટ, હિંસા–અત્યાચાર જેવા પાપોના અનૈતિક અડ્ડા જ સર્વત્ર ફાટી નીકળ્યા છે. સ્વધર્મપાલનનો જે લોકો થોડો ઘણો પ્રયાસ પણ કરતા હોય છે, તેમને અનેક પ્રકારની પીડા તથા દુઃખો દ્વારા ત્રાસ આપવામાં આવી રહ્યો છે. એવી સ્થિતિમાં સજ્જનો વ્યગ્ર થઈ જાય એ સ્વાભાવિક વાત છે. એવી સ્થિતિનો સામનો કરવાને માટે કેવળ શ્રીકૃષ્ણ જ અમારો ભરોસાપાત્ર આશ્રય બની શકે છે.

(૩) બધાં પવિત્ર સ્થળો મંદિર, આશ્રમ, વન, પર્વત, સરોવર, ગંગા વગેરે તીર્થ, પૈસાના લાલચુ તથા દુષ્કર્મમાં ડૂબેલા ધર્મનો વાવટો ફરકાવનાર ઉપદેશક, પંડા, પૂજારી, પુરોહિતોથી ઘેરાઈ ગયાં છે. એ કારણને લીધે આ પવિત્ર સ્થળોનો જેવો આધિદૈવિક પ્રભાવ પ્રકટ થવો જોઈએ તેવો દેખાતો નથી, પરંતુ જે ભક્તોમાં શ્રીકૃષ્ણની લાલસા છે તેમની કોઈ દિવસ દુર્ગતિ નહિ થાય.

(૪) કર્તા (એટલે કરનાર–ધર્મનું આચરણ કરનાર) તો ધર્મનું ચોથું અંગ મનાય છે. વર્તમાન યુગમાં ધર્મભાવનાથી પ્રેરાઈને ધર્મકાર્યો કરવાવાળા કર્તા દુર્લભ બની ગયા છે. બધાં ધાર્મિક કાર્યો કહેવાતા પંડિત લોકો દ્વારા રાજસી–તામસી પ્રકૃતિવાળા જ મ્લેચ્છોના અનુસરણ (એટલે દેખાદેખી) તથા અનુકરણ (બીજાએ કર્યું તેમ કરવાની વૃત્તિ)ના રૂપમાં કરવામાં આવી રહ્યાં છે. અને પછી પણ ધનની તથા યશની લોલુપતા જ તેમનો મુખ્ય હેતુ હોય છે. આમ

હોવા છતાં બુદ્ધિપ્રેરક શ્રીકૃષ્ણનાં ચરણારવિંદોનો જેમને આશરો છે તેમને એવી ક્ષુદ્ર લાલસાઓથી શ્રીકૃષ્ણ જ ચોક્કસ બચાવશે.

(૫) ધર્મના પાંચમા આવશ્યક અંગ મંત્રોમાં પણ હાલમાં હોવો જોઈએ તેવો પ્રભાવ બાકી રહ્યો નથી. કોઈ યોગ્ય લાયકાત ધરાવનાર ગુરુની સમક્ષ પ્રણિપાત એટલે દંડવત્ પ્રણામ, પરિપ્રશ્ન (એટલે વિદ્યા સંબંધી વિનય યુક્ત પ્રશ્નોત્તરી) તથા પરિચર્યા (ગુરુની સેવા)ના શાસ્ત્રમાં કહ્યા મુજબની વિધિ અનુસાર તે તે મંત્રોના જુદા જુદા ન્યાસ, તાત્પર્ય તથા વિનિયોગના સંપૂર્ણ જ્ઞાન તથા મંત્ર માટે અપેક્ષિત વ્રત તથા શુદ્ધિના પાલનપૂર્વક દીક્ષા ગ્રહણ કરવાથી મંત્રોમાં પ્રભાવ ઉત્પન્ન થાય છે. આ બધાથી ઊલટું આજકાલ અયોગ્ય તથા અનધિકારી વ્યક્તિઓ દ્વારા અશાસ્ત્રીય વિધિથી અને ન્યાસ, તાત્પર્ય તથા વિનિયોગના પૂરા જ્ઞાન વગર તથા મંત્રોને માટે અપેક્ષિત વ્રત વગેરે શુદ્ધિ વિના જ મંત્રગ્રહણની પ્રથા ચાલુ થઈ છે. તેથી મંત્રની આધિદૈવિક અર્થશકિત લુપ્ત થઈ ગઈ છે. ફળની દષ્ટિએ જોતાં બધા મંત્રો પ્રભાવરહિત અને નિષ્ફળ બની ગયા છે, પરંતુ શ્રીકૃષ્ણ તો મંત્રશક્તિને અધીન નથી, ઊલટું બધી મંત્રશક્તિઓ શ્રીકૃષ્ણને અધીન છે. આ કારણને લીધે શ્રીકૃષ્ણનો જ આશ્રય લેવો જોઈએ.

(૬) ધર્મના છઠ્ઠા આવશ્યક અંગ કર્મનું પણ સ્વરૂપ ભ્રષ્ટ થઈ ગયું છે, કારણકે જગતમાં અનેક પ્રકારના વાદ ચાલી નીકળ્યા છે. જે કર્મો શાસ્ત્રદષ્ટિથી આવશ્યક હોય છે તેમને આ બધા વાદો નિરર્થક માની લે છે—જે કર્મો શાસ્ત્રીય દષ્ટિથી બહુ જરૂરી નથી હોતાં તે કર્મોને આ બધા વાદો અનિવાર્ય સિદ્ધ કરે છે. જે વાદો શાસ્ત્રોના પ્રામાણ્ય (સાબિતી)ને માને છે તે વાદો પણ અર્ધશ્રદ્ધાથી શાસ્ત્રોના પોતાના મનથી માની—કલ્પી લીધેલા અર્થ કાઢી લે છે. શાસ્ત્રોના આ પ્રકારના ખોટા અર્થ કરવાને લીધે ભ્રમમાં પડેલા અનુયાયીઓ શાસ્ત્રીય કર્મોનાં અનુષ્ઠાન પણ ખોટી રીતે કરવા લાગી જાય છે. જેવી રીતે કર્મોને ન કરવાથી કર્મોનું સ્વરૂપ નાશ થાય છે. તેવી જ રીતે વિપરીત રીતે કરવાથી કર્મોનો ફળની દષ્ટિએ નાશ થાય છે એટલે કે તેનાં ફળ મળતાં નથી. મોટે ભાગે યથાવિધિ કર્મોનાં અનુષ્ઠાન કરવાવાળા પણ કેવળ દુનિયાને દેખાડવાને માટે કર્મોનાં અનુષ્ઠાનનું પાખંડ જ કરતા હોય છે. આ જ કારણને લીધે કર્મોનો પ્રભાવ જ ક્ષીણ થઈ ગયો છે. આમ હોવા છતાં અન્યાશ્રયરૂપી દોષથી રહિત થઈને શ્રીકૃષ્ણમાં આશ્રયની વૃત્તિ રાખવી એ કદી નિષ્ફળ જતી નથી. આ કારણને લીધે કૃષ્ણ જ હવે એકમાત્ર આશ્રય કરવા યોગ્ય રહી ગયા છે.



આ રીતે પ્રથમ ત્રણ શ્લોકોમાં લોકનાશનું અને બીજા ત્રણ શ્લોકોમાં ધર્મનાશનું નિરૂપણ કર્યા પછી, જેવી રીતે શ્રીમદ્ભાગવતના બારમા સ્કંધમાં પાંચ પ્રકારના આશ્રયનું નિરૂપણ માની લેવાયું છે, તેવી જ રીતે શ્રીકૃષ્ણની આશ્રયરૂપતાનું પણ પાંચ જ શ્લોકોમાં વર્ણન કરવામાં આવ્યું છે. સાતમા શ્લોકમાં કર્મમાર્ગીય દષ્ટિકોણથી, આઠમા શ્લોકમાં જ્ઞાનમાર્ગીય દષ્ટિકોણથી, નવમા શ્લોકમાં ભક્તિમાર્ગીય દષ્ટિકોણથી તથા દશમા અને અગિયારમા શ્લોકમાં પ્રપત્તિમાર્ગીય દષ્ટિકોણથી પણ એકમાત્ર શ્રીકૃષ્ણ જ આશ્રય કરવા યોગ્ય છે એ દર્શાવવામાં આવી રહ્યું છે.

(૭) કૃષ્ણ બધાનો ઉદ્ધાર કરવાવાળા છે. તેથી સુસાધન (એટલે સાધનવાળા) તથા નિઃસાધન (એટલે સાધન વગરના) અને દુષ્ટ સાધન (એટલે ખરાબ સાધન ધરાવનાર) જીવોનો પણ ઉદ્ધાર કરવામાં સમર્થ છે. અજામિલનું ઉપાખ્યાન શ્રીમદ્ભાગવતના છઠ્ઠા સ્કંધમાં ઉપલબ્ધ છે. એ બતાવે છે કે કેવાં કેવાં નિંદ્ય કર્મોમાં ડૂબેલો હોવા છતાં પણ ભગવાનની કૃપાને કારણે તેના બધાય દોષ નરકની પીડા ભોગવ્યા વગર પણ નાશ પામ્યા. આથી કર્મમાર્ગીય દષ્ટિથી જોતાં કેવળ શ્રીકૃષ્ણ જ આશ્રય કરવા યોગ્ય છે. અજામિલના પ્રસંગમાં જેવી રીતે ભગવાને પોતાના નામના માહાત્મ્યને પ્રકટ કર્યું, એવી જ રીતે શ્રીકૃષ્ણના ધ્યાનાર્ચન (પૂજા) વગેરેનું પણ માહાત્મ્ય ત્યાં બતાવવામાં આવ્યું છે. મૂલતઃ કૃપા જ સાધન છે. બાકી ઉદ્ધારનું કાર્ય તો ભગવાન શાસ્ત્રથી વિહિત (ફરમાવવામાં આવેલ), અવિહિત અથવા નિષિદ્ધ (મનાઈ કરવામાં આવેલ) કર્મોને પણ સફળ બનાવીને કરી શકે છે. શ્રીકૃષ્ણનું આ જ તો માહાત્મ્ય છે કે તેઓ કામ, ભય, દ્વેષ, સંબંધ, સ્નેહ અથવા તો ભક્તિ એમાંના કોઈ પણ ભાવથી પ્રેરાયેલ કર્મને પોતાની કૃપા પ્રકટ થવાનું નિમિત્ત (બહાનું અથવા કારણ) બનાવી શકે છે. એટલા માટે જ "શ્રીકૃષ્ણ જ મારી ગતિ છે"

(૮) જ્ઞાનમાર્ગીય દષ્ટિકોણથી પણ આઠ વસુ, અગિયાર રુદ્ર, બાર આદિત્ય, ઈન્દ્ર તથા પ્રજાપતિ, અથવા તો અગ્નિથી માંડીને બ્રહ્મા, વિષ્ણુ, શિવ સુધીના તેત્રીસ કરોડ દેવતાઓ એ બધા ભગવાનના અંશ કલાવતાર—રૂપ છે અને ભગવાનની સર્વભવન (બધું બની શકે એવી) શક્તિરૂપા માયા અથવા તો પ્રકૃતિ દ્વારા ધારણ કરવામાં આવેલ ભગવદ્રૂપ છે. એટલે જ તેઓ આવિર્ભાવ (પ્રકટ થવું) તથા તિરોભાવ (અદશ્ય થવું) ની શક્તિ ધરાવે છે. અક્ષરબ્રહ્મ જો કે દેશથી, કાળથી તથા સ્વરૂપથી અપરિચ્છિન્ન (અસીમિત) તથા પુરુષોત્તમથી

અવિચ્છિન્ન (જુદા નહિ રહેલા) હોય છે, તોપણ અક્ષરબ્રહ્મ એ તો ભગવાનનું જ્ઞેય (જાણી શકાય એવું) રૂપ છે, પરંતુ ભજનીય રૂપ નથી. તેથી અક્ષરબ્રહ્મનો ગણિતાનંદની જેમ અનુભવ થાય છે, પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણની જેમ અગણિતાનંદના રૂપમાં નહીં. આ કારણને લીધે ઉપાસનામાર્ગીય દેવોની અને જ્ઞાનમાર્ગીય અક્ષરબ્રહ્મની સરખામણીમાં પણ ઉપાસ્યપણું જોતાં, જ્ઞેયત્વ (જાણવાપણું) જોતાં યા તો ભજનીયત્વ (ભજન કરવાપણું) જોતાં પણ એક માત્ર શ્રીકૃષ્ણ જ આશ્રય કરવા યોગ્ય છે.

(૯) ભક્તિમાર્ગીય દષ્ટિકોણથી પણ પૂરેપૂરા વિવેક, ધૈર્ય યા તો ભક્તિના અભાવમાં પણ કોઈ ગમે તેટલું પાપાસક્ત ભલેને હોય પરંતુ દીનતાની સાથે એકવાર જીવ શરણાગતિ સ્વીકારી લે તો ઘણા દુષ્ટ આચરણવાળાને પણ સાધુ પુરુષ બનાવી દેનારી શ્રીકૃષ્ણની ભક્તિનો લાભ મળી જ જાય છે.

(૧૦–૧૧) પ્રપત્તિમાર્ગમાં તો (એટલે ભગવાનને શરણે જવાના માર્ગમાં તો) શ્રીમદ્ભગવદ્ગીતામાં ભગવાને પોતે જ અર્જુનને કહ્યું છે કે "સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ, અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ–બધા ધર્મોનો ત્યાગ કરીને એકલા મારે જ શરણે આવ, હું તને બધાં પાપોથી છોડાવીશ, તું વિચાર ન કર." તેથી કર્તુમ્ (કરવાને), અકર્તુમ્ (કરેલાને મિથ્યા કરવાને) તથા અન્યથા કર્તુમ્ (એથી ઊલટું–જુદું કરવાને) શક્તિમાન–સર્વસમર્થ તથા ભક્તોના બધા મનોરથોને પૂર્ણ કરવાવાળા શ્રીકૃષ્ણ જો શરણે આવેલા જીવોનો ઉદ્ધાર નહીં કરે તો બીજું કોણ કરશે ? તેથી શ્રીમહાપ્રભુજી બધા પુષ્ટિજીવોને ખાતરી આપવા માગે છે કે આ કૃષ્ણાશ્રયસ્તોત્રનો જે કોઈ શ્રીકૃષ્ણના સાન્નિધ્યમાં પાઠ કરશે તો એ પાઠ કરનારનો શ્રીકૃષ્ણ આશરો બનશે, જેમ કે આખા બ્રહ્માંડના સ્વામી હોવા છતાં પણ પોતાના આશ્રિત એવા વ્રજભક્તોને માટે નાના સરખા ગોકુળ ગામના નાથ શ્રીકૃષ્ણ બન્યા જ છે!

આપણે જોઈ શકીએ છીએ કે આ જ કૃષ્ણાશ્રયસ્તોત્રને કારણે બૂલા મિશ્રને વિદ્વાનોને દુર્લભ એવી માત્ર વાણીની સિદ્ધિ જ પ્રાપ્ત થઈ ન હતી, પરંતુ એથી વિશેષ સિદ્ધિ માનસી સેવામાં ઉપયોગી નીવડનાર અલૌકિક મન પણ સિદ્ધ થઈ ગયું. કહ્યું છે ને કે "અલૌકિકમનઃ સિદ્ધૌ શરણં ભાવયેદ્ હરિમ્" એટલે કે અલૌકિક મનની સિદ્ધિ મેળવવા માટે હરિને શરણે જવું. વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં કહેવામાં આવેલ વિવેક તથા ધૈર્ય તો સિદ્ધ થાય કે ન થાય તો પણ ઐહિક (આ લોક સંબંધી) તથા પારલૌકિક (બીજા લોક સંબંધી) એવા બધા વિષયોમાં શ્રીકૃષ્ણનો આશ્રય



બધાંને માટે હંમેશા–હિતકારી જ થાય છે. આજ કૃષ્ણાશ્રયને દઢ કરવા માટે આ સ્તોત્રની રચના કરવામાં આવી છે.

"કૃષ્ણાશ્રયમિદં સ્તોત્રં યઃ પઠેત્ કૃષ્ણસન્નિધૌ ।<br>
તસ્યાશ્રયોભવેત્ કૃષ્ણઃ ઈતિ શ્રીવલ્લભોઽબ્રવીત્ ॥"

"આ કૃષ્ણાશ્રયસ્તોત્રનો શ્રીકૃષ્ણના સાન્નિધ્યમાં જે કોઈ પાઠ કરશે તેનો શ્રીકૃષ્ણ આશ્રય બનશે એમ શ્રીવલ્લભે કહ્યું છે".

**ઈતિ શમ્**

# ૧૦. ચતુઃશ્લોકી

ચતુઃશ્લોકીની રચના શ્રીમહાપ્રભુજીએ વિ. સં. ૧૫૮૦ યા તો વિ. સં.૧૫૮૨માં કરી હતી એવી કિંવદન્તી મળે છે. (શ્રીનાગરદાસ બાંભણિયા લિખિત લેખ, વૈષ્ણવવાણી અંક ૪ વર્ષ ૧૯૭૯). આ ગ્રંથ કયા ભાગ્યવંત ભગવદીયને માટે લખવામાં આવ્યો હતો તેનો પત્તો લાગતો નથી, પરંતુ ચોરાસી વૈષ્ણવોની વાર્તા પ્રમાણે રાણા વ્યાસ અને ભગવાનદાસ સાંચોરાએ શ્રીમહાપ્રભુજીના મુખકમળથી આ ગ્રંથનું અધ્યયન કર્યું હતું.

દરેક માણસના જીવનમાં ધર્મ–અર્થ–કામ–મોક્ષરૂપ પુરુષાર્થોનું કંઈક ને કંઈક ખાસ પ્રકારનું સ્વરૂપ તથા સ્થાન હોય જ છે. એ જુદી વાત છે કે જુદા જુદા માર્ગો અનુસાર બીજભાવ, રુચિ (ગમો–અણગમો), સંગ અથવા દેશ–કાલાદિની સ્થિતિને અનુરૂપ તે તે માર્ગોના જીવોમાં પુરુષાર્થ સંબંધી ધારણાઓ જુદા જુદા પ્રકારની જોવામાં આવે છે. પુષ્ટિમાર્ગીય જીવોની ધર્માર્થકામમોક્ષ સંબંધી ધારણાઓના આદર્શ સ્વરૂપનો વિચાર આ ચતુઃશ્લોકી ગ્રંથમાં કરવામાં આવ્યો છે.

સ્વમાર્ગીય ધર્માર્થકામમોક્ષથી જુદા પ્રકારના પુરુષાર્થોના ચક્કરમાં જ્યારે કોઈ પડી જાય છે, ત્યારે નિષ્ફળતા, નિરાશા, મુઝારો, ક્ષોભ (ખળભળાટ, સંકોચ) તથા આત્મકેંદ્રિત વૃત્તિ તરફ જ તે અગ્રસર બની જાય છે. આ જગતમાં બધાય પ્રકારના જીવો છે અને બધાયને બધા પ્રકારના સંગ પણ મળી જાય છે. આ આકસ્મિક આવી પડતા સંગોને કારણે કોઈ કોઈ વખત આપણી અંદર એક એવી અસ્વાભાવિક અહંતા–મમતા પેસી જાય છે, જે આપણા પોતાના માર્ગના ન હોય તેવા ધર્માર્થકામમોક્ષના પ્રકારોની તરફ આપણને દોરી જાય છે.

ગોધરાના રાણા વ્યાસને પણ શરૂઆતમાં એક વૈરાગી બાવાની સોબત મળી હતી. એ વૈરાગી બાવાની તીર્થયાત્રાની વાતો સાંભળીને રાણા વ્યાસને લાગ્યું કે જીવનનું સાચું સુખ તીર્થોની યાત્રા કરતા રહેવામાં જ હોવું જોઈએ. તેથી પોતાના માતાપિતાને કંઈ પૂછ્યા ગાછ્યા વગર જ એક રાત્રે તેઓ ઘરની બહાર નાસી ગયા, પરંતુ તેમનું મન કોઈ પણ તીર્થનાં દર્શનથી પ્રસન્ન થઈ શક્યું નહિ.



શરૂઆતથી જ તેમને વિદ્યાભિમાન તથા જિતેન્દ્રિય હોવાનું અભિમાન તો હતું જ. તેમાં પાછું માતાપિતાના મૃત્યુ પછી તેમને પાંચ દશ હજાર રૂપિયા પણ વારસામાં મળ્યા. એના ફળસ્વરૂપે તેમને ધનનું અભિમાન પણ થઈ ગયું! એકંદરે તેઓ પોતાની જાતને શક્તિશાળી, સફળ અને ઊંચી કક્ષાના વિદ્વાન માનતા થઈ ગયા. ધીમે ધીમે પોતાના ગામના લોકો તો તેમને ગમાર જ લાગવા માંડ્યા. તેથી કાશીના વિદ્વાનોની સાથે ટક્કર લેવાની લાલસા તેમના દિલમાં જાગી અને એક દિવસ તેઓ કાશી પહોંચી ગયા, પરંતુ ત્યાં ગયા પછી બધું ઊલટું જ બન્યું. જે જે પંડિતોની સાથે તેઓ ટકરાયા એ બધાથી તેમને શાસ્ત્રાર્થમાં પરાજિત થવું પડ્યું! આનાથી તેઓ ઘણા વધારે લજ્જિત થઈને ગંગામાં કૂદકો મારીને પ્રાણત્યાગ કરવા ઈચ્છતા હતા. આ આપઘાત પણ દિવસના અજવાળામાં કરવામાં તેમને સંકોચનો અનુભવ થઈ રહ્યો હતો. તેથી ગંગાજીના કિનારા પર બેઠા અને રાત્રિના એકાંત તથા અંધકારની પ્રતીક્ષા કરવા લાગ્યા! એ વખતે શ્રીમહાપ્રભુજીનું પણ ત્યાં પધારવું થયું. સંજોગવશાત્ (એટલે "કાગનું બેસવું અને ડાળનું પડવું" એ કહેવત પ્રમાણે થયું એવું કે) કોઈ એક વૈષ્ણવે શ્રીમહાપ્રભુજીને પ્રશ્ન કર્યો કે ગંગામાં ડૂબીને મરવાવાળાની શી ગતિ થાય છે? જવાબમાં શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે અહંકારને આધીન થઈને, લડીને તથા ઝઘડો કરીને ડૂબવાવાળાને સર્પયોનિ મળે છે અને આત્મહત્યાનું પાપ પણ લાગે છે, પરંતુ દીનભાવથી સંન્યાસ લઈને અને પોતાના મનને ભગવાનમાં એકાગ્ર બનાવીને જે લોકો ગંગાજીમાં પ્રાણત્યાગ કરે છે તેમની દુર્ગતિ થતી નથી.

આ વાતચીત સીધી જઈને રાણા વ્યાસને હૃદય સોંસરવી ઊતરી ગઈ અને તેઓ દોડીને શ્રીમહાપ્રભુજીનાં ચરણોમાં આવીને પડ્યા. પોતાની આત્મકથા સંભળાવીને શ્રીમહાપ્રભુજીની શરણયાચના કરવા લાગ્યા. શ્રીમહાપ્રભુજીએ ગંગાસ્નાન કરવાનો આદેશ આપ્યો અને એ પછી બ્રહ્મસંબંધની દીક્ષા આપી. તરત જ શ્રીમહાપ્રભુજીએ તેમને ચતુઃશ્લોકીનો ઉપદેશ પણ આપ્યો હતો. તેઓ પુષ્ટિ સંપ્રદાયના સારા વિદ્વાન થયા. શ્રીમહાપ્રભુજીવિરચિત બીજી પણ અણુભાષ્ય સુબોધિની વગેરે ગ્રંથોની એમના દ્વારા લખાયેલી (હસ્તલિખિત) પ્રતિઓ આજ પણ ઉપલબ્ધ થાય છે.

આ ચતુઃશ્લોકીના અધ્યયનથી રાણા વ્યાસને પોતાના વાસ્તવિક ધર્મ, અર્થ, કામ તથા મોક્ષરૂપ પુરુષાર્થોનું જ્ઞાન થયું અને તેઓ મિથ્યા વૈરાગ્ય, ધન તથા વિદ્વત્તાના અહંકારથી મુક્ત થયા. સાથોસાથ આ અહંકારની વિફલતાથી પેદા થયેલ કુંઠા

(નિષ્ફળતાની ભાવના) તથા આત્મઘાતની પણ ક્ષુદ્ર ભાવનાઓ પર કાબૂ મેળવી શક્યા. તેઓ એક આદર્શ ભગવદીય જેવું ભગવત્સેવા તથા ભગવત્સ્મરણમાં પરાયણ પુષ્ટિમાર્ગીય જીવન જીવવામાં શક્તિમાન થઈ શક્યા.

પુષ્ટિમાર્ગીય ભક્તિ નિષ્કામ–નિરુપાધિક (કોઈ પણ જાતની ઉપાધિ–લક્ષણો–માગણીઓ–શરતો વિનાની) હોય છે. સ્વયં ભગવાનની કૃપા જ પુષ્ટિજીવના હૃદયમાં ભક્તિનું રૂપ ધારણ કરી લે છે. ભગવાનની કૃપા કંઈ જીવે કરેલાં સાધનો ઉપર આધાર રાખતી નથી. એ તો કોઈ પણ જાતના હેતુ વગર જ પ્રકટ થાય છે. જે જીવમાં એ ભગવત્કૃપા બીજભાવના રૂપમાં અસ્તિત્વમાં હોય છે એ જીવમાં એ પ્રેમ, આસક્તિ, વ્યસન તથા અલૌકિક સામર્થ્યના રૂપમાં અંકુરિત, પલ્લવિત, પુષ્પિત તથા ફલિત થવાની જુદી જુદી અવસ્થાઓમાં 'પુષ્ટિભક્તિ' એ શબ્દથી ઓળખવામાં આવે છે. ભગવદનુગ્રહને જ આ કારણને લીધે દિશાભેદથી, 'પુષ્ટિ' તથા 'પુષ્ટિભક્તિ' કહેવામાં આવે છે. એ કૃપા જ્યારે ભગવાન તરફથી ભક્તની દિશામાં વહે છે ત્યારે તેને આપણે 'પુષ્ટિ' કહીએ છીએ અને જ્યારે જીવના હૃદયમાં પ્રતિબિંબિત (પરાવૃત્ત) થઈને પાછી ભગવાનની દિશામાં અગ્રસર (વહેતી) થાય છે ત્યારે તેને આપણે "પુષ્ટિભક્તિ" કહીએ છીએ. કોઈ જાતના કારણ વગર જ જ્યારે ભગવાન કોઈ એક જીવની ઉપર પોતાની કૃપા યાને પુષ્ટિવર્ષા કરે છે અને એ કૃપાની વૃષ્ટિ હૃદયના પ્રદેશમાં સમાઈ નથી શકતી ત્યારે છલકાઈ જઈને, પુષ્ટિભક્તિની સરિતાના રૂપમાં વહેવા લાગી જાય છે! એ જ કૃપાના સાગર પરમાત્માની તરફ કે જ્યાંથી પ્રકટીને કૃપાના મેઘ જીવ પર વરસ્યા હતા!!

આથી જેમ કૃપાની પહેલાં ન કોઈ કારણનું અસ્તિત્વ છે અને કૃપા થયા પછી ન કોઈ હેતુનું પ્રયોજન પણ, એવી જ રીતે પુષ્ટિભક્તિની પૂર્વે ન કોઈ કારણનું અસ્તિત્વ છે તેમ જ પુષ્ટિભક્તિ થયા પછી ન કોઈ હેતુ કે પ્રયોજન પણ. માત્ર અનુગ્રહ (એટલે કૃપા) જ ભક્તના હૃદયથી પરાવૃત્ત થઈને પુષ્ટિભક્તિ બની જાય છે. તેથી જ સુબોધિનીજીના ૧–૧૯–૧૬ માં કહ્યું છે "સ્નેહ જુદો પદાર્થ છે...એ ભગવાનમાં જ રહેનારો હોય છે. ભગવાનને વિષય બનાવનારો અથવા તો જ્ઞાનની જેમ, ઐશ્વર્યની જેમ અથવા ભગવાન સાથેના સંબંધને લીધે તેમની સાથે નિકટપણાને લીધે બીજે સ્થળે પણ હોય એમ ભાસે છે. ઉષ્ણ સ્પર્શની માફક જેમ જેમ ભગવાનની સાથે નિકટતા સધાતી જાય છે તેમ તેમ સ્નેહ અતિશય પ્રકટે છે."



સ્વાભાવિક રીતે જેવી પ્રવાહમાર્ગમાં હોય છે તેવી આ લોક સંબંધી પુરુષાર્થ–અર્થ તથા કામની સિદ્ધિની કામના, અથવા તો મર્યાદામાર્ગમાં હોય છે તેવી ધર્માર્થકામમોક્ષરૂપ પુરુષાર્થોની સિદ્ધિની કામના, પુષ્ટિમાર્ગીય જીવના હૃદયમાં ચિરસ્થાયી નથી બની શકતી. એવા પુષ્ટિભક્તોના પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ અથવા મોક્ષનું સ્વરૂપ, અન્યમાર્ગીય પુરુષાર્થોથી જુદાં લક્ષણો ધરાવતું હોય એ સ્વાભાવિક જ છે. શ્રીમહાપ્રભુજીએ આ ચતુઃશ્લોકીમાં પુષ્ટિભક્તિમાર્ગીય પુરુષાર્થોનું વિલક્ષણ રૂપ આપણને સમજાવ્યું છે. ચતુઃશ્લોકી ગ્રંથના આ ચારેય શ્લોક શ્રીમદ્‌ભાગવતમાંની વૃત્રાસુરચતુઃશ્લોકીના ચાર શ્લોકો સાથે ગાઢ સામ્ય ધરાવે છે. વૃત્રાસુરચતુઃશ્લોકીના પણ ચાર શ્લોકોમાં આ જ પુષ્ટિમાર્ગીય ચાર પુરુષાર્થોનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવેલું છે. શરૂઆતના ત્રણ શ્લોકો ઉપર શ્રીપ્રભુચરણની વિવૃત્તિ (વિવરણ–ટીકા) ઉપલબ્ધ થાય છે તથા છેલ્લા શ્લોક ઉપર શ્રીમહાપ્રભુજીવિરચિત વિવૃત્તિ મળી આવે છે. આ છેલ્લા શ્લોકની વિવૃત્તિની શરૂઆતમાં શ્રીમહાપ્રભુજીએ એક સંગ્રહશ્લોક આપ્યો છે.

પુષ્ટિમાર્ગે હરેર્દાસ્યં, ધર્મોઽર્થો હરિરેવ હિ ।
કામો હરિદિદક્ષૈવ, મોક્ષો કૃષ્ણસ્ય ચેદ્ ધ્રુવમ્ ॥

અર્થ : શ્રીહરિના દાસ હોવું જ પુષ્ટિમાર્ગીય ધર્મ છે. પુષ્ટિભક્તોના અર્થ (ધન–દોલત) સ્વયં શ્રીહરિ જ છે. શ્રીહરિનાં દર્શનની કામના જ પુષ્ટિમાર્ગીય કામ (ઇચ્છા) છે તથા સર્વાત્મભાવથી શ્રીકૃષ્ણના જ બની જવું એ જ પુષ્ટિભક્તનો મોક્ષ છે.

આ સૂત્રનું ભાષ્ય વૃત્રાસુરચતુઃશ્લોકીમાં તથા આ શ્રીમહાપ્રભુજી–વિરચિત ચતુઃશ્લોકીમાં પણ આપણને મળે છે.

પુષ્ટિમાર્ગમાં ભગવાનની સાથે જીવનો સંબંધ રસાત્મક હોય છે. રસમીમાંસામાં રતિ–સ્નેહના સંયોગ તથા વિયોગ એવા બે પક્ષ માનવામાં આવ્યા છે. તેથી ભક્તિમાર્ગમાં ભગવાનની અનુભૂતિ (સાક્ષાત્કાર) જ્યારે સંયોગ અથવા વિયોગ એ બેમાંથી કોઈ પણ એક પ્રકારની હોય છે, તો એ અનુભૂતિ અપૂર્ણ માનવામાં આવતી હોય છે. આ જ કારણથી તેને ભક્તની સાધન અવસ્થા પણ માનવામાં આવે છે. રસ તો દ્વિદલ (બે દલ એટલે બે ફાડ–બે પડવાળો) છે. તેથી સંયોગ તથા વિયોગ એ બન્ને અવસ્થાઓમાં જ્યારે ભગવાનની અનુભૂતિ થવા માંડે તો ફલાવસ્થા માનવામાં આવે છે. એ પ્રમાણે ધર્મ તથા કામની સિદ્ધિ

સાધનાવસ્થાની પરિપકવતા છે. અને અર્થ તથા મોક્ષની સિદ્ધિ ફલાવસ્થા છે. કારણ કે ધર્મમાં–વ્રજાધિપના ભજનમાં કેવળ સંયોગનો અનુભવ થાય છે તથા કામમાં–હરિદર્શનની તીવ્ર ઈચ્છામાં કેવળ વિયોગનો અનુભવ થાય છે. જ્યારે અર્થ–ભગવાનનું રસાત્મક સ્વરૂપ તો દ્વિદલાત્મક જ છે, તેથી મોક્ષ–ભગવાનના ભજનમાં સંયોગનો અનુભવ તથા ભગવાનના સ્મરણમાં વિયોગનો અનુભવ જ્યારે નિરંતર અથવા તો એક પછી એક ક્રમમાં એટલે પગલે પગલે થવા માંડે તો ભગવાનની રસાત્મિકા અનુભૂતિ પોતાની પૂર્ણ અવસ્થાએ પહોંચી જાય છે. પુષ્ટિભક્તને એનો મોક્ષ મળી જાય છે.

## પુષ્ટિભક્તનો ધર્મ (પહેલો પુરુષાર્થ)

પુષ્ટિમાર્ગમાં વ્રજાધિપ જ ભજનીય છે. કારણકે ગીતા તથા શ્રીમદ્ભાગવતના મત મુજબ શ્રીકૃષ્ણ જ પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ પરમાનંદ રૂપ છે. અવ્યય (એટલે જેનો વ્યય–નાશ નથી), અપ્રમેય (એટલે જેને બુદ્ધિબળથી જાણી ન શકાય), નિર્ગુણ (એટલે ત્રણેય ગુણોથી જે પર છે), ગુણાત્મા (એટલે ગુણરૂપ), પરબ્રહ્મ, પરમાત્મા, સર્વ લોકના તથા વૈકુંઠના નાયક ભગવાન જ્યારે પોતાની પૂર્ણતા સહિત વ્રજમાં પોતાની નિત્યલીલા પ્રકટ કરે છે, ત્યારે તેમને "શ્રીકૃષ્ણ" કહેવામાં આવે છે. જીવ ભલે સાધનવાળો હોય યા તો સાધનવિહોણો હોય યા તો દુષ્ટ સાધનોવાળો હોય, પરંતુ બધાય જીવોના નિશ્રેયસ્ (સંપૂર્ણ કલ્યાણ) માટે શ્રીકૃષ્ણ પ્રકટ થાય છે. એ જ એમના પ્રાકટ્યનું પરમ પ્રયોજન છે. જીવોના સાધનબળની પરવા કર્યા વિના પોતાના સ્વરૂપ અથવા સ્વરૂપાનંદના બળ ઉપર જીવોના ઉદ્ધારક હોવાથી શ્રીકૃષ્ણને "સર્વોદ્ધાર–પ્રયત્નાત્મા" (એટલે બધા જીવોનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કરવાવાળા) કહેવામાં આવે છે.

શ્રીકૃષ્ણ બધા જીવાત્માઓના અંશી (જીવ જેનો અંશ–ભાગ–છે તેવા) હોવાને કારણે સહજ બધાના સ્વામી છે. શુદ્ધાદ્વૈત–બ્રહ્મવાદના દષ્ટિકોણથી જોતાં આધ્યાત્મિક રૂપમાં બધા જીવાત્માઓ તેમના અંશ હોવાને કારણે શ્રીકૃષ્ણના સહજ દાસ છે. પરંતુ લીલાના હેતુથી કોઈ કોઈ જીવો પર શ્રીકૃષ્ણ પોતાની સહજ કૃપા પ્રકટ કરે છે, ત્યારે આધિભૌતિક રૂપમાં આ ભૂતલ પર અને આધિદૈવિક રૂપમાં વ્યાપિવૈકુંઠમાં પણ એવા જીવોને પોતાની સ્વરૂપસેવાનો અવસર પ્રદાન કરે છે. એવા જીવોને પુષ્ટિજીવ સમજવા જોઈએ. આ સેવાનો અવસર જીવાત્મા તથા પરમાત્માની વચ્ચે કોઈ પણ ભાવોના રસાત્મક સંબંધો દ્વારા સ્થાપિત થઈ શકે છે. જેમ કે સેવક, પુત્ર, માતા–પિતા, સખા યા તો પ્રિયતમ આદિ રૂપમાં



જીવાત્મા તથા પરમાત્માની વચ્ચે જ્યારે કોઈ સંબંધ સ્થાપિત થઈ જાય, આધિભૌતિક જગતમાં યા તો આધિદૈવિક નિત્યલીલામાં, ત્યારે ભગવાનનું એ સ્વરૂપ તથા એ લીલા પુષ્ટિસ્વરૂપ તથા પુષ્ટિલીલા કહેવાય છે. અખિલ બ્રહ્માંડના નાથનું શ્રીમદ્ ગોકુળના નાથ બનવું એ પુષ્ટિલીલા છે.

શ્રીકૃષ્ણ કયારેક એવી રીતે પ્રકટ થાય છે કે બધા જીવ તેમનું દર્શન કરી શકે અને કયારેક એવી રીતે પ્રકટ થાય છે કે કોઈક ખાસ પ્રકારના ભક્ત જ તેમનું દર્શન કરી શકે છે. પોતાના એ બંને પ્રકારના પ્રકટરૂપમાં ભક્તની લાયકાત અથવા તો તેના મનોરથો અનુસાર શ્રીકૃષ્ણ વ્યાપિવૈકુંઠ અથવા વ્રજની લીલાઓને પ્રકટ કરી શકે છે. એ જ કારણને લીધે ભક્તોના ભાવોને અનુરૂપ પોતાને પ્રત્યક્ષ મેળવવાની કસોટી પર વ્રજલીલાવિહારી વ્રજાધિપ શ્રીકૃષ્ણ ભક્તોને માટે પૂર્ણતમ પરમાનંદ સ્વરૂપ સિદ્ધ થાય છે, મથુરાના અથવા દ્વારકાના શ્રીકૃષ્ણના પૂર્ણ પરમાનંદ–સ્વરૂપ હોવા છતાં યે. આ જ કારણને લીધે વ્રજભક્તોને માટે તથા વ્રજભક્તોની ભાવના અનુસાર ભક્તિ કરવાવાળા ભક્તોને માટે વ્રજાધિપ શ્રીકૃષ્ણ જ સમગ્ર પુષ્ટિફળોના દાતા તથા પુષ્ટિફલરૂપ પણ છે–પેલા સૂત્રમાં કહ્યું છે તે પ્રમાણે –"અનન્યગોકુલસ્વામી ફલદાતા ફલાત્મકઃ" એટલે કે "અનન્ય ગોકુલના સ્વામી ફલદાતા પણ છે અને પોતે જ ફલરૂપ પણ છે."

વ્રજાધિપનું આ ભજન કેવી રીતે અને કેવા ભાવથી કરવું જોઈએ? શ્રીમહાપ્રભુજી ઉત્તર આપે છે. "સર્વભાવથી" "ત્વમેવ સર્વ મમ દેવદેવ !"માં કહ્યા મુજબ "હે દેવાધિદેવ! તું મારે માટે સર્વસ્વ છે" એ ભાવથી–મારાં માતાપિતા, બંધુ–મિત્ર, પુત્ર, ધન–વિદ્યા વગેરે જે કહું તે બધું ભગવાન જ છે. એવા ભાવની સાથે ભજન કરવું જોઈએ. કેવળ મધુર ભાવથી પણ ભજન કરી શકાય છે.

શ્રીકૃષ્ણ જ્યારે પરમાત્મા, સ્વામી, પુત્ર, મિત્ર અગર પ્રિયતમ જેવાં રૂપો ધારણ કરીને આપણા ભાવોના આલંબન (વિભાવ) બને છે, ત્યારે તેને અનુરૂપ શ્રીકૃષ્ણના પ્રત્યે ખીલેલો આપણો સ્થાયિભાવ પણ ભગવદાત્મક જ હોય છે. શ્રીકૃષ્ણના જે રૂપ સાથે આપણે સ્નેહ કરતા હોઈએ એ બાહ્ય રૂપ તથા આપણા હૃદયની અંદર રહેલો સ્નેહ એ બન્નેય આધિદૈવિક અલૌકિક પરમાનંદરૂપ હોય છે, લૌકિક, આધિભૌતિક યા તો માયિક નહિ. ભક્તોના ભાવ તથા ભાવોના આલંબન બન્નેય શ્રીકૃષ્ણ હોય છે. ભાવના આલંબનના રૂપથી ભગવાન રસભોક્તા છે, તથા રસભાવના રૂપમાં ભગવાનને ભોગ્ય (એટલે ભોગવવાની વસ્તુ) પણ માનવામાં આવે છે. કોઈ કોઈ વખત ભક્તને આધીન થઈને ભગવાન

આલંબનના રૂપમાં પણ ભોગ્યભાવ પ્રકટ કરે છે. એને 'ગૂઢ સ્ત્રીભાવ' કહેવામાં આવે છે. ભોક્તૃભાવ 'પુંભાવ' કહેવાય છે અને ભોગ્યભાવ 'સ્ત્રીભાવ' કહેવાય છે. ભોક્તામાં જ્યારે રસાવેશમાં ભોગ્યભાવ પ્રકટ થઈ જાય તો તેને 'ગૂઢ સ્ત્રીભાવ' કહે છે, અને ભોગ્યમાં જ્યારે ભોક્તૃભાવ પ્રકટ થઈ જાય ત્યારે એને 'ગૂઢ પુંભાવ' કહે છે. ઉદાહરણ તરીકે પ્રત્યેક ગુરુમાં છુપાયેલો એક વિદ્યાર્થી હોય છે અને એવી જ રીતે પ્રત્યેક વિદ્યાર્થીમાં છુપાયેલો એક ગુરુ પણ હોય છે. અધ્યયન–અધ્યાપનની દુર્લભ તન્મયતામાં ગુરુનો ગૂઢ વિદ્યાર્થી ભાવ કયારેક પ્રકટ થાય છે અને એવી જ રીતે વિદ્યાર્થીનો ગુરુભાવ પણ ! આ ગૂઢભાવોનું પ્રાકટ્ય પુષ્ટિની પરાકાષ્ટા છે, બધા પ્રકારના સ્વામી–સેવક, પુત્ર–માતાપિતા, મિત્ર–મિત્ર યા તો પ્રિયા–પ્રિયતમ જેવા સંબંધોમાં, ભક્ત તથા ભગવાનમાં આ ગૂઢ ભાવોને પ્રકટ કરવાના મનોરથથી પણ ભગવાન ભજનીય છે.

જે ભક્તોમાં આવો ગૂઢ ભાવ પ્રકટ થયો અથવા જે ભક્તોને માટે ભગવાને સ્વયં પોતામાં એવા ગૂઢ ભાવ પ્રકટ કર્યા હોય એવા ભક્તોની તરફ દૈન્ય ભાવનું સેવન કરતાં કરતાં ભજન કરવું જોઈએ–"અહં હરે તવ પાદૈકમૂલ–દાસાનુદાસો ભવિતાસ્મિ" એટલે કે "હે હરિ ! હું તારા એકમાત્ર ચરણના સેવકનો પણ સેવક થવાનો છું" એવા દીનતાના ભાવથી ભજન કરવું જોઈએ. આપણા હૃદયમાં જ્યાં સુધી કોઈ એક ચોક્કસ ભાવ સ્થિર ન થઈ જાય ત્યાં સુધી વિવિધ ભાવોની ભાવના કરવા સિવાય બીજો કોઈ ઉપાય નથી. પ્રારંભમાં આ જ કારણસર ભગવત્સેવા વ્રજભક્તોની ભાવનાને અનુસરીને–વ્રજ ભક્તોને આપણા ગુરુ માનીને ભગવત્સેવા કરવી જોઈએ. સાધનાવસ્થામાં આપણી ભક્તિને ભાવનાના માધ્યમથી વ્રજભક્તોના ભાવો સુધી પહોંચાડવી પડશે. કોઈ એક ચોક્કસ દિશામાં વહેતી એક નદીની જેવી ભાવના હોય છે, જે ભાવના રૂપમાં સાગર બની જાય છે. સાગર વહેતો નથી, પરંતુ લહેરાય છે! તેથી વ્રજભક્તોના ભાવોની ભાવના માહાત્મ્યજ્ઞાન–જનિત દૈન્ય અને આત્મા–અંશ તથા પરમાત્મા–અંશીના સહજ અને નિરુપાધિક સ્નેહ સહિત શરૂઆતમાં કૃષ્ણસેવા કરવી જોઈએ. સેવાના આ પ્રકારની જ ભાવદીક્ષા બ્રહ્મસંબંધને સમયે આપવામાં આવે છે. આત્મનિવેદનને સમયે અહંતા તથા મમતાની સાથે જોડાયેલા બધા પદાર્થો તથા સંબંધોને આપણે ભગવાનને સમર્પિત કરવાના હોય છે. આ સર્વસમર્પણના ભાવથી પણ ભગવદ્ભજનમાં પ્રવૃત્ત થવું જોઈએ. આ રીતે "સર્વભાવેન" (એટલે બધા ભાવપૂર્વક) એ કથનમાં બધા ભાવો કહેવા ધારેલા છે.



કોઈ એક ખાસ સમયમાં એક કર્મકાંડની જેમ ભજનનું અનુષ્ઠાન આપણે કરવાનું નથી. એક જીવનપ્રણાલીના રૂપમાં હંમેશા નિરંતર અર્થાત્ કોઈ કાલ યા સમયના નિયમ વગર ભગવાનની સેવામાં તત્પર રહેવું જોઈએ. ભગવાનના ભક્તની બધી ક્રિયાઓ સૂવું–જાગવું, કમાવું–ખાવું યા સ્નેહ કરવો–ઉપેક્ષા કરવી... વગેરે બધી ક્રિયાઓ ભક્ત દ્વારા કરવામાં આવે તે બધી ભગવાનની સેવાના અંગરૂપ જ બની જાય છે.

"પુષ્ટિભક્તને માટે વ્રજાધિપ શ્રીકૃષ્ણ જ ભજનીય છે"–આ કથન ભજન કરવાની આજ્ઞા યા તો વિધિ નથી. કારણ કોઈ આદેશની અવહેલના કરવાને કારણે જે સજા મળી શકે છે એ સજાનો ભય ન હોય તો પછી આદેશનું પાલન આવશ્યક નથી રહેતું ! શ્રીમહાપ્રભુજી આ જ કારણને લીધે આદેશ અથવા હુકમ આપી રહ્યા નથી, પરંતુ ભગવાનના ભજનની આવશ્યકતા આપણને સમજાવી રહ્યા છે. પુષ્ટિપ્રભુની સેવા ન કરવાવાળો પુષ્ટિજીવ પોતાની સહજ આવશ્યકતાઓ વગરનો રહી જાય છે. જેમ કોઈ એક નાનું બાળક પોતાની માતાના દૂધ વિના દુર્બલ થઈ જાય યા તો જેમ કોઈ એક પ્રાણી પ્રાણવાયુ ન મળવાથી બેચેન થઈ જાય, યા તો જેમ કોઈ રોગી ઔષધિ વગર સ્વસ્થ ન થઈ શકે અથવા તો જેમ કોઈ ઊભો પાક વરસાદ ન પડવાને કારણે સુકાઈ જાય ! એવી જ રીતે જે પુષ્ટિજીવથી જે સમયમાં યા તો જે જન્મમાં શ્રીકૃષ્ણની સેવા નથી કરી શકાતી એ સમય તથા જીવન તેનાં નકામાં ચાલ્યાં જાય છે. તેના સ્વરૂપનું કોઈ પ્રયોજન યા તો અસ્તિત્વનો કોઈ અર્થ જ નથી રહેતો ! પુષ્ટિજીવથી વ્રજાધિપની સેવા નભી ન શકે એ નૈતિક અપરાધ નથી, પરંતુ અસ્તિત્વની નિરર્થકતા છે. આ અર્થમાં વ્રજાધિપનું ભજન પુષ્ટિજીવોનો પ્રથમ અને અંતિમ સનાતન ધર્મ છે–તેના અસ્તિત્વનું નિગૂઢ તાત્પર્ય !

આ જ કારણને લીધે શ્રીમહાપ્રભુજી કહે છે કે બધાય દેશ–કાલમાં પુષ્ટિજીવનનું તો આ જ કર્તવ્ય છે–આ જ ધર્મ છે. કોઈ પણ દેશ–કાલમાં આના સિવાય અન્ય કોઈ ધર્મ પુષ્ટિજીવ માટે હોઈ શકે નહિ.

કૃષ્ણસેવા વિના બીજા બધાય ધર્મો પુષ્ટિ જીવના સહજ સ્વાભાવિક ધર્મ નથી હોતા, પરંતુ ઉપાધિવાળા–આકસ્મિક ધર્મો જ હોય છે. અવિદ્યાના બંધનને કારણે આરોપિત અહંતા–મમતાને કારણે અન્ય ધર્મ આપણે માટે કર્તવ્ય બની જતા હોય છે. દાખલા તરીકે સ્ત્રી–પુરુષ, બ્રાહ્મણ–શૂદ્ર, યા ગૃહસ્થી–સંન્યાસી વગેરેના ધર્મ તે તે દેહ, વર્ણ યા આશ્રમનાં અભિમાનોને કારણે આપણે માટે

અનિવાર્ય ધર્મ બની જાય છે. હું સ્ત્રી છું કે પુરુષ છું, હું બ્રાહ્મણ છું કે શૂદ્ર છું, હું ગૃહસ્થ છું યા હું સંન્યાસી છું......વગેરે રૂપોમાં આપણી આરોપિત અહંતાને કારણે તે તે દેહને યોગ્ય, વર્ણને યોગ્ય, યા તો આશ્રમને યોગ્ય કર્તવ્ય આપણે માટે ધર્મ બની જાય છે. આ જ રીતે માતા–પિતા તથા સંતતિ, ભાઈ–બહેન, ગુરુ–શિષ્ય, માલિક–નોકર, સમાજ–વ્યક્તિ, રાષ્ટ્ર–નાગરિક, અથવા પ્રાણી–મનુષ્યના મમતાજનક સંબંધોને કારણે તેમના પ્રત્યે તે તે કર્તવ્યોનો નિર્વાહ આપણી નૈતિક જવાબદારી બની જાય છે.

આપણે જોઈ શકીએ છીએ છે કે અહંતા–મમતા દ્વારા આરોપિત બધાં કર્તવ્યો દેહાભિમાન–મૂલક (દેહાભિમાનથી પ્રકટેલાં) છે. જ્યારે ભગવત્સેવાનું કર્તવ્ય હોવું એ આત્માના વાસ્તવિક સ્વરૂપ–બોધ ઉપર આધાર રાખે છે. આ જ કારણને લીધે બીજાં બધાં કર્તવ્યો દેશ–કાલ–દ્રવ્ય–મંત્ર–કર્મ–કર્તાની શુદ્ધિની અપેક્ષા રાખે છે. જ્યારે ભગવત્સેવા તો કેવળ ભાવની જ અપેક્ષા રાખે છે. પુષ્ટિમાર્ગીય જીવોને માટે ધર્મરૂપ સ્વયં ભગવાન યા ભગવત્સેવા જ છે. ભાવાત્મક પ્રમેયરૂપ ભગવાનને જાણવાનો ઉપાય યા પ્રમાણ ભાવાત્મિકા સેવા જ છે. એટલા માટે જ ભક્તરત્ન વૃત્રાસુર કહે છે–

હે પ્રભુ ! મારે મોક્ષ નથી જોઈતો, પરંતુ મને આપનો દાસ બનાવો. મોક્ષમાં તો જ્ઞાનથી ત્રણ પ્રકારનાં દુઃખ દૂર થઈ જાય છે, પરંતુ મારાં તો દુઃખ સ્વયં આપ હરો તો જ દૂર થવાં જોઈએ. લૌકિક અહંનાં બંધનોથી મુક્ત થવાવાળા જ્ઞાનીઓનો 'સોડહં' (એટલે તે હું છું) વાળો અહં મને ગમતો નથી. મારી અંદર 'દાસોડહં' ('એટલે હું દાસ છું' એવો અહં)નો ભક્તિમય અહં કોઈ દિવસ મટી ન જાય એવું કંઈક કરી દો. જો હું આપનો દાસ બનવાનો અધિકારી ન હોઉં તો મને આપના દાસોનો દાસ બનાવો. મારું મન હે મારા પ્રાણનાથ ! આપના ગુણોને સાંભળતું રહે–મારી વાણી આપના ગુણોને ગાતી રહે–મારી કાયા સર્વદા આપની સેવા કરતી રહે એવા આશિષ મને આપો.

### **પુષ્ટિભક્તનો અર્થ** (બીજો પુરુષાર્થ)

પુષ્ટિભક્ત માટે અર્થ પુરુષાર્થરૂપ સ્વયં ભગવાન જ છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પુષ્ટિજીવોને માટે એ જરૂરનું છે કે તે પોતાની સ્વધર્મરૂપ ભગવત્સેવાને હંમેશાં નિભાવે ('એવં સદા સ્મ કર્તવ્યં' એટલે આ પ્રમાણે સદા કરવું જોઈએ એમ કહ્યું છે). આ કૃષ્ણસેવાને માટે ન તો કોઈ ઐહિક અર્થોપાર્જનના (પૈસા કમાવાના) આધિભૌતિક વ્યવહારમાં પડવાની



જરૂર છે અને ન તો કોઈ પારલૌકિક અર્થોપાર્જનને માટે અન્યાશ્રયવાળી આધિદૈવિક ભૃતકવૃત્તિમાં યે પડવાની જરૂર હોય. ભગવાન તો અન્યાશ્રય અથવા પ્રાર્થનાની અપેક્ષા રાખ્યા વિના ભક્તના હિતમાં અપેક્ષિત ઐહિક–પારલૌકિક યોગક્ષેમ (એટલે પ્રાપ્ત ન થયેલી વસ્તુની પ્રાપ્તિ તે યોગ અને ક્ષેમ એટલે પ્રાપ્ત થયેલી વસ્તુનું રક્ષણ તે ક્ષેમ એ બન્ને)નું દાન તથા સ્વયં પોતાના સ્વરૂપાનંદનું દાન પણ પોતાની મેળે જ કરશે. એમ કરવા માટે તેમને કોઈ લૌકિક–પારલૌકિક સાધનોની યા તો અર્થોની અપેક્ષા નથી. ભગવાન તો ભાવાત્મક છે. તેથી છોલા (ચણા) અને છપ્પનભોગ જે કંઈ ભાવપૂર્વક ધરવામાં આવે તેનો એક સરખા સ્વાદથી જાતે જ સ્વીકાર કરશે. તેથી લૌકિક અર્થ ધન–સંપત્તિ પર આ ભગવત્સેવા આધાર રાખતી નથી.

શ્રુતિમાં કહેવામાં આવ્યું છે.–

નાયમાત્મા પ્રવચનેન લભ્યો
ન મેધયા ન બહુના શ્રુતેન ।
યમેવૈષ વૃણુતે તેન લભ્ય–
સ્તસ્યૈષ આત્મા વિવૃણુતે તનું સ્વામ્ ॥

અર્થ :– આ પરમાત્મા પ્રવચન (વેદાભ્યાસ), મેધા (બુદ્ધિશક્તિ) યા બહુશ્રુતતા (ભણતરવાળી પંડિતાઈ)થી પ્રાપ્ત નથી થતો, પરંતુ પોતાની પ્રાપ્તિને માટે તે જે જીવાત્માને ચૂંટી કાઢે છે તેને જ પરમાત્મા મળે છે–તેની જ સમક્ષ આ પરમાત્મા પોતાનું સ્વરૂપ પ્રકટ કરે છે. તેથી આ પરમાત્મા–સ્વરૂપ અર્થનું ઉપાર્જન (પ્રાપ્તિ) આપણા સાધનથી યા વ્યાપારથી શક્ય નથી. જે જીવાત્માની પસંદગી એ સર્વ સમર્થ પરમાત્મા કરે છે, એ જીવાત્માનાં સાધનોની પરવા એ કરતો નથી. ભગવત્સેવાના અધિકારી એ જ જીવો હોય છે, જેમની પસંદગી ભગવાન પોતાની સેવાને માટે કરે છે. જેમને ભગવાન પોતાની સેવા માટે ચૂંટે છે તેમની સમક્ષ પોતાના ભોગ્ય–સ્વરૂપ–ગૂઢ સ્ત્રીભાવને પ્રકટ કરે છે. જે જીવોને માટે ભગવાન સ્વયં પોતાને સમર્પિત કરવાની દૃઢ ઈચ્છા કરે છે એ જ જીવો ભગવાનને માટે પોતાની જાતને સમર્પિત કરી શકે છે! આ પરસ્પરના સમર્પણની પછી જીવાત્મા તથા પરમાત્માની વચ્ચે કોઈ પડદો રહેવા પામતો નથી. તેથી પુષ્ટિપ્રભુનો ગૂઢ સ્ત્રીભાવ તથા પુષ્ટિજીવનો ગૂઢ પુંભાવ પ્રકટ થઈ જાય છે.

વ્રતચર્યાના પ્રકરણમાં ઋષિરૂપા કુમારિકાઓને ભગવાને વરદાન આપ્યું હતું. તેઓ ભગવાનને પોતાના પતિ–ભોક્તા બનાવવા ઈચ્છતી હતી. ભગવાને તેમનાં ચીર હરી લીધાં. આ ચીરહરણ ભગવાનમાં પ્રકટ થયેલા ગૂઢ સ્ત્રીભાવનું

જ વિવરણ (સ્પષ્ટીકરણ) હતું અને ફરીથી જે ચીર કુમારિકાઓને પાછાં આપવામાં આવ્યાં એ તો ગૂઢ પુંભાવનું વિતરણ (વહેંચણી) હતું. કુમારિકાઓ શ્રીકૃષ્ણને માટે આત્માર્પણનું વ્રત કરી રહી હતી, કારણ કે શ્રીકૃષ્ણે આત્માર્પણના હેતુથી તેમને વૃત (એટલે પસંદ) કરી લીધી હતી. ચીરહરણ તો કેવલ પ્રકટ પુંભાવ તથા સ્ત્રીભાવોનો વિનિમય (અદલાબદલી) માત્ર હતો ! એના પછી જે કુમારિકાઓમાં ભોક્તૃભાવ પ્રકટ થયો એ એમના કાત્યાયનીવ્રતનો પ્રભાવ નહોતો; અને ન તો છ વરસની કુમારિકાઓનાં શરીર–જેમાં તારુણ્ય અથવા કોઈ એવા લાવણ્યની સંભાવના પણ હોઈ શકે–ના પ્રભાવને કોઈ સ્વીકારી શકે. ઋષિમુનિઓનાં તપ તથા વ્રતનો ભંગ તો કામદેવ કરી શકે છે. પરંતુ આ છ વર્ષની કુમારિકાઓમાં શ્રીકૃષ્ણ પ્રત્યે જે મધુરભાવ જાગ્યા તે ભાવને જગાડવાનું સામર્થ્ય કામદેવનું નહિ, પરંતુ સ્વયં સર્વસમર્થ શ્રીકૃષ્ણના કામથી પણ વધુ કમનીય (સુંદર તથા આકર્ષક) રૂપનું હતું. પ્રમેય પ્રકરણમાં શ્રુતિરૂપા ગોપીઓના શ્રીકૃષ્ણ પ્રત્યેના નિરુપાધિક સ્નેહને શૃંગારોપાધિક ગૂઢ પુંભાવના રૂપમાં આ જ શૃંગારરસની મૂર્તિરૂપ શ્રીકૃષ્ણે જ રૂપાન્તરિત કરી દીધો હતો. નિરુપાધિક નિરાકાર સ્નેહને શૃંગારરસના સ્થાયિભાવના આકારમાં વેણુકૂજનની છીણીથી ઘડ્યો હતો ! આથી જ શ્રીમહાપ્રભુજી કહે છે– "કેવલં શૃંગારાર્થમેવ કૂજનમ્" એટલે કે માત્ર શૃંગારને માટે જ કૂજન (મધુરગાન)" (સુબોધિની–વેણુગીત).

શ્રીકૃષ્ણની બાબતમાં કોઈપણ પ્રકારનો સ્નેહ–દાસ્યભાવ, વાત્સલ્ય, સખ્ય યા માધુર્યભાવાત્મક–સ્વયં શ્રીકૃષ્ણના સર્વ તરેહના આલંબનવિભાવોનાં રૂપોને ધારણ કરવાના સર્વસામર્થ્યથી જ સંભવ હોય છે.

પહેલાં શ્રીકૃષ્ણ સ્વામીનું રૂપ ધારણ કરે છે, ત્યારે જીવમાં દાસ્યભાવ જાગે છે. શ્રીકૃષ્ણ જ્યારે બાલરૂપ ધારણ કરે છે, ત્યારે આપણા હૃદયમાં વાત્સલ્યભાવ ઊભરાય છે. શ્રીકૃષ્ણ વિકરાળ કાલરૂપ ધારણ કરે છે ત્યારે બિચારો કંસ ભયભીત થઈ જાય છે. શ્રીકૃષ્ણ પોતાની સાથે ક્રીડાની ઈચ્છાથી કોઈ સખાને શોધતા હોય ત્યારે આપણી અંદર સખ્યભાવ થનગને છે. શ્રીકૃષ્ણની પ્રિયતમ બનવાની ઈચ્છા જ આપણા હૃદયમાં શ્રીકૃષ્ણના તરફ મધુર પ્રેમને અંકુરિત કરે છે. એ જ્યારે ભોગ્ય બનવા ઈચ્છે છે ત્યારે આપણી અંદર ભોક્તૃભાવ અડપલાં કરવા લાગે છે. એ આત્મારામના ભક્તકામ બનવા પર ભક્તોમાં અલૌકિક ભગવત્કામ પ્રકટ થાય છે. એ અખિલ બ્રહ્માંડનો આધાર હોવા છતાં મા યશોદાની ગોદમાં ગુપચુપ આવીને બેસી રહે છે– એટલો સમર્થ (શક્તિશાળી) છે. હા, એ સર્વસમર્થ છે તેથી જ પુષ્ટિભક્તની સેવા વગર રહી ન શકે એટલો અસમર્થ પણ



તે બની જાય છે! એ કાલ–કર્મ–સ્વભાવ–પ્રકૃતિ–પુરુષ કોઈને પણ આધીન નથી, સર્વતંત્રસ્વતંત્ર છે. આપણે પરતંત્ર છીએ, પરંતુ એ તો સ્વતંત્ર–પરતંત્ર છે અને એટલા માટે જ (એ) કહે છે–

"અહં ભક્તપરાધીનો હ્યસ્વતંત્ર ઈવ" (હું ભક્તપરાધીન અસ્વતંત્ર જેવો છું.) એટલે આપણે "અસ્વતંત્ર એવ" (માત્ર અસ્વતંત્ર જ) છીએ છતાં અજ્ઞાનને વશ થઈને આપણે પોતાની જાતને સ્વતંત્ર ઈવ કેમ જાણે સ્વતંત્ર જેવા હોઈએ એમ માની લઈએ છીએ. એ (ભગવાન) તો "સ્વતંત્ર એવ" સ્વતંત્ર જ છે અને તેથી જ કૃપાવશ થઈને "અસ્વતંત્ર ઈવ" 'કેમ જાણે અસ્વતંત્ર હોય એવો' બની જાય છે !

એ સર્વસમર્થ, સર્વભોક્તા છે તોપણ ભક્તભોગ્ય બનવામાં સમર્થ છે– સમ્યક્ અર્થ છે, પરંતુ અર્થ ભાવાત્મક હોવાથી આપણા હૃદયની તિજોરીમાં ગુપ્તપણે રાખી મૂકવામાં આવે તો સુરક્ષિત રહેશે અને નહીં તો ભાવાત્મક અર્થના ઓઠા નીચે પ્રદર્શન (બહાર બીજાઓને દેખાડવાની) વૃત્તિ રાખીએ તો એ ભાવાભાસ બની જાય છે. તેથી તેને 'અર્થ' કહેવાને બદલે શ્રીમહાપ્રભુજીએ 'સર્વસમર્થ' કહીને પોતાના અર્થને છુપાવી રાખ્યો છે ! પુષ્ટિભાવથી ભાવિત પ્રભુ છુપાયેલો રહે તો નિશ્ચિંત રહેવું જોઈએ, નહિ તો બુદ્ધિ યા હૃદયનાં દ્વાર બહારની તરફ ખુલ્લાં થાય તો અંદરનો એ અર્થ ચોરાઈ (લુપ્ત થઈ) જાય છે.

ચતુઃ શ્લોકીના બીજા શ્લોકમાં દર્શાવાયેલ આ અર્થ–પ્રમેય આલંબન વિભાવના રૂપમાં પોતાના રસ–ભોકતાના પદને છોડીને આપણા હૃદયના સ્થાયિભાવ બનવા માટે અર્થાત્ ભોગ્ય રસ બનવાને પ્રયત્નશીલ છે. તેથી લોકાર્થીના ભાવોને હૃદયમાંથી આ સિદ્ધાંતસ્મરણની સાવરણીથી સાફ કરવા પડશે. નહીં તો હૃદયની બહાર આ બીજા શ્લોકના અર્થને પ્રતીક્ષા કરવી પડશે, હૃદયના સ્વચ્છ–સાફ–હોવાની ! આ પ્રતીક્ષાની ઘડીઓમાં બહાર ઊભેલા પુષ્ટિપ્રભુની બાબતમાં આપણા મનોરથ જો ગામમાં જાહેર થઈ ગયા તો તો બધું ય રસાભાસ થઈ જશે ! કારણ કે પુષ્ટિમાર્ગીય મનોરથની તો એક જ દિશા છે–"પ્રભુઃ સર્વ સમર્થો હિ તતો નિશ્ચિંતતાં વ્રજેત્" (એટલે કે પ્રભુ તો સર્વ કરવા સમર્થ છે જ, તેથી ચિંતા ન કરતાં નિશ્ચિંતતાનું સેવન કરવું). વૃત્ર તો અસુર હતો તો પણ આ પુષ્ટિમાર્ગીય અર્થનો અન્ય કોઈ ઐહિક યા તો પારલૌકિક અર્થની સાથે અદલાબદલી (વિનિમય) કરવાનો મનોરથ નથી કરતો–

ન તો મારે લૌકિક સાત્ત્વિક અર્થ—સ્વર્ગનું ઈન્દ્રાસન જોઈએ, ન તો વૈદિક રાજસ અર્થ બ્રહ્માની પદવી, ન તો મારે લૌકિક રાજસ અર્થ આખી પૃથ્વીના ધનના સ્વામી પણ બનવું અને ન તો લૌકિક તામસ અર્થ પાતાલ વગેરે લોકોના અધિપતિ પણ બનવું. નથી મારે વૈદિક તામસ અર્થ જાદી જાદી યોગસિદ્ધિઓની કોઈ કામના યા તો નથી મારે વૈદિક સાત્ત્વિક અર્થ જ્ઞાનલભ્ય અપુનર્ભવ—મોક્ષની પણ કામના. મારા સર્વાર્થ રૂપ કેવલ હરિ જ છે—તેમના સિવાય બીજાું મને કંઈ પણ નથી જોઈતું ! (પ્રભુઃ સર્વસમર્થો હિ તતો નિશ્ચિંતતાં વ્રજેત્'').

## પુષ્ટિભક્તનો કામ (ત્રીજો પુરુષાર્થ)

શ્રીકૃષ્ણનાં દર્શનની કામના જ પુષ્ટિભક્તનો કામ પુરુષાર્થ છે. નેત્રોથી શ્રીકૃષ્ણનાં કેવલ દર્શન માત્ર કરવાના સીમિત અર્થમાં દર્શનાભિલાષાને નહીં સમજવી જોઈએ. શ્રીપ્રભુચરણ કહે છે કે પુષ્ટિભક્તની કામના નેત્રોથી કેવલ ભગવાનનાં દર્શન કરી લેવાથી પૂરી નથી થઈ જતી—એ તો બધી ઈન્દ્રિયોથી ભગવાનની અનુભૂતિ ઈચ્છે છે. તેથી નેત્રોથી (પ્રભુનો) સાક્ષાત્કાર થાય એ જ માત્ર ફલ નથી.

''દષ્ટેડપિ ભગવતિ યાવત્સર્વેન્દ્રિયૈઃ સાક્ષાન્નાનુભૂયતે ન તાવત્ સ્વાસ્થ્યં ઈતિ ન સાક્ષાત્કારમાત્રં ફલમ્''. (ટિપ્પણી ૧૦/૨૦/૨૯)

એટલે કે ભગવાન દષ્ટિગોચર થાય (દેખાય) તો પણ જ્યાં સુધી બધી ઈન્દ્રિયો દ્વારા સાક્ષાત્ ન અનુભવાય ત્યાં સુધી સ્વસ્થતા ન અનુભવાય એટલે કે સાક્ષાત્કાર (દર્શન) માત્ર કંઈ ફલ નથી. આ જ કારણથી આગળ ઉપર નિરોધલક્ષણ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, તે સંસારાવેશથી દૂષિત ઈન્દ્રિયોનું હિત એમાં સમાયેલું છે કે પ્રભુમાં, ભૂમા—પરમાનંદરૂપ શ્રીકૃષ્ણની સાથે તેમને જોડી દેવામાં આવે. દર્શન—સ્પર્શન—શ્રવણ—કીર્તન—ધ્યાન વગેરે ક્રિયાઓ દ્વારા આન્તરબાહ્ય બધી ઈન્દ્રિયોને ભગવાન તરફ વળેલી બનાવવી જોઈએ. જે ઈન્દ્રિયનો ભગવત્કાર્યમાં વિનિયોગ (વપરાશ—ઉપયોગ) શક્ય ન હોય તેના ઉપર કાબૂ મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

શ્રુતિમાં જીવને—''કામમય એવાયં પુરુષઃ'' કહ્યો છે એટલે કે આ પુરુષ કામમય જ છે. આ કામ કયો છે ? બધા જીવો પછી તે આસ્તિક હોય કે નાસ્તિક, પુષ્ટિમાર્ગીય હોય કે મર્યાદામાર્ગીય હોય અથવા તો પ્રવાહમાર્ગીય હોય, બધાને બધી ઈન્દ્રિયો દ્વારા પરમાનંદની કામના છે. ''ન વા અરે સર્વસ્ય કામાય સર્વં પ્રિયં



ભવતિ આત્મનસ્તુ કામાય સર્વં પ્રિયં ભવતિ'' અરે! બધાની કામના માટે બધું પ્રિય નથી લાગતું પણ આત્માની કામનાને માટે જ બધું પ્રિય લાગે છે. નેત્રોથી, જિહ્વાથી, નાસિકાથી, ત્વચાથી યા કર્ણોથી આપણે શોધી રહ્યા છીએ પરમાનંદરૂપ શ્રીકૃષ્ણને જ—રૂપ, રસ, ગંધ, સ્પર્શ યા શબ્દોને નહીં.

આ પરમાનંદની શોધયાત્રામાં જેમ બને તેમ જલદી તેને પ્રાપ્ત કરવાને માટે જીવાત્મા શરીરના રથ ઉપર સવાર થઈ જાય છે. આપણી બુદ્ધિને આપણો સારથિ બનાવી લે છે અને મનની લગામથી બંધાયેલા ઈન્દ્રિયોના ઘોડાઓને પૂર ઝડપથી દોડાવે છે. એ ઈન્દ્રિયોના ઘોડા પરંતુ બહુ જ તોફાની, કાબૂમાં ન રહે એવા છે— દોડતાં દોડતાં તેઓ મન તથા બુદ્ધિના કાબૂની બહાર નીકળી જાય છે, અને... બિચારા જીવને લૌકિક વિષયોની વાસનાના ખાડામાં પાડી નાખે છે ! શરીરનો આ રથ પણ કાલજર્જરિત થવાથી પડી કે તૂટી જાય છે—નાશ પામે છે.

પ્રવાહમાર્ગ પર તો આ દુર્ઘટના હંમેશનો ખેલ છે. મર્યાદામાર્ગ યા પુષ્ટિમાર્ગના વળાંક પર જે જીવ પોતાના રથની દિશા બદલી નથી શકતા તેમનું તો વિષયવાસનાના ખાડામાં પતન નિશ્ચિત જ હોય છે. એવા જીવોને 'પ્રવાહીજીવ' કહેવામાં આવે છે. મર્યાદામાર્ગની તરફ આ પરમાનંદની શોધમાં રથોને વાળવામાં માર્યાદિક જીવો પર આ દુર્ઘટનાઓનો મોટો વિષમ પ્રભાવ પડી જાય છે. તેઓ મનોનિગ્રહ કરીને— મનની લગામ ખેંચીને— રથને કંઈક પ્રયત્નપૂર્વક રોકી દેવા ઈચ્છે છે. કયારેક રથ પરથી નીચે ઊતરીને પગે ચાલીને જ યાત્રા કરવાની ઈચ્છા કરવા લાગી જાય છે. કયારેક સ્વર્ગાદિક લોક યા આત્મસુખના પડાવો પર જ પોતાની યાત્રા સમાપ્ત કરી દે છે. કયારેક અસીમ (સીમા વગરના) તથા દિશા વગરના અવ્યકતોપાસનાની ઘણા જન્મજન્માંતરો સુધી પૂરી ન થનારી અધિક કષ્ટદાયી યાત્રા પર નીકળી પડે છે. કુલ મળીને આ બેકાબૂ ઘોડાઓના વેગની સાથે તેઓ પોતાનાં મન તથા બુદ્ધિ વચ્ચેની સમતુલાને જાળવી શકતા નથી. હિંમત હારીને પગે ચાલવાનું વધુ પસંદ કરે છે. ''બ્રહ્માનંદે પ્રવિષ્ટાનામ્ આત્મનૈવ સુખપ્રમા, સંઘાતસ્ય વિલીનત્વાત્, ભક્તાનાં તુ વિશેષતઃ સર્વેન્દ્રિયૈસ્તથાચાન્તઃકરણૈરાત્મનાપિ હિ બ્રહ્મભાવાત્ તુ ભક્તાનાં ગૃહમેવ વિશિષ્યતે''.

અર્થ : બ્રહ્માનંદમાં પ્રવિષ્ટ થયેલાઓને આત્મા વડે જ સુખનો અનુભવ થાય છે કારણકે તેમનો ઈંદ્રિયો વગેરેનો સંઘાત વિલીન થયેલો હોય છે. પરંતુ ભક્તોને તો સર્વ ઈંદ્રિયો, અંતઃકરણ અને આત્મા વડે વિશેષરૂપમાં સ્વરૂપાનંદનો અનુભવ

થાય છે અને એટલા માટે ભગવત્કૃપાપાત્ર ભક્તોનો ગૃહસ્થાશ્રમ બ્રહ્મભાવની અપેક્ષા જીવન્મુક્તિથી ઉત્તમ છે. આ જ કારણથી શ્રીમહાપ્રભુજી કહે છે 'વૈરાગ્યં ચ ભગવતો જ્ઞાનં વા સર્વતાપનિવર્તકમ્, યત્સંસ્કારયોગ્યં તજ્જ્ઞાનેન નશ્યતિ યદયોગ્યં તત્પરિત્યાગેન અત એવ સ્માર્તૈઃ સંસ્કારાશક્તૈઃ પરિત્યાગ એવ બોધ્યતે' (સુબોધિની).

અર્થ : જ્ઞાન તથા વૈરાગ્યથી બધા તાપો, કલેશો—દુઃખો દૂર થઈ જાય છે. જો આપણે પરમાનંદરૂપ શ્રીકૃષ્ણને સારી રીતે ઓળખી શકીએ તો બધા લૌકિક વિષયોને બ્રહ્મસંબંધરૂપી સંસ્કારથી શુદ્ધ કરી શકીશું. અન્યથા જે વિષયોને ભગવત્સમર્પણના સંસ્કારથી શુદ્ધ કરી શકાતા ન હોય તે વિષયોનો તો પરિત્યાગ જ કરવો જોઈએ. આ જ કારણથી સ્માર્ત લોકો સંસ્કાર દ્વારા શુદ્ધ કરવામાં અસમર્થ હોવાને કારણે બધી વસ્તુઓના પરિત્યાગનો જ ઉપદેશ આપતા રહે છે. વ્યર્થ ત્યાગ કરવા કરતાં એ વસ્તુને ભગવાનને સમર્પિત કરી દેવાનો ઉત્તમ વિકલ્પ (બીજો માર્ગ) છે.

કોઈ વસ્તુ યા વ્યક્તિને સુધારવાની હોય તો તેને બહુ સારી રીતે જાણવી આવશ્યક હોય છે, પરંતુ આપણે પોતે જ જ્યારે કોઈને સમજી શકતા ન હોઈએ ત્યારે સુધારવાનો પ્રશ્ન નહિ ઊભો થાય, એવી સ્થિતિમાં પરિત્યાગ એ એક જ ઉપાય બાકી રહી જાય છે.

એક પરમાત્માની આત્મક્રીડાની જ અનેક નામ રૂપોમાં અભિવ્યક્તિ એ સમગ્ર જગત છે. આપણે પણ બ્રહ્મના ચૈતન્યની આંશિક અભિવ્યક્તિઓ છીએ. મૂળ અંશી (જેના આપણે અંશ છીએ તે) ના વ્યાપક પ્રયોજનથી વિરુદ્ધ જ્યારે આપણે આપણી અજ્ઞાનજન્ય અહંતા— મમતાને વશીભૂત થઈને કોઈ ક્ષુદ્ર પ્રયોજન ઘડી લઈએ છીએ, ત્યારથી જ બધી મુસીબતો ઊભી થવા લાગે છે. ઈન્દ્રિયોના વેગથી દોડવાવાળા ઘોડાઓના રથમાં વેગપૂર્વક દોડતા એવા આપણે દિશા ભૂલી જઈએ છીએ. તેથી શરણાગતિ આપણી અહંતાના શુદ્ધિસંસ્કાર છે અને બ્રહ્મસંબંધ આપણી મમતાના શુદ્ધિસંસ્કાર બને છે. અહંતા—મમતાના શુદ્ધ થવાની સાથે આપણને દિશાની સૂઝ પડવા માંડે છે, આડેધડે કોઈ નિશ્ચિત દિશાના ભાન વગર વિષયવાસનાના પ્રદેશમાં રથને દોડાવવાને બદલે આપણે પુષ્ટિના ઋજુ સરળ માર્ગ પર ફરીથી ચડી જઈએ છીએ. વિષયોના સેવનમાં પરમાનંદ નથી મળી શકતો, પરંતુ પરમાનંદના સેવનમાં તો બધું ય મળી જાય છે. શ્રીમહાપ્રભુજી કહે છે કે ચિત્તમાં ભગવત્પ્રેમ સંપાદિત થવો જોઈએ— પ્રેમથી



ઊભરાતું ચિત્ત સર્વત્ર વિદ્યમાન પરમાત્માને પોતાની મેળે જ શોધી લેશે. આ જ કારણથી ઉપનિષદમાં પરમાત્માને "સર્વકર્મા, સર્વકામઃ, સર્વગંધઃ સર્વરસઃ, સર્વમિદમ્" કહેવામાં આવ્યા છે. અર્થ—ઈશ્વર સર્વ કર્મોનો કરનાર છે, સર્વ કામોનો આપનાર છે. સર્વ ગંધોનું સુખ આપનાર છે. સર્વ રસોથી ભરેલો અથવા આપનાર છે. આ બધું પરમાત્મા છે.

શ્રી ગોકુલના સ્વામીને પૂર્ણતયા હૃદયમાં ધારણ કરવા—બધી ઈન્દ્રિયોથી તેમને ચાહવા એ પહેલી શરત છે. જો એકવાર હૃદયમાં ધારણ કરી શકીએ તો તેમને આંખોમાં પણ જોઈ શકાય છે, કાનોથી સાંભળી શકાય છે, હાથોથી પકડી શકાય છે અને ચરણોથી દોડીને પરમાત્માની નજીક પહોંચી પણ શકાય છે. જરૂરત છે સર્વ પ્રથમ પરમાત્માને હૃદયમાં ધારણ કરવાની.

તેથી જ શ્રીમહાપ્રભુજી કહે છે :—

ભગવતા સહ સંલાપો, દર્શનં મિલિતસ્ય ચ ।<br>
આશ્લેષઃ સેવનં ચાપિ, સ્પર્શશ્ચાપિ તથાવિધઃ ॥<br>
અધરામૃતપાનં ચ ભોગો, રોમોદ્ગમસ્તથા ।<br>
તત્કૂજિતાનાં શ્રવણં, આઘ્રાણં ચાપિ સર્વતઃ ॥<br>
તદન્તિકગતિર્નિત્યમેવં, તદ્ભાવનં સદા ।<br>
ઈદમેવેન્દ્રિયવતાં ફલં, મોક્ષોઽપિ નાન્યથા ॥<br>
યથાન્ધકારે નિયતા, સ્થિતિર્નાક્ષ્ણોઃ ફલં ભવેત્ ।<br>
એવં મોક્ષેઽપીન્દ્રિયાદિયુક્તાનાં સર્વથા નહિ ॥

(વેણુગીત—સુબો.)

અર્થ :— ભગવાનની સાથે સંલાપ (વાતચીત) અને મળે ત્યારે દર્શન, તેમનો આશ્લેષ કે ભેટવું તે તથા સેવન અને એ પ્રકારનો સ્પર્શ, અધરામૃતનું પાન, ભોગ તથા રોમાંચ થવો, તેના કૂજનનું શ્રવણ અને બધી બાજુથી સુગંધ લેવી તે, નિત્ય તેમની પાસે જવાની ગતિ, સદા તેમની ભાવનાનું સેવન, ઈન્દ્રિય ધરાવનાર જીવનું આ જ ફલ છે. એ ન હોય તો મોક્ષ પણ નકામો હોવાથી અસ્વીકાર્ય. જેમ અંધકારમાં રહેલાને આંખનું ફળ—વસ્તુનું દર્શન મળતું નથી, તેમ મોક્ષમાં પણ ઈન્દ્રિયો ધારણ કરનારને કંઈ ફળ મળતું નથી એટલે તેમને માટે મોક્ષ નકામો છે—ફલરહિત હોવાને કારણે.

"ગિરધર દેખે હી સુખ હોય ! નયનવન્તકો યહી પરમ ફલ, યહ વિધિ મોહે ત્રિલોય"

અર્થ : ગિરધરને જોવાથી જ સુખ થાય ! જેમને પ્રભુએ ચક્ષુ આપ્યાં છે તેમનું આ જ પરમ ફળ છે. આ રીતે ત્રણેય લોક મોહ પામે છે.

આ જ કારણને લીધે શ્રીમહાપ્રભુજી શ્રીગોકુલાધીશના વિયોગના તીવ્રતાપમાં હૃદયમાં–મનમાં પ્રકટ થતી ભગવાનની સ્વરૂપાનુભૂતિ તથા લીલાનુભૂતિને 'પરમફલ' કહે છે, કારણ કે એકવાર હૃદયમાં ભગવાન બિરાજમાન થાય છે, તો વહેલી મોડી બધી ઇન્દ્રિયો દ્વારા ભગવાનની રસાત્મિકા અનુભૂતિની કામના પણ જાગી જ ઊઠે છે. આ કામના જાગી ઊઠતાં જ લૌકિક વૈદિક વિષયોની કામનાઓનું આકર્ષણ જરા પણ બાકી નહિ રહે. ભગવાન પોતે જ કહે છે "ન મય્યાવેશિતધિયાં કામઃ કામાય કલ્પતે, ભર્જિતાઃ ક્વથિતા ધાના ભૂયો બીજાય નેષ્યતે" (શ્રીમદ્ભાગવત). અર્થ : જેમની બુદ્ધિ ભગવાનમાં લાગી ગઈ હોય તેમનો કામ કામ ને માટે નથી રહી જતો, જેમ શેકેલાં અથવા બાફેલાં ધાન્ય બીજ નથી બની શકતાં.

બધી ઇન્દ્રિયોથી થનારી આ ભગવદ્અનુભૂતિને વેણુગીત તથા ભ્રમરગીતની સુબોધિનીજીમાં સર્વાત્મભાવ, યમુનાષ્ટકમાં તનુનવત્વ તથા સેવાફલમાં અલૌકિક સામર્થ્ય કહેવામાં આવ્યા છે. આ જ નિરોધની ફલાવસ્થા છે, જેને અહીં ચતુઃશ્લોકીમાં મોક્ષ કહેવામાં આવશે. પરંતુ આ સર્વેન્દ્રિયો દ્વારા ભગવાનની અનુભૂતિથી જીવ સંપન્ન થાય એ પહેલાં બધી ઇન્દ્રિયોથી ભગવદનુભૂતિની કામના, પુષ્ટિમાર્ગીય કામનું પ્રકટવું આવશ્યક છે. આ કામના જાગી ઊઠી કે પુષ્ટિમાર્ગીય કામ પુરુષાર્થ સિદ્ધ થઈ ગયો એમ સમજી લેવું જોઈએ. આ જ કારણથી વૃત્ર કહે છે–

"હે કમલનયન ! મારું હૃદય તમારું દર્શન ઇચ્છે છે. જ્યારે મારું મન તમારાં દર્શન ઇચ્છે ત્યારે બધી ઇન્દ્રિયોના દ્વારથી આપને અંદર પધરાવવા ઇચ્છે છે. જેમ પક્ષીનાં પાંખ વિનાનાં બચ્ચાં પોતાની માતાની પ્રતીક્ષા ચણ માટે કરે છે, જેમ ગાયનાં વાછરડાં ગાયના આંચળમાંથી દૂધની કામના કરે છે. કદાચ ચણ અથવા દૂધ બીજે ક્યાંકથી મળી જાય તો તેઓ સંતુષ્ટ થઈ શકે છે, પરંતુ મારું મન તો પરદેશ ગયેલા પ્રિયતમની વિરહિણી પ્રેમિકાની માફક નિરંતર તમારા જ ધ્યાનમાં–મનોરથોમાં લાગેલું હોવાથી કેવળ તમને જ જોવાની ઇચ્છા રાખે છે !



## પુષ્ટિભક્તનો મોક્ષ (ચોથો પુરુષાર્થ)

સર્વાત્મભાવથી શ્રીકૃષ્ણના બની જવું એ પુષ્ટિભક્તનો મોક્ષ છે. સર્વાત્મથી શ્રીકૃષ્ણના બની જવાનો અર્થ છે પ્રપંચની વિસ્મૃતિ અને શ્રીકૃષ્ણમાં દૃઢ આસક્તિ એટલે કે ભક્તને કૃષ્ણાનુભૂતિનું વ્યસન થઈ જાય એવી સ્થિતિ. નિરંતર કૃષ્ણાનુભૂતિની કામના એટલી તીવ્ર થઈ જાય છે કે યા તો સંયોગમાં બાહ્યાલંબનથી સર્વ ઇન્દ્રિયો દ્વારા કૃષ્ણનો અનુભવ થાય, અન્યથા વિયોગમાં આસક્તિભ્રમન્યાયથી પૂર્વાનુભૂત શ્રીકૃષ્ણના સ્વરૂપ તથા લીલામાં લીનતા એટલી તીવ્રતર બની જાય કે અંદર રહેલી રતિ જ બધાં રૂપ–આલંબન, ઉદ્દીપન તથા સંચારી ભાવના રૂપ–ધારણ કરવા માંડે.

સંયોગમાં ભજન–ધર્મ તથા વિયોગમાં સ્મરણરૂપ સ્મર–કામ નિરંતર ચાલુ રહે તો ભક્ત મુક્તિને પામ્યો છે એમ કહી શકાય. આ અનુભૂતિ જો આ ભૂતલ ઉપર થવા માંડે તો તેને જીવન્મુક્તિ સમજવી જોઈએ. આને જ 'તનુનવત્વ' યા 'અલૌકિક સામર્થ્ય' પણ કહેવામાં આવે છે. નિત્યલીલા–વ્યાપિવૈકુંઠમાં જો આ અનુભૂતિ થનાર હોય તો તેને વિદેહ–મુક્તિ સમજવી જોઈએ. આને જ 'નવતનુત્વ' યા 'સેવોપયોગિદેહો વૈકુંઠાદિષુ' એટલે વૈકુંઠ વગેરેમાં સેવા માટે ઉપયોગી શરીર ધરાવવું એમ કહેવામાં આવ્યું છે. ટૂંકમાં પ્રથમ તથા તૃતીય (ધર્મ તથા કામ) પુરુષાર્થોનું સતત ચાલતા ચક્રના રૂપમાં ચાલુ રહેવું તેને પુષ્ટિભક્ત માટે પુષ્ટિભક્તિમાં મોક્ષ માનવામાં આવે છે, કારણ કે પુષ્ટિભક્તિનો અર્થ– વ્રજાધિપ શ્રીકૃષ્ણ સ્વયં નટવરવપુ હોવાથી પ્રેમ તથા પ્રિયતમ ઉભયરૂપ છે–સ્થાયિભાવ તથા આલંબન–વિભાવરૂપ એ જ શ્રીકૃષ્ણ છે. તેથી વિયોગ તથા સંયોગ બન્નેમાં એનો અનુભવ થઈ શકે છે. આ જ શ્રીગોકુલાધીશનું સ્મરણ તથા ભજન છે.

શ્રીમહાપ્રભુજી કહે છે–

"જ્ઞાનં તુ ગુણગાનં હિ પરોક્ષે તત્પ્રતિષ્ઠિતમ્,
પ્રત્યક્ષે ભજનં શ્રેષ્ઠમેવં ચેદ્ રોધનં સ્થિરં,
પુરુષાણાં તથા સ્ત્રીણાં રાત્રૌ ચ દિવસે તથા
જ્ઞાનં ભક્તિશ્ચ સતતં ચક્રવત્ પરિવર્તતે"

(ભાગવત નિબંધ)

અર્થ : ભગવાનના વિયોગમાં ભગવાનના ગુણોનું ગાન જ્ઞાનરૂપ છે, તથા સંયોગમાં—પ્રત્યક્ષમાં ભજન શ્રેષ્ઠ છે. આ થવાથી જીવ ભગવાનમાં નિરુદ્ધ બની જાય છે. વ્રજની સ્ત્રીઓ તથા પુરુષોને રાતમાં તથા દિવસમાં આ જ જ્ઞાન તથા ભક્તિનો નિરંતર અનુભવ ચક્રની જેમ ચાલુ જ રહેતો હતો. તેમને પરમાનંદરૂપ શ્રીકૃષ્ણનો પૂર્ણ અનુભવ મળી ગયો હતો !

પુષ્ટિભક્તિ તેની પોતાની અંદર માર્ગ પણ છે અને ગંતવ્ય પણ. સાધન પણ છે અને ફલ પણ. એટલા જ માટે સંયોગ—વિયોગમાં ભજન—સ્મરણનાં ચઢાણ ઉતરાણોમાં નિરંતર ચાલતા રહેવું એ અહીં મુક્તિ છે. પુષ્ટિભક્તિના માર્ગ પર ચાલીને અન્યત્ર ક્યાંય પહોંચવાનું નથી હોતું, કેવળ નિરંતર આ જ સોહામણા માર્ગ પર ચાલતા ફરતા રહેવાનું છે—ચરૈવેતિ! ચરૈવેતિ!! ચરૈવેતિ !!! (એટલે ચાલતો જ રહે! ચાલતો જ રહે!! ચાલતો જ રહે!!!)

આથી જ પુષ્ટિપથિક વૃત્રાસુર પણ આ માર્ગની યાત્રામાં પોતાના સહયાત્રીઓનો સાથ માગે છે જેથી ક્યારેક તેઓ એકલા ચાલતાં ચાલતાં બીજા માર્ગો પર અટવાઈ ન જાય—

હે નાથ ! મને સર્વદા તમારા ભક્તોનો જ સંગ—સથવારો તમારા ભક્તિમાર્ગ પર ચાલતી વખતે મળતો રહે. ક્યારેય સંસારમાં આસક્ત વ્યક્તિઓનું સખ્ય (મિત્રતા) મારામાં ન પ્રવેશવા પામે ! જો આ દેહ, પુત્ર, સ્ત્રી, ગૃહાદિ વિષે મારી આસક્તિ પણ હોય તો તારી સેવામાં તેમની ઉપયોગિતાને કારણે જ હજો, બીજા કોઈ હેતુથી નહિ ! હું સમગ્રતાથી તારો બની જાઉં અને તું સમગ્રતાથી મારો...

**ઇતિ શમ્**



# ૧૧. ભક્તિવર્ધિની

ચોરાશી વૈષ્ણવોની વાર્તાના ભાવપ્રકાશ અનુસાર જણાય છે કે ભક્તિવર્ધિની ગ્રન્થ શ્રીમહાપ્રભુજીએ સાંચોરા પુરુષોત્તમ જોશીને માટે રચ્યો હતો. એક લોકવાયકા પ્રમાણે આ ગ્રન્થનો રચનાકાળ વિ. સં. ૧૫૫૨ ગણવામાં આવે છે (શ્રી નાગરદાસ બાંભણિયા લિખિત લેખ, વૈષ્ણવવાણી અંક ૪ વર્ષ ૧૯૭૯) અને રચનાસ્થળ પ્રયાગ, પરંતુ ભાવપ્રકાશનો અભ્યાસ કરવાથી એમ લાગે છે કે આ ગ્રન્થની રચના ગુજરાતના કોઈ એક ગામમાં થઈ હોવી જોઈએ.

"ત્યારે એક સમયે શ્રીઆચાર્યજી ગુજરાત પધાર્યા ત્યારે પુરુષોત્તમ જોશી મધ્યાહ્નને સમયે એક તળાવના કાંઠે સંધ્યા કરતા હતા. ત્યારે શ્રીઆચાર્યજી તળાવને કાંઠે પધાર્યા અને સંધ્યાવંદન કરવા લાગ્યા, ત્યારે દૈવી જીવ જાણીને શ્રીઆચાર્યજીએ પુરુષોત્તમ જોશીની તરફ દૃષ્ટિ કરી, ત્યારે પુરુષોત્તમ જોશીએ શ્રીઆચાર્યજીની પાસે આવીને નમસ્કાર કરીને પૂછ્યું. —

"મહારાજ ! આ કર્મમાર્ગ મોટો કે જ્ઞાનમાર્ગ મોટો !"

ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું — "જેના મનમાં જે માર્ગ દૃઢ થાય, જે માર્ગમાં જેનો વિશ્વાસ હોય, તેને ગમતો એવો એ જ માર્ગ મોટો; અને મોટો તો ભક્તિમાર્ગ છે, જેમાં જીવ કૃતાર્થ થાય છે. અને જ્ઞાનમાર્ગમાં તથા કર્મમાર્ગમાં કઠિનાઈથી કૃતાર્થ થવાય છે. એ પ્રમાણે કોઈનાથી નિર્વાહ થાય નહિ. તેનું કારણ શું ? એ કષ્ટસાધ્ય (મુશ્કેલીથી સિદ્ધ થાય એવા) છે. તેથી આ કાળમાં શરીરમાં કષ્ટ સહન થઈ શકતું નથી. શરીરમાં કષ્ટ સહન કરે તો મન ઠેકાણે રહે. તેથી ભક્તિમાર્ગમાં જીવ કૃતાર્થ થાય. એ સિવાય બીજો કોઈ આશ્રય નથી."

ત્યારે પુરુષોત્તમ જોશીએ પૂછ્યું કે, "મહારાજ ! ભક્તિનું સ્વરૂપ કેવું છે તે કૃપા કરીને કહો." ત્યારે શ્રીઆચાર્યજીએ ઉત્તર આપ્યો "ભક્તિના સ્વરૂપનું વર્ણન કરવા બેસીએ તો પાર જ ન આવે. પરંતુ તને કંઈક કહું છું." ત્યારે ભક્તિવર્ધિની ગ્રન્થની રચના કરી અને અગિયાર શ્લોક પુરુષોત્તમ જોશીને સંભળાવ્યા. અને એ ઉત્તમ અધિકારી હોવાથી તેમને બધો બોધ થઈ ગયો.

આ પ્રમાણે પુરુષોત્તમ જોશીના હૃદયમાં ભક્તિના વર્ધન માટે ભક્તિવર્ધિની ગ્રન્થ લખવામાં આવ્યો હતો, ગુજરાતમાં જ પુરુષોત્તમ જોશીના કોઈ એક ગામમાં. એ ગ્રન્થના ઉપદેશ પછી પુરુષોત્તમ જોશી, પોતાની પત્નીની સાથે, શ્રીમહાપ્રભુજીના અનુયાયી થયા અને બીજી કોઈ પ્રવૃત્તિમાં મન રાખ્યા વિના પોતાના ઘરમાં કૃષ્ણસેવામાં મગ્ન થઈ ગયા– "એમ બન્ને જણ પ્રેમથી સેવા કરવા લાગ્યા. પછી શ્રીઆચાર્યજી દ્વારિકા પધાર્યા. આ પ્રમાણે પુરુષોત્તમ જોશીએ ઘણા દિવસો સુધી ભગવદ્ભાવમાં મગ્ન રહીને બીજી કોઈ પ્રવૃત્તિમાં મન રાખ્યા વિના, સેવા કરી. તેઓ કોઈની પાસે પોતાના હૃદયનો ભાવ પ્રગટ ન કરતા."

## કર્મ–જ્ઞાન–ભક્તિ

ભગવદ્ગીતાના ત્રીજા અધ્યાયમાં અર્જુન પણ ભગવાનને એ જ પ્રશ્ન કરી બેઠો હતો કે જ્ઞાનયોગ જો શ્રેષ્ઠ હોય તો પછી કર્મની શી જરૂર છે? અને કર્મ જો આવશ્યક હોય તો પછી જ્ઞાનયોગ કયા અર્થમાં શ્રેષ્ઠ છે ? અહીં ભગવાને અર્જુનને સમજાવ્યું છે કે કર્મોના અનારંભ (શરૂ ન કરવું તે) યા તો કર્મોના ત્યાગના કારણે જ્ઞાનયોગ શ્રેષ્ઠ નથી બની જતો, કારણ કે ફલની આસક્તિ વગર કરેલું કર્મ, અથવા નિષ્કામ કર્મ પણ જ્ઞાનયોગથી મળી શકતા લાભોને મેળવી આપવા શક્તિમાન છે. કર્મનાં ફલોમાં આસક્તિ ચાલુ રહે તો જ્ઞાનમાર્ગના સાધકના નૈષ્કર્મ્યનાં (કર્મ ન કરવારૂપી માર્ગ અપનાવવાનું) પણ પોતાની મેળે કાંઈ પણ મૂલ્ય નથી. જો કર્મનાં ફળો મેળવવાનું આકર્ષણ કે મોહ–આસક્તિ ચાલુ રહે તો કર્મનો ત્યાગ એ નર્યો પાખંડ–છળ–દંભ બની જાય છે.

ભગવાન કહે છે કે પોતે આત્મારામ–આત્મકામ (આત્મામાં જ રમનાર, જેમને કોઈ પણ વસ્તુને પ્રાપ્ત કરવાની ઈચ્છા રહેતી નથી) એવા હોવા છતાં, કર્મ–ત્યાગને બદલે લોકોના કલ્યાણ એટલે કે જનસમુદાયને ઉદાહરણ થવા માટે પણ કર્મ કરવાં એ એમને માટે વધારે શોભાસ્પદ છે, એમને પોતાને વધારે સારું લાગે છે. કોઈ પણ જ્ઞાની પોતે કંઈ પરમાત્મા કરતાં વધુ નિષ્કામ યા તો આપ્તકામ હોઈ શકતો નથી. તેથી જ્ઞાનયોગના બહાને કર્મત્યાગની શી આવશ્યકતા છે !

જ્ઞાનમાર્ગી હોય કે કર્મમાર્ગી હોય પરંતુ એ બન્નેએ સ્વધર્મનું–સ્વકર્મનું–અનુષ્ઠાન–આચરણ ફલાસક્તિ વિના જ કરવું જોઈએ, કારણ કે પરધર્મનું સારી રીતે કરેલું અનુષ્ઠાન પણ પોતાના ધર્મના સારી રીતે ન કરવામાં આવેલા અનુષ્ઠાનથી શ્રેષ્ઠ નથી. અર્જુને આ સંબંધમાં એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન ભગવાનની



સમક્ષ રજૂ કર્યો. અર્જુન પૂછે છે કે "સ્વધર્મના પાલનની જો આટલી વધારે મહત્તા હોય તો પછી લોકો કયારેક સ્વધર્મના ત્યાગ દ્વારા તો કયારેક પરધર્મોના અનુષ્ઠાન દ્વારા વ્યર્થ પાપાચરણ શા માટે કરતા હોય છે ?"

ભગવાને આ પ્રશ્નનો વિલક્ષણ ઉત્તર આપ્યો છે કે "સ્વધર્મના ત્યાગ દ્વારા અથવા પરધર્મના આચરણ દ્વારા મનુષ્ય પોતાનાં પાપોમાં ઉમેરો કરતો રહે છે. પોતાના કામ અથવા ક્રોધને વશ થઈને જ્ઞાનીઓનો જ્ઞાનાગ્નિ પણ મોટે ભાગે કામના ધુમાડાથી ઘેરાઈ જાય છે. કામ જ જ્ઞાનીઓનો ચિરશત્રુ હોય છે."

ભગવાનની વાત ઘણી ગુંચવણભરી અને ન સમજાય તેવી લાગે છે કે શા માટે કેવલ જ્ઞાનમાર્ગીય સાધક જ કામનાઓનો શિકાર બને છે અને કર્મમાર્ગીય યા તો ભક્તિમાર્ગીય સાધક શા માટે નહીં ? કામનાઓનું આકર્ષણ તો બધા માર્ગોના સાધકોમાં પ્રારંભમાં રહેતું જ હોય છે યા તો એમ કહી શકાય કે રહી શકે છે ! પરંતુ થોડા ધ્યાનપૂર્વક જોવાથી ખ્યાલ આવશે કે આપણી મમતા અને અહંતાનો જ કાબૂમાં રાખી ન શકાય એવો ધડાકો ક્રમશઃ કામ અથવા ક્રોધના રૂપમાં થાય છે. એટલા માટે જ ભગવાન કહે છે કે–

કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવઃ ।
મહાશનો મહાપાપ્મા વિદ્ધ્યેનમિહ વૈરિણમ્ ॥

અર્થ : રજોગુણથી ઉત્પન્ન થયેલ આ કામ અને આ ક્રોધ છે. તે ભોગોથી કયારેય તૃપ્ત ન થનાર અને મોટા પાપી છે. આ બાબતમાં તેમને જ તું દુશ્મન સમજ (ગીતા ૩–૩૭). આપણી અહંતા આપણામાં રહેલા રજોગુણનો સાથ મેળવીને આપણા હૃદયમાં ક્રોધરૂપી રોગનું રૂપ ધારણ કરી લે છે. એ જ પ્રમાણે આપણી મમતા આપણામાં રહેલા રજોગુણનો સાથ મેળવીને આપણા હૃદયમાં કામરૂપી રોગનું રૂપ ધારણ કરી લેતી હોય છે.

આ કામ તથા ક્રોધના રૂપોમાં આપણી મમતા તથા અહંતાના રાજસ વિસ્ફોટથી નાશ પામતી સાધકોની સાધનાની સુરક્ષાના ઉપાય તરીકે અનેક માર્ગો પ્રવૃત્ત થયા છે.

## ચારમાર્ગ

(૧) ભગવાન બુદ્ધે આત્મચેતનાને કામક્રોધના આવેગોથી બચાવવા માટે તેના બીજરૂપે રહેલ અહંતા તથા મમતાને જ તોડી નાખવાના ઉપાયો સૂચવ્યા હતા. એ હેતુથી જ અનાત્મવાદ પર આધારિત 'નાહમ્'ની ભાવના તથા વિજ્ઞાનવાદ

પર આધારિત 'ન મમ'ની ભાવનાને જગાડવા ઉપર ભાર દેવામાં આવ્યો. જાણે કે આપણી ચેતનામાં અહંતા તથા મમતાની ગ્રંથિઓમાં જો ક્રોધ તથા કામના વ્રણ હોય તો એ ઘાને રૂઝવવાને બદલે એ ગ્રંથિઓની જ શલ્યચિકિત્સા (એટલે કાપી નાખવાનું જ ઓપરેશન) કરી નાખવામાં આવી. વૈદિક શાસ્ત્રોને આ શલ્યકર્મ (ઓપરેશન) બધી સ્થિતિઓમાં માન્ય ન હતું. તેથી જ બુદ્ધની પહેલાં જ કર્મયોગ, જ્ઞાનયોગ તથા ભક્તિયોગની ઉપદેશાયેલી પદ્ધતિઓમાં બીજી અઘોર (સૌમ્ય) તથા અક્લિષ્ટ (એટલે દુઃખ વગરની) ચિકિત્સા વિચારવામાં આવી.

(૨) કર્મયોગની પ્રણાલીમાં અહંતાને તોડવાની પરવા કર્યા વિના, મમતાને જુદા જુદા દેવતાઓની સાથે જોડવાની ચિકિત્સાપ્રણાલી અપનાવવામાં આવી છે–'અગ્નયે સ્વાહા, અગ્નયે ઈદમ્ ન મમ'. અર્થ : અગ્નિને આ સમર્પણ કરું છું–આ અગ્નિનું છે, મારું કંઈ નથી. 'સૂર્યાય સ્વાહા, સૂર્યાય ઈદં ન મમ' ઈત્યાદિ. અર્થ–સૂર્યને આ સમર્પણ કરું છું, આ સૂર્યનું છે, મારું કંઈ નથી, વગેરે. 'વિત્તમ્ ચ મે પુત્રં ચ મે પશૂંશ્ચ મે', અર્થ : મારું ધન તથા મારો પુત્ર તથા મારાં પશુઓની મમતામયી, સકામ–કર્મ વૃત્તિવાળા સાધકોની મમતાને– 'દેવતાયૈ ઈદં ન મમ', અર્થ– આ બધું દેવતાને સમર્પણ કરું છું, તેમાં મારું કંઈ નથી એવી પ્રણાલી દ્વારા કર્મયોગ નિષ્કામ–કર્મની દિશામાં આગળ વધારવા માગે છે. પોતાના ઉપભોગની પહેલાં દેવતાઓના યજનની આવશ્યક્તા છે. આ જ કારણથી કર્મયોગના નિરૂપણમાં ગીતા આપણને સમજાવે છે કે–

'કર્મ કર્યા વિના કોઈ મનુષ્ય રહી નહીં શકે, આપણા સ્વભાવને અનુરૂપ, વિવશ બનીને કંઈક કર્મ તો બધા મનુષ્યોએ કરવાં જ પડશે. આવી સ્થિતિમાં કર્મેન્દ્રિયોને સંયમમાં રાખવાના પાખંડમાં વિમૂઢ સાધક પોતાના કાબૂ વગરના મનને, ઈન્દ્રિયાર્થોના ચિંતનમાં ડુબાડી દે છે. જ્યારે સાચી વિશિષ્ટતા તો, મનથી ઈન્દ્રિયોને સંયમમાં રાખીને, કર્મેન્દ્રિયો દ્વારા, આસક્તિ રહિત કર્મયોગને કરતા રહેવામાં છે ! આટલા માટે જ, નિયત કર્મોનો ત્યાગ કરવાને બદલે, નિયત કર્મોને કરતા રહેવું એ જ ઉત્તમ છે. સર્વથા કર્મત્યાગ કરવાથી તો શરીરયાત્રા પણ નભી નહીં શકે. આ લોકમાં એ જ કર્મો બંધનરૂપ માન્યાં ગયાં છે, જેમનું અનુષ્ઠાન યજ્ઞકર્મના રૂપમાં નથી હોતું. આ કારણને લીધે યજ્ઞાર્થ કરવામાં આવતું કર્મ તો અસંગભાવથી કરતાં જ રહેવું જોઈએ. અસંગભાવ– અનાસક્તભાવ : અસંગભાવથી ફલાસક્તિ છોડીને કરવું એટલે અસંગભાવથી કરવું. પ્રજાપતિ કર્તવ્યભાવથી ફલાસક્તિ છોડીને કરવું એટલે અસંગભાવથી કરવું. પ્રજાપતિ બ્રહ્માએ પણ, પ્રજાની સૃષ્ટિ યજ્ઞની સાથે જ કરી છે. તેથી યજ્ઞ જ આપણી સર્વ કામનાઓને સારી રીતે પૂર્ણ કરે છે. આપણે યજ્ઞ દ્વારા દેવતાઓને આપવાની



વસ્તુ તેમને આપવી જોઈએ અને યજ્ઞભાવિત એટલે યજ્ઞની ભાવનાથી સંતુષ્ટ થયેલ દેવતાઓ, આપણને જે મળવું જોઈએ તે આપણને દેશે. આ જ આદાન–પ્રદાન એટલે પરસ્પર આપવા–લેવાની ક્રિયામાં આપણું પરમ શ્રેય રહેલું છે. જે દેવતાઓએ આપણને કંઈક આપ્યું છે એમાંથી જે તેમને આપવા લાયક છે તે તેમને આપ્યા વિના જ્યારે આપણે આપણા ઉપભોગમાં લઈએ છીએ ત્યારે આપણે ચોર બની જઈએ છીએ. આ જ કારણને લીધે, યજ્ઞ કર્યા પછી બાકી રહેલી વસ્તુઓનો ઉપભોગ કરવાની પ્રણાલિકામાં પાપનો સ્પર્શ થતો નથી. તો પણ જે મનુષ્યો ફક્ત પોતાને માટે જ પાક સિદ્ધ કરે છે (રસોઈ બનાવે છે) અને ખાય છે, તેઓ અન્નનું નહીં પરંતુ પાપનું જ ભક્ષણ કરે છે'.

ગીતામાંથી વિસ્તારપૂર્વક કરેલા આ ઉલ્લેખના અધ્યયનથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે કર્મયોગ આપણી અહંતાની પરવા અધિક કરવા ઈચ્છતો નથી, પરંતુ મમતા વિષે માર્ગદર્શન કરવા માગે છે. મમતામાં રચ્યાપચ્યા મનુષ્યો પોતાના ઉપભોગ પહેલાં જો થોડીક ધીરજ ધારણ કરીને, દેવતાઓને માટે 'ઈદં ન મમ' એટલે આ મારું નથી એમ કહેવાનું શીખી જાય તો નિષ્કામતાના માર્ગ પર તે આગળ વધી શકશે. આ જ નિષ્કામ કર્મ છેવટે આત્મસુખ યાને શાશ્વત સ્વર્ગના સુખનું પ્રદાન કરશે; પરંતુ અહંતાની ઉપેક્ષા કરવાને કારણે આ કર્મમાર્ગમાં પ્રારંભિક સાધનાની અવસ્થામાં અહંતા તથા રાજસ ગુણના સાહચર્ય (એટલે ભેગા થવા)ને લીધે મનમાં ક્રોધની સંભાવના ડગલે ને પગલે રહેતી હોય છે. કર્મયોગ મમત્વને જ સ્વસ્થ બનાવે છે.

(૩) આ કારણને લીધે જ્ઞાનમાર્ગ એ અહંતાની ચિકિત્સા કરવાનો– અહંતાને સ્વસ્થ બનાવવાનો પ્રયાસ છે. કર્મયોગમાં જેવી રીતે મમતાને દેવતાઓની સાથે જોડી દેવામાં આવી હતી એ જ રીતે જ્ઞાનયોગમાં આપણી અહંતાને બ્રહ્મની સાથે જોડવાનો પ્રયાસ કરવો પડે છે– 'યોઽહમસ્મિ બ્રહ્માહમસ્મિ. અહમસ્મિ બ્રહ્માહમસ્મિ. અહમેવાહં મા જુહોમિ સ્વાહા'. અર્થ : હું જે કંઈ છું–હું બ્રહ્મ જ છું, હા, મારું અસ્તિત્વ છે– હું બ્રહ્મ છું, હું જ પોતે મારો હોમ બ્રહ્મમાં કરું છું.

કર્મયોગ જેવી રીતે પ્રારંભમાં – પુત્રં ચ મે વિત્તં ચ મે'ની કામનાઓથી ઘેરાયેલા સકામ કર્મના કર્તાને નિષ્કામ–કર્મની ઊંચાઈ પર ચડાવવાને માટે 'ઈદં ન મમ', અર્થ–આ મારું નથી એવી ભાવનામાં પ્રશિક્ષિત કરે છે ત્યાં યજ્ઞાગ્નિમાં આપણી મમતાની આહુતિ આપવી પડે છે. એવી જ રીતે જ્ઞાનયોગ બ્રહ્માગ્નિમાં આપણી અહંતાની આહુતિ આપવાનું શીખવાડે છે. જ્ઞાનયોગ એ આપણા

અહંકારની ચિકિત્સા એટલે રોગને દૂર કરવાનો ઉપાય છે. એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે આહુતિ બ્રહ્માગ્નિમાં આપવાની છે. આપણા અહંકારની ભભૂકતી જ્વાલાઓમાં બ્રહ્મની આહુતિ આપવી એ જ્ઞાનયોગ નથી.

કોઈપણ વાકય ઉદ્દેશ્ય અને વિધેયભાવ એટલે કે જેનું વિધાન જેના માટે કરવાનું છે એ સંબંધથી યુક્ત હોવું જોઈએ. જેમકે 'ગાય પ્રાણી છે' એ વાકયમાં 'ગાય' શબ્દ ઉદ્દેશ્ય છે અને 'પ્રાણી' શબ્દ વિધેય છે. આ જ પ્રમાણે 'અહં બ્રહ્માસ્મિ' વાકયમાં 'અહં' શબ્દ ઉદ્દેશ્ય છે અને 'બ્રહ્મ' શબ્દ વિધેય છે. એ જ કારણથી અહંરૂપી જીવાત્માને બ્રહ્મરૂપ માનવું એ વાસ્તવિક—સાચો—બ્રહ્મબોધ છે, તથા વ્યાપક અંશી પરમાત્માની સાથે અંશરૂપ એવા જીવાત્માની અહંતાને સાચા પરિપ્રેક્ષ્યમાં એટલે કે સાચી દષ્ટિના વિસ્તારમાં જોવું એ છે. 'બ્રહ્મ'ને ઉદ્દેશ્ય માની 'અહંકાર'ને વિધેય બનાવવું એ પેલા 'ગાય પ્રાણી છે' એ વાકય માં બધાં પ્રાણીઓને ગાય માની લેવાની ભૂલભરેલી ખોટી માન્યતા જેવી છે. બ્રહ્મ તો ત્વંકારાસ્પદ પણ છે—'તત્ત્વમસિ' વાકયમાં અને ઈદંકારાસ્પદ પણ છે—'સર્વં ખલુ ઈદં બ્રહ્મ'માં. પ્રાણી તો ગાય, હાથી તથા ઘોડા વગેરે અનેક પ્રકારના હોય છે. તેથી બધાં પ્રાણીઓને ગાય માનવાની ભૂલભરેલી ખોટી માન્યતા જેવી ભૂલ, બ્રહ્મને અહમાસ્પદ માનનાર, કરી બેસે છે. અંશીને અહં કહી શકાય નહીં, કારણ કે 'ત્વં' પણ છે અને ઈદં (આ) પણ છે, પરંતુ અંશ હોવાના કારણે 'અહં'ને અંશી બ્રહ્મ કહી શકાય છે. બાપના જેવો ચહેરો બેટાનો હોઈ શકે છે પરંતુ બેટાના ચહેરા જેવો બાપનો ચહેરો નહીં!

આ જ કારણને લીધે શ્રીશંકરાચાર્યજી કહે છે કે, મોજાં એટલે 'સમુદ્રનાં મોજાં' કહેવા જોઈએ, પરંતુ સમુદ્રને 'મોજાંવાળો સમુદ્ર' નહીં. 'સામુદ્રો હિ તરંગઃ કવચન સમુદ્રો ન તારંગઃ' ઈતિ. કિનારા પર પહોંચીને મોજાં પોતાની આહુતિ સમુદ્રમાં આપી દે છે, પરંતુ શું કયારેય સમુદ્રની આહુતિ કોઈ લહેરમાં—મોજામાં આપી શકાતી હોય છે? ના, નહીં જ!

જ્ઞાનમાર્ગી અહંતાની ચિકિત્સા ઉપર ભાર મૂકે છે— બ્રહ્મની સાથે પોતાની અહંતાને જોડી દઈને તેને રોગમુક્ત બનાવવાની ઈચ્છા રાખે છે, પરંતુ આ પ્રણાલીમાં મમતાની ઉપેક્ષા થઈ જતી હોય છે, અને એ જ મમતા વિકૃત બની જાય ત્યારે જ્ઞાનીના જ્ઞાનમાં કામના વ્રણ—ઘા ફૂટી પડે છે! મમતાને છોડી કેવલ અહંતાને બ્રહ્મની સાથે જોડવાનો પ્રયાસ એ જ્ઞાનમાર્ગ છે. એ પ્રયાસ સફળ થાય ત્યારે બ્રહ્માનંદની પ્રાપ્તિ થતી હોય છે અને એ પ્રયાસ વિફળ થાય



ત્યારે 'અહં બ્રહ્માસ્મિ'નો ઉદ્દેશ્ય વિધેયમાં બદલાઈ જાય છે. ખાસ કરીને જ્ઞાનમાર્ગીય જિજ્ઞાસુઓના 'અહં બ્રહ્માસ્મિ'ના જપમાં 'બ્રહ્મ'ને બદલે 'અહં' ઉપર ભાર આવી જાય છે — અને આ મહાવાકયરૂપી 'અહં બ્રહ્માસ્મિ' વાકયનો અર્થ બદલાઈ જાય છે.

કયારેક વિફળ જ્ઞાનમાર્ગીય સાધકની ઉપેક્ષિત મમતા, જ્ઞાનમાર્ગ પર દોડતી વખતે સાધકને રજોગુણની ગોધૂલી એટલે કે સાંજ ઢળે ત્યારે ગાયના ચરણથી ઊડતી રજના ઘેરાવામાં થતાં અસ્પષ્ટ દર્શનની વેળાએ શિષ્યેષણા (શિષ્યની ઈચ્છા)ના જેવી કામનાઓનું રૂપ ધારણ કરીને જ્ઞાનમાર્ગ ઉપર દોડતા સાધકને મોહપાશમાં બાંધી લે છે. આ જ કારણથી ભગવાન કહે છે—

સદૃશં ચેષ્ટતે સ્વસ્યાઃ પ્રકૃતેર્જ્ઞાનવાનપિ ।
પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ નિગ્રહઃ કિં કરિષ્યતિ ? ॥

બધાં પ્રાણીઓ પોતપોતાની પ્રકૃતિ અનુસાર એટલે કે પોતાના સ્વભાવને વશ બનીને કર્મ કરે છે અને જ્ઞાની પુરુષો પણ એ જ રીતે પોતાની પ્રકૃતિ અનુસાર વર્તે છે તો પછી ત્યાગની હઠ કરવાથી શું વળે? (ગીતા ૩—૩૩).

આ બંને માર્ગો— કર્મમાર્ગ તથા જ્ઞાનમાર્ગની યાત્રા સફળ થતાં મુક્તિ સુધી પહોંચાડનારા માર્ગ છે, પરંતુ અહંતા તથા મમતામાંથી કોઈ પણ એકને સ્વસ્થ કરવાના આ બધા અપૂર્ણ પ્રયાસ હોવાથી યા થવાથી આપણા કામ તથા ક્રોધના રોગોની પૂર્ણ ચિકિત્સા કરતા નથી. કેવલ ભક્તિયોગ જ આપણી અહંતા—મમતાને સંપૂર્ણ માત્રામાં સ્વસ્થ રાખવાની એક માત્ર ચિકિત્સાપ્રણાલી છે.— અકઠોર, મૃદુ, પૂર્ણ અને ભયરહિત!

(૪) 'ભક્તિ' શબ્દ ભજ્+ક્તિન્ એ બંને જોડવાથી બને છે. 'ભજ્' ધાતુનો મૂળ અર્થ છે— સેવા. 'ક્તિન્' પ્રત્યયની સાર્થકતા સેવાને પ્રેમપૂર્વક કરતા થાય છે. આમ 'ભક્તિ' શબ્દનો એકંદરે અર્થ થાય છે 'પ્રેમ સહિત કરવામાં આવતી સેવા.'

આ ભક્તિ આપણી અહંતા—મમતાની પૂર્ણ ચિકિત્સા છે. શરણાગત પુષ્ટિજીવને ભગવત્સેવામાં લગાડી દઈને એ ભક્તિ જીવની અહંતાને ભગવાનની સાથે જોડી દે છે. 'સોઽહમ્'ની પ્રક્રિયાથી નહીં, પરંતુ 'દાસોઽહમ્'ની પ્રક્રિયા દ્વારા. સચ્ચાઈપૂર્વકની સેવા આપણે એની જ કરી શકીએ છીએ જેની સામે આપણો અહંકાર ઝૂકી જાય—નમી પડે. પુષ્ટિપ્રભુ વ્રજાધિપ શ્રીકૃષ્ણની સમક્ષ આપણા અહંકારને 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' કહીને અથવા 'દાસોઽહં કૃષ્ણ તવ' એમ કહીને ઝૂકી પડવું—નમી પડવું એ પુષ્ટિભક્ત અથવા તો

પુષ્ટિભક્તિની પ્રકૃતિમાં નિહિત–ચોક્કસપણે નિરૂપિત અર્થ છે. અહંકાર ઝૂકી પડે એટલે તરત શરીરને પણ ઝૂકવું પડશે. આ જ કારણથી સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં તનુવિત્તજા સેવાની તથા સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં સર્વસમર્પણની વાત સમજાવીને ચતુઃશ્લોકી નામના ગ્રંથમાં વ્રજાધિપના ભજનને જ સ્વધર્મ માનવામાં આવ્યો છે.

સંસ્કૃત ભાષાનો એક નિયમ છે કે પ્રત્યેક શબ્દના ઘટક એટલે ઘડનાર મૂળ શબ્દ (પ્રકૃતિ) તથા પ્રત્યય, પોતપોતાના અર્થના બોધ એક સાથે જ પેદા કરે છે, જુદા જુદા નહીં. તે છતાં પ્રત્યયના અર્થની કંઈક પ્રધાનતા તો હોય છે જ. 'ક્તિન્' પ્રત્યયનો ફલિતાર્થ પ્રેમ પણ 'ભક્તિ' શબ્દના બીજા ઘટક 'ભજ્' ધાતુના અર્થ 'સેવા'ની તુલનામાં કંઈક પ્રધાનતા ધારણ કરે છે. કોઈકના તરફ મન ઝૂકી પડે ત્યારે મન જ્યાં ઝૂકે એટલે મમતા પણ તે તરફ વળવા માંડશે. આપણી મમતા શ્રીકૃષ્ણની તરફ જોડવાની વાત, ચિત્તની કૃષ્ણ તરફ ઝૂકવાના રૂપમાં સિદ્ધાંતમુક્તાવલીમાં "ચેતસ્તત્પ્રવણં સેવા" એ સૂત્ર દ્વારા સમજાવવામાં આવેલી છે. ચતુઃશ્લોકી ગ્રંથમાં, શ્રીકૃષ્ણના તરફ આપણી મમતાને વાળવાની ક્રિયાને જ પુષ્ટિમાર્ગીય 'કામ' કહેવામાં આવેલ છે. એ જ 'કામ', એ જ કૃષ્ણદર્શન– કામના 'ભક્તિ' શબ્દમાં 'ક્તિન્' પ્રત્યયનો અર્થ છે.

ચતુઃશ્લોકીમાં ભજન તથા સ્મરણના નિરંતર ચક્રની જેમ ચાલુ રહેવાની ક્રિયાને મોક્ષ માનવામાં આવેલ છે– 'સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્ ઈતિ મે મતિઃ'– વચનમાં. અર્થ : સ્મરણ અને ભજન ક્યારેય ન છોડવાં એવી મારી મતિ છે–તેને મોક્ષ કહ્યો છે. અપરોક્ષમાં ભજન અથવા શરીર દ્વારા થતી સેવા કૃષ્ણ સાથે આપણી અહન્તાને જોડવાની નિશાની છે. પરોક્ષમાં સ્મરણ અથવા આપણા ચિત્તની કૃષ્ણ–તન્મયતા આપણી મમતાને કૃષ્ણ સાથે જોડવાની નિશાની છે. પુષ્ટિભક્ત ન તો પોતાની અહન્તાને યા મમતાને દેહ યા વિષયોમાં મુક્ત (સંયમરહિત) રૂપે છોડી મૂકે છે, કે ન તેને તોડે છે, કારણ કે તોડવાની જરૂર જ નથી. પુષ્ટિભક્ત પોતાની અહન્તા તથા મમતાને વ્રજાધિપ શ્રીકૃષ્ણની સાથે જોડી દે છે. જે દિવસે જે ક્ષણે એ બન્ને સારી રીતે શ્રીકૃષ્ણની સાથે જોડાઈ જાય છે, એ જ દિવસે પુષ્ટિજીવ મુક્ત બની જાય છે. આથી અધિક બીજો કોઈ અર્થ મુક્તિનો પુષ્ટિજીવને માટે બાકી નથી હોતો.

આપણી અસ્વસ્થ–રોગમયી–અહંતા–મમતાની ક્લેશરહિત, સંપૂર્ણ તથા શુભ ચિકિત્સા ભક્તિ છે. એ જ કારણથી શ્રીમહાપ્રભુજીએ પુરુષોત્તમ જોશીને સમજાવ્યું હતું કે 'જ્ઞાનમાર્ગ તથા કર્મમાર્ગ દ્વારા મુશ્કેલીથી–કઠિનતાથી કૃતાર્થ



થવાય છે. તેથી ભક્તિમાર્ગમાં જીવ કૃતાર્થ થાય છે એ વિના બીજો કોઈ આશરો–માર્ગ નથી...'

જ્યારે ભક્તિ જ આપણા સંસાર–રોગની પૂર્ણ ચિકિત્સા છે, ત્યારે ભક્તિરસાયણના અનુપાન કે સેવનને જ શા માટે વધારવામાં ન આવે ! ખરું જોતાં તો ભક્તિને ઓસડ માનવું એ પણ ભક્તિની પૂર્ણ મહત્તાનું વર્ણન નથી. કારણ કે ભક્તિ પુષ્ટિજીવને માટે ઓસડથી ઘણી વધુ જાતે જ સ્વાસ્થ્યરૂપ છે. પરમાત્મા તરફ જીવાત્માની ભક્તિ ન હોવી એ અસ્વાસ્થ્યનું–રોગીપણાનું લક્ષણ છે. પુષ્ટિપ્રભુ વ્રજાધિપ શ્રીકૃષ્ણના તરફ પુષ્ટિજીવનું, પુષ્ટિભક્તિના ભાવથી રહિત હોવું એ પણ તેની અસ્વસ્થતાનું લક્ષણ છે. ગીતાના છઠ્ઠા અધ્યાયની સમાપ્તિ વેળાએ એ જ કારણથી શ્રીકૃષ્ણ કહે છે– 'મને તો કર્મમાર્ગીય જ્ઞાનમાર્ગીય તપસ્વી સાધકોમાં જે યોગી છે એ અધિક માન્ય લાગે છે. યોગીઓમાં પણ શ્રદ્ધાપૂર્વક જેઓ પોતાના અંતરાત્માને મારી સાથે જોડી દઈને મારું ભજન કરે છે એઓ મને બધામાં યુક્તતમ લાગે છે'

આ જગતમાં આહાર–વિહારની જે અનિયમિતતાઓના કારણે આપણે આપણી અહંતામમતાને અસ્વસ્થ બનાવી રાખીએ છીએ, તેનાથી બચવા માટે શ્રીમહાપ્રભુજીનો સ્વાસ્થ્યવર્ધક ઉપદેશ 'ભક્તિવર્ધિની'ને સાંભળવો, સમજવો તથા હૃદયમાં ધારણ કરવો એ અતિ આવશ્યક છે.

ભગવાનના અનુગ્રહરૂપી કલ્પતરુથી વીંટળાઈને પ્રગટતી ભક્તિરૂપી કલ્પલતાની વૃદ્ધિના ઉપાયોને જાણવા, એ વિષે જ્ઞાન મેળવવું– એ આ કારણને લીધે આવશ્યક છે. જો પુષ્ટિ કલ્પતરુ હોય તો ભક્તિ કલ્પલતા હોય છે.

ભક્તિ એ જીવાત્મામાં પ્રગટ થાય છે જેનું ભક્તિને માટે વરણ પ્રભુ કરે છે. પોતાની ભક્તિને માટે પરમાત્મા દ્વારા કરાયેલું જીવાત્માનું વરણ જીવાત્મામાં બીજભાવને રૂપે સર્વદા વિદ્યમાન રહે છે. સત્સંગ, ગુરુકૃપા યા શાસ્ત્રતાત્પર્ય સંબંધી નિર્ણયના અનુકૂલ વાતાવરણમાં કયારેક એ અંકુરિત થઈ શકે છે અને કયારેક નહીં. શ્રીપ્રભુચરણ કહે છે કે સ્વયં પરમાત્મા આ એકાન્ત–ભક્તિ યા વ્રજભક્તિના બીજનું આરોપણ કરે છે– સત્સંગ તથા ગુરુકૃપાના જલથી તેને સિંચે છે –પોતાના અનુગ્રહકલ્પતરુનો આશ્રય આપીને તેને ઉપર લાવે છે– તેના પર ઊગવાવાળાં પુષ્પ–ફૂલોની રક્ષા પણ એક કાળજીભર્યા માળીની જેમ પોતે જ કરે છે–તેથી આ ભક્તિ–કલ્પલતાનું નષ્ટ થવું યા તો

કરમાઈ–સુકાઈ જવું, તેને કેમ પસંદ આવે ? આ કારણને લીધે પુષ્ટિભક્તિનો બીજભાવ નાશવંત નહીં એવો બીજભાવ છે. જન્મ–જન્માન્તરો સુધી એ બીજભાવનો નાશ થતો નથી. એક પછી એક જન્મ ઋતુચક્રની માફક આવતો તથા જતો રહે છે–કોઈક ઋતુમાં કોઈક લતા પર ફૂલ ખીલે છે, કોઈ ઋતુમાં નહીં. આવી જ રીતે ભક્તિનો બીજભાવ પણ કોઈ જન્મમાં પ્રેમના રૂપમાં અંકુરિત થઈ શકે છે તથા કોઈક જન્મમાં નહીં.

ભક્તિની આ કલ્પલતા વધીને એટલી સઘન–ગાઢ થઈ જાય–પુષ્ટિના કલ્પતરુના લતાપતાદિક તથા ડાળીઓ સાથે એવી રીતે વીંટળાઈ જાય કે એ બન્નેને જુદા પાડવાનું કાર્ય કઠિન બની જાય–પુષ્ટિકલ્પતરુ તથા ભક્તિકલ્પલતાનાં પલ્લવ પરસ્પર મળી જઈને પુષ્ટિભક્તિના રૂપમાં દેખાવા લાગે–એવો ઉપાય શ્રીમહાપ્રભુજી આપણને દર્શાવવા માગે છે. લતા–વેલ– જ્યારે વૃક્ષ ઉપર ઘણી દઢતાથી લપટાઈ જાય છે–વીંટળાઈ જાય છે–ત્યારે તેના નાશ પામવા યા તો સુકાઈ જવાનો ભય ઘણો ઓછો થઈ જાય છે. આને જ 'બીજભાવની દઢતા' કહેવામાં આવી છે.

## દઢ બીજભાવ તથા અદઢ બીજભાવવાળા જીવોને માટે ફલાત્મિકા વૃદ્ધિના ઉપાય :

પોતાની પ્રેમ–સેવાત્મિકા ભક્તિના હેતુથી પરમાત્મા દ્વારા સારી રીતે વાવવામાં આવેલા વરણ કે પસંદગીનો બીજભાવ જે જીવાત્માઓમાં દઢ થઈ જાય છે તેઓ તો નિઃશંક શ્રવણકીર્તનની પ્રણાલિકા દ્વારા પણ ભગવાનની માનસી સેવામાં સર્વદા મગ્ન રહી શકે છે. તેથી એવા ભક્તો ગૃહત્યાગ પણ કરી શકે છે. પરંતુ જે ભક્તોનો બીજભાવ જ દઢ ન થયો હોય તેમણે ગૃહત્યાગ ન કરવો જોઈએ. પણ પોતાના ઘરમાં રહીને જ તેમણે ભગવત્સેવા તથા ભગવત્કથામાં પોતાની જાતને તત્પર બનાવવી જોઈએ. ત્યારે જ બીજભાવ દઢ થશે.

ભક્તિના ત્રણ ભેદ હોય છે.

૧. ભગવત્સ્વરૂપનું બાહ્ય ભજન
૨. ભગવત્સ્વરૂપનું આંતર ભજન
૩. ભગવન્નામાત્મક ભાગવતનું શ્રવણ–ચિન્તન–કીર્તન

બાહ્યાભ્યન્તરભેદેન રૂપે ભેદદ્વયં મતમ્ ।
નામ્નિ ચૈકં તતસ્ત્રેધા ભક્તિમાર્ગો નિરૂપિતઃ ॥



અર્થ : ભક્તિમાર્ગમાં ભજન ત્રણ પ્રકારે છે : બાહ્ય અને આભ્યન્તર પરમાત્માના સ્વરૂપભેદથી બે ભેદ અને ત્રીજો–પ્રભુના નામાત્મક ભાગવતજીનું શ્રવણ–કીર્તન.

જેનો બીજભાવ દઢ થઈ ગયો હોય અર્થાત્ પુષ્ટિભક્તિ ભગવત્પ્રેમના રૂપમાં અંકુરિત, ભગવદાસક્તિના રૂપમાં પલ્લવિત તથા ભગવદ્વ્યસનના રૂપમાં ફલિત થવા લાગી ગઈ હોય તો એવા ભક્તને ભગવદ્–વ્યસનના સ્વભાવને લીધે જ ભગવાનના વિરહની તીવ્ર અનુભૂતિમાં, સિદ્ધાંતમુક્તાવલીમાં વર્ણવેલી માનસી સેવા અર્થાત્ ભગવત્સ્વરૂપનું આન્તર ભજન સિદ્ધ થઈ જાય છે. અને એક ડગલું આગળ વધે એટલે સર્વાત્મભાવ સિદ્ધ થઈ જાય ત્યારે આસક્તિભ્રમ–ન્યાયથી સર્વે ઈન્દ્રિયોનો ભગવાનમાં વિનિયોગ પણ સિદ્ધ થઈ જાય છે. એવા ભક્તોને માટે સર્વત્ર ભગવદ્ભાવ પ્રગટ થઈ જાય છે. ઘર અને બહારનો ભેદ લુપ્ત થઈ જાય છે– તેઓ ઘરમાં બેઠા હોય યા બહાર, તેમનાં મન તથા બધી ઈન્દ્રિયો દ્વારા નિરન્તર ભગવાનની અનુભૂતિ ચાલતી જ રહે છે. ફળસ્વરૂપે આસકરણદાસજી (જુઓ ૨૫૨ વૈષ્ણવોની વાર્તા)ની જેમ ઘરમાં રહેવાનું અનિવાર્ય નથી રહી જતું. તેઓ ગૃહત્યાગ કરી શકે છે–ભગવલ્લીલાઓનું શ્રવણ, ભગવાનનાં સ્વરૂપ, ગુણ તથા લીલાઓની ભાવના તથા તેમનાં કીર્તનની મસ્તીમાં; યા તો કયારેક ભગવાનના વિરહના તીવ્ર તાપમાં એવા ભક્તો કયારે ઘરનો ત્યાગ કરીને ઘરની બહાર નીકળી પડે છે એની એમને પોતાને પણ ખબર પડતી નથી ! "વિરહાનુભવાર્થ તુ પરિત્યાગઃ પ્રશસ્યતે". ભગવાનના વિરહના અનુભવની પ્રાપ્તિ માટે તો સંન્યાસ પ્રશંસનીય છે (સંન્યાસનિર્ણય).

સર્વનિર્ણય – નિબંધમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે કેવળ શ્રીકૃષ્ણને જ પોતાના સ્વામી માનીને – આન્તર તથા બાહ્ય રૂપમાં બધી બાબતોનો ત્યાગ કરીને – શ્રીકૃષ્ણની વિભૂતિરૂપ બધા દેવતાઓનું સન્માન કરતાં કરતાં–દેહ પડે ત્યાં સુધી કેવળ શ્રીકૃષ્ણમાં જ પોતાના મનને જેઓ એકાગ્ર કરી શકે છે–તેમની વાણીનો તથા કાયાનો – શરીરનો શ્રીકૃષ્ણમાં વિનિયોગ થઈ જાય યા નહીં – તેમના મનની એકાગ્રતા સ્નેહમયી બની જાય યા નહીં – પણ તેમને શ્રીકૃષ્ણમાં સાયુજ્યનો લાભ ચોક્કસ મળી જ જાય છે. ભગવત્પ્રેમના પ્રબલ પ્રવાહને કારણે સ્ત્રી, ઘર, પુત્ર, સ્વજન, પ્રાણ, વિત્ત – આદિમાં રહેલી જેમની મમતાની દીવાલ તૂટી જાય છે અને જે પોતે પણ એ પ્રબળ પ્રવાહના વેગને લીધે ઘરની બહાર ફેંકાઈ જાય છે–એવા ભક્તો વ્યસનદશાના પરમ ભાવોનાં વમળોમાં ઘેરાઈ જવાથી

પુનઃ પુનઃ ડૂબતા તથા ઉપર આવતા રહે છે ! કરોડો ભક્તોમાં કયારેક જ એકાદ ભક્ત જ એવો કૃષ્ણવ્યસની બની જતો હોય છે !

બીજભાવની આવી દઢતાના અભાવમાં ગૃહત્યાગ હિતકારી નથી હોતો. તેથી પહેલાં બીજભાવ દઢ થાય ત્યાં સુધી ધીરજ રાખવી જોઈએ.

ત્યાગ તથા વૈરાગ્ય ભગવત્પ્રેમની તીવ્રતાને કારણે પ્રગટ થતાં હોય તો તેમને સ્વસ્થ તથા રસયુક્ત માનવા જોઈએ. અન્યથા સંસારમાં કેવળ દોષ નજરે પડવાને કારણે જે વૈરાગ્ય જાગી ઊઠે છે, તે નીરસ તથા શુષ્ક, અને એ જ કારણને લીધે અસ્વસ્થ પણ હોય છે. એવા અસ્વસ્થ વૈરાગ્યને વશ બનીને વ્યર્થ જ કોઈ પણ વસ્તુનો ત્યાગ કરવાને બદલે એ વસ્તુ ભગવાનને સમર્પિત કરી દેવી જોઈએ. આપણી અહન્તા તથા મમતાના વિષયોનો ત્યાગ કરવાને બદલે તેમને શ્રીકૃષ્ણને સમર્પિત કરીને શ્રીકૃષ્ણની સેવામાં વિનિયોગ કરવાવાળાનો બીજભાવ દઢ બની શકે છે. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે અવ્યાવૃત્ત બનીને બધા વિષયોમાંથી વૃત્તિઓને પાછી ખેંચી લઈને પોતાના ઘરમાં સ્વધર્મ – ભગવત્સેવા તથા ભગવત્કથામય જીવન વિતાવનારનો બીજભાવ દઢ થાય છે.

"બીજદાઢર્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ।
અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ ॥ (ભ.વ.૨)

પોતાના ઘરમાં સ્વધર્મ–ભગવત્સેવાના વિષયમાં શાસ્ત્રાર્થપ્રકરણમાં એક વિલક્ષણ વાત શ્રીમહાપ્રભુજીએ સમજાવી છે કે બ્રહ્માનંદની પ્રાપ્તિને માટે મોક્ષની ઈચ્છાથી ભક્તિ કરવાવાળા લોકોએ આ વાત સમજવી જોઈએ કે સાધ્ય મોક્ષને બદલે સાધનભક્તિ અધિક શ્રેષ્ઠ છે. જે જીવો મુક્ત થાય છે તે દેહ–ઈન્દ્રિયોના સંઘાતને છોડીને જ મુક્ત થઈ શકે છે. એમનો કેવળ આત્મા જ પરમાત્મામાં લીન થઈ જાય છે. જ્યારે ભક્તોને તો દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ, ગૃહ, પરિવાર, આદિ સર્વ કંઈ તેમના ઘરમાં બિરાજતા પ્રભુની સેવામાં ઉપયોગમાં આવે છે. ભક્તોનો તો સંસાર પણ બ્રહ્માત્મક બની જાય છે. ફલની દૃષ્ટિએ જીવન્મુક્તિને બદલે ભક્તને માટે તો ભગવત્કૃપાની સાથે ગાર્હસ્થ્ય એટલે કે ઘરમાં રહેવુ તે શ્રેષ્ઠતર હોય છે. તેથી બીજભાવ દઢ કરવાને માટે એ વસ્તુ આવશ્યક છે કે ઘરમાં સ્વધર્માચરણને નિભાવતાં નિભાવતાં અવ્યાવૃત્ત થઈને ભગવદ્ભજન કરવું જોઈએ.

ઘરમાં રહેવું હોય તો સ્વધર્માચરણનો ત્યાગ સંભવ નથી, પરંતુ સ્વધર્મની વ્યાખ્યા પણ સરળ નથી. "સ્વધર્મ" નો પ્રથમ અર્થ થાય છે પોતાના વર્ણ તથા



આશ્રમને અનુરૂપ શાસ્ત્રમાં કહેલું આચરણ કરવું. શક્તિ રહે તો સ્વધર્માચરણમાં સંકોચ ન રાખવો જોઈએ; કારણ કે જ્યાં સુધી આ દેહ છે અને આ દેહની સાથે આપણી અહન્તા–મમતા જોડાયેલી છે ત્યાં સુધી વર્ણાશ્રમ ધર્મ જ સ્વધર્મ છે. ભગવદ્ધર્મ પણ વિધર્મ યા પરધર્મના જેવો બની જાય છે. જ્યારે દેહાભિમાન શિથિલ થવા લાગે, ત્યારે જ ભગવદ્દાસ્ય યા તો ભગવત્સેવા આત્મદૃષ્ટિથી જોતાં સ્વધર્મ બની જાય છે. ત્યારે વર્ણાશ્રમ ધર્મ પણ પરધર્મ બની જાય છે (સુબોધિની ૩–૨૮–૨). તેથી આ દેહાભિમાન તથા આત્માભિમાનના અતિ કોમળ અને જટિલ વિવેકની સાથે વર્ણાશ્રમ ધર્મનો નિર્વાહ કરતાં કૃષ્ણભજનમાં તત્પર રહેવું જોઈએ. કૃષ્ણભક્તિમાં, આપણે જોઈ ગયા તેમ, અહંતાને સ્વસ્થ કરવાનો ઉપાય કાયિકી–દેહ દ્વારા થતી–સેવા છે, જે "ભજ્" ધાતુનો અર્થ છે, અને મમતાને સ્વસ્થ કરવાનો ઉપાય ચિત્તને કૃષ્ણપ્રેમપરાયણ બનાવવું એ છે. તેને અનુરૂપ અપરોક્ષમાં પૂજા એ કાયાને ભજનમાં લગાડવાની પ્રક્રિયા છે અને પરોક્ષમાં શ્રવણ–ચિન્તન–કીર્તન મનને ભજનમાં લગાડવાની પ્રક્રિયા છે.

સ્નેહની દઢતા વિના કાયાથી પ્રેમસેવા નભી ન પણ શકે પણ માહાત્મ્યજ્ઞાનને નિભાવતા રહેતાં પૂજા તો નભાવી શકાય છે. પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં આ પૂજાને 'પ્રવાહેણ ક્રિયારતાઃ' કહીને વર્ણવવામાં આવી છે. સર્વનિર્ણયમાં ૨૨૭મી કારિકાથી લઈને ૨૪૬ મી કારિકા સુધી ભજનના આ જ ક્રિયાપક્ષનું નિરૂપણ કરવામાં આવેલું છે. અહીં "એતત્સર્વં પ્રયત્નેન ગૃહસ્થસ્ય પ્રકીર્તિતમ્" કહીને ગાર્હસ્થ્યમાં આની આવશ્યકતા દર્શાવી છે. આ જ ૨૪૦ મી કારિકામાં શ્રીમહાપ્રભુજી કહે છે કે શ્રવણ–કીર્તન આદિ દ્વારા જ્યારે હરિ હૃદયમાં ઊંડે સુધી પ્રવેશ પામે છે, ત્યારે જ પૂજાનો નિર્વાહ જરા પણ વિક્ષેપ વગર સંભવિત બની શકે છે. આ જ કારણને લીધે પૂજાને કેવલ ક્રિયારૂપ જ રહેવા દેવી ન હોય તો, શ્રીમદ્ભાગવતમાં વર્ણવેલ ભગવાનનાં સ્વરૂપ, ગુણ તથા લીલાઓનાં શ્રવણ–ભાવન–કીર્તનની પ્રણાલી દ્વારા તેને પ્રેમમય બનાવવી પડશે– "પ્રેમ્ણોન્યત્સાધનં લોકે નાસ્તિ મુખ્યં પરં મહત્ શ્રીભાગવતમેવાત્ર પરં તસ્ય હિ સાધનમ્". પ્રેમથી બીજું કોઈ સાધન આ લોકમાં મોટું નથી. અને એ પ્રેમને સિદ્ધ કરવાનું સાધન માત્ર ભાગવતજી છે, એથી બીજું મોટું કોઈ નથી (સર્વનિર્ણય). અન્યથા પ્રેમરહિત ક્રિયાથી બહુધા વ્યગ્રતા ઉત્પન્ન થતી જ હોય છે. શ્રીમહાપ્રભુજી તેથી જ કહે છે "સપ્રેમ ઈત્યનુદ્વેગાર્થમ્ (સર્વનિર્ણય ૨૩૦)" એટલે કે ઉદ્વેગ ન થાય એટલા માટે પ્રેમસહિત એમ કહ્યું છે. ભગવાનની પૂજા કરતી વખતે જો

અનન્ય ભાવ જાગે નહીં તો આપણે અવ્યાવૃત્ત એટલે કે બીજી કોઈ વસ્તુમાં ચિત્તને લગાડયા વિના ભજન નહીં કરી શકીએ – ભક્તિને બદલે નકામી માનસિક વ્યગ્રતાને વધારી બેસશું.

ભક્તિમાર્ગીય જીવ અવ્યાવૃત્ત પણ હોઈ શકે છે અને વ્યાવૃત્ત પણ હોઈ શકે છે. તેથી બન્ને પ્રકારના જીવોમાં ભક્તિના બીજભાવની દઢતા માટેના ઉપાય પણ શ્રીમહાપ્રભુજીએ દર્શાવ્યા છે.

## અવ્યાવૃત્ત તેમજ વ્યાવૃત્ત અધિકારી જીવોની ભક્તિના બીજભાવોને દઢ કરવાના ઉપાય :

બધી ઈન્દ્રિયો તથા મનની અહમહમિકતા (એટલે "પહેલાં હું – પહેલાં હુંની ઉતાવળ) થી ભગવાનનાં કાર્યોમાં મગ્ન થઈ જવાની અથવા સેવામાં તત્પર થવાની વૃત્તિ એટલે આપણી અહન્તાનો ભગવાનમાં વિનિયોગ કરવો એ છે. એ કરવા માટે અનન્યભાવ જરૂરી હોય છે. 'ભાવ'નો અર્થ થાય છે : આપણા અંતઃકરણમાં ધારણ કરવામાં આવેલી રુચિ અથવા તો અભિપ્રાય. એ ભાવ જો માત્ર ભગવાનની બાબતમાં હોય તો તે "અનન્યભાવ" કહેવાય છે. અન્યથા (૧) કોઈ બીજા દેવતાઓ વિષે (૨) કોઈ અન્ય લૌકિક વસ્તુ યા તો વ્યક્તિને વિષે અથવા (૩) પુષ્ટિમાર્ગીય ફલથી જુદા કોઈક ફલને વિષે, આપણા હૃદયની રુચિ યાને ભાવના પ્રબળ થવા પર આપણી કૃષ્ણભક્તિ અનન્ય ભાવાત્મિકા નહીં બની શકે.

"અનન્ય ભાવ"વાળા ભક્તો જ અવ્યાવૃત્ત બની શકે છે. જેમની ભક્તિ અનન્યભાવિકા થઈ શકતી નથી તેઓ અવ્યાવૃત્ત નહીં બની શકે. અન્યાન્ય ભાવ આપણા દેહને તથા અંતઃકરણને વ્યાવૃત્ત દશામાં રાખશે–તેઓ બન્ને પોતાની પૂર્તિની કામનાના ભાવોને આપણી અંદર પેદા કરીને આપણને વ્યાવૃત્ત બનાવી દેશે–આપણાથી અવ્યાવૃત્તિપૂર્વકનું ભજન સંભવિત નહીં થાય. એવી સ્થિતિમાં પુષ્ટિભક્તિમાર્ગ પર ચાલવાનો બુદ્ધિગત નિર્ણય કરેલો હોવા છતાં આપણું હૃદય આ પૂર્વોક્ત અન્ય ભાવોની પૂર્તિના પ્રયાસમાં અહીં તહીં ભટકતું રહેશે–વ્યાવૃત્ત રહેશે. એવી સ્થિતિમાં શ્રીકૃષ્ણની પૂજા યા કાયિકી સેવા કરતાં રહેવા છતાં પણ સેવાફલમાં દર્શાવેલી–ભોગ, ઉદ્વેગ તથા પ્રતિબંધોથી રહિત સેવા નહીં કરી શકાય. પરિણામે એવી સેવા વ્યગ્રતાને વધારવાનું જ કારણ બનશે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પહેલાં કહેવામાં આવેલ અન્ય દેવો, અન્ય પદાર્થો, અન્ય માર્ગો અથવા તો અન્ય ફલોને કારણે જેમના દેહ તથા



અંતઃકરણ બાહ્ય તથા આન્તરરૂપમાં વ્યાવૃત્ત ન હોય એવા જીવોએ ભગવત્પૂજા તથા ભગવત્કથા એ બન્નેમાં જ તત્પર રહેવું જોઈએ, પરંતુ જેમના દેહ યા તો અંતઃકરણ કોઈ પણ પ્રકારે વ્યાવૃત્ત હોય તેવા જીવોએ કૃષ્ણસેવાનું અનુષ્ઠાન એકદમ શરૂ કરી દેવું ન જોઈએ. શરૂઆતમાં કેવલ ભગવત્કથાના શ્રવણ, ચિન્તન તથા કીર્તનની પ્રણાલીથી ચિત્તને અનન્યભાવવાળું બનાવવું જોઈએ– "...ભાવાન્તરસહિતો વા સ હિ દેવાન્તરવિષયઃ પદાર્થાન્તરવિષયઃ માર્ગાન્તરવિષયો વા. તત્સહ ભાવોऽત્ર, નિષિધ્યતે ફલભાવશ્ચ." જુદા જુદા દેવોમાં, પદાર્થોમાં, માર્ગોમાં જુદા જુદા ભાવ હોવા એ અહીં નિષિદ્ધ છે, જુદા ફલનો ભાવ પણ (સુબોધિની ૩–૨૫–૨૨). આ સુબોધિનીની ભાગવતકારિકામાં ભક્તિનું સ્વરૂપ આ પ્રમાણે દર્શાવવામાં આવેલું છે.

મય્યનન્યેન ભાવેન ભક્તિં કુર્વન્તિ યે દઢામ્ ।
મત્કૃતે ત્યકતકર્માણસ્ત્યકતસ્વજનબાન્ધવાઃ ।।૨૨।।
મદાશ્રયાઃ કથામૃષ્ટાઃ શૃણ્વન્તિ કથયન્તિ ચ ।
તપન્તિ વિવિધાસ્તાપાનૈતાન્મદ્‌ગતચેતસઃ ।।૨૩।।
ત એતે સાધવઃ સાધ્વિ સર્વસંગવિવર્જિતાઃ ।
સંગસ્તેષ્વથ તે પ્રાર્થ્યઃ સંગદોષહરા હિ તે ।।૨૪।।

(ભાગ. ૩ / ૨૫ / ૨૨–૨૪)

વ્યાખ્યા :– જેઓ ભગવાનમાં અનન્યભાવ રાખીને ભગવાનની દઢ ભક્તિ કરે છે, જેમણે આળસને લીધે નહીં, પરંતુ ભગવાનને માટે વેદાદિ શાસ્ત્રોમાં કહેલાં અલૌકિક કર્મોનો તથા લૌકિક સ્વજન–બાંધવોનો ત્યાગ કરી દીધો હોય, એવા ભક્તોની સોબત કરવી જોઈએ. નિરન્તર ભગવત્સેવા અથવા ભગવત્સ્મરણમાં બધાં કર્મો તથા સંબંધો બાધક બને છે. અનન્ય ભાવમાં કંઈક તો અવરોધ પહોંચાડે જ છે. તેથી તેમાં વ્યાવૃત્ત થયા વિના પૂજા–શ્રવણાદિમાં તત્પર થવું જોઈએ. પરંતુ બધા અધિકારી જીવોમાં એવી સ્વરૂપાસક્તિ હોવાનો સંભવ નથી. ફલની દૃષ્ટિએ કથાસક્તિ–ભગવાનનાં સ્વરૂપ, ગુણ તથા લીલાઓનાં શ્રવણ તથા કથનમાં આસક્તિ–જેમની દઢ હોય તેવા લોકોનો સત્સંગ કરવો જોઈએ. એવા ભગવદીયોનો સત્સંગ કરવાથી, એમના મુખથી થતી કથાનું શ્રવણ કરવાથી તથા પોતે પણ ચિન્તન–કીર્તન કરવાથી, લૌકિક વિષયોમાંથી મમતા દૂર થઈને ભગવાનમાં એ મમતા જોડાઈ જશે.

એટલા માટે જ શ્રીમહાપ્રભુજી કહે છે કે જેઓ વ્યાવૃત્ત છે તેમણે સ્વરૂપભજનને બદલે નામભજનમાં પ્રવૃત્ત થવું જોઈએ. આ જ શ્રવણ–ચિન્તન–

કીર્તનની પ્રણાલી દ્વારા તેમનો બીજભાવ પ્રેમ—આસક્તિ—વ્યસનની અવસ્થાઓમાં વિકસિત થઈ શકશે.

બીજભાવ દઢ થયો છે એમ ત્યારે જ જાણવું જ્યારે આપણા દેહ તથા અંતઃકરણની વ્યાવૃત્તિ બીજા દેવતાઓમાંથી, બીજા પદાર્થોમાંથી, બીજા માર્ગોમાંથી, બીજાં ફલોમાંથી ઘટતી ઘટતી, સર્વથા સમાપ્ત થઈ જાય. ઘરમાં ભગવત્સેવા જેમનાથી નિભાવી શકાતી ન હોય પરંતુ ભગવત્કથાનાં શ્રવણ—ભાવન—કીર્તનની પ્રણાલીથી જેઓ પોતાની ભક્તિના બીજભાવને દઢ કરવા માટે આગળ વધે છે, તેમને યાત્રામાં આ કોશસ્તમ્ભો (Milestones) પોતાની ભક્તિના માર્ગ પર મળશે :

(ક) જ્યારે બીજભાવ ભગવત્સેવાના રૂપમાં અંકુરિત થઈ જાય છે ત્યારે ગૃહસ્થનો પોતાના ઘર—પરિવારમાં રહેલો અનુરાગ દૂર થઈ જાય છે. આ અવસ્થા ઘણી વિલક્ષણ છે. ભગવાનમાં અનુરાગ વધવા લાગે ત્યારે ભગવદ્દભક્તિમાં અનુપયોગી (બિનજરૂરી—જેનો ખપ ન હોય તેવી) પ્રત્યેક વસ્તુમાં ઘર—પરિવાર વગરેમાં અનુરાગ ઓછો થતો જશે.

જેઓ અવ્યાવૃત્ત બનીને પોતાના ઘરમાં નિવાસ કરે છે તેમના અનુરાગનો નાશ થાય તે આવશ્યક નથી, કારણ કે તેમનું ઘર તેમની અહન્તા—મમતાને સંતુષ્ટ કરવા માટે નથી હોતું, પરંતુ ભગવત્સેવાનું સ્થળ – ભગવાનનું મંદિર જ હોય છે, તેમનો પરિવાર પણ સાંસારિક મમતાનાં બન્ધનથી બંધાયેલો નથી હોતો, પરંતુ ભગવત્સેવા કરવાવાળા વિભિન્ન—જુદા જુદા સેવકોનો, ભક્તિનાં બંધનથી બંધાયેલો, પરિવાર હોય છે. આ કારણને લીધે બીજભાવ પ્રેમના રૂપે અંકુરિત થાય છે, પરંતુ બીજી બાજુએ રાગનો વિનાશ નથી થતો.

(ખ) ભગવત્કથામાર્ગથી બીજભાવને દઢ દિશામાં આગળ વધવાવાળા યાત્રીને બીજો માર્ગસૂચકસ્તંભ (Milestone) ભગવદાસક્તિનો મળશે. ભગવદાસક્તિ સિદ્ધ થતાંની સાથે જ પોતાના ઘર—પરિવારમાં જે અનુરાગ ખંડિત થયો હતો એ અનુરાગ હવે ઘર—પરિવારમાં અરુચિનું રૂપ ધારણ કરવા લાગશે. ભગવદાસક્ત ભક્તને એવી ખાતરી થવા લાગશે કે મારાં ઘર તથા પરિવાર કેવળ મારી કૃષ્ણભક્તિમાં અનુપયોગી જ નથી, પરંતુ એ બધાં મારી કૃષ્ણાસક્તિમાં કોઈ અને કોઈ રીતે બાધા (નડતર) પહોંચાડવાવાળા છે. બસ આ મનોભાવ જ તેનામાં પોતાના ઘર—પરિવાર તરફ અરુચિ જગાડી દેનાર બને છે. અત્યાર સુધી તો પોતાના ઘરને તથા ઘરમાં રહેતા બીજાં માતા, પિતા, પતિ, પત્ની, પુત્ર, પુત્રી યા



મિત્ર—બાંધવોને એ પોતાનાં માની બેઠો હતો, એમને વિષે તેને લાગવા માંડશે કે એ મારાં સગાં નથી, કારણ કે શ્રીકૃષ્ણના પ્રત્યેની મારી આસક્તિમાં એ બધાં પોતાનો ભાગ પડાવવા માગે છે. પ્રત્યેક ઘરનો માણસ પોતાના પરિવારના બીજા સભ્યની પોતાના તરફની આસક્તિની કુદરતી રીતે જ અપેક્ષા રાખે છે. આ જ માગણી ભગવદાસક્ત ભક્તને અરુચિકર લાગવા માંડે છે.

પરંતુ પોતાના ઘરમાં કૃષ્ણસેવા કરવાવાળા ભક્તના મનમાં ભગવદાસક્તિ (પ્રભુ પ્રત્યે પ્રેમ) પ્રગટ થાય છે જ, પણ ઘર—પરિવારમાં અરુચિ પ્રગટ થવાનું કોઈ કારણ નથી હોતું.

(ગ) ત્રીજો માર્ગસૂચકસ્તંભ (Milestone) ભગવત્કથાપ્રણાલીથી ભક્તિમાર્ગ પર આગળ વધતા યાત્રીને વ્યસન દશાનો મળે છે. અહીં સુધી પહોંચવાવાળા ભક્તની દશા ઘણી વિકલ (તાલાવેલીયુક્ત, મૂંઝવનારી) બની જાય છે. હવે તે ભગવાન વગર એક ક્ષણ પણ રહી નથી શકતો. ભગવાનના સ્વરૂપનું ચિંતન કરતાં કરતાં, ભગવાનના ગુણોનું સ્મરણ કરતાં કરતાં તથા ભગવાનની વિવિધ લીલાઓના મનોરથ પર સવાર થયેલું ભક્તનું મન હવે પોતાના ભક્તિના પથ પર લેશમાત્ર રુકાવટ યા તો વ્યવધાન કે પોતે પ્રાપ્ત કરેલી દશામાં જરાપણ અવરોધને સહન નથી કરી શકતું. એ અસહિષ્ણુ એટલે કે વિપરીત સ્થિતિને સહન ન કરી શકનાર બની જાય છે. તેને શ્રીકૃષ્ણનું વ્યસન થઈ ગયું છે એમ સમજી લેવું જોઈએ !

આ એ જ અવસ્થા છે, જ્યાં પહોંચે કે તરત ભક્તને એ સમજાઈ જાય છે કે, 'ગૃહસ્થિતેરુત્કૃષ્ટત્વં ન ભગવદીયત્વમાત્રેણ કિન્તુ ભગવતા સહ સ્થિત્યા ભગવત્કાર્યાર્થં વા અન્યથા ન સ્થાતવ્યમ્.' અર્થ : પોતાનું ભગવદીયપણું એ ઘરમાં રહેવાનો સ્વસ્થ, સાચો, દોષરહિત હેતુ નથી, કિન્તુ ભગવાનની સાથે રહેવું અથવા ભગવત્સેવા માટે જ રહેવું એ જ ઉત્કૃષ્ટ હેતુ છે. અન્યથા ગૃહત્યાગ જ ઉચિત ગણાય છે (સુબોધિની ૩—૧—૨). એક દિવસ અચાનક ભક્તના અંતઃકરણમાં એવો અવાજ આવવો શરૂ થાય છે— પછી તો તેને પોતાને જ ખબર નથી પડતી કે તે કયારે ઘરની બહાર નીકળી ગયો ! આ અંદરથી ઊઠતા અવાજને અણસૂણ્યો કરવામાં એ સમર્થ બની શકે તો સમજી લેવું કે એ અટકી ગયો અને ભક્તિના પથથી કશેક દૂર ભટકી રહ્યો છે ! આ જ કારણથી શ્રીમહાપ્રભુજી કહે છે કે—

તાદશસ્યાપિ સતતં, ગેહસ્થાનં વિનાશકમ્ ।
ત્યાગં કૃત્વા યતેદ્યસ્તુ, તદર્થાર્થૈકમાનસઃ ॥
લભતે સુદઢાં ભક્તિં, સર્વતોભ્યધિકાં પરામ્' ।

અર્થ : દઢ ભગવદીય જનને પણ એકધારો ગૃહનિવાસ ભક્તિનો વિનાશ કરનાર છે. માટે ઘર વગેરેનો ત્યાગ કરીને જે પુરુષ કેવલ ભગવાનની પ્રાપ્તિ માટે જ મનવાળો થઈને પ્રયત્ન કરે તે પુરુષ સર્વથી અધિક દઢ, પરમ ભક્તિને મેળવે છે (૬,૬ ૧/૨).

કથાપ્રણાલીથી વ્યસનભાવ સિદ્ધ થતાં જ ઘરથી બહાર નીકળી જવું હિતકારક થાય છે. અન્યથા વ્યસન દશામાં ફલિત–અંકુરિત થવાવાળો બીજભાવ પણ સર્વાત્મભાવ યા અલૌકિક સામર્થ્યમાં પરિપક્વ નહીં થઈ શકે. એવા ઘરમાં રહેવાથી શો લાભ કે જે કૃષ્ણભક્તિનું અંગ ન હોય ?

આ ઘરનો પરિત્યાગ કૃષ્ણવ્યસનના આવેશમાં કૃષ્ણના વિરહના કારણે થનારો પરિત્યાગ છે. જગતમાં પેદા થયેલી દોષદષ્ટિના કારણે કરવામાં આવેલો અસ્વસ્થ નીરસ–શુષ્ક ત્યાગ નહીં, પરંતુ શ્રીકૃષ્ણમાં વધતી જતી પ્રેમદષ્ટિથી વિવશ કે લાચાર બનીને કરવામાં આવતો સરસ પ્રેમપૂર્ણ સ્વસ્થ ત્યાગ છે. સર્વનિર્ણય ગ્રંથમાં આ ગૃહત્યાગ પછી એકાકી, નિઃસ્પૃહ, શાન્ત ભાવથી કયાંય અટક્યા વગર દેહ પડે ત્યાં સુધી નિરન્તર તીર્થાટનનો ક્રમ, શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યો છે. યાત્રા તીર્થોની કરવાની છે ન તો પુણ્યની શોધમાં યા ન તો મોક્ષની શોધમાં જ, પરંતુ શ્રીકૃષ્ણની શોધમાં જ– "કૃષ્ણ એવ તાત્પર્યં ન તુ તીર્થાદૌ દેહપાતનપર્યન્તં ચ પર્યટનમ્". તીર્થાટનનું તાત્પર્ય કૃષ્ણ જ છે, નહીં કે તીર્થાટનથી પુણ્યપ્રાપ્તિ ઇત્યાદિ.

પ્રેમના આ કઠણ ત્યાગમાર્ગ પર ચાલવાનું સાહસ જેઓ નથી કરી શકતા, પરંતુ ઘરમાંથી નીકળી પડવાની જેમની તૈયારી હોય એવા ભક્તોને ઓચિંતું દુઃસાહસ ન કરવાની સલાહ શ્રીમહાપ્રભુજી આપે છે.

આ ત્યાગમાર્ગ ઉપર ચાલતાં ચાલતાં જરા ભૂલ થાય તો ભક્તિહીન ગૃહસ્થથી પણ અધિક નીચે પડી જવાની ભીતિ રહે છે. ગૃહસ્થમાં તો પુત્ર માટેની ઈચ્છા, વિત્ત માટેની ઈચ્છા, યા તો લોકૈષણા (લોકોમાં કીર્તિ થાય એવી ઈચ્છા)–ના દોષો રહી શકે છે, પરંતુ ત્યાગમાં કયાંક સંસારી જીવોના સંસર્ગથી શિષ્ય માટેની ઈચ્છા જાગી ઊઠે તો કરેલો બધો ત્યાગ નાશ પામશે ! પુત્ર, વિત્ત તથા લોક એમ ત્રણેય માટેની વાસના શિષ્યસંગ્રહની વાસનામાં સૂક્ષ્મ રીતે ત્રણગણી થઈ જાય છે !!



ઘરથી બહાર નીકળ્યા પછી પણ ત્યાગી ભક્તનો સંસર્ગ તો સંસારી તથા ભગવદ્વિમુખ લોકોની સાથે તૂટી નહીં શકે. ભગવાનને નિવેદન કર્યા વગરનું અન્ન ખાઈને અથવા પંચ મહાયજ્ઞ ન કરવાવાળા ગૃહસ્થનું અન્ન ખાઈને અન્નદોષને વશ થવાથી જ અધઃપાતની સંભાવના અધિક રહે છે. તેથી સર્વથા અસંગ તથા અપરિગ્રહ હોવાની સાથોસાથ જ્યાં સુધી વ્યસન દશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ત્યાગ શ્રેયસ્કર નથી થતો. કેવળ ભગવત્પ્રાપ્તિની કામના હૃદયમાં રહે અને બધી કામનાઓ નિઃશેષ થઈ જાય એટલે કે કામનાઓનો સમૂળગો નાશ થઈ જાય ત્યારે જ ત્યાગમાર્ગ પર આરોહણ કરવું જોઈએ.

## સ્વગૃહત્યાગ અને હરિસ્થાનવાસ

કથાપ્રણાલી દ્વારા પ્રેમાસક્તિવ્યસનની ક્રમિક અવસ્થાઓમાં જ્યારે બીજભાવ દઢ થઈ જાય અને ઘરમાં ભગવત્સેવાનો નિર્વાહ શકય ન હોય ત્યારે એવા ઘરમાં રહી શકવું તે ભગવદીયને માટે અશકય બની જાય છે, પણ ભક્તિમાર્ગીય સંન્યાસ ગ્રહણ કરવાને માટે પણ જો ભક્ત પોતાની જાતને સમર્થ ન કરી શકતો હોય તો શું કરવું જોઈએ ?

શ્રીમહાપ્રભુજી કહે છે કે એવી વ્યક્તિએ એવાં હરિસ્થાનો પર જઈને રહેવું જોઈએ જ્યાં ભગવત્સેવાપરાયણ ભક્તોનો સમૂહ નિવાસ કરતો હોય (દાખલા તરીકે વ્રજ, ચોરાશી બેઠક, જગન્નાથપુરી, શ્રીરંગ, પંઢરપુર, દ્વારકા, તિરુપતિ વગેરે વગેરે). આ ભગવત્સેવાપરાયણ ભક્તોની સેવામાં પરિચર્યા અર્થાત્ સહાયક બનવાનો અવસર મળે તો સૌથી સારી વાત છે, અન્યથા તેમના સત્સંગનો લાભ લેવો જ જોઈએ.

(મૂળમાં તો ગોસ્વામી ધર્માચાર્યોની ગૃહસેવામાં જે મુખિયા, ભીતરિયા, જલઘરિયા વગેરે ભગવત્સેવાના સહયોગી જોવામાં આવે છે તે આ જ પ્રકારના પોતાના ઘરને છોડીને પરિચર્યા માટે આવવાવાળા મહાભાગ્યવાન ભગવદીયજનો હતા– પગાર મેળવનાર કર્મચારી નહીં. આટલા માટે જ તેમને ભગવત્પ્રસાદી અન્ન–વસ્ત્ર આપવાની પ્રાચીન પ્રથા હતી, વેતન અથવા પગાર નહીં. વખત જતાં એ પ્રથા વિકૃત થઈ અને તનુજા એટલે શરીર દ્વારા થતી સેવાના વેચાણકાર્યમાં ફેરવાઈ ગઈ).

એ ભગવદીયોની સાથે રહેવાનું તાત્પર્ય એ જ છે કે જ્યારે તેઓ ભગવત્સેવામાં મગ્ન હોય ત્યારે આપણે પણ તેમની ભગવત્સેવામાં સહાયક બનીને કંઈક ભગવત્સેવા કરી શકીએ. સેવાનાં બહિરંગ સાધનોને સંપાદિત

કરવામાં તેમને સહયોગ આપી શકીએ અને આ રીતે આપણા શરીરનો ઉપયોગ સેવામાં થઈ શકે. 'સિદ્ધાંતમુક્તાવલી' માં વર્જિત તનુજા—સેવા આ નથી, આ તો એક પુષ્ટિમાર્ગીય સંબંધ બંધાતા એક વ્યાપક પરિવારની ભાવના છે. એક પરિવારમાં પિતા ભગવત્સેવા—અંતરંગ સેવામાં પરાયણ હોય તો પુત્ર ભગવત્પરિચર્યામાં બહિરંગસેવામાં પરાયણ થાય છે. પત્ની સેવા કરતી હોય તો પતિએ પરિચર્યા કરવી જોઈએ. આવી જ રીતે જન્મથી એક જ કુટુંબના ન પણ હોય તો પણ પુષ્ટિમાર્ગમાં જે બે ભક્તોને એક પરિવારની જેમ સાથે રહેવું હોય તો એક પોતાના ઘરમાં બિરાજતા પ્રભુની અંતરંગ સેવામાં તત્પર રહે અને બીજો બહિરંગ સેવામાં તત્પર રહે. આવી અનુજ્ઞા (છૂટ) શ્રીમહાપ્રભુજી આપવા માગે છે. સાથે ભગવત્સેવા કરશે તો સાથે ભગવત્પ્રસાદ પણ લઈ શકાય છે. આ અતિ ઉદાત્ત એટલે કે ઊંચા પ્રકારની ભાવના પર આધાર રાખે છે; પગાર લઈને કરેલી શારીરિક સેવા અથવા પેટિયું રળવાના હેતુ માટે નહીં. એવી તનુજા સેવાને તો 'સિદ્ધાંતમુક્તાવલી'માં વર્જિત કરેલી છે.

પરંતુ આમાં એક સાવધાની અપેક્ષિત છે કે કોઈના એટલા બધા સમીપમાં ન જવું જોઈએ કે જેનાથી એક બીજાના દોષ નજરે પડવા લાગે અને એટલા બધા દૂર પણ ન રહેવું જોઈએ કે જેથી એક ભગવદીય દ્વારા કરવામાં આવતી ભગવત્સેવા યા તો ભગવત્કથાના લાભથી બીજા ભગવદીય સર્વથા વંચિત જ રહી જવા પામે— 'અદૂરે વિપ્રકર્ષે વા યથાચિત્તં ન દુષ્યતિ'. જે રીતે ચિત્તમાં દોષબુદ્ધિ ન આવે તેવી રીતે ભક્તની સમીપમાં અથવા દૂર રહેવું.

પોતાના ઘરને છોડીને નીકળી પડનાર ભક્ત પણ આ પ્રમાણે ભગવત્સેવાપરાયણ ભગવદીયોની સાથે તેમના હરિસ્થાનમાં નિવાસ કરતાં કરતાં જો ભગવત્સેવા તથા ભગવત્કથાને નિભાવી શકે છે, તો કદી તેનો નાશ થશે નહીં. જો એક ભગવદીયની બીજા ભગવદીયની સાથે એટલી ઘનિષ્ઠતા (ગાઢ સંબંધ) ન પણ બંધાય કે બન્ને સાથે હળીમળીને ભગવત્સેવા કરી શકે તોપણ બન્ને સાથે મળીને ભગવત્કથા તો કરી જ શકે છે. આ રીતે જો પોતાના ઘરને છોડી દીધું હોય છતાં દુ:સંગથી બચવું હોય તો પુષ્ટિમાર્ગીય અન્ય ભગવદીયનો સત્સંગ પ્રાપ્ત કરતાં કરતાં ભગવત્કથાનો પણ આશ્રય જે લોકો નિભાવી શકે છે, તેમનો ભક્તિમાર્ગથી બીજા સ્થળે અધ:પાત નહીં થાય. 'સેવાયાં વા કથાયાં વા, યસ્યાસક્તિર્દઢા ભવેદ્ યાવજ્જીવં તસ્ય નાશો, ન ક્વાપીતિ મતિર્મમ'. જેની સેવામાં અથવા કથામાં જીવનપર્યંત આસક્તિ દઢ થાય, તેનો કોઈ પણ દેશમાં કે કાલમાં નાશ થતો નથી, એવું મારું મન્તવ્ય છે.



આ પ્રમાણે અન્ય સ્થળે જઈને સત્સંગ કરવાને બદલે ઘર છોડીને કોઈક એકાંત સ્થળે વસવામાં ખરાબ શું છે ? શ્રીમહાપ્રભુજીનો ઉત્તર એ જ છે કે જ્યારે ઘર છોડવામાં ભય નથી તો પછી ભગવદીયના સત્સંગમાં ભય કેવો ? અને જો આ પ્રમાણે સત્સંગ કરવા છતાં પણ માર્ગથી અવળે રસ્તે ચઢી જવાનો જેને ભય હોય તેણે તો એકાંતવાસથી વધારે ભયભીત થવું જોઈએ !

સરવાળે વાત એટલી જ છે કે અદઢ બીજવાળા ભક્તને માટે બીજભાવને દઢ કરવાનો ઉત્તમ ઉપાય એ છે કે પોતાના ઘરમાં અવ્યાવૃત્ત થઈને ભગવત્સેવા તથા ભગવત્કથામાં તત્પર બની જવું. એ શક્ય ન હોય તો કેવલ ભગવત્કથામાં પરાયણ બનીને બીજભાવને દઢ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. જ્યારે સંસારાસક્તિ ઓછી થઈ જાય ત્યારે કાં તો ભક્તિમાર્ગીય સંન્યાસ લેવો જોઈએ, વ્યસન દશા સિદ્ધ થાય ત્યારે, અન્યથા અન્ય ભગવદીયો દ્વારા કરવામાં આવતી ભગવત્સેવામાં પરિચારક બનવું જોઈએ. એ પણ શક્ય ન હોય તો એવા સેવા—કથા—પરાયણ ભગવદીયોના સત્સંગનો લાભ લેવા માટે, ન તો તેમનાથી અધિક દૂર કે ન તો એમનાથી અધિક સમીપ રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. એકાન્તવાસ એવી સ્થિતિમાં ઘણો લાભદાયક નથી બનતો, પરંતુ ભગવદ્વિશ્વાસ દઢ રાખવો જોઈએ કે દરેક કલ્પમાં ભગવાન પોતાના ભક્તની રક્ષા કરવાના જ છે. 'હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશય:'. ભગવાન તો ચારે તરફથી રક્ષા કરશે એમાં કાંઈ પણ સંશય નથી.

આ બધાંય ભગવત્શાસ્ત્રોનું સૌથી ગૂઢ રહસ્ય છે. તેનો સારી રીતે અભ્યાસ કરીને, સમજપૂર્વક હૃદયમાં ધારણ કરવાવાળાની ભગવાનમાં રતિ દઢ થાય છે.

**ઇતિ શમ્**

## ૧૨. જલભેદ:

"જલભેદ" તથા "પંચપદ્યાનિ" ગ્રન્થ કયારે, તથા કોને માટે લખવામાં આવ્યા હતા તેનું વિવરણ કયાંય મળતું નથી.

"જલભેદ"માં ભગવત્કથાના વકતાના ઉત્તમ, મધ્યમ તથા કનિષ્ઠ સ્વરૂપ નકકી કરવામાં આવ્યાં છે તથા "પંચપદ્યાનિ"માં શ્રોતાના ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ સ્વરૂપ નકકી કરવામાં આવ્યાં છે. જો કે શ્રીમદ્ભાગવતના પ્રથમ સ્કન્ધનો પણ વર્ણ્ય–વિષય આ જ છે તો પણ સર્વાંશમાં બન્ને ગ્રન્થો પ્રથમ સ્કન્ધનું અનુસરણ કરે છે એમ ન કહી શકાય.

શ્રીમદ્ભાગવતના પ્રથમ સ્કંધમાં સ્વયં ભાગવતના વકતા તથા શ્રોતાના ઉત્તમ–મધ્યમ–કનિષ્ઠ અધિકારોનું નિરૂપણ કરવામાં આવેલું છે. જ્યારે આ "જલભેદ" તથા "પંચપદ્યાનિ" ગ્રંથોમાં, ભાગવતમાં જણાવેલ ધર્મ, શરણાગતિ તથા નિર્ગુણ ભક્તિના અંગભૂત અને ભગવાનનાં સ્વરૂપ, ગુણ તથા લીલાઓનાં શ્રવણ–સ્મરણ તથા કીર્તન માટે અપેક્ષિત, વક્તાઓ તથા શ્રોતાઓના ઉત્તમ–મધ્યમ–કનિષ્ઠ અધિકારનું વિવેચન કરવામાં આવેલું છે. અહીં ભાગવતપુરાણના પ્રવચન અથવા શ્રવણનો પ્રશ્ન નથી, પરંતુ શ્રીમદ્ભાગવત અનુસાર ભગવાનનાં સ્વરૂપ, ગુણ તથા લીલાઓનાં શ્રવણ–સ્મરણ– કીર્તનના એક વ્યાપક સંદર્ભમાં જ શ્રી મહાપ્રભુજીએ 'જલભેદ' તથા 'પંચપદ્યાનિ' ગ્રન્થોનો ઉપદેશ આપ્યો છે. આ જ કારણને લીધે શ્રીમદ્ભાગવતજીને માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે–

યદૌપનિષદં જ્ઞાનં શ્રીભાગવતમેવ વા ।
વર્ણિનામેવ તદ્ધિ સ્યાત્સ્ત્રીશૂદ્રાણાં તતોઽન્યથા ॥

(ભાગ. નિ. ૩/૧૭૮)

અર્થ : ઉપનિષદના તથા શ્રીમદ્ભાગવતજીના જ્ઞાનનો અધિકાર ઉપનયન સંસ્કાર પામેલા દ્વિજોનો જ હોય છે, ઉપનયન સંસ્કારને ન પામેલી સ્ત્રી અથવા તો શૂદ્રોનો નહીં.



આજકાલ ચાલી નીકળેલી, દક્ષિણા લઈને કે ફાળો ભેગો કરવા માટે જ થતી ભાગવતસપ્તાહની હાસ્યાસ્પદ રીતિથી વિપરીત ભાગવતજીના પ્રવચન તથા શ્રવણના કેટલાક ગંભીર નિયમોનો સ્વીકાર શ્રીમહાપ્રભુજી કરે છે અને તેથી જ આજ્ઞા કરે છે કે–

"ભાગવત્પ્રસંગો ન યથાકથઞ્ચિદ્ યત્રકુત્રચિદ્ કર્તવ્યઃ કિન્તુ મહાન્તશ્ચેદ્ બહવઃ શુદ્ધાસ્તીર્થનિરતાઃ પ્રાર્થયેયુસ્તદૈવ પ્રસંગઃ કર્તવ્યઃ... એતાદશેઽપિ શ્રોતરિ ન સહસા ભાગવતં વક્તવ્યં કિન્તુ તદ્ હૃદયમવગાહ્યૈવ...રીતિરિયં સદા" (ભાગ. નિ. ૧/૨૨–૨૫).

અર્થ : "શ્રીમદ્ ભાગવતજીનો પ્રસંગ ફાવે તે રીતે અને ગમે તે સ્થળે યોજવો ન જોઈએ. પરંતુ શુદ્ધ તથા તીર્થમાં નિરત તથા મહાન લોકો જો એવા કથાપ્રસંગ માટે વિનંતી કરે તો જ શ્રીમદ્ભાગવતજીનો કથાપ્રસંગ યોજવો અને આ પ્રકારના શ્રોતાઓ સમક્ષ પણ એકાએક કથાપ્રસંગ ન યોજવો, પણ એમની હૃદયની પાત્રતાનો અભ્યાસ કરીને જ યોજવો... આ જ રીત હંમેશની છે" (ભાગ. નિ. ૧/૨૨/૨૫).

જેમ મનમાં આવે તેમ, જ્યાં મનમાં આવી જાય તે સ્થળે, શ્રીમદ્–ભાગવતજીના પ્રસંગની શરૂઆત કરી દેવી ન જોઈએ અને યોગ્ય જનોની સમક્ષ પણ તરત નહીં જ; પહેલાં તો શ્રોતાજનોની હાર્દિક ઉત્કંઠા તથા જિજ્ઞાસુતાની સારી રીતે ખાતરી–જાણ મેળવ્યા પછી જ એવા પ્રસંગની યોજના કરવી જોઈએ. પહેલાંના સમયના પ્રવચનકારોની આ જ રીતિ કે પ્રણાલિકા હતી અને આજે પણ તથા સર્વકાલે આ જ રીતિ આપણે નિભાવવી જોઈએ.

શ્રી પુરુષોત્તમજી કહે છે કે આનાથી ઊલટી રીતિ જ્યારે અનધિકારી લોકો યશ મેળવવાની લાલસાથી અથવા તો ધન મેળવવાની લાલસાથી યા તો હરીફાઈને વશ થઈને, પોતાની જાતને શ્રીમદ્ભાગવતજીના પ્રવચનને માટે યોગ્ય અધિકારી માની બેસે છે અને જ્યાં ત્યાં અને સર્વ સ્થળે પ્રવચન કરવા લાગી જાય છે, ત્યારે શ્રીભાગવતજીનાં પ્રવચન, પાઠન યા પઠનનો અધિકારી તો શું પણ ભાગવતમાં કહેલા ધર્મ–પાલનના અધિકારી પણ તેઓ રહેતા નથી :

"યે પુનરેતાનિ વાક્યાન્યાશ્રિત્ય સ્વસ્યાપિ પાઠાધિકારમાપાદયન્તિ તેષાં માત્સર્યાદિદોષગ્રાસેન શ્રીભાગવતધર્મેષ્વપ્યનધિકારઃ કિં પુનઃ પાઠે...નતુ શ્રાવણીયં વા વિધ્યભાવાત્" (ભાષ્ય પ્રકા. ૧/૩/૩૮).

અર્થ : જે આ વાક્યોને સાંભળીને પોતાનો પણ પાઠમાં અધિકાર સમજે છે તેઓ માત્સર્ય આદિ દોષોથી ગ્રસિત હોવાને લીધે શ્રીભાગવતધર્મમાં પણ તેમનો અનધિકાર છે, પાઠમાં અનધિકારની વાત જ અસ્થાને છે, તેથી તેમને ન સાંભળવા જોઈએ... કારણ કે આવી શાસ્ત્રાજ્ઞા નથી.

અહીં ''જલભેદ'' તથા ''પંચપદ્યાનિ'' ગ્રન્થોમાં જે વક્તા અથવા શ્રોતાને આદર્શ માનવામાં આવ્યો છે તેના ઉપનયન સંસ્કાર થયા હોવા અથવા એનું બ્રાહ્મણ હોવું જરૂરી ગણવામાં નથી આવ્યું, કારણ કે આ વક્તાના વેદાદિ શાસ્ત્રોના પ્રવચનકર્તા હોવાનું પણ આવશ્યક નથી. વેદાદિ શાસ્ત્રોથી અવિરુદ્ધ ભગવત્સ્વરૂપ–ગુણ–લીલાના નિર્વ્યાજ અહર્નિશ ચિંતનમાં સપ્રેમ તત્પર રહેવું એ જ અહીં પર્યાપ્ત (પૂરતું) છે.

ભાગવતમાં આવે છે કે–


તદ્વાગ્વિસર્ગો જનતાઘવિપ્લવો
યસ્મિન્પ્રતિશ્લોકમબદ્ધવત્યપિ ।
નામાન્યનન્તસ્ય યશોઽઙ્કિતાનિ ય –
ચ્છૃણ્વન્તિ ગાયન્તિ ગૃણન્તિ સાધવઃ ॥

(ભા/૧/૫/૧૧)

અર્થ : ભક્તોના મુખથી નીકળેલી વાણી, લૌકિક ભાષામાં ગાવામાં આવેલા ગેય–પદ અથવા સંસ્કૃત ભાષામાં ગાવામાં આવેલાં ''ગીતગોવિન્દ'' જેવાં કાવ્ય, પ્રાણીમાત્રનાં બધાં પાપોનો નાશ કરી દે છે. એવો સંભવ છે કે એવાં ગીતો કે કાવ્યોમાં વ્યાકરણ કે છન્દની દષ્ટિએ જોતાં કંઈક ખામીઓ હોય અથવા તો ગાવાની પ્રક્રિયામાં ભગવાનનાં નામોના અક્ષરોમાં ખેંચીને ગાન કરતી વખતે, પરસ્પરનો સહભાવ તૂટી જતો હોય. પરંતુ અનન્ત કીર્તિવાળા ભગવાનના યશથી ભર્યાં અનન્ત નામ જ્યારે ભક્તિમાન વક્તાઓના મુખથી સાંભળવામાં આવે ત્યારે અથવા તો ભક્તિમાન શ્રોતાઓની સમક્ષ ગાવામાં આવે ત્યારે, અથવા તો સ્વયં પણ એકાકીપણે લેવામાં આવે ત્યારે, બધાં પાપોને દૂર કરી નાખે છે (સુબોધિની ૧/૫/૧૧).

આ જ કારણને લીધે ભાગવતમાં વક્તાના તથા શ્રોતાના ઓગણીસ ભેદ માનવામાં આવેલા છે, જેમ કે–






આ વર્ગીકરણમાં નિર્ગુણ અધિકારીને ઉત્તમ માનવામાં આવ્યો છે. અસાધારણ અધિકારીના સાત્ત્વિક–સાત્ત્વિક, રાજસ–સાત્ત્વિક વગેરે ૯ ભેદ થાય છે. એ મધ્યમ અધિકારી છે. આ જ રીતે સાધારણ અધિકારીના પણ પૂર્વોક્ત રીતિ પ્રમાણે ૯ ભેદ થાય છે અને તેમને કનિષ્ઠ માનવામાં આવ્યા છે. આ ઉત્તમ–મધ્યમ–કનિષ્ઠ કક્ષા ભક્તિ, વૈરાગ્ય તથા દ્વિવિધ જ્ઞાન (અનુભવપર્યવસાયી અર્થજ્ઞાન તથા અનુભવવિહીન કેવલ શાબ્દિક જ્ઞાન) ની ચારેય કસોટી પર ખરા ઉતરનારને ઉત્તમ, અનુભવપર્યવસાયી અર્થજ્ઞાન તથા ભક્તિ રહેવા છતાં પણ વૈરાગ્યરહિત હોવાથી મધ્યમ, તથા વૈરાગ્યરહિત કેવલ શાબ્દિક જ્ઞાન તથા ભક્તિવાળા અધિકારીની કનિષ્ઠ કક્ષા માનવામાં આવી છે.

તદનુસાર જ જલના ભેદ પણ સુબોધિનીજીમાં ૧૯ જ ગણવામાં આવ્યા છે –જ્યાં શ્રીમહાપ્રભુજી એવું વિવેચન કરે છે કે 'ઓગણીસ ભેદ હોવા છતાં પણ વહેતું જળ તથા સ્થિર જળ આ બે મુખ્ય ભેદ છે (દ્ર. સુબો. ૧૦–૩–૩). અહીં જળ તથા વક્તૃભાવ એ બંનેના વીસ ભેદ સ્વીકારવામાં આવ્યા છે. એનાથી પણ આ જ વાત સિદ્ધ થાય છે કે પ્રથમ સ્કંધમાં નિર્ધારિત અધિકારભેદ કેવળ ભાગવતના સંદર્ભમાં જ વિવક્ષિત છે. જ્યારે કે અહીં ભગવત્સ્વરૂપ ભગવદ્ગુણ યા ભગવલ્લીલાનું ભાગવતાનુસાર યા તો ભાગવત– અવિરોધી હોવાનું અનિવાર્ય હોવાથી વક્તા પણ ભાગવતાનુસારી અથવા ભાગવત–અવિરોધી હોવું અનિવાર્ય છે, પરંતુ એવી જ રીતે પ્રત્યેક વક્તાનું ભાગવતપુરાણ ઉપર પ્રવચનકર્તા હોવું આવશ્યક નથી. અહીં તો પુષ્ટિમાર્ગીય શ્રોતાએ ભગવત્કથાનું

શ્રવણ—સ્મરણ—કીર્તન કેવી રીતે વક્તાના સત્સંગ દ્વારા સંપન્ન કરવું જોઈએ એ જ વિવક્ષિત સંદર્ભ છે. આ જ કારણને લીધે શ્રોતાના પણ ૧૯ ભેદ ન દેખાડતા કેવલ ત્રણ અથવા ચાર ભેદ જ દર્શાવવામાં આવ્યા છે. આ જ કારણને લીધે ઓગણીસ તથા વીસના ભેદને વિવક્ષાપ્રયુક્ત એટલે કે માત્ર વર્ણન માટે જ યોજેલા ગણવા જોઈએ.

આ બધી વિવેચનાનું ફળ એ નિષ્પન્ન થાય છે કે પુરાણ પ્રવચનની અનિવાર્ય શરત, ઉપનયન—સંસ્કાર યા દ્વિજત્વ અથવા પુરુષ હોવાપણું પણ અહીં અનિવાર્ય નથી લાગતું, પરંતુ એના સિવાય બીજા ગુણ જે ભાગવતના વક્તાની ઉત્તમતા દર્શાવનાર છે— જેવા કે તેણે પોતાના સંપ્રદાયની પરંપરા મુજબ સત્પુરુષના મુખથી ભગવલ્લીલા તથા સિદ્ધાંતોનું શ્રવણ કરેલું હોવું જોઈએ, પોતે ધન કમાવાના હેતુથી ભગવત્કથામાં પ્રવૃત્ત નથી થયો તથા જ્ઞાન—ભક્તિ—વૈરાગ્યથી પોતે સંપન્ન છે.... વગેરે લક્ષણો આ સંદર્ભમાં પણ આવશ્યક માની શકાય છે—'' વક્તાધિકારી સર્વજ્ઞઃ સંપ્રદાયેન સન્મુખાત્ શ્રુતભગવતો ભક્તો.... (ભા. નિ ૧/૨૩).

શ્રીમહાપ્રભુજીના મત પ્રમાણે જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ કે સિદ્ધિ તો છે ચિત્તનું શ્રીકૃષ્ણમાં તન્મય થઈ જવું તે. તેને માટે બે સાધન બતાવવામાં આવ્યાં—

(૧) તદાશ્રય—પ્રપત્તિ. (૨) તદીયતા—ભક્તિ.

''વિવેકધૈર્યાશ્રય'' ગ્રન્થમાં તદાશ્રયના ઉપાયરૂપ વિવેક, ધૈર્ય, તથા અનન્યાશ્રયનું નિરૂપણ કરવામાં આવ્યું છે. એવી જ રીતે તદીયતાના ઉપાયરૂપ આત્મનિવેદન, સર્વસમર્પણ, સર્વભાવથી તનુવિત્તજા સેવા, ભગવત્કથાનાં શ્રવણ—સ્મરણ—કીર્તન વગેરેનું ''સિદ્ધાંતરહસ્ય'', ''નવરત્ન'', ''ચતુઃશ્લોકી'', ''સિદ્ધાંતમુકતાવલી'' તથા ''ભક્તિવર્ધિની''માં નિરૂપણ કરવામાં આવેલું છે.

''ભક્તિવર્ધિની''માં ભક્તિના બીજભાવને દઢ કરવાના ઉપાય, જો વ્યક્તિ અવ્યાવૃત્ત હોય તો, પોતાના જ ઘરમાં પોતાના વર્ણ તથા આશ્રમના આચારને નિભાવતા રહેતાં ભગવત્સેવા—કથામય જીવન વીતાવવાનું કાર્ય ગણવામાં આવ્યું છે. વ્યક્તિના વ્યાવૃત્ત હોવાને કારણે જો ભગવત્સેવાનો નિર્વાહ કરવાનું શક્ય ન હોય તો તેણે ભગવત્કથાના શ્રવણ—સ્મરણ—કીર્તનમાં તત્પર રહેવું જોઈએ, બીજભાવને દઢ કરવાને માટે. બીજભાવ દઢ થતાં ગૃહત્યાગની



પ્રેરણા પણ આપવામાં આવેલી છે. ગૃહત્યાગની શક્યતા ન હોય તો ભગવત્સેવા—કથા—પરાયણ ભગવદીઓ દ્વારા કરવામાં આવતી સેવામાં પરિચારક—સહાયક બનવાનો અને/અથવા ભગવત્કથા, જ્યારે તેઓ કરતા હોય ત્યારે, તેમાં શ્રવણાર્થ તેમની સાથે ભેગા થવાનું વિધાન એટલે આદેશ પણ આપવામાં આવેલો છે. આ પ્રમાણે અનેકવિધ ઉપાયોથી બીજભાવથી માંડીને પ્રેમ, આસક્તિ, વ્યસન, સર્વાત્મભાવ યા અલૌકિક સામર્થ્ય સુધીના વિકાસની રૂપરેખા બતાવવામાં આવેલી છે.

આ બધા વિકલ્પ તથા અનુકલ્પ દ્વારા ભક્તિમાર્ગમાં ભગવત્કથાની અસાધારણ મહત્તા તથા ઉપયોગિતા સ્પષ્ટ થાય છે. ભગવત્કથામાં વક્તાની અપેક્ષા રહે છે શ્રવણાર્થે તથા શ્રોતાની અપેક્ષા રહે છે કીર્તનાર્થે. સ્મરણ જાતે સંભવિત છે, પરંતુ તે છતાં કોઈક સમાનશીલવાળા ભગવદીય જનના સત્સંગમાં અથવા એની સત્સંગતિમાં ભગવત્સ્મરણનું એક નિરાળું રૂપ જ ઉપસી આવે છે તેમાં કોઈ સંદેહ નથી.

એકંદરે જોતાં શ્રોતા તથા વક્તાની બંનેની ભગવત્કથાના શ્રવણાર્થે તથા કીર્તનાર્થે પરસ્પર એકબીજાની અપેક્ષા રહે જ છે. એવી સ્થિતિમાં યોગ્ય વક્તા તથા યોગ્ય શ્રોતાના અભાવમાં ન કેવલ ભગવત્કથામાં રસાભાસ થવાની સંભાવના રહે છે, પરંતુ બીજભાવ પણ દઢ થવાને બદલે ખંડિત થવાની સંભાવના રહે છે. આ જ કારણથી 'જલભેદ'માં યોગ્ય વક્તાનું સ્વરૂપ શ્રોતાના શ્રવણાંગના રૂપમાં સમજાવવામાં આવ્યું છે તથા 'પંચપદ્યાનિ'માં યોગ્ય શ્રોતાનું સ્વરૂપ વક્તાના કીર્તનાંગના રૂપમાં સમજાવવામાં આવ્યું છે.

નિત્યાભિવંદનીય શ્રીહરિના સર્વ તાપહારી તથા સર્વ સુખકારી ગુણ પણ વક્તાઓનાં હૃદયનાં પાત્રમાં ભરેલા હોય ત્યારે કંઈક ભિન્નરૂપ ધારણ કરી લે છે. જેવી રીતે જલ પોતે શીતલ, સ્વચ્છ, અવ્યકત મધુર મીઠાશવાળું, સર્વ શોધક તથા તાપશામક હોવા છતાં જે આધારભૂમિમાં, ઉદાહરણ તરીકે કૂવા, તળાવ, નદી, સમુદ્ર, ઝરણાં, નાળાં, ખાડા વગેરેમાં, ભરાયેલું હોય છે તે આધારભૂમિના ગુણધર્મોથી યુક્ત બની જાય છે.... તેવી જ રીતે.

તૈત્તરીય સંહિતાના સાતમા કાંડમાં જલનાં વીસ રૂપ શ્રુતિમાં ગણાવવામાં આવ્યાં છે. જેવા કે (૧) કૂપ (૨) નહેર (૩) ખેતરનું નાળું (૪) નદીના જલથી બનેલો ખાડો (૫) ગંદા નાળાં યા મોરી (ગટર)ના જલથી બનેલા ખાડા (૬) નદીનાં જલથી બનેલા મોટાં તળાવ (૭) પીવાલાયક પાણીવાળાં મોટાં તળાવ

(૮) સુંદર કમળ વગેરે પુષ્પવાળાં મોટાં તળાવ (૯) નાનાં તળાવ (૧૦) બહુ કાદવવાળાં તળાવ (૧૧) વર્ષાનું જલ (૧૨) સ્વેદજલ એટલે કે પરસેવો (૧૩) ઝરણાં (૧૪) ઝાકળનાં બિંદુ (૧૫) વરસાદનાં નદી–નાળાં જેવા અસ્થિર પ્રવાહવાળાં જલ (૧૬) બારેય માસ વહેતી નદીઓના સ્થિર–સર્વદા સમાન રૂપમાં વહેતાં જલ (૧૭) નિરંતર ઉદ્ગમવાળી એવી નદીઓ જેમનું જલ વર્ષા યા ગ્રીષ્મમાં વધતું કે ઘટતું હોય (૧૮) સમુદ્રમાં મળવાવાળી મહાનદીઓ (૧૯) સમુદ્ર (૨૦) બીજા પણ આમાંથી ભરાયેલાં અથવા નીચે પડેલાં જલ.

કુદરતી રીતે એકરૂપ હોવા છતાં જલ પોતાના આ આધારોના ગુણધર્મોને અનુરૂપ અનેકરૂપતા પ્રગટ કરે છે. આવી જ રીતે ભગવાનના એકરૂપ ગુણ પણ ભગવત્કથાના વક્તાની યોગ્યતા તથા ભાવોને અનુરૂપ અનેકરૂપતા ધારણ કરી લે છે. જેમ કે–

(૧) ભગવદ્ગુણોના સ્વર–તાલ તથા લયના આશ્રયસહિત કરેલાં ગાન કરનાર ગાયકો વિશ્રુત ગંધર્વોના જેવા લોકો કૂવાના જેવા હોય છે. કોઈક કૂવા મીઠા જલના હોય છે તો કેટલાક ખારા જલના. કેટલા પવિત્ર શાસ્ત્રીય માહાત્મ્યવાળા હોય છે. જેમ કે ન્યગ્રોધ (વડના) વૃક્ષથી ઉત્તર દિશામાં આવેલો કૂવો અથવા દ્વારકાનો દામોદર કૂવો યા તો વ્રજનો ગોપકૂપ. કેટલાક કૂવા અપવિત્ર–મલિન જળવાળા હોય છે. એવી જ રીતે બધા ભેદ ગાયકોમાં પણ હોય છે. કેટલાક ગાયકો સ્વર–તાલના અંગરૂપથી ભગવાનનું વર્ણન કરતા શબ્દોની યોજના કરે છે. તો કેટલાક ગાયકો ભગવદ્–વર્ણનાત્મક શબ્દોના અંગરૂપથી સ્વર–તાલની યોજના કરે છે. પ્રથમ પ્રકારના ગાયકોને ખારા જલવાળા કૂવાની જેવા સમજવા જોઈએ અને બીજા પ્રકારના ગાયકોને મીઠા જલના કૂવાની જેવા. ઊંડા કૂવાનું જલ ઠંડીમાં ગરમ અને ગરમીમાં ઠંડું લાગે છે. એવી જ રીતે ભાવગાંભીર્યવાળા ગાયકો દ્વારા કરવામાં આવતું ભગવદ્ગુણગાન સાંસારિક તાપથી તપ્ત શ્રોતાજનને આધ્યાત્મિક–આધિદૈવિક શીતલતા અર્પે છે અને સાંસારિક મોહથી જડીભૂત ધ્રુજતાં હૃદયોને ભગવદ્ભાવની થોડીક હૂંફ પણ આવા ગાયકો દ્વારા કરવામાં આવતા ભગવદ્ગુણગાનથી મળી શકે છે.

(૨) પૌરાણિક–પુરાણ કથા સંભળાવનાર કથાકારો નહેરના જેવા હોય છે. નહેરનું જળ તેનું પોતાનું નથી હોતું પરંતુ કોઈક નદી યા તો સરોવર સાથે જોડાયેલું હોય છે. એવી જ રીતે પુરાણકથા સંભળાવનાર કથાકારોનો ભાવ તેમનો પોતાનો ન હોવાથી કેવળ પુરાણકથા કરતી વખતે કથાવેશથી પ્રયુક્ત હોય છે.



આ કારણથી જ અશ્રુપાત, કંઠાવરોધ (ગળામાં ડૂમો ભરાઈ આવવો) યા તો ઉલ્લાસ કેવલ કથાના સમયમાં જ પ્રકટ થાય છે, સર્વદા નહીં.

(૩) પોતાના કુટુંબના પોષણ માટે, ધન કમાવા માટે, યા તો યશની કામનાથી જેઓ કથા કરે છે તેઓ ખેતરને જલ પહોંચાડનારી નહેરો–નીકોની જેવા હોય છે. ખેતરની નીકોના જલનું મુખ્ય પ્રયોજન છે ધાન્યનું ઉત્પાદન કરવું તે. એ જ પ્રકારે એ વક્તાઓની ભગવત્કથાનું પણ મુખ્ય પ્રયોજન તો સંસાર વધારવો એ જ હોય છે. તેથી એ જ ફલ શ્રોતાને પણ મળે છે.

(૪) વેશ્યા અથવા સ્વૈરિણી સ્ત્રીઓથી ઘેરાયેલા, જુગાર તથા મદ્યપાન આદિ વ્યસનોથી પ્રમત્ત વક્તા નદીના જલથી બનેલા ગંદા જલના ખાડાના જેવા હોય છે. તેમને વેદમાં 'પ્રદર' કહેવામાં આવ્યા છે તથા તેમનું આચમન પણ નિષિદ્ધ કે ત્યાજ્ય માનવામાં આવ્યું છે.

(૫) ભગવાનના ગુણગાનને આજીવિકાનું (સાધન) બનાવીને ઉદર યા કુટુંબનું પોષણ કરવાવાળા ગાયક યા પૌરાણિકોના ભાવ, ઘરની ગંદી મોરીઓમાંથી નીકળતા મલિન જલ ચારે બાજુ ફેલાઈ ન જાય તે માટે જે ખાડાઓ ખોદવામાં આવે છે અને તેમાં ભરાયેલ જળ જેવા અપવિત્ર હોય છે. જેમ એ ગંદા જલનો સ્પર્શ અશુદ્ધ કરનાર હોય છે એવી જ રીતે ભગવદ્–ગુણગાનને આજીવિકાનું સાધન બનાવનારા કથાકારોનું પ્રવચન પણ એવું જ અશુચિકર છે.

(૬) નદીઓના જલથી જેમ કયાંક કયાંક જલાશય બનાવવામાં આવે છે અથવા તો કયારેક નૈસર્ગિક રીતે જાતે જ જલાશય બની જાય છે, એવી જ રીતે ગીતા, ભાગવત, પાંચરાત્રાદિ ભગવત્શાસ્ત્રોના નિરંતર અભ્યાસથી વ્યક્તિના હૃદય તથા બુદ્ધિમાં ભગવદ્–ભાવનું એક વિશાળ જલાશય જેવું ભરાઈ આવે છે. મોટાં જલાશયોનાં જલ ન તો તડકાને લીધે સુકાઈ શકે છે અને ન તો તેને ભેંસ જેવા પશુ મલિન બનાવી શકે છે. બરાબર આ જ પ્રકારે એ શાસ્ત્રના અભ્યાસીઓના ભાવ ન તો સાંસારિક તાપોથી સૂકાં થાય છે અને કુતર્કથી યા તો અસંભાવના–વિપરીત ભાવનાથી મલિન થાય છે.

(૭) જાતે નિરંતર શાસ્ત્રાભ્યાસ કરવો એ એક વાત છે અને શ્રોતાના સંદેહોને દૂર કરી શકવાનું સામર્થ્ય ધરાવવું એ બીજી વાત છે. તેથી સંદેહનિવારક વક્તા માની લો કે પીવાલાયક પાણીવાળા મોટા જલાશય જેવા હોય છે. એવા સ્વચ્છ નિર્મલ જલાશય કે જેમનામાં કાદવ યા તો લીલ ઉત્પન્ન થતી નથી.

(૮) ખુદ પોતાને ભગવત્શાસ્ત્રોનો નિરંતર અભ્યાસ હોય અને બીજાઓના સંદેહને દૂર કરવાની ક્ષમતા હોય તો પણ કયારેક કયારેક વક્તામાં પોતાનામાં ભક્તિભાવ નથી હોતો, પરંતુ એ પણ જો પ્રકટ થઈ જાય તો એવા વક્તાને સુંદર કમળવાળા રમ્ય સરોવરના જેવો ગણવો જોઈએ.

(૯) કેટલાક વક્તાઓમાં ભગવત્પ્રેમ તો હોય છે, પરંતુ તેઓ પોતે અલ્પશ્રુત હોય છે. એવા વક્તાઓને નાનાં તળાવોના જેવા સમજવા જોઈએ– કે જેઓ પોતે સ્વચ્છ જલવાળા હોવા છતાં ભેંસ જેવા પશુઓ દ્વારા મલિન બનાવી શકાય છે, તેનું કારણ એટલું જ છે કે તેમાં જલરાશિ ઘણો થોડો હોય છે. એવી જ રીતે અલ્પશ્રુતતાને કારણે તેમના ભાવ કુતર્કોથી દૂષિત બની શકે છે.

(૧૦) જે વક્તાઓએ કોઈ સદ્ગુરુના મુખથી બહુ સારી રીતે શાસ્ત્રીય વિષયોનું શ્રવણ કર્યું હોતું નથી અને જેમનામાં ભગવદ્ભક્તિ જોઈતી માત્રામાં નથી તો પણ નિષ્કામ ધર્માચરણ–કર્માનુષ્ઠાનમાં જેમની નિષ્ઠા દઢ હોય એવા વક્તાઓને ભગવત્કથા–પ્રવચન કરવાની વૃત્તિ જો જાગી ઊઠે તો તેમના ભાવ પણ નાનાં તળાવના જેવા જ સમજવા જોઈએ. નાના તળાવનાં જળ જલદીથી સુકાઈ પણ જાય છે અને શીઘ્ર મલિન પણ થઈ શકે છે.

(૧૧) જે વ્યક્તિઓનું મન યોગ–ધ્યાન આદિની પ્રક્રિયામાં લાગી રહેલું હોય છે તેમના પોતાના ભાવ તો નિર્મલ હોઈ શકે છે, પરંતુ શ્રોતાઓ તેમને ઘેરી વળે ત્યારે તેમના ભાવોમાં પરિવર્તન આવવા લાગે છે. યૌગિક સાધનાનો જમાવ એકાન્તમાં આવે છે. તેથી જનતાથી ઘેરાયેલા રહેવાની વૃત્તિવાળા યોગીની સમૂળગી યોગ–સાધના નિષ્ફળ બની જાય છે. એ જ કારણને લીધે તેમના ભાવ વર્ષાના જલના જેવા બની જાય છે કે જે સ્વયં સ્વચ્છ હોવા છતાં જ્યાં પડે ત્યાંના ગુણધર્મ શીઘ્રતાથી સ્વીકારી લે છે.

(૧૨) કેવલ તપોજ્ઞાન કે વૈરાગ્યાદિની સાધનામાં મગ્ન વ્યક્તિ જ્યારે ભગવત્કથાનું પ્રવચન કરતો મળી આવે ત્યારે તેના ભાવને સ્વેદ કે પરસેવાના જલના જેવો સમજવો જોઈએ. સ્વેદજલ જેને આવતો હોય એ તેના પરિશ્રમનું દ્યોતક તો હોય જ છે, પરંતુ બીજાના કામનું એ હોતું નથી. આ જ રીતે વ્યક્તિની તપશ્ચર્યા અથવા ભક્તિહીન શુષ્ક જ્ઞાન–વૈરાગ્ય–સાધના સ્વયં એ વ્યક્તિ દ્વારા લેવામાં આવેલા આધ્યાત્મિક પરિશ્રમની દ્યોતક તો હોય છે, પરંતુ બીજા શ્રોતાઓને માટે તો નકામી જ હોય છે !



(૧૩) પર્વત ઉપરથી પડતા જલપ્રપાત કે પાણીનો ધોધ કે ઝરણાનાં જલ, નિર્મળ, શીતલ, મધુર, સતત તથા શ્રવણ–દર્શન, સ્પર્શન, સ્નાન, આચમન, પાન આદિમાં મનોહારી, તાપહારી તથા સુખકારી લાગે છે. આવી જ રીતે ભગવત્કૃપાને કારણે અથવા મહાન ભગવદીયોની કૃપાને કારણે, જેમને સ્વયં શ્રીહરિના દિવ્ય, મધુર ગુણોનું અલૌકિક જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું હોય તો એવા વક્તાઓના મુખથી ભગવદ્ગુણગાન સાંભળવું એ તો કોઈ એક મનોહારી ઝરણાંની સામે પહોંચી જવા જેવો એક સુખદ પ્રસંગ હોય છે. આ સર્વત્ર–સર્વદા સુલભ નથી હોતું. જેવી રીતે ઝરણાંની સામે પહોંચતાં પહેલાં થોડેક દૂરથી જ એ જલપ્રપાતના અવાજથી તેના અસ્તિત્વનો બોધ થઈ જાય છે. એવી જ રીતે આ ભગવદીયોના પદ–ગ્રંથ આદિ રૂપમાં શબ્દોના માત્ર શ્રવણથી જ તેમની અલૌકિક અનુભૂતિનો નિર્ણય થઈ જાય છે.

(૧૪) સકામ ઉપાસનાના અંગભૂત શ્રૌત યા પૌરાણિક, વરુણ, ઈન્દ્ર, દુર્ગા, ગણપતિ, ભૈરવ, નવગ્રહ આદિ દેવતાઓના ઉપાસક વક્તા જો શ્રીકૃષ્ણની કથા કરતા હોય તો તેમના ભાવોને ઝાકળનાં બિન્દુઓના જેવા સમજવા જોઈએ. ઝાકળનાં જલબિન્દુ જે સ્થાન પર પડે છે ત્યાં પુષ્કળ પ્રમાણમાં ઊભરાયેલાં નજરે ચડે છે. પરંતુ એ વાસ્તવિકતા નથી હોતી. એ જ રીતે અન્ય દેવોના ઉપાસક વક્તાના મુખથી શ્રીકૃષ્ણકથા અન્ય દેવોની ઉપાસનાભૂમિ પર શ્રીકૃષ્ણ દ્વારા પાડવામાં આવેલા ઝાકળનાં ક્ષુદ્ર બિંદુઓના જેવા હોય છે. ઝાકળની શોભા કેવળ દેખાવ માત્રની હોય છે. એવી જ રીતે આ કૃષ્ણકથાની શોભા કેવળ શ્રવણ માત્રની હોય છે. સ્નાન–પાનમાં ઝાકળનાં બિન્દુ અનુપયોગી હોય છે અને થોડોક તડકો નીકળતાં જ ઝાકળનાં બિન્દુ સુકાઈ જાય છે. એવી જ રીતે એમના ભાવ પણ શ્રોતાને માટે ઉપયોગી નથી હોતા. કથાકાળમાં જ કેવળ પ્રગટ થઈને પછી તે અદશ્ય થઈ જાય છે.

(૧૫) વર્ણાશ્રમ ધર્મને નિભાવતા શ્રીકૃષ્ણની નવધા ભક્તિમાં તત્પર વક્તાઓમાં કયારેક પ્રેમાવેશને કારણે ભગવદીય ધર્મોનું સ્ફુરણ થતું રહે છે. તેમના ભાવને વરસાદી નદીના પ્રવાહના જેવો સમજવો જોઈએ.

(૧૬) કેટલીક નદીઓ બારે માસ વહેતી હોય છે. તેમનામાં ન તો પૂર આવે છે કે ન તો તેમનું જલ ઘટે છે. એવી જ રીતે ભગવત્કથામાં જેમને પ્રેમાવેશનું પૂર પણ આવતું નથી અને તેમની રુચિ પણ કદી ઓછી થતી નથી એવા મર્યાદામાર્ગીય વક્તાઓના ભાવ સ્થિર પ્રવાહવાળી નદીના જેવા હોય છે.

(૧૭) કેટલીક નદીઓના ઉદ્‌ગમ સ્થાન પર નિરંતર પાણી ઊભરાઈ રહેતું હોય છે. તેથી તેમનો પ્રવાહ કદી અટકતો નથી, પરંતુ વર્ષાને કારણે તથા તડકાને કારણે એમના જલ સ્તરમાં નિરંતર વધઘટ થતાં રહે છે. એવી જ રીતે જે વક્તાઓનો ભાવ તેમની આસપાસની વ્યક્તિઓની સંગતિને કારણે કયારેક વધતા રહેતા હોય છે અને કયારેક ક્ષીણ થતા રહેતા હોય છે, પરંતુ ભાવપ્રવાહ કદી અવરુદ્ધ થતો ન હોય તો તેવા વક્તાઓના ભાવ અનેક જન્મોથી ચાલી આવતી ભાવસાધનાને કારણે નિરંતર ઉદ્‌ગમવાળી નદીના સમાન હોય છે.

(૧૮) કેટલીક મહાનદીઓ સમુદ્રગામિની એટલે કે સાગર તરફ જનારી હોય છે જે ઋતુચક્રથી પ્રભાવિત થતી નથી. તેમનામાં પૂર આવે છે પરંતુ જલ કદી ઓછું થતું નથી. જે વક્તાઓના ભાવ સંગદોષથી પ્રભાવિત થયા વગરના રહે છે તેમને સમુદ્રગામિની મહાનદીઓના જેવા ગણવા જોઈએ.

(૧૯) સમુદ્રોના અનેક ભેદ શાસ્ત્રોમાં વર્ણવેલા છે. જેવા કે–

(ક) ખારા પાણીવાળા (ખ) શેરડીના રસ જેવા સ્વાદયુક્ત પાણીવાળા (ગ) સુરા (એટલે મદિરા)ના સ્વાદયુક્ત પાણીવાળા (ઘ) ઘીના સ્વાદયુક્ત પાણીવાળા (ઙ) દૂધના સ્વાદયુક્ત પાણીવાળા (ચ) દહીં–મઠાના સ્વાદયુક્ત પાણીવાળા (છ) શુદ્ધોદક (શુદ્ધ પાણીના) સ્વાદયુક્ત અથવા અમૃત જળના સ્વાદયુક્ત પાણીવાળા. આ બધા અગાધ અથવા વૃદ્ધિ–ક્ષયરહિત હોય છે. આવી જ રીતે લૌકિક ગુણોના મિશ્રણ, વૈદિક ગુણોના મિશ્રણ તથા લોકવેદગુણમિશ્રિત ગુણોના મિશ્રણથી ભગવદ્–ગુણોનું વર્ણન કરવાવાળા સમુદ્રની ઉપમા આપી શકાય તેવા વક્તાઓના ભાવ પણ અનેકવિધ હોય છે.

(ક) શ્રીરામ યા તો શ્રીકૃષ્ણને સાક્ષાત્ પરમેશ્વર ન માનીને કેવળ મહાપુરુષ અર્થાત્ મહાન મનુષ્ય માનવાવાળા વક્તાઓના ભાવ ક્ષારોદ સમુદ્રના જળની માફક ખારા હોય છે. આવા ભાવોથી ભક્તની તૃષા મટી શકતી નથી. ભગવદવતારોના ચરિત્રની માનવીય વ્યાખ્યા કરવાવાળા વક્તાઓના ભાવ પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણથી ખારા, અરુચિકર તથા તૃષાને ન છીપાવનારા હોય છે.

(ખ) પરમાત્માને અપ્રાકૃત ગુણધર્મોથી યુક્ત માનવા છતાં પણ અવતારોને પ્રાકૃત ગુણધર્મયુક્ત માનવાવાળા વક્તાઓના ભાવ શેરડીના સ્વાદવાળા જળના જેવા હોય છે. શેરડી ચૂસવાથી પ્રારંભમાં મધુર લાગે છે, પરંતુ અંતમાં રસવિનાની થઈ જાય છે.



(ગ) જાતે મોહવશ અથવા મોહપ્રવર્તનની ભગવાનની આજ્ઞાને વશ થઈને જે ભગવાનના ગુણોને માયિક માને છે તથા બ્રહ્મને નિર્ગુણ, નિરાકાર, નિર્ધર્મક માને છે તેવા વક્તાઓની ભગવત્કથાનું શ્રવણ મદિરાના સ્વાદયુક્ત પાણીના આચમન જેવું હોય છે. મદિરાથી જેમ સ્વરૂપ વિસ્મૃતિ આદિ અનેક પ્રમાદ પ્રકટ થાય છે એવી જ રીતે બ્રહ્મ અથવા ભગવદવતારોને નિર્ગુણ અથવા માયિક ગુણોવાળા માનવાવાળા વક્તાઓનો ઉપદેશ સાંભળવાથી પણ અનેકવિધ મોહ ઉત્પન્ન થઈ જાય છે. મોટા ભાગે એવા વક્તા પોતે તો પરમ ભગવદીય હોય છે– અગાધ સમુદ્ર જેવા, પણ તેમના ઉપદેશ ભક્તિમાર્ગના વિરોધી હોય છે. જેમકે પરમ ભાગવત શ્રી મહાદેવજીને ભગવદાજ્ઞાવશ થઈ ને માયાવાદનું પ્રવર્તન કરવું પડયું.

(ઘ) ભગવાનના દયાળુતા આદિ ગુણો પર જે ભાર દેતાં દેતાં ભગવત્કથા કરે છે તેમના મુખેથી ભગવદ્–ગુણગાન સાંભળવું એ ઘીના સ્વાદયુક્ત પાણીવાળા સાગરના આચમનની જેમ ભક્તિબલને વધારનાર હોય છે.

(ઙ) શ્રી હરિના સર્વજ્ઞ, સર્વશક્તિમાન, સર્વ દુઃખહર્તા આદિ ગુણો પર ભાર દેતાં દેતાં જેઓ ભગવત્કથા કરે છે તેમની પાસેથી ભગવદ્ ગુણગાન સાંભળવા એ ક્ષીરોદકના આચમન જેવું હોય છે. એ સ્વાદિષ્ટ–શક્તિવર્ધક તથા પવિત્ર હોય છે.

(ચ) કેવલ વૈદિક મર્યાદાઓની સ્થાપનાના મર્યાદિત પ્રયોજનને પ્રસ્તુત કરીને જે વક્તા ભગવદવતાર ચરિત્રોની વ્યાખ્યા કરતા હોય છે તેમના ભાવ દધિમંડોદના જેવા હોય છે. દધિમંડ–મઠો સુપાચ્ય તથા સ્વાદિષ્ટ હોવા છતાં માખણ તેમાંથી નીકળી ગયું હોવાથી સારહીન હોય છે. એવી જ રીતે ભક્તોને સ્વરૂપાનુભવ મારફત પરમાનંદનું દાન કે જે અવતારનું મુખ્ય પ્રયોજન છે, તે તેમની ભગવદ્ગુણગાનની રીતિના કારણે કથામાંથી બહાર નીકળી જતું હોય છે. પરિણામે તેમની કથા સારહીન બની જાય છે.

(છ) શુદ્ધોદક સમુદ્રને જ શ્રી મહાપ્રભુજી 'અમૃતોદ' પણ કહે છે. શ્વેતદ્વીપના ચતુર્દિક પરિખા–ખાઈના રૂપમાં ભરાયેલા 'અર' અને 'ણ્ય' નામના સમુદ્રોનું વર્ણન વારાહપુરાણમાં પણ મળી આવે છે– 'અરનામામૃતામ્ભોધિઃ ણ્યનામામૃતસાગરઃ'. એવી જ રીતે છાન્દોગ્યોપનિષદમાં પણ 'અરશ્ચ વૈ ણ્યશ્ચ અર્ણવૌ બ્રહ્મલોકે...તદૈરંમદીયં સરઃ' એમ કહેવામાં આવ્યું છે. એનાથી પ્રતીત થાય છે કે–'શુદ્ધોદ' અને 'અમૃતોદ' એકબીજાના સમાનાર્થક છે.

સનત્કુમારોને ઉપદેશ આપવાવાળા સંકર્ષણ શેષ, પોતાના આત્મજ શુકને ભાગવત ભણાવવાવાળા ભગવદ્–જ્ઞાનાવતાર મહર્ષિ બાદરાયણ વ્યાસ, અગ્નિપુરાણના વક્તા અગ્નિ, વાયુપુરાણના વક્તા મારુત યા હનુમાન પણ, રહૂગણ રાજાને જ્ઞાનોપદેશ કરવાવાળા અવધૂત જડભરત, અનેક પ્રકારના ભક્તિશાસ્ત્રોના ઉપદેશક નારદ, સનત્કુમારના શિષ્ય તથા વિદુરના ગુરુ મૈત્રેય; એવા એવા બીજા પૂર્ણ ભગવદીયોના ઉપદેશ–શ્રવણને અમૃતોદના પાનના સમાન ગણવા જોઈએ.

જલભેદના આ અંશપર એક સ્વતંત્ર લેખ લખવાવાળા શ્રીશ ભટ્ટના મત મુજબ આ ઉલ્લેખ કરાયેલા ભક્તોની પરંપરાની અમાનતને સંભાળી લેવા માટે પ્રકટ થયેલા શેષજીના અવતાર શ્રીરામાનુજાચાર્ય, વ્યાસજીના અવતાર શ્રીવિષ્ણુસ્વામી, અગ્નિના અવતાર મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી, વાયુના અવતાર શ્રીમધ્વાચાર્ય, જડભરતના અવતાર શ્રીરામાનંદ, નારદના અવતાર શ્રીચૈતન્ય, સનકના અવતાર શ્રીનિમ્બાર્કાચાર્ય આદિ મુખ્ય ચાર વૈષ્ણવ સંપ્રદાય તથા અવશિષ્ટ ઉપસંપ્રદાયોના આચાર્યો યા ભક્તોના ઉપદેશ પણ અમૃતોદની તુલ્ય (બરાબર–સરખા) માનવા જોઈએ. સ્વયં શ્રીમહાપ્રભુજીએ પણ મુખ્ય ચારેય ભક્તિ સંપ્રદાયોનું ભગવત્પ્રવર્તિત હોવાનું તૃતીય સ્કંધ ઉપરની સુબોધિનીમાં સ્વીકાર્યું છે– 'એવમ્ ચતુર્વિધોડપિ ભગવતા પ્રતિપાદિતઃ' એમ કહીને. તેથી આ શ્રીશ ભટ્ટની વ્યાખ્યારીતિમાં કોઈ વિરોધાભાસનું દર્શન થતું નથી.

પ્રાકૃત યા માયિક ગુણોથી રહિત શ્રી વિષ્ણુના બધા અપ્રાકૃત–દિવ્ય–શુદ્ધ સચ્ચિદાનંદરૂપ ગુણોનાં વર્ણન, સ્મરણ, કીર્તન કરવાવાળા આ વિચક્ષણ વક્તાઓ અમૃતોદ સિન્ધુના સમાન છે. તેમનાં વચનામૃતનું પાન તો વસ્તુતઃ જીવનનો અતિ દુર્લભ લહાવો છે. એમનામાંથી કેટલાક પુષ્ટિભક્તિમાર્ગીય છે અને કેટલાક મર્યાદામાર્ગીય છે, પરંતુ બધા અમૃતોદ સિન્ધુના સમાન છે.

વિષ્ણુદૂતોનાં વચન જેવાં અજામિલના કાનોમાં પડયાં કે તરત એની કૃતિ, મતિ અને ભાવના– એ બધામાં ચમત્કારિક પરિવર્તન આવી ગયું. આવી જ રીતે અકસ્માત પણ આ અમૃતોદની તુલ્ય વક્તાઓનાં એકાદ વચન અમૃતના બિન્દુપાનની સમાન હોવાથી તૃપ્તિપ્રદ (સંતોષ આપનાર) ન પણ હોય પરંતુ નિશ્ચયપૂર્વક સુખપ્રદ તો હોય જ છે, અને જ્યારે તેમનાં વચનામૃતોના સતત શ્રવણથી રાગ–અજ્ઞાન–કામ–ક્રોધ આદિ મનોવિકાર દૂર થઈ જાય છે તો એ



અમૃતના બિન્દુપાનની જેમ નહીં, પરંતુ લેહન જેવું છે એમ સમજવું જોઈએ– અમૃતોદના અમૃતનું એવું લેહન કે જેમાં પરમાનંદની અભિવ્યક્તિ થઈ જાય છે. શ્રોતા કૃતાર્થ બની જાય છે!

(૨૦) આ સિવાય અન્ય જે વક્તા યા તેમના ભાવ હોય છે તેમને એ જ કૂપ વગેરે ઓગણીસ જલસ્થાનોમાંથી બહાર કાઢેલા અથવા પડી ગયેલા જલના જેવા સમજવા જોઈએ. તદનુસાર તેમની પાસેથી કથા–શ્રવણ કરવાના ફલના પણ યથાર્થ સ્વરૂપનો વિચાર કરવો જોઈએ.

આ રીતે વિષ્ણુના એકરૂપ ગુણ તે તે જીવોની વાગિન્દ્રિય–વાણી પર કેવાં અનેકરૂપ ધારણ કરી લે છે અને કેવાં ફલ તેમનાથી મળે છે વગેરે વાતોનું– બાબતોનું નિરૂપણ સંપૂર્ણ થયું.

**ઈતિ શમ્**

## ૧૩. પંચપદ્યાનિ

### શ્રોતાનું સ્વરૂપ

વક્તાના અધિકાર તથા સ્વરૂપ તથા તદનુસાર તેમના મુખથી શ્રવણ–કીર્તનના ફલના વિવરણ પછી હવે શ્રોતાના અધિકાર તથા સ્વરૂપનું નિરૂપણ શ્રીમહાપ્રભુજી 'પંચપદ્યાનિ'માં કરે છે.

ભગવત્કથાનું શ્રવણ–સ્મરણ–કીર્તન ભગવત્સ્વરૂપની સેવાની સાથે સાથે સેવાના અનવસરમાં ચાલતું રહે તો એ ભગવત્સ્નેહના પૂર્વોત્તર દલ (સંયોગ તથા વિપ્રયોગ) એ બંનેમાં ભક્તિના પૂર્ણ આવિર્ભાવનો ઉપાય બને છે. પરંતુ કોઈ વ્યક્તિને ભગવત્સ્વરૂપ સેવાની સગવડ આજીવન સંભવિત નથી બનતી. એવી સ્થિતિમાં કેવલ ભગવત્કથાના શ્રવણ–સ્મરણ–કીર્તનની પ્રણાલી અપનાવવાથી પણ પ્રેમ–આસક્તિ–વ્યસન–સર્વાત્મભાવ યા અલૌકિક સામર્થ્ય આદિના ક્રમિક પગથિયા પર ભક્તિનું આરોહણ શક્ય બની જાય છે.

તદનુસાર સેવાની સાથોસાથ જે કથાના શ્રવણ–સ્મરણ–કીર્તનનો પણ જે લોકો સતત નિર્વાહ કરી શકે છે એ ઉત્તમ શ્રોતા હોય છે. અથવા સેવાના અનુકલ્પના રૂપમાં જેઓ ભગવત્કથાનું નિરંતર સમાશ્રયણ કરતા હોય છે, એ મધ્યમ પ્રકારના શ્રોતા હોય છે. જેઓ કયારેક કયારેક શ્રવણ કરવાનો લાભ મેળવી શકે છે, તેઓ નિમ્ન પ્રકારના શ્રોતા હોય છે. આ એક દષ્ટિ શ્રોતાના ઉત્તમ, મધ્યમ કે નિમ્ન પ્રકારોને નક્કી કરવાની દેખાઈ આવે છે.

બીજી દષ્ટિ એ છે કે શુદ્ધપુષ્ટિ, પુષ્ટિપુષ્ટિ, મર્યાદાપુષ્ટિ તથા પ્રવાહપુષ્ટિના અધિકારી ભેદ અનુસાર શ્રોતાની વિવિધ કક્ષાઓ નક્કી કરવામાં આવે. શુદ્ધપુષ્ટિ યા પુષ્ટિપુષ્ટિ આદિ અધિકારોની પહેચાન "પુષ્ટિપ્રવાહમર્યાદા" ગ્રંથમાં "પુષ્ટ્યા વિમિશ્રાઃ સર્વજ્ઞાઃ પ્રવાહેણ ક્રિયારતાઃ..."માં આપવામાં આવેલી છે.

ત્રીજી દષ્ટિ છે શ્રોતાના ઉત્તમ–મધ્યમ–કનિષ્ઠ અધિકારની, વક્તાના જ્ઞાન–ભક્તિ–વૈરાગ્ય ગુણોને અનુરૂપ (૧) જિજ્ઞાસાપણું–શ્રવણ માટે આતુરતા,



(૨) રુચિ તથા (૩) બીજાં સાધનો માટેના દુરાગ્રહપૂર્ણ અનુષ્ઠાન યા અભિમાનનો અભાવ અને એવા દુરાગ્રહથી ઉત્પન્ન થતાં ક્ષુદ્ર ફલોમાં અનાસક્તિ; આ રીતે ત્રણેય ગુણો જે શ્રોતામાં મળી આવતા હોય તે ઉત્તમ, બે ગુણો મળતા હોય તે મધ્યમ અને કોઈપણ એકાદ ગુણની હાજરી તેના નિમ્ન અધિકારનું દ્યોતક છે.

ચોથી દષ્ટિ –પુષ્ટિમાર્ગીય ઉત્તમ, મર્યાદામાર્ગીય મધ્યમ તથા પ્રવાહમાર્ગીય યા ચર્ષણી શ્રોતાને અધમ માનવાની–ઉચિત હોવા છતાં અહીં અપ્રાસંગિક લાગે છે, કારણકે પુષ્ટિમાર્ગીય જીવોને માટે જ શ્રીમહાપ્રભુજીએ ષોડશ ગ્રંથની રચના કરેલી છે. આ કારણને લીધે જે જીવોના અપુષ્ટિમાર્ગીય હોવાનું નક્કી હોય તેમને પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત યા ભગવલ્લીલાનો ઉપદેશ જ શ્રીમહાપ્રભુજીના મત પ્રમાણે અનુમોદનીય નથી. "જલભેદ" માં પણ જે મર્યાદામાર્ગીય વક્તાનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે તે તેવા વક્તાઓ પાસેથી પુષ્ટિમાર્ગીય આશાઓ ન રાખવાને માટે જ છે, કારણ કે વક્તાની પસંદગીમાં અધિક સાવધાની અપેક્ષિત છે. આ કારણને લીધે "જલભેદ" માં કર્યો છે તેટલો વિસ્તાર "પંચપદ્યાનિ" માં અપેક્ષિત નથી.

પાંચમી દષ્ટિ મુજબ જેવી રીતે શાસ્ત્રાર્થ પ્રકરણના અંતિમ ભાગમાં ભગવત્સેવા કરવાવાળાઓના વિવિધ અધિકાર દર્શાવવામાં આવ્યા છે તેમને ભગવત્કથાના શ્રવણાધિકારનાં પણ ઉપલક્ષણ માનવામાં આવે તો એ વાત અસંગત નહીં હોય. જેમ કે–

જિજ્ઞાસુતા : શ્રવણોત્સુકતા બે પ્રકારની હોઈ શકે છે. (૧) પ્રમાણ (શાસ્ત્ર) તથા પ્રમેય (ભગવાનના સ્વરૂપ–ગુણધર્મ તથા લીલા) બંનેની બાબતમાં અથવા (૨) આ પ્રમાણમાં યા પ્રમેયમાંથી કોઈપણ એકની બાબતમાં, આને કેવલ "શબ્દનિષ્ઠા" તથા "અર્થનિષ્ઠા" પણ કહી શકાય છે.

આ જ રીતે કથારતિના પણ બે પ્રકાર સંભવિત હોઈ શકે છે. (૧) સામાન્ય રુચિ તથા (૨) ઉત્કટ રતિ. આ બેના પરસ્પર મિશ્રણમાંથી અનેક પ્રકારના વિકલ્પો બની શકે છે. જેવા કે :–

(૧) કથા શ્રવણની ઉત્કટ રતિ તથા કથાના ઉભય પક્ષ–શબ્દ (પ્રમાણ) પક્ષ અને અર્થ (પ્રમેય) પક્ષ–માં જિજ્ઞાસુતા –શ્રવણોત્સુકતા ધરાવવાવાળા ઉત્તમાધિકારી જ્ઞાની–ભક્ત જેવા મનાવા જોઈએ.

(૨) કથા શ્રવણમાં ઉત્કટ રતિ ન હોય તો પણ તેમાં સામાન્ય રુચિ ધરાવનાર તથા કથાના ઉભય પક્ષોમાંથી શબ્દ પર ભાર દેવાવાળા શબ્દનિષ્ઠ જિજ્ઞાસુ પ્રેમના અભાવને કારણે મધ્યમાધિકારી જ્ઞાની જેવા મનાવા, ગણાવા જોઈએ.

(૩) કથાશ્રવણમાં રતિ રાખવાવાળા તથા કથાના શાબ્દિક પ્રમાણપક્ષની બાબતમાં શ્રવણોત્સુક ન હોવા છતાં પણ અર્થ (પ્રમેય) પક્ષની બાબતમાં જેમને તીવ્ર જિજ્ઞાસા હોય એવા માત્ર અર્થમાં જ નિષ્ઠા ધરાવનાર શ્રવણોત્સુકોને જ્ઞાનના અભાવના કારણે મધ્યમાધિકારી ભક્ત ગણવા જોઈએ.

(૪) જેમને ઉત્કટ રતિ ન હોય અને અર્થનિષ્ઠા (કથાના અર્થ—પ્રમેય ભગવાનનાં સ્વરૂપ—ગુણ અથવા લીલાની બાબતમાં શ્રવણોત્સુકતા) પણ તીવ્ર ન હોય એવા સામાન્ય રુચિવાળા, જ્ઞાન—પ્રેમ ઉભય રહિત શ્રોતાઓને કનિષ્ઠ —નિમ્ન યા અધમ કોટિના ગણવા જોઈએ.

(દ્રષ્ટવ્ય શા. નિ. ''એવં સર્વં તતઃ સર્વં સ ઈતિ જ્ઞાનયોગતઃ યઃ સેવતે હરિં પ્રેમ્ણા શ્રવણાદિભિરુત્તમઃ પ્રેમાભાવે મધ્યમઃ સ્યાત્ જ્ઞાનાભાવે તથાદિમઃ ઉભયોરપ્યભાવે''. જે કાંઈ પણ છે તે તે જ છે, એવા જ્ઞાનયોગથી જે હરિને પ્રેમથી સેવે છે અને શ્રવણાદિ દ્વારા જે સેવે છે તે ઉત્તમ છે. પ્રેમના અભાવે મધ્યમ થાય, તેમ જ જ્ઞાનના અભાવમાં પણ, તેનાથી આગળ બંનેના અભાવમાં કનિષ્ઠ પણ—કારિકા ૧૦૧—૨.)

છઠ્ઠી દષ્ટિ આ પણ સંભવે છે કે આરંભના મુખ્ય—મધ્યમ—અધમ શ્રવણાધિકાર ક્રમશઃ ''રસવિક્ષિપ્તમાનસ'', ''રસવિક્લિન્નમાનસ'' તથા કદાચિત્ રસાવેશથી ''રસાવેશવિકલમાનસ'' એવાં વિશેષણો દ્વારા, ભક્તિમાર્ગીય શ્રવણાધિકારના રૂપમાં વિવક્ષિત છે. પાંચમા છેલ્લા શ્લોકમાં વર્ણવેલા 'અનન્યમાનસ' વિશેષણ દ્વારા અન્યાશ્રય—રહિત શરણમાર્ગીય શ્રવણાધિકાર વિવક્ષિત છે. પુષ્ટિભક્તને આ ભૂતલ ઉપર મળતી પરમ ફલની અનુભૂતિ અલૌકિક સામર્થ્ય યા તનુનવત્વનો લાભ પ્રપત્તિમાર્ગીય અધિકારીને નથી મળતો, પરંતુ વિદ્યમાન દેહના પડવા પછી તેમને સાયુજ્ય—મોક્ષ મળી શકે છે. આ કારણને લીધે દેશ—કાલ—દ્રવ્ય—કર્તા—મંત્ર—કર્માદિના અન્યાશ્રયના ત્યાગને કારણે એ અધિકારીઓ ઉત્તમ હોવા છતાં વિદ્યમાન દેહાદિથી ભૂતલ ઉપર પરમ ફલની અનુભૂતિથી વંચિત હોવાને કારણે તેમને **''મર્ત્ય''** કહેવામાં આવે છે. કારણ કે શ્રીકૃષ્ણ સાથેના સાયુજ્યનો લાભ તેમને મૃત્યુ બાદ (પછી) જ મળે છે.



પંચપદ્યાનિના પ્રથમ ચાર શ્લોકોમાં વર્ણવાયેલ અધિકારીઓને **''મર્ત્ય''** નથી કહ્યા. આથી તેમનું ભક્તિમાર્ગીય હોવાપણું સૂચિત થાય છે.

સર્વ. નિબંધમાં — ''સર્વત્યાગેઽનન્યભાવે કૃષ્ણમાત્રૈકમાનસે સાયુજ્યં કૃષ્ણદેવેન શીઘ્રમેવ ધ્રુવં ફલં''. અર્થ : સર્વત્યાગમાં અનન્યભાવથી એકમાત્ર કૃષ્ણમાં જ મનવાળાને પરમાત્મામાં સાયુજ્ય તરત જ ફળરૂપ સિદ્ધ થાય છે. આ કારિકાના પ્રકાશમાં ''એવં દેહપાતનપર્યન્તં કૃષ્ણૈકમાનસસ્ય સાયુજ્યં શીઘ્રમેવ ભવતિ કાયવાગ્વિનિયોગાભાવેઽપિ સ્વસ્નેહાભાવેઽપિ મનોમાત્ર સ્થિતૌ ફલમેતદ્'', અર્થ : આમ દેહપાત કે મૃત્યુ સુધી કૃષ્ણમાં જ જેનું મન હોય તેને સાયુજ્ય તરત જ પ્રાપ્ત થાય છે. પછી કાયા, વાણીના વિનિયોગના અભાવમાં પણ અને સ્વસ્નેહના અભાવમાં પણ મનની કૃષ્ણમાંજ સ્થિતિનું આ ફળ છે એમ કહીને પ્રપત્તિમાર્ગીય જીવના ''અનન્યમાનસ'' હોવા પર તેને ઉત્તમાધિકારી ગણ્યો છે.

આ વિભિન્ન દષ્ટિકોણથી શ્રવણાધિકારનો વિચાર કરીએ તો 'પંચપદ્યાનિ'ના પાંચ પદ્યોમાં ભિન્ન ભિન્ન કક્ષાના પાંચ અધિકારીઓની ચર્ચા છે— મુખ્યાધિકારી એકવિધ છે અને અમુખ્યાધિકારી ત્રણ પ્રકારના છે. આમ કુલ ચાર પ્રકારના અધિકારીઓની ચર્ચા છે. 'મુખ્ય' તથા 'ઉત્તમ'ને સમાનાર્થી માનીને તથા ઉપક્રમ અને ઉપસંહારમાં એક જ અધિકારીને વિવક્ષિત માનીને કુલ ત્રિવિધ અધિકારીઓની ચર્ચા છે. આ બધામાંથી ''આ એક જ અધિકારી ચોક્કસપણે આ જ પ્રકારનો છે'' એમ નક્કી કરી કોઈ એક વ્યાખ્યારીતિનું સમર્થન કરવાનું કામ જરા કઠિન છે. તો પણ મુખ્ય તથા અમુખ્ય તથા ભક્તિ અને પ્રપત્તિના ભેદને લક્ષમાં રાખતાં આરંભના પ્રથમ શ્લોકમાં મુખ્ય ભક્તિમાર્ગીય શ્રોતાનું નિરૂપણ તથા બાકી રહેલા ચાર શ્લોકમાં ભક્તિમાર્ગીય દ્વિવિધ અમુખ્ય શ્રોતા તથા એક પ્રપત્તિમાર્ગીય શ્રોતાનું વર્ણન છે એમ વિચારવામાં કોઈ અસંગતિ ઊભી થતી નથી, કારણ કે જે વાત શ્રીમહાપ્રભુજી પાંચ શ્લોકમાં કહી રહ્યા છે તે આ પ્રમાણે છે:

(ક) દશમ સ્કંધના સાતમા અધ્યાયની ''યચ્છૃણ્વતોપૈત્યરતિર્વિતૃષ્ણા સત્ત્વં ચ શુદ્ધયત્યચિરેણ પુંસઃ ભક્તિર્હરૌ તત્પુરુષે ચ સખ્યં તદેવ હારં વદ મન્યસે ચેત્''—ભગવાનની લીલાના શ્રવણ માત્રથી, ભગવત્સમ્બન્ધી કથાથી, અરુચિ અને વિવિધ વિષયોની તૃષ્ણા ભાગી જાય છે અને મનુષ્યના અંતઃકરણમાં શુદ્ધતા શીઘ્ર આવે છે અને પ્રભુનાં શ્રીચરણોમાં ભક્તિ તથા તેમના ભક્તોમાં પ્રેમ પ્રાપ્ત થાય છે, આ કારિકા ઉપરની સુબોધિનીમાં શ્રીમહાપ્રભુજીએ ભગવત્કથાનાં પાંચ પરિણામ ગણાવ્યાં છે :—

(૧) ભગવત્ ચરિત્રમાં અરતિ (અરુચિ)ની નિવૃત્તિ

(૨) ભક્તિનું પ્રાકટ્ય

(૩) સાંસારિક તૃષ્ણાની નિવૃત્તિ

(૪) સત્ત્વ—અંતઃકરણની શુદ્ધિ

(૫) ભગવદીયોના સત્સંગરૂપ સખ્યની વૃદ્ધિ

આ પાંચ પરિણામ જે શ્રોતામાં પ્રકટ થઈ રહ્યાં હોય તેને ભગવત્કથાના શ્રવણનો મુખ્યાધિકારી ગણવો જોઈએ. આથી જ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભક્તિરસના આલંબન—વિભાવરૂપ શ્રીકૃષ્ણના નામાત્મક સ્વરૂપની કથાના શ્રવણકાલમાં બાહ્યાનુભૂતિ તથા ભક્તિરસના સ્થાયી ભાવરૂપ (માહાત્મ્ય—જ્ઞાનપૂર્વક, સુદૃઢ, સર્વતોધિક સ્નેહ) રસની આંતર અનુભૂતિના ચક્રના, તીવ્ર વેગથી ચાલુ થઈ જવાના કારણે જેમનું માનસ વિક્ષિપ્ત (ડહોળાયેલા જેવું) એટલે અસ્વસ્થ જેવું થઈ જાય છે તેમને માટે ભગવત્કથા દુસ્ત્યજ (ત્યાગ કરવી મુશ્કેલ) બની જાય છે. અર્થાત્ તે ઈચ્છે કે ન ઈચ્છે તેની વાણી નિરંતર ભગવત્કથા કરતી રહેવાની અને કર્ણેન્દ્રિય સાંભળતી રહેવાની વ્યસનવાળી થઈ જાય છે.

આવા કૃષ્ણરસવિક્ષિપ્ત માનસ શ્રોતાઓની ભગવત્ચરિત્રોમાંથી અરતિની નિવૃત્તિ થઈ જાય છે. તેથી તેમને "અરતિવર્જિતાઃ" કહેવામાં આવે છે. તેમનું ચિત્ત ન તો લૌકિક વિષયોની તરફ આકર્ષાઈ જાય છે કે ન તો વૈદિક મોક્ષાદિ ફલોની તરફ પણ આકર્ષાય છે. સાંસારિક વિષયોમાં તૃષ્ણાનાં બંધનો તૂટી જવાને કારણે તેમને આ લૌકિક—વૈદિક વિષયોમાં નિર્વૃતિ અર્થાત્ સુખ—સંતોષની અનુભૂતિ થતી નથી.

ભગવત્કથાની પ્રણાલીથી તેમના સત્ત્વ—અંતઃકરણની શુદ્ધિ થઈ ગયેલી હોવાના કારણે કેવલ જ્ઞાની યા વિરક્તોની જેમ વૈદિક ફલ સ્વર્ગ—મોક્ષ—અપવર્ગની કામના પણ તેમના મનમાં રહી નથી જતી. આ કારણને લીધે તેમને વેદમાં પણ અનિર્વૃતિ (વૈરાગ્ય) થઈ જાય છે. એવા શ્રોતા ભગવલ્લીલાના શ્રવણની ઉત્સુકતાને કારણે નિરંતર ભગવદીયોનાં સખ્ય યા સત્સંગ શોધતા રહે છે.

નિરોધની સિદ્ધિના કારણે તેમને ભક્તિમાર્ગીય મુખ્ય શ્રવણાધિકારી ગણવા (સમજવા) જોઈએ.

(ખ) કેટલાક શ્રોતાઓનાં મન શ્રીકૃષ્ણભક્તિના રસથી એટલાં આર્દ્ર—ક્લિન્ન થઈ જાય છે કે કથાશ્રવણના સમયમાં તેઓ ભગવત્સ્મૃતિથી વિહ્વલ



બની જાય છે. ભગવત્કથાના શાબ્દિક પ્રમાણપક્ષમાં તેમની રુચિ તીવ્ર નથી હોતી. પરંતુ અર્થનિષ્ઠા—કથાના પ્રમેય અર્થાત્ ભગવત્સ્વરૂપ—ગુણધર્મ—લીલાના શ્રવણમાં તેમની નિષ્ઠા ઘણી પ્રબલ હોય છે. આ જ અર્થનિષ્ઠાના કારણે તેમનામાં જ્ઞાનની લાલસા ઓછી હોવા છતાં પણ પ્રેમની સ્પષ્ટ વિદ્યમાનતાના કારણે એમને ભક્તિમાર્ગીય મધ્યમ કક્ષાના શ્રવણાધિકારી ગણવા જોઈએ.

(ગ) કેટલાક અન્ય શ્રોતાઓમાં એવી અર્થનિષ્ઠા નથી હોતી, પરંતુ શબ્દનિષ્ઠા તીવ્ર હોય છે. પરિણામે પ્રમાણવિવેચનની પ્રક્રિયા દ્વારા તેમને નિઃસંદિગ્ધ જ્ઞાનની પ્રાપ્તિની લાલસા રહેતી હોય છે. એવા શ્રોતાઓની આસ્થા તો સ્પષ્ટ હોય છે કે કેવલ શ્રીકૃષ્ણ જ સર્વભાવથી ભજનીય છે, પરંતુ ભાવ નિરંતર જાગેલો રહેતો હોતો નથી. ક્યારેક ક્યારેક કથારસના આવેશના કારણે અથવા પ્રપંચ—વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિની તાત્કાલિક અભિવ્યક્તિના કારણે તેઓ સ્નેહવિકલ બની શકે છે; અન્યથા જ્ઞાનિજનોચિત સ્વાસ્થ્ય (!) એમનું બની રહેતું હોય છે.

તાત્કાલિક પૂર્ણ ભાવોદયને કારણે આ પૂર્ણ અર્થનિષ્ઠા પણ એની તાત્કાલિક જ થાય છે. તેથી આ કથાશ્રવણકાળની તન્મયતા બાદ ફરીથી અન્યાસક્ત બની જાય છે. એઓ ભક્તિમાર્ગની અન્તર્ગત કનિષ્ઠ પ્રકારના શ્રવણાધિકારી છે.

(ઘ) પ્રપત્તિમાર્ગીય જીવ અન્યમાર્ગીય શ્રોતાઓની સરખામણીમાં ઉત્તમાધિકારી ગણી શકાય, પરંતુ એમાં શરત એટલી જ છે કે દેશ—કાલ—દ્રવ્ય—કર્તા—મન્ત્ર—કર્મ આદિ અનેકવિધ ધાર્મિક સાધનોના અભિમાનને છોડીને શ્રીકૃષ્ણની સ્વરૂપ—ગુણધર્મ—લીલાઓના શ્રવણ—સ્મરણ—કીર્તનમાં જ્યારે એના મનની અનન્ય રુચિ જાગી જાય. જો આ શરત પૂરી ન થાય તો ઉત્તમાધિકારી ન ગણી શકાય. આ પ્રપત્તિમાર્ગીય શ્રવણાધિકાર અન્ય મર્યાદામાર્ગીય કર્મજ્ઞાનોપાસનાના અધિકારોથી તો ઉત્તમ જ હોય છે.

આ પ્રકારે વક્તા તથા શ્રોતાના અધિકારોનું વિવેચન અહીં સંપૂર્ણ થાય છે.

**ઇતિ શમ્**

## ૧૪. સંન્યાસનિર્ણયઃ

"સંન્યાસનિર્ણય" ની રચના વિ.સં.૧૫૫૧ માં બદરિકાશ્રમની યાત્રાના અવસર પર નરહરિ સંન્યાસીને માટે કરવામાં આવી હતી એવી એક કિંવદન્તી મળી આવે છે. (વૈષ્ણવવાણી (અંક–૪ વર્ષ ૧૯૭૯)માં શ્રીનાગરદાસ શાસ્ત્રી દ્વારા લિખિત લેખ).

શ્રીયદુનાથજી–વિરચિત શ્રીવલ્લભ–દિગ્વિજય અનુસાર શ્રીમહાપ્રભુજીએ બદરિકાશ્રમની યાત્રા ત્રણ વખત કરી હતી. બીજી યાત્રામાં કૃષ્ણદાસ મેઘન આપશ્રીની સાથે હતા એવો ઉલ્લેખ તથા વ્યાસાશ્રમ પધારવાનો ઉલ્લેખ પણ મળી આવે છે. આ પ્રસંગની સૂચના ત્યાંના તીર્થપુરોહિતને આપવામાં આવેલા વૃત્તિપત્રમાં પણ મળે છે. આ વૃત્તિપત્રમાં યાત્રાકાલ "દેવામ્ભપતિભૂ (૧૪૩૩) મિતે" તદનુસાર વિ.સં.૧૫૬૮નો ઉલ્લેખ છે. તેથી જો વિ.સં.૧૫૫૧વાળી લોકવાયકા પ્રામાણિક હોય તો તેને પ્રથમ યાત્રાનો કાલ માનવો પડે. આની પુષ્ટિ ચોરાશી વૈષ્ણવોની વાર્તામાં પણ મળે છે :

"તો એક સમયે નરહરિ સંન્યાસી બદરિકાશ્રમ ફરતાં ફરતાં આવ્યા. ત્યાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પધાર્યા. તેથી નરહરિ સંન્યાસીને તેમનાં દર્શન થયાં. ત્યારે નરહરિ સંન્યાસીએ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને વિનંતી કરી– 'મહારાજ, મેં પહેલાં સંન્યાસ ગ્રહણ કર્યો હતો. પછી આપની કૃપાથી ભક્તિમાર્ગમાં આવ્યો. તેથી સંન્યાસના પ્રકારો છે તે તો હું જાણું છું, પણ ભક્તિમાર્ગના કયા પ્રકાર છે તે હું જાણતો નથી. તો મને કૃપા કરી એ પ્રકારો કહો.' ત્યારે શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી– 'તને ભક્તિમાર્ગના સંન્યાસનો પ્રકાર કહું છું, ત્યારે શ્રીઆચાર્યજીએ 'સંન્યાસનિર્ણય' ગ્રંથની રચના કરી અને નરહરિ સંન્યાસીને સંભળાવ્યો અને તેનો ભાવ કહ્યો. ત્યારે નરહરિ સંન્યાસીના હૃદયમાં પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત સ્થિર થયો, ત્યારે શ્રીઠાકોરજીની લીલાનો અનુભવ થયો તેથી તેમાં મગ્ન થઈ ગયા. પછી શ્રીઆચાર્યજી આગળ પધાર્યા. નરહરિ સંન્યાસી સ્વરૂપાનંદમાં મગ્ન બની ફર્યા કરતા."



શ્રીમહાપ્રભુજીનાં ચરિત્ર વર્ણનોમાં સૌથી વધુ પ્રાચીન (વિ.સં.૧૬૧૦ માં) ગદાધર દ્વિવેદી લિખિત સંપ્રદાય–પ્રદીપમાં પણ એક 'સંન્યાસનિર્ણય'નો ઉલ્લેખ મળે છે. 'શ્રીમદ્ વલ્લભાચાર્યજી બહાર નીકળીને ગંગાતીરે પધાર્યા, ત્યાં ત્રિદંડવિધિથી સંન્યાસનિર્ણય કહ્યો અને વિષ્ણુસ્વામીની જેમ યતિ બનીને કાશી ગયા' (ચતુર્થ પ્રકરણ). પરંતુ અહીં 'સંન્યાસનિર્ણય' ગ્રંથવાચક છે કે ગ્રંથરૂપે નિબદ્ધ ન કરેલા કોઈ એક મૌખિક ઉપદેશનો વાચક છે એ વાત નક્કી થઈ શકતી નથી. આ સિવાય– " ત્રિદંડવિધિના " પદ ઉપર પણ ધ્યાન દેવું જોઈએ, કારણ કે ષોડશગ્રંથાન્તર્ગત પ્રસ્તુત સંન્યાસનિર્ણય ગ્રંથમાં ક્યાંય પણ ત્રિદંડવિધિથી સંન્યાસ ગ્રહણ કરવાનો યા ન કરવાનો કોઈ વિચાર મળી આવતો નથી.

શ્રીગુસાંઈજીના છટ્ઠા પુત્ર શ્રીયદુનાથજીવિરચિત "શ્રીવલ્લભ–દિગ્વિજય" માં, કાશીમાં આસુરવ્યામોહ–લીલા કરી તે પહેલાં દામોદરદાસથી માંડીને બીજા પણ વૈષ્ણવો દ્વારા સંન્યાસની વિનંતી કરવામાં આવી, ત્યારે તેમને માટે સંન્યાસની અનાવશ્યકતા દેખાડવા માટે એક મૌખિક ઉપદેશનું વર્ણન મળે છે. એ સંન્યાસનિર્ણયના ઉપદેશના સારને પણ અહીં સંકલિત કરવામાં આવ્યો છે, જેનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરવાથી સ્પષ્ટ થઈ જાય છે કે પ્રસ્તુત ષોડશગ્રંથાંતર્ગત સંન્યાસનિર્ણય તથા પેલા સંન્યાસનિર્ણયમાં ઉપદેશ કરવામાં આવેલા વિષયો ભિન્ન ભિન્ન છે.

એકંદરે બે સંભાવનાઓ ઊભી થાય છે. (૧) બદરિકાશ્રમની પ્રથમ યાત્રા–સંભવતઃ વિ.સં. ૧૫૫૧ માં નરહરિ સંન્યાસીને માટે પ્રસ્તુત ષોડશગ્રંથાંતર્ગત "સંન્યાસનિર્ણય" ગ્રંથ રચવામાં આવ્યો હતો. (૨) લોકગોચર દેહદેશત્યાગ અર્થાત્ આસુરવ્યામોહ–લીલા કરવાની તૃતીય ભગવદાજ્ઞા થઈ તે પછી "અંતઃકરણપ્રબોધ" ની રચના જેમ શ્રીમહાપ્રભુજીએ સ્વયં (પોતાને) માટે કરી, તેવી રીતે સંન્યાસ લેવાની પૂર્વે આ "સંન્યાસ નિર્ણય" ગ્રંથની રચના પણ આપના પોતાના માટે જ કરી છે. અર્થાત્ વિ.સં. ૧૫૮૭ માં.

આ બેમાંથી પ્રથમની સંભાવનાનું સમર્થન તો પૂર્વોક્ત ચરિત્રગ્રંથોની એકવાક્યતાથી સ્પષ્ટ થઈ જાય છે. બીજી સંભાવનાનું પણ સમર્થન આપણને શ્રીપુરુષોત્તમજીની પ્રસ્તુત "સંન્યાસનિર્ણય" ની વ્યાખ્યામાં મળે છે. શ્રીપુરુષોત્તમજીના મત મુજબ પ્રસ્તુત "સંન્યાસનિર્ણય" ગ્રંથની રચના તૃતીય ભગવદાજ્ઞાની પછી થયેલા પશ્ચાત્તાપને દૂર કરવા માટે જ થઈ છે. તેથી વિ.સં. ૧૫૮૭ રચનાકાળ જ શ્રીપુરુષોત્તમજીની માન્યતા અનુસાર સિદ્ધ થાય છે.

શ્રીપુરુષોત્તમજીના મત પ્રમાણે તેનો આધાર તેઓ પોતે આ શબ્દોમાં આપે છે– "મયા તુ તેષાં પરસ્પરવિસમ્મતિમવલોક્ય અન્તઃકરણપ્રબોધગ્રંથસ્ય "પશ્ચાત્તાપ"–"પરિત્યાગ" પદયોઃ અત્ર પ્રત્યભિજ્ઞાનાત્ સ એવ પશ્ચાત્તાપો અત્ર નિવર્ત્યત્વેનાદતઃ" –અર્થ : મેં તો તેમાં પરસ્પર વિસમ્મતિ જોઈને અન્તઃકરણપ્રબોધ ગ્રંથના 'પશ્ચાત્તાપ' અને 'પરિત્યાગ' પદોના અહીં પુનરાવર્તનથી એ જ 'પશ્ચાત્તાપ' અહીં આદરપૂર્વક પાછો ફર્યો છે એમ લીધું છે. પરંતુ કેવળ બે સમાન શબ્દો 'પશ્ચાત્તાપ' તથા 'પરિત્યાગ'ના પુનરાવર્તનને

આજ્ઞાપૂર્વં તુ યા જાતા ગંગાસાગરસંગમે।
યાપિ પશ્ચાન્મધુવને ન કૃતં તદ્દ્વયં મયા ॥
દેહદેશપરિત્યાગસ્તૃતીયો લોકગોચરઃ।
પશ્ચાત્તાપઃ કથં તત્ર સેવકોઽહં ન ચાન્યથા ॥
(અન્તઃકરણ. ૫–૭)

પરંપરા પ્રાપ્ત ઈતિહાસથી વધુ બળવાન નથી માનવામાં આવી શકતું. આ સિવાય 'સર્વોત્તમસ્તોત્ર'માં પ્રસ્તુત

"વિરહાનુભવૈકાર્થ–સર્વત્યાગોપદેશકઃ"

અર્થ : વિરહનો અનુભવ કરાવવા માટે જ સર્વત્યાગનો ઉપદેશ કરનારા

એવા નામ દ્વારા શ્રીપ્રભુચરણ પણ પ્રસ્તુત સંન્યાસનિર્ણય ગ્રંથના–

"વિરહાનુભવાર્થં તુ પરિત્યાગઃ પ્રશસ્યતે"

અર્થ : ભગવાનના વિરહના અનુભવની પ્રાપ્તિ માટે તો પરિત્યાગ પ્રશંસનીય છે એ ઉપદેશનો જ પરામર્શ કરતા હોય એવી ખાતરી થાય છે. ત્યાં– 'વિરહાનુભવૈકાર્થસર્વત્યાગપ્રશંસકઃ' અથવા 'વિરહાનુભવૈકાર્થ–સર્વત્યાગપરાયણઃ' એમ ન કહેતાં 'ઉપદેશકઃ' એમ કહેવું એ આ વાતનું સૂચક લાગે છે કે પ્રસ્તુત સંન્યાસનિર્ણય ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ 'અંતઃકરણપ્રબોધ' ની જેમ પોતાને માટે નહીં પરંતુ પોતાના અનુયાયીઓને માટે ઉપદેશના રૂપમાં પ્રકટ કર્યો છે.

આના સિવાય શ્રીપુરુષોત્તમજી ભાષ્યપ્રકાશ (૩/૪/૪૨) માં 'બહિસ્તૂભયથાપિ સ્મૃતેરાચારાચ્ચ' ના ભાષ્યાંશની તથા પ્રસ્તુત 'સંન્યાસનિર્ણય' ગ્રંથની એકવાક્યતા સ્વીકારે છે– 'એતસ્ય પ્રપંચ સંન્યાસનિર્ણયગ્રંથાદવગન્તવ્યઃ'– અર્થ : આના પ્રપંચને અર્થાત્ ઉપરોક્ત સૂત્રની વિશેષ જાણકારી 'સંન્યાસનિર્ણય'



ગ્રંથમાંથી જાણવી જોઈએ. અહીં પ્રારંભમાં ભક્તિમાર્ગના મધ્યમકક્ષાના અધિકારીને માટે આવશ્યક સાધનત્યાગનો વિચાર આ અધિકરણનો પ્રમુખ ઉદ્દેશ્ય છે એમ દર્શાવે છે– 'અથ ભક્તિમાર્ગીયમધ્યમજઘન્યયોઃ ફલવિચારોત્તરં મધ્યમસ્ય ત્યાગરૂપં સાધનં ચિન્ત્યતે.' અર્થ : ભક્તિમાર્ગીય મધ્યમ અને જઘન્ય ભક્તોના ફલનો વિચાર કર્યા પછી મધ્યમ ભક્તના ત્યાગરૂપ સાધન પર ચિન્તન થાય છે. ભાગવતના અગિયારમા સ્કંધના અઢારમા અધ્યાયમાં– 'યદા કર્મવિપાકેષુ લોકેષુ નિરયાત્મસુ વિરાગો જાયતે સમ્યઙ્ન્યસ્તાગ્નિઃ પ્રવ્રજેત્તતઃ'. અર્થ : જ્યારે કામ્ય કર્મોના ફલસ્વરૂપ જે લોક પ્રાપ્ત થાય છે તે નરક સમાન દુઃખ આપે છે. એમ જાણવાથી સમ્યક્ વૈરાગ્ય ઉત્પન્ન થાય ત્યારે વિધિપૂર્વક યજ્ઞાગ્નિઓનો પરિત્યાગ કરી સંન્યાસ ગ્રહણ કરવું જોઈએ આવી કારિકાથી પ્રારંભ કરીને સોળ કારિકાઓમાં પહેલાં ભગવાને ઉદ્ધવજીને ત્રિદંડ સંન્યાસનું સ્વરૂપ સમજાવ્યું છે અને તે પછી– 'જ્ઞાનનિષ્ઠો વિરક્તો વા મદ્ભક્તો વાનપેક્ષકઃ સલિંગાનાશ્રમાંસ્ત્યક્ત્વા ચરેદવિધિગોચરઃ' –અર્થ : જ્ઞાનનિષ્ઠ અથવા વિરક્ત અથવા કોઈની પણ અપેક્ષા ન રાખનારો મારો ભક્ત આશ્રમોની મર્યાદા અને ચિહ્નોને છોડીને વેદશાસ્ત્રના વિધિનિષેધથી પર થઈ સ્વચ્છંદ વિચરણ કરે છે, આવી કારિકામાં ચતુર્થ આશ્રમરૂપ સંન્યાસથી ભિન્ન એક સંન્યાસની આજ્ઞા આપવામાં આવી છે; આ સંન્યાસની આજ્ઞા પૂર્વોક્ત ભાષ્ય (૩/૪/૪૨) તથા 'સંન્યાસનિર્ણય' ગ્રંથનું આધારભૂત વાક્ય છે. ઉદ્ધવજીએ પણ આ સંન્યાસની આજ્ઞા થઈ તે પછી સર્વપરિત્યાગ કર્યો હતો તથા આ પરિત્યાગ મધ્યમાધિકારરૂપ હતો, એ તો ત્રિવિધનામાવલીમાં– 'ઉદ્ધવાદિમધ્યમભાવબોધકાય નમઃ', અર્થ : "ઉદ્ધવ જેવા ભક્તોના મધ્યમભાવને જાણનારને નમસ્કાર છે" થી સ્પષ્ટ થાય છે એમ શ્રીપુરુષોત્તમજી સ્વીકારે છે.

એવી સ્થિતિમાં 'સંન્યાસનિર્ણય' ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ પોતાને માટે લખ્યો હોય એમ કહેવું કંઈક ન બંધબેસતા જેવું લાગે છે, કારણ કે સર્વપ્રથમ તો 'સંન્યાસનિર્ણય' ગ્રંથમાં મધ્યમાધિકારીના ત્યાગના પ્રકારને પ્રતિપાદ્ય વિષય માનવામાં આવ્યો છે; અને નકામો જ–શ્રીમહાપ્રભુજી પોતાની બાબતમાં મધ્યમાધિકારિત્વનો નિર્ણય લે એ સુસંગત નથી લાગતું. શ્રીપુરુષોત્તમજીના મત મુજબ તૃતીય ભગવદાજ્ઞા પણ 'લોકપરિત્યાગવિષયિણી' હતી. આ આજ્ઞાનું તાત્પર્ય મધ્યમાધિકારવાળા સંન્યાસગ્રહણાર્થ લેવામાં કોઈ વિશેષ હેતુ નજરમાં આવતો નથી. 'સ્વીયબન્ધનિવૃત્ત્યર્થં વેશઃ સોઽપિ ન ચાન્યથા', અર્થ : સ્વયંના અહંમમાત્મક બન્ધનોની નિવૃત્તિ માટે વેશ છે, બીજા કશા માટે નહીં, માં

સંન્યાસચિહ્નોની અનિયતતા યા ઉપેક્ષાનો જે બોધ થાય છે એ પણ શ્રીમહાપ્રભુજીના સર્વથા આગ્રહપૂર્વક યથાક્રમ કુટિચક, બહૂદક, હંસ તથા પરમહંસના ક્રમનિર્વાહ સાથે એટલો સુસંગત નથી થતો.

આ બાબતોને નજર સામે રાખતાં એવી ખાતરી થાય છે કે લોકગોચર દેહદેશત્યાગની તૃતીય ભગવદાજ્ઞાના પરિપાલનાર્થે શ્રીમહાપ્રભુજીએ 'સંન્યાસ–નિર્ણય' ગ્રંથમાં વર્ણવેલ મધ્યમાધિકારવાળો સંન્યાસ નહીં, કિંતુ ચતુર્થાશ્રમરૂપ નિત્યસંન્યાસ જ આપે લીધો હતો.... 'આશ્રમચતુષ્ટયપક્ષે નિત્યસંન્યાસો ભવતિ. તત્ર બ્રાહ્મણ્યં, વયઃ પૂર્વાશ્રમાનન્તર્યં ચ પ્રયોજકં ન જ્ઞાનાદિ'. ચાર આશ્રમોના પક્ષે નિત્ય સંન્યાસ જ થાય છે અને ત્યાં બ્રાહ્મણો માટે પૂર્વાશ્રમ પછી જ સંન્યાસનું પ્રયોજન છે, જ્ઞાનાદિ દ્વારા નહીં (સુબો. ૩/૧૨/૪૯). 'સંન્યાસનિર્ણય'માં કર્મમાર્ગે ન કર્તવ્યઃ સુતરાં કલિકાલતઃ', અર્થ : કર્મમાર્ગ દ્વારા જ આ કલિકાલમાં સંન્યાસ ગ્રહણ કરવો સરળ નથી, એવા વચન દ્વારા જે ચતુર્થાશ્રમરૂપ સંન્યાસની ભક્તિમાર્ગીય જીવોને માટે અનુપાદેયતા, તથા 'સર્વનિર્ણય'માં– 'ત્રિદંડ પરિગૃહ્ણીત સર્વશાસ્ત્રાવિરોધિ તત્....પ્રતિપત્તિરિયં સર્વા દેહસ્ય', અર્થ : ત્રિદંડ પરિગ્રહણ કરવું તે બધાં શાસ્ત્રોને માન્ય છે, આ બધાં દેહો માટે સ્વીકૃત છે, એ વચનો દ્વારા જે ચતુર્થાશ્રમરૂપ શાસ્ત્રવિહિત સંન્યાસની બ્રાહ્મણદેહને માટે આવશ્યકતા શાસ્ત્રસંમત માનવામાં આવી છે, એ જ સંન્યાસનો પ્રકાર શ્રીમહાપ્રભુજીએ સ્વીકાર્યો હતો.

પુષ્ટિમાર્ગમાં ફલાનુભૂતિ આ ભૂતલ પર જ મળે તેને ઉત્તમ માનવામાં આવેલી છે. 'ભગવાનેવ હિ ફલં સ યથાવિર્ભવેદ્ ભુવિ', અર્થ : ભગવાન જ અહીં ફળ છે જે જેવી રીતે ભૂતલ પર પ્રકટ થાય છે (પુ.પ્ર.મ.). આગળ જતાં 'સેવાફલ'માં પણ વર્ણવેલું ઉત્તમ ફલ 'અલૌકિક સામર્થ્ય' સર્વેન્દ્રિયોથી ભગવાનની રસાત્મિકા અનુભૂતિ આ જ ભૂતલ પર સ્વીકારવામાં આવેલી છે, પણ પ્રભુ જ્યારે આચાર્યચરણને લોકગોચર દેહ–દેશ–ત્યાગની આજ્ઞા પ્રદાન કરી રહ્યા હતા, મર્યાદામાર્ગીય રીતિથી, ત્યારે તેને અનુરૂપ પારમહંસ્યસંન્યાસ પણ આપે ગ્રહણ કર્યો! 'સંન્યાસેન દેહત્યાગં કરોતિ સ પરમહંસો નામ સ પરમહંસો નામ!' સંન્યાસપૂર્વક દેહત્યાગ કરે છે તે પરમહંસ છે, પરમહંસ છે (જાબાલોપનિષદ).

તેથી જ અંતઃકરણપ્રબોધના–

''પ્રૌઢાપિ દુહિતા યદ્વત્ સ્નેહાન્ન પ્રેષ્યતે વરે તથા દેહે ન કર્તવ્યં'',



અર્થ : યોગ્ય વયની દીકરીને તેના માબાપ સ્નેહથી પતિને ઘેર ન મોકલે તો વર પ્રસન્ન થાય નહિ, તે પ્રમાણે દેહના સંબંધમાં ન કરવું. દેહથી સેવા બની શકે તેમ હોવા છતાં પણ દેહ સ્નેહથી સેવા ન કરે તો પ્રભુ પ્રસન્ન થતા નથી તથા 'સર્વનિર્ણય'ના–''ન્યાસે સર્વપરિત્યાગી....... તાદશસ્ય બલાદ્વાપિ દેહત્યાગો વિમુક્તિદઃ'', અર્થ : સર્વપરિત્યાગ કરનાર જે મુક્તિ પામે છે તે જો બળપૂર્વક દેહત્યાગ કરે તો પણ સદ્યો–મુક્તિને પામે છે, એ બંને વચનોની તુલના કરવી જોઈએ.

ફલતઃ 'સંન્યાસનિર્ણય' એ સહજ સંભવ છે કે શ્રીમહાપ્રભુજીએ બદરિકાશ્રમની પ્રથમ યાત્રાના સમયે નરહરિ સંન્યાસીને માટે જ રચ્યો હોય.

'ભક્તિવર્ધિની' માં એ દર્શાવવામાં આવ્યું હતું કે જેમનો બીજભાવ દઢ હોય તેઓ ગૃહત્યાગ કરીને ભગવત્કથાના શ્રવણ કીર્તન દ્વારા પણ પોતાની ભક્તિને વિકસિત કરી શકે છે. અન્યથા બીજભાવ દઢ ન થાય તો તેને દઢ કરવાને માટે વ્યક્તિએ યથાવસર ભગવત્સેવા તેમ જ ભગવત્કથા બંનેને અપનાવવાં જોઈએ, જો તે અવ્યાવૃત્ત હોય તો. અન્યથા વ્યાવૃત્ત હોવાની અવસ્થામાં અર્થાત્ પોતાના ઘરમાં ભગવત્સેવાની શકયતા ન હોવાથી બીજભાવની દઢતાને માટે કેવલ ભગવત્કથાના શ્રવણાદિથી પણ પ્રેમાસક્તિવ્યસનની ઉત્તરોત્તર અવસ્થાઓમાં ભક્તિ વિકસિત થઈ શકે છે.

ભગવત્કથાના શ્રવણાદિથી જ્યારે સ્નેહ ઉત્પન્ન થાય છે ત્યારે સાંસારિક વિષયોમાંથી અનુરાગ દૂર થઈ જાય છે– ભગવદાસક્તિ સ્થિર થઈ જાય ત્યારે ભગવત્સેવામાં અનુપયોગી ઘરમાં ભક્તની અરુચિ થઈ જાય છે– ભગવત્સેવાર્થ ઉપયોગમાં ન આવવાવાળાં ઘર તથા ઘરની બધી વસ્તુઓ ભક્તની ભક્તિમાં બાધક લાગવા માંડે છે– ધીરે ધીરે આ રીતે જ્યારે કૃષ્ણભક્તિ વ્યસનદશા પર પહોંચી જાય છે, ત્યારે જીવ કૃતાર્થ બની જાય છે. એવી વ્યસનદશા પર પહોંચવાવાળી વ્યક્તિને માટે પણ ભગવત્સેવાર્થ અનુપયોગી ઘરમાં સતત નિવાસ કરવો એ ક્યારેક ભક્તિમાં અડચણનો હેતુ બની શકે છે. ભક્તિનો વિનાશક બની શકે છે. તેથી ભક્તિની દઢતાને માટે કેવળ કૃષ્ણદર્શનની તીવ્ર લાલસાથી જેઓ ગૃહત્યાગ કરી શકે છે, તેમને સર્વોત્કૃષ્ટ પરા સુદઢ ભક્તિનો લાભ થાય છે (ભક્તિવર્ધિની).

આમ થયા પછી જેઓ આ પ્રકારનો ત્યાગ કરી શકતા નથી તેમનાં કર્તવ્યો 'ભક્તિવર્ધિની'માં દર્શાવવામાં આવ્યાં છે, પરંતુ જેઓ ત્યાગ કરવામાં સમર્થ

હોય તેમને એ ત્યાગ કેવી રીતે, કઈ અવસ્થામાં, કઈ ભાવના સહિત અને કયા લક્ષ્યની પ્રાપ્તિ માટે કરવો જોઈએ ઇત્યાદિ વિષયોનું નિરૂપણ નથી થઈ શક્યું. જેનાથી પોતાના ઘરમાં ભગવત્સેવા ન નભતી હોય અને જેઓ ગૃહત્યાગને માટે પણ પોતાની જાતને સમર્થ કરી શકતા ન હોય તેમને એમ સૂચવવામાં આવ્યું હતું કે તેમણે એવા ભગવદીયોની સમીપ રહેવું જોઈએ કે જેઓ સેવા—કથાપરાયણ જીવન વ્યતીત કરતા હોય. તેઓ જો છૂટ આપે તો તેમના દ્વારા કરવામાં આવતી ભગવત્સેવામાં સહયોગી—પરિચારક પણ બનવું જોઈએ. અન્યથા ઓછામાં ઓછું એટલું તો કરવું જોઈએ કે તેમના દ્વારા કરવામાં આવતી ભગવત્કથામાં શ્રોતાનાં રૂપમાં તો સમ્મિલિત થવું જ જોઈએ. આ જ સંદર્ભમાં ભગવત્કથાને માટે આવશ્યક યોગ્ય વક્તા તથા શ્રોતાનું સ્વરૂપ, વચમાં 'જલભેદ' તથા 'પંચપદ્યાનિ'માં, સમજાવવામાં આવ્યું હતું. તેથી બાકી રહેલો ગૃહત્યાગનો વિચાર આવશ્યક હતો જ— જેને આ 'સંન્યાસનિર્ણય' ગ્રંથ દ્વારા પૂર્ણ કરવામાં આવી રહ્યો છે.

'સર્વનિર્ણય' નિબંધમાં કારિકા ૧૯૧ થી ૨૧૪ સુધી સંન્યાસ, ત્યાગ, ભક્તિ આદિ અનેક વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે, પણ એ મુખ્યતયા પુષ્ટિમાર્ગીઓને માટે નહીં, પરંતુ બધા દૈવી જીવોને લક્ષ્યમાં રાખીને કરવામાં આવેલો ઉપદેશ છે. તેથી જ કારિકા ૧૯૬ માં— 'ભક્તિઃ સ્વતંત્રા શુદ્ધા ચ દુર્લભેતિ ન સોચ્યતે', અર્થ : શુદ્ધ અને સ્વતંત્ર ભક્તિ તો દુર્લભ છે એટલે તેનું વિશેષતઃ નિરૂપણ કરાયું નથી, આવાં વચન મળી આવે છે. તેથી જ ત્યાં, સંન્યાસગ્રહણના શાસ્ત્રીય પ્રકાર પર ઘણો ભાર મૂકવામાં આવ્યો છે— 'ત્રિદંડં પરિગૃહ્ણીત સર્વશાસ્ત્રાવિરોધિ તત્' જ્યારે અહીં 'સંન્યાસનિર્ણય'માં સામાન્યરૂપથી 'વેશઃ સોડપિ ન ચાન્યથા' કહેવામાં એ ભાર દેખાતો નથી. કારણ કે દૈવી જીવોને માટે આવશ્યક સંન્યાસના સામાન્ય પ્રકારથી ભિન્ન એક વિશિષ્ટ પ્રકારના સંન્યાસની આજ્ઞા અહીં શ્રીમહાપ્રભુજી આપી રહ્યા છે.

સર્વનિર્ણયાન્તર્ગત સંન્યાસ સંબંધી વિચારની શરૂઆતમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અથવા સંન્યાસમાંથી કોઈપણ એક આશ્રમમાં નિષ્ઠા રાખીને રહી શકાય છે, અથવા ક્રમશઃ ઉત્તરોત્તર આશ્રમોમાં એક પછી એક એમ પ્રવેશ કરી શકાય છે અથવા આયુષ્યના ચાર સમાન ભાગ કરીને એક એક ભાગને ગાળવાનું એક એક આશ્રમમાં કરી શકાય છે. સર્વત્ર ફલ તો એક સમાન જ હોય છે, કારણકે શાસ્ત્રોમાં બધા આશ્રમોની પ્રશંસા મળે છે. એવી સ્થિતિમાં સમનંતર ક્રમ તથા આયુ—ક્રમવાળા કલ્પમાં સંન્યાસ એક શાસ્ત્રીય આવશ્યકતા સાબિત થાય છે.



જ્યારે ષોડશગ્રન્થાન્તર્ગત 'સંન્યાસનિર્ણય'માં કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ, યા અદૃઢ બીજભાવની અવસ્થામાં ભક્તિમાર્ગમાં પણ શ્રીમહાપ્રભુજી સંન્યાસને ટેકો આપવા જેવો નથી માનતા.

આ બંને દૃષ્ટિકોણોની એકવાક્યતા આ રીતે ઘટિત થઈ જાય છે કે પુષ્ટિમાર્ગીયેતર જીવોને માટે આશ્રમક્રમ અથવા આયુઃક્રમ કલ્પમાં, ચતુર્થાશ્રમરૂપ સંન્યાસ વર્ણાશ્રમધર્મના રૂપમાં શાસ્ત્રમાં કહેલો હોવાના કારણે જ્ઞાનમાર્ગીય સાધક તેમજ મર્યાદામાર્ગીય સાધકને માટે અનુષ્ઠેય જ છે, જ્યાં સુધી ભગવત્સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી. ભગવત્સાક્ષાત્કાર થયા પછી તેની તન્મયતામાં આશ્રમધર્મોનો ત્યાગ નિંદનીય નથી રહેતો. આ નિયમ કિન્તુ પુષ્ટિમાર્ગમાં અનિવાર્ય નથી— "અંતઃકરણે સંસ્કારવિશેષાધાયકત્વં ચ પ્રતીયતે સંન્યાસસ્ય. સ ચ સંસ્કારઃ ફલોપકાર્યંગમિત્યાવશ્યકઃ સંન્યાસો મર્યાદામાર્ગે. પુષ્ટિમાર્ગે ત્વન્યૈવ વ્યવસ્થા— ' ન જ્ઞાનં ન ચ વૈરાગ્યં પ્રાયઃ શ્રેયો ભવેદિહ' ઈતિ વાક્યાત્". સંન્યાસના સંસ્કારોનો વિશેષ આધાર અંતઃકરણમાં પ્રતીત થાય છે. તે સંસ્કાર ફલમાં મદદરૂપ હોવાથી મર્યાદામાર્ગમાં સંન્યાસમાં આવશ્યક છે. પરંતુ પુષ્ટિમાર્ગમાં તો કાંઈક બીજી જ વ્યવસ્થા છે— ન જ્ઞાન છે, ન વૈરાગ્ય છે, પ્રાયઃ શ્રેય જ છે, એ વાક્યથી (અણુ.૩/૪/૧૭).

તેથી પુષ્ટિમાર્ગીય સાધક જો અવ્યાવૃત્ત બનીને પોતાના ઘરમાં ભગવત્સેવાને નિભાવી શકતો હોય તો ગૃહત્યાગ યા સંન્યાસ અનાવશ્યક છે— 'ત્યાગે વાઙ્મનસોરેવ ભગવતિ વિનિયોગો ન સર્વેન્દ્રિયાણાં ગૃહિણસ્તુ સર્વૈઃ પ્રકારૈર્ભજનં ભવતિ ઈતિ પરિજનશ્ચ કૃતાર્થો ભવતીતિ ભજને કૃત્સ્નતા'. ત્યાગમાં વાણી અને મનનો જ ભગવાનમાં વિનિયોગ થાય છે, સર્વે ઈન્દ્રિયોનો થતો નથી. ઘરમાં રહેનારનું તો બધા જ પ્રકારે ભજન સિદ્ધ થાય છે. અને પરિજન એટલે કુટુંબીજન પણ કૃતાર્થ થાય છે. તેથી આ ભજનમાં પૂર્ણતા છે (અણુ.૩/૪/૪૭). અન્યથા પોતાના ઘરમાં ભગવત્સેવા ન નભે ત્યારે અર્થાત્ કોઈ એક પુષ્ટિભક્ત વ્યાવૃત્ત થાય ત્યારે સર્વપ્રથમ તેને સ્વવર્ણાશ્રમોચિત ધર્મોનું પાલન કરતાં કરતાં ભગવત્કથાનાં શ્રવણ—મનન—કીર્તન દ્વારા ભક્તિના બીજભાવને દૃઢ બનાવવો જોઈએ. બીજભાવ દૃઢ થઈ જાય ત્યારે પોતાના ઘરમાં ભગવત્સ્વરૂપનાં સેવા—દર્શન—સ્પર્શન આદિનું સંયોગસુખ ન મળવાના કારણે તથા પરિવારને લગતી ઝંઝટોમાં ભગવદ્વિપ્રયોગજન્ય દુઃખાનુભૂતિમાં પણ વિક્ષેપોને જોતાં ગૃહત્યાગ કરી દેવો ઉચિત હોય છે— 'વિરહાનુભવાર્થં તુ પરિત્યાગઃ પ્રશસ્યતે'.

બીજભાવ દૃઢ થઈ જાય ત્યારે ભક્તને આપમેળે આ વાત સમજાવા લાગે છે કે– ગૃહસ્થિતેરુત્કૃષ્ટત્વં ન ભગવદીયત્વમાત્રેણ કિન્તુ ભગવતા સહ સ્થિત્યા ભગવત્કાર્યાર્થં વા અન્યથા ન સ્થાતવ્યમ્'. ઘરમાં રહેવામાં માત્ર ઉત્કૃષ્ટ ભગવદીયત્વ નથી, પરંતુ ભગવાનની સાથે ગૃહમાં સ્થિતિ તે પણ ભગવત્કાર્યાર્થ–ભગવત્સુખાર્થ હોવી જોઈએ, અન્યથા ગૃહમાં ન રહેવું (સુબો.૩/૧/૨).

અને ફરીથી અહીં આ વાત લક્ષ આપવા યોગ્ય બની જાય છે કે શ્રીમહાપ્રભુજીની સમક્ષ ન તો ભક્તિના બીજભાવને દૃઢ કરવાની કોઈ સમસ્યા હતી કે ન તો સ્વગૃહમાં ભગવત્સેવાના અનિર્વાહની પણ. ન તો સતત ગૃહમાં રહેવાથી ભક્તિના બીજભાવના વિનાશની પણ અને ન તો વિરહાનુભવાર્થ ગૃહના પરિત્યાગની પણ, કારણ કે સંન્યાસમાં મુક્તિથી અધિક અવ્યગ્રતા તો સંભવિત નથી, જ્યારે મુક્તિની બાબતમાં આપશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય છે કે– 'સ્વતંત્રભક્તાનાં તુ ગોપિકાદિતુલ્યાનાં સર્વેન્દ્રિયૈસ્તથાન્તઃકરણૈઃ સ્વરૂપેણ ચાનંદાનુભવઃ અતો ભક્તાનાં જીવન્મુક્ત્યપેક્ષયા ભગવત્કૃપાસહિતગૃહાશ્રમ એવ વિશિષ્યતે'. ગોપિકાદિ તુલ્ય સ્વતન્ત્ર ભક્તોએ તો બધી જ ઈન્દ્રિયો તથા અંતઃકરણ વડે તથા સ્વરૂપ દ્વારા આનંદાનુભવ કર્યો છે. તેથી ભક્તોને તો જીવન્મુક્તાવસ્થાની અપેક્ષા ભગવત્કૃપા સહિત ગૃહસ્થાશ્રમ અર્થાત્ ઘરમાં રહેવું તે જ વિશેષ છે (શાસ્ત્રાર્થ પ્રકરણ). આ જ પ્રમાણે 'સર્વોત્તમસ્તોત્ર'માં આપને 'રાસલીલૈકતાત્પર્ય' કહેવામાં આવ્યા છે, એ કારણે વિરહાનુભવાર્થ પણ સંન્યાસમાં આપનું પ્રવૃત્ત હોવું બહુ અર્થપૂર્ણ નથી રહેતું. પોતાના ઘરમાં ભગવત્સેવા–કથામય જીવન વીતાવવું એ ઉત્તમાધિકારનું સૂચક છે તથા એ સંભવિત ન હોવાથી ભગવદ્વિરહાનુભવાર્થ સંન્યાસ ગ્રહણ કરવો એ ભક્તિમાર્ગીય મધ્યમાધિકારનું દ્યોતક છે.

જો કે 'કૃત્સ્નભાવાત્તુ ગૃહિણોપસંહાર' (બ્રહ્મસૂત્ર ૩/૪/૪૭)ના ભાષ્યના ઉપસંહારમાં, 'કોઈક દુર્લભ પ્રકારના–રાજા આસકરણદાસ જેવા– ભક્ત ભગવત્સેવા કરતા હોવા છતાં ગૃહત્યાગ કરતા ત્યાં દર્શાવવામાં આવ્યા છે' આવો ઉલ્લેખ મળે છે; પરંતુ એ ગૃહત્યાગનાં જે કારણો ત્યાં દર્શાવવામાં આવ્યાં છે, એ તો છે– 'કેચન ભક્તા ભાષણાદિલીલાદર્શનં વિના સ્થાતુમશક્તાઃ પ્રચુરભાવવિવશાશયાઃ ગૃહાંસ્ત્યક્ત્વા વનં ગચ્છન્તિ'. અર્થ : કોઈક ભક્તો પરમાત્માની ભાષણ આદિ લીલા અર્થાત્ પરમાત્મા સાથે વાર્તાલાપ ઈત્યાદિ લીલાઓના તથા તેમનાં દર્શન વિના ઘરમાં રહેવાને અશક્ત હોય છે, તેથી તેઓ



ભાવપ્રચુરતાના કારણે વિવશ થઈ પરમાત્માના આશયવાળા થઈને ઘરને છોડીને વનમાં જાય છે. સ્પષ્ટ છે કે આ વાત શ્રીમહાપ્રભુજીને લાગુ પડતી નથી. તેથી જ ભાષ્યકાર આ વાત જ કહે છે –"તેન ભગવદ્ભજન એવ તત્રાપિ પુષ્ટિમાર્ગ એવ શ્રુતેર્ભરઃ ઈતિ જ્ઞાયતે". તેથી ભગવદ્ભજન એટલે કે સેવા જ પુષ્ટિમાર્ગમાં છે એમ શ્રુતિઓ પણ કહે છે, એમ જ્ઞાત થાય છે. તેથી જેમને ભગવત્સેવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થતું નથી તેમને માટે વિરહાનુભવાર્થ સંન્યાસનો કલ્પ છે. આનાથી આ વાત સુદૃઢ થાય છે કે શ્રીમહાપ્રભુજીના સંન્યાસનાં સ્વરૂપ અને પ્રયોજન આ "સંન્યાસનિર્ણય"માં નિરૂપિત ભક્તિમાર્ગીય મધ્યમાધિકારના સૂચક સંન્યાસના સ્વરૂપ તથા પ્રયોજનથી ભિન્ન જ હતાં.

આ જ કારણને લીધે દામોદરદાસથી માંડીને બીજા વૈષ્ણવોની પણ આપના અનુવર્તનની પ્રાર્થનાનો શ્રીમહાપ્રભુજીએ અસ્વીકાર કરી દીધો હતો. શ્રીયદુનાથજીના શબ્દોમાં, "તતો દામોદરાદીનાં સહયાનાર્થ સંન્યાસગ્રહણાર્થં ચાર્થના જાતા. અથાચાર્યૈઃ યુષ્માકં ભાગવતસંન્યાસોઽસ્ત્યેવ મત્કાર્યાર્થં ઉદ્ધવાદિવદિહૈવ સ્થાતવ્યમિત્યુક્ત્વા સંન્યાસનિર્ણયઃ શ્રાવિતઃ". અર્થ : આપશ્રીના સંન્યાસ લીધા પછી દામોદરદાસ વગેરેએ પણ આપના અનુવર્તનની સાથે જવાની યાચના કરી, ત્યારે શ્રીમહાપ્રભુજીએ 'તમારા લોકો માટે તો ભાગવતસંન્યાસ તો સિદ્ધ છે જ. તેથી મારા કાર્યને પૂર્ણ કરવા, આગળ વધારવા ઉદ્ધવજીની જેમ અહીં જ આ ભૂતલ પર રહો' એમ કહી સંન્યાસનો નિર્ણય સંભળાવ્યો. અહીંયાં "ભાગવતસંન્યાસ" થી આપનું તાત્પર્ય બ્રહ્મસંબંધ ગદ્ય દ્વારા આત્મનિવેદનની બાબતમાં જ પ્રતીત થાય છે. સ્વયમ્ શ્રીમહાપ્રભુજીના ત્રિદંડવિધિથી સંન્યાસગ્રહણનું પ્રયોજન ભગવદાજ્ઞાનું પાલન જ હતું. તેથી એવી આજ્ઞાના અભાવમાં અન્ય અનુયાયીઓને માટે સંન્યાસમાં આપનું અનુવર્તન સર્વથા અનાવશ્યક હતું.

નરહરિ તો પહેલેથી જ સંન્યાસ લઈ ચૂક્યા હતા અને એક આશ્રમમાંથી બીજા આશ્રમમાં એકવાર પહોંચ્યા પછી પુનરાવર્તન સર્વથા શાસ્ત્રનિષિદ્ધ છે. તેથી જ વૃંદાવનમાં પહેલાં નરહરિને ત્રિદંડ વિધિથી અર્થાત્ શાસ્ત્રસંમત રીતિથી સંન્યાસ લેવરાવવામાં આવ્યો અને પછીથી બદરિકાશ્રમમાં તેમને આ "સંન્યાસનિર્ણય" ગ્રંથના ઉપદેશ દ્વારા ભગવદ્વિરહાનુભવમાં દીક્ષિત કરવામાં આવ્યા !

સંન્યાસનું વિધાન પુત્રૈષણા, વિત્તૈષણા અને લોકૈષણાથી ઉપર ઊઠવાવાળાઓને માટે શાસ્ત્રમાં મળે છે. પરંતુ શિષ્યૈષણામાં આ ત્રણેય વાસનાઓ છૂપા રૂપથી ત્રણગણી થઈ જાય છે. પુત્ર તો બે ચાર પેદા થઈ જાય તો લાલસા સંતુષ્ટ થઈ જાય છે, પરંતુ શિષ્યૈષણા તો બે—ચાર હજાર ચેલાઓ મળી જાય છતાં પણ સંતોષનું નામ લેતી નથી! તેથી જ પોતાના સહજ પરિવારના પોષણને માટે વિત્તની અપેક્ષા એટલી નથી હોતી કે જેટલી મઠ યા આશ્રમોમાં એકઠા થયેલા ચેલાઓના પોષણને માટે હોય છે. એક સાંસારિક વ્યક્તિ પોતાના ગુણોની કીર્તિની લાલસાથી એટલો ગ્રસ્ત નથી હોતો જેટલો કે એક આધુનિક પરમહંસ પોતાના ત્યાગની કીર્તિની લાલસાથી ગ્રસ્ત થાય છે !

વસ્તુતઃ વિરક્તની ત્યાગસાધનામાં અને ત્યાગીની વૈરાગ્યસાધનામાં બહુ મોટું અંતર પડી જાય છે !

વાસ્તવિક વૈરાગ્ય વ્યક્તિને કોઈક સીમા સુધી ઉપર ઊઠાવી શકે છે પરંતુ વૈરાગ્યહીન ત્યાગ આપણને વધુ નીચે ધકેલી દે છે. શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત છે કે કોઈ વસ્તુનો વ્યર્થ ત્યાગ કરવા કરતાં તેને ભગવાનને સમર્પિત કરી દેવી એ ઉચિત વાત છે. તેથી જ જ્યારે આપણે સમર્પિત કરી શકતા નથી ત્યારે કેવળ વૈરાગ્યના આધાર પર પ્રાપ્ત વસ્તુના ત્યાગને બદલે ભગવદનુરક્તિની તન્મયતામાં તેનો ત્યાગ કરવામાં આવે તો એ વાત બની શકે છે !

ત્યાગ તેના પોતામાં એક સ્વતંત્ર માર્ગ હોવા વિષેની મહત્તા નથી રાખતો. માર્ગ તો ત્રણ જ હોય છે (૧) કર્મમાર્ગ (૨) જ્ઞાનમાર્ગ (૩) ભક્તિમાર્ગ. કર્મ, જ્ઞાન યા ભક્તિનાં અંગરૂપે ત્યાગની મહત્તા અવશ્ય માન્ય થઈ શકે છે, પરંતુ આ ત્રણથી રહિત કેવળ ત્યાગ તો મનુષ્યને કેવળ પરિવ્રાજક (એટલે માત્ર બધું છોડીને પરિભ્રમણ કરનાર યતિ) જ બનાવી શકે છે—કોઈ મુકામ પર પહોંચાડતો નથી.

શ્રીમહાપ્રભુજી સંન્યાસનો નિર્ણય કેવળ વૈરાગ્યના સંદર્ભમાં આપવાનું પસંદ કરતા નથી. કર્મ, જ્ઞાન યા ભક્તિમાંથી કોઈ એકની સાથે જ્યારે વૈરાગ્ય પ્રકટ થાય ત્યારે સંન્યાસ યા ત્યાગનો વિચાર પ્રાસંગિક બનેછે. ભાગવત(૧૧/૨૦/૬,૭,૮)માં આવે છે કે—



શ્રીભગવાનુવાચ—

યોગાસ્ત્રયો મયા પ્રોક્તા નૃણાં શ્રેયોવિધિત્સયા ।
જ્ઞાનં કર્મ ચ ભક્તિશ્ચ નોપાયોઽન્યોઽસ્તિ કુત્રચિત્ ।। ૬ ।।
નિર્વિણ્ણાનાં જ્ઞાનયોગો ન્યાસિનામિહ કર્મસુ ।
તેષ્વનિર્વિણ્ણચિત્તાનાં કર્મયોગસ્તુ કામિનામ્ ।।૭।।
યદૃચ્છયા મત્કથાદૌ જાતશ્રદ્ધસ્તુ યઃ પુમાન્ ।
ન નિર્વિણ્ણો નાતિસક્તો ભક્તિયોગોઽસ્ય સિદ્ધિદઃ ।।૮।।
(ભા.૧૧/૨૦/૬,૭,૮)


ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું— હે ઉદ્ધવજી ! મનુષ્યોનું કલ્યાણ કરવાની ઈચ્છાથી અધિકારીભેદે ત્રણ પ્રકારના યોગ મેં કહ્યા છે તેમાં જ્ઞાન, કર્મ અને ભક્તિ— આના સિવાય બીજો કોઈ ઉપાય ક્યાંય નથી.—૬. જે લોકો કર્મો તથા તેમનાં ફલોથી વિરક્ત થઈ ગયા છે અને તેમનો ત્યાગ કરી ચૂક્યા છે તેઓ જ્ઞાનયોગના અધિકારી છે. એથી ઊલટું જેમનાં ચિત્તમાં કર્મો અને તેમનાં ફળો પ્રત્યે વૈરાગ્ય થયો નથી, તેમાં દુઃખબુદ્ધિ થઈ નથી, તે સકામ લોકો કર્મયોગના અધિકારી છે.—૭. જે પુરુષ અત્યંત વિરક્ત કે અત્યંત આસક્ત નથી તથા કોઈ પૂર્વ જન્મના શુભ કર્મથી સૌભાગ્યવશ મારી લીલા કથા આદિમાં તેની શ્રદ્ધા થઈ ગઈ છે તે ભક્તિયોગનો અધિકારી છે. તેને ભક્તિયોગ દ્વારા જ સિદ્ધિ મળી શકે છે.—૮. અર્થાત્ વિરક્તિપ્રધાન સાધકને માટે જ્ઞાનયોગ, સકામ સાધકોને માટે કર્મયોગ તથા ન વિરક્ત અને ન અતિસકામ એવા સાધકને માટે ભક્તિયોગ સિદ્ધિપ્રદ થાય છે. આ કર્મ, જ્ઞાન યા ભક્તિના માર્ગ પર આગળ વધ્યા પછી અર્થાત્ વૈરાગ્ય દૃઢ થાય પછી સંન્યાસનો વિચાર પ્રાસંગિક બને છે.

આ વિષયમાં સુબોધિની (૩/૧૨/૪૨)માં એક વિસ્તૃત સ્પષ્ટીકરણ શ્રીમહાપ્રભુજીએ આપ્યું છે તેનો અનુવાદ જોઈ લઈએ :

"બ્રાહ્મણને માટે એ વાત આવશ્યક છે કે એ ચારેય આશ્રમોમાં ક્રમશઃ પ્રવેશ કરે...કોઈ એક આશ્રમમાં સ્થિર થવાની કામના પણ શાસ્ત્રાનુમત છે... જે ઊર્ધ્વરેતસ ભક્ત હોય છે તેઓ ઈચ્છે તો નૈષ્ઠિક બ્રહ્મચર્ય આશ્રમમાં સ્થિર થઈ શકે છે. સર્વથા વૈરાગ્યરહિત અથવા ઉત્કટ કામનાવાળાને માટે ગાર્હસ્થ્ય જ ઠીક રહે છે. તેણે વેદોના યથાશક્તિ અધ્યયન કર્યા પછી, શાસ્ત્રીય વિધિ પ્રમાણે વિવાહ કરીને, યાવજ્જીવન અગ્નિહોત્ર વગેરે કર્મોનાં અનુષ્ઠાનમાં તત્પર રહેવું જોઈએ.... તેથી જ આપસ્તમ્બકારે—શાસ્ત્રકારે બધા આશ્રમોને એકસરખા માન્યા છે. કોઈ

પણ આશ્રમનાં કર્તવ્યોના યથાવત્ પાલન કરવાથી સિદ્ધિ મળે છે. કોઈક કોઈક સ્થળે એક આશ્રમની પ્રશંસા કરવાને માટે બીજા આશ્રમની નિંદા કરેલી પણ દેખાઈ આવે છે, પરંતુ તેનું વાસ્તવિક તાત્પર્ય તો કોઈ એક ખાસ આશ્રમની પ્રશંસાના રૂપમાં જ લેવું જોઈએ. અન્યથા શ્રુતિવચનોમાં પરસ્પર વિરોધાભાસ થવા લાગશે, જ્યારે બ્રાહ્મણોનું આ કર્તવ્ય છે કે કોઈ પણ શ્રુતિવાક્યને અપ્રામાણિક ન માને''.

કર્મ, જ્ઞાન તથા ભક્તિના ત્રણ પ્રમુખ ભેદ તથા તદંતર્ગત બીજા પણ ઉપભેદોને નજરમાં રાખીએ તો આ પ્રસ્તુત ''સંન્યાસનિર્ણય'' ગ્રંથમાં કુલ આઠ પ્રકારના સંન્યાસોની બાબતમાં આપણને નિર્ણય મળે છે. બોધની સરળતાને માટે તેમને વર્ગીકરણ દ્વારા સમજી શકાય છે :




આત્મોદ્ધારના ત્રણેય માર્ગોમાં સાંસારિક અહંતા–મમતાને બાધક માનવામાં આવે છે. સાંસારિક અહંતા–મમતાથી ઉપર ચડવાના સાચા ઉપાય, વૈરાગ્ય સહિત કર્મ, જ્ઞાન અથવા ભક્તિ તો થઈ શકે છે, પરંતુ કેવલ ત્યાગ યા સંન્યાસ નહીં. તો પણ ભ્રામક ઉત્સાહવશ મોટાભાગના લોકો સ્વમાર્ગમાં પૂર્ણ નિષ્ઠા તથા વૈરાગ્યના અભાવમાં જ ત્યાગ યા સંન્યાસની ઉતાવળ કરી બેસે છે અને સ્વમાર્ગ તથા સન્માર્ગથી રખડી જાય છે !



પુષ્ટિમાર્ગીય જીવ પણ ક્યારેક એવા મિથ્યાચારવાળા ત્યાગના યા સંન્યાસ ।। ફેરામાં પડી શકે છે. ખાસ કરીને સ્વગૃહમાં ભગવત્સેવા ન નિભાવી શકનાર દઢ બીજભાવવાળા ભક્તોને માટે શ્રીમહાપ્રભુજીએ પણ ગૃહત્યાગનો જે ઉપદેશ 'ભક્તિવર્ધિની''માં આપ્યો છે તેનું તાત્પર્ય સારી રીતે ન સમજી શકવાના કારણે, પુષ્ટિમાર્ગીય વિવેક વગર ઉતાવળમાં કોઈ ત્યાગ યા સંન્યાસની ભૂલ કરી શકે છે. એવા લોકોના ભાગ્યમાં પસ્તાવા સિવાય બીજું કંઈ નથી હોતું !

આપણા પુષ્ટિમાર્ગીય જીવ એવા મિથ્યાચારના ચક્કરમાં પડીને આપણા પુષ્ટિમાર્ગીય ફલથી પણ વંચિત ન રહી જાય–આખા જીવનને જ એક મહાપાખંડનું નાટક ન બનાવી નાખે એટલા માટે શ્રીમહાપ્રભુજી ત્યાગ–સંન્યાસ સંબંધી પોતાના વિચારોને સ્પષ્ટ કરે છે. જેથી ત્યાગ યા સંન્યાસના ચક્કરમાં ફસાઈ પડેલા લોકો સંભવિત પશ્ચાત્તાપથી બચી શકે અને જેઓ નરહરિ સંન્યાસીની માફક સંન્યાસ લઈ જ ચૂક્યા હોય તેમને ફરીથી ભક્તિમાર્ગ પર પાછા ચડી જવાની દિશાની ખબર પડે–પશ્ચાત્તાપથી બહાર નીકળી શકે !

## (૧) કર્મફલ–ત્યાગરૂપ કર્મમાર્ગીય સંન્યાસ

તે તે વર્ણ યા આશ્રમ આદિની દષ્ટિથી જે કર્મો નક્કી હોય છે તેમનો પરિત્યાગ ઉચિત નથી હોતો (ગીતા ૩/૮). સર્વનિર્ણયના પ્રારંભમાં આ વાત કહી દેવામાં આવેલી છે, કે કેવલ નિત્યકર્મનું ફલ આત્મસુખરૂપ હોય છે તથા તેનો ત્યાગ કરવાથી પ્રત્યવાય–અપરાધ લાગે છે. આ જ નિત્ય કર્મ બ્રહ્મવિદ્યાની સાથે હોય તો બ્રહ્માનંદનું દાન પણ કરે છે–''ભગવદાનંદરૂપં ફલં બ્રહ્મજ્ઞાનયુક્તસ્ય યથોક્તકર્મકર્તુરેવ''. ભગવાનના સ્વરૂપાનંદરૂપ ફળ પણ વ્યક્તિ બ્રહ્મજ્ઞાનયુક્ત થઈ યથોક્ત કર્મોને કરતો હોય તો જ ત્યારે તેને મળે છે. (સર્વનિ–૪). દરેક દષ્ટિથી જોતાં વર્ણાશ્રમાચારાદિ શાસ્ત્રવિહિત નિત્યકર્તવ્યોનો ત્યાગ દેહાભિમાન ચાલુ રહે ત્યાં સુધી શાસ્ત્રાનુમોદિત નથી હોતો. ''યાવત્ દેહાભિમાનઃ તાવદ્ વર્ણાશ્રમધર્મ એવ સ્વધર્મ''. જ્યાં સુધી દેહાભિમાન છે ત્યાં સુધી જે તે વર્ણ અને આશ્રમના ધર્મ જ સ્વધર્મ ગણાય એટલે નિત્ય નૈમિત્તિક કર્મ પણ સ્વધર્મ ગણાય અને ત્યારે ભગવદ્ધર્મ પણ વિધર્મ થઈ જાય છે (સુબો.૩/૨૮/૨).

નિષ્કામ કર્માનુષ્ઠાન કરવાવાળો પણ બ્રહ્મસંસ્થ હોઈ શકે છે, એમ શ્રીશંકરાચાર્ય નથી માનતા–''તસ્માત્ ય એવ બ્રહ્મસંસ્થઃ સ્વાશ્રમવિહિતકર્મવતાં સોઽમૃતત્વમેતિ, ન કર્મનિમિત્તવિદ્યાપ્રત્યયોર્વિરોધાત્''. તેથી જે કોઈ બ્રહ્મસંસ્થ છે તે પોતાના આશ્રમવિહિત કર્મોમાં રત હોય તો તે અમૃતત્વને પ્રાપ્ત કરશે એમ

કહી શકાતું નથી. કેમ કે કર્મ કરવાના કારણ અને વિદ્યાજન્ય અનુભવ એકબીજાથી વિરુદ્ધ હોય છે (છાં.ભા.૨/૨૩/૧). કિન્તુ ગીતા (૩/૫–૮) અનુસાર શ્રીમહાપ્રભુજીના મતમાં નિયત કર્મનો ત્યાગ ઉચિત નથી હોતો. તેથી બ્રહ્મચર્ય,ગાર્હસ્થ્ય યા વાનપ્રસ્થમાંથી કોઈ પણ એક આશ્રમમાં નૈષ્ઠિક વ્રત ધારણ કરીને સ્વાશ્રમોચિત કર્તવ્યોનું જેલોકો નિષ્કામ અનુષ્ઠાન કરે છે તેને આત્મસુખરૂપ કર્મમાર્ગીય મોક્ષની પ્રાપ્તિ થાય છે (દ્ર.ગીતા ૨/૫૦–૫૧). જો બ્રહ્મવિદ્યાની સાથે કોઈ નિષ્કામ કર્માનુષ્ઠાન કરે છે તો જ્ઞાનમાર્ગીય બ્રહ્માનંદની પ્રાપ્તિ પણ સંભવિત છે (દ્ર.ગીતા ૪/૨૪). ભગવદ્ ભક્તિની સાથે નિષ્કામ કર્માનુષ્ઠાન કરવાવાળાને ભજનાનંદની પ્રાપ્તિ પણ સંભવ છે (ગીતા ૯/૩૪).

બૃહદારણ્યકોપનિષદ્ (૪/૪/૨૨/)માં–"તમેતં વેદાનુવચનેન બ્રાહ્મણા વિવિદિષન્તિ યજ્ઞેન દાનેન તપસાऽનાશકેન એતમેવ વિદિત્વા મુનિઃ ભવતિ" એટલે કે તે તત્ત્વને વેદનાં અનુવચનો દ્વારા બ્રાહ્મણો જાણે છે. યજ્ઞ વડે, દાન વડે, તપ વડે એને જ જાણીને તેઓ મુનિ બને છે એમ કહીને બ્રહ્મચર્ય, નૈષ્ઠિક બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય તથા વાનપ્રસ્થ આશ્રમનાં કર્તવ્યોના નિષ્કામ અનુષ્ઠાનને પણ ચિત્તની બ્રહ્મજ્ઞાનોપયોગી શુદ્ધિમાં–વિવિદિષા (જિજ્ઞાસા)માં સાધન માનવામાં આવ્યું છે.

વેદાનુવચન યજ્ઞ તથા જ્ઞાનનું આશ્રમધર્મ હોવાપણું છાન્દોગ્ય (૨/૨૩/૧)ના "ત્રયો ધર્મસ્કન્ધાઃ યજ્ઞોऽધ્યયનં દાનમિતિ, પ્રથમસ્તપ એવ, દ્વિતીયો બ્રહ્મચર્યાચાર્યકુલવાસી, તૃતીયોऽત્યન્તમાત્માનમાચાર્યકુલેऽવસાદયન્. સર્વે એતે પુણ્યલોકા ભવન્તિ, બ્રહ્મસંસ્થોऽમૃતત્વમેતિ," એટલે કે ધર્મના ત્રણ સ્કન્ધ છે– યજ્ઞ, અધ્યયન અને દાન. તેમાં પ્રથમ તપ છે, બીજો બ્રહ્મચર્ય સાથે આચાર્યને ત્યાં વાસ કરવો, ત્રીજો પોતાના આત્માનું આચાર્યને ત્યાં પૂર્ણ સમર્પણ કરી ત્યાં જ અવસાદન અર્થાત્ પાત કરવો. આ બધા પુણ્યલોક કહેવાય છે. અને આમાં જે બ્રહ્મસંસ્થ છે તે અમૃતત્વને પ્રાપ્ત કરે છે, વચનથી એકવાક્યતા કરવાથી સ્પષ્ટ થાય છે. 'વેદાનુવચન' તથા 'અધ્યયન' સમાનાર્થી છે. 'યજ્ઞ' તથા 'દાન' તો બૃહદારણ્યક તથા છાન્દોગ્ય બંનેમાં સમાનરૂપમાં જ મળે છે. છાન્દોગ્યમાં આ અધ્યયન, દાન તથા યજ્ઞનાં બ્રહ્મવિદ્યારહિત અનુષ્ઠાનનું ફલ પુણ્યલોકની પ્રાપ્તિને માનવામાં આવ્યું છે, તથા બ્રહ્મવિદ્યાસહિત અનુષ્ઠાનનું ફલ 'બ્રહ્મસંસ્થોऽમૃતત્વમેતિ' એમ કહીને બ્રહ્મજ્ઞાનોત્પત્તિ દ્વારા મોક્ષને પણ માનવામાં આવ્યું જ છે. 'આચાર્યકુલવાસી' શબ્દ દ્વારા આ કર્તવ્યોની આશ્રમધર્મતા પણ સ્પષ્ટ કરવામાં આવી છે. 'આચાર્યકુલવાસી' એટલે દામોદરદાસ હરસાની જેવા



જેમણે પોતાના ગૃહનો ત્યાગ કરી શ્રીવલ્લભની સાથે ત્યાં જ તેમની સાથે જ રહેવાનો નિર્ણય કરી ત્યાં જ સમર્પણ કરી આત્માનું અવસાદન કર્યું તે.

ગીતા(૧૮/૪/૭)માં પણ ભગવાને આ કારણથી જ આ કર્મોના ત્યાગને અનુચિત માન્યો છે–

નિશ્ચયં શૃણુ મે તત્ર ત્યાગે ભરતસત્તમ ।
ત્યાગો હિ પુરુષવ્યાઘ્ર ત્રિવિધઃ સમ્પ્રકીર્તિતઃ ॥૪॥
યજ્ઞદાનતપઃકર્મ ન ત્યાજ્યં કાર્યમેવ તત્ ।
યજ્ઞો દાનં તપશ્ચૈવ પાવનાનિ મનીષિણામ્ ॥૫॥
એતાન્યપિ તુ કર્માણિ સઙ્ગં ત્યક્ત્વા ફલાનિ ચ ।
કર્તવ્યાનીતિ મે પાર્થ નિશ્ચિતં મતમુત્તમમ્ ॥૬॥
નિયતસ્ય તુ સંન્યાસઃ કર્મણો નોપપદ્યતે ।
મોહાત્તસ્ય પરિત્યાગસ્તામસઃ પરિકીર્તિતઃ ॥૭॥

હે ભરતશ્રેષ્ઠ ! એ ત્યાગની બાબતમાં મારો નિર્ણય સાંભળ. હે પુરુષશ્રેષ્ઠ ! ત્યાગ ત્રણ પ્રકારનો કહ્યો છે.૪

યજ્ઞ, દાન અને તપરૂપી કર્મનો ત્યાગ કરવો જોઈએ નહીં. એ કર્મો તો કરવાં જ જોઈએ. એનું કારણ એ છે કે યજ્ઞ, દાન અને તપ જેવાં કર્મો, મનને સ્વાધીન રાખનારા મનુષ્યોને પવિત્ર કરનારાં છે.–૫

એ બધાં કર્મો, આસક્તિ અને ફળ ભોગવવાની ઇચ્છા છોડીને કરવાં જોઈએ. એવી હે પાર્થ! મારી નિશ્ચિત અને ઉત્તમ સંમતિ છે.–૬

આવશ્યક કર્મનો ત્યાગ કરવો યોગ્ય નથી. જો કોઈ અજ્ઞાનવશ થઈને આવશ્યક કર્મનો ત્યાગ કરે તો તે તામસ ત્યાગ કહેવાય. ૭. (ગી.૧૮–૪ થી ૭).

કર્મસંન્યાસ અને કર્મયોગમાં કર્મયોગની ઉત્તમતા દર્શાવતા કર્મયોગનું પણ બ્રહ્મસંસ્થ બનીને અનુષ્ઠાન–

"બ્રહ્મણ્યાધાય કર્માણિ સઙ્ગં ત્યક્ત્વા કરોતિ યઃ ।
લિપ્યતે ન સ પાપેન પદ્મપત્રમિવામ્ભસા ॥૧૦॥"

જે મનુષ્ય ફલાસક્તિ છોડીને કર્મો બ્રહ્મને અર્પણ કરીને બધાં કર્મો કરે છે, એ જેમ કમળનું પત્ર પાણી વડે ભીંજાતું નથી તે રીતે તે પોતે પાપથી લિપ્ત થતો નથી (ગી.૫/૧૦) ને ભગવાને સંભવિત માન્યું જ છે.

તેથી જ કર્મમાર્ગમાં કામ્યકર્મ અથવા કર્મફલાશાના ત્યાગને તો ઉચિત માન્યો જ છે કિન્તુ નિયત કર્મોના ત્યાગને ઉચિત માનવામાં નથી આવ્યો.

અનાશ્રિતઃ કર્મફલં કાર્યં કર્મ કરોતિ યઃ ।
સ સંન્યાસી ચ યોગી ચ ન નિરગ્નિર્ન ચાક્રિયઃ ॥

શ્રીભગવાન કહે છે, જે મનુષ્ય કર્મફલનો આશ્રય લીધા સિવાય, પોતાનાં નિયત કર્મો કરે છે, તે માણસ સંન્યાસી પણ છે અને યોગી પણ છે. કેવળ અગ્નિનો ત્યાગ કરનાર સંન્યાસી નથી, તથા કેવળ ક્રિયાઓનો ત્યાગ કરનાર કર્મયોગી નથી (ગી/૬/૧) આદિ અનેક વચનોથી કામ્યકર્મ તથા કર્મફલાશાના ત્યાગને સાચો સંન્યાસ માનવામાં આવ્યો છે, નિયત કર્મોના ત્યાગને નહીં.

"સર્વનિર્ણય" (કારિકા ૨૪૬ ના પ્રકાશ)માં શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે કે–"ગૃહસ્થસ્યૈતન્મુખ્યમ્. એવં કુર્વન્ સકુટુમ્બો ભગવત્સાયુજ્યં અશ્નુતે. બ્રહ્મચારિપ્રભૃતીનામપિ સેવકસાધનસંપત્તૌ એતત્ કર્તવ્યમ્" એટલે કે ગૃહસ્થ માટે આ મુખ્ય છે. આ પ્રમાણે ભગવત્સેવા કરવાવાળો સકુટુંબ ભગવત્સાયુજ્યના ફલને ભોગવે છે. બ્રહ્મચારી વગેરેએ પણ સેવક અને દ્રવ્યસાધનસંપત્તિ હોય તો આ પ્રમાણે જ સેવા કરવી. આથી સિદ્ધ થાય છે કે પુષ્ટિમાર્ગમાં પણ દેહાભિમાનના ચાલુ રહેવા સુધી નિયત કર્મોનો ત્યાગ કર્યા વિના ભક્તિમાર્ગીય કર્તવ્યોનું પાલન આવશ્યક હોય છે. ચતુર્થાશ્રમમાં ગૃહત્યાગ વિહિત હોવાથી સ્વગૃહમાં ભગવત્સેવાના નિર્વાહનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. તેથી તેમાં કૃષ્ણદર્શનલાલસાની સાથે નિરંતર તીર્થયાત્રાનો ઉપદેશ આપવામાં આવ્યો છે, અહીં "સર્વનિર્ણય"માં.

તેથી પુષ્ટિમાર્ગીય જીવને માટે કર્મમાર્ગીય દષ્ટિકોણથી યાવદ્દેહાભિમાન સ્વવર્ણાશ્રમધર્મનો ત્યાગ ઉચિત નથી; તથા સાધનદશામાં પણ ગૃહત્યાગ ઉચિત કર્તવ્ય નથી રહી જતું – "કર્મમાર્ગે ન કર્તવ્યઃ". શાસ્ત્રનિયત વર્ણાશ્રમધર્મોનું અનુષ્ઠાન કરવામાં કામ્યકર્મ તથા કર્મફલાશા તો ત્યાજ્ય છે જ.

"વર્ણાશ્રમવતાં ધર્મ એષ આચારલક્ષણઃ
સ એવ મદ્ભક્તિયુતો નિઃશ્રેયસ્કરઃ પરઃ"

વર્ણાશ્રમીઓના ધર્મ બતાવ્યા છે, તે ધર્મની સાથે જો એ મારી ભક્તિ કરે તો અનાયાસ જ પરમ કલ્યાણ સ્વરૂપમોક્ષને એ પ્રાપ્ત થાય (ભાગ–૧૧/૧૮/૪૭).



## (૨) ચતુર્થાશ્રમરૂપ કર્મમાર્ગીય ત્યાગ

જેમ નૈષ્ઠિક વ્રતની સાથે બ્રહ્મચર્ય, ગૃહસ્થ યા વાનપ્રસ્થ આશ્રમોનું વિધાન છે એવી જ રીતે ક્રમશઃ ચતુર્થાશ્રમમાં પ્રવેશ કરવાનું પણ વિધાન મળે જ છે. જેમ પહેલા જણાવી ગયા મુજબ બૃહદારણ્યકના વચનમાં જ આ વાત આવે છે કે "એતમેવ પ્રવ્રાજિનો લોકમિચ્છન્તઃ પ્રવ્રજન્તિ....પુત્રૈષણાયાશ્ચ વિત્તૈષણાયાશ્ચ લોકૈષણાયાશ્ચ વ્યુત્થાયાથ ભિક્ષાચર્યાં ચરન્તિ.... નૈનં કૃતાકૃતે તપતઃ" અર્થાત્ વેદાધ્યયન, દાન, યજ્ઞ, તપરૂપ કર્મવાળા બ્રહ્મચર્ય, ગૃહસ્થ તથા વાનપ્રસ્થ આશ્રમોની મારફત બ્રાહ્મણો જે જ્ઞાનની પ્રાપ્તિ કરવા ચાહે છે, સંન્યાસ દ્વારા પણ એ જ બ્રહ્મની પ્રાપ્તિની ઈચ્છા રાખવામાં આવે છે. પુત્ર, ધન યા લોકની બાબતમાં બધા પ્રકારની કામનાઓનો ત્યાગ કરીને જેઓ ભિક્ષાચર્યા કરે છે....તેમને કૃતાકૃત કર્મોનાં ફળ ભોગવવાનો સંતાપ થતો નથી.

જાબાલોપનિષદમાં પણ – "બ્રહ્મચર્ય સમાપ્ય ગૃહી ભવેદ્ ગૃહી ભૂત્વા વની ભવેદ્,વની ભૂત્વા પ્રવ્રજેદ્" એટલે કે બ્રહ્મચર્યની સમાપ્તિ પછી ગૃહસ્થી થવું જોઈએ, ગૃહસ્થીધર્મની પૂર્ણાહુતિ પછી વાનપ્રસ્થી થવું જોઈએ અને ત્યારપછી સંન્યાસ લેવો એમ ક્રમશઃ એક આશ્રમની પછી બીજા આશ્રમમાં પ્રવેશ કરવાનો ક્રમપક્ષ બતાવવામાં આવ્યો છે જ.

મનુસ્મૃતિ (૬/૮૬/૮૭) ના વચનમાં પણ – "બ્રહ્મચારી ગૃહસ્થશ્ચ વાનપ્રસ્થો યતિસ્તથા.... ચત્વારઃ પૃથગાશ્રમાઃ સર્વેઽપિ ક્રમશસ્ત્વેતે યથાશાસ્ત્રનિષેવિતા યથોક્તકારિણં વિપ્રં નયન્તિ પરમાં ગતિમ્" એટલે કે બ્રહ્મચારી પછી ગૃહસ્થ પછી વાનપ્રસ્થ અને ત્યારપછી યતિ....આ ચાર પૃથક્ આશ્રમો બધાએ ક્રમશઃ જેમ શાસ્ત્રમાં કહ્યા છે તેમ સેવવાં જોઈએ. તેવી રીતે સેવનારા વિપ્રો પરમ ગતિને પ્રાપ્ત કરે છે– આ વચનમાં પણ ક્રમપક્ષનો ઉલ્લેખ મળે છે.

ભાગવત (૧૧/૧૮/૧૧–૨૭)માં વાનપ્રસ્થની રીત સમજાવીને ચતુર્થાશ્રમરૂપ સંન્યાસ ધર્મનું નિરૂપણ પણ કરવામાં આવેલું છે. તેની અંતર્ગત ત્રિદંડ સંન્યાસની રીત પણ સમજાવવામાં આવેલી છે : "યદા કર્મવિપાકેષુ લોકેષુ નિરયાત્મસુ વિરાગો જાયતે સમ્યઙ્ન્યસ્તાગ્નિઃ પ્રવ્રજેત્તતઃ". જ્યારે કામ્યકર્મોના ફલસ્વરૂપ જે લોક પ્રાપ્ત થાય છે તે નરક સમાન દુઃખરૂપ છે એમ જાણવાથી સમ્યક્ વૈરાગ્ય ઉત્પન્ન થાય ત્યારે વિધિપૂર્વક યજ્ઞાગ્નિઓનો પરિત્યાગ કરી સંન્યાસ ગ્રહણ કરે (ભા./૧૧/૧૮/૧૨) આદિ વચનો દ્વારા.

આનાથી સિદ્ધ થાય છે કે ચતુર્થાશ્રમરૂપ સંન્યાસગ્રહણ પણ એક નિયત કર્તવ્ય સમાન જ છે.

જેઓ "તૃતીયોઽત્યન્તમાત્માનમાચાર્યકુલેઽવસાદયન્" વચન અનુસાર નૈષ્ઠિક બ્રહ્મચર્યનું વ્રત ધારણ કરી લેતાં નથી; અથવા "યાવજ્જીવમગ્નિહોત્રં જુહોતિ" એટલે કે "જ્યાં સુધી જીવે ત્યાં સુધી અગ્નિહોત્રમાં જ આહુતિ આપી જીવવું" વચન અનુસાર નૈષ્ઠિક ગાર્હસ્થ્યનું વ્રત ધારણ નથી કરી લેતાં; અથવા "અરણ્યમિયાત્ તતો ન પુનરેયાત્" એટલે કે "અરણ્યમાં જઈ પછી ત્યાંથી પાછા નહીં આવવું" વચન અનુસાર નૈષ્ઠિક વાનપ્રસ્થનું વ્રત ધારણ કરી લેતાં નથી, તેમણે ક્રમપક્ષ અનુસાર ત્રણ આશ્રમોની પછી ચતુર્થ સંન્યાસાશ્રમમાં પણ અવશ્ય પ્રવેશ કરવો જોઈએ.

આનો અપવાદ પણ યદ્યપિ જાબાલોપનિષદમાં જોવામાં આવે છે– 'યદિ વેતરથા બ્રહ્મચર્યાદેવ પ્રવ્રજેદ્ ગૃહાદ્વા વનાદ્વા. અથ પુનરવ્રતી વા વ્રતી વા, સ્નાતકો વાઽસ્નાતકો વા, ઉત્સન્નાગ્નિરનગ્નિકો વા. યદહરેવ વિરજેત્ તદહરેવ પ્રવ્રજેત્', એટલે કે જ્યારે પણ અતિવૈરાગ્ય પેદા થાય ત્યારે તુરત જ સંન્યાસ લેવો. ભલે એ બ્રહ્મચર્યાશ્રમ પછી હોય કે ગૃહસ્થાશ્રમ પછી હોય કે વાનપ્રસ્થાશ્રમ પછી હોય, પુનઃ વ્રત લીધેલો હોય કે અવ્રતી, સ્નાતક હોય કે અસ્નાતક, અગ્નિ રાખનારો હોય કે ન હોય, જ્યારે પણ વૈરાગ્ય પેદા થાય ત્યારે સંન્યાસ લેવો. પરંતુ આ પ્રકાર સર્વસાધારણ નથી. કિન્તુ અતિવિરક્ત બ્રહ્મજ્ઞાનીઓને માટે જ છે. "એષ પન્થા બ્રહ્મણા હાનુવિત્તસ્તેનૈતિ સંન્યાસી બ્રહ્મવિદ્ ઈતિ એવમેવ એષ" એટલે કે આ રસ્તો તો જેમણે પરમાત્માને જ પોતાનું ધન માની લીધું હોય અને લૌકિક ધનની હાનિ અર્થાત્ ત્યાગ કર્યો હોય તેવા બ્રહ્મને જાણનારા સંન્યાસી માટે જ આ છે. સાથે સાથે જ એ વાત ન ભૂલવી જોઈએ કે બ્રહ્મજ્ઞાની પણ આ પ્રકારનો સંન્યાસ અતિવૈરાગ્યના પ્રકટ થયા પછી જ કરી શકે છે, અન્યથા નહીં. તેથી આ વચનમાં પ્રવ્રજ્યા ઉપર વિધિભાર નથી, પરંતુ વૈરાગ્યની અનિવાર્યતા ઉપર વિધિભાર છે– 'યદહરેવ વિરજેત તદહરેવ પ્રવ્રજેત્' અન્યથા વૈરાગ્યના અભાવમાં સંન્યાસ ન લેવો જોઈએ. આનું વર્ણન આગળ ચાલીને જ્ઞાનોત્તર સંન્યાસના રૂપમાં કરવામાં આવશે.

ચતુર્થાશ્રમરૂપ ત્રિદંડધારણાત્મક વૈધ સંન્યાસ પૂર્વે ઉદાહરણ આપ્યું છે તેમ અણુભાષ્ય (૩/૪/૧૭)ના 'સ ચ સંસ્કારઃ ફલોપકાર્યંગમિત્યાવશ્યકઃ સંન્યાસો મર્યાદામાર્ગે. પુષ્ટિમાર્ગે તુ અન્યૈવ વ્યવસ્થા' એટલે કે અને તે સંસ્કાર



મર્યાદામાર્ગીય સંન્યાસ ફલોપકારી સંસ્કાર તરીકે આવશ્યક છે, પણ પુષ્ટિમાર્ગમાં તો કાંઈક અલગ જ વ્યવસ્થા છે, આ વચન અનુસાર મર્યાદામાર્ગીય સાધકોને માટે આવશ્યક છે જ.

ભાગવત (૧૧/૨૧/૩૧–૩૪)ના

તસ્માદ્ મદ્‌ભક્તિયુક્તસ્ય યોગિનો વૈ મદાત્મનઃ ।
ન જ્ઞાનં ન ચ વૈરાગ્યં પ્રાયઃ શ્રેયો ભવેદિહ ॥૩૧॥
યત્કર્મભિર્યત્ તપસા જ્ઞાનવૈરાગ્યતશ્ચ યત્ ।
યોગેન દાનધર્મેણ શ્રેયોભિરિતરૈરપિ ॥૩૨॥
સર્વં મદ્‌ભક્તિયોગેન મદ્‌ભક્તો લભતેઽઞ્જસા ।
સ્વર્ગાપવર્ગં મદ્ધામ કથંચિત્ યદિ વાંછતિ ॥૩૩॥
ન કિંચિત્ સાધવો ધીરા ભક્તા હ્યેકાન્તિનો મમ ।
વાંછન્ત્યપિ મયા દત્તં કૈવલ્યમપુનર્ભવમ્ ॥૩૪॥

જ્ઞાન અને કર્મને ભક્તિની જરૂર છે પણ ભક્તિને જ્ઞાન અને કર્મની જરૂર નથી તેથી જ જે યોગી મારી ભક્તિથી યુક્ત હોય અને મારા ચિન્તનમાં મગ્ન રહે તેને જ્ઞાન અથવા વૈરાગ્યની પ્રાયઃ આવશ્યકતા હોતી નથી.૩૧

કર્મ, તપસ્યા, જ્ઞાન, વૈરાગ્ય, યોગાભ્યાસ, દાન, ધર્મ અને બીજા કલ્યાણ કરનારાં સાધનોથી જે કંઈ સ્વર્ગ, મોક્ષ, મારું પરમ ધામ અથવા કોઈ પણ વસ્તુ પ્રાપ્ત થાય છે, તે બધી મારો ભક્ત મારા ભક્તિયોગના પ્રભાવથી જ, જો તે ઈચ્છે તો, અનાયાસ પ્રાપ્ત કરી લે છે. ૩૨–૩૩

મારા અનન્ય અને ધૈર્યવાન સાધુભક્તો સ્વયં તો કોઈ વસ્તુની ઈચ્છા રાખતા જ નથી; જો હું તેમને આપવા ઈચ્છું અને આપું પણ છું તો પણ, બીજી વસ્તુ તો શું પણ તેઓ કૈવલ્ય–મોક્ષ–પણ લેવા ઈચ્છતા નથી. ૩૪–

આ વચનમાં મોક્ષની પણ સ્પૃહા ન રાખવાવાળા ભક્તોને માટે જ્ઞાન–વૈરાગ્ય–તપ–દાન–ધર્મ આદિની અપેક્ષા રહી જતી નથી. તેથી એવા પુષ્ટિજીવોને માટે ચતુર્થાશ્રમરૂપ સંન્યાસ પણ અનાવશ્યક બની જાય છે.

આનાથી વિપરીત જ્ઞાન–વૈરાગ્યના વિના ચતુર્થાશ્રમરૂપ ત્રિદંડ સંન્યાસ લઈને જીવવાવાળાઓની ભાગવતજીમાં(ભા/૧૧/૧૮/૪૦–૪૧) નિંદા કરવામાં આવેલી છે–

यस्त्वसंयतषड्वर्गः प्रचंडेन्द्रियसारथिः ।
ज्ञानवैराग्यरहितस्त्रिदंडमुपजीवति ॥४०॥
सुरानात्मानमात्मस्थं निह्नुते मां च धर्महा ।
अविपक्वकषायोऽस्मादमुष्माच्च विहीयते ॥४१॥

જો કોઈ અસંયમી ષડ્વર્ગી પ્રચણ્ડ ઈન્દ્રિયોનો ગુલામ અને જ્ઞાન–વૈરાગ્ય–રહિત ત્રિદંડ લઈને જીવતો હોય તો પોતાના આત્માને તે નીચે ધકેલીને મારી ઉપેક્ષા કરવાવાળો છે અને ધર્મનું હનન કરે છે. તે અપરિપકવ સાધકના આ લોક અને પરલોક બન્ને બગડે છે. તેથી ચતુર્થાશ્રમરૂપ ત્રિદંડધારણાત્મક કર્મમાર્ગીય સંન્યાસ સર્વથા શાસ્ત્રસિદ્ધ તથા શુદ્ધ પણ હોય ત્યારે કલિયુગમાં બહુ અનુમોદનીય નથી.

પદ્મપુરાણમાં આવે જ છે કે કલિયુગમાં ભક્તિ તરુણી તથા તેના બંને પુત્રો જ્ઞાન તથા વૈરાગ્ય ઘડપણથી જર્જરિત બની ગયા છે– 'અહં ભક્તિરિતિ ખ્યાતા ઈમૌ મે તનયૌ મતૌ જ્ઞાનવૈરાગ્યનામાનૌ કાલયોગેન જર્જરૌ', હું ભક્તિ છું, આ બે મારા પુત્રો છે–જ્ઞાન અને વૈરાગ્ય નામના. તે બંને કલિયુગના પ્રભાવથી જર્જરિત થઈ ગયા છે. તેથી જીર્ણ જ્ઞાન તથા જીર્ણ વૈરાગ્યવાળા સાધકોથી ત્રિદંડ સંન્યાસના નિયમ નિભાવવા મુશ્કેલ છે.

શ્રીમહાપ્રભુજી એટલા માટે જ નિષેધ કરે છે – 'સુતરાં કલિકાલતઃ' એટલે કે સ્વાભાવિક રીતે કલિયુગના દુષ્પ્રભાવના કારણે જ્ઞાનવૈરાગ્યરહિત અધિકારીઓને માટે ચતુર્થાશ્રમરૂપ કર્મમાર્ગીય સંન્યાસ વિધિ પ્રમાણે હોવા છતાં પણ ભલે અસાધ્ય ન હોય તો પણ દુઃસાધ્ય તો છે જ. તેથી પુષ્ટિજીવોને માટે પણ અનુમોદનીય નથી.

## (૩) ભક્તિસાધક શ્રવણાદિના નિર્વાહ દ્વારા ભક્તિની પ્રાપ્તિ માટે સંન્યાસ

ભાગવત (૧૧/૨૦/૯)ના – 'તાવત્કર્માણિ કુર્વીત ન નિર્વિદ્યેત યાવતા મત્કથાશ્રવણાદૌ વા શ્રદ્ધા યાવન્ન જાયતે' એટલે કે ત્યાં સુધી કર્મો કરો કે જ્યાં સુધી મારા કથાશ્રવણમાં શ્રદ્ધા પેદા ન થાય અર્થાત્ સંસારવિસ્મૃતિ થઈ પરમાત્માના કથાશ્રવણમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય ત્યાં સુધી જ કર્મો કરો. ત્યારપછી ભગવદર્થ કર્મ થશે. આ વચનના પ્રથમાવલોકનથી એમ લાગે છે કે ભગવત્કથા–શ્રવણને માટે અહીં સંન્યાસનું વિધાન કરવામાં આવ્યું છે. પરંતુ વાસ્તવિકતા આ છે કે આ વચનનું મુખ્ય તાત્પર્ય વૈરાગ્યોદય યા કથાશ્રદ્ધોદય થયા પછી કર્મત્યાગના વિધાનમાં નહીં પરંતુ વૈરાગ્યોદય યા શ્રદ્ધોદય પર્યન્ત કર્મત્યાગ ન કરવામાં છે.



તેથી સ્નેહાત્મિકા ભક્તિના સાધક શ્રવણ–કીર્તન–સ્મરણ–પાદસેવન–અર્ચન–વંદન–દાસ્ય–સખ્ય–આત્મનિવેદનરૂપ નવ અંગોનાં નિર્વિઘ્ન અનુષ્ઠાનને માટે સંન્યાસ લેવામાં પાંચ અડચણો છે :

(૧) કારણ કે સંન્યાસધર્મ મુજબ વ્યક્તિએ નિરપેક્ષ અને એકાકી વિચરણ કરવું જોઈએ– 'એકઃ ચરેન્મહીમેતાં નિઃસંગઃ સંયતેન્દ્રિયઃ'. એકલા જ આ પૃથ્વી પર નિઃસ્પૃહ થઈને ઈન્દ્રિયોને સંયમિત કરી વિચરણ કરવું જોઈએ (ભા.૧૧/૧૮/૨૦). જ્યારે ભક્તિના નવવિધ અંગ શ્રવણ વગેરેના અનુષ્ઠાનને માટે કોઈક ભક્તિમાન સહયોગીના સત્સંગની અપેક્ષા રહે છે.

(૨) કારણ કે શ્રવણને માટે વક્તા, કીર્તન–સ્મરણને માટે ગ્રંથ–તુલસીમાલા–ગોમુખી, અને પાદસેવન–અર્ચન આદિને માટે ભગવદ્વિગ્રહ, અર્ચના સામગ્રી, પુષ્પ, નૈવેદ્યાદિ યા અર્ચનાપાત્ર આદિ અનેક સાધનોની રક્ષા કરવામાં ચિત્તના વ્યગ્ર હોવાની સંભાવના રહે છે. આ સંન્યાસના અપરિગ્રહના નિયમથી ઊલટું છે– 'બિભૃયાચ્ચેન્મુનિર્વાસઃ કૌપીનાચ્છાદનં પરં ત્યક્તં ન દંડપાત્રાભ્યામન્યત્કિંચિદનાપદિ' એટલે કે સંન્યાસી જો વસ્ત્ર ધારણ કરે તો માત્ર કૌપીન જ અને વધુમાં વધુ તેના ઉપર એક એવો નાનકડો ટુકડો લપેટી લે જેથી લંગોટી ઢંકાઈ જાય તથા આશ્રમોચિત દંડ અને કમંડલુ સિવાય બીજી કોઈ પણ વસ્તુ પોતાની પાસે ન રાખે. આપત્તિકાલને બાદ કરતાં આ નિયમ સદાને માટે છે (ભા.૧૧/૧૮/૧૫).

(૩) કારણ કે સંન્યાસના કારણે પોતાના જ્યેષ્ઠ આશ્રમમાં અવસ્થિત હોવાનું અભિમાન જાગે છે– બધા સંન્યાસી સ્વામીજી બની જાય છે! જ્યારે ભક્તિમાં તો 'દાસ' બનવાનું દૈન્ય અપેક્ષિત હોય છે. શ્રવણમાં તત્ત્વનિર્ધાર માટે ક્યારેક વાદ ચર્ચા ઉપયોગી થઈ શકે છે. પરંતુ સંન્યાસમાં એ વર્જિત છે– 'વેદવાદરતો ન સ્યાત્' (ભા.૧૧/૧૮/૩૦). સંન્યાસમાં જીવાત્મા તથા પરમાત્માની વચ્ચે અભેદ બુદ્ધિનું અભિમાન –સોડહમ્ જગાડવું પડે છે જ્યારે ભક્તિ દાસોડહમ્‌ની ભેદબુદ્ધિથી ઘટિત થાય છે. ભક્તિના પ્રારંભમાં ભગવાનના સ્વામી હોવાનું તથા સ્વયમ્‌ના સેવક હોવાનું અભિમાન અધિક ઉપયોગી થાય છે.

(૪) કારણ કે ભક્તિના શ્રવણાદિ અંગોની પુનઃપુનઃ આવૃત્તિ વિહિત છે–'તસ્માદ્ ભારત સર્વાત્મા ભગવાન્હરિરીશ્વરઃ શ્રોતવ્યઃ કીર્તિતવ્યશ્ચ સ્મર્તવ્યશ્ચેચ્છતાભયમ્'. તેથી હે ભરતશ્રેષ્ઠ! સર્વાત્મા ભગવાન હરિ ઈશ્વર

સાંભળવા જોઈએ, તેમનાં કીર્તન કરવાં જોઈએ અને તેમનું જ સ્મરણ કરવું જોઈએ, જો અભયની ઈચ્છા હોય તો (ભા.૨/૧/૫). આની સુબોધિનીજીમાં કહેવામાં આવ્યું છે કે 'વિહિતે શ્રવણકીર્તને સદા ભવતઃ... ત્રયાણાં દેહપાતપર્યન્ત—માવૃતાનામેવાભયસાધકત્વમ્. ઉત્તરાવધિર્દેહપાતઃ એવ પૂર્વાવધિઃ સંસારભયજ્ઞાનમ્' એટલે કે કહેલાં શ્રવણ, કીર્તન, સ્મરણ સદા થાય છે... આ ત્રણથી જીવનના અંત સુધી ઘેરાયેલાં રહેનારને અભય સધાય છે, પૂર્વાવસ્થાના સંસારના ભયના જ્ઞાનથી માંડીને ઉત્તરાવસ્થાના દેહપાત સુધી. આ ત્રણ કોઈ ભક્તની પાસે રોકાયા વગર આમ બની શકે નહીં. જ્યારે સંન્યાસીને માટે નિરંતર એકાકી પરિભ્રમણ શ્રેષ્ઠ માનવામાં આવ્યું છે—"વાસે બહૂનાં કલહો ભવેદ્ વાર્તાદ્વયોરપિ એક એવ ચરેદ્ ભિક્ષુઃ" એટલે કે ઘણા સાથે રહે તો ઝઘડો થાય, બે જણ વચ્ચે વાતો થાય તેથી ભિક્ષુએ તો એકલા જ ફરવું જોઈએ (ભા.૧૧/૯/૧૦).

(૫) કારણકે ભક્તિનાં અંગભૂત શ્રવણાદિ નવવિધ ધર્મોનું અંતિમ પ્રયોજન ભગવત્સેવાર્થ યોગ્યતા સંપાદન કરવાનું છે જ્યારે સંન્યાસધર્મ સાધકને સિદ્ધાંતમાન્ય સેવાના સ્વરૂપ માટે અયોગ્ય બનાવી દે છે.

તેથી ચતુર્થાશ્રમરૂપ સંન્યાસ યા સ્વતંત્ર સંન્યાસ, વૈધ યા અવૈધ કોઈ પણ પ્રકારનો સંન્યાસ ભક્તિસાધક શ્રવણાદિના નિર્વાહને માટે અનુમોદનીય નથી રહી જતો.

## (૪) ભક્તિબાધક ગૃહાદિના ત્યાગ દ્વારા ભક્તિની પ્રાપ્તિને માટે સંન્યાસ

"ભક્તિવર્ધિની"માં કહેવામાં આવ્યું હતું કે "ગૃહસ્થાનાં બાધકત્વમનાત્મત્વં ચ ભાસતે" એટલે કે અને જ્યારે કૃષ્ણમાં વ્યસન થઈ જાય ત્યારે ગૃહસ્થીઓને ગૃહસ્થજીવન અને ગૃહસ્થીઓ પણ બાધક થતા લાગતા હોય છે અને અનાત્મા જેવું સર્વત્ર ભાસિત થાય છે તેથી જ્યારે ઘરમાં રહેતાં સકલ સંબંધિજન તથા પદાર્થ, ભક્તિમાં બાધક બનતા હોય તો તેમનો પરિત્યાગ કરવો જ જોઈએ. પરિણામે ભક્તિની નિર્વિઘ્ન અભિવૃદ્ધિ થઈ શકશે.પરંતુ ભક્તિનો બીજભાવ દઢ ન થયો હોય એવી સ્થિતિમાં આ પ્રકારના ગાર્હસ્થ્યથી ડરી ગયેલાઓનો ત્યાગ અંતમાં નર્યા પાખંડમાં જ ક્યારેક પર્યવસિત થાય છે. "ભક્તિવર્ધિની"માં પણ તેથી જ કહેવામાં આવેલું છે કે ત્યાગમાં દુઃસંગ તથા અન્નદોષના કારણે વધારે અધઃપાતનાં ભયસ્થાન છે. એ જ વાત અહીં પણ ત્રણ પ્રકારની વિપ્રતિપત્તિઓ દ્વારા સમજાવવામાં આવી રહી છે :



(૧) કારણ કે ત્યાગ કર્યા પછી પણ ભિક્ષાટનને માટે પુનઃ ગૃહસ્થોનાં દ્વાર પર જવું પડે છે. આ ગૃહસ્થ—દાતા સંન્યાસ લેવાવાળાના પરિવારથી કોઈ અલગ ઢંગના હોતા નથી. તેમના ઘરનું અન્ન ભગવાનને નિવેદિત કરેલું હોય એ જરૂરી નથી તેથી એવા અન્નથી મતિ ભ્રષ્ટ થઈ શકે છે.

(૨) કારણ કે કલિયુગના પ્રભાવના કારણે બધું બહારથી છોડી દીધા પછી પણ સાહજિક રીતે સંભવ છે કે આંતરિક આસક્તિ યા વાસના ન પણ તૂટે અને વ્યક્તિ, ત્યાગીને બદલે પાખંડી બની જાય.

(૩) કારણ કે આ રીતે ત્યાગનો પાખંડ કરવાવાળા વિષયાક્રાંત વ્યક્તિના દેહમાં ક્યારેય હરિના આવેશનો સંભવ જ નથી.

તેથી પુષ્ટિમાર્ગીયોએ આ પ્રકારની અદઢ બીજભાવવાળી ભક્તિની સાધનાવસ્થામાં આશ્રમરૂપ યા સ્વતંત્ર, વૈધ યા અવૈધ, કોઈપણ પ્રકારનો ત્યાગ યા સંન્યાસ ન લેવો જોઈએ— જો તેમની ઈચ્છા ભક્તિસુખ લેવાની હોય તો.

## (૫) ભગવદ્વિરહાનુભવાર્થ ભક્ત્યુત્તર સંન્યાસ

'ભક્તિવર્ધિની'માં ભક્તિનો વ્યસનદશાપર્યન્ત વિકાસ દર્શાવવામાં આવ્યો છે. તે સિદ્ધ થાય તે પછી સ્વગૃહમાં નિશ્ચયપૂર્વક ભગવત્સેવા ન નભતી હોય તો અને તીવ્ર વિપ્રયોગની અનુભૂતિમાં ઘરબારની ઝંઝટોના કારણે વિઘ્નની સંભાવના દેખાતી હોય, ત્યારે ગૃહત્યાગની છૂટ આપી શકાય છે. આ સંન્યાસ બીજભાવની દઢતા થયા પછી કરવામાં આવેલો હોવાથી ક્યારેય પણ ભક્તને પદભ્રષ્ટ નથી કરતો.

ભાગવત (૧૧/૧૮/૨૮—૩૬)માં—

જ્ઞાનનિષ્ઠો વિરક્તો વા મદ્ભક્તો વાનપેક્ષકઃ।
સલિંગાનાશ્રમાંસ્ત્યક્ત્વા ચરેદવિધિગોચરઃ॥૨૮॥
× × × × × × ×
શૌચમાચમનં સ્નાનં ન તુ ચોદનયા ચરેત્ ।
અન્યાંશ્ચ નિયમાન્ જ્ઞાની યથાહં લીલયેશ્વરઃ॥૩૬॥

જ્ઞાનનિષ્ઠ હોય, વિરક્ત હોય કે કોઈનીયે અપેક્ષા ન રાખવાવાળો મારો ભક્ત હોય તો તેણે પોતાના આશ્રમ અને તેનાં ચિહ્નોને પણ છોડી સ્વતંત્ર વિચરણ કરવું જોઈએ અને તે શૌચ અને આચમન કે સ્નાન ઈત્યાદિ પણ ન કરે કારણ કે તે શાસ્ત્રાજ્ઞાને આધીન રહી નથી કરતો પણ જેમ હું લીલાર્થ કરું છું તેમ કરે.

અહીં ચતુર્થાશ્રમરૂપ સંન્યાસથી ભિન્ન એક પરિત્યાગની આજ્ઞા સ્પષ્ટ જોવામાં આવે છે.

આ જ સ્કંધના બારમા અધ્યાયમાં ભગવાને સમજાવ્યું છે કે–

'કેવલેન હિ ભાવેન ગોપ્યો ગાવો ખગા મૃગાઃ ।
યેઽન્યે મૂઢધિયો નાગાઃ સિદ્ધાઃ મામીયુરઞ્જસા ।।૮।।

* * * * * *

મામેકમેવ શરણમાત્માનં સર્વદેહિનામ્ ।
યાહિ સર્વાત્મભાવેન મયા સ્યા હ્યકુતોભયમ્ ।।૧૫।।

(ભા.૧૧–૧૨–૮ થી ૧૫)

ગોપીજનો, ગાયો, પક્ષીઓ, પશુઓ, સુદર્શન, કાલીય નાગ વગેરે તો સાધન–સાધ્યની બાબતમાં બિલકુલ મૂઢ બુદ્ધિવાળાં હતાં. આટલા જ નહિ બીજા પણ અનેક થઈ ગયા છે જેમણે માત્ર પ્રેમપૂર્ણ ભાવ, પ્રેમ, દર્શન, સ્પર્શ વગેરે દ્વારા જ વિના પ્રયાસે મારી પ્રાપ્તિ કરી લીધી અને કૃતકૃત્ય થઈ ગયા. ૮

* * * * * *

તેથી હે ઉદ્ધવ ! તમે શ્રુતિ–સ્મૃતિ, વિધિ–નિષેધ, પ્રવૃત્તિ–નિવૃત્તિ અને શ્રવણ કરવા યોગ્ય અને શ્રવણ કરેલા વિષયોનો પણ પરિત્યાગ કરી દઈ, સર્વત્ર મારી જ ભાવના કરતા, સમસ્ત પ્રાણીઓનો આત્મા હું જ છું એમ સમજીને મારું અનન્ય શરણ ગ્રહણ કરી લો, કારણકે મારે શરણે આવી જવાથી તમે સર્વથા નિર્ભય થઈ જશો (૧૪–૧૫).

અહીં પ્રવૃત્તિધર્મની જેમ નિવૃત્તિધર્મના પણ ત્યાગનું વિધાન કરવામાં આવ્યું છે. ભક્તિની વ્યસનદશામાં પ્રકટ થતાં વિગાઢભાવ યા સર્વાત્મભાવ દ્વારા ચિત્તને નિરંતર ભગવાનમાં જ મગ્ન બનેલું રાખવાની તથા તેમાં તીવ્ર વિયોગજન્ય તાપને સહાયક માનવાની આ ભગવદનુરક્તિપ્રધાન વૈરાગ્યમૂલક સંન્યાસની રીતિનું જ– 'મદ્ ભક્તો... સલિંગાનાશ્રમાંસ્ત્યક્ત્વા ચરેદ્' માં વિધાન કરવામાં આવેલું છે.

ગીતા (૧૨/૬–૮)માં આ જ સંન્યાસનું નિરૂપણ છે–

યે તુ સર્વાણિ કર્માણિ મયિ સંન્યસ્ય મત્પરાઃ ।
અનન્યેનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે ।।૬।।



તેષામહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્ ।
ભવામિ ન ચિરાત્પાર્થ મય્યાવેશિત ચેતસામ્ ।।૭।।
મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય ।
નિવસિષ્યસિ મય્યેવ અત ઊર્ધ્વં ન સંશયઃ ।।૮।।

જે મારી બાબતમાં તત્પર થઈને બધાં કર્મો મને સમર્પણ કરીને મારું ધ્યાન કરતાં કરતાં, અનન્ય યોગથી મારી જ ઉપાસના કરે છે. ૬

મારામાં જ જેનું ચિત્ત લાગેલું હોય છે, તેમનો મૃત્યુરૂપી સંસારસાગરમાંથી હું શીઘ્ર ઉદ્ધાર કરું છું. ૭

મારામાં જ મન લગાડ, મારામાં બુદ્ધિ સ્થિર કર–એમ કરવાથી તું મારામાં જ નિવાસ કરીશ. એ બાબતમાં કોઈ સંશય નથી. ૮

**વેશ :** આ પ્રકારનો પરિત્યાગ કરતી વખતે જો પરિવારના લોકોનો મોહ આપણી બાબતમાં તૂટતો ન હોય તો સંન્યાસીનો વેશ ધારણ કરી લેવો જોઈએ જેથી મોહ તૂટી જાય. અન્યથા એ અનિવાર્ય નથી.

**ગુરુ :** પરિત્યાગના આ પ્રકારમાં પ્રૈષોચ્ચાર (પ્રૈષ–આજ્ઞા, આદેશ) આદિને માટે કોઈ ગુરુની અપેક્ષા નથી. પહેલા કહેવામાં આવ્યું તે મુજબ ઉદ્ધવોપદેશમાં ભગવાને ગોપિકાઓના ભગવદનુરાગમૂલક વૈરાગ્યના વર્ણન દ્વારા જેવી રીતે ઉદ્ધવને ભક્તિમાર્ગીય સંન્યાસની પ્રેરણા આપી, તે પ્રમાણે આ પ્રકારના સંન્યાસમાં ગુરુ તરીકે વ્રજની ગોપિકાઓને જ માનવી જોઈએ. કૌણ્ડિન્ય ઋષિના ચરિત્ર (ભવિષ્યોત્તર)માં પણ આ પ્રકારના પરિત્યાગનું ઉદાહરણ મળે છે. તેથી તેઓ પણ ગુરુતુલ્ય છે.

**સાધન :** પહેલા જણાવી ગયા તે મુજબ ઉદ્ધવોપદેશમાં જેવી રીતે ભગવાને ગોપિકાઓના પરિત્યાગના કારણ સિદ્ધ 'કેવલભાવ'ની પ્રશંસા કરી છે, તેની જેમ આ વિરહના અનુભવાર્થે સંન્યાસમાં કેવલભાવ જ સાધન છે.

**ભાવોદ્બોધનનો ઉપાય :** ભગવાન જ્યારે મથુરા પધાર્યા ત્યારે જેવી રીતે ગોપિકાઓને તીવ્ર વિરહાનુભૂતિના કારણે ચિત્તની નિરંતર ભગવાનમાં એકતાનતા સિદ્ધ થઈ ગઈ હતી, એવી જ રીતે આપણા ઘરના વ્રજમાં જ્યારે આપણને ભગવત્સેવાનું સુખ ન મળી શકતું હોય, ત્યારે ભગવાનના મથુરાગમનની ભાવના કરવી જોઈએ. આ ભાવનાના કારણે ભક્તના હૃદયમાં ગોપિકાઓની જેમ તીવ્ર વિરહવેદના પ્રકટ થવા લાગશે.... અને એક દિવસ અકસ્માત મન એટલું બધું

બેચેન બની જશે કે ભક્ત ઘરની બહાર નીકળી પડશે– પોતાના ભગવાનની શોધમાં !

આ ત્યાગ પ્રપંચના દોષદર્શનમૂલક કેવલ શુષ્ક વૈરાગ્યથી પ્રેરિત નથી પણ પ્રભુના દિવ્ય મધુર ગુણોની તરફ સરસ અનુરાગથી પ્રેરિત હોય છે. તેથી પરિત્યાગનો આ પ્રકાર ભક્તિમાર્ગમાં પ્રશંસનીય છે.

ત્યાગના આ પ્રકારને કોઈ અનુચિત ન માની બેસે એટલા માટે ભગવાને– 'ચરેદવિધિગોચરઃ' એમ કહીને ઉત્તમાધિકારીઓને માટે આ પ્રકારના ત્યાગની અનુજ્ઞા તથા મધ્યમાધિકારીઓને માટે આજ્ઞા આપી દીધી છે. એટલા જ માટે યથાધિકાર 'ચરેદ્'ના અનુજ્ઞા તથા 'આજ્ઞા' એ બંને અર્થો સ્વીકારવામાં કોઈ બાધા કે વિરોધાભાસ નથી. 'સૂર્ય અસ્ત પામી રહ્યો છે' એવા એક જ વાક્યના બે તાત્પર્ય : બ્રાહ્મણના સાયંસંધ્યાર્થ ઉદ્યત હોવાના રૂપમાં; તથા ગૃહિણીના સાયંકાલના ખાણાને રાંધવાના કાર્યમાં ઉદ્યત હોવાના રૂપમાં, અધિકારભેદથી લઈ શકાય છે.

ગોપાલતાપિની ઉપનિષદમાં– 'ભક્તિરસ્ય ભજનં તદિહામુત્રોપાધિનૈરાશ્યેનૈવ અમુષ્મિન્ મનઃકલ્પનમ્ એતદેવ ચ નૈષ્કર્મ્યમ્', ભક્તિ એનું ભજન છે તેનાથી આ લોક અને પરલોકમાં નિરપેક્ષતાનો ભાવ આવે અને તેનામાં મન લાગી જાય તે જ નૈષ્કર્મ્ય ભાવ છે એમ કહીને–આ જ ભક્તિમાર્ગીય સંન્યાસનું રૂપ 'નૈષ્કર્મ્ય' પદથી સૂચિત કરવામાં આવ્યું છે.

**પરિણામ :** પરંતુ આ વિરહાનુભવાર્થે પરિત્યાગનું પરિણામ સારું નથી હોતું ! વાર્તાપ્રસંગમાં આને વિશે એક મજેદાર પ્રશ્ન તથા ઉત્તર મળે છે.

પ્રશ્ન– 'તમારા સેવક આટલા દૂબળા કેમ ?

ઉત્તર– 'ના પાડી છતાંય મારગમાં આવ્યા તેનું ફળ ભોગવી રહ્યા છે.'

વિરહાનુભવાર્થે જે પરિત્યાગ કરવામાં આવે છે તેમાં તદનુરૂપ ભાવનાઓને કરવાથી એક દિવસ વિરહવેદનાની પીડા મનમાં ઊઠી; અથવા ભાવનાનો પ્રવાહ વહેવા માંડતા ક્યાંક–કોઈક ભાવના સાગરમાં પર્યવસિત થયો કે હૃદયમાં પ્રેમનો સાગર લહેરાવા લાગશે ! તેની અનેક લહેરો– (ચક્ષુરાગ–જોવાની કામના, મનઃસંગ, સંકલ્પ, નિદ્રાભંગ, કૃશતા, વિષયનિવૃત્તિ, શરમનું દૂર થવું, ઉન્માદ, મૂર્છા તથા મરણ) ઉદ્ભવશે અને આત્મા તથા દેહના બંને તટબંધોને તોડી નાખશે ! દેહ, ઈન્દ્રિય, અંતઃકરણ, પ્રાણ, આત્મા– આ બધું પ્રેમના પૂરથી છવાયેલું થઈ જશે !



આ પ્રેમજન્ય વિકલતા તથા અસ્વાસ્થ્ય ભક્તિની ચરમપ્રકૃતિ યા સ્વભાવ જ છે. તેને લૌકિક યા પ્રાકૃત અસ્વાસ્થ્યના જેવો ન સમજવો જોઈએ. આ તો પરમાનંદરૂપ પરમાત્માનો જીવાત્મા સાથે ઘનિષ્ઠ સંસ્પર્શ છે ! એક પ્રેમાદ્વૈતથી બધાય દ્વૈતોના પ્લાવિત થવા છતાં પણ બચેલો પ્રિયતમ તથા પ્રેમીનો– ભગવાન તથા ભક્તનો–એક મધુર દ્વૈત છે ! આને બ્રહ્મવાદી શુદ્ધાદ્વૈતવાદ જ્ઞાનની; અથવા બ્રહ્મના જ્ઞાનમાર્ગીય ગુણો (જેવા કે બ્રહ્મનું સર્વવ્યાપીપણું, સર્વત્ર હોવાપણું, સર્વનિરપેક્ષ આત્મારામ હોવાપણું, નિરાકાર–વ્યાપક હોવાપણું) આ બધાની ચર્ચાથી સ્વયં યા અન્ય કોઈ મિટાવી ન દે, તેની સાવધાની રાખવી જોઈએ, કારણ કે આ જ્ઞાન તથા પરમાત્માના જ્ઞાનમાર્ગીય ગુણ ભક્તિમાર્ગીય ભાવના બાધક હોય છે.

જ્ઞાન, વૈરાગ્ય, સંન્યાસ આદિ વિશેષતાઓને કારણે જેવી રીતે જ્ઞાનમાર્ગીય સાધક સત્યલોકમાં અવસ્થિત થાય છે, એવી જ રીતે ભક્તિમાર્ગીય જીવ ભાવનાના બળ ઉપર વ્યાપિવૈકુંઠમાં ચાલતી ભગવાનની નિત્ય વ્રજલીલાઓમાં અવસ્થિત થઈ શકે છે. તેથી 'પરમાત્મા વ્યાપક હોવાથી મથુરા નથી જઈ શકતો– એ તો સર્વત્ર વિદ્યમાન છે,' એવી જ્ઞાનમાર્ગીય વાતોથી ભાવખંડન થવા ન દેવું જોઈએ.

સ્નેહની જે દશ અવસ્થાઓ– ચક્ષુરાગથી મરણ સુધીની ગણાવી, તેમાં દશમી અવસ્થા મરણ ત્યાં સુધી સંભવિત નથી જ્યાં સુધી વિરહદશા સર્વથા અસહ્ય નથી બની જતી. ગાઢ અનુરાગ તથા વિયોગના કારણે આસક્તિ–ભ્રમન્યાયથી ભક્તના અંતરમાં ભગવાનની બધી લીલાઓ અનુભૂત થતી રહે છે. ક્યારેક આ લીલાઓ બહાર પણ પ્રકટ થઈ જાય છે. એક વખત બહાર પ્રકટ થઈ કે પછી તેમનું અપ્રકટ થવું ભક્તને માટે અસહ્ય બની જાય છે. એવું કદી થઈ જાય તો ભક્તને માટે પ્રાણધારણ અશક્ય બની જાય છે. લાકડામાં અગ્નિ છૂપી રીતે રહેલ હોય છે પણ એક વખત જો એ અગ્નિ પૂર્ણ રીતે પ્રકટ થઈ જાય તો એ બુઝાતાં બુઝાતાં પણ કાષ્ઠને સંપૂર્ણ રીતે બાળીને તેની રાખ બનાવી દે છે. આવી જ રીતે સ્થાયિભાવના રૂપમાં આપણા અંતરમાં છુપાયેલ પરમાનંદાત્મક શ્રીકૃષ્ણ જો આલંબન વિભાવના રૂપમાં એક વખત બહાર પ્રકટ થઈ ગયા પછી તિરોહિત થઈ જાય તો બધાં દેહાદિકનાં બંધનો તૂટી જાય છે !

આ સ્થિતિ પર પહોંચતા પહેલાં વિપ્રયોગમાં ભક્તના પ્રાણો ભગવાનના ગુણો જ ટકાવી રાખે છે. ભગવાનના ભક્તિમાર્ગીય ગુણોની સ્મૃતિ અથવા કીર્તનમાં

ભક્તને જે એકસરખો ચાલુ રીતે સંતોષ મળતો રહે છે, તેને લીધે એ ભક્તના પ્રાણ, પોતાના પ્રાણપ્રિય પ્રભુના સંગ વિનાની અવસ્થામાં પણ ટકી રહેતા હોય છે.

વિરહની અનુભૂતિની આ પ્રક્રિયામાં ભગવાનના રસાત્મક સ્વરૂપની અનુભૂતિ પૂર્ણતાની સ્થિતિ પર પહોંચી જાય છે. તેનું કારણ એ છે કે રસશાસ્ત્રના વિવેચકોએ રતિને કે પ્રેમને દ્વિદલાત્મક અર્થાત્ સંયોગ અને વિયોગ રૂપ માનેલ છે. તે પ્રમાણે આ વિરહનો અનુભવ પણ ભગવાનના રસાત્મક અનુભવનો એક ભાગ કે એક અંગ જ છે. પરિણામે આ અનુભૂતિની અપૂર્ણતામાં ભગવાન પ્રકટ થઈને સ્વયં ભક્તની ફલપ્રાપ્તિમાં બાધા પહોંચાડતા નથી.

અહીં એક શંકા ઊભી થઈ શકે છે કે પછી ઉદ્ધવજી દ્વારા સ્વયં ભગવાને જ્ઞાનમાર્ગીય સંદેશ ગોપિકાઓને વિરહવેદનામાંથી સ્વસ્થ કે શાંત કરવા માટે શા માટે મોકલ્યો ? આનો ઉત્તર આ જ છે કે ભગવાનને એ ખબર હતી કે ઉદ્ધવજીના જ્ઞાનનો રંગ ગોપિકાઓની ઉપર નહીં ચડે. ઊલટાનો ઉદ્ધવજીની ઉપર જ ગોપિકાઓના પ્રેમનો રંગ ચડી જશે. આ જ કારણને લીધે ભગવાનના સંદેશનો– સ્વાસ્થ્ય વાક્યોનો– ગોપિકાઓએ સ્વીકાર કર્યો નહીં.

આવી જ રીતે તેમનું અનુકરણ કરીને વિરહાનુભવાર્થ પરિત્યાગ કરવાવાળા ભક્તોને જો કોઈ જ્ઞાની અથવા મર્યાદામાર્ગીય ભક્ત દ્વારા ભાવખંડનની વાતો સંભળાવવામાં આવતી હોય તો એ વાતો સાંભળી જ નથી એમ વર્તવું જોઈએ. પછી ભલે એ વાતો વેદાન્તાદિ શાસ્ત્રોથી પ્રમાણિત પણ કેમ ન હોય.

આ શાસ્ત્રીય સિદ્ધાંતોની ઉપેક્ષાથી ભગવાન નારાજ થઈ જશે એમ માની લેવું ન જોઈએ. કારણ કે ભગવાન તો દયાળુ છે, તેથી જેમ જ્ઞાનના આવેશમાં શાસ્ત્રીય મર્યાદાના ઉલ્લંઘનને ખોટું નથી માનતા એવી જ રીતે ભાવાવેશમાં ગોપિકાઓ દ્વારા કરવામાં આવેલી ભગવદ્દુપદેશની ઉપેક્ષાનું પણ ખરાબ નહોતું માન્યું.

## (૬) પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિના સ્વભાવથી જ પ્રયુક્ત ભક્તિ પછીનો સંન્યાસ

ભક્તિમાર્ગીય મધ્યમાધિકારરૂપ સંન્યાસ, જે ગોપિકાઓની લોક–વેદત્યાગપૂર્વક સર્વાત્મભાવવાળી ભક્તિની ભાવના કરતી વખતે કરવામાં આવે છે, તે ગોપિકાઓનો પરિત્યાગ ન તો આશ્રમરૂપ છે ન તો વૈધ (જેનું વિધાન



કરવામાં આવેલું છે તેવો) છે. ચતુર્થાશ્રમરૂપ સંન્યાસ ફક્ત બ્રાહ્મણ પુરુષોને માટે જ કહેલો છે, જેઓ બ્રાહ્મણ ન હોય તેમને માટે યા તો સ્ત્રીઓ માટે નથી. ગોપિકાઓનો ત્યાગ, એ જ કારણથી કોઈ શાસ્ત્રવિધિથી પ્રેરિત ન હતો, પરંતુ તેમના ચિત્તની ભગવાનમાં ઊંડી લગનીથી પ્રેરાયેલો હતો. તેમની ભગવાનમાં આસક્તિનું સહજ અંગ હતું.

સ્વયં ભગવાને ગોપિકાઓના આ અનુરાગમૂલક પરિત્યાગનું વર્ણન આ શબ્દોમાં કર્યું છે– 'તા મન્મનસ્કા મત્પ્રાણા મદર્થે ત્યક્તદૈહિકાઃ યે ત્યક્તલોકધર્માશ્ચ મદર્થે'. અર્થ– એ ગોપિકાઓ મારામાં મનવાળી હતી, મારામાં તેમણે તેમના પ્રાણને જોડ્યા હતા, મારે માટે તેમણે દૈહિક વ્યાપારોનો ત્યાગ કર્યો હતો અને તેમણે મારે માટે ધર્મનો તથા લોકોનો ત્યાગ કર્યો હતો (ભા/૧૦/૪૬/૪). વસ્તુતઃ ગોપિકાઓનો કેવલ પ્રેમભાવથી વિવશ બનીને કરવામાં આવેલો ત્યાગ હતો. ત્યાગનો આ પ્રકાર બહુ દુર્લભ છે.

## (૭) જ્ઞાનાર્થ સંન્યાસ

પુષ્ટિમાર્ગીય જીવને માટે જ્ઞાનાર્થ સંન્યાસ બહુ જ લાભકારી નથી હોતો; જ્ઞાનાર્થ સંન્યાસ લેતાં પહેલાં પૂર્વાશ્રમના વેદાધ્યયન, દાન, યજ્ઞ આદિ કર્તવ્યો દ્વારા ચિત્તને શુદ્ધ કરવાની આવશ્યકતા હોય છે. અન્યથા કેવલ ત્યાગ યા તો વૈરાગ્યથી ચિત્તશુદ્ધિ કલિયુગમાં શક્ય નથી. જે લોકો આ પ્રકારનો ચિત્તશુદ્ધિના હેતુવાળો સંન્યાસ કલિયુગમાં લેતા હોય છે તેમને કાં તો એ પછી પસ્તાવું પડે છે અને/અથવા તેઓ સંન્યાસનો પાખંડી દેખાવ કરવામાં પ્રવીણ બની જાય છે. તેથી જ મનુસ્મૃતિ (૬/૩૪–૩૭)માં કહેવામાં આવ્યું છે કે 'આશ્રમાદાશ્રમં ગત્વા હુતહોમો જિતેન્દ્રિયઃ ભિક્ષાબલિ પરિશ્રાન્તઃ પ્રવ્રજન્પ્રેત્ય વર્ધતે ૠણાનિ ત્રીણ્યપાકૃત્ય મનો મોક્ષે નિવેશયેત્ અનપાકૃત્ય મોક્ષં તુ સેવમાનો વ્રજત્યધઃ અનધીત્ય દ્વિજો વેદાન્ અનુત્પાદ્ય તથા સુતાન્ અનિષ્ટ્વા ચૈવ યજ્ઞૈશ્ચ મોક્ષમિચ્છન્ વ્રજત્યધઃ'. અર્થ : એક આશ્રમથી બીજા આશ્રમમાં ગયા પછી, જેણે હોમ કરેલો છે એવો તથા જિતેન્દ્રિય બનીને, ભિક્ષાર્થ અટનથી બહુ થાકી ગયો હોય તેવો જો સંન્યાસ લે તો વધે છે ત્રણ પ્રકારનાં ૠણો–દેવૠણ, પિતૃૠણ, આચાર્યૠણ. એ અદા કર્યા પછી મનને મોક્ષમાં જોડવું. પરંતુ મોક્ષને લાયક બન્યા વગર સંન્યાસનું સેવન કરે તો તેનું અધઃપતન થાય છે; બ્રાહ્મણ હોઈને વેદોનું અધ્યયન કર્યા વગર તથા પુત્રોનું ઉત્પાદન કર્યા વગર અને યજ્ઞોથી યજન કર્યા વગર જો મોક્ષની ઈચ્છા કરે તો તેનું અધઃપતન થાય છે.

કેટલાક લોકો કહે છે કે આ તો અવિરક્ત મુમુક્ષુની નિંદા છે, વિરક્ત મુમુક્ષુની નહીં. અહીં વિચાર કરવા યોગ્ય બાબત આ જ છે કે મોક્ષની ઈચ્છાથી સંન્યાસ લેવાનો નિષેધ કરવામાં આવી રહ્યો છે અને મોક્ષની ઈચ્છા વૈરાગ્ય સિવાય બીજી કઈ હોઈ શકે? ત્રણ ઋણના અપાકરણ(દૂર કર્યા) વિના ચિત્તશુદ્ધિ સંભવ નથી– અશુદ્ધ ચિત્તમાં જ્ઞાન–વૈરાગ્ય સ્થિર નથી થઈ શકતાં– તેથી એવા લોકો દ્વારા કરવામાં આવેલો સંન્યાસ પશ્ચાત્તાપ અથવા પાખંડમાં જ પરિણમે છે.

આ વાત બધા પ્રકારના જીવોને લાગુ પડે છે. તેથી પુષ્ટિમાર્ગીય જીવોને પણ શ્રીમહાપ્રભુજી તેથી જ નિષેધ કરતાં કહે છે– 'તસ્માજ્ જ્ઞાને ન સંન્યસેત્' એટલે કે જ્ઞાનપ્રાપ્તિ નિમિત્તે સંન્યાસ ન લેવો જોઈએ કેમકે સંન્યાસ તો માત્ર સંસારમાંથી વિરક્તિ અને મુમુક્ષતા પ્રાપ્ત થયા પછી બ્રહ્માનંદ માટે જ લેવાનો હોય છે, જ્ઞાન પ્રાપ્તિ માટે નહીં. માટે શ્રીમહાપ્રભુજી પુષ્ટિજીવોને કહે છે કે પ્રપંચની વિસ્મૃતિ અને ભગવદ્આસક્તિ વગર જો સંન્યાસ લેવામાં આવે તો બ્રહ્માનંદ પ્રાપ્ત ન થાય અને પુષ્ટિજીવોને તો બ્રહ્માનંદની આગળનો ભજનાનંદ લેવાનો છે માટે.

## (૮) જ્ઞાનોત્તર સંન્યાસ

જ્ઞાનોત્તર સંન્યાસ વૈરાગ્ય પ્રકટ થયા પછી સ્વાભાવિક રીતે પ્રાપ્ત થાય છે. એ કારણથી આને માટે આજ્ઞા નહીં પરંતુ અનુજ્ઞા (રજા–છૂટ–પરવાનગી) ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ આદિમાં મળે જ છે. જાબાલોપનિષદમાં – 'યદિ વેતરથા...યદહરેવ વિરજેત્ તદહરેવ પ્રવ્રજેત્'

અર્થ : જો વૈરાગ્ય પ્રકટે તો....જે દિવસે વૈરાગ્ય ઉત્પન્ન થાય તે દિવસે જ ચાલી નીકળવું–આ વચનોમાં આ જ જ્ઞાનોત્તર સંન્યાસનું સૂચન છે– એ જ કહેવામાં આવેલો છે.

તો પણ પુષ્ટિમાર્ગીય જીવોને માટે આ પ્રકારના જ્ઞાનોત્તર સંન્યાસની, તેના ફલની તથા જ્ઞાનની પણ ખાસ મહત્તા નથી. તેથી જ ભાગવત(૧/૫/૧૨)માં આવે છે કે–

નૈષ્કર્મ્યમપ્યચ્યુતભાવવર્જિતં ન શોભતે જ્ઞાનમલં નિરઞ્જનમ્।

અવિદ્યારહિત, નિર્ગુણ જ્ઞાન પણ ભગવાનના ભાવ વિનાનું હોય તો બરાબર શોભતું નથી.



ગીતા (૧૨/૨–૫)માં પણ જ્ઞાનમાર્ગીય અવ્યક્તોપાસના તથા કૃષ્ણભક્તિના તુલનાત્મક મહત્ત્વનો વિચાર કરતી વખતે ભગવાને જ્ઞાનમાર્ગીય અવ્યક્તોપાસના કરતાં કૃષ્ણભક્તિને ઉપયોગી ગણી છે.–

મય્યાવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે।
શ્રદ્ધયા પરયોપેતાસ્તે મે યુક્તતમા મતાઃ ।।૧૨/૨।।

મારા વ્યકત સાકાર રૂપમાં મન પરોવીને નિત્ય યોગ કરતાં કરતાં જે શ્રેષ્ઠ મનુષ્ય શ્રદ્ધાયુક્ત થઈને મારી (વ્યક્તરૂપની) ઉપાસના કરે છે તે શ્રેષ્ઠ યોગી છે. એવો મારો મત છે.

યે ત્વક્ષરમનિર્દેશ્યમવ્યક્તં પર્યુપાસતે।
સર્વત્રગમચિન્ત્યં ચ કૂટસ્થમચલં ધ્રુવમ્ ।।૧૨/૩।।
સંનિયમ્યેન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ।
તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતે રતાઃ ।।૧૨/૪।।

જે બધાં પ્રાણીઓનું હિત કરવામાં તત્પર થઈને, સર્વત્ર સમબુદ્ધિ રાખીને, બધી ઈન્દ્રિયોનો સંયમ કરીને, મારા અવ્યક્ત, અચિંત્ય, અવર્ણનીય, સર્વવ્યાપક, સર્વોપરિ, સ્થિત, અચંચળ, સ્થિર અને અવિનાશી રૂપની ઉપાસના કરે છે તે બધા મને જ પ્રાપ્ત કરે છે.

ક્લેશોઽધિકતરસ્તેષામવ્યક્તાસક્તચેતસામ્।
અવ્યક્તા હિ ગતિર્દુઃખં દેહવદ્ભિરવાપ્યતે ।।૧૨/૫।।

જેમનું ચિત્ત અવ્યક્તમાં લાગેલું છે તેમને ઘણું દુઃખ થાય છે કારણ કે દેહધારીઓને (વ્યક્તને) અવ્યક્તની પ્રાપ્તિ ઘણી મુશ્કેલીથી થાય છે.

હજારો વર્ષો સુધી જ્ઞાનમાર્ગ પર યાત્રા કર્યા પછી ક્યારેક ક્યારેક જીવ શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિ તરફ વળી શકે છે. 'બહૂનાં જન્મનામન્તે જ્ઞાનવાન્માં પ્રપદ્યતે, વાસુદેવઃ સર્વમિતિ સ મહાત્મા સુદુર્લભઃ. ઘણા જન્મોના અંતે જ્ઞાનવાન્ મને પ્રાપ્ત કરે છે. વાસુદેવ જ બધું છે તેવું જાણનારો મહાત્મા બહુ દુર્લભ છે (ગીતા ૭/૧૯). તેથી શ્રીકૃષ્ણ તરફ વળેલા ઘણા દુર્લભ મહાત્માઓએ પુનઃ અધિક ક્લેશ આપવાવાળી અવ્યક્તોપાસનાના જ્ઞાનમાર્ગની તરફ દષ્ટિ પણ ન કરવી જોઈએ. તેથી જ એમ કહેવામાં આવે છે કે 'જન્માન્તરસહસ્રેષુ તપોજ્ઞાનસમાધિભિઃ નરાણાં ક્ષીણપાપાનાં કૃષ્ણે ભક્તિઃ પ્રજાયતે'. સહસ્ર જન્મોના અંતે તપ, જ્ઞાન અને સમાધિ દ્વારા માનવીઓનાં પાપો ક્ષીણ થાય છે

અને ત્યારપછી તેમની કૃષ્ણમાં ભક્તિ ઉત્પન્ન થાય છે (પાંડવગીતા ૪૧). તેથી જ જ્ઞાનોત્તર સંન્યાસ લેવાવાળા હજારો લોકોને હજાર જન્મોનો અંતરાય કૃષ્ણભક્તિનો હેતુ બની જાય છે.

**ભક્તિમાર્ગમાં પણ દોષસંભાવના તથા તેનું નિરાકરણ**

જે પ્રકારના દોષ કર્મમાર્ગમાં તથા જ્ઞાનમાર્ગમાં દર્શાવવામાં આવ્યા, જેમકે પાખંડ યા વિષયાસક્તિ આદિ, તે પ્રકારના દોષો ભક્તિમાર્ગમાં પણ સંભવિત છે ! આ શંકા અનુચિત છે કારણ કે દોષોત્પત્તિ ત્રણ પ્રકારે સંભવિત છે (૧) કાલના પ્રભાવથી (૨) જીવાત્માના સ્વભાવથી (૩) પરમાત્માની ઈચ્છાથી.

(૧) કલિયુગનો પ્રભાવ ભક્તિમાર્ગ પર નથી પડતો—

પુંસાં કલિકૃતાન્ દોષાન્ દ્રવ્યદેશાત્મસંભવાન્ ।
સર્વાન્ હરતિ ચિત્તસ્થો ભગવાન્પુરુષોત્તમઃ ॥
(ભાગ. ૧૨—૩—૪૫)

વિદ્યાતપઃપ્રાણનિરોધમૈત્રીતીર્થાભિષેકવ્રતદાનજપ્યૈઃ।
નાત્યન્તશુદ્ધિં લભતેઽન્તરાત્મા યથા હૃદિસ્થે ભગવત્યનન્તે॥
(ભાગ.૧૨—૩—૪૮)

અર્થ : કલિયુગમાં કરેલા બધા દોષો— દ્રવ્ય, દેશ, કાલ વગેરે પ્રકારના જે મનુષ્યોથી થવાનો સંભવ છે તે બધાને ચિત્તમાં રહેલા ભગવાન પુરુષોત્તમ દૂર કરે છે. અન્તરાત્મા વિદ્યાથી, તપથી, પ્રાણના નિરોધથી, મૈત્રીથી, તીર્થસ્નાનથી, વ્રતથી, દાનથી, જપથી કે બીજા કોઈ સાધનથી સંપૂર્ણ શુદ્ધિને મેળવતો નથી, જેટલો હૃદયમાં ધારણ કરેલા અનંત એવા ભગવાન દ્વારા પ્રાપ્ત કરે છે.

સ્વયં ભગવાન પણ ગીતા (૯/૩૦—૩૧)માં કહે છે કે—

અપિ ચેત્ સુદુરાચારો ભજતે મામનન્યભાક્ ।
સાધુરેવ સ મંતવ્યઃ સમ્યગ્ વ્યવસિતો હિ સઃ ॥૩૦॥
ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વચ્છાંતિં નિગચ્છતિ ।
કૌન્તેય પ્રતિજાનીહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ ॥૩૧॥

અર્થ : ઘણો દુરાચારી હોય તે મનુષ્ય પણ અનન્ય ભાવથી મને ભજે તો તે ચોક્કસ સારો ગણાય. તે થોડા સમયમાં જ ધર્માત્મા બને છે અને સદાકાળ ટકતી શાંતિને પામે છે. હે કુન્તીપુત્ર! ખાતરીથી જાણી લેજે કે મારા ભક્તનો વિનાશ થતો નથી. એ જ કારણે ઉદ્ધવજીના ઉપદેશમાં પણ ભગવાને કહ્યું છે કે—



બાધ્યમાનોઽપિ મદ્ભક્તો વિષયૈરજિતેન્દ્રિયઃ ।
પ્રાયઃ પ્રગલ્ભયા ભક્ત્યા વિષયૈર્નાભિભૂયતે ॥

અર્થ: 'ઇન્દ્રિયો પર કાબૂ ન મેળવી શકનાર મારા ભક્તને વિષયો સતાવતા હોય તેને પ્રાયઃ ઘણું કરી પીઢ એવી ભક્તિ હોય તો વિષયો હરાવી શકતા નથી' (ભાગ. ૧૧/૧૪/૧૮).

તેથી ન તો ભક્તિના પ્રારંભમાં અને ન તો ભક્તિની પીઢ દશામાં કલિકાલ અથવા વિષયાસક્તિ ભક્તિમાર્ગમાં દોષ ઉત્પન્ન કરી શકે છે એટલે કે બંને દશામાં દોષ ઉત્પન્ન નથી કરી શકતા. પુરાણોમાં પણ તપસ્વી વગેરેની જેમ ભક્ત ભટકી પડ્યો હોય એવાં કોઈ દૃષ્ટાંતો આપવામાં આવ્યાં નથી.

(૨) જીવાત્માના સ્વભાવથી જ્યાં સુધી દોષોત્પત્તિની સંભાવના હતી તો એ અવસ્થા સુધી ભક્તિમાર્ગમાં પણ ત્યાગ ન કરવાની વાત સમજાવવામાં આવેલી જ છે. ભક્તિની વ્યસનદશા એક વખત વિકસિત થઈ જાય ત્યારે જો ગૃહત્યાગ કરવામાં આવે તો તે સમયે ભટકી પડવાનો ભય પણ રહેતો નથી. કારણ કે જેમ જેમ ભક્તિનો બીજભાવ દૃઢ થતો જશે તેમ તેમ લૌકિક તથા વૈદિક દૃષ્ટિથી ભક્ત અસ્વસ્થ બનતો જશે— 'લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્' (નવરત્ન—૬) આ પહેલાં કહેવાઈ ગયું છે. એવા અસ્વસ્થ ભક્તોમાં, લૌકિક અથવા વૈદિક દૃષ્ટિથી ફરી પાછો અસ્વસ્થ બનાવવાવાળાં લૌકિક કર્મો યા વૈદિક કર્મોનો ત્યાગ એકવાર કરી દીધા પછી, જીવના સ્વભાવવશ પણ ભગવદ્ભાવમાં બાધા કે અંતરાય ઉપસ્થિત થવાની સંભાવના રહી જતી નથી.

(૩) ગોપિકાઓને જ્ઞાનોપદેશ દ્વારા સ્વયં ભગવાને વિરહપીડાથી ઊગારવાનું વિચાર્યુ હતું. ઉદ્ધવજીને એ જ હેતુથી વ્રજમાં મોકલવામાં આવ્યા હતા. તેથી આ અવસ્થામાં સ્વયં ભગવાન બાધા પહોંચાડી શકે છે, પરંતુ એવી આશંકાનું નિરાકરણ પહેલાં જ કરી દેવામાં આવ્યું છે કે ભગવાનને ખબર હતી કે ઉદ્ધવના જ્ઞાનોપદેશથી વ્રજભક્તોના ભાવનું ખંડન થવાને બદલે સ્વયં ઉદ્ધવજીના જ્ઞાનના અભિમાનનું ખંડન થઈ જશે. તેથી આ વિરહાવસ્થાની વ્યાકુળતાની ભાવતન્મયતામાં પરમાત્મા બાધા પહોંચાડે છે એમ ન માનવું જોઈએ.

ભક્તિના બીજભાવનું આત્મામાં આરોપણ કરીને— સત્સંગાદિના અવસર દ્વારા એ બીજભાવને સિંચન કરીને— પ્રેમના રૂપમાં અંકુરિત કરીને— આસક્તિના રૂપમાં પલ્લવિત કરીને— વ્યસનના રૂપમાં જ્યારે ફલ પરિપક્વ થતું જાય ત્યારે આ ભક્ત—મનોરથપૂર્વક ભક્તિના કલ્પદ્રુમને કાપી નાખવાનું

ખુદ હરિના પણ વશમાં નથી. તો પછી કાલ–કર્મ–સ્વભાવની તો શી વિસાત?

પોતાનાં સ્તનનું દૂધ પીવરાવી–પીવરાવીને જે બાળકોને પાળી–પોષીને મોટું કર્યું હોય તેને કઈ મા ખતમ થવા દેશે !

તેથી જ્ઞાનીઓનાં વાક્યથી ભગવાન ભક્તોમાં મોહ ઉત્પન્ન કરે છે એમ માનવું ન જોઈએ. કારણ કે ભાગવત (૪/૩૧/૧૨–૧૩)માં–

કિં વા યોગેન સાંખ્યેન ન્યાસસ્વાધ્યાયયોરપિ ।
કિંવા શ્રેયોભિરન્યૈશ્ચ ન યત્રાત્મપ્રદો હરિઃ ॥૧૨॥
શ્રેયસામપિ સર્વેષામાત્મા હ્યવધિરર્થતઃ ।
સર્વેષામપિ ભૂતાનાં હરિરાત્માઽઽત્મદઃ પ્રિયઃ ॥૧૩॥

અર્થાત્ યોગ, સાંખ્ય, સંન્યાસ, સ્વાધ્યાય યા અન્ય પણ બધા શ્રેય–સાધનોનો ઉપયોગ કરવાથી કોઈ લાભ નથી, જે કર્યા પછી પણ હરિ આત્મપ્રદ ન થઈ શકતા હોય, કારણ કે શ્રેયની અવધિ આત્મા હોય છે અને પ્રાણીઓને માટે હરિ આત્મરૂપ, આત્મપ્રદ તથા પ્રિય છે. એવી સ્થિતિમાં સર્વદા ભક્તપરાધીન રહેવાવાળા પ્રભુ–

અહં ભક્તપરાધીનઃ હ્યસ્વતંત્ર ઈવ દ્વિજ ।
સાધુભિર્ગ્રસ્તહૃદયો ભક્તૈર્ભક્તજનપ્રિયઃ ॥૬૩॥
નાહમાત્માનમાશાસે મદ્ભક્તૈઃ સાધુભિર્વિના ।

(ભાગ. ૯/૪/૬૩–૬૪)

હું ભક્તને આધીન છું. હે બ્રાહ્મણ, એની પાસે હું સ્વતંત્ર નથી. સાધુ ભક્ત પુરુષો મારા હૃદયને કબજે કરી બેઠા છે. હું પણ ભક્તને જોઈને પ્રસન્ન થાઉં છું. સત્પુરુષ એવા મારા ભક્ત વિના હું મારા આત્માને પણ ઈચ્છતો નથી.

–પોતાના ભક્તોને ન તો સ્વયં મોહિત કરે અને ન તો જ્ઞાનીઓનાં વચનોથી મોહિત થવા દેશે.

તેથી બીજભાવ દૃઢ થઈ જાય ત્યારે– ભક્તિની વ્યસનદશામાં–પોતાના ઘરમાં જો ભગવત્સેવા નિભાવી ન શકાતી હોય– તો એવી સ્થિતિમાં ઘરનો પરિત્યાગ કરી દેવો જોઈએ. અન્યથા એવા ઘરમાં રહેવાથી ક્યારેક ભાવનું ઉપશમન પણ થઈ શકે છે. ભક્ત પોતાના સ્વાર્થ–પોતાના પ્રભુના રસાત્મક અનુભવના લાભ–થી વંચિત થઈ શકે છે. આ શ્રીમહાપ્રભુજીનો બહુ પાકો અભિપ્રાય છે.



**ઉપસંહાર :**

આ રીતે શ્રીકૃષ્ણની કૃપાથી મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય દ્વારા કરવામાં આવેલો સંન્યાસનિર્ણય જે ભક્તિના દૃઢ થયા પછી જ લઈ શકાય છે– અન્યથા જ્ઞાનમાર્ગીય યા કર્મમાર્ગીય રીતથી પુષ્ટિમાર્ગમાં સંન્યાસ લેવો એ કાર્ય, પુષ્ટિનાં પગથિયાં ચડતી વખતે અધઃપતિત થવાનું કારણ બનશે– એ નિર્ણય અહીં પૂર્ણ થાય છે.

**ઈતિ શમ્**

# ૧૫. નિરોધલક્ષણમ્

નિરોધલક્ષણ ગ્રન્થ શ્રીમહાપ્રભુજીએ ગુજરાતના પોતાના શિષ્યો રાજા દુબે (દવે) અને માધવ દુબે(દવે)ને માટે લખ્યો છે. એક લોકવાયકા અનુસાર તેની રચનાનો કાળ વિ. સં. ૧૫૬૬ છે. (વૈષ્ણવવાણી અંક ૪, વર્ષ ૭૯ શ્રીનાગરદાસ શાસ્ત્રી લિખિત લેખ અનુસાર). ચોરાસી વૈષ્ણવોની વાર્તા અંતર્ગત આ બે ભાઈઓની કથા ભાવપ્રકાશમાં આ પ્રમાણે મળી આવે છે—

રાજા દુબે અને માધો દુબેનાં માતા—પિતા માંદા પડયાં, ત્યારે તેમણે તેમના બંને દીકરાઓને કહ્યું, "હવે અમને આ વખતે શ્રીરણછોડજીનાં દર્શન કરાવો તો બહુ સારું". ત્યારે તે બંને દીકરાઓ એક પાલખી ભાડે કરી તેમાં માતા—પિતાને બેસાડી શ્રીઠાકોરજી પાસે લઈ ચાલ્યા. તે રીતે તેમણે માતા—પિતાને શ્રીરણછોડરાયજીનાં દર્શન કરાવ્યાં. તે વખતે કેટલાક દિવસો સુધી શ્રીઆચાર્યજી દ્વારકામાં હતા... ત્યારે રાજા દુબે—માધો દુબે લોકોને પૂછતા 'અહીં કોઈ જગાએ કથાવાર્તા—ભગવત્ચર્ચા થતી હોય તો ત્યાં સાંભળવા જઈએ'... ત્યારે એક જણે તેમને કહ્યું, 'શ્રીવલ્લભાચાર્યજી પૃથ્વી—પરિક્રમા કરી અહીં પધાર્યા છે. તેઓશ્રી બહુ સારી કથા કહે છે.' ત્યારે તે બંને ભાઈ પ્રસન્ન થઈ જ્યાં કથા થતી હતી ત્યાં ગયા અને આગળ જઈને બેઠા. તે વખતે શ્રીમહાપ્રભુજી નંદમહોત્સવનું વર્ણન કરતા હતા. આ વર્ણન શ્રીભાગવતજીના દશમસ્કંધના પાંચમા અધ્યાયનું હતું. તે વખતે આપશ્રીએ બંને ભાઈઓને નંદાલયની લીલાનો પ્રગટ અનુભવ કરાવ્યો...

...વહેલી સવારે બંને ભાઈ શ્રીમહાપ્રભુજીની પાસે આવ્યા અને આપશ્રીને વિનંતી કરી, 'મહારાજ ! અમને શરણે લો.' ત્યારે શ્રી આચાર્યશ્રીએ બંને ભાઈઓને ફરીથી સ્નાન કરાવી, નામ સંભળાવ્યું અને બ્રહ્મસંબંધ આપ્યું. પછી શ્રીમહાપ્રભુજીએ તેમને કહ્યું, 'હવે તમે ભગવત્સેવા કરો. !'... પછી શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજીને પંચામૃત—સ્નાન કરાવી અને રાજા દુબે અને માધો દુબેને માથે પધરાવ્યું અને તેમને આજ્ઞા કરી કે 'બધાં સ્થળોએથી મનને મુક્ત કરીને મનનો નિરોધ કરી ભગવત્સેવા કરો.' ત્યારે રાજા દુબે અને માધવ દુબેએ આપશ્રીને વિનંતી કરી કે 'મહારાજ ! નિરોધનું સ્વરૂપ શું છે ?'...



આ પ્રકારે બંને ભાઈની દીનતા અને સરળ સ્વભાવ જોઈને 'દશમસ્કંધ' જેને નિરોધ સ્કંધ કહ્યો છે તેને આપે નિરોધલક્ષણ ગ્રન્થ કરી બંને ભાઈઓને તેનો પાઠ કરાવી કહ્યું, 'તમને બંને ભાઈઓને નિરોધ સિદ્ધ થશે.' તે જ સમયે બંને ભાઈઓનું મન અલૌકિક બની ગયું. તેમને લીલારસનો અનુભવ થવા લાગ્યો; ત્યારે શ્રીઆચાર્યશ્રીએ કહ્યું, 'હવે તમે ઘેર જઈ સેવા કરો...જ્યારે કોઈ દૈવી જીવ તમારી પાસે આવે ત્યારે તેને નામ સંભળાવજો. તમને નિરોધ સિદ્ધ થયો છે અને જે જીવ તમારી સાથે મન લગાવીને રહેશે તેને નિરોધ સિદ્ધ થશે.'

પછી તે બંને ભાઈઓ પોતાના ગામ મણુંદ આવ્યા અને ઘરમાં બંને ભાઈઓ ભગવત્સેવા કરવા લાગ્યા. ઘરમાં જે કંઈ દ્રવ્ય હતું તેમાં તેઓ નિર્વાહ કરે. કોઈ સાથે બહુ બોલે પણ નહિ. જે આવે તેના પર દયા કરીને ખાવા—પીવાની વ્યવસ્થા કરે. આમ ભગવદ્વાર્તા કરી બંને ભાઈ શ્રીઠાકોરજીના લીલારસમાં મગ્ન રહેતા !"

ભગવાનનું ભક્તોમાં અને ભક્તોનું ભગવાનમાં તલ્લીન થઈ જવું તે કથાનું શ્રીભાગવતના દશમસ્કંધમાં નિરોધલીલાના રૂપમાં વર્ણન થયું છે. ભગવાનની આ નિરોધલીલાના ફલસ્વરૂપ કહેવામાં આવ્યું છે કે "તે ભક્તોની એવી સ્થિતિ થઈ ગઈ કે તેઓ સૂતાં—જાગતાં, ચાલતાં, વાર્તાલાપ કરતાં, ક્રીડા કરતાં, સ્નાન કરતાં અને ભોજન કરતાં કરતાં પણ પોતાની બધી સૂધ—બૂધ ખોઈને કેવળ શ્રીકૃષ્ણમાં જ તલ્લીન રહેતા હતા." "શય્યાસનાટનાલાપક્રીડાસ્નાનાશનાદિષુ ન વિદુઃ સન્તમાત્માનં વૃષ્ણયઃ કૃષ્ણચેતસઃ" (ભાગ.૧૦—૯૦:૪૬). આ નિરોધનું સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વરૂપ છે. આ નિરોધનું પરિનિષ્પન્ન સ્વરૂપ પણ છે.

યોગનું લક્ષણ આપણી કેવળ ચિત્તવૃત્તિઓનો નિરોધ માનવામાં આવ્યું છે—"યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ" કેવળ ચિત્તવૃત્તિના નિરોધને ભક્તિમાર્ગમાં અપર્યાપ્ત માનવામાં આવ્યો છે. પુષ્ટિભક્તિરૂપ નિરોધ શ્રીકૃષ્ણના સંયોગ અને વિયોગની ઊંડાઈથી અનુભૂતિ કરવા માટે છે. કેવળ ચિત્તવૃત્તિ જ નહિ, પણ દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, મન, બુદ્ધિ, અહંકાર, ચિત્ત, આત્મા તથા અન્ય પણ આત્મીય વસ્તુ અને પરિજનોનો શ્રીકૃષ્ણના ભજનમાં કે સેવામાં વિનિયોગ કરવો અથવા તેમ કરવા તેમને તત્પર બનાવવા એ જ પુષ્ટિમાર્ગીય નિરોધ છે.

આ ભક્તિયોગમાં નિરોધની વ્યાખ્યા, તેનાં (૧) કારણલક્ષણ (૨) સ્વરૂપલક્ષણ (૩) કાર્યલક્ષણ તથા (૪) પ્રયોજનલક્ષણના આધારે ચાર રીતે આપી શકાય છે.

## (૧) કારણલક્ષણ

શ્રીભાગવતજીના દ્વિતીયસ્કંધના દશમા અધ્યાયની છઠ્ઠી કારિકા—"નિરોધોસ્યાનુશયનમાત્મનઃ સહ શક્તિભિઃ", નિરોધ એટલે પરબ્રહ્મનું પોતાની બધી શક્તિઓ સાથે અને વડે સ્થિત થવું. આમાં નિરોધના કારણલક્ષણનું નિરૂપણ થયું છે. શ્રીમહાપ્રભુજીએ પણ ભાગવતાર્થ નિબંધ (૧૦/૧૪–૧૭)માં તેનું વિવેચન કર્યું છે. ત્યાં એવું સમજાવવામાં આવ્યું છે કે પોતાની કલ્પી કે ચિંતવી ન શકાય એવી શક્તિઓની સાથે શ્રીકૃષ્ણનું આ ભૂતલ પર ક્રીડા માટે પ્રગટ થવું તેને નિરોધ કહેવામાં આવે છે. 'નિરોધ'ના આ પ્રકારના અર્થમાં કે લક્ષણમાં 'નિરોધ' શબ્દનો રૂઢાર્થ નહિ, પરંતુ યૌગિકાર્થ કહેવાયો છે. નવમા સ્કંધનો વર્ણ્ય—વિષય ભક્તિ અને દસમા સ્કંધનો વર્ણ્ય—વિષય નિરોધ માનવામાં આવ્યો છે. તેની પૂર્વાપર હોવાની ક્રમસંગતિ એવી માનવામાં આવી છે કે નવમા સ્કંધમાં બતાવેલી ભક્તિ જેનામાં પ્રગટ થાય છે, એવા ભક્તોનો, તેમને વિમુક્ત કરવા માટે ભગવાન દ્વારા જે 'રોધ' (અટકાવ) કરવામાં આવે છે, તેને 'નિરોધ' કહે છે. કારણકે જેમનો શ્રીકૃષ્ણ દ્વારા નિરોધ થાય છે તેઓ સંસારથી મુક્ત થઈ જાય છે. સંસારાવેશ ભક્તિને અશુદ્ધ બનાવે છે. તેથી ભક્તિની શુદ્ધિને માટે શ્રીકૃષ્ણ દ્વારા ભક્તોનો નિરોધ આવશ્યક છે.

દશમસ્કંધમાં વર્ણવેલી ભગવાનની પ્રત્યેક લીલાની ચરમ પરિણતિ એ બતાવવામાં આવી છે કે તે તે લીલાઓથી જોડાયેલા ભક્ત શ્રીકૃષ્ણ તરફ તેમના પ્રબળ આકર્ષણને લીધે પ્રપંચને ભૂલીને કેવી રીતે શ્રીકૃષ્ણમાં અનન્યતાપૂર્વક આસક્ત થઈ ગયા હતા.

વાત્સલ્યભાવવાળાં નંદ—યશોદાની આ ગતિ થઈ. સખ્યભાવવાળા ગોપબાળકોની પણ આ જ ગતિ થઈ. માધુર્યભાવવાળાં ગોપીઓની પણ આ જ ગતિ થઈ. વ્રજનાં તો પશુ, પક્ષી, વૃક્ષ, પર્વત, નદી વગેરે સૌની આવી જ ગતિ થઈ એવું વર્ણન કરવામાં આવ્યું છે. આથી આગળ ચાલીને મથુરાલીલા કે દ્વારકાલીલા સાથે સંકળાયેલા ભક્તોની પણ પ્રપંચની વિસ્મૃતિ અને શ્રીકૃષ્ણમાં આસક્તિ, એ પૂરા બાકી રહેલા દશમસ્કંધનો મુખ્ય વર્ણિત વિષય છે.

આ જગતમાં ભગવાને કરેલી લીલાની જેમ જેવી લીલાને કારણે ભક્ત, પ્રપંચને ભૂલીને ભગવાનમાં અનન્યતાથી આસક્ત થઈ જાય તો સમજવું કે ભગવાનની તે લીલા ભક્તના મનનો ભગવાનમાં નિરુદ્ધ થવાનું કારણ જ છે. તેથી ભગવાનની એવી લીલા દ્વારા નિરોધની વ્યાખ્યા નિરોધનું કારણલક્ષણ માનવામાં આવે છે.



ભગવાનની મનોહારી લીલાઓ દ્વારા અવતારકાળમાં તો ભક્તોનો નિરોધ શ્રીભાગવતના દશમસ્કંધમાં વર્ણવવામાં આવ્યો છે; પરંતુ આધુનિક ભક્તોના નિરોધની સંભાવના કેટલી થઈ શકે ? આ શંકાનું સમાધાન શ્રીમહાપ્રભુજીએ ભાગવતાર્થ નિબંધના ગુણપ્રકરણમાં કર્યું છે. ત્યાં એવું કહેવામાં આવ્યું છે કે જેમ ધર્મીરૂપમાં શ્રીકૃષ્ણ સ્વયં જ પ્રગટ થવાથી ભક્ત એમાં જ નિરુદ્ધ થઈ થયા, તેમ ભગવાનના ગુણધર્મોનું નિરન્તર શ્રવણ—સ્મરણ—કીર્તન કરવાથી આધુનિક ભક્ત પણ ભગવાનમાં નિરુદ્ધ થઈ શકે છે. તેથી દશમસ્કંધના અંતમાં છ અધ્યાયના ગુણપ્રકરણમાં એ રૂપનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

પરમાત્મા વાસ્તવિક રીતે જો નિર્ગુણ, નિર્ધર્મક, નિરાકાર, નિર્વિશેષ હોય તો કૃષ્ણાવતારની લીલા માયાનું કપટનાટક માનવી પડશે. તે પ્રમાણે પરમાત્માનું મૂળ રૂપ શ્રીકૃષ્ણ ન હોય તો દશમસ્કંધમાં વર્ણવાયેલી લીલાઓની આધિદૈવિક મહત્તા ખંડિત થઈ જશે. તેથી પરબ્રહ્મ પરમાત્મા ભગવાન સ્વયં સગુણ—સાકાર શ્રીકૃષ્ણ છે. આ બતાવવા માટે અંતિમ ગુણપ્રકરણમાં શ્રીકૃષ્ણના દિવ્ય અકુંઠિત અને પારમાર્થિક સાચા સ્વરૂપને, જેમાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય રૂપ છ ગુણો છે તેને, છ અધ્યાય દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે (ભા.નિ. ૧૦/૪૧૮/૪૨૦).

અવતારકાળમાં પોતાના સ્વરૂપના આકર્ષણથી ભગવાન ભક્તોને પોતાનામાં નિરુદ્ધ કરે છે. અનવતાર કાળમાં સ્વયં ભગવાન પ્રગટ ન હોવાથી, ભગવદ્‌ગુણોનું એવું માહાત્મ્ય છે કે ગુણ ગાનાર ભક્તનો ભગવાનમાં નિરોધ થઈ જ જાય છે. એટલે કે ભગવાનના ગુણોનું સંકીર્તન કરવાથી પણ પ્રપંચની વિસ્મૃતિ અને ભગવદાસક્તિ સુલભ થઈ જાય છે. — "સ્કંધાર્થસ્તુ નિરોધો હિ તતસ્તેનોપસંહૃતિઃ અગ્રેઽપિ યે ભવિષ્યન્તિ કીર્તનાત્તેઽપિ તાદશાઃ". દશમ સ્કંધનો વિષય જ નિરોધ છે અને તેનાથી જ તેનો ઉપસંહાર થાય છે. આગળ પણ જે ભક્તો થશે તેમનો પણ કીર્તન દ્વારા તેવો જ નિરોધ પરમાત્મામાં પરિણમશે (ભા.નિ. ૧૦/૪૬૬).

તેથી સિદ્ધ થાય છે કે ભગવલ્લીલાથી પ્રત્યક્ષ સંબંધની માફક પરોક્ષમાં તેમનાં શ્રવણ—સ્મરણ—કીર્તન પણ પ્રપંચ—વિસ્મૃતિ અને ભગવદાસક્તિરૂપ નિરોધનું કારણ બને છે.

ભક્તિવર્ધિનીમાં તેથી બંને કલ્પ બતાવવામાં આવ્યા છે : સેવા અને કથા; તથા કેવળ કથા. ભાગવતાર્થ—નિબંધના તામસ ફલ પ્રકરણના ઉપસંહારમાં (૧૦/૧૧૦—૧૧૧) એ કહેવામાં આવ્યું છે કે "ગુણજ્ઞાન—કથા પરોક્ષમાં કરવી જોઈએ. પ્રત્યક્ષમાં ભજન—સેવા શ્રેષ્ઠ છે. આ પ્રમાણે વિયોગ અને સંયોગની અનુભૂતિઓનું ચક્રની જેમ આવર્તન નિરંતર ચાલુ રહે તો તેને નિરોધ અવસ્થાની સિદ્ધિ માની લેવી જોઈએ". અનવતાર કાળમાં ભગવત્સેવા પુષ્ટિમાર્ગમાં ભગવલ્લીલાની પ્રત્યક્ષ અનુભૂતિની માફક મનાય છે. તેથી સેવાના અનોસરમાં કથાનું સારી રીતે શ્રવણ કરવું આવશ્યક છે.

## સ્વરૂપલક્ષણ

નિરોધના કારણ—લક્ષણની સમજ પડ્યા પછી સ્વરૂપલક્ષણ સારી રીતે સમજાઈ જાય છે. પ્રપંચને સર્વથા ભૂલીને ભગવાનમાં જ અનન્યતાપૂર્વક આસક્ત થઈ જવું નિરોધનું સ્વરૂપલક્ષણ છે. "પ્રપંચવિસ્મૃતિઃ તસ્માત્ કૃષ્ણાસક્તિશ્ચ વર્ણ્યતે" એટલે કે પ્રપંચની વિસ્મૃતિ થાય અને કૃષ્ણાસક્તિ થાય છે તેનું નિરોધ તરીકે વર્ણન થયું છે.

શ્રીભાગવતના નવમા સ્કંધમાં ભક્તિનું વર્ણન માનવામાં આવ્યું છે. એવી ભક્તિ કરવાવાળા જીવે પ્રપંચને ભૂલીને અનન્યતાપૂર્વક ભગવાનમાં કેવી રીતે આસક્ત થઈ જવું એ દશમસ્કંધમાં સારી રીતે સમજાવ્યું છે. તે અનુસાર ષોડશગ્રન્થમાં પણ, ભક્તિવર્ધિનીમાં પહેલાં ભક્તિના વિવિધ પ્રકારોનું વર્ણન કરવામાં આવ્યું છે. તે પછી નિરોધલક્ષણ ગ્રન્થમાં એવી ભક્તિ કરવાવાળા જીવો માટે અનન્યતાપૂર્વક ભગવાનમાં નિરુદ્ધ કેમ થવું તેના ઉપાય સમજાવ્યા છે. તે માટે ભક્તિવર્ધિનીમાં નિરૂપાયેલા ભક્તોના પાંચ પ્રકારો પર દૃષ્ટિપાત કરવો ઉપયોગી થઈ પડશે.



ભક્તિમાર્ગીય જીવ (પાંચ પ્રકાર)

- દઢબીજભાવ
  - *(૧) ગૃહત્યાગપૂર્વક—શ્રવણ—કીર્તનાદિપરાયણ
- અદઢબીજભાવ
  - વર્ણાશ્રમધર્માનુરૂપ ગૃહસ્થિતિપૂર્વક ભગવદ્—ભજનપરાયણ
    - અવ્યાવૃત્ત
      - (૨) પૂજા—શ્રવણાદિપરાયણ
    - વ્યાવૃત્ત
      - કેવલશ્રવણાદિપરાયણ
        - જાતવ્યસન
          - *(૩) ગૃહત્યાગી
        - અજાતવ્યસન
          - ભગવદીયસંગી
            - (૪) પરિચર્યા—કથા—શ્રવણાદિપરાયણ
            - (૫) કેવલ કથા—શ્રવણાદિ—પરાયણ

* આ બે પ્રકાર અંતે એક જ બની જાય છે.

ઉપરના કોષ્ટક પર દૃષ્ટિપાત કર્યા પછી તે સમજી લેવું પણ આવશ્યક છે કે ષોડશગ્રન્થોમાં કયો ગ્રન્થ કયા અધિકારી માટે ખાસ કરીને ઉપદેશાયો છે. તેના અંતર્ગત નિરોધલક્ષણનો ઉપદેશ કયા અધિકારી જીવ માટે રચાયો છે અને તેની સમજથી, બીજા ભક્તિવર્ધિની વગેરે ગ્રન્થોની સાથેની સંગતિ તથા તાત્પર્યનું નિશ્ચિતપણું સરળ બની જશે.

| ગ્રન્થ | કયા અધિકારી માટે |
|---|---|
| (૧) યમુનાષ્ટક | ભક્તિવર્ધિન્યુક્ત પાંચે પ્રકારના ભક્તોને માટે |
| (૨) બાલબોધ | ભક્તિવર્ધિન્યુક્ત પાંચે પ્રકારના ભક્તોને માટે |
| (૩) સિદ્ધાંતમુક્તાવલી | ભક્તિવર્ધિન્યુક્ત પાંચે પ્રકારના ભક્તોને માટે |
| (૪) પુષ્ટિપ્રવાહમર્યાદા | ભક્તિવર્ધિન્યુક્ત પાંચે પ્રકારના ભક્તોને માટે |
| (૫) સિદ્ધાંતરહસ્ય | બીજા તથા ચોથા પ્રકારના ભક્તોને માટે |
| (૬) નવરત્ન | ભક્તિવર્ધિન્યુક્ત પાંચે પ્રકારના ભક્તોને માટે |
| (૭) અંતઃકરણપ્રબોધ | ભક્તિવર્ધિન્યુક્ત પાંચે પ્રકારના ભક્તોને માટે |

| | |
|---|---|
| (૮) વિવેકધૈર્યાશ્રય | ખાસ કરીને ચોથા, પાંચમા અને સામાન્યરીતે બધાંને માટે |
| (૯) કૃષ્ણાશ્રય | બધાંને માટે |
| (૧૦) ચતુઃશ્લોકી | બીજા તથા ચોથા પ્રકારના ભક્તોને માટે |
| (૧૧) ભક્તિવર્ધિની | બધાંને માટે |
| (૧૨) જલભેદ | બધાંને માટે |
| (૧૩) પંચપદ્યાનિ | બધાંને માટે |
| (૧૪) સંન્યાસનિર્ણય | પહેલા, ત્રીજા અને પાંચમા પ્રકારના ભક્તોને માટે |
| (૧૫) નિરોધલક્ષણ | બધાંને માટે |
| (૧૬) સેવાફલ | બીજા તથા ચોથા પ્રકારના ભક્તોને માટે |

ઉપરના કોષ્ટકને જોવાથી હવે નિરોધલક્ષણગ્રન્થની બધી રીતે યોગ્ય અધિકારીઓ માટે ઉપયોગિતા માન્ય કરવાથી તેના તાત્પર્યનિર્ધારણમાં કોઈ કષ્ટ રહી જશે નહિ.

જે ભક્ત પોતાના ગૃહસ્થાશ્રમની સાથે રાજા દુબે અને માધો દુબેની જેમ ઘરમાં રહીને ભગવાનની સેવા અને કથા બંને નિભાવે છે, તેને માટે ગૃહત્યાગ નિરર્થક છે, કારણ કે પૂર્વોક્ત રીતે સેવા–કથાના સતત આવર્તનથી જ તેના પ્રપંચની વિસ્મૃતિ અને ભગવાનમાં આસક્તિ દૃઢ થઈ જાય છે. આ મુખ્ય વિચાર છે.

જે જીવથી સ્વગૃહમાં સેવા ન થઈ શકતી હોય, તેણે પરગૃહમાં તે ગૃહસ્થ ભગવદીયના સહાયક બનીને તે જે ભગવત્સેવા કરતો હોય તેમાં સહયોગ આપવો અથવા તેની પરિચર્યા કરવી; અને જ્યારે તે ભગવત્કથા કરતો હોય ત્યારે શ્રોતા તરીકે તેમાં જોડાવું, તે ભગવદીય પાડોશીના નજીક રહેવાવાળા અજાતવ્યસન ભક્તિમાર્ગીય જીવને માટે આવશ્યક માનવામાં આવ્યું છે. નિરોધની સિદ્ધિને માટે આ પણ એક ગૌણકલ્પનો સ્વીકાર કરવામાં આવ્યો છે. તે ગૃહત્યાગના વિકલ્પરૂપે સ્વીકારાયો છે.

ભક્તિવર્ધિનીમાં આ બંને વિકલ્પોને અર્થાત્ પોતાના ઘરમાં ભગવત્સેવા–કથામય જીવન જીવવું અથવા જો એમ ન બને તો કોઈ ભગવદીયની નજીકમાં ઘર રાખીને રહેવું અને તેને સેવામાં મદદ કરવી અને કથા–શ્રવણને માટે તે ભગવદીયનો સંગ કરવો, આ બંને વિકલ્પોને લક્ષમાં રાખવા. "સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દૃઢા ભવેત્ યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્મમ" એટલે કે સેવા અને કથામાં જેની આસક્તિ દૃઢ થાય તે જ્યાં સુધી જીવે ત્યાં સુધી



તેનો નાશ કદી પણ થતો નથી એવી મારી મતિ છે એવા આશ્વાસન દ્વારા શ્રીમહાપ્રભુજી નિરોધ–સિદ્ધિની વાત જ સમજાવી રહ્યા છે; કારણ કે નિરોધના અભાવમાં–"હરિણા યે વિનિર્મુક્તાસ્તે મગ્ના ભવસાગરે યે નિરુદ્ધાસ્ત એવાત્ર મોદમાયાન્ત્યહર્નિશમ્" એટલે કે નિરોધના અભાવમાં પરમાત્મા દ્વારા જેમને મુક્ત કરવામાં આવ્યા છે તે લોકો આ ભવસાગરમાં મગ્ન થાય છે અને જે નિરુદ્ધ થયેલા છે તે જ અહીં અહર્નિશ મોદ પામી રહ્યા છે. આ નિરોધલક્ષણ ગ્રન્થના વચન અનુસાર ભવસાગરમાં મગ્ન થવું નિશ્ચિત માનવામાં આવ્યું છે. તેથી પરગૃહમાં પણ ભગવત્પરિચર્યા અને ભગવત્કથાશ્રવણની પ્રણાલીથી નિરોધની સિદ્ધિ સ્વીકારવી જ પડે છે.

## કાર્યલક્ષણ

કારણ અને સ્વરૂપનો વિચાર કર્યા પછી હવે નિરોધનું કાર્ય અથવા તેના કારણે ઉત્પન્ન થનારા પ્રભાવોનો વિચાર કરવો જરૂરી બની જાય છે.

જે ભક્ત પ્રપંચની વિસ્મૃતિ સાથે, ભગવાનમાં આસક્તિ જોડી શકે છે તેને ભગવાનના સંયોગ તથા વિયોગની અનુભૂતિ તીવ્ર બની જાય છે. જેમ વ્રજભક્તોના વર્ણનમાં જણાય છે કે–"ગોપીનાં પરમાનન્દ આસીદ્ ગોવિન્દદર્શને ક્ષણં યુગશતમિવ યાસાં યેન વિનાભવત્" એટલે કે ગોપીઓને તો ગોવિન્દનાં દર્શનમાં જ પરમાનન્દ હતો. જ્યાં સુધી તેમને દર્શન ન થાય ત્યાં સુધી તેમને એક ક્ષણ પણ સો યુગો જેવી થઈ જતી હતી (ભા. ૧૦–૧૯–૧૬) અને આ નિરોધનું લક્ષણ છે. ભક્તિવર્ધિનીમાં આ અવસ્થાને 'વ્યસન દશા' કહેવામાં આવી છે. નિરોધનું સ્વરૂપ ઉત્પન્ન થતાં જ નિરોધનો પ્રભાવ અથવા વ્યસનદશા દેખાવા લાગે છે. ભગવત્સંયોગમાં પરમાનન્દની અનુભૂતિ અને એક ક્ષણ પણ ભવગદ્વિયોગ સહન ન કરી શકાય તેને નિરોધનું કાર્ય ગણવામાં આવે છે.–"ભગવદ્વિરહ–સામયિકપરમદુઃખકારણત્વે સતિ ભગવત્સંયોગસામયિકપરમાનન્દસાધકત્વં નિરોધત્વમ્". પરમાત્માના વિરહ સમયે પરમ દુઃખનું કારણ હોવા છતાં, ભગવત્સંયોગ સમયે પરમાનન્દને સાધનારું નિરોધ છે (નિર્ણયાર્ણવ).

ભગવાનના અનવતાર કાળમાં ભગવત્સેવાનો અવસર ભગવાનના સંયોગની અનુભૂતિ છે તથા અનવસર વિયોગાનુભૂતિ છે. તેથી કાર્યલક્ષણ પણ અવતારકાળ અને અનવતારકાળ બંને પરિસ્થિતિઓમાં સુસંગત બની જાય છે.

## પ્રયોજનલક્ષણ

શ્રીભાગવતમાં તથા ભાગવતાર્થ—નિબંધમાં પણ નિરોધનું પ્રયોજન મુક્તિ અને આશ્રયભાવાપત્તિ તરીકે સ્વીકારવામાં આવ્યું છે. "નિરોધોસ્યાનુશયનમાત્મનઃ સહ શક્તિભિઃ મુક્તિર્હિત્વાન્યથારૂપં સ્વરૂપેણ વ્યવસ્થિતિઃ, આભાસશ્ચ નિરોધશ્ચ યતશ્ચાધ્યવસીયતે સ આશ્રયઃ પરં બ્રહ્મ પરમાત્મેતિ શબ્દ્યતે". પરમાત્માનું પોતાની સર્વ શક્તિઓ વડે અહીં પ્રકટ થવું તે નિરોધ છે. અન્યથા ભાવનો ત્યાગ કરી પોતાના વાસ્તવિક સ્વરૂપમાં સ્થિત થવું તે મુક્તિ છે. આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય જે તત્ત્વમાં પ્રકાશિત થાય છે તે પરબ્રહ્મ જ આશ્રય છે (ભા.૨—૧૦—૬,૭). આ પ્રમાણે ભાગવતાર્થ—નિબંધમાં પણ કહેવામાં આવ્યું છે કે—"ભક્તાઃ પૂર્વત્ર નિર્દિષ્ટાઃ તે રોદ્ધવ્યાઃ વિમુક્તયે, કૃષ્ણે નિરુદ્ધકરણાત્ ભક્તાઃ મુક્તાઃ ભવન્તિ હિ". પૂર્વે કહેલા ભક્તો અહીં કહેવાયા છે, એમનો નિરોધ મોક્ષ માટે થયો છે. કૃષ્ણમાં નિરોધ કરવાથી ભક્તો મુક્ત થઈ જાય છે (ભા.નિ.૧૦—૧૫—૧૬) અને "હરિરાશ્રય ઇત્યુક્તો મુક્તાનામિતિ વર્ણિતમ્". તેમનો આશ્રય હરિ જ છે, એવું મુક્તોનું વર્ણન છે (ભા. નિ. ૧૨—૧૭).

ષોડશગ્રન્થોની નિરૂપણ શૈલીથી થોડું આ પ્રકારનું અન્તર પડે છે કે અહીં નિરોધોત્તર બે અવસ્થાઓ (૧) મુક્તિ અને (૨) આશ્રયભાવાપત્તિ સ્વીકારવામાં આવી છે. ષોડશગ્રન્થમાં નિરોધલક્ષણ ગ્રન્થની પછી આવનાર સેવાફલ ગ્રન્થમાં સેવાનાં ત્રણ ફલ (૧) અલૌકિક સામર્થ્ય, (૨) સાયુજ્ય અને (૩) વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહ એમ સ્વીકારવામાં આવ્યાં છે. આથી સ્પષ્ટ થાય છે કે આમાં 'સાયુજ્ય' અને 'મુક્તિ' સમાનાર્થી પદો છે. તે જ પ્રમાણે 'વૈકુંઠાદિમાં સેવોપયોગિદેહ' અને 'આશ્રયભાવાપત્તિ' પણ અંતે તો એક જ અવસ્થા સૂચવનારા છે.

જ્યાં સુધી 'અલૌકિક સામર્થ્ય'ની ભિન્નતા હોવાનો પ્રશ્ન છે, ત્યાં એવું સમજવું કે શ્રીભાગવતના દશમસ્કંધમાં તામસ, રાજસ અને સાત્ત્વિક પ્રકારના ભક્તોની ભક્તિની પ્રેમ, આસક્તિ અને વ્યસનદશાનું વર્ણન ક્રમશઃ પ્રમાણ, પ્રમેય અને સાધનના સ્વરૂપમાં કહ્યું છે. સાધન પછી ત્રણે પ્રકારના ભક્તોની ફલાવસ્થાનું વર્ણન કરવામાં આવ્યું છે. નિરોધની આ ફલાવસ્થા સેવાફલમાં અલૌકિક—સામર્થ્યના રૂપમાં વર્ણવી છે. તેને 'વ્યસનોત્તર—કૃતાર્થતા' 'સર્વાત્મભાવ', 'માનસી સેવા' અથવા 'ફલનિરોધ' ગમે તે કહો, વાત તો એક જ છે.



ષોડશગ્રન્થ શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગીઓ માટે પ્રકટ કર્યો છે. પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થની— "ભગવાનેવ હિ ફલં સ યથાવિર્ભવેદ્ ભુવિ ગુણસ્વરૂપભેદેન તથા તેષાં ફલં ભવેત્" (કા.૧૭) કારિકામાં એ સમજાવવામાં આવ્યું છે કે પુષ્ટિમાર્ગમાં ફલ સ્વયં ભગવાન જ છે. તેઓ ગુણ કે સ્વરૂપના ભેદથી જે રીતે આ ભૂતલ પર પ્રગટ થાય તે પ્રમાણે તેને ફલ માનવામાં આવે છે. સ્વયં સ્વરૂપરૂપે આ ભૂતલ પર ભગવાનનું ભક્તોની વચ્ચે પ્રગટ થવું એ પુષ્ટિમાર્ગીય ફલ છે. આ પ્રમાણે ગુણગાનની પ્રક્રિયા દ્વારા પણ ભક્તના હૃદયમાં ભગવાનનું પ્રકટ થવું એ પણ ફલ છે. બંને રીતે ભગવાનના પ્રાકટ્યના કારણે ભક્ત પ્રપંચને ભૂલીને ભગવદાસક્ત બની જાય છે. દરેક પ્રકારે આ ભૂતલ પર ભગવદનુભવ ન થાય તો આ દેહ છૂટ્યા પછી ભગવાનમાં સાયુજ્યરૂપ મોક્ષ મળશે અથવા વૈકુંઠાદિ લોકમાં સેવા—ઉપયોગી દેહ મળશે. આ બંને ફલ આ ભૂતલ પર ઘટિત બનવાવાળી અનુભૂતિ નથી, તેથી પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં પરિભાષિત પુષ્ટિમાર્ગીય ફલાનુભૂતિની તુલનામાં આ કંઈક ગૌણ અનુભૂતિઓ છે. તેથી આ અનુભવોના સામર્થ્યને 'અલૌકિક' કહેવામાં આવ્યું નથી, કારણ કે તેના લૌકિક અનુભવ થવાની શંકા પણ થઈ શકતી નથી. ફલ—નિરોધ આ ભૂતલ પર થવાવાળી અનુભૂતિ છે માનસીસેવાની જેમ, તેથી આના અનુભવને 'અલૌકિક—સામર્થ્ય' કહેવામાં આવ્યું છે. બાકી તો ભૂતલ પર અનુભવાતી અનુભૂતિને કોઈ લૌકિક સમજી શકે છે. વાસ્તવિકતા તો એ છે કે આ અનુભૂતિ લૌકિકમાં થવા છતાં પણ અલૌકિક ઘટના જ છે.

આ બે રૂપે થતો નિરોધ એટલે કે સાધનનિરોધ તથા ફલનિરોધની ઘટના લોકમાં થતી હોવા છતાં અલૌકિક ઘટના જ છે. "પ્રપંચે ક્રીડનં હરેઃ" એટલે કે પ્રપંચમાં હરિ ક્રીડા કરે છે એ વચનમાં શ્રીમહાપ્રભુજી તેથી જ ભારપૂર્વક પ્રપંચ અર્થાત્ આ લોકનો ઉલ્લેખ કરે છે. આ ભૂતલ પર ભક્તોની વચ્ચે ભગવત્ક્રીડા સાધનનિરોધ છે અને એવી લીલાને કારણે જ્યારે ભક્ત જગતને ભૂલીને જગદીશમાં અનન્યતાપૂર્વક આસક્ત થઈ જાય છે, તો તે ફલનિરોધ છે. આવી સ્પષ્ટતા કર્યા પછી નિરોધનું પ્રયોજનલક્ષણ સુગમ થઈ જાય છે.

ભગવદ્અવતાર કાળમાં ભૂતલ પર પ્રગટ થવાવાળા ભગવદ્રૂપની તે લીલા, જેનું પ્રયોજન જીવાત્માને સર્વાત્મભાવનું દાન કરવાનું છે તે 'નિરોધ' કહેવાય છે. અવતારકાળમાં સાયુજ્યમુક્તિ અથવા આશ્રયભાવાપત્તિ પ્રદાન કરવા માટે જે વિયોગાનુભવ ભગવાન કરાવે છે અને આ પ્રકારના તીવ્ર વિયોગમાં, ભક્તનું

નિરન્તર ભગવાનના ગુણગાનમાં તલ્લીન થઈ જવું, એ પણ નિરોધ છે. આ બંને પ્રકારનાં લક્ષણ ભગવદ્અવતાર કાળનાં છે.

અનવતાર કાળમાં આ લીલાનું સ્થાન તનુ–વિત્તજા સેવા લઈ લે છે. અને ગુણગાનનું સ્થાન ભગવત્કથાનું શ્રવણ–સ્મરણ–કીર્તન લઈ લે છે. તે પ્રમાણે નિરોધનું પ્રયોજન સેવાફલમાં વર્ણિત અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય તથા વૈકુંઠાદિ લોકમાં સેવા–ઉપયોગી દેહનો લાભ માનવામાં આવે છે.

અવતારકાળ હોય કે અનવતાર કાળ હોય પણ સાચા પુષ્ટિભક્તની ભક્તિ નિરુપાધિક–નિષ્કારણ–નિષ્પ્રયોજન જ હોય છે. ભક્ત કેવળ ભગવાનને જ ચાહે છે, મુક્તિને નહિ, પણ ભક્તિ તો અવાંછિત ફલ પ્રદાન કરે જ છે. તે તૃતીય–સ્કંધમાં કહેવામાં આવ્યું છે. તેથી પ્રયોજનલક્ષણ ભક્તના ભાવ–અભિપ્રાયને દષ્ટિમાં રાખીને નથી આપવામાં આવ્યું, પરંતુ ભક્તિના સ્વભાવને દષ્ટિમાં રાખીને આપવામાં આવ્યું છે.

આ ઉપરાંત એક બીજી દષ્ટિથી પણ નિરોધનું લક્ષણ–વ્યાખ્યાન કરી શકાય છે. તે આ પ્રમાણે છે :

(૧) કરણ–નિરોધ

(૨) વ્યાપાર–નિરોધ

(૩) ફલ–નિરોધ

## (૧) કરણ–નિરોધ

શ્રીસુબોધિનીજી તથા ભાગવતાર્થ–નિબંધના તામસ પ્રકરણના પ્રારંભમાં આ વિષયનું વિવેચન થયું છે કે જીવના સ્વભાવને બદલવો સ્વયં જીવને માટે સર્વથા અશકય વાત છે. તેથી જીવના સાત્ત્વિક, રાજસ કે તામસ સ્વભાવોને અનુરૂપ સ્વરૂપ ધારણ કરીને ભગવાન, જ્યારે ભૂતલ પર પ્રગટ થાય છે અને ભક્તોની વચ્ચે લીલા કરે છે, ત્યારે પોતપોતાના સ્વભાવના અનુરૂપ જીવ ભગવાનના સ્વરૂપ તથા લીલાઓમાં આસક્ત થઈ જ જાય છે. આ લીલાવિહારી શ્રીકૃષ્ણમાં આસક્તિને કારણે પ્રાપંચિક વિષયોમાંથી જીવની આસક્તિ અનાયાસ જ તૂટી જાય છે, અથવા સ્વાર્થબુદ્ધિરહિત કેવલ ભગવદુપયોગિતાની ભાવનામાં રૂપાન્તરિત થઈ જાય છે. આ વિલક્ષણ પરિવર્તન જે લીલાને કારણે સંભવિત બને છે, તે ભગવલ્લીલાને કરણાત્મક નિરોધ માનવામાં આવે છે.



'કરણ' એટલે કે અસાધારણ કારણ. દશમસ્કંધમાં વર્ણિત ભક્તો–ખાસ કરીને–વ્રજભક્તો કે જેમને પ્રપંચવિસ્મૃતિ અને કૃષ્ણાસક્તિની સિદ્ધિ મળી, તેનું અસાધારણ કારણ ભક્ત–સ્વભાવાનુરૂપ ભગવદ્રૂપ તથા ભગવલ્લીલા જ હતી. તેથી કહેવામાં આવ્યું છે કે –"તે નાધીતશ્રુતિગણાઃ નોપાસીતમહત્તમાઃ અવ્રતાતપ્તતપસઃ સત્સંગાન્મામુપાગતાઃ કેવલેન હિ ભાવેન ગોપ્યઃ ગાવઃ નગાઃ મૃગાઃ યેડન્યે મૂઢધિયો નાગાઃ સિદ્ધાઃ મામીયુરંજસા, યં ન યોગેન સાંખ્યેન દાનવ્રતતપોધ્વરૈઃ વ્યાખ્યાસ્વાધ્યાયસંન્યાસૈઃ પ્રાપ્નુયાદ્ યત્નવાનપિ". પ્રહ્લાદ, વૃત્રાસુર, યક્ષપત્નીઓ વગેરેએ તો વેદાદિનો સ્વાધ્યાય કે વિધિપૂર્વક મહાપુરુષની ઉપાસના કે વ્રત કે કોઈ તપસ્યા પણ કર્યાં નહોતા. બસ કેવળ સત્સંગના પ્રભાવથી તે લોકો મને પ્રાપ્ત કરી શક્યાં. તેમાંય ગોપીજનો, ગાયો, યમલાર્જુન આદિ વૃક્ષ, વ્રજનાં પશુ, પક્ષી, કાલિયનાગ ઈત્યાદિ તો મૂઢ બુદ્ધિના હતા. આવા તો કેટલાયે લોકોએ મને માત્ર પ્રેમપૂર્ણ નિઃસ્વાર્થ ભાવથી જ પ્રાપ્ત કરી કૃતકૃત્યતા અનુભવી છે અને એટલું જ નહીં જે પુરુષાર્થી લોકો યોગ, સાંખ્ય, દાન, વ્રત, તપસ્યા, યજ્ઞ, શ્રુતિઓની વ્યાખ્યા, મનન અને સંન્યાસાદિ સાધનો દ્વારા પ્રાપ્ત કરવા ચાહે છે તે પ્રાપ્ત કરી શકતા નથી પરંતુ સત્સંગથી હું અત્યંત સુલભ થઈ જાઉં છું (ભા.૧૧–૧૨–૭–૯).અહીં જે સત્સંગ અથવા જે ભાવને સ્વપ્રાપ્તિમાં ભગવાને સાધન માન્યા છે, તે સ્વયંનો લીલાત્મક સંગ તથા લીલાસક્તિરૂપ ભાવ જ છે. બીજાં બધાં સાધનો જેવાં કે યોગ, સાંખ્ય, દાન, વ્રત, તપ, યજ્ઞ, વ્યાખ્યાન, સ્વાધ્યાય તથા સંન્યાસરૂપ સાધનોની નિરુપયોગિતા સ્વયં ભગવાને જ વર્ણિત કરી દીધી છે. તેને 'સાધનનિરોધ' અથવા 'ભગવાનનો ભક્તોમાં નિરોધ' માનવામાં આવે છે.

તેથી સિદ્ધ થાય છે કે ભક્તોના સ્વભાવને અનુરૂપ ભગવાનની લીલા, ભક્તોના નિરોધ અથવા પ્રપંચવિસ્મૃતિ અને ભગવદ્આસક્તિનું અસાધારણ કારણ છે.

## (૨) વ્યાપાર–નિરોધ

વ્યાપારનિરોધની બાબતમાં બે જાતનાં કારણો સમજવાના છે. – (૧) ઉપાદાન અને (૨) નિમિત્ત. માટી ઘડાનું ઉપાદાન કારણ બને છે. ચક્ર, દંડ વગેરે ઉપકરણ નિમિત્ત કારણ માનવામાં આવે છે. નિમિત્ત કારણ નિષ્ક્રિય હોય તો કાર્ય ઉત્પન્ન થતું નથી. તેથી સક્રિય–ક્રિયાવ્યાપાર કરવાવાળા કારણને 'કરણ' અથવા 'ઉપકરણ' કહેવામાં આવે છે.

ભગવલ્લીલાને નિરોધની ઉત્પત્તિમાં કરણ માનવામાં આવ્યું છે. તદનુસાર જ કાંઈક વ્યાપાર પણ થવો જોઈએ. તેથી પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ તે ભગવલ્લીલાનો વ્યાપાર છે. જેમ ચક્રનું ફરવું અથવા દંડથી ચક્રને ફેરવવું, તે વ્યાપારોને કારણે ચક્ર–દંડો વગેરે સાધનોને 'કરણ' કહેવામાં આવે છે.

## (૩) ફલ–નિરોધ

ભક્તના સ્વભાવને અનુરૂપ કરણ–ભગવલ્લીલા અને તેનો વ્યાપાર–પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિના ફલસ્વરૂપ ભક્તના પ્રાપંચિક વિષયોના બધાં બંધનો તૂટી જાય છે. તેનો જીવને અભાવ થઈ જાય છે. આવું બે પ્રકારે થાય છે. કાં તો ભક્તના સંબંધિત બધા જ લૌકિક પદાર્થ અને ભાવોમાં ભગવદાવેશ, અલૌકિકતા અર્થાત્ સચ્ચિદાનન્દાત્મકતા પ્રગટ થઈ જાય છે, અથવા તો પછી લૌકિક પદાર્થ અને ભાવોથી મુક્ત થઈને જીવ સાયુજ્ય અથવા વૈકુંઠાદિ લોકોમાં સેવોપયોગી દેહ પ્રાપ્ત કરી લે છે. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે – "લૌકિકેષુ તુ ભાવેષુ યત્રૈવ હરિવેશનં નિવર્તતે તદેવાત્ર વહ્નેર્દારુમયં યથા". જે જે લૌકિક ભાવોમાં જ્યારે હરિનો આવેશ થઈ પરમાત્મભાવ પ્રાપ્ત થાય છે ત્યારે તેમાં જેમ અગ્નિમાં લાકડું લીન થઈ અગ્નિરૂપે પરિણમે છે તેમ તેમાં લૌકિકાંશ નષ્ટ કરી ભગવદ્–આનંદાંશ પ્રગટ કરે છે (સુબો.૧૦–૫–૧). જે જે લૌકિક ભાવોમાં અથવા પદાર્થોમાં ભગવદાસક્તિને કારણે ભગવદાવેશ આવી જાય છે, તે બધા પદાર્થો અને ભાવોમાં તિરોહિત ચિદંશ અને આનંદાંશ પુનઃ પ્રગટ થઈ જાય છે. આમ સચ્ચિદાનંદાંશના પૂર્ણ પ્રાકટ્યને કારણે તે બ્રહ્માત્મક બની જાય છે. લાકડામાં તિરોહિત અગ્નિ જેમ એકવાર પ્રકટ થઈ જાય છે તો લાકડું સ્વયં અગ્નિરૂપ બની જાય છે, તે જ પ્રમાણે જે ભક્તમાં પ્રપંચવિસ્મૃતિની સાથે ભગવદાસક્તિ પ્રગટ થઈ જાય છે, તેના બધા પદાર્થો અથવા ભાવ અંતે તો સચ્ચિદાનંદ બ્રહ્મનું રૂપ ધરી લે છે. એમ તો જગતની પ્રત્યેક વસ્તુનું વાસ્તવિક અથવા આન્તરિક સ્વરૂપ તો બ્રહ્માત્મક જ હોય છે, પણ અજ્ઞાનવશ આપણને વિપરીત ભાન થાય છે, અને તે ભાન નિવૃત્ત થઈ જાય છે.

આ અદ્વૈતવાદીઓને માન્ય મિથ્યા–માયિક પ્રપંચની જેમ આ પ્રપંચનું બાધજ્ઞાન નથી કે નથી નૈયાયિકોના અનિત્ય પ્રપંચની જેમ આ પ્રપંચનો નાશ જ. સાંખ્યના પ્રાકૃત પ્રપંચની જેમ આને વિકૃતિનું પ્રકૃતિમાં પુનઃ લીન થઈ જવાનું પણ માની શકાતું નથી. પ્રપંચનું બ્રહ્માત્મક થઈ જવાનું તાત્પર્ય કેવળ એટલું જ છે કે દૃષ્ટા–જીવને તે બ્રહ્માત્મક હોવા છતાં પણ તેને તે દેખાતું નથી, પરંતુ નિરુદ્ધ



ભક્તની દૃષ્ટિમાં પોતાના પ્રિયતમ પરમાત્મા સિવાય બીજું કંઈ આવતું જ નથી, પરિણામે જડ જગતના વિભિન્ન પદાર્થો પણ તેને સચ્ચિદાનંદાત્મક દેખાય છે. તે પ્રમાણે જીવજગતના પણ બધાં રૂપોમાં બ્રહ્માત્મકતાનું તેને ભાન થવા માંડે છે. જડ–જીવાત્મક જગતની જડરૂપતા અને દુઃખરૂપતા તિરોહિત થઈ જાય છે. આ અર્થમાં આ અવસ્થાને કોઈ વખત 'પ્રપંચપ્રલય' કે 'પ્રપંચનાશ' કહેવામાં આવે છે. આ ફલનિરોધ છે. એટલે કે ભક્તનો ભગવાનમાં નિરોધ છે. તેનો પ્રયોજનલક્ષણના અંતર્ગત વિચાર કરવામાં આવ્યો છે. દશમસ્કંધમાં ભગવાનની લીલાનું વર્ણન ચાર પ્રકારે કરવામાં આવ્યું છે.

**(૧) પ્રમાણ–નિરોધ**

**(૨) પ્રમેય–નિરોધ**

**(૩) સાધન–નિરોધ**

**(૪) ફલ–નિરોધ**

(૧) ભગવાનની પ્રમાણરૂપા નિરોધલીલાઓના કારણે ભક્ત પોતાના સ્વભાવને અનુરૂપ ભગવાને ધારણ કરેલાં રૂપને જાણી જાય છે. તેવી લીલાને 'પ્રમાણનિરોધ' કહેવામાં આવે છે. પ્રમાણલીલાનું કરણ થવાને કારણે વ્યાપાર ભક્તના હૃદયમાં પ્રેમના રૂપમાં પ્રગટ થાય છે. તેનું ફળ ભક્તના હૃદયમાં પ્રમેયની સ્થિરતા થાય છે.

(૨) ભગવાનની પ્રમેયરૂપા નિરોધલીલાને કારણે ભક્ત–સ્વભાવ અનુરૂપ ધારણ કરેલું ભગવાનનું રૂપ–પ્રમેય ભક્તના હૃદયમાં બધી રીતે આરૂઢ થઈ જાય છે. તેથી એવી લીલાને 'પ્રમેયનિરોધ' કહેવામાં આવે છે. પ્રમેયલીલાનું કરણ બનવાને કારણે વ્યાપાર, ભક્તના હૃદયમાં ભગવદાસક્તિ–ભગવાન વિના બીજા બધા વિષયોમાં અરુચિ–ના રૂપમાં પ્રગટ થાય છે. તેના ફલસ્વરૂપે ભક્ત પોતાના મનોરથોને અનુરૂપ ભગવાનના રૂપની પ્રાપ્તિનાં સાધનોમાં જોડાઈ જાય છે.

(૩) ભગવાનની સાધનરૂપા નિરોધલીલાઓને કારણે ભક્તસ્વભાવ અનુરૂપ ધારણ કરેલા ભગવાનના રૂપની પ્રાપ્તિનાં સાધનોમાં ભક્ત તત્પર બની જાય છે. તેથી એવી લીલાને 'સાધનનિરોધ' કહેવામાં આવે છે. સાધન લીલાનું કરણ બનવાથી વ્યાપાર ભક્તના હૃદયમાં ભગવદ્વ્યસનના રૂપમાં પ્રગટ થઈ જાય છે. હવે ભગવાન વિના ભક્ત રહી શકતો નથી. ફલસ્વરૂપ પોતાના મનોરથને અનુરૂપ ભગવદ્રૂપ તથા ભગવલ્લીલાની અનુભૂતિ તેને થવા લાગે છે.

(૪) ભગવાનની ફલરૂપા નિરોધલીલાઓને કારણે ભક્ત–સ્વભાવ અનુરૂપ ધારણ કરેલી ભગવદ્રૂપની લીલામાં ભક્ત સંમિલિત થઈ જાય છે. તેથી એવી લીલાને 'ફલનિરોધ' કહેવામાં આવે છે. ફલાત્મિકા લીલાનું કરણ બનવાના કારણે વ્યાપાર ભક્તના હૃદયમાં માનસી સેવા, સર્વાત્મભાવ વગેરેના રૂપમાં પ્રગટ થાય છે. ફલસ્વરૂપ ભગવાનના બાહ્ય–આભ્યંતર અનુભવોનું ચક્ર ભક્તના હૃદયમાં નિરંતર ચાલવા લાગે છે. ભક્ત ભગવાનમાં તન્મનસ્ક, તદાલાપ, તદ્‌વિચેષ્ટ, તદાત્મક, તદ્‌ગુણગાનપરાયણ બનીને પોતાના દેહ–ગેહની સૂધ–બૂધ ખોઈ બેસે છે ! ભક્ત ભગવાનમાં જ મનવાળો, તેની જ વાતો કરતો, તેના અર્થે તેવી જ ચેષ્ટાઓ કરતો, તેનામાં જ આત્માવાળો અને તેના જ ગુણગાનમાં પરાયણ બની જઈ પોતાના શરીર ઈત્યાદિની સાન ખોઈ બેસે છે. આ વ્યસન દશાની વાત છે. ભજનાનંદની આ પરાકાષ્ટાની તુલનામાં ભક્તને બ્રહ્માનંદ પણ કદી ગમતો નથી!! બ્રહ્માનંદમાં શુદ્ધ અદ્વૈતરૂપ ઐકરસતા હોય છે. જ્યારે ભજનાનંદમાં અનેકવિધ મધુરતા રહે છે : તેમાં દ્વૈતરૂપ પણ છે અને અદ્વૈતરૂપ પણ છે !!!

સાયુજ્યરૂપ મોક્ષ અથવા બ્રહ્મભાવાપત્તિરૂપ વૈકુંઠાદિલોકમાં સેવા–ઉપયોગી દેહ પણ આ ઉપર કહેલા અલૌકિક–સામર્થ્યની તુલનામાં ભક્તના મનને લોભાવનારા નથી લાગતા. ભગવત્સંયોગ–સેવા અને ભગવદ્‌વિયોગ–કથાના અહર્નિશ ચાલતા ચક્રથી વધીને કેવળ વિપ્રયોગને માનવામાં નથી આવતો, તે જ કારણથી મુક્તિ અથવા આશ્રયભાવાપત્તિ તરફ લઈ જનારા ભ્રમરગીતમાં વર્ણિત વિયોગનું સ્થાન ફલપ્રકરણમાં ન હોતાં તે પ્રમેય પ્રકરણમાં છે.

"મય્યાવેશ્ય મનઃ કૃત્સ્નં વિમુક્તાશેષવૃત્તિ યત્, અનુસ્મરન્ત્યો માં નિત્ય–મચિરાન્મામવાપ્સ્યથ". જે ગોપીઓ સ્વજનોના રોકવાને લીધે રાસમાં ન આવી શકી તે ગોપીઓ મારામાં મન લગાવીને મારું સ્મરણ કરતાંની સાથે જ અને લીલાઓનાં સ્મરણથી જ મને પ્રાપ્ત કરી શકી (ભા. ૧૦–૪૭–૩૭)ની સુબોધિનીજીમાં આ અવસ્થાની વ્યાખ્યા કરતાં શ્રીમહાપ્રભુજી કહે છે કે "અહં હિ કૃત્સ્નઃ પ્રસાદેનાપિ પ્રાપ્તઃ કૃત્સ્નેનૈવ સાધનેન પ્રાપ્તું યોગ્યઃ સા ચ કૃત્સ્નતા અસ્યામેવાવસ્થાયાં ભવતિ નાન્યથા" એટલે કે હું પણ સંપૂર્ણ કૃપા દ્વારા પ્રાપ્ત હોવા છતાં, પૂર્ણ સાધનો દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય છું. તે પૂર્ણતા આ જ અવસ્થામાં થાય છે, બીજી કોઈમાં નહીં. અર્થાત્ તામસફલ–પ્રકરણમાં ભગવાનના રસાત્મક



રૂપનો અનુભવ યદ્યપિ પૂર્ણતયા થઈ જ ગયો હતો, પરંતુ તે સાધનાવસ્થા પછી ફલાવસ્થાના ક્રમ અનુસાર ન થયેલો હોવાથી ભગવદનુગ્રહવશ સાધનાક્રમની પૂર્ણતાની પહેલાં જ ફલાનુભૂતિ પ્રાપ્ત થવાની લીલા હતી. હવે રાજસ પ્રમેય–પ્રકરણમાં અર્થાત્ રાજસભક્તોના માટે જે પ્રમેયરૂપા નિરોધલીલાનું પ્રકરણ છે, ત્યાં તામસ ભક્તોની તો ફલાનુભૂતિનું નહિ પરંતુ સાધનાનુભૂતિનું જ સ્તર છે.

"આન્તરં તુ પરં ફલમ્" એટલે કે આન્તર અનુભવ શ્રેષ્ઠ ફલ છે (સુબો.૧૦–૨૬–૧) અથવા યુગલગીતમાં વર્ણવેલી "દ્વાત્રિંશેડન્તર્ગોપિકાનાં સ્વાનંદં ભગવાન્ હૃદિ પૂરયામાસ તેનૈવ પૂર્ણાનન્દ ઈતીર્યતે" એટલે કે બત્રીસમા અધ્યાયના અંતમાં–ગોપિકાઓનો સ્વાનંદ ભગવાને હૃદયમાં પરિપૂરિત કર્યો તેથી જ તે પૂર્ણાનન્દ કહેવાયો આમ પરમફલાત્મક વિયોગ ભ્રમરગીતમાં વર્ણવાયેલો વિયોગ નથી. તેથી શ્રીપ્રભુચરણે આ વિયોગાનુભૂતિનું વાસ્તવિક સ્વરૂપ આ શબ્દોમાં સમજાવ્યું છે– "એતાસાં તુ અધુનૈવ બહિસ્સંગમો અભિલષિતઃ તદભાવાદસ્મદનભિપ્રેતામપિ અસ્મદધિકારવિરુદ્ધામપિ જ્ઞાત્વા ઈશ્વરભાવેનાજ્ઞાપિતવાન્, અનભિપ્રેતમપિ બલાદ્ ગ્રાહયિતુમ્ ઈતિ અનાકર્ણનીમ્ ઈદં ભવતિ યદ્યપિ, તથાપિ પ્રિયતમસંબન્ધિત્વેનૈવ શ્રુતત્વાત્ તથૈવ ફલિષ્યતિ. ન તુ ઉપદેશત્વેનેતિ જ્ઞાપનાયાગ્રે સન્દેશપદમ્". આ લોકોને તો અત્યારે જ બહિસ્સમાગમ અભિલષિત છે. તેના અભાવથી ન ચાહવા છતાંય, અધિકાર ન હોવા છતાંય, એવું જાણવા છતાંય, ઈશ્વરભાવથી શ્રીકૃષ્ણે પોતાનું સ્વરૂપ જણાવ્યું, ઈચ્છેલું ન હોવા છતાંય, બળથી ગ્રહણ કરવામાં આવ્યું હોય એવું સાંભળવા લાયક નહોતું છતાંય, પ્રિયતમના સંબંધથી સંબંધિત હોવાને કારણે તેવું જ ફલ ત્યાં પ્રાપ્ત થશે. ઉપદેશ આપવાથી તેવું ફલિત નહિ થાય તેવું સમજાવવા માટે આગળ સંદેશપદ આપ્યું છે (ટિપ્પ. ૧૦–૪૪–૨૯). પ્રમેય સ્વભાવથી વિવશ બની વ્રજભક્તોએ વિયોગ સ્વીકાર્યો છે– પોતાના ભાવથી કે અભિલાષાને વશ થઈને નહિ. ભગવત્કથાના શ્રવણ કે કીર્તનનું ફલ, ભગવત્સ્વરૂપ અને ભગવલ્લીલાના પહેલાં આન્તર અને પછી બાહ્ય અનુભવ સ્વીકારવામાં આવ્યું છે. બાહ્યાનુભવના અભાવમાં કેવળ આન્તર અનુભવ વ્યર્થ છે.– "બાહ્યાભાવે તુ આન્તરસ્ય વ્યર્થતા". બાહ્ય અનુભવ પ્રભુના સ્વાનંદનો ન થાય તો માત્ર આન્તરભૂતિની અહીં વ્યર્થતા બતાવી છે (સુબો. ૧/૬/૧).

આ આન્તર અનુભવ અને બાહ્ય અનુભવના સૂક્ષ્મ રહસ્યને સમજવા માટે નિરોધનાં બીજાં બે રૂપોને સમજવાં આવશ્યક બને છે :

**(ક) સ્વરૂપ–ગુણ–ઉભયકૃત નિરોધ**

**(ખ) કેવલ–ગુણકૃત નિરોધ**

(ક) તામસ–ફલ–પ્રકરણના વિવેચનમાં શ્રીમહાપ્રભુજીએ આ સમજાવ્યું છે કે અહીં સાત અધ્યાયોમાં અર્થાત્ ૨૬મા અધ્યાયથી લઈને ૩૨મા અધ્યાય સુધી ક્રમશઃ (૧) ઐશ્વર્ય, (૨) વીર્ય, (૩) યશ, (૪) શ્રી, (૫) જ્ઞાન, (૬) વૈરાગ્ય, એ છ ભગવદ્ગુણ અને સાતમા સ્વયં ધર્મી ભગવાનના સ્વરૂપનું વર્ણન સ્વીકારેલું છે.

આ ફલરૂપા નિરોધલીલાના સ્વરૂપનો સારી રીતે વિચાર કરવાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે સાતે અધ્યાયોમાં ફલરૂપલીલાનું વર્ણન સ્વીકારેલું હોવા છતાં પણ, ધર્મીનિરૂપક પાંચમા અધ્યાય અને જ્ઞાનનિરૂપક સાતમા અધ્યાયનું કંઈક વિશેષ મહત્ત્વ છે જ. તેથી પ્રારંભમાં રૂપલીલાના–બાહ્યાભ્યન્તરભેદથી–જે બે ભેદ બતાવવામાં આવ્યા છે, તેનું આ બે અધ્યાયોમાં ચરમ ઉત્કર્ષના રૂપમાં વર્ણન કરવામાં આવ્યું છે. ધર્મી પ્રકરણમાં બાહ્ય સંયોગસુખનું તથા જ્ઞાન પ્રકરણમાં આંતર સંયોગનું વર્ણન કરવામાં આવ્યું છે.

"જ્ઞાનં ભક્તિશ્ચ સતતં ચક્રવત્ પરિવર્તતે" એટલે કે જ્ઞાન અને ભક્તિ સતત ચક્રની જેમ ફરતી રહે છે તેથી જ સંયોગસુખ જ અભિપ્રેત છે એ ઉક્તિ અનુસાર અહીં પરોક્ષ અને પ્રત્યક્ષ બંનેમાં સંયોગસુખનું જ વર્ણન અભિપ્રેત છે. તેથી તેને ફલપ્રકરણ માનવામાં આવ્યું છે.

(ખ) તેનાથી વિપરીત રાજસ–પ્રમેય પ્રકરણમાં વ્રજભક્તોની અનુભૂતિનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ આ શબ્દોમાં કર્યું છે. –"અન્તર્નિષ્ઠા વા વિરહો વા, દ્વયમેવ, ન તુ તાસામન્યા લૌકિકી અવસ્થા". આન્તરાનુભૂતિમાં નિષ્ઠા અને કાં તો વિરહમાં સ્થિતિ આ બે જ અવસ્થા તેઓની હતી, બીજી કોઈ પણ લૌકિક અવસ્થા ન હતી (સુબો. ૧૦–૪૪–૪૮). અહીં પૂર્વે કહેલું "આન્તરં તુ પરં ફલમ્" વચનના આધાર પર અન્તર્નિષ્ઠાને તો પરમ ફલરૂપ માનવી જ પડશે, પરંતુ દ્વિતીયાંશ વિરહને ફલરૂપ માનવાનો કોઈપણ આધાર મળતો નથી. આ વિરહ તેથી ફલરૂપ નહિ હોવાને કારણે પૂર્વવર્ણિત 'સાધનકૃત્સ્નતા' જ છે. તેથી શ્રીમહાપ્રભુજી તેને 'ફલરૂપ' ન કહેતાં તેને 'ફલસાધક' કહે છે.– "...ફલસાધકત્વાદ્ ભક્તિમાર્ગે વિરહ એવ પુરુષાર્થ..." આમાં ઉપરવર્ણિત 'આન્તરં તુ પરં ફલમ્' માં તે અન્તર્નિષ્ઠા જે પરમ ફળ છે તેને સિદ્ધ કરનાર પૂર્ણ સાધનતા વિરહમાં છે, જેથી તે ફલસાધક છે. ફલસાધક હોવાથી ભક્તિમાર્ગમાં



વિરહ એ જ પુરુષાર્થ છે, જે સિદ્ધ કરવો પડે છે. વિરહ અવસ્થામાં કરવામાં આવતું ગુણગાનનું સુખ અને ભગવત્સ્વરૂપાનુભવનું સુખ, એ બંને સુખના પરસ્પર તારતમ્ય સમજાવતાં શ્રીમહાપ્રભુજી કહે છે કે– " પરં વિરલમમૃતમ્ કેવલ મરણોપસ્થિતૌ તન્નિવર્તકમેવેતિ, ન તુ સમ્ભૂયૈકત્ર રસજનકમ્. રસપિંડયોરિવ તવ કથાયાશ્ચ વિશેષઃ, અન્યથા કથાર્થમેવ યત્નઃ કૃતઃ સ્યાત્. પરં વિરહે મરણનિવર્તકત્વેન તદુપયોગ ઇતિ ભગવત્ત્વેન સ્તૂયતે" એટલે કે વિરલ અમૃત કેવળ મરણકાળના નિવારણ માટે છે, નહીં કે ગુણગાનનું સુખ અને ભગવત્સ્વરૂપાનંદના અનુભવના સુખને એકત્ર કરી રસ પેદા કરવા માટે. રસ અને તેના પિંડની માફક તમારા અને તમારી કથામાં જ કાંઈક અન્તર છે, અન્યથા કથા માટે જ યત્ન કર્યો હોત, પરંતુ કથાનો ઉપયોગ વિરહમાં મરણાવસ્થાને દૂર કરવા માટે છે. આમ ભગવત્કથાની ભગવાનની માફક સ્તુતિ કરવામાં આવી છે. ભગવત્કથાના શ્રવણ–સ્મરણ–કીર્તનને કારણે ભક્તના પ્રાણ તીવ્ર વિરહવેદનામાં પણ જતા નથી, પણ ટકી રહે છે. એ પ્રમાણે ભગવાનની માફક ભગવદ્–ગુણગાનની પણ પ્રશંસા કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિક્તા તો એ છે કે ભગવત્સ્વરૂપની રસાનુભૂતિમાં સુખ ઘનીભૂત બને છે અને ભગવત્કથામાં તે તરલ બની જાય છે.

તેથી સિદ્ધ થાય છે કે કેવલ ગુણકૃત નિરોધમાં બાહ્ય તેમજ આંતર સંયોગસુખની ફલાનુભૂતિનું ચક્ર સતત ચાલતું નથી. ત્યાં વિરહદુઃખ અને અંતર્નિષ્ઠાના સંયોગસુખનું ચક્રવત્ આવર્તન ચાલે છે. તેથી તેના અર્ધાંશમાં સાધનરૂપતા અને અર્ધાંશમાં ફલરૂપતા છે. જ્યારે ભગવાન રસાત્મક હોવાને કારણે દ્વિદલાત્મક, અને દ્વિદલાત્મક હોવાને કારણે સંયોગ–વિયોગાત્મક અથવા 'નટવર' વપુરૂપ ભગવાનનું ફલરૂપ થવું, વિયોગમાં અંતર્નિષ્ઠાનું કારણ મળતાં આંતર સંયોગ સુખ અને સંયોગમાં સ્વરૂપાનુભૂતિને કારણે બાહ્ય સંયોગસુખને ધ્યાનમાં રાખીને સ્વીકારવામાં આવ્યું છે. આન્તરસુખદાન રસનાટન છે તથા બાહ્યસુખદાન રસરૂપ પ્રત્યક્ષ ભોગ છે. આ 'બર્હાપીડં' શ્લોકની સુબોધિનીથી સિદ્ધ થાય છે. તેથી ઉત્તરદલમાં અંતર્નિષ્ઠાના અંશમાં ફલરૂપતા તથા વિરહાંશ અથવા ધર્મિવિપ્રયોગના અંશમાં સાધનરૂપતા છે. કેવળ વિરહમાં ફલરૂપ હોવાનો ઉલ્લેખ શ્રીમહાપ્રભુજીના કે શ્રીપ્રભુચરણના કોઈપણ વચનમાં મળી આવતો નથી. આંતરસંયોગસુખ પ્રદાન કરવાવાળો વિપ્રયોગ સ્વતંત્ર અંગીરૂપ નિરોધ છે. જ્યારે કેવળ વિરહ આંતરસંયોગસુખના અભાવને કારણે, મુક્તિ અથવા આશ્રયભાવાપત્તિના અંગરૂપ નિરોધ માનવામાં આવે

છે. તેને કેવળ 'ગુણકૃત–નિરોધ', 'ધર્મિવિપ્રયોગ', 'કેવળ વિરહ', 'મુકત્યંગ નિરોધ' અથવા 'આશ્રય–ભાવાપત્ત્યંગ નિરોધ' કોઈપણ નામથી ઓળખો, પણ બધાનો અર્થ તો એક જ છે.

આ પ્રમાણે નિરોધનાં કારણ–સ્વરૂપ–કાર્ય–પ્રયોજન–રૂપ ચાર પ્રકારનાં લક્ષણ, ત્રણ પ્રકારના સ્વરૂપ કરણ–વ્યાપાર–ફલ–રૂપ; તથા સ્વરૂપ–ગુણ–ઉભયકૃત અને કેવળગુણકૃત નિરોધના રૂપમાં અનેક પ્રકારના ભેદ–ઉપભેદોનો વિસ્તૃત વિમર્શ કર્યા પછી નિરોધલક્ષણને સમજવો એકદમ સરળ બની જાય છે. તો પણ ગ્રન્થનો અનુવાદ સમજીએ તે પહેલાં એક બીજું સ્પષ્ટીકરણ અત્યન્ત જરૂરી છે. તે સ્પષ્ટીકરણ જોયા પછી ગ્રન્થનું ભાષાંતર આપણે જોઈશું.

આમ તો આપણે જોઈ લીધું કે નિરોધલક્ષણ ગ્રન્થ અને ભક્તિવર્ધિની ગ્રન્થ પાંચે પ્રકારના અધિકારીઓને લક્ષમાં રાખીને શ્રીમહાપ્રભુજીએ તેમાં ઉપદેશ કર્યો છે. આમ છતાં પણ ફરીથી તેને સોપપત્તિક એટલે કે સપ્રમાણ–તેનાં કારણો, હેતુઓ સહિત દૃષ્ટિએ સમજી લેવો અતિઆવશ્યક છે. સંન્યાસનિર્ણય ગ્રન્થમાં કહ્યું છે કે– ''કૌંડિન્યો ગોપિકાઃ પ્રોક્તાઃ ગુરવઃ સાધનં ચ તદ્ભાવો ભાવનયા સિદ્ધઃ'' એટલે કે કૌંડિન્ય અને ગોપીજનો આ માર્ગના ગુરુઓ છે તથા તેમના દ્વારા બતાવેલાં સાધનો દ્વારા અને ભાવ દ્વારા ભાવના સિદ્ધ થાય છે એ વચનોમાં વ્રજભક્તોના ભાવોનું ભાવનાત્મક અનુસરણ વિરહાનુભવાર્થ ગૃહત્યાગ કરવાવાળાઓને માટે આવશ્યક માનવામાં આવ્યું હતું. વ્રજભક્તોના ભાવોની ભાવના કેવળ ગૃહત્યાગીઓના માટે જ છે એવું સમજવાનું નથી, કારણ કે 'ભજનીયો વ્રજાધિપઃ' એટલે કે વ્રજના અધિપ એવા શ્રીકૃષ્ણ ભજનીય છે એમ કહીને વ્રજભક્તોના ભાવોની ઉપયોગિતા બધા પુષ્ટિભક્તોના માટે સર્વદા જ ચતુઃશ્લોકીમાં આવશ્યક માનવામાં આવી છે. આ પ્રમાણે પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં પુષ્ટિજીવોના ફલાનુભવના પ્રકારમાં ગુણ–સ્વરૂપના પ્રભેદ માન્ય થયા જ છે. 'સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્' એટલે કે સ્મરણ અને ભજન પણ ન તજવાં વચન દ્વારા ભગવત્કથા–સેવાની આવશ્યકતા ચતુઃશ્લોકીમાં જણાવી છે. તેથી સેવા અને કથા બંનેમાં વ્રજભાવનાની આવશ્યકતા છે. તેથી આ નિરોધલક્ષણ ગ્રંથમાં બધાંને માટે સર્વ પ્રથમ વ્રજભાવનાનું સ્વરૂપ સમજાવવામાં આવે છે.



## નિરોધકાર્ય સંયોગસુખ–વિયોગદુઃખની ભાવના

જે ભક્તોથી સેવા અને કથા બંને કરી શકાય છે, તેમણે પોતાના ભાવને અનુરૂપ સેવા કરતી વખતે ગોકુલની ભાવના અને કથાના સમયે વૃન્દાવનની ભાવના કરવી જોઈએ.

ગોચારણને માટે પ્રતિદિન ભગવાન વૃન્દાવન પધારે છે. ત્યારે ગોકુળમાં વાત્સલ્યભાવવાળા નન્દ–યશોદા વગેરે ભક્તોને તથા શૃંગારભાવવાળી ગોપીઓને જેવી વિપ્રયોગ દુઃખની અનુભૂતિ થાય છે, તેવી દુઃખાનુભૂતિ–વિરહવેદના અમને કથા સમયે ક્યારે થશે !

સાયંકાળે ગોચારણ કરીને ભગવાન ગોકુળ પાછા પધારે છે, ત્યારે ગોકુળમાં ગોપીઓને તથા બીજા બધા વ્રજવાસીઓને પણ અનેક રીતે ભગવત્સેવા દ્વારા જેવું સંયોગસુખ મળે છે, તેવું સુખ સેવાના સમયે ભગવાન મને ક્યારે પ્રદાન કરશે !

આ પ્રમાણે તામસફલ–પ્રકરણના ''જ્ઞાનં ભક્તિશ્ચ સતતં ચક્રવત્પરિવર્તતે'' વચનમાં વર્ણવાયેલી સંયોગ–વિયોગ–રૂપ અવસ્થામાં નિરોધનાં કાર્ય સુખ–દુઃખની ભાવના કરવી જોઈએ.

જે ભક્તોથી સેવા–કથા એકસાથે નથી નભી શકતી એવા મધ્યમ અધિકારીઓએ પહેલાં રાજસપ્રમેયપ્રકરણમાં વર્ણવેલી તીવ્ર વિપ્રયોગ–વેદનાની ભાવના કરવી જોઈએ અને પછી કથાશ્રવણ કાળમાં અંતર્નિષ્ઠાની સાથે આંતરસંયોગસુખની ભાવના કરવી જોઈએ.

ઉદ્ધવજી જ્યારે વ્રજમાં આવ્યા ત્યારે તેમની સાથે ભગવત્કથાના શ્રવણ–સ્મરણ–કીર્તનમાં જેવો એક સુમહાન ઉત્સવ પ્રગટ થયો, તેવા ઉત્સવની અનુભૂતિ કથા–શ્રવણ કરતી વખતે અમારા મનમાં ક્યારે થશે ! ગોકુળમાં સખ્ય–વાત્સલ્યભાવવાળા વ્રજભક્તોને અને વૃન્દાવનમાં સખ્ય–માધુર્ય–ભાવવાળા વ્રજભક્તોને ઉદ્ધવજી સાથે ભગવદ્ગુણગાન કરતી વખતે જેવો આહ્લાદ અનુભવાયો તેવો આહ્લાદ મારા હૃદયમાં ક્યારે પ્રગટ થશે !

કેવળ કથાનું શ્રવણ કરવાવાળા ભક્તોએ એવી ભાવના કરવી જોઈએ. આ રીતે અહીં નિરોધનું કાર્ય–લક્ષણ શ્રીમહાપ્રભુજીએ સૂચિત કર્યું છે.

## નિરોધનાં કારણભૂત ગુણગાનની આવશ્યકતા

કાર્યલક્ષણો સૂચિત કર્યા પછી શ્રીમહાપ્રભુજી નિરોધનાં કારણલક્ષણો સૂચિત કરવા ચાહે છે.

પૂર્વોક્ત ભાવનાઓ કરવા છતાં પણ હૃદયમાં ભાવોનો ઉદય એકદમ નથી થતો. મહાન ભક્તોની કૃપા થાય તો જ ભગવાન એવી દયા આપણા પર કરે છે. ત્યારે ભક્તના હૃદયમાં ભાવ અંકુરિત થાય છે. તેની વચ્ચેના ગાળામાં આનંદસંદોહ–સુખસિન્ધુ ભગવાન વ્રજાધિપનાં રૂપ, ગુણ, લીલા તથા નામોનું સંકીર્તન આપણે કરવું જોઈએ. તેનાથી ભક્તિમાર્ગ પરની આપણી યાત્રા આપણે સુખપૂર્વક આગળ વધારી શકીશું.

શ્રીપ્રભુચરણ આજ્ઞા કરે છે કે "તાદશી ભાવના કાર્યા યયા ભાવાંકુરોદયઃ, શ્રીમદાચાર્યકૃપયા ભવેદ્ ભાવો ન ચાન્યથા... ... ભાવો ભાવનયા સિદ્ધઃ ઈતિ વાક્યાત્ પ્રતીયતે, તદ્ વાક્યપરિનિષ્ઠાનાં હૃદિ ભાવાંકુરો ભવેત્" એટલે કે તેવી જ ભાવના કરવી જોઈએ કે જેનાથી ભાવોનો અંકુરોદય થાય કેમ કે શ્રીમહાપ્રભુજીની કૃપા દ્વારા જ ભાવ થાય છે, અન્યથા નહીં, 'તેવી જ ભાવના દ્વારા ભાવ સિદ્ધ થાય છે' એ વાક્યથી પ્રતીત થાય છે કે શ્રીમહાપ્રભુજીનાં વાક્યમાં નિષ્ઠાવાન વ્યક્તિના હૃદયમાં જ ભાવાંકુર ઉદિત થાય છે. તેથી શ્રીમદાચાર્યચરણ, શ્રીયમુનાજી તથા પુષ્ટિપથના આદ્ય–પથિક–ગુરુ શ્રીવ્રજભક્તોની કૃપા થવાથી ભગવત્કૃપાને લાયક બનવાનો અધિકાર પ્રાપ્ત થશે.

ઘી ચોપડેલી ગરમ રોટલી અને લૂખી સૂકી વાસી રોટલીના સ્વાદમાં બહુ ફરક પડે છે. તે જ રીતે સ્નેહભાવની ઉષ્માવાળા પૂર્ણ ભગવદીયના મુખેથી, તેમની કૃપાદષ્ટિના સ્નેહ સાથેનું ભગવત્કીર્તનનું શ્રવણ જેટલું સુખદ હોય છે, તેટલું લૌકિક પ્રયોજનની પૂર્તિને માટે ઠંડા મિજાજથી જોડતોડ કરીને, ભગવત્કથા કરવામાં પ્રવૃત્ત થનારી વ્યક્તિના મુખથી ભગવત્કથા સાંભળવી સુખદ નથી બનતી. તેવું કીર્તન તો લૂખ્ખું લાગે છે. ભગવાન ગોવિંદનાં ગુણગાનમાં જેવું સુખ શ્રીશુકદેવજી જેવા નિર્ગ્રન્થ આત્મારામ મુનિઓને મળે છે, તેવું સુખ તેમને પોતાને બ્રહ્મ સાથેની એકતાની અનુભૂતિમાં પણ નથી મળતું. તેથી જ શ્રીશુકદેવજીનાં– "પરિનિષ્ઠિતોઽપિ નૈર્ગુણ્ય ઉત્તમશ્લોકલીલયા ગૃહિતચેતા રાજર્ષે આખ્યાનં યદધીતવાન્", હે રાજર્ષિ, હું નિર્ગુણ સ્વરૂપ પરમાત્મામાં નિષ્ઠાવાળો છું છતાંય શ્રીકૃષ્ણપ્રભુની મધુર લીલાઓની કથાના અધ્યયને મારા હૃદયને બળ વડે આકર્ષિત કરી લીધું છે (ભા. ૨–૧–૯) વચનની વ્યાખ્યામાં



શ્રીમહાપ્રભુજીએ વિવેચન કર્યું છે કે "આત્મલાભથી ઉત્કૃષ્ટ કંઈ પણ નથી. આવા શાસ્ત્રીય વચન અનુસાર આત્મપર્યવસાયી એટલે કે આત્મામાં રમમાણ થવાવાળો ગુણાતીત સમાધિમાં નિત્ય રીતે સ્થિર થવા છતાં પણ શ્રીભાગવતના રસની અનુભૂતિ થતાં, તેની અપ્રાકૃતતા–દિવ્યતા સમજમાં આવતાં, શ્રીશુકદેવજીને એ સમજાયું કે બ્રહ્મમાં લીન થવાવાળાને જ્યારે સમાધિ–અવસ્થાની ગરજ નથી રહેતી, ત્યારે બ્રહ્માનંદથી પણ અધિક રસપ્રદ શ્રીભાગવતના કથારસને છોડીને સમાધિના ચક્કરમાં કોણ પડે !"

આ ભગવદ્ગુણગાનને કારણે ભગવદ્આસક્તિરૂપ સ્થાયી ભાવ, જ્યારે ભગવદ્વિરહક્લેશને કારણે તાપાત્મક બની જાય છે, ત્યારે હૃદયમાં રહેલા ભાવાત્મક ભગવાન સદાનંદ શ્રીકૃષ્ણ કૃપા કરીને આલંબન–વિભાવના રૂપમાં–બહાર પ્રગટ થાય છે.

ભગવાન ભાવાત્મકરૂપે હૃદયમાં બિરાજે અથવા ભાવના આલમ્બનરૂપે બહાર પ્રગટ થાય, પણ ભગવાન તો બધી રીતે સર્વદા આનંદમય જ હોય છે. આ આનંદમય પરમાત્માનું સર્વાત્મભાવના રૂપમાં પ્રાકટ્ય થવું તે પરમાત્માની પરમકૃપામયી આનંદાનુભૂતિ છે. આ કૃપા સુદુર્લભ છે. ભક્તના હૃદયમાં ભાવના રૂપમાં ભરેલો સેતુ, ભગવાનના ગુણગાનનાં શ્રવણ–કીર્તનની સરિતાના પ્રવાહથી અહર્નિશ ભરાતો રહેતો હોવાથી એક દિવસ છલકાઈ જાય છે ! આ રીતે તે ભક્તના દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ તથા બીજી પણ આત્મીય વસ્તુઓને પોતાની અલૌકિક રસાનુભૂતિમાં ડૂબાડીને રસથી તરબોળ કરી દે છે !!

તેથી સદાનંદ શ્રીકૃષ્ણ દ્વારા નિરુદ્ધ અર્થાત્ પુષ્ટિમાર્ગમાં અંગીકૃત જીવોએ બધી લૌકિક આસક્તિઓ છોડીને કેવળ ભગવાનના ગુણગાનમાં તેમણે તત્પર થઈ જવું જોઈએ. ગુણગાનને કારણે અંતે સર્વત્ર બ્રહ્મરૂપતાની અનુભૂતિ ભક્તને પોતાના દેહ–ઈન્દ્રિય–અંતઃકરણ તથા આત્માથી પણ થવા લાગશે. પ્રપંચની જરાયે અનુભૂતિ જીવને ન રહે તો પછી તેની સ્મૃતિ ક્યાંથી થશે ? પરિણામે– પ્રપંચની વિસ્મૃતિ અને ભગવદાસક્તિ–રૂપ નિરોધ સિદ્ધ થઈ જાય છે.

## નિરોધના વાસ્તવિક સ્વરૂપના ઉપદેશક શ્રીમહાપ્રભુજી

છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે દેવતા દેવવિદ્યા અને આત્મવિદ્યાનો ઉપદેશ તો કરી શકે છે, પણ ગતિ તો આચાર્ય જ બતાવી શકે છે. આચાર્ય દ્વારા

જ્યારે વિદ્યા મળે છે ત્યારે જ તે સંપૂર્ણ સિદ્ધ થાય છે– "તે હોચુરૂપકૌસલૈષા સૌમ્ય તેઽસ્મદ્‌વિદ્યા આત્મવિદ્યા ચ, આચાર્યસ્તુ તે ગતિં વક્તા" (૪–૧૪–૧). આચાર્યાદ્ધિયેવ વિદ્યા વિદિતા સાધિષ્ટં પ્રાપતીતિ" (૪–૯–૩). તે દેવો બોલ્યા, સૌમ્ય એવી અમારી વિદ્યા અને આત્મવિદ્યાનો ઉપદેશ અમે કરી શકીએ પણ ગતિ તો આચાર્ય જ કહી બતાવે છે. તેથી આચાર્ય દ્વારા જ ભણેલી વિદ્યા સિદ્ધિને પ્રાપ્ત થાય છે–ઉત્તમતાને પામે છે.

શ્રીભાગવત (૫–૧૨–૧૨)માં પણ ગુરુકૃપાની મહત્તા મહત્ ચરણરજના અભિષેકના રૂપમાં વખાણી છે.–"રહૂગણૈતત્ તપસા ન યાતિ ન ચેજ્યયા નિર્વપણાદ્ ગૃહાદ્વા ન છન્દસા નૈવ જલાગ્નિસૂર્યૈર્વિના મહત્પાદરજોઽભિષેકમ્. યત્રોત્તમશ્લોકગુણાનુવાદઃ પ્રસ્તૂયતે ગ્રામ્યકથાવિઘાતઃ નિષેવ્યમાણોનુદિનં મુમુક્ષોર્મતિં સતીં યચ્છતિ વાસુદેવે." હે રહૂગણ રાજા, આ પરમાત્મજ્ઞાનની પ્રાપ્તિ કાંઈ તપ કરવાથી થતી નથી, વેદોક્ત કાર્ય કરવાથી થતી નથી, પ્રાણીઓને અન્નાદિકનું દાન કરવાથી થતી નથી, અતિથિસેવા, દીનસેવા, વગેરે ગૃહસ્થોચિત ધર્મોનું પાલન કરવાથી થતી નથી, વેદનો અભ્યાસ કરવાથી થતી નથી, તેમ જળ, અગ્નિ કે સૂર્યની ઉપાસના વગેરે કોઈ પણ સાધનથી થઈ શકતી નથી; માત્ર મહાત્મા પુરુષના ચરણની રજથી પોતાની જાતને નવડાવી દેવાથી જ થાય છે. આનું કારણ એ છે કે મહાપુરુષોના સમાજમાં સદા પવિત્ર કીર્તિવાળા શ્રીહરિના ગુણોની ચર્ચા થતી રહેતી હોય છે, જેથી વિષયોની વાત તો પાસે ફરકી પણ શકતી નથી. અને જ્યારે ભગવત્કથાનું રોજ રોજ સેવન કરવામાં આવે છે ત્યારે તે મોક્ષની ઈચ્છાવાળા પુરુષની બુદ્ધિને ભગવાન વાસુદેવમાં લગાડી દે છે.

તેથી સિદ્ધ થાય છે કે ભગવાનના માર્ગમાં આચાર્યની મહત્તા અસાધારણ છે. તેથી સ્વયં ભગવાને પણ આજ્ઞા કરી છે કે "આચાર્યં માં વિજાનીયાત્ નાવમન્યેત કર્હિચિત્ ન મર્ત્યબુદ્ધ્યાસૂયેત સર્વદેવમયો ગુરુઃ". અર્થાત્ આચાર્યને સાક્ષાત્ ભગવદ્રૂપ જ સમજવા જોઈએ –જીવબુદ્ધિથી આચાર્યની તરફ જોવું એટલે આચાર્યની સાથે અસૂયાનો કે ઈર્ષાનો વ્યવહાર કર્યો ગણાય છે (ભા.૧૧–૧૭–૨૭). આચાર્યના માધ્યમથી જ ભગવાન પોતાની ગતિ વ્યક્ત કરે છે– "આચાર્યચૈત્યવપુષા સ્વગતિં વ્યનક્તિ" (ભા. ૧૧/૨૯/૬).

નિરોધના કારણલક્ષણમાં આ સમજાવવામાં આવ્યું હતું કે આ ભૂતલ પર ભક્તોની વચ્ચે ભગવાનનું પ્રગટ થવું કરણનિરોધ છે, અર્થાત્ ભગવાનનું ભક્તોમાં નિરુદ્ધ થવું ગણાય છે. તેથી શ્રીમદાચાર્યચરણોનું ભૂતલ પર પ્રગટ થવું



તેમનું ભક્તોમાં નિરુદ્ધ થવા માટે જ છે. તેથી સર્વોત્તમસ્તોત્રમાં શ્રીઆચાર્યચરણોનાં ચાર નામ છે.–"શ્રીભાગવતગૂઢાર્થ–પ્રકાશન–પરાયણઃ", "જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃદ્" તથા "સર્વાસકતો" "ભક્તમાત્રાસક્તઃ" એટલે કે (૧) ભાગવતના ગૂઢ અર્થોના પ્રકાશન કરવામાં જ પરાયણ એવા, (૨) જનસામાન્યને શિક્ષણ કરવા માટે કૃષ્ણભક્તિ કરી રહેલા, (૩) બધા જ દૈવી જીવો સિવાય કોઈમાં આસક્ત નથી, (૪) માત્ર તે બધા ભક્તોમાં જ આસક્ત છે તેવાં આ નામોનું અવલોકન કરવાથી તે બધું સારી રીતે સમજી શકાય છે.

શ્રી પ્રભુચરણોએ પણ તેથી જ શ્રીવલ્લભાષ્ટકમાં કહ્યું છે કે –"ઘોષાધીશં તદેમે કથમપિ મનુજાઃ પ્રાપ્નુયુઃ નૈવ દૈવીસૃષ્ટિર્વ્યર્થા ચ ભૂયાન્નિજફલરહિતા દેવ વૈશ્વાનરૈષા". હે વૈશ્વાનર દેવ ! જો આપશ્રી ન પ્રકટ્યા હોત તો માનવી વ્રજાધીશ શ્રીકૃષ્ણને કોઈ રીતે પામી ન શકત અને દૈવી સૃષ્ટિ નિજફળ એવા શ્રીપરમાનન્દના અધરામૃતાસ્વાદની સિદ્ધિથી વંચિત રહી જાત અને વ્યર્થ થઈ જાત. એમ કહીને શ્રીમદાચાર્યચરણોનું પ્રાકટય કરણનિરોધ છે એવી પુષ્ટિ કરી છે. શ્રીમદાચાર્યચરણોએ જાતે જ આજ્ઞા કરી છે કે–"અર્થં તસ્ય વિવેચિતું નહિ વિભુઃ વૈશ્વાનરાદ્વાક્પતેઃ અન્યસ્તત્ર વિધાય માનુષતનું માં વ્યાસવત્ શ્રીપતિઃ દત્ત્વાજ્ઞાં ચ કૃપાવલોકનપટુઃ યસ્માદતો ઽહં મુદા ગૂઢાર્થં પ્રકટીકરોમિ". અર્થાત્ શ્રીમદ્‌ભાગવતના અર્થને વિવેચન કરવા માટે વૈશ્વાનર સ્વરૂપ વાક્પતિ એવા મને વ્યાસજીની જેમ માનુષ શરીર લઈને એના અર્થના વિવેચન માટે કૃપાકટાક્ષ કરી મને આજ્ઞા આપી જેથી હું પ્રસન્ન થઈ ગૂઢાર્થને પ્રકટ કરી રહ્યો છું (સુબો. ૧–૧–૧) કહીને પોતાના પ્રાકટ્યની નિરોધરૂપતા ધ્વનિત કરી છે. પોતાના પ્રાકટ્યની તે કરણનિરોધરૂપતા શ્રીમહાપ્રભુજી "અહં નિરુદ્ધો" વચન દ્વારા અહીં સૂચિત કરી રહ્યા છે.

પુષ્ટિમાર્ગીય જીવોની ભગવદાસક્તિ અને પ્રપંચવિસ્મૃતિમાં કોઈ બાધા ન આવી જાય તે માટે આપશ્રીએ પૃથ્વીપરિક્રમા કરીને તેમની સમક્ષ જાતે જ ભગવત્સેવા તથા ભગવત્કથા સિવાય બીજી બધી વસ્તુઓની વિસ્મૃતિનું ઉદાહરણ સ્થાપિત કર્યું. આ વ્યાપારનિરોધને જ અહીં 'રોધેન' પદ દ્વારા સૂચિત કરે છે.

આ વ્યાપારનિરોધને કારણે જ આપના અનુયાયીઓમાં ફલનિરોધ પ્રગટ થયો છે. તેનું સૂચન સર્વોત્તમસ્તોત્રમાં–"સાન્નિધ્યમાત્ર–દત્ત–શ્રીકૃષ્ણપ્રેમા" એટલે કે પોતાના સાન્નિધ્યમાત્રથી શ્રીકૃષ્ણના પ્રેમનું દાન કરનારા એવા પદથી શ્રીપ્રભુચરણોએ પણ કહ્યું છે. અહીં 'નિરોધપદવી' છે, જે શ્રીમહાપ્રભુજીએ

પુષ્ટિમાર્ગમાં ભગવાન દ્વારા નિરુદ્ધ અથવા અંગીકૃત દૈવી જીવોના નિરોધને માટે ધારણ કરી છે– "રોધેન નિરુદ્ધો નિરુદ્ધાનાં તુ રોધાય નિરોધપદવીં ગતો અહં તે નિરોધં વર્ણયામિ."

અથવા વાર્તામાં પણ આપણે જોયું છે કે રાજા અને માધો દુબેને આપશ્રીએ આજ્ઞા કરી હતી કે "હવે તમે તમારે ઘરે જઈને સેવા કરજો. દૈવી જીવ આવે તેને નામ સંભળાવજો. તમને નિરોધ સિદ્ધ થયો છે. તેથી જે તમારો સંગ કરશે તેને નિરોધ સિદ્ધ થશે !" જો આ ભાવ અહીં પણ આપણે સ્વીકારીએ તો અન્વય આમ થશે–"રોધેન નિરુદ્ધો નિરોધપદવીં ગતો અહં નિરુદ્ધાનાં તુ રોધાય તે નિરોધં વર્ણયામિ" જેમ શ્રીમહાપ્રભુજીની સેવા–કથામય દિનચર્યા –કરણનિરોધ તથા વ્યાપારનિરોધ– થી રાજા અને માધો દુબેને ફલનિરોધ–પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ સિદ્ધ થઈ હતી, તે જ પ્રમાણે રાજા અને માધો દુબેના સેવા–કથામય જીવનથી પુષ્ટિમાર્ગમાં નિરુદ્ધ અનેક જીવોને પ્રપંચવિસ્મૃતિ અને ભગવદાસક્તિનો લાભ થશે. આવું વરદાન શ્રીમહાપ્રભુજી આ શ્લોકમાં આપે છે.

## નિરોધનું સ્વરૂપ

મુક્તિ અને આશ્રયભાવાપત્તિ અર્થાત્ સાયુજ્ય અને વૈકુંઠાદિલોકમાં સેવોપયોગી દેહની તુલનામાં નિરોધની મહત્તા એ છે કે જીવને આ ભૂતલ પર જ ભગવદનુભૂતિ થાય છે. આ અનુભૂતિ જીવન્મુક્તિના જેવી જ છે. સાયુજ્યમુક્તિમાં જીવાત્મા પરમાત્મામાં લીન થઈ જાય છે, પરંતુ ભક્તના હૃદયમાં આવા મનોરથ ચાલી શકતા નથી. ભગવાન સ્વયં કહે છે કે "અનિચ્છતો મે ગતિમણ્વીં પ્રયુઙ્ક્તે". તેઓ ન ઈચ્છતા હોય છતાં ભક્તિ તેઓને મારું સાયુજ્ય પ્રાપ્ત કરાવે છે (ભાગ. ૩/૨૫/૩૬). તેથી વેણુગીતની શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજીએ નિરોધ અને મુક્તિની તુલના "નેત્રવાન વ્યક્તિને કોઈ સુરમ્ય દર્શનીય સ્થળ દેખાડવા અને તેને ગાઢ અંધારા કૂવામાં પૂરી દેવો" ની સાથે કરી છે–"ઇદમેવ ઇન્દ્રિયવતાં ફલં મોક્ષોડપિ નાન્યથા યથાન્ધકારે નિયતા સ્થિતિઃ નાક્ષ્ણોઃ ફલં ભવેત્ એવં મોક્ષોડપિ ઈન્દ્રિયાદિયુક્તાનાં સર્વથા નહિ" એટલે કે આ જ ઈન્દ્રિયવાળાઓનું ફળ છે. મોક્ષ પણ અન્યથા જેમ અન્ધકારમાં નિયત સ્થિતિ કરી રહેલાઓને આંખનું ફળ નથી મળતું અર્થાત્ દેખાતું નથી તેવી જ રીતે મોક્ષ પણ ઈન્દ્રિયાદિયુક્તોને ફલરૂપ થતો નથી.

આ પ્રમાણે આશ્રયભાવાપત્તિના પણ અનેક પ્રકારો વર્ણિત થયા છે. તેમાં વૈકુંઠાદિ લોકોમાં નૂતન સચ્ચિદાનન્દાત્મક દિવ્ય દેહ, જો સેવા–ઉપયોગી મળતો હોય તો એવા દિવ્ય દેહેન્દ્રિયોથી ભગવદાસક્તિ થવા તો સંભવ છે જ,



તેનો ભક્ત પણ સ્વીકાર કરી શકે છે, પરંતુ ભક્તને તો આ ભૂતલ પર આ દેહઈન્દ્રિયોથી પોતાના પ્રિયતમ પરમાત્માની તાત્કાલિક અનુભૂતિ થાય તેની આવશ્યકતા છે.

પ્રપંચવિસ્મૃતિપૂર્વક જો જીવ ભગવદાસક્તિવાળો થાય તેને આવી અનુભૂતિ થવી એ સંભવિત છે. અન્યથા શ્રીહરિ જેને વિનિર્મુક્ત કરે છે અર્થાત્ ભગવાન જેને નિરુદ્ધ નથી કરતા, તે ભવસાગરમાં ડૂબી જાય છે. અહીંયાં જ આ ભૂતલ પર ભગવાનની આન્તર તથા બાહ્ય સંયોગાનુભૂતિને કારણે, અથવા સેવા અને કથાને કારણે અહર્નિશ મોદપ્રમોદનો અનુભવ તો ભગવાન દ્વારા નિરુદ્ધ જીવ જ કરી શકે છે.

લૌકિક રૂપ–રસ–ગંધ–સ્પર્શ–શબ્દ વગેરેમાં આસક્ત અર્થાત્ સંસારાવેશથી દૂષિત આપણી ઈન્દ્રિયોની દર્શન–રતિ, આસ્વાદન–રતિ, આઘ્રાણ–રતિ, સ્પર્શન–રતિ, શ્રવણ–રતિ તથા બીજી પણ કર્મેન્દ્રિયોના તથા અંતઃકરણના વ્યાપારમાં રતિઓનું અહિત બે રીતે થઈ શકે છે. તે ઈન્દ્રિયોને કોઈ પણ પ્રકારના નિગ્રહ વિના લૌકિક ક્ષુદ્ર સુખોની શોધમાં નિરંતર ભટકતી રહેવા દેવામાં આવે અથવા તો તેમનો સંપૂર્ણપણે નિગ્રહ કરીને તેમને બધી રીતે ખતમ કરી દેવામાં આવે. ઈન્દ્રિયોને વિષયોમાંથી દૂર કરવાની વાત તો સમજવામાં આવે એવી છે, પણ આંખોને જોવાના કામથી વિમુખ કરવી તેનાથી ભગવાને નેત્રો આપ્યાં તેનો જીવને શો લાભ થઈ શકે છે ? ઈન્દ્રિયોની વૃત્તિઓનું આવું દમન અથવા નિરોધ 'કુયોગ' કર્યો કહેવાય. શ્રીમહાપ્રભુજી કહે છે કે–"સર્વેષામેવ નિરોધને તત્તદધિષ્ઠાતૃદેવદ્રોહો ભવત્યેવ ભગવત્સમર્પણે તુ તદ્વચનેન તદુક્તમેવ કૃતમિતિ ન કોડપિ દોષઃ સંભવતિ". બધાનાં જ નિરોધમાં તે તે ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવોનો દ્રોહ થશે જ પણ ભગવાનને સમર્પણ કરવાથી, તેમનાં વચનથી, તેમના દ્વારા કહ્યા પ્રમાણે કરવાથી, કોઈ પણ દોષ સંભવતો નથી (સુબો.૨–૪–૧૭). ઈન્દ્રિયોની રત્યાત્મક વૃત્તિઓનું દમન ઉચિત નથી. તે જ પ્રમાણે લૌકિક વિષયોમાં ઈન્દ્રિયવૃત્તિઓનો દુરુપયોગ કરવો પણ યોગ્ય નથી. તેથી તેનો દુરુપયોગ કે અનુપયોગ કરવો તેના કરતાં તેમનો ભગવદ્ઉપયોગ શોધીને તેમનો તેમાં વિનિયોગ કરવો એ તેમનો સદુપયોગ થઈ જાય છે.

શ્રીસુબોધિનીજી (૩–૧૪–૪૬)માં શ્રીમહાપ્રભુજીએ તેનું વિસ્તૃત વર્ણન કર્યું છે કે– "પ્રાણીઓમાં જાતજાતની વૃત્તિઓ હોય છે. દસ કર્મેન્દ્રિયો–જ્ઞાનેન્દ્રિયોની વૃત્તિઓ, ચાર અંતઃકરણની વૃત્તિઓ, એક દેહ સંબંધી

વૃત્તિ, એક પ્રાણ સંબંધી વૃત્તિ અને એક આત્મસંબંધી વૃત્તિ એ બધી વૃત્તિઓને ભગવાનસંબંધી–ભગવદ્વિષયક બનાવવાથી સર્વભવનસમર્થ– સર્વભાવાપન્ન ભગવાન પ્રસન્ન થાય છે.''

આને જ 'ભૂમાસુખ' અથવા 'સર્વાત્મભાવ' કહેવામાં આવે છે. ''ભૂમાસમ્પ્રસાદાદધ્યુપદેશાત્'' (૧–૩–૮) બ્રહ્મસૂત્રમાં આનું નિરૂપણ કરવામાં આવ્યું છે કે બધી વૃત્તિઓથી ભગવદનુભૂતિ ભૂમાસુખ છે.–''યો વૈ ભૂમા તત્સુખં નાલ્પે સુખમસ્તિ'', ''યત્ર નાન્યત્પશ્યતિ નાન્યચ્છૃણોતિ નાન્યદ્ વિજાનાતિ સ ભૂમા''. જે બીજું કાંઈ જોતો નથી, બીજું કાંઈ સાંભળતો નથી, તેનાથી અન્યત્ કાંઈ જાણતો નથી તે ભૂમા છે. અને જે ભૂમા છે તે સુખ છે, કેમ કે અલ્પમાં સુખ નથી અને ભૂમાની સ્થિતિ એટલે ભગવદનુભૂતિ સ્વાનંદાવસ્થા જ (છાંદોગ્ય.૭–૨૩–૧ અને ૭–૨૪–૧).

તેથી ઈન્દ્રિયોની વૃત્તિઓનો સર્વથા અનુપયોગ અથવા લૌકિક વિષયોમાં દુરુપયોગ કરવામાં ઈન્દ્રિયોની વૃત્તિઓનું અહિત કે ઈન્દ્રિયોની વૃત્તિઓને અલ્પસુખ મળે છે. ભૂમા–પુરુષોત્તમ શ્રીકૃષ્ણમાં તેમને જોડવી તે તેમનો વાસ્તવિક સદુપયોગ તથા હિત છે. તેને જ ''પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ'' પણ કહે છે. આ ભક્તનો ભગવાનમાં નિરોધ છે. ભગવત્સ્વરૂપમાં આ મુખ્ય નિરોધ જેને માટે શક્ય ન હોય તેણે ભગવાનના ગુણોનું શ્રવણ–સ્મરણ–કીર્તનમાં પોતાનું ચિત્ત લગાડવું જોઈએ. મુરવૈરી ભગવાનના ગુણોમાં આસક્તિ અને પ્રપંચની વિસ્મૃતિ સિદ્ધ થઈ જાય પછી, જીવને નહિ તો સાંસારિક ક્લેશોની અનુભૂતિ થશે તથા ભગવદ્વિરહક્લેશની પણ નહિ થશે. ભગવાનના ગુણાનુવાદમાં પણ સાક્ષાત્ ભગવાનની જેમ સુખદાનનું સામર્થ્ય છે.

## કેવલગુણકૃત નિરોધ

આ કેવલગુણકૃત નિરોધ દ્વારા જો ભગવાન સુખદાન ન કરતા હોત તો એમને દયાળુને બદલે ક્રૂર જ માનવા પડે, કેમકે પ્રપંચ વિસ્મરણને કારણે લૌકિક સુખો છૂટી જવાથી, ભગવાન જો ભક્તને ભગવત્સ્મરણની પ્રક્રિયામાં સુખદાન ન કરતા હોય તો, ભક્તિ દુ:ખનિવર્તક જ માનવામાં આવશે, સુખપ્રદ નહીં, પરંતુ ગુણકૃતં નિરોધમાં પણ એટલું સામર્થ્ય છે કે ભક્ત સાંસારિક ક્લેશ અને ભગવદ્વિરહજન્ય ક્લેશ, બંનેથી પાર થઈ શકે છે.

શ્રીમદ્ભાગવત (૧૦–૮૭–૨૦)માં કહેવામાં આવ્યું છે કે ''પોતાના દુર્જ્ઞેય આત્મસ્વરૂપનો ભક્તોને સુખાનુભવ કરાવવા માટે ભગવાન અનેક રૂપ



ધારણ કરે છે. તે રૂપોમાં ભગવાન અનેકવિધ લીલા ભૂતલ પર પ્રગટ કરે છે. એવા ભગવચ્ચરિત્રના સુખસાગરમાં તરવાવાળા ભક્ત ભગવાનના ચરણસરોજોની વચ્ચે નિવાસ કરવાવાળા હંસ પરમહંસના કુળમાં પ્રવિષ્ટ થવાની કામનાથી, નિજકુલપરિવારને છોડી દેવા છતાં પણ, અપવર્ગ કે મોક્ષ અથવા સાયુજ્યમુક્તિની કામના કરતા નથી.'' શ્રીસુબોધિનીજીમાં એટલે સુધી કહેવામાં આવ્યું છે કે– ''યતોऽવતીર્ણસ્ય કૃષ્ણસ્ય ચરિત્રમાત્રશ્રવણેऽપિ તાદૃશ આનંદો જાયતે યેન વિચારકા: અપવર્ગમપિ પરમાનન્દપ્રાપકં ન પરિલષન્તિ કદાચિદપિ ન વાંછન્તિ... ગૃહે હિ મહત્સુખં ભવતિ, તત્સિદ્ધં વિદ્યમાનં તદપિ પરિત્યજન્તિ, યદિ ભગવતિ સહસ્રાંશેનાપિ આનંદસન્દેહો ભવેત્ તર્હિ વિદ્યમાનં કો વા ત્યજેત્... ચરણસરોજૈકાશ્રયા યે હંસાસ્તેષામ્ કુલં સમૂહ: તેષાં સંગાર્થ વિસૃષ્ટં સ્વગૃહં યૈસ્તૈ: સહ પરમાનંદો બહુધા ભોક્તવ્ય ઈતિ મોક્ષાપેક્ષયાપિ ભગવત્કથાશ્રવણરસોऽધિકો નિરૂપિત:''... એટલે કે અવતારી કૃષ્ણના ચરિત્ર માત્રના શ્રવણમાં પણ તેવો જ આનંદ થાય છે. જેથી કરીને વિચારકો મોક્ષને પણ પરમાનંદ પ્રાપ્તિનું સાધન નથી જોતાં. અને ક્યારે પણ તે મોક્ષની ઈચ્છા પણ નથી કરતા, કેમકે તેમને ઘરમાં મહાન સુખ થાય છે. તેથી મોક્ષ સિદ્ધ છે, વિદ્યમાન છે, છતાંય તેને છોડી દે છે. જો તે ભગવાનમાં સહસ્રાંશે પણ આનંદનો સંદેહ હોય તો જે વિદ્યમાન મોક્ષ છે તે કોણ છોડી દે...ચરણકમલને જ માત્ર એક આશ્રય કરી રહેલા જે ભગવદીયો છે, તેમના સમૂહને તેમના સંગ માટે જ પોતાના ઘરને જે છોડે છે, તેમની સાથે પરમાનંદ સારી રીતે ભોગવવો જોઈએ. તેથી મોક્ષની અપેક્ષાએ પણ ભગવત્કથાશ્રવણરસ અધિક અહીં કહેવાયો છે. તેથી કેવલગુણકૃત નિરોધની અવસ્થામાં પણ પ્રપંચવિસ્મૃતિને કારણે ન તો સાંસારિક ક્લેશની અનુભૂતિ થતી કે ન ભગવદ્–વિરહ–જન્ય–ક્લેશની અનુભૂતિ, પણ આંતરસંયોગાનુભૂતિને કારણે ભગવદાસક્તિ થાય છે.

આ ગુણકૃત નિરોધની પ્રારંભિક અવસ્થામાં કેવલ મન, વાણી અને શ્રવણ ઈન્દ્રિયોનો ભગવાનમાં વિનિયોગ થાય છે. બધી ઈન્દ્રિયોનો વિનિયોગ થતો નથી. એવી સ્થિતિમાં બાકી રહેલી ઈન્દ્રિયો કોઈ વખતે પોતપોતાના લૌકિક વિષયોમાં રહી આસક્તિને કારણે પ્રપંચવિસ્મૃતિ અથવા ભગવદાસક્તિમાં બાધા પહોંચાડી શકે છે! આવી શંકા ગુણકૃત નિરોધ વિશે કરવી જોઈએ નહિ, કારણકે ગુણકૃત નિરોધમાં પણ પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ એકવાર સિદ્ધ થવાથી બધી ઈન્દ્રિયોથી 'આસક્તિભ્રમન્યાય' (પ્રેમી યા પ્રેમિકાને ગાઢ આસક્તિને કારણે એકબીજાના આગમનની અથવા ઉપસ્થિતિની ભ્રાન્તિ જેવી રીતે થતી રહે છે તે

ન્યાય)થી ભગવાનનો અધ્યાસ અથવા ભગવાનના ગુણોનો અધ્યાસ, લૌકિક વિષય–વ્યક્તિઓમાં તથા લૌકિક રૂપ–રસ–ગન્ધ–સ્પર્શ–શબ્દ વગેરે ગુણોમાં પણ બનેલો જ રહે છે. તેથી લૌકિક વિષય આ અધ્યાસને કારણે નિરોધમાં બાધા ઉપસ્થિત કરી શકતા નથી.

તેથી છાંદોગ્યોપનિષદમાં આ સર્વાત્મભાવની અનુભૂતિમાં આસક્તિભ્રમન્યાયથી ઉત્પન્ન થતા વિભિન્ન સંચારી ભાવોનું વર્ણન તદાદેશ, અહંકારાદેશ અને આત્માદેશના રૂપમાં કર્યું છે.– "સ એવાધસ્તાત્ સ એવો–પરિષ્ટાત્ સ પશ્ચાત્ સ પુરસ્તાત્..... સ એવેદં સર્વમિતિ અથાતો અહંકારાદેશ એવાહમધસ્તાદહમુપરિષ્ટાદહમ્.... અહમેવેદં સર્વમિતિ... અથાત આત્માદેશ એવાત્મૈવાધસ્તાદાત્મૈવોપરિષ્ટાદાત્મા પશ્ચાદાત્મા પુરસ્તાદ્... આત્મૈવેદં સર્વમિતિ. સ એષ એવં પશ્યન્ એવં મન્વાન એવં વિજાનન્ આત્મરતિરાત્મક્રીડ આત્મમિથુન આત્માનંદઃ સ સ્વરાટ્ ભવતિ. તસ્ય સર્વેષુ લોકેષુ કામચારો ભવતિ"– તે જ નીચે છે, તે જ ઉપર છે, તે જ પાછળ છે, તે જ આગળ છે, તે જ બધું છે, તેમ કહ્યા પછી અહંકારાદેશમાં હું જ નીચે છું, ઉપર પણ હું જ છું, હું જ બધું છું. ત્યારબાદ આત્માદેશમાં આત્મા જ નીચે છે, આત્મા જ ઉપર છે, આત્મા જ પાછળ છે, આત્મા જ આગળ છે, આત્મા જ બધું છે. જે આવું જુએ છે, આવું માને છે, અને આવું જાણે છે તે આત્મામાં રતિ કરે છે. તેમાં જ રમણ, મિથુન અને આત્માનંદ પ્રાપ્ત કરી તે સ્વરાટ્ થાય છે અને તે બધાં જ લોકોમાં વિચરણ કરનારો થાય છે (૭–૨૫–૧/૨). નિરુદ્ધ ભક્તને કોઈ વખત પોતાનાથી ભિન્ન પરમાત્માની અનુભૂતિ સર્વત્ર થાય છે –કોઈ વખતે પોતાની જાતની જ અનુભૂતિ સર્વત્ર થવા લાગી જાય છે–કોઈ વખતે પોતાનાથી અભિન્ન પરમાત્માની અનુભૂતિ સર્વત્ર થવા લાગે છે. રાસપંચાધ્યાયીમાં ભગવાનના તિરોહિત થવાથી "કૃષ્ણોઽહં પશ્યત ગતિં લલિતામિતિ તન્મના", જુઓ, હું કૃષ્ણ છું, આ મારી મનોહર ચાલ તો જુઓ, આમ શ્રીકૃષ્ણમાં જ મનવાળી તન્મનસ્ક ગોપી વિરહાવસ્થામાં કહી રહી છે (૧૦–૩૦–૧૯) વચનોમાં ગોપીઓના આ જાતના અધ્યાસનું ઉદાહરણ મળે છે.

બધા વિષયોમાં ભગવાનના અધ્યાસને કારણે પુનઃ લૌકિક વિષયાસક્તિમાં મનની ભટકવાની આશંકા પણ ન કરવી જોઈએ, કારણ કે તે લૌકિક વિષયોમાં લૌકિકવિષયપણાથી તો વિરાગ જ રહે છે. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય જેવા ભગવદ્ધર્મોનો ભક્તમાં પણ આવેશ થવાને કારણે, એ ધર્મોનો આવેશ થવા પહેલાં પણ પરમાનન્દ રૂપ ભગવાનના ધર્મરૂપ સ્થાયિભાવ–ભગવદ્રતિના કારણે પણ લૌકિક વિષયોમાં વિરાગ સ્થિર રહી શકે છે. સર્વાત્મભાવને પણ



ભગવદ્ધર્મસ્વરૂપ માનવામાં આવ્યો છે. તેથી સર્વાત્મભાવરૂપ ભગવદ્ધર્મને કારણે પણ લૌકિક વિષયોમાં વિરાગ સ્થિર રહી શકે છે.

આ વિષયોમાં વૈરાગ્યની સાથે જીવ જો ભગવાનના ગુણોનું અહર્નિશ શ્રવણ–સ્મરણ–કીર્તન કરે તો તેને કારણે ગુણોના માધ્યમથી સર્વદુઃખહારી શ્રીહરિનું આન્તરસુખસ્પર્શ તેને મળતું જ રહે છે. તેથી તેવા જીવને દુઃખી થવાનો તો કોઈ સવાલ જ નથી રહેતો.

સર્વાત્મભાવની અનુભૂતિ જ્ઞાનમાર્ગમાં પણ થાય છે અને ભક્તિમાર્ગમાં પણ થાય છે. જ્ઞાનમાર્ગીય સર્વાત્મભાવ શાન્તરસાત્મક હોય છે તથા ભક્તિમાર્ગીય સર્વાત્મભાવ શૃંગાર, સખ્ય અને વાત્સલ્ય તથા દાસ્ય ભાવાત્મક હોય છે. જ્ઞાનમાર્ગીય સર્વાત્મભાવમાં કેવળ આત્માથી બ્રહ્માનંદની અનુભૂતિ થાય છે, પણ ભક્તિમાર્ગીય સર્વાત્મભાવમાં સર્વેન્દ્રિય, અન્તઃકરણ અને આત્માથી પણ ભજનાનંદની અનુભૂતિ થાય છે. તેથી ભ્રમરગીતની શ્રીસુબોધિનીજીમાં એવું કહેવામાં આવ્યું છે કે બધી ઈન્દ્રિયોથી અતીત અધોક્ષજ એટલે કે ઈન્દ્રિયજ્ઞાનથી અગોચર ભગવાનને બધી ઈન્દ્રિયોનો વિષય બનાવવો એ મુનિઓને માટે પણ દુર્લભ અનુભવ છે, જે અનુભવ ગોપીઓને સર્વાત્મભાવને કારણે સુલભ થયો (સુબો.૧૦–૪૪–૨૫થી૨૭). જ્ઞાનમાર્ગના લૂખા નીરસ ચિત્તવૃત્તિના નિરોધની તુલનામાં, હરિકથાનાં વર્ણનનાં શ્રવણ–સ્મરણ–કીર્તનને કારણે ભક્તિમાર્ગીય નિરોધ સરસ ઉત્કર્ષવાળો છે તે સ્વીકારવું પડે જ.

હરિકથાના શ્રવણ–કીર્તનમાં બે સાવધાનીઓ રાખવાની આવશ્યકતા છે. પહેલી સાવધાની તો એ છે કે આ હરિકથાને સ્પર્ધા–ઈર્ષા–દ્વેષની આપણી તુચ્છ મનોવૃત્તિઓને સન્તુષ્ટ કરવાનું માધ્યમ ન બનાવવું. બીજી સાવધાની એ રાખવાની કે હરિકથાને ઉદરપૂર્તિ, યશ, કીર્તિ કે ફંડફાળો ભેગો કરવાના લોભથી ન કરવામાં આવે. જો તે કારણોથી હરિકથા કરવામાં આવે તો ભક્તિમાર્ગીય ઉત્કૃષ્ટ નિરોધ સિદ્ધ કરવામાં તે હરિકથા નિષ્ફળ જશે– "અમત્સરૈઃ અલુબ્ધૈશ્ચ વર્ણનીયાઃ સદા ગુણાઃ". કોઈ પણ માત્સર્ય વગર અને કોઈ પણ પ્રકારના ફંડફાળો, યશ, કીર્તિ, ઉદરપૂર્તિના લોભ વગર માત્ર પ્રેમથી ભક્ત્યર્થ ભગવદ્ગુણોનું ગાન સદા કરવું.

## ગુણ–સ્વરૂપ–ઉભયકૃત–નિરોધ

અવતારકાળમાં તો પ્રભુના સ્વરૂપનું પ્રાકટ્ય સ્વેચ્છાથી થાય છે. અનવતાર કાળમાં સ્વરૂપ પ્રગટ ન થતું હોવાને કારણે સ્વરૂપકૃત નિરોધ સંભવિત છે કે નહિ ? આ પ્રશ્ન વિચારણીય છે.

તામસ ફલ પ્રકરણ (૧૦–૨૯–૧૩)માં આ પ્રશ્નનો ખુલાસો આ શબ્દોમાં આપવામાં આવ્યો છે–

"જ્ઞાનભક્ત્યોસ્તુ આવિર્ભાવાર્થમુપયોગઃ આવિર્ભાવશ્ચેદ્ અન્યથા– સિદ્ધઃ તદા ન જ્ઞાનભક્ત્યોરુપયોગઃ અત્ર તુ ભગવાન્ સ્વત એવ આવિર્ભૂતઃ, મુક્તિદાનાર્થં સર્વ સાધારણ્યેન. ઈશ્વરેચ્છયા અનિયમ્યત્વાત્. અતઃ આવિર્ભાવઃ સ્વેચ્છયા ભક્ત્યા જ્ઞાનેન વા.ભગવદવતારાતિરિક્તકાલે દ્વયમેવ હેતુઃ અવતારદશાયાં તુ ન તયોઃ પ્રયોજકત્વમ્. વર્ષાકાલે જલં સર્વત્ર સુલભમિતિ ન કૂપનદીનામનુપયોગઃ શંકનીયઃ". અર્થાત્ ભગવદાવિર્ભાવ માટે જ્ઞાન કે ભક્તિની આવશ્યકતા છે. અવતાર કાળમાં તો ભગવાન સ્વેચ્છાથી જાતે જ બધાની સમક્ષ પ્રગટ થઈ જાય છે. તેથી તે સમયે જ્ઞાન અને ભક્તિ અનાવશ્યક બની જાય છે. તેથી અવતારકાળમાં જ્ઞાન અને ભક્તિ અનુપયોગી છે એવું માની લેવું નહિ. જેમ વરસાદની ઋતુમાં જળ સર્વત્ર સુલભ હોય છે તેથી કૂવા અને નદીઓનો ઉપયોગ નથી એમ શંકા ન કરવી જોઈએ.

સર્વનિર્ણય–નિબંધ (કારિકા ૨૨૮–૨૨૯)માં ભગવાનના ભક્તિમાર્ગીય આવિર્ભાવની પ્રક્રિયા બતાવી છે : (૧) સાકાર બ્રહ્મવાદના સિદ્ધાંત અનુસાર વસ્તુમાત્ર બ્રહ્માત્મક હોવાથી ભગવાનની મૂર્તિ પણ ભગવદાત્મક હોવામાં કોઈ પણ પ્રકારની શંકા કરવાની આવશ્યકતા નથી. (૨) ભક્તિનું બીજ ભગવાનની કૃપા જ હોય છે. તેથી ભક્તના હૃદયમાં કોઈ વિશેષ ભગવાનની મૂર્તિ તરફ લાગણી ઉત્પન્ન થાય તો તેનું બીજ, તે મૂર્તિના રૂપ દ્વારા ભક્તોદ્ધારના, ભગવાનના સંકલ્પમાં રહેલું છે. (૩) ભક્તના ભક્તિમાર્ગીય ભાવનામય સંકલ્પના કારણે પણ ભક્તના સેવ્ય સ્વરૂપને "ભગવાનના એક વિશેષ વ્યક્તિગત અવતાર"ના રૂપમાં માન્ય કરવું જોઈએ.

બ્રહ્મ તો વ્યાપક પણ છે અને સાકાર પણ છે. તેથી ભગવાનની મૂર્તિને માયિક અથવા ચિત્તને એકાગ્ર કરવાના સાધન રૂપ માનવાની રીતિ શ્રીવલ્લભના સિદ્ધાન્તથી વિપરીત છે. "યે યથા માં પ્રપદ્યન્તે તાન્ તથૈવ ભજામ્યહમ્". જે લોકો મને જેવી રીતે ભજે છે તેઓને હું પણ તેવી જ રીતે ભજું છું અર્થાત્ સિદ્ધ થાઉં છું (ગીતા ૪–૧૧). તે વચનો અનુસાર મૂર્તિમાં સાક્ષાત્ વ્રજાધિપની સાચા હૃદયથી ભાવના કરવાથી સાચેસાચ જ વ્રજાધિપનું તે રૂપમાં પ્રાકટ્ય થાય છે.

ભગવાનના આ કૃપામય સંકલ્પ અને ભક્તના ભાવનામય સંકલ્પના બળથી પ્રકટ હરિમૂર્તિનું ધ્યાન પોતાના હૃદયમાં, બીજાં બધાં રૂપોને ભૂલી જઈને,



ભક્તે સદા નિરન્તર ધરવું જોઈએ. ભગવાનના આ સ્વરૂપમાં અંતઃકરણનો નિરોધ થઈ જાય છે. તે રીતે તે સ્વરૂપનું નેત્રોથી દર્શન કરવાની તથા સ્પર્શેન્દ્રિયથી સ્પર્શ કરવાની આતુરતા થવી જોઈએ. હાથોને તે સ્વરૂપની સેવાને માટે તૈયાર રાખવા જોઈએ. પગને તે સ્વરૂપનાં દર્શન માટે કે સેવા માટે દોડવા તૈયાર રાખવા જોઈએ. કાનથી ભગવાનનાં ગુણગાન સાંભળતી વખતે, તેવા જ ગુણો હું જે સ્વરૂપની સેવા કરું છું તે ભગવત્સ્વરૂપનાં જ છે એવી ભાવના કરવી જોઈએ. તે સેવ્ય સ્વરૂપના રૂપમાધુર્યનાં, ગુણમાધુર્યનાં અને લીલા લાવણ્યનાં વાણીથી કીર્તન કરવાં જોઈએ.

અસમર્પિત અન્ન, વસ્ત્ર, પુષ્પ, ગન્ધ વગેરેનો ત્યાગ કરવાનું સિદ્ધાંતરહસ્ય ગ્રન્થમાં પહેલેથી જ કહી દેવામાં આવ્યું છે– "અસમર્પિત વસ્તૂનાં તસ્માદ્ વર્જનમાચરેત્" તેથી અહીં તેની હવે પુનરુક્તિ આવશ્યક નથી.

અહીં એ જાણવું આવશ્યક છે કે ઇન્દ્રિયો ત્રણ પ્રકારની હોય છે. (૧) જેમનો સાક્ષાત્ ભગવદ્વિનિયોગ શક્ય હોય જેવી કે નેત્ર, ત્વચા, કર્ણ, વાણી, હસ્ત, ચરણ અને અંતઃકરણ, (૨) કેટલીક ઇન્દ્રિયોના વિષય ભગવત્સ્વરૂપ સાથે સાક્ષાત્ સંબંધ નથી કરાવી શકાતો, જેવી કે જીભ, નાક. તેથી તેમને ભગવત્–પ્રસાદરૂપ અન્ન તથા ગંધના ગ્રહણનાં વ્રતમાં દીક્ષિત કરવી જોઈએ. (૩) પૂર્વોક્ત બંને પ્રકારની ઇન્દ્રિયોનો સંબંધ–વ્યાપાર ગ્રહણાત્મક હોય છે, વિસર્જનાત્મક નહિ. તેથી તેમનો વિષય સાક્ષાત્ ભગવત્સ્વરૂપ અથવા સ્વરૂપસંબંધી પ્રસાદી અન્ન–ગંધને બનાવી શકાય છે; પરંતુ પાયુ (ગુદા) અને ઉપસ્થ (જનનેન્દ્રિય) ઇન્દ્રિયોનો સંબંધ–વ્યાપાર ગ્રહણાત્મક નથી પણ વિસર્જનાત્મક છે. તેથી તે બે ઇન્દ્રિયોનો વિનિયોગ કોઈ પણ રીતે સાક્ષાત્ ભગવત્સ્વરૂપ કે તેમના સંબંધમાં આવનાર પદાર્થોના ગ્રહણમાં કરવો શક્ય નથી. છતાં પણ ગુદાથી મળત્યાગ કરીને, દેહ શુદ્ધ કરી તેને ભગવત્સેવોપયોગી બનાવી શકાય છે. આ પ્રમાણે કૃષ્ણસેવામાં સહયોગી સંતાનોના જન્મ માટે ઉપસ્થ પણ ઉપયોગી છે. – "પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ" એટલે કે કૃષ્ણને અર્થે જ પુત્રમાં રતિ કરવી.

આ રીતે જે ઇન્દ્રિયનો, સાક્ષાત્ અથવા પરંપરાથી પણ ભગવત્સ્વરૂપમાં વિનિયોગ અથવા ભગવત્કાર્ય માટે ઉપયોગ કરવો યોગ્ય ન જણાતો હોય તેનો સારી રીતે નિશ્ચયપૂર્વક નિગ્રહ કરવો જોઈએ. આ નિયમના પાલનથી અનવતાર કાળમાં પણ ગુણ–સ્વરૂપ–ઉભયકૃત નિરોધ શક્ય બની જાય છે.

ભક્તને ભગવત્સેવા તથા ભગવત્કથા દ્વારા પ્રપંચવિસ્મૃતિ અને ભગવદાસક્તિ સિદ્ધ થઈ જાય છે.

નિરોધની સિદ્ધિ સાધન—અવસ્થાની અંતિમ અવધિ છે. કોઈપણ સાધન ષોડશગ્રન્થમાં કહેલા અષ્ટાક્ષર—પંચાક્ષર—મંત્ર અથવા અન્યત્ર કહેલો મંત્ર—"હા હા કૃષ્ણ મુખારવિન્દવિરહાગ્ને" પણ, ઉભયકૃત નિરોધથી અથવા કૃષ્ણ—સેવાકથા—મય જીવનથી ઉત્તમ—ઉત્કૃષ્ટ સાધન નથી. આ ષોડશગ્રન્થમાં કહેલાં શ્રીયમુનાષ્ટક કે શ્રીકૃષ્ણાશ્રય જેવાં સ્તવનો અથવા અન્યત્ર પણ વર્ણિત સર્વોત્તમાદિ સ્તોત્રો પણ આ નિરોધથી વધારે ઉત્કૃષ્ટ સાધન નથી. ભાષ્ય, નિબંધ વગેરે ગ્રન્થોમાં વર્ણિત અનેક પ્રકારની બ્રહ્મવિદ્યાઓ કે સર્વનિર્ણય વગેરે ગ્રન્થોમાં પ્રશંસિત તીર્થાટન પણ આ ગુણ—સ્વરૂપ—ઉભયકૃત નિરોધથી આગળ વધેલું સાધન નથી.

આ નિરોધથી આગળ વધેલું જો કોઈ હોય તો તે છે આગળ સેવાફલમાં વર્ણિત થવાવાળું અલૌકિક સામર્થ્યરૂપ ફલ, જે આ નિરોધનું પ્રયોજન છે, પરંતુ તેને તો 'ફલનિરોધ' જ પુનઃ કહેવામાં આવે છે....

**ઇતિ શમ્**



# ૧૬. સેવાફલમ્
# ૧૬—અ. સેવાફલવિવરણમ્

સેવાફલ અને તેના વિવરણની રચના શ્રીમહાપ્રભુજીએ આગ્રામાં વિષ્ણુદાસ છીપાને માટે કરી હતી. કિંવદન્તી અનુસાર તેની રચના વિ.સં. ૧૫૮૨માં થઈ હતી એમ માનવામાં આવે છે. (આ સમય વૈષ્ણવવાણી અંક ૪ વર્ષ ૧૯૭૯માં શ્રીનાગરદાસ શાસ્ત્રી લિખિત લેખ પરથી લખ્યો છે.) વાર્તામાં આ વિષયનો ઉલ્લેખ આ રીતે મળે છે :

"વિષ્ણુદાસ આગ્રાની પાસેના ગામમાં એક છીપાના ઘરમાં જન્મ્યા હતા. તેઓ વીસ વર્ષના થયા ત્યારે તેમનાં લગ્ન થયાં. તેમના પિતા વસ્ત્રો છાપતા અને તેઓ આગ્રામાં જઈ તે વેચી આવતા. તેઓ એમ કરતા હતા, તેવામાં એક સમયે શ્રીઆચાર્યજી આગ્રા પધાર્યા, ત્યારે વિષ્ણુદાસ સુંદર છીંટોના તાકા લઈ આગ્રા વેચવા આવેલા. તે વખતે શ્રીઆચાર્યજીએ કૃષ્ણદાસને કહ્યું 'આ છીપાની પાસે સારી છીંટ છે. તે તું લઈ આવ અને તે જે કિંમત માગે તે તેને આપજે.' ત્યારે કૃષ્ણદાસે વિષ્ણુદાસને કહ્યું, 'આ છીંટના બધા તાકા અમને આપ. તેની જે કિંમત થાય તે તું લે.' એટલે વિષ્ણુદાસે તેની ચાર ગણી કિંમત કહી. એટલે કૃષ્ણદાસે બધા રૂપિયા ગણી આપ્યા અને કહ્યું, 'બીજા સારા તાકા હોય તો લાવજે.'

તે સાંભળી વિષ્ણુદાસ આશ્ચર્યમાં પડી ગયા. આ તો કોઈ મહાપુરુષ હોઈ અલૌકિક જીવ છે, જેણે કાપડની કિંમત પણ ન પૂછી, બધા તાકા લઈ લીધા અને કશી પણ રકઝક કર્યા વિના તેના પૈસા પણ આપી દીધા. તેથી આમને છીંટના તાકા આપવા તે યોગ્ય નથી. જો તેમનો પૈસો મારા ઘરમાં આવશે તો મારું આખું ઘર વૈરાગી બની જશે !' ત્યારે વિષ્ણુદાસે કૃષ્ણદાસને કહ્યું, "તમારા આ બધા પૈસા લઈ લો. મારા છીંટના તાકા મને પાછા આપી દો." ત્યારે કૃષ્ણદાસે કહ્યું, "તું તો મોટો મૂર્ખ માણસ લાગે છે. તેં જે કિંમત કહી તે તો તને આપી. હવે તો છીંટના તાકા તને કોઈ સંજોગોમાં પાછા અમે નહિ આપીએ. તને કિંમત ઓછી પડતી હોય તો બીજા રૂપિયા આપીએ. તેં ચાર ગણી કિંમત તો લીધી જ છે ને!"

ત્યારે વિષ્ણુદાસે કહ્યું, ‘‘તમે તો મહાપુરુષ છો, તેથી તમારું દ્રવ્ય જો મારા ઘરમાં આવશે તો મારું આખું ઘર વૈરાગી બની જશે. તેથી મારી ઈચ્છા તમને તાકા વેચવાની નથી. જો છીંટના તાકા પાછા ન આપવા હોય તો પણ તમારા આ રૂપિયા તો તમે પાછા લઈ જ લો અને છીંટના તાકા પણ તમે તમારી પાસે રાખો, કારણકે તમારા રૂપિયા મને પચે નહિ’’. ત્યારે કૃષ્ણદાસ બોલ્યા, ‘‘તારી છીંટનાં કાપડનાં વખાણ કરીને શ્રીઆચાર્યજીએ તે તાકા લેવાની આજ્ઞા કરી છે કે તે ખરીદી લો. તેથી તું કોટી ઉપાય કરે તો પણ કાપડના તાકા તો તને પાછા નહિ આપીએ અને શ્રીઆચાર્યજી પોતાના સેવક સિવાયના બીજા કોઈની પાસેથી કંઈ લેતા નથી...’’ ત્યારે વિષ્ણુદાસે પૂછ્યું, ‘‘શ્રીઆચાર્યજી કયાં છે?’’

ઉપનિષદમાં ઠીક કહ્યું છે કે પરમાત્મા નથી તો પ્રવચનથી મળતા કે નથી મળતા બુદ્ધિથી કે બહુ જ્ઞાનથી. પરમાત્મા કયાં છે? કોને મળે છે?’’ તેનો જવાબ ‘‘પરમાત્મા જેને ખોળે છે તે જ પરમાત્માને ખોળી શકે છે! પરમાત્મા જેને મળવા ઈચ્છે છે, તે જ પરમાત્માને મળી શકે છે.’’–‘‘યમેવૈષ વૃણુતે તેન લભ્યઃ’’ (કઠોપનિષદ ૧–૨–૨૩).

ભારતવર્ષની ત્રણ ત્રણ પરિક્રમાઓમાં શ્રીમહાપ્રભુજી વિષ્ણુદાસને શોધી રહ્યા હતા. ત્યારે તો વિષ્ણુદાસ પણ પૂછી શક્યા કે, ‘‘શ્રીઆચાર્યજી કયાં છે?’’

નિરોધલક્ષણ ગ્રન્થમાં કહેવામાં આવ્યું છે કે ‘‘ભક્તોની વચ્ચે ભગવાનનું આ ભૂતલ પર પ્રગટ થવું એ કરણનિરોધ છે. પ્રપંચને ભૂલીને ભક્તોનું ભગવાનમાં આસક્ત થવું એ વ્યાપારનિરોધ છે. આ પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદ્આસક્તિના વ્યાપાર દ્વારા ભક્તના દેહ, ઈન્દ્રિય, અંતઃકરણ, પ્રાણ, આત્મા એ બધાથી ભક્તને સર્વત્ર સર્વદા ભગવાનના સ્વરૂપ અથવા લીલાનો નિરંતર અનુભવ થવો એટલે કે માનસી સેવા એ ફલનિરોધ છે. તે પ્રમાણે વિષ્ણુદાસની છીંટ પર શ્રીમહાપ્રભુજીનું ખુશ થવું એ કરણનિરોધ હતો. વિષ્ણુદાસનું ‘‘શ્રીઆચાર્યજી કયાં છે ?’’ એ પૂછવું એ વ્યાપારનિરોધ હતો અને સેવા વિના જ વિષ્ણુદાસને આ ‘સેવાફલ’નું શ્રીમહાપ્રભુજીએ કરેલું દાન ‘ફલનિરોધ’ હતો! ‘યમેવૈષ વૃણુતે તેન લભ્યઃ તસ્યૈષ આત્મા વિવૃણુતે તનું સ્વામ્!’’ એટલે કે આ આત્મા જેનું વરણ કરે છે તે જ, તે આત્માની સામે પોતાના તનુને પ્રકટ કરે છે.

જીવાત્માનું વરણ કરણનિરોધ છે અને પરમાત્મા દ્વારા નિજરૂપનું વિવરણ કે પ્રકટ કરવું તે ફલનિરોધ છે.

વાર્તામાં કહેવાયું છે કે ‘‘ ત્યારે શ્રીઆચાર્યજીએ શ્રીયમુનાજીને તીરે પધારી વિષ્ણુદાસને સ્નાન કરાવી નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. વિષ્ણુદાસે



વિનંતી કરી – ‘‘મહારાજ! હું તો મૂર્ખ છું. તેથી મારા પર કૃપા કરો કે જેથી શ્રીભાગવત વગેરે આપના ગ્રન્થોનું મને કંઈ જ્ઞાન થાય અને આપના માર્ગનો સિદ્ધાંત સમજાય.’’ ત્યારે શ્રીઆચાર્યજીએ ‘સેવાફલ’ ગ્રન્થ લખી વિષ્ણુદાસને સંભળાવ્યો. તે સાંભળીને વિષ્ણુદાસે વિનંતી કરી – ‘‘મહારાજ ! ‘સેવાફલ’ ગ્રન્થ સાંભળતાં જ બધાં શાસ્ત્રપુરાણોનું જ્ઞાન મને થયું, પણ ‘સેવાફલ’ ગ્રન્થનો અભિપ્રાય સમજમાં આવ્યો નથી.’’ ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું – ‘સેવાફલ’ ગ્રન્થ બહુ કઠિન છે. સારું થયું કે તેં મને પૂછ્યું. ‘‘પછી આપશ્રીએ ‘સેવાફલ’ની ટીકા કરીને વિષ્ણુદાસને સંભળાવી. પછી વિષ્ણુદાસને માર્ગના બધા સિદ્ધાંતો હૃદયારૂઢ થયા અને તેઓ તેમાં મગ્ન થઈ ગયા. હવે તો વિષ્ણુદાસ થોડાં કપડાં છાપે. આગ્રા જઈ તે વેચી આવે. તેમાંથી જે કંઈ દ્રવ્ય મળી આવે તેમાં નિર્વાહ કરે. બાકીના બધા સમયે રાત–દિવસ માનસી સેવામાં મગ્ન રહે અને શ્રીઆચાર્યજીના ગ્રન્થ શ્રીસુબોધિનીજીના ભાવમાં તલ્લીન રહે’’.

આ માનસી સેવા પરાસેવા છે, એ સિદ્ધાંતમુક્તાવલીમાં કહેવામાં આવ્યું છે. માનસી સેવાની સિદ્ધિ તનુ–વિત્તજા સેવા કરવાથી થાય છે, તે વાત પણ તેમાં કહેવામાં આવી છે. આ પુષ્ટિભક્તિરૂપા સેવાના અધિકારી પુષ્ટિજીવો જ છે, બીજા જીવો નહિ, આ વાત પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં બતાવવામાં આવી છે. સિદ્ધાંતરહસ્યગ્રન્થમાં પુષ્ટિજીવોને પુષ્ટિભક્તિરૂપા સેવામાં દીક્ષિત કરવા માટે આત્મસમર્પણનો પ્રકાર સમજાવ્યો છે. તેનાથી પુષ્ટિભક્તિમાં ભોગાસક્તિ બાધા પહોંચાડવા અસમર્થ બને છે. નવરત્ન ગ્રન્થમાં સેવાને ઉદ્વેગરહિત બનાવવા માટે ચિન્તાત્યાગની વાત સમજાવી છે. અંતઃકરણપ્રબોધ, વિવેકધૈર્યાશ્રય તથા કૃષ્ણાશ્રય દ્વારા પુષ્ટિમાર્ગીય ભગવત્સેવામાં વિઘ્નરૂપ ઉદ્વેગ તથા પ્રતિબંધથી બચવાના ઉપાય બતાવ્યા છે. ચતુઃશ્લોકીમાં આ સેવાનું પુષ્ટિમાર્ગીય ધર્મ,અર્થ, કામ અને મોક્ષની પુરુષાર્થ–ચતુષ્ટયીમાં શું સ્થાન છે તે બતાવ્યું છે. ભક્તિવર્ધિનીમાં આ સેવાના બીજભાવથી માંડીને વ્યસનદશા સુધીના વિકાસની રૂપરેખા દોરી છે. સેવાના અનોસરમાં ચિત્તનું ભગવત્પ્રવણ બની રહેવામાં કોઈ વિઘ્ન ન આવે તે માટે જલભેદ–પંચપદ્યાનિમાં ભગવત્કથાના શ્રવણકીર્તનનું સ્વરૂપ સમજાવ્યું છે. જો જીવથી સેવા ન નભતી હોય તો ભોગાસક્તિ પર કાબૂ રાખવા માટે ગૃહત્યાગ કરી દેવો જોઈએ, પણ આવો ગૃહત્યાગ જીવની વ્યસનદશા સિદ્ધ થાય ત્યારે જ કરવાનો છે, અન્યથા નહિ. સંન્યાસનિર્ણય ગ્રન્થમાં આવી સાવધાનીથી વર્તવાની સલાહ આપી છે. નિરોધલક્ષણ ગ્રન્થમાં આ સેવાને માનસી સેવાના રૂપમાં વિકસાવવા સહાયક કારણોને સમજાવ્યાં છે. હવે સેવાફલમાં તનુ–વિત્તજા સેવાનું ફલિતરૂપ અર્થાત્ ફલનિરોધને અલૌકિક સામર્થ્યના રૂપમાં બતાવવામાં આવ્યો છે. આ પરમાત્માના

ભૂમારૂપમાં બધી વૃત્તિઓનું યોજન છે. આનો ભાવ એવો છે કે પરમાત્માના ભૂમારૂપમાં બધી વૃત્તિઓ જીવે યોજવી. તેને 'સર્વાત્મભાવ' પણ કહે છે.

સમગ્ર ષોડશગ્રન્થોની એકવાક્યતા કે આધારશિલા જેવી કેન્દ્રિય ધારણા કે પુષ્ટિજીવોની સૃષ્ટિ ભગવત્સ્વરૂપની સેવા માટે જ રચી છે, બીજી કોઈ રીતે આ સૃષ્ટિ ન સંભવે, તેથી અહીં અગર કુસૃષ્ટિ કે સંશય કરનારી વૃત્તિ જો ઉત્પન્ન થાય તો તે ભ્રમ છે, આ 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રન્થના– "ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્" વચનમાં શ્રીમહાપ્રભુજીએ આ વાત સ્પષ્ટ કરી દીધી છે. તેથી ષોડશગ્રન્થના ઉપસંહારરૂપ સેવાફલમાં પુષ્ટિમાર્ગીય ફલથી ભિન્ન કોઈ પણ ફલનું કરવામાં આવેલું નિરૂપણ સ્વીકારતાં પહેલાં, અથવા પુષ્ટિમાર્ગમાં પણ સેવાથી ભિન્ન કોઈપણ કર્તવ્ય અથવા અવસ્થાને પુરુષાર્થ કે ફલરૂપ માનતાં પહેલાં, ઉપક્રમ–ઉપસંહાર વગેરે તાત્પર્યનિર્ધારક અંગોમાં પરસ્પર વિસંવાદ ઊભો થશે. તેથી આ ગ્રન્થના ઉપસંહારમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "કુસૃષ્ટિરત્ર વા કાચિદુત્પદ્યેત સ વૈ ભ્રમ:" એટલે કે આ બાબતમાં વિરુદ્ધ યુક્તિ ઉત્પન્ન થાય, તે નિશ્ચયપૂર્વક ભ્રમ છે.

આ ગ્રન્થમાં સેવાફલના રૂપમાં વર્ણિત 'અલૌકિક સામર્થ્ય', 'સાયુજ્ય' તથા 'વૈકુંઠાદિષુ સેવોપયોગિદેહ'ની અનેક વ્યાખ્યાઓ વિભિન્ન ટીકાકારો દ્વારા આપવામાં આવી છે. જેમ કે :

(૧) આ ત્રણે ફલ પુષ્ટિસૃષ્ટિના ત્રણ અવાન્તર વર્ગ પુષ્ટિપુષ્ટિ, મર્યાદાપુષ્ટિ, તથા પ્રવાહપુષ્ટિની ત્રણ પ્રકારની કક્ષાના જીવોનું ફલ છે.

(૨) તનુનવત્વરૂપ અલૌકિક સામર્થ્ય ભગવદ્વિરહની ફલાત્મિકા અનુભૂતિ છે. સાયુજ્ય ભગવત્સંયોગની ફલાત્મિકા અનુભૂતિ છે. નવતનુત્વસ્વરૂપ સેવોપયોગિદેહ ઉભયસાધારણ અધિકારકોટીનું ફલ છે.

(૩) અલૌકિક સામર્થ્ય પુષ્ટિભક્તિનું ફલ છે. તથા સાયુજ્ય અને સેવોપયોગિદેહ મર્યાદાભક્તિનું ફલ છે.

(૪) અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય અને સેવોપયોગિદેહ ક્રમશઃ ઉત્તમ, મધ્યમ તથા સાધારણ કોટીનાં ફલ છે.

(૫) સંયોગાનુભૂતિરૂપ સાયુજ્ય પરમ ફલ છે. વિયોગાનુભૂતિરૂપ અલૌકિક સામર્થ્ય તથા સેવોપયોગિદેહ અધિકારસિદ્ધિરૂપ અવાન્તર ફલ છે.

(૬) અલૌકિક સામર્થ્ય અને સાયુજ્ય પુષ્ટિભક્તિનાં ફલ છે તથા સેવોપયોગિદેહ મર્યાદાભક્તિનું ફલ છે.



(૭) અલૌકિક સામર્થ્ય અતિ–અંતરંગ સેવાનું ફલ છે. અંતરંગ સેવાના દ્વિવિધ સાયુજ્યરૂપ ફલ હોય છે : કેવળ આત્માથી અનુભવાતું સાયુજ્ય અને અલૌકિક –દેહ–ઈન્દ્રિય–અન્તઃકરણ–આત્માથી અનુભવાતું સાયુજ્ય, જ્યારે સેવોપયોગી દેહ બહિરંગ સેવાનું ફલ છે.

(૮) સર્વેન્દ્રિયોની ભગવત્પરતા અલૌકિક સામર્થ્ય છે. દેહનાશક વિગાઢ ભાવથી અન્યસ્ફૂર્તિ–રહિત આંતરસંયોગ સાયુજ્ય છે. માનસી સેવાની સિદ્ધિ થયા પછી, વૈકુંઠાદિ ભગવદ્ધામોમાં જેવો દેહ હોય છે તેવી સેવોપયોગી દેહની સિદ્ધિ તૃતીયફલ છે.

ભગવાન દ્વારા પ્રદત્ત ભાવો અનુસાર ભગવદનુભૂતિના અનેક પ્રકારોમાં ભક્તોને ફલરૂપતાની પ્રતીતિ થાય છે. તેથી બધા વ્યાખ્યાકાર પોતપોતાની ફલરુચિ અનુસાર ફલની વ્યાખ્યા કરતા રહે છે. તેમાં જો મતભેદ જણાય તો તે પણ પોતપોતાની ફલરુચિની મસ્તીનો મધુર મતભેદ છે. તેથી મતભેદ પણ ફલાત્મક છે!

'સેવાફલ' ગ્રન્થના તાત્પર્યનો જ્યાં સુધી પ્રશ્ન છે તો ત્યાં શ્રીભાગવતના સ્કંધ ત્રીજાના પાંચમા અધ્યાયના શ્લોક ૩૨ થી ૪૦ સુધીના નવ શ્લોકોની શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજીએ સુસ્પષ્ટતા કરી છે. ત્યાં પણ સેવાફલની જેમ ભક્તિનાં ત્રણ ફલ બતાવ્યાં છે : જીવન્મુક્તિ, સાયુજ્ય અને વૈકુંઠલોકપ્રાપ્તિ. તેથી અલૌકિક સામર્થ્ય અને જીવન્મુક્તિને એકરૂપ માનવાં જોઈએ, તથા વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહ અને વૈકુંઠલોકપ્રાપ્તિને એકરૂપ માનવાં જોઈએ. બંને જગાએ સાયુજ્ય તો સમાન જ છે. આ એકરૂપતાને નક્કી કર્યા પછી શ્રીસુબોધિનીજીમાં ત્રણે ફળનું જે વિસ્તૃત વર્ણન આપ્યું છે તે પ્રમાણે સેવાફલ ગ્રન્થનું નિર્દિષ્ટ ફલત્રયનું પણ સ્વરૂપનિર્ધારણ સરળ બની જાય છે.

આ ભૂતલ પર સેવા કરતાં કરતાં, બધી ઈન્દ્રિયોથી ભગવદનુભૂતિના રૂપમાં જીવમાં અલૌકિક સામર્થ્ય પ્રગટ થાય છે. તે જ પુષ્ટિમાર્ગીય જીવન્મુક્તિ છે. તેને 'ફલનિરોધ', 'સર્વાત્મભાવ', 'વ્યસનોત્તર–કૃતાર્થતા', 'તનુનવત્વ' કે 'માનસી–સેવા' જે કહેવું હોય તે કહો પણ તે એક જ અવસ્થાના વિભિન્ન પાસાઓનું નિરૂપણ છે. સ્થૂલ દૃષ્ટિથી શબ્દાર્થ ભિન્ન ભિન્ન છે, પરંતુ પદાર્થ તો સર્વત્ર એક જ છે.

શ્રીભાગવતના દશમસ્કંધનો વર્ણ્ય–વિષય નિરોધ છે. અગિયારમા સ્કંધનો વર્ણ્ય–વિષય મુક્તિ છે. બારમા સ્કંધનો વર્ણ્ય–વિષય આશ્રય–બ્રહ્મભાવાપત્તિ છે. આ ત્રણે સ્કંધનો વિષયક્રમ તથા શ્રીમહાપ્રભુજીના– "એવં ભેદત્રયં નિરૂપિતં સાયુજ્યં વૈકુંઠઃ જીવન્મુક્તિશ્ચેતિ", આમ ત્રણ ભેદ

નિરૂપિત કરેલા છે—સાયુજયમુક્તિ, વૈકુંઠવાસ અને જીવન્મુક્તિ (સુબો.૩—૨૫—૪૦) વચનની એકવાકયતાને દષ્ટિગત કર્યા પછી અહીં સેવાફલ ગ્રન્થમાં વર્ણિત ફલત્રયનું રૂપ સ્પષ્ટ તથા નક્કી થઈ જાય છે. અલૌકિક સામર્થ્ય ફલનિરોધ છે, આ ભૂતલ પર થઈ શકે એવી ભક્તોની જીવન્મુક્તિની માફક, જે દશમસ્કંધના ભક્તોના જેવી ભગવદનુભૂતિનો એક અલૌકિક પ્રકાર છે. સાયુજ્ય એટલે પરમાત્મામાં લય થવું, વિદેહમુક્તિની જેમ, જે અગિયારમા સ્કંધનો વર્ણ્ય—વિષય છે. વૈકુંઠાદિમાં સેવોપયોગિદેહની પ્રાપ્તિ તે આશ્રય—બ્રહ્મભાવાપત્તિ છે, જે વૈકુંઠાદિ દિવ્ય ભગવદ્ધામોમાં દિવ્ય દેહ પ્રાપ્ત કરીને પુનઃ ભગવદ્ભજનના સુઅવસરની પ્રાપ્તિ છે, જે શ્રીભાગવતના બારમા સ્કંધનો વર્ણ્ય—વિષય છે.

આ પ્રમાણે ત્રણે ફલની એકવાક્યતા નક્કી થયા પછી નિરોધલક્ષણ ગ્રન્થ પછી સેવાફલગ્રન્થની ક્રમસંગતિ પણ સ્પષ્ટ થઈ જાય છે. નિરોધની સાધન—અવસ્થાનું નિરૂપણ નિરોધલક્ષણગ્રન્થમાં કર્યું છે તથા નિરોધની ફલ—અવસ્થાનું નિરૂપણ અહીં સેવાફલમાં કર્યું છે. જેવી રીતે સેવાની સાધન—અવસ્થા સિદ્ધાંતમુક્તાવલી તથા સિદ્ધાંતરહસ્યમાં વર્ણવી છે તેવી રીતે સેવાની ફલાવસ્થા સેવાફલમાં વર્ણવી છે.

વિભિન્ન વ્યાખ્યાકારોના આવા ફલવિચારના વિષે આટલા બધા મતભેદનું કારણ એક મધુર કલહ છે. પુષ્ટિભક્તિમાં ભગવાનની સંયોગાનુભૂતિ પરમફલ છે કે વિરહાનુભૂતિ પરમફલ છે એ પ્રશ્નનો ઉત્તર આપતી વખતે વિભિન્ન વ્યાખ્યાકાર પોતપોતાની ભાવરુચિ જણાવતાં ઊર્મિવશ બની જાય છે. તેથી સેવાફલ ગ્રન્થનું અધ્યયન કરતાં પહેલાં શ્રી મહાપ્રભુજી અને શ્રીપ્રભુચરણનાં મંતવ્યોનું અધ્યયન ઉપયોગી થઈ પડશે.

તૈત્તરીયોપનિષદમાં બ્રહ્મને 'આનંદમય' (૨—૫) કહેવામાં આવ્યા છે અને 'આનંદ' પણ કહ્યા છે (૩—૬). તે પ્રમાણે અહીં (૨—૭માં) બ્રહ્મને 'રસ' પણ કહેવામાં આવ્યા છે.— ''રસો વૈ સઃ'' કહ્યા છે એટલે કે તે રસરૂપ છે જે 'આનંદમયોભ્યાસાત્' સૂત્રમાં વર્ણિત છે. બ્રહ્મસૂત્રના—''આનંદમયોભ્યાસાત્'' સૂત્રમાં બે વાતો નક્કી કરવામાં આવી છે. એક તો 'આનંદ' પદની સાથે 'મય'(ટ્) પ્રત્યય પ્રચુરતાના અર્થમાં પ્રયુક્ત થયો છે. તેથી 'આનંદમય'નો અર્થ થાય છે : પ્રચુર આનંદરૂપ. બીજો 'આનંદમય' શબ્દ પરમાત્માવાચક છે. આ બધી વાતો વિચારતાં બે પ્રશ્નો ઊભા થાય છે :

(૧) 'આનંદ' અને 'આનંદમય' એ બે શબ્દો પર્યાયવાચક હોવાથી અર્થછાયાના ભેદને કારણે શું તેઓ બ્રહ્મનાં કોઈ બે રૂપોનું નિરૂપણ કરે છે કે નહિ?



(૨) માની લો કે તેઓ આનંદનાં બે રૂપોનું વર્ણન કરતા હોય તો 'રસો વૈ સઃ' વચન દ્વારા બ્રહ્મના કયા રૂપને, શું આનંદરૂપને અથવા શું આનંદમય રૂપને 'રસ' કહેવામાં આવ્યો છે?

નિશ્ચયથી કહી શકાય કે શ્રુતિનો બ્રહ્મને રસરૂપ કહેવાનો ભાર પરમાત્માની રસરૂપતા પર અધિક છે, કારણ કે સ્પષ્ટતાથી ત્યાં કહેવામાં આવ્યું છે કે— ''રસો વૈ સઃ રસં હ્યેવાયં લબ્ધ્વા આનંદીભવતી'' એટલે કે તે રસરૂપ છે અને રસને જ પ્રાપ્ત કરીને જીવ પોતે આનંદિત થાય છે.

આ વિષય પર શ્રીહરિરાયચરણની ધારણા છે કે પરમાત્માના બાહ્યપ્રગટ સાકારરૂપને 'આનન્દમય' કહેવું જોઈએ અને ભક્તના હૃદયમાં પ્રગટ થતી પરમાત્મા પ્રત્યેની સ્નેહાનુભૂતિને કે પ્રીતિને 'આનંદ' કહેવો જોઈએ.

રસશાસ્ત્રમાં રતિ અર્થાત્ પ્રીતિને 'રસ' અને 'સ્થાયિભાવ' કહેવામાં આવે છે. જે વ્યક્તિના વિષે રતિ કે પ્રીતિ થાય છે તે વ્યક્તિને રસશાસ્ત્રમાં 'આલંબનવિભાવ' કહેવામાં આવે છે. રસશાસ્ત્રનો પ્રમુખ વિવેચન વિષય આપણો પ્રમુખ મનોભાવ, તેના વિષય, ઉદ્દીપક, અનુભાવક તથા અંગભૂત અસ્થાયી મનોભાવોના સ્વરૂપોનું નિર્ધારણ છે. તેથી રસ અથવા સ્થાયી મનોભાવોને રસશાસ્ત્રમાં ધર્મી માનવામાં આવે છે. અને આ પ્રીતિ, ભય, ક્રોધ, ઉત્સાહ, નિર્વેદ, અણગમો જેવા મનોભાવોના વિષય ઉદ્દીપક વગેરે બીજાં બધાં અંગોને ધર્મ માનવામાં આવે છે.

તે પ્રમાણે શ્રી હરિરાયચરણની ધારણા છે કે બાહ્યપ્રગટ પરમાત્માનું રૂપ ભક્તના સ્નેહમય સ્થાયી ભાવનું જ આલમ્બનવિભાવના રૂપમાં હૃદયની બહાર પ્રાકટ્ય છે. તેથી તેને ધર્મસહિત ધર્મી માનવું જોઈએ. તેનાથી વિપરીત વાત એ છે કે ભક્તના હૃદયમાં પ્રગટ સ્થાયિભાવ, જેની સ્પષ્ટ અનુભૂતિ વિરહદશામાં થવાનો સંભવ છે તેને કેવળ ધર્મી માનવો જઈએ. ''એતાવાન્પરં વિશેષો યદ્ બહિઃપ્રકટં રૂપં રસધર્મસહિતમ્ 'આનંદમય' શબ્દેનોચ્યતે, ધર્મિમાત્રં કેવલ ભાવરૂપં 'આનંદ' શબ્દેન ઈતિ''. વિશેષરૂપે જે બહાર પ્રકટ સ્વરૂપ છે તે રસધર્મ સહિત છે. તે 'આનંદમય' શબ્દથી કહેવાયું છે. ધર્મી તો માત્ર કેવળ ભાવરૂપ છે અને 'આનંદ' શબ્દથી કહેવાયું છે (પ્રભુપ્રાદુર્ભાવવિચાર). તેથી કેવલ ધર્મીને ઉપનિષદમાં 'રસ' કહેવામાં આવ્યા છે. શ્રીહરિરાયચરણના મત અનુસાર 'આનંદ' અને 'રસ' પર્યાયવાચી શબ્દો છે. અને 'આનંદમય' શબ્દનો અર્થ થાય છે : રસધર્મ—આલંબનવિભાવ સહિતનો સ્થાયિભાવ. 'આનંદમય' અને 'રસ' પર્યાયવાચક (સમાનાર્થી) શબ્દો નથી.

અણુભાષ્યમાં ભાષ્યકાર કોઈ ભિન્ન પ્રકાર બતાવે છે– "અગ્રે 'રસો વૈ સઃ' ઈતિ વક્ષ્યમાણત્વાત્ તસ્ય ચ સ્થાયિભાવાત્મકત્વાત્ તસ્યૈવ આનંદમયત્વાચ્ચ" આગળ જે "રસો વૈ સઃ" તે રસરૂપ છે તે કહેલું છે, તે સ્થાયિભાવ હોવાથી તેને જ 'આનંદમય' શબ્દથી કહેવાયું છે, અર્થાત્ 'આનંદમય' અને 'રસ' સમાન છે (અણુભા. ૩–૩–૧૫). અહીં 'આનંદમય' અને 'રસ' પર્યાયવાચી માનવામાં આવ્યા છે.

બ્રહ્મને આનંદરૂપ માનવામાં આવ્યા છે–"આનંદો બ્રહ્મેતિ વ્યજાનાત્". બ્રહ્મ અપરિચ્છિન્ન અનન્તગુણપૂર્ણ આનંદ છે, પણ ભક્તના હૃદયમાં જ્યારે તે પરમાત્માને માટે પ્રીતિ પ્રગટ થાય છે ત્યારે તેના અનુભવનું સુખ, બ્રહ્મની કેવળ તત્ત્વાનુભૂતિથી કેટલુંયે વધારે પૂર્ણ–પ્રચુર હોવાને કારણે 'આનંદમય' કહેવાય છે. તેથી ભાષ્યકારને મતે 'રસ'નો પર્યાયવાચી શબ્દ 'આનંદમય' છે. તૈત્તિરીયોપનિષદ્માં (૨–૫) તેથી વિજ્ઞાનમયકોષની અંદર આનંદમયની ઉપસ્થિતિ છે એમ બતાવવામાં આવ્યું છે. આ આનંદમયનો આત્મા આનંદ છે તે–"આનંદ આત્મા" (ત્યાં જ) કહીને–બતાવવામાં આવ્યો છે.

આવી સ્થિતિમાં આનંદને ધર્મી માનવો કે આનન્દમયને ધર્મી માનવો? જો આનંદને ધર્મી માનવામાં આવે તો આનંદમય ધર્મ બનશે અને જો આનંદને ધર્મ માનીશું તો આનંદમયને ધર્મી માનવો પડશે.

આપણે જોયું કે રસશાસ્ત્ર પ્રેમને ધર્મી માને છે. અને પ્રિયતમ વગેરેને ધર્મ માને છે, કારણકે રસશાસ્ત્ર ભાવવિવેચના છે. અને પ્રેમ એક ભાવ છે. તેથી પોતાના પારિભાષિક અર્થમાં પ્રિયતમ રસશાસ્ત્રને માટે ધર્મ બની જાય છે, કારણકે પ્રિયતમનાં સ્વરૂપ, ગુણધર્મ અથવા વિભિન્ન પ્રકારોનું વિવેચન, રસશાસ્ત્રને, પ્રેમનું જનક અને પ્રેમના આલંબન વિષયના રૂપમાં અભીષ્ટ છે, સ્વતંત્ર રીતે નહિ. શ્રીભાગવતમાં ભગવાનથી ભિન્ન કોઈ લૌકિક ચરિત્રના રસાત્મક વર્ણનનું કોઈ સ્થાન નથી. તે રીતે પણ બ્રહ્મના શુષ્ક તાત્ત્વિક વિવેચનના માટે પણ શ્રીભાગવત પ્રસ્તુત નથી. શ્રીભાગવત તો ભગવાનનાં રસાત્મક રૂપ તથા લીલાઓનાં વર્ણન માટે જ પ્રવૃત્ત થયું છે. તેથી શ્રીભાગવતમાં કોઈ વખત રસશાસ્ત્રીય પરિભાષાના આધારે ભગવાનનાં સ્વરૂપ તથા લીલાનું વર્ણન કરવામાં આવ્યું છે, તો વળી કોઈ વખતે બ્રહ્મશાસ્ત્રીય પરિભાષાના આધારે પણ ભગવાનનાં સ્વરૂપ અને લીલાનું વર્ણન કરવામાં આવ્યું છે. વળી કોઈ વખતે ભક્તોની ભક્તિનાં અંગોનાં રૂપમાં ભગવાનનું વર્ણન કરવામાં આવ્યું છે અને કોઈ વખતે ભગવલ્લીલાનાં અંગોનાં રૂપમાં ભક્ત અને તેની ભગવદ્ભક્તિનું વર્ણન કર્યું છે.



કોઈ વખતે ભક્તિને ધર્મી માનીને તેના અંગભૂત ભગવાનનું તેના ધર્મરૂપમાં વર્ણન કરવામાં આવે છે. આ રસશાસ્ત્રીય વિવેચનશૈલી છે. કોઈ વખત ભગવાનને ધર્મી માનીને તેમની લીલાને અંગભૂત ભક્તિ અને ભક્તોનું ધર્મરૂપે નિરૂપણ કરવામાં આવે છે. આ બ્રહ્મશાસ્ત્રીય વિવેચનશૈલી છે. તેમાંથી કોઈ એકતરફી પરિભાષા અનુસાર વિવેચનાનો હઠાગ્રહ સરસ તો ગણી શકાય પરંતુ સર્વાંગીણ નહિ.

તેથી ભાગવતાનુસારી ભગવાનના રસાત્મક રૂપનાં નિરૂપણમાં બંને વર્ણનશૈલીઓનો યોગ્ય રીતે ઉપયોગ કરવો અભીષ્ટ હોવું જોઈએ. ભક્તોના પ્રિયતમ ભગવાનને કોઈ વખત 'ધર્મી' કહેવામાં આવે છે અને તેમનાં સ્વરૂપ, ગુણ તથા લીલાનાં આકર્ષણને કારણે પ્રકટ થતી પ્રીતિને 'ધર્મ'.

શ્રીસુબોધિનીજી (૧–૧૯–૧૬)માં શ્રીમહાપ્રભુજીએ આ સમજાવ્યું છે. "સ્નેહ એક વિલક્ષણ પદાર્થ છે. સ્નેહનો આધાર અને વિષય બંને ભગવાન જ હોય છે. જેટલો જેટલો કોઈ ભગવાનની નજીક પહોંચતો જાય છે, તેટલો તેટલો તેનામાં ભગવાનનાં જ્ઞાન, ઐશ્વર્ય વગેરે ગુણોનો સંચાર કે પ્રવેશ થતો દેખાવા લાગે છે. જેમ અગ્નિની નજીક રહેલી વસ્તુઓમાં ઉષ્ણતા પ્રવેશે છે, તે રીતે જેટલી જેટલી નજીકતા ભગવાનની સાથે આપણી વધતી જાય છે, તેટલી તેટલી માત્રામાં ભગવદ્ધર્મ પ્રીતિ પણ આપણી અંદર વધતી જાય છે." પ્રીતિ ભગવાનનો આત્મરતિરૂપ ધર્મ છે, પણ ભગવાનની નિકટ જવાથી ભગવાનનો તે ધર્મ આપણી અંદર પણ પ્રકટ થવા લાગે છે. તેથી શ્રીમહાપ્રભુજી પણ કહે છે કે – "પ્રીતિસ્તુ ભગવદ્ધર્મઃ". પ્રીતિ એ તો ભગવાનનો ધર્મ છે (સુબો.૨/૨/૭). આ બ્રહ્મશાસ્ત્રીય વિવેચનશૈલી છે.

પ્રિયતમને કારણે પ્રેમીના હૃદયમાં પ્રેમ પ્રકટ થાય છે. પ્રેમ અતિ ગાઢ થવાથી પ્રિયતમની અનુપસ્થિતિમાં પણ આસક્તિભ્રમન્યાય અનુસાર, પ્રેમને કારણે પ્રિયતમ પણ કોઈ વખતે પ્રકટ થઈ શકે છે. જ્યારે પ્રિયતમ પ્રકટ થવાના રૂપમાં પ્રેમ ધર્મ તથા પ્રિયતમને ધર્મી માનવામાં આવે છે, પણ પ્રગાઢ અવસ્થામાં પ્રેમને કારણે પ્રિયતમના પ્રકટ થવાથી પ્રેમ ધર્મી અને પ્રિયતમ ધર્મ બની જાય છે. આમ પ્રેમ અને પ્રિયતમનો ભેદ બહુ નાજુક છે – "વિરહભાવે.... તુ જ્ઞાનાદિસર્વતિરોધાનેન અગ્રિમરસાનુભવો ન ભવિષ્યતીતિ સ્વયમેવ (આલમ્બનવિભાવ એવ) તદનુભવાત્મકો ભવતીતિ જ્ઞાપનાય વિજ્ઞાનરૂપત્વમુચ્યતે. તદનુભવવિષયઃ આનંદમયઃ ઈતિ તત્સ્વરૂપમુચ્યતે. તત્ર નિરુપધિપ્રીતિરેવ મુખ્યા નાન્યદિતિ જ્ઞાપનાય પ્રિયસ્ય પ્રધાનાંગત્વમુચ્યતે....સ્થાયિભાવસ્યૈકરૂપત્વાદાત્મત્વમુચ્યતે. યતઃ

તતએવ(સ્થાયિભાવાદેવ) વિભાવાદિઃ વિવિધભાવોત્પત્તિઃ''. વિરહભાવમાં તો જ્ઞાનાદિ સર્વ તિરોહિત થવાથી અગ્રિમ રસાનુભવ નથી થતો. પરંતુ સ્વયમેવ આલમ્બનવિભાવ જ તેના અનુભાવને સિદ્ધ કરનારો થાય છે. તે જણાવવા માટે વિજ્ઞાનરૂપ કહ્યું. તેના અનુભવનો વિષય આનન્દમય શબ્દ દ્વારા તેના સ્વરૂપને કહેવામાં આવ્યું છે અને ત્યાં નિરુપાધિક પ્રીતિ જ મુખ્ય છે, બીજું કાંઈ નહીં. તે જણાવવા પ્રિયપાત્રનાં પ્રધાનઅંગો કહ્યાં છે....સ્થાયિભાવના એકરૂપ થવાથી આત્મત્વ કહ્યું છે, જેથી સ્થાયિભાવથી જ વિભાવાદિ વિવિધ ભાવોત્પત્તિ થાય (અણુભા. ૧–૧–૧૧). વિરહભાવમાં તો ખાસ કરીને પ્રિયસ્વરૂપથી અતિરિક્તની અસ્ફૂર્તિથી અન્નપ્રાણાદિકરૂપ તે જ છે એવું જણાવવાને તેના રૂપને કહે છે. તેથી તે પરમ પ્રેમરૂપ છે એવું સિદ્ધ થાય છે. પછીથી ભગવાનના આવિર્ભાવ હોય ત્યારે પણ પૂર્ણભાવ અતિ તીવ્ર હોવાથી જ્ઞાનાદિ સર્વના તિરોભાવથી અગ્રિમ રસનો અનુભવ થશે નહિ એવું પોતે જ તેના અનુભવરૂપ થાય છે એવું જણાવવા તેના વિજ્ઞાનરૂપને કહે છે. તેના અનુભવનો વિષય પ્રકટ આનન્દમય છે તેથી તેનું સ્વરૂપ કહે છે. ત્યાં નિરુપધિ પ્રીતિ જ મુખ્ય છે બીજી નહિ તે જણાવવાને પ્રિયંને મુખ્ય અંગ કહ્યું છે....સ્થાયિભાવરૂપી આનંદ એકરૂપ હોવાથી તેને આત્મા કહ્યો છે કારણ કે તેમાંથી જ વિભાવ વગેરે વિવિધ ભાવની ઉત્પત્તિ છે. પ્રેમ જ જ્યારે પ્રગાઢ બનીને પ્રિયતમના રૂપમાં બહાર પ્રકટ થઈ જાય છે તો તે બાહ્ય પ્રકટરૂપને 'આનન્દમય' કહેવામાં આવે છે. અને અંતઃસ્થિત પ્રેમને 'આનંદ' કહેવામાં આવે છે. અન્યથા તો પ્રિયતમ ભગવાન આનંદ છે અને ભગવત્પ્રેમ આનંદમય છે.

અણુભાષ્ય (૩–૩–૧૦) માં કહેવામાં આવ્યું છે કે જેવી રીતે તન્તુઓના તાણાવાણા વણ્યા પછી જે કાપડ તૈયાર થાય છે તે તાણાવાણાથી જુદું નથી હોતું, તે રીતે આલમ્બન વિભાવ સ્વયં ભગવાન, ઉદ્દીપન વિભાવ વેણુનાદ આદિ, અનુભાવ ભૂભૃંગાદિ તથા સંચારી ભાવ માન–દૈન્યાદિ વગેરે ભાવોના પરસ્પર તાણાવાણામાં જે સ્થાયિભાવ ભગવત્પ્રીતિ નું પ્રાકટ્ય થાય છે તે સ્વયં ભગવાનથી ભિન્ન નથી. તેથી આનંદ અને આનંદમયનો ભેદ વાસ્તવિક રીતે તો હોતો નથી, ફક્ત એવો દેખાય છે.

અવતારકાળમાં ભગવાન પોતાની લીલાઓ દ્વારા ભક્તના હૃદયમાં અનેક પ્રકારનો સ્નેહ પ્રકટ કરે છે. આવા સ્નેહી ભક્તો જ્યારે ભગવદ્વિરહમાં ભગવાનનાં ગુણગાન ગાવામાં તલ્લીન થઈ જાય છે ત્યારે હૃદયસ્થિત સ્નેહ ભગવદ્વિષયક વિવિધ મનોરથોના સાંચાઓમાં ઢળીને સ્વયં ભગવાન અને તેમની લીલાઓનું રૂપ ધારણ કરી લે છે. અનવતાર કાળમાં આ રીતે ભક્તનું સેવ્ય સ્વરૂપ સેવા કરનારના હૃદયમાં



સ્નેહ પ્રગટ કરે છે. આ સ્નેહ ભગવત્કથાના શ્રવણ–કીર્તન કાળમાં ભક્તના હૃદયમાં ભગવત્સ્વરૂપાનુભૂતિનું રૂપ પણ ધારણ કરી લે છે.

તામસપ્રમેયપ્રકરણની શ્રીસુબોધિનીજીમાં ભગવાનનું સ્વરૂપ 'નટવરવપુ' ના રૂપમાં નિરૂપણ થયું છે :

''રસાનુભૂતિના બે પ્રકારો હોવાનો સંભવ છે. પ્રથમ પ્રકાર આ પ્રમાણેનો છે : જ્યાં પ્રેમ (સ્થાયિભાવ–ધર્મી) અને પ્રિયતમ(આલમ્બનવિભાવ–ધર્મ) બંનેની અનુભૂતિ થાય. બીજો પ્રકાર આ પ્રમાણેનો છે: પ્રિયતમ(આલમ્બનવિભાવ–ધર્મ) ઉપસ્થિત ન હોય, પણ પ્રેમ(સ્થાયિભાવ–ધર્મી)ની અનુભૂતિ થઈ રહી હોય. નાટ્યમાં, બીજા પ્રકારથી, કેવળ રતિ કે પ્રેમની જ વાસ્તવિક અનુભૂતિ થાય છે. પ્રિયતમ–આલમ્બનવિભાવના રૂપનું તો કેવળ નાટક જ થઈ શકે છે, સાક્ષાત્ ઉપસ્થિતિ નહિ. સંયોગમાં આલમ્બનવિભાવ અને સ્થાયિભાવ બંને ભાવની ઉપસ્થિતિ હોય છે. નેત્રોની સામે બહાર આલમ્બનવિભાવરૂપ ભગવાન ઉપસ્થિત હોય છે અને હૃદયની અંદર સ્થાયિભાવરૂપ ભગવદ્રતિ પણ ઉપસ્થિત હોય છે. સંયોગલીલામાં તેથી 'વર' ની માફક પ્રત્યગ્રભોગ માનવામાં આવે છે અને વિપ્રયોગલીલામાં ગાઢ સ્નેહવશ 'આસક્તિભ્રમ' ન્યાયે અનુભૂત થતી ભગવદ્રૂપ સ્થિતિ 'નટ' ની જેમ કેવલ નાટકમાત્ર છે. તેથી નટવત્ અને વરવત્ લીલા કરવાવાળા ભગવાનના સ્વરૂપને 'નટવરવપુ' કહેવામાં આવે છે; કારણકે શૃંગારરસને અનુસાર પ્રત્યગ્ર–સાક્ષાત્ સંભોગ જેવું જ વર–પતિનું કાર્ય છે, તે જ પ્રમાણે નાટક કરવામાં સંભોગ કરવાનું નાટક નટ–અભિનેતાનું કાર્ય હોય છે. ભગવાન તો એકકાલાવચ્છેદન એક જ સમયે બે અલગ અલગ જગ્યાએ પોતાનાં સ્વરૂપ પ્રકટ કરી ઉભયવિધકાર્ય સંપન્ન કરે છે. બાહ્યમાં પ્રકટ થઈને રસાનુભવ પ્રદાન કરવાનો તથા હૃદયમાં તીવ્ર આસક્તિવશ પ્રકટ થતી અનુભૂતિમાં રસાભિનય કરવાના અનુભવનું પણ પ્રદાન કરે છે.

જ્ઞાનીઓ દ્વારા ઉપાસના માટે કલ્પિત રૂપ હૃદયમાં અનુભવસુખ પ્રદાન કરી શકે છે, પણ ભક્તોને માટે તો તેમના દ્વારા ભાવિત રૂપને ધારણ કરીને ભગવાન બહાર પણ પ્રકટ થાય છે અને બધી ઈન્દ્રિયોથી અનુભવી શકાય તેવું સુખ ભક્તને પ્રદાન કરે છે. આ બાહ્યપ્રકટ ભાવિત રૂપને માયિક, કલ્પિત કે દેહદેહિભાવન્યાયથી પરમાત્માના વાસ્તવિક સ્વરૂપને ઢાંકી રાખવાવાળું કોઈ ભિન્ન રૂપ માનવામાં આવતું નથી. આ ભાવિત–બાહ્યપ્રકટ રૂપ એટલું જ પારમાર્થિક હોય છે કે જેટલું કે સ્વયં પરમાત્મા'' (સુબો.૧૦–૧૨–૫).

આ પ્રસંગમાં રસશાસ્ત્રીય રીત પ્રમાણે નિરૂપણ કરવામાં આવ્યું છે. તેથી ભગવદ્રતિની તુલનામાં ભગવાનને ધર્મના રૂપમાં વર્ણિત કરવામાં આવ્યા છે. ફરીથી લક્ષ્યમાં રાખવા લાયક વાત અહીં એ છે કે વૃન્દાવનમાં પ્રત્યગ્રભોકતાના રૂપમાં તથા વ્રજની ગોપીઓના હૃદયમાં વૃન્દાવનની આંતરલીલાનુભૂતિનાં દાન દ્વારા, રૂપ અને લીલાનું નાટક કરતાં કરતાં પોતાનું ઉભયવિધ નટવત્ અને વરવત્ રૂપ ભગવાને એકકાલાવચ્છેદન પ્રકટ કર્યું છે. ભગવાન સ્વયંને બહાર પ્રકટ ન કરે તો જ્ઞાનીઓ અને ભક્તોના સુખમાં કોઈ તારતમ્ય રહી જાય નહિ. ઊલટું ભક્તોને માટે કેવળ હૃદયમાં જ ભગવાનનું અનુભૂત થવું એ તો એક દુઃખની વાત બની જાય છે! "હૃદ્યેવ પ્રાકટ્યે તુ મનોમાત્રભોગ્યત્વમ્. બહિઃપ્રાકટ્યે સર્વેન્દ્રિયભોગ્યત્વમ્. એવં સતિ ચક્ષુરાદ્યવિષયત્વે પ્રિયપદાર્થસ્ય મનોમાત્રવિષયત્વં દુઃખદમિત્યનુભવસિદ્ધમતો ભક્તાર્થં તથેતિ. ન તુ સ ભગવાનેવ તથા આત્મભિન્નવપુષો ભર્તા ઈત્યર્થઃ". જો હૃદયમાં પ્રાકટ્ય થાય તો મન માત્ર જ તેનો ભોગ કરી શકે પણ જો સન્મુખ પ્રાકટ્ય થાય તો સર્વેન્દ્રિય દ્વારા તે આનંદનો ઉપભોગ થઈ શકે. એમ હોવાથી આંખ વગેરેના અવિષય થાય તો પ્રિયપાત્ર માત્ર મનનો જ વિષય થાય છે જે ભક્તો માટે દુઃખદ અનુભવ સિદ્ધ થાય છે. તેથી ભગવાન પોતાથી ભિન્ન કોઈ બીજા શરીરને ધારણ કરનાર ભર્તા નથી એમ અર્થ થાય છે (સુબો.ટિપ્પ. ૧૦–૧૮–૫).

જો આનંદને સ્થાયિભાવાત્મક આત્મસ્થાનીય ધર્મી માનવામાં આવે તો બાહ્યપ્રકટ આનન્દમય સ્વરૂપ અર્થાત્ આલમ્બનવિભાવરૂપ દેહ, તે સ્થાયિભાવથી ભિન્ન નથી હોતું. આ રીતે જો આનંદને આલમ્બનવિભાવરૂપ ધર્મ માનવામાંઆવે તો પણ પ્રત્યગ્રભોકતા 'વર' ના રૂપથી કેવલ–રસરૂપ આનન્દમય ધર્મી 'નટ' રૂપ ભગવાન ભિન્ન નથી હોતા.

"યત્રૈકાગ્રતા તત્રાવિશેષાત્", જ્યાં એકાગ્રતા છે ત્યાં તારતમ્ય વગર જ ભગવદનુભૂતિ થાય છે, (૪–૧–૧૧) બ્રહ્મસૂત્રના ભાષ્યમાં એવું કહેવામાં આવ્યું છે કે "જે ભક્તોને આન્તર ભગવદનુભૂતિ થાય છે અથવા જે ભક્તોને બાહ્ય ભગવદનુભૂતિ થાય છે, તેમના ભાવ અથવા અનુભવેલા ભગવત્સ્વરૂપમાં કોઈ પણ પ્રકારનું તારતમ્ય હોતું નથી". આન્તર–સંયોગમાં ભક્તહૃદયસ્થિત ભાવ ભગવદાકાર ગ્રહણ કરી લે છે તથા બાહ્યસંયોગમાં ભગવાન ભક્તના હૃદયમાં ભાવાકાર ગ્રહણ કરતા જાય છે. બંને બાજુએ સમાનતા છે.

ભગવાન પુરુષોત્તમની અનુભૂતિ થતાં પહેલાં અનિવાર્ય સર્વાત્મભાવ, તેટલા માટે, વિયોગની જેમ ભક્ત–ભગવાનના સંયોગમાં પણ સ્વીકારવામાં



આવ્યો છે. વેણુગીતની શ્રીસુબોધિનીજીમાં કહ્યું છે કે બધી ઈન્દ્રિયોનો ભગવાનમાં વિનિયોગ કરવો તેનું નામ જ સર્વાત્મભાવ. વાણીથી ભગવાનની સાથે વાર્તાલાપ, નેત્રોથી ભગવાનનાં દર્શન કરવાં, બાહુથી ભગવાનને આલિંગન કરવું, હસ્તથી ભગવાનની સેવા કરવી, ત્વચાથી ભગવાનનો સ્પર્શ કરવો, જીભ વડે અધરામૃતનું પાન કરવું, કાનથી વેણુકૂજનનું શ્રવણ કરવું, નાસિકાથી ભગવાનની સુગંધ લેવી, ચરણોથી ભગવાનની પાસે જવું, અંતઃકરણથી ભગવત્સ્વરૂપની ભાવના કરવી, પાયુ–ઉપસ્થથી (ગુદા–જનનેન્દ્રિયથી) નકામી વસ્તુઓ દેહમાંથી દૂર કરવી અને ભોગ કરવો તેને વેણુગીતમાં ઈન્દ્રિયોવાળાનું પરમ ફલ માનવામાં આવ્યું છે. બધી ઈન્દ્રિયોનો ભગવાનમાં વિનિયોગ કરવાની સરખામણીમાં ભક્તોને મુક્તિ તો પોતાની બધી રીતે નિષ્ફળતા જેવી લાગે છે. જેમ કોઈ નેત્રોવાળાને સદા સર્વદાને માટે અંધારા કૂવામાં ફેંકી દેવામાં આવે અથવા તેને નેત્રોથી વંચિત કરી દેવામાં આવે તે બંનેમાં કોઈ ખાસ અન્તર નથી પડતું. જાગતિક વિષયોમાં અનુરાગ નષ્ટ થવાને કારણે તથા સર્વાત્મભાવની પ્રાપ્તિ થવાથી ભક્તોને બધી ઈન્દ્રિયો દ્વારા ભગવત્સ્વરૂપાનંદની અનુભૂતિ મળે છે–"બાધકાનાં પરિત્યાગે સાધકાનાં ન તદ્ ભવેત્" (વેણુગીત સુબો. કારિકા).

આ કારિકાઓમાં સંયોગકાલીન સર્વાત્મભાવનું વર્ણન છે. શ્રીપ્રભુચરણોએ ઉલ્લેખ કર્યો છે કે 'બાધક' એટલે લૌકિક વિષયોમાં અનુરાગ તથા 'સાધક' એટલે સર્વાત્મભાવપૂર્વક સેવા કરવી. સર્વભાવ સિદ્ધ થાય ત્યારે ભક્ત ભગવાનમાં લીન થવામાંથી બચી શકે છે. અર્થાત્ પ્રસ્તુત સેવાફલવિવરણમાં વિવક્ષિત(કહેલું)પ્રથમફળ 'અલૌકિક સામર્થ્ય' સિદ્ધ થવાથી ભક્ત બીજા ફળ 'સાયુજ્ય' થી બચી જાય છે.

ત્રીજા સ્કંધની શ્રીસુબોધિનીજીના આ વિષય પરના વિચારોની એકવાક્યતા કરવાથી સાયુજ્ય પછી પુનઃ નૂતન અલૌકિક દેહની પ્રાપ્તિનો પણ એક પ્રકાર માન્ય કરવામાં આવ્યો છે. તેથી અલૌકિક સામર્થ્ય પછી સીધી જ સેવોપયોગી દેહની પ્રાપ્તિ અથવા સાયુજ્ય ઉપરાંત સેવોપયોગી દેહની પ્રાપ્તિ અથવા ફકત સાયુજ્ય જ વગેરે ફલાનુભૂતિના અનેક પ્રકારોની પ્રાપ્તિ થવા સંભવ છે; પરંતુ એક વાત તો નક્કી છે જ કે ઈન્દ્રિયોવાળાનું મુખ્ય ફળ તો સર્વાત્મભાવ અથવા અલૌકિક સામર્થ્ય જ છે. અન્યથા ત્રીજા સ્કંધમાં કહ્યું છે કે – 'હતાત્મનો હૃતપ્રાણાંશ્ચ ભક્તિરનિચ્છતો ગતિમણ્વીં પ્રયુંક્તે" એટલે કે જેના આત્મા અને પ્રાણ પણ પરમાત્મામાં લાગેલા છે તેવા ભક્તને ન ચાહવા છતાંય તેને સાયુજ્ય ઈત્યાદિ પ્રાપ્ત જ થાય છે. આ વચનમાં નિરૂપિત ગૌણફલરૂપ સાયુજ્ય મળે છે. ઈન્દ્રિયાદિથી રહિત થઈને ભગવાનનાં

દર્શન–સ્પર્શન–શ્રવણ વગેરે સુખથી વંચિત થવું ઇન્દ્રિયોવાળા ભક્તોને માટે એક વિડમ્બના છે!

ભ્રમરગીતમાં કહ્યું છે કે – "સર્વાત્મભાવોઽધિકૃતો ભવતીનામધોક્ષજે", અધોક્ષજ પરમાત્મામાં ગોપિકાઓનો સર્વાત્મભાવ અધિકૃત થયેલો છે (૧૦–૪૪–૨૭) વચનમાં વિપ્રયોગ કાળના સર્વાત્મભાવનું વર્ણન છે અને વેણુગીતમાં સંયોગસમયનું વર્ણન છે.

અહીં એ સમજવાનું છે કે રસશાસ્ત્રની દૃષ્ટિએ કરુણવિપ્રયોગ અને શૃંગારવિપ્રયોગમાં એક મહત્ત્વપૂર્ણ અંતર એ છે કે જ્યાં પુનર્મિલન નિશ્ચિત છે ત્યાં વિપ્રયોગ શૃંગારરસાત્મક માનવામાં આવે છે, પણ જ્યાં પુનર્મિલન અસંભવ છે અથવા બીજા જન્મમાં સંભવ પુનર્મિલન સંભવિત હોય તો એવો વિપ્રયોગ શૃંગારરસ નહિ રહેતાં કરુણરસ બની જાય છે. "યુનોરેકતરસ્મિન્ ગતવતિ લોકાન્તરં પુનર્લભ્યે વિમનાયતે યદૈકસ્તદા ભવેત્કરુણવિપ્રલંભાખ્યઃ" (સાહિત્ય– દર્પણ ૩–૨૦૯). "શોકસ્થાયિતયા ભિન્નો વિપ્રલંભાદયં રસઃ, વિપ્રલંભે રતિઃ સ્થાયી પુનઃસંભોગહેતુકઃ". કરુણરસ કરતાં વિપ્રલંભ વગેરે રસો અલગ છે અને જ્યારે વિપ્રલંભમાં રતિ સ્થિર થાય છે ત્યારે પુનઃ સંભોગનો હેતુ બને છે (સા.દ.૩–૨૨૬).

પરમફલ સંયોગને માનવું કે વિપ્રયોગને એ વિવાદમાં અતિવાદી દૃષ્ટિકોણ અપનાવવાથી કાં તો અધૂરા શૃંગારની મહત્તા માનવી પડે છે અથવા શૃંગારવિપ્રયોગ અને કરુણવિપ્રયોગના મૌલિક ભેદની ઉપેક્ષા થઈ જાય છે, કારણકે રસશાસ્ત્રમાં એમ માનવામાં આવ્યું છે કે વિપ્રયોગ વિના કેવળ સંયોગાનુભૂતિમાં જોઈએ તેવી ચમત્કૃતિ આવતી નથી. તેથી પૂર્વરાગોત્તર, માનોત્તર અને પ્રવાસોત્તર સંયોગમાં વિશેષ ચમત્કૃતિ આવવાનો હેતુ પૂર્વરાગ, માન અથવા પ્રવાસજનિત વિપ્રયોગને જ માનવામાં આવ્યો છે–"ન વિના વિપ્રલંભેન સંભોગઃ પુષ્ટિમશ્નુતે કષાયિતે હિ વસ્ત્રાદિ ભૂયાન્ રાગો વિવર્ધતે" એટલે કે વિપ્રલંભ શૃંગાર વિના સંભોગમાં પુષ્ટતા, પરિપક્વતા, આનંદ નથી આવતો જેમ કસેલાં વસ્ત્રોમાં પ્રેમ ઘણો વધે છે તેમ જ.

તેથી શ્રીમહાપ્રભુજી પણ જેમ કહે છે કે–"બાહ્યાભાવે તુ આન્તરસ્ય વ્યર્થતા' એટલે કે બાહ્યભાવ વિના તો આન્તરભાવ વ્યર્થ છે તેમ 'આન્તરં તુ પરં ફલમ્'નો પણ સ્વીકાર કરે છે. શ્રીપ્રભુચરણોએ પણ તેથી સ્પષ્ટ શબ્દોમાં તેનો ખુલાસો કરતાં કહ્યું છે કે–"સ રસસ્તુ સંયોગવિપ્રયોગાભ્યામેવ પૂર્ણો ભવત્યનુભૂતો નૈકતરેણ". રસ તો સંયોગ અને વિપ્રયોગ એમ બન્નેથી જ પૂર્ણ થાય છે. કોઈ એકના અનુભવથી પૂર્ણ થતો નથી (અણુ. ૪–૨–૧).



કેવલ વિપ્રયોગને અથવા સંયોગને પરમ ફલ માનવું ભગવાનના 'નટવરવપુ' રૂપની અસ્વીકૃતિ છે. વિપ્રયોગમાં ભક્તના હૃદયમાં ભગવાનની આન્તર અનુભૂતિ નટવત્ થાય છે અને સંયોગમાં ભક્તોનાં નેત્ર વગેરે ઇન્દ્રિયો દ્વારા ભગવાનની વરવત્ બહાર અનુભૂતિ થાય છે, પરંતુ શ્રીમહાપ્રભુજી તો કેવળ નટવત્ અથવા કેવળ વરવત્ રૂપને ફલ નહિ માનતા 'નટવરવપુ' ના રૂપમાં ભગવાનનો – "ઇદમેવેન્દ્રિયવતાં ફલમ્"–એ જ ઇન્દ્રિયવાળાઓનું ફલ છે તે સ્વીકાર કરે છે.

લૌકિક શૃંગારમાં વિપ્રયોગકાળની આન્તર સંયોગની અનુભૂતિને આસક્તિવશ ઉત્પન્ન થતી કેવળ ભ્રાન્તિ જ માનવામાં આવી છે, કારણકે નાયક અથવા નાયિકાની અનુપસ્થિતિમાં તેમની અનુભૂતિ વાસ્તવિક બની શકતી નથી. પરંતુ કોઈ પણ દેશ અથવા કાળમાં સર્વવ્યાપી સનાતન પરમાત્માની અનુપસ્થિતિ હોવી અકલ્પનીય વાત છે. ભગવાન અનુભૂત થતા હોય કે નહિ, પરંતુ હૃદયમાં કે હૃદયની બહાર સર્વત્ર–સર્વદા ભગવાન તો વિદ્યમાન છે જ. તેથી ભગવાનની અનુભૂતિ પર ભ્રમની પરિભાષા લાગુ પડતી નથી.

ભક્તિનાં ઘટક તત્ત્વો બે છે એવું માનવામાં આવે છે. એક તત્ત્વ છે માહાત્મ્યજ્ઞાન અને બીજું તત્ત્વ છે સુદૃઢ સર્વતોધિક સ્નેહ. આ માહાત્મ્ય ભગવાનનું જ હોઈ શકે છે જેઓ બહાર અપ્રકટ હોવા છતાં પણ ભક્તના હૃદયમાં ભાવરૂપે પ્રવેશીને ભક્તિને કરુણરસ થવામાંથી બચાવી લે છે. તે જ પ્રમાણે સુદૃઢ સર્વતોધિક સ્નેહમાં પણ આ સામર્થ્ય સ્વીકારવું પડે છે કે તેનાથી વશીભૂત થઈને ભગવાનને ભક્તોના મનોરથોને અનુરૂપ બહાર પ્રકટ થવું પડે છે.

આ વિષયમાં શ્રીપ્રભુચરણોની આ ઉક્તિ મનનીય છે– "ભગવદ્વિરહસ્ય સર્વસાધારણત્વેપિ સ્થાયિભાવાત્મકરસરૂપભગવત્પ્રાદુર્ભાવો યસ્ય હૃદિ ભવતિ તસ્યૈવ તદપ્રાપ્તિજઃ તાપઃ તદનન્તરં નિયમતઃ તત્પ્રાપ્તિશ્ચ ભવતિ". ભગવદ્વિરહની સર્વસાધારણતા હોવા છતાંય સ્થાયિભાવવાળો રસરૂપ ભગવત્પ્રાદુર્ભાવ જેના હૃદયમાં થાય છે તેને જ તેની અપ્રાપ્તિ દ્વારા થતો તાપકલેશ અને ત્યાર પછી નિયમ પ્રમાણે તેની પ્રાપ્તિ થાય છે (અણુ.૪–૨–૧૧).

ભક્તિવર્ધિનીમાં ભક્તિની ચાર અવસ્થા સ્વીકારવામાં આવી છે.

(૧) બીજભાવ

(૨) પ્રેમ

(૩) આસક્તિ

(૪) વ્યસન

"ભાવૈરંકુરિતં" કારિકામાં અને તેના વ્યાખ્યાનમાં, અવતારકાળના સુદઢ સર્વતોઽધિક ભગવદ્રતિ, જે કોઈપણ પ્રકારના માહાત્મ્યજ્ઞાન વિના વ્રજભક્તોમાં પ્રગટ થઈ હતી કે જે ઉપરની ચાર અવસ્થાઓ ઉપરાંત સાત અવસ્થાનું વર્ણન શ્રીપ્રભુચરણ તથા શ્રીહરિરાયજીએ કર્યું છે : (૧) ભાવ, (૨) પ્રેમ, (૩) પ્રણય, (૪) સ્નેહ, (૫) રાગ, (૬) અનુરાગ અને (૭) વ્યસન

ભાવૈરંકુરિતં મહિમૃગદશામાકલ્પમાસિઞ્ચિતમ્
પ્રેમ્ણા કન્દલિતં મનોરથમયૈઃ શાખાશતૈઃ સંભૃતમ્ ।
લોલ્યૈઃ પલ્લવિતં મુદા કુસુમિતં પ્રત્યાશયા પુષ્પિતમ્
લીલાભિઃ ફલિતં ભજે વ્રજવનીશૃંગારકલ્પદ્રુમમ્ ॥

(શ્રીમત્પ્રભુચરણ)

ભાવઃ પ્રેમપ્રણયઃ સ્નેહો રાગાનુરાગવ્યસનાનિ ।
અંકુરકન્દલશાખાપલ્લવકલિકાપ્રસૂનફલાનીતિ ॥

(શ્રીહરિરાયચરણ)

ઉપરોક્ત બંને શ્લોકમાં જમીનમાં વાવેલ બીજ ક્રમે ક્રમે સાત અવસ્થાએ ફળરૂપે થાય છે તે પ્રકારે ભગવદ્ભક્તના હૃદયમાં ભાવરૂપી બીજને સિંચન કરવાથી સાત અવસ્થાએ ભગવાનને—ફળને મેળવે છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

ભાવાર્થ : વ્રજની સ્ત્રીજનોના સારસ્વતકલ્પ પર્યંત ચારે તરફથી સિંચન થયેલા ભાવો વડે અંકુર રૂપે થયેલા, પ્રેમ વડે કન્દરૂપ થયેલા, મનોરથમય સેંકડો શાખાઓ વડે સારી રીતે પુષ્ટ થયેલા, ચાપલ્ય વડે પલ્લવ ભાવને પ્રાપ્ત થયેલા, હર્ષ વડે કલિકાયુક્ત થયેલા, પ્રત્યેક આશા વડે પુષ્પયુક્ત થયેલા, લીલાઓ વડે ફલયુક્ત થયેલા, વ્રજના ગૂઢવનના શૃંગારરસરૂપ કલ્પવૃક્ષ શ્રીગોપીજનવલ્લભ—શ્રીકૃષ્ણને હું સેવું છું.

(શ્રીમત્પ્રભુચરણ)

ભગવદ્ભક્તોના ભાવરૂપી બીજને સિંચન કરવાથી અંકુર અને પ્રેમરૂપી કન્દ, મનોરથરૂપી સેંકડો શાખાઓ અને પુષ્ટ થયેલ પલ્લવ અને જેમ જેમ ભાવનથી વૃદ્ધિ થતી જાય તેમ તેમ તેમાંથી કળીઓ (સ્નેહ) પ્રગટ થાય, તેમાંથી પુષ્પ રાગ—અનુરાગ ઉત્પન્ન થાય અને છેલ્લે વ્યસનદશાએ ફળને—શ્રીકૃષ્ણને મેળવે છે.

(શ્રીહરિરાયચરણ)

આ રસશાસ્ત્ર અને ભગવચ્છાસ્ત્ર બંનેના સમન્વય પર અવલંબિત ભક્તિશાસ્ત્રીય વિવેચન છે. અન્યથા કેવળ રસશાસ્ત્ર અનુસાર રતિની દશ



અવસ્થાઓનો સ્વીકાર કરવામાં આવ્યો છેઃ (૧) ચક્ષુરાગ, (૨) મનઃસંગ, (૩) સંકલ્પ, (૪) જાગરણ, (૫) તનુતા, (૬) વિષયદ્વેષ, (૭) લજ્જાત્યાગ, (૮) ઉન્માદ, (૯) મૂર્છા અને (૧૦) મરણ. આ દસ અવસ્થાને ભક્તિવર્ધિનીમાં વર્ણિત ચાર અવસ્થાઓમાં વહેંચીને જોવામાં આવે તો નીચે પ્રમાણે જોવાયઃ

(૧) બીજભાવ—(ક) ચક્ષુરાગ, (ખ) મનઃસંગ અને (ગ) સંકલ્પ

(૨) પ્રેમ – (ક) જાગરણ અને (ખ) તનુતા

(૩) આસક્તિ—(ક) વિષયદ્વેષ અને (ખ) લજ્જાત્યાગ

(૪) વ્યસન—(ક) ઉન્માદ, (ખ) મૂર્છા અને (ગ) મરણ

અહીં એમ માની લેવામાં આવે છે કે વ્યસન દશામાં ઉન્માદ અને મૂર્છા સુધી તો બાહ્ય અથવા આન્તર સંયોગની અનુભૂતિ થવાનો સંભવ છે. તેથી તેને નિરોધલીલામાં સમાવિષ્ટ માનવામાં આવે છે; કારણકે જ્યારે નિરોધ ભગવત્સ્વરૂપ તથા ભગવદ્ગુણ બંને રીતે થાય છે ત્યારે તે સ્વયં ફલાત્મક હોવાથી અંગીરૂપ માનવામાં આવે છે. અન્યથા કેવળ ભગવત્ગુણકૃત નિરોધ અગિયારમા અને બારમા સ્કંધમાં વર્ણવેલી મુક્તિલીલા અને આશ્રયભાવાપત્તિની લીલાનાં અંગ હોવાથી 'સાધનકૃત્સ્નતા' એટલે કે સાધનની પૂર્ણતારૂપ માનવામાં આવે છે. મુક્તિ કે આશ્રયલીલાના અંગરૂપ નિરોધવાળી વ્યસનદશામાં સ્નેહની દશમી અવસ્થા મરણ સંભવ બની જાય છે. આ અવસ્થામાં ભક્ત આ ભૌતિક દેહને છોડીને ભગવાનમાં લીન થઈ જાય છે. અથવા ફરીથી નૂતન અભૌતિક સચ્ચિદાનંદાત્મક દિવ્ય દેહ વ્યાપિ—વૈકુંઠ—નિત્યલીલામાં પ્રાપ્ત કરી લે છે—'બ્રાહ્મેણ બ્રહ્મસંબંધિના બ્રહ્મણા ભગવતૈવ સ્વભોગાનુરૂપતયા સંપાદિતેન સત્યજ્ઞાનાનન્દાત્મકેન શરીરેણ પૂર્વોક્તાન્ અશ્નુતે". બ્રહ્મ બ્રહ્મસંબંધ દ્વારા બ્રહ્મસંબંધીઓને સ્વભોગને અનુરૂપ તેમને સંપાદિત કરી સત્યજ્ઞાન અને આનંદાત્મક શરીર વડે ભગવાન જ પૂર્વ કહેલાઓને ભોગવે છે (અણુ. ૪—૪—૫).

આ બીજા દિવ્ય દેહની પ્રાપ્તિ પુનઃસંયોગની ભગવચ્છાસ્ત્રીય દૃષ્ટિથી મુક્તિના રૂપમાં બહુ મહત્તા છે, પરંતુ રસશાસ્ત્રીય દૃષ્ટિથી બીજા દેહથી પ્રાપ્ત થતો સંયોગ શૃંગારરસની મર્યાદાથી બહિર્ભૂત અથવા વિપરીત છે. તેથી ભક્તિશાસ્ત્રમાં એવા સંયોગની ફલરૂપતા ગૌણ માનવામાં આવી છે— "ભગવાનેવ હિ ફલં સ યથાવિર્ભવેદ્ ભુવિ" (પુ.પ્ર.મ.) વચનમાં ભૂતલ પર જ આવિર્ભૂત ભગવાનને પુષ્ટિનું ફલ માનીને ભક્તને મુક્તિ અથવા આશ્રયલીલાની તરફ હઠથી લઈ જવાવાળી ભક્તિનું વર્ણન સ્વયં ભગવાને આ શબ્દોમાં કર્યું છે—

"અનિચ્છતો ગતિમણ્વીં પ્રયુંક્તે" એટલે કે ઈચ્છા ન હોવા છતાં સાયુજ્ય પ્રાપ્ત કરે છે. ભ્રમરગીત પર ટિપ્પણીમાં શ્રીપ્રભુચરણ આવી ભગવલ્લીલાને– "અસ્મદ્ અધિકારવિરુદ્ધા" એટલે કે અમારા અધિકાર વિરુદ્ધ છે એમ કહે છે.

સંક્ષેપમાં (૧) અલૌકિક સામર્થ્ય સર્વાત્મભાવરૂપ હોવાને કારણે સંયોગ કે વિયોગ બંને અવસ્થાઓમાં ફલનિરોધરૂપ છે. તેને 'તનુનવત્વ' કે 'માનસી સેવા' પણ કહી શકાય છે. પુષ્ટિભક્તોને માટે એ જીવન્મુક્તિના જેવી અનુભૂતિ છે. (૨) સાયુજ્ય વિદેહમુક્તિ છે. પુરુષોત્તમમાં લીન થઈ જવાનું છે. (૩) વૈકુંઠ આદિ લોકોમાં સેવોપયોગી દેહની પ્રાપ્તિ નવતનુત્વ છે. તેને 'બ્રહ્મભાવાપત્તિ' અથવા 'આશ્રયભાવાપત્તિ' પણ કહેવામાં આવે છે.

સમગ્ર ષોડશગ્રન્થમાં પ્રસ્તુત સેવાફલ ગ્રન્થ શ્રીમહાપ્રભુજીનું સ્વયંકૃત વિવરણ હોવા છતાં અતિ ક્લિષ્ટ અને સૂત્રાત્મક ભાષામાં લખવામાં આવેલો ગ્રન્થ છે. છંદશાસ્ત્રની દૃષ્ટિથી તે રીતે તો આ ગ્રન્થમાં સાડા સાત કારિકાઓ છે, પરંતુ વાક્યાર્થબોધક દૃષ્ટિથી વાક્યવિમર્શ કરવાથી તેમાં પંદર સૂત્રાત્મક વાક્યો દૃષ્ટિગોચર થાય છે. પાણિનિનાં સૂત્રોની જેમ ઘણુંખરું તેમાં પણ–"સૂત્રેષ્વદૃષ્ટં પદં સૂત્રાન્તરાદનુવર્તનીયં સર્વત્ર" એટલે કે ઉત્તર સૂત્રોમાં ન દેખાનારાં પદોને પણ પૂર્વ સૂત્રના પછી અનુવર્તમાન સર્વત્ર સમજવાં અને જોવાં એવો નિયમ લાગુ પડેલો દેખાય છે. તદનુસાર તેને જુદા જુદા કરીને જોવાનો પ્રયાસ હવે આપણે કરવાનો છે. તેમાં બે ત્રણ તત્ત્વો માર્ગદર્શક માનવાં પડશે. દાખલા તરીકે પૂર્વ વાક્યના કોઈ અંશથી ઉત્તર વાક્ય પૂર્ણ થતું હોય તો તેને પૂર્ણ કરી લેવું જોઈએ. સેવાફલવિવરણમાં સ્વયં શ્રીમહાપ્રભુજીએ જે અસ્પષ્ટ શબ્દનો જે અર્થ આપ્યો હોય તેને કોષ્ટકમાં રાખીને શ્રીમહાપ્રભુજીએ કરેલા અર્થને સ્પષ્ટ અથવા પૂર્ણ કરી લેવો જોઈએ. કોઈ વખતે સાકાંક્ષ પદોની આકાંક્ષાપૂર્તિને માટે કોષ્ટકમાં સંબંધઘટક સર્વનામાદિપદોનું સ્પષ્ટીકરણ પણ કરી શકાય છે. તે પ્રમાણે પ્રથમ વાક્ય તો એકદમ સ્પષ્ટ મળી આવે છે :

## (૧) યાદૃશી સેવના પ્રોક્તા તત્સિદ્ધૌ ફલમુચ્યતે.

અર્થ : જે પ્રકારની સેવા કહી છે તે સિદ્ધ થાય ત્યારે ફળ હવે હું કહું છું.

સિદ્ધાંતમુક્તાવલીના–"કૃષ્ણસેવા સદા કાર્યા માનસી સા પરા મતા, ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા" એટલે કે કૃષ્ણની સેવા સદા કરવી, માનસી તેનું પરમ ફળ છે. ચિત્તનું પ્રભુમાં તત્પર થઈ જવું તેનું નામ સેવા છે અને તે તનુવિત્તજા સેવા કરવાથી જ સિદ્ધ થાય છે આ વચનમાં, ચતુશ્લોકીના– "સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃ ક્વાપિ



કદાચન" એટલે કે હંમેશા સર્વભાવથી વ્રજાધિપ શ્રીકૃષ્ણનું ભજન કરવું, તે પણ એમ સમજીને કે આ મારો પોતાનો ધર્મ છે, આનાથી બીજો કોઈ ધર્મ ક્યારે પણ હોઈ શકે નહીં આ વચનમાં, તથા ભક્તિવર્ધિનીના–"બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ" એટલે કે ભક્તિના બીજને દઢ કરવાનો પ્રકાર ગૃહમાં સ્થિત થઈ સ્વધર્મ નિભાવતા, અવ્યાવૃત્ત થઈ કૃષ્ણને ભજવા અને પૂજા, શ્રવણ, કીર્તન, ઈત્યાદિ દ્વારા ચિત્તને તેમાં પરોવેલું રાખવું આ વચનમાં સેવાનું જે સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે, તે સંપન્ન થવાથી સેવાની ફલરૂપતાનું સ્વરૂપ અહીં સમજાવવામાં આવ્યું છે.

## (૨) અલૌકિકસ્ય દાને હિ ચાદ્યઃ સિધ્યેન્મનોરથઃ.

અર્થ : જ્યારે ભગવાન અલૌકિકનું દાન કરે છે ત્યારે મુખ્ય મનોરથ સિદ્ધ થાય છે.

આદ્ય ગ્રન્થ યમુનાષ્ટકના સાતમા શ્લોકમાં વર્ણિત–"મમાસ્તુ તવ સન્નિધૌ તનુનવત્વમેતાવતા ન દુર્લભતમા રતિર્મુરરિપૌ મુકુન્દપ્રિયે !" એટલે કે હે મુકુન્દપ્રિયા શ્રીયમુનાજી, મને તો તમારી સમીપતામાં જ આ પ્રકારનું તનુનવત્વ પ્રાપ્ત થાવ કે મુરારિ પ્રભુમાં રતિ કાંઈ દુર્લભ નહીં રહે. આ પ્રાર્થનામાં વ્યક્ત થતી મનોરથની સિદ્ધિ, જ્યારે ભગવાન અલૌકિક સામર્થ્યનું દાન કરે છે ત્યારે તે થવા સંભવ છે. અન્યથા અલૌકિક સામર્થ્યના દાનના અભાવમાં ભગવત્સેવાપરાયણ ભક્ત તો પુરુષોત્તમમાં લીન થઈ જાય છે; અથવા ફરીથી વૈકુંઠાદિ ભગવદ્ધામોમાં, ભૌતિક દેહ છૂટી ગયા બાદ, અલૌકિક દિવ્ય સેવોપયોગી દેહ પ્રાપ્ત કરી લે છે.

## (૩) અત્ર (સેવાયાં) ફલં (અલૌકિક સામર્થ્ય)વા, અધિકારો (સાયુજ્યં સેવોપયોગિદેહો વૈકુંઠાદિષુ) વા (ભવતુ) કાલઃ નિયામકઃ ન (ભવતિ).

અર્થ : અહીં સેવામાં ફળ અલૌકિક સામર્થ્ય અથવા અધિકારરૂપી સાયુજ્ય અથવા સેવોપયોગી દેહ, વૈકુંઠ વગેરે થાય છે. ત્યાં કાલ નિયમન કરતો નથી.

પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં આ કહેવામાં આવ્યું છે કે પુષ્ટિજીવોને તેમનું ફળ ભગવત્સ્વરૂપથી જ મળે છે–"કાયેન તુ ફલં પુષ્ટૌ" એટલે કે આ કાયાથી જ પુષ્ટિજીવોને તેનું ફળ મળે છે. ત્યાં એ પણ કહેવામાં આવ્યું છે કે–"ભગવાનેવ હિ ફલં સ યથાવિર્ભવેદ્ ભુવિ, ગુણસ્વરૂપભેદેન તથા તેષાં ફલં ભવેત્" એટલે કે ભગવાન જ ફળ છે, તે જેવી રીતે આવિર્ભૂત થઈ જાય તે પ્રમાણે દરેકના ગુણ અને

સ્વરૂપના ભેદથી તેમને તેમના અધિકાર પ્રમાણે ફળ થશે અર્થાત્ યથાધિકાર હૃદયમાં ભગવદ્ગુણોનું અથવા નેત્રોની સમક્ષ સાક્ષાત્ ભગવત્સ્વરૂપનું આ ભૂતલ પર પ્રકટ થવું પુષ્ટિજીવોની ફલાનુભૂતિ છે. ભગવાન જ જ્યારે ફલ બને છે અને તે જો કાલ, કર્મ, કર્તા, મંત્ર, દ્રવ્ય, દેશ, સ્વભાવ વગેરે હેતુઓ અથવા સાધનોને આધીન ન હોય તો, પુષ્ટિમાર્ગીય ફલાત્મિકાસેવા અથવા અધિકારાત્મિકા સેવાનો નિયામક, કાળ કેવી રીતે બની શકે?

અલૌકિક સામર્થ્ય અથવા તનુનવત્વની સાથે ભગવત્સેવા સંપન્ન થઈ જાય તો તે સેવાની ફલરૂપતા છે. નહિ તો તેવું ન બને તો સેવાના કારણે પુરુષોત્તમમાં સાયુજ્ય અથવા વૈકુંઠાદિ ભગવદ્ધામોમાં સેવોપયોગી નૂતન દિવ્ય દેહ પ્રાપ્ત થાય છે. ભગવત્સેવા કરનારા ભક્તનો ભૌતિક દેહ છૂટી ગયા પછી જ આવો દિવ્ય દેહ પ્રાપ્ત થાય છે. તેથી આવી ભગવત્સેવા ફલરૂપા ન હોઈ અધિકારરૂપા માનવામાં આવે છે. ફલ હોય અથવા અધિકાર હોય, પણ પુષ્ટિભક્તિમાં તો ભગવાન જ નિયામક છે, કાલ, કર્મ, સ્વભાવ વગેરે નહિ.

**(૪)** (સેવાયાં) **બાધકં તુ ઉદ્વેગઃ પ્રતિબન્ધો વા ભોગો વા સ્યાત્, ભગવતઃ અકર્તવ્યં ચેદ્.**

અર્થ : ભગવાન દ્વારા કૃપા ન થાય તો સેવામાં ઉદ્વેગ, પ્રતિબંધ અથવા ભોગ બાધા કરે છે.

કાલ, કર્મ, સ્વભાવ વગેરે ફલ અથવા અધિકારમાં નિયામક નથી. છતાં પણ ફલદાન કે અધિકારસંપાદનની ભગવાનની ઇચ્છા ન હોય તો ભગવત્સેવામાં ઉદ્વેગ, પ્રતિબંધ અથવા ભોગ બાધક બની શકે છે.

જેમ સેવાનાં ત્રણ ફળ માનવામાં આવ્યાં છે, તેમ વિઘ્નો પણ ત્રણ માનવામાં આવ્યાં છે. તેમાં ઉદ્વેગનાં અનેક રૂપ નવરત્ન તથા વિવેકધૈર્યાશ્રયમાં બતાવવામાં આવ્યાં છે. ત્યાં આશ્રયભાવની દઢતાને માટે અષ્ટાક્ષરનું ઉચ્ચારણ તથા લીલાભાવનાની વાત સમજાવવામાં આવી છે. તેથી ઉદ્વેગ અને તેનાથી બચવાના ઉપાયો વિષે અહીં ફરીથી કોઈ નિરૂપણ કરવાની જરૂરિયાત જણાતી નથી. સેવાફલના વિવરણમાં પ્રતિબંધ તથા ભોગરૂપ વિઘ્નોનો વિચાર કરીશું.

પ્રતિબંધ બે પ્રકારના હોય છે : એક સાધારણ અને બીજો ભગવત્કૃત. સાધારણ પ્રતિબંધનું નિવારણ ચતુરાઈપૂર્વક કરવું જોઈએ. શ્રીપ્રભુચરણોએ પોતાના આત્મજોને લખેલા એક પત્રમાં એવી એક લોકચતુરાઈનો ઉપદેશ આપ્યો છે.–''અન્યચ્ચ યવનાદયો ઠાકુરદ્વારે આગચ્છન્તિ યથાપૂર્વં



ભાષણમિલનપ્રસાદાદિકં કાર્યં યદ્યપિ હાર્દં ન ભવતિ, બાહ્યતોપિ કાર્યમ્'' એટલે કે અને બીજું કે યવનો વગેરે પ્રભુદ્વારે આવે છે તો પહેલાંની જેમ વાર્તાલાપ, મિલન, પ્રસાદ વગેરે કાર્યો જો કે હૃદયપૂર્વક ન થાય છતાંય બહારથી પણ કરવાં. આવી લોકચાતુરીનું પ્રયોજન ભગવત્સેવા જીવ નિર્વિઘ્ને કરી શકે તે જ હોવું જોઈએ, નહિ કે આત્મસન્માન ખોઈને સરકારી અધિકારીઓની ખુશામત કરવી. તેથી આ પત્રમાં આપશ્રી આત્મજોને સાવધાન કરે છે કે–''સાવધાનૈઃ સહપરસ્પરસ્નેહૈઃ અબહિર્દષ્ટિસેવકપરૈઃ સ્થેયમ્'' એટલે કે સાવધાનીથી, જે સેવકો બહિર્મુખ ન હોય તેવાઓ સાથે સ્નેહ–મૈત્રીભાવથી સ્થિત થવું.

ભગવત્કૃત પ્રતિબંધનું નિરાકરણ કરવું જીવના સામર્થ્યની બહાર છે. તેથી તેનો વિચાર પાછળથી કરીશું. આ રીતે બે પ્રકારના ભોગનો વિચાર પણ આગળ ઉપર કરીશું.

**(૫) ભગવતઃ સર્વથા અકર્તવ્યં ચેદ્** (ભગવત્કૃતશ્ચેત્ પ્રતિબંધઃ તદા) **ગતિઃ ન હિ** (ભગવાન્ ફલં ન દાસ્યતીતિ મન્તવ્યં, તદા અન્યસેવાપિ વ્યર્થા, તદા) **યથા વા તત્ત્વનિર્ધાર** (આસુરોઽયં જીવ ઈતિ) **વિવેકઃ** (તદા જ્ઞાનમાર્ગેણ સ્થાતવ્યમિતિ, અન્યથા) **બાધકાનાં** (ત્રયાણાં સાધન–)**પરિત્યાગઃ** (કર્તવ્ય ઈતિ) **સાધનં મતમ્.**

અર્થ : ભગવાન સર્વથા કૃપા ન કરવા માગે ત્યારે ભગવાન દ્વારા પ્રતિબંધ થાય છે, ત્યારે ભગવાન ફળ નહીં આપે તેમ માનવું. ત્યારે અન્યની સેવા પણ વ્યર્થ થઈ જાય છે, તેમ તત્ત્વનો નિર્ધાર કરવો કે આ આસુરી જીવ છે. ત્યારે વિવેક રાખી જ્ઞાનમાર્ગમાં સ્થિતિ કરવી, અન્યથા બાધક ત્રણે સાધનોનો પરિત્યાગ કરવો એમ ઉપાય જણાવ્યો.

પુષ્ટિમાર્ગીય જીવ દૈવી હોવાને કારણે કદી પ્રવાહમાર્ગીય અથવા આસુરી સૃષ્ટિનો થઈ શકતો નથી; છતાં પણ સંભવ છે કે તેના દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ અને પ્રાણોમાં કોઈ વખતે અથવા કોઈ જન્મમાં આસુર ભાવોનો આવેશ થઈ પણ જાય. તેથી પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં–''આસક્તૌ ભગવાનેવ શાપં દાપયતિ ક્વચિત્'' એટલે કે સંસારાસક્ત જીવોને ભગવાન જ ક્યારેક શાપ અપાવે છે દ્વારા પુષ્ટિજીવોમાં આસુરાવેશના કારણરૂપમાં ભગવદિચ્છાને માન્ય કરવામાં આવી છે. (સુબોધિની ૩–૨૫–૩૨)માં–'' યે વા દેવ્યાં સંપદિ જાતાઃ તેષામપિ (ઈન્દ્રિયાણિ) દેવરૂપાણિ ભવન્તિ આસુરાણ્યપિ ભવન્તિ'' એટલે કે જે લોકો દૈવી સંપત્તિમાં જન્મ્યા છે તેમનામાં ઈન્દ્રિયો ક્યારેક દેવરૂપ પણ હોય છે ને ક્યારેક આસુરભાવને પણ પ્રાપ્ત કરે છે એમ કહેવામાં આવ્યું છે. ત્યાં એ પણ કહેવામાં આવ્યું છે કે– ''ભક્તિર્દૈવૈરેવ ભવતિ નાસુરૈઃ'' એટલે

કે ભક્તિ દૈવી ઈન્દ્રિયો દ્વારા જ થઈ શકે, આસુરી દ્વારા નહીં. તેથી જે જન્મમાં પુષ્ટિભક્તના દેહેન્દ્રિયાદિમાં દૈવી ગુણોનો આવેશ પ્રબલ નથી થતો, તે જન્મમાં પુષ્ટિપ્રભુ, તે જીવથી ફલાત્મિકા સેવા લેવા ઈચ્છતા નથી, એમ સમજી લેવું જોઈએ. એવી સ્થિતિમાં બીજું કંઈ એવું રહી જતું નથી જેનો આશ્રય લેવાથી કે ભજન કરવાથી ભગવત્સેવામાં ઉત્પન્ન થનારું વિઘ્ન દૂર થઈ શકે અથવા બીજો કોઈ ઉપાય શક્ય બને. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે– 'તદા અન્યસેવાપિ વ્યર્થા'' એટલે કે ત્યારે અન્યની સેવા પણ વ્યર્થ થઈ જાય છે.

ભગવન્માર્ગમાં ભગવાનની ઈચ્છા વિના કોઈ વિઘ્ન આવી શકતું નથી, અને ભગવાનની ઈચ્છાને કારણે આવેલા વિઘ્નને કોઈ દૂર કરી શકતું નથી. તેથી નવરત્નગ્રન્થમાં કહેવામાં આવ્યું છે કે–''અજ્ઞાનાદથવા જ્ઞાનાત્ કૃતમાત્મનિવેદનં યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈઃ તેષાં કા પરિદેવના!'' એટલે કે જેમણે અજ્ઞાનથી કે જ્ઞાનથી આત્મનિવેદન કર્યું છે અને જેમણે પોતાના પ્રાણો કૃષ્ણ સાથે આત્મસાત્ કર્યા છે તેમને શાની ચિંતા ! તેથી પુષ્ટિજીવને પ્રભુ જ્યારે સંસારાસક્તિમાં ફસાયેલો રાખવા ઈચ્છે છે તો અન્યાશ્રય અથવા અન્ય ભજનથી કંઈ પણ પ્રાપ્ત થઈ શકશે નહિ.

તત્ત્વદીપનિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં ''કૃષ્ણપદેન બહિર્ભજનમેવ મુખ્યમિતિ નિરૂપિતં 'યો વેદ નિહિતં ગુહાયામ્' ઈતિ તુ જ્ઞાનમાર્ગે''. કૃષ્ણપદ દ્વારા બહિર્ભજન જ મુખ્ય છે, એમ નિરૂપિત થયું છે, પણ જ્ઞાનમાર્ગમાં તો જે હૃદયમાં નિહિત છે તેને જાણવાનો છે– (કારિકા૧૩)માં કહેવામાં આવ્યું છે. ભાગવતાર્થ પ્રકરણમાં પણ ભગવદવતારકાળના ભજનનો વિકલ્પ જ્ઞાનને માન્યો છે– ''પુરુષાણાં તથા સ્ત્રીણાં રાત્રૌ ચ દિવસે તથા જ્ઞાનં ભક્તિશ્ચ સતતં ચક્રવત્ પરિવર્તતે''. પુરુષોમાં તથા સ્ત્રીઓમાં રાત્રે તથા દિવસે જ્ઞાન અને ભક્તિ સતત ચક્રવત્ છે (૧૦–૧૧૧ થી ૧૧૩). ભક્તિવર્ધિની (૩)માં પણ– ''વ્યાવૃત્તોઽપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ યતેત્સદા'' એટલે કે પ્રવૃત્તિમય હોવા છતાંય ચિત્ત શ્રવણાદિ દ્વારા પ્રભુમાં જોડેલું રાખવું એમ કહ્યું છે. તે જ પ્રમાણે–''સેવાયાં વા કથાયાં વા...'' કારિકામાં 'સેવા અને કથા'ને ઉત્તમ ઉપદેશ માન્યો છે. 'સેવા અથવા કથા'ને ગૌણ કલ્પ માન્યો છે. અણુભાષ્ય(૪–૧–૮)માં–''એવં બહિઃપ્રાકટ્યમુક્ત્વાં આન્તરં તદાહ. ભાવનૌત્કટ્યદશાયાં વ્યભિચારિભાવાત્મકસતતસ્મૃતિરૂપધ્યાનાદપિ હૃદિ પ્રકટઃ સન્નાસીનો ભવતીત્યર્થ'' એટલે કે આ પ્રમાણે બહાર પ્રકટ કહીને આન્તારિક પ્રાકટ્ય કહે છે કે ભાવનાની ઉત્કટ દશામાં અસ્થિર–ભાવ હોવાથી સતત સ્મૃતિરૂપ ધ્યાનથી હૃદયમાં પ્રકટ થઈને બિરાજમાન થાય છે.



આ બધાં ઉદ્ધરણો પર દષ્ટિપાત કરવાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે સેવાફલમાં વર્ણિત 'જ્ઞાનમાર્ગ' મર્યાદામાર્ગીય જ્ઞાનવાળો નથી, પરંતુ પુષ્ટિમાર્ગીય જ્ઞાનના સંદર્ભમાં અહીં 'જ્ઞાનમાર્ગ' શબ્દ યોજાયો છે. પુષ્ટિમાર્ગમાં ભગવત્સેવા ભક્તિ છે તથા ભગવદ્ગુણગાન અથવા ભગવત્કથા જ્ઞાન છે. ભગવદ્ગુણગાનની પ્રણાલીથી હૃદયમાં સતત ભગવદ્ધ્યાન અથવા ભગવત્સ્મૃતિ રાખવી તેને'જ્ઞાન' કહેવામાં આવે છે. નિરોધલક્ષણમાં– ''ગુણેષ્વાવિષ્ટચિત્તાનાં સર્વદા મુરવૈરિણઃ સંસારવિરહક્લેશૌ ન સ્યાતાં હરિવત્સુખમ્'' એટલે કે ગુણોમાં મગ્ન ચિત્તવાળાઓને સાંસારિક અથવા તો ભગવદ્વિરહજન્ય ક્લેશો થતાં નથી એમ કહેવામાં આવ્યું છે. તેથી ભગવાનના ગુણાનુવાદથી 'શોકાભાવ' સિદ્ધ થાય છે. આ પુષ્ટિમાર્ગીય વિવેક છે.

જેનાથી આ કથાત્મિકા ભક્તિ પણ ન નભતી હોય, તેના માટે વિવેકધૈર્યાશ્રય તથા કૃષ્ણાશ્રયમાં પ્રપત્તિમાર્ગનું નિરૂપણ કરવામાં આવ્યું છે– ''અલૌકિકમનઃસિદ્ધૌ સર્વથા શરણં હરિઃ, એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્''. મનને અલૌકિક સિદ્ધિવાળું બનાવવા સર્વથા શરણ તો હરિ પરમાત્મા જ છે એમ ચિત્તમાં સદા ભાવન કરવું અને વાણીથી બોલતા રહેવું (વિવે. ૧૩). અલૌકિક મનની સિદ્ધિમાં એટલે માનસી સેવાની સિદ્ધિમાં તેમ જ સર્વ અર્થોમાં, ''શ્રી હરિ જ મારું શરણ છે, મારો આધાર છે'' એવી મનની ભાવના કરવી અને વાણી દ્વારા કીર્તન કરવું. આ પ્રમાણે–''અજામિલાદિદોષાણાં નાશકોનુભવે સ્થિતઃ જ્ઞાપિતાખિલમાહાત્મ્યઃ કૃષ્ણ એવ ગતિર્મમ... વિવેકધૈર્યભક્ત્યાદિરહિતસ્ય વિશેષતઃ પાપાસકતસ્ય દીનસ્ય કૃષ્ણ એવ ગતિર્મમ'' (કૃષ્ણાશ્રય ૭ અને ૯). અજામિલ વગેરેના દોષોના નાશક તરીકે અનુભવમાં આવેલા તેમ જ પોતાના માહાત્મ્યને જણાવનારા, શ્રીકૃષ્ણ જ મારો આશ્રય છે. ૭. વિવેક, ધૈર્ય, ભક્તિ વગેરે વિનાના તથા વિશેષ કરીને પાપમાં આસક્તિવાળા સાધનહીન, દીન એવા મારે શ્રીકૃષ્ણ જ આશ્રય છે. ૯, કહેવામાં આવ્યું છે.

પૂર્ણભક્તિનાં બે અંગ માનવામાં આવ્યાં છે. એક બાહ્ય અંગ માહાત્મ્યજ્ઞાન અને બીજું આન્તર અંગ સુદઢ સર્વતોઽધિકસ્નેહ. તેથી સુદઢ સર્વતોઽધિક સ્નેહ વિના સેવા–કથા ચલાવે રાખવી શક્ય નથી બનતું. છતાં પણ માહાત્મ્યજ્ઞાન પર અવલંબિત શરણાગતિ–આશ્રય–પ્રપત્તિરૂપ ઉપાય શક્ય હોય તો તેને અપનાવી લેવો જોઈએ. તેથી માહાત્મ્યજ્ઞાન મૂળ હોવાને કારણે પ્રપત્તિમાર્ગને પણ પુષ્ટિમાર્ગમાં જ્ઞાન માનવામાં આવે છે.

પ્રતિબંધ જો ભગવત્કૃત પ્રતીત ન થતો હોય તો પણ તે આપણને પુષ્ટિભક્તોચિત વિવેક કે ધૈર્યથી વંચિત કરતો લાગે તો, તેમાંથી બચવા અનેક

ઉપાય નવરત્ન તથા વિવેકધૈર્યાશ્રયમાં બતાવ્યા છે, જેવા કે પ્રાર્થનાત્યાગ, અભિમાનત્યાગ, હઠત્યાગ, અનાગ્રહ, સહિષ્ણુતા, અસામર્થ્યભાવના, ભગવલ્લીલાભાવના, મન–વાણીથી સતત શરણભાવના, અન્યાશ્રયત્યાગ, દૃઢ વિશ્વાસ તથા પ્રાપ્ત સુખ–દુઃખને મમતા–દ્વેષરહિત સ્વીકારી લેવાં વગેરે.

ઉદ્વેગ થવાના હેતુ, સાધારણ પ્રતિબંધના હેતુ તથા લૌકિક ભોગના હેતુઓનો ત્યાગ કરવાથી સેવાનો નિર્વિઘ્ન નિર્વાહ સહેલો થઈ જાય છે. ઉદ્વેગ અને તેના વિભિન્ન હેતુઓનું નિવારણ કેમ કરવું તેના ઉપાયો નવરત્નગ્રન્થમાં સમજાવવામાં આવ્યા છે. સાધારણ પ્રતિબંધ અને તેના હેતુઓનું નિવારણ કેમ કરવું તેના ઉપાયો વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં સમજાવવામાં આવ્યા છે. હવે લૌકિક ક્ષુદ્ર ભોગ અને અલૌકિક મહાન ભોગના પ્રભેદ અને બીજી પણ બાબતોનું વિવેચન આગળ કરવામાં આવશે.

## (૬) ભોગે અપિ બાધકાનાં પરિત્યાગઃ એકં સાધનં મતમ્.

અર્થ : ભોગમાં પણ બાધકોનો પરિત્યાગ કરવો એ એક સાધન માન્યું છે.

ભોગ પણ બે પ્રકારના હોવાનો સંભવ છે : એક લૌકિક ભોગ અને બીજો અલૌકિક ભોગ. લૌકિક ભોગ ત્યાજ્ય હોય છે. ભગવાનને અસમર્પિત, અનિવેદિત વસ્તુઓનો ઉપભોગ ભગવત્સેવામાં બાધક બને છે. આ વાત સિદ્ધાંતરહસ્ય(કારિ. ૪)માં–"અન્યથા સર્વદોષાણાં ન નિવૃત્તિઃ કથંચન, અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્ વર્જનમાચરેત્" એટલે કે બ્રહ્મસંબંધ કર્યા વિના અન્ય પ્રકારથી સર્વ દોષોની કોઈ પણ રીતે નિવૃત્તિ થતી નથી. તેથી અસમર્પિત વસ્તુઓનો–ભગવાનને સમર્પણ ન કરેલી વસ્તુઓનો–ત્યાગ કરવો એમ કહીને સમજાવવામાં આવ્યું છે. તેથી અસમર્પિત–અનિવેદિત વસ્તુઓનો ઉપભોગ બાધક છે અને તેમનો પરિત્યાગ આપણે માટે એક સાધનના રૂપમાં કર્તવ્ય છે.

## (૭) તથા ભોગે પરં નિષ્પ્રત્યૂહં સાધનમ્ અપિ મતં (યતઃ) મહાન્ (અલૌકિકસ્તુ) ભોગઃ (ફલાનાં મધ્યે) પ્રથમે સદા વિશતે (પ્રવિશતિ).

અર્થ : ભોગમાં નિષ્પ્રત્યૂહ–રુકાવટ વિનાનું–એક સાધન રૂપે માનેલું છે. કેમકે મહાન અલૌકિક વસ્તુના ભોગ એટલે પ્રથમ ફળની વચ્ચે સદા તે અન્તર્ગત ગણવામાં આવે છે.

સિદ્ધાંતરહસ્ય ગ્રન્થમાં જેમ અસમર્પિતના ત્યાગની વાત સમજાવી છે, તે જ રીતે સમર્પિતના ઉપભોગની આવશ્યકતા પણ બતાવી છે–"નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિ... સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિદ્ધ્યતિ તથા કાર્યં સમર્પ્યૈવ



સર્વેષાં બ્રહ્મતા તતઃ". ભગવાનને સમર્પિત ભગવત્પ્રસાદ રૂપ સ્રક્ (ફૂલમાળા), ગંધ, વસ્ત્ર, અલંકાર, અન્ન, ગૃહ તથા પારિવારિક જન, સંસારના મોહના નહિ, પરંતુ ભગવદ્ભાવના વર્ધક હોય છે. બ્રહ્મને સમર્પિત બધું જ બ્રહ્માત્મક બની જાય છે. જેમ ગંદા નાળાનું જલ ગંગામાં મળવાથી ગંગાજળ બની જાય છે. અણુભાષ્ય (૩–૩–૩૯)માં એથી જ કહેવામાં આવ્યું છે કે–"સર્વનિવેદનપૂર્વકં ગૃહેષુ ભગવત્સેવાં કુર્વતાં તદુપયોગિત્વેન તેભ્યએવ મુક્તિઃ ભવતીત્યર્થઃ. એતાદશાનાં ગૃહા ભગવદ્ગૃહા એવ આદિપદેન સ્ત્રીપુત્રપશ્વાદયઃ સંગ્રહ્યન્તે એતેન જ્ઞાનાદિમાર્ગાદુત્કર્ષ ઉકતો ભવતિ. બાધકાનામપિ સાધકત્વાત્" એટલે કે સર્વનિવેદનપૂર્વક ગૃહમાં ભગવત્સેવા કરનારાઓને તેના ઉપયોગ વડે, તેના વડે જ મુક્તિ થાય છે. આવાઓનાં ઘર ભગવાનનાં ઘર કહેવાય છે, ઈત્યાદિ પદથી સ્ત્રી, પુત્ર, પશુ વગેરેને લેવામાં આવ્યા છે. આનાથી જ્ઞાનાદિ માર્ગોથી ઉત્કર્ષ કહ્યો છે, બાધકોની પણ સાધકતા થવાથી. અન્યમાર્ગમાં ભોગનાં સાધન અન્નવસ્ત્રગૃહપરિવાર વગેરેને બાધક માનવામાં આવે છે પણ પુષ્ટિમાર્ગમાં ભગવત્સેવાના અંગરૂપ બનતાં, તેમને સાધક માનવામાં આવ્યાં છે, કારણકે તેઓ લૌકિક આસક્તિ વધારવાને બદલે ધીમે ધીમે આપણને અલૌકિક સામર્થ્ય અર્થાત્ સર્વ ઈન્દ્રિયોને ભગવત્પરતા તરફ લઈ જાય છે. નિરોધલક્ષણગ્રન્થમાં એને "સંસારાવેશદુષ્ટાનામિન્દ્રિયાણાં હિતાય વૈ કૃષ્ણસ્ય સર્વવસ્તૂનિ ભૂમ્ન ઈશસ્ય યોજયેત્" કહ્યું છે એટલે કે સંસારના આવેશથી દુષ્ટ થયેલી ઈન્દ્રિયોના હિત માટે, સર્વ ઈન્દ્રિયોને કાબૂમાં રાખનાર અને સર્વત્ર વ્યાપક એવા શ્રીકૃષ્ણ માટે સર્વ વસ્તુઓનું સમર્પણ કરવું જોઈએ.

ભગવન્નિવેદિત વસ્તુનો ભગવત્પ્રસાદના રૂપમાં ઉપભોગ, સેવાના પ્રથમ ફલ અલૌકિક સામર્થ્યને પ્રાપ્ત કરવાની દિશામાં અગ્રસર બનાવે છે. તેથી તે અલૌકિક ભોગ હોવાથી નિષ્પ્રત્યૂહ–નિર્દુષ્ટ છે અને મહાન છે.

## (૮) સવિઘ્નઃ અલ્પો (ભોગઃ) બલાત્ ઘાતકઃ સ્યાત્.

અર્થ : વિઘ્ન સાથેનો અલ્પભોગ પણ બળવાન ઘાતક સિદ્ધ થાય છે.

"યો વૈ ભૂમા તદમૃતમ્ અથ યદલ્પં તન્મર્ત્યમ્". જે ભૂમા છે તે અમૃત છે અને જે અલ્પ છે તે મર્ત્ય છે (છાન્દ. વ. ૭–૨૪–૧). આ શ્રુતિમાં મર્ત્યત્વેન નિન્દિત અલ્પભોગનો પરિહાર કે ત્યાગ ભગવત્સમર્પિતનો ઉપભોગ કરવાથી શક્ય બની જાય છે. દુન્યવી જે ભોગો કે વિષયો છે તે મર્ત્ય એટલે નાશવંત છે. માટે એવા થોડા અને નાશવંત ભોગોને નિન્દિત ભોગ ગણી તેનો પરિહાર કરીને ભગવાનને સમર્પિત કરીને જે મળે તેનો જ ઉપભોગ કરવો. તેથી

છાન્દોગ્યોપનિષદના આ પ્રકરણમાં–"આહારશુદ્ધૌ સત્ત્વશુદ્ધિઃ સત્ત્વશુદ્ધૌઃ ધ્રુવા સ્મૃતિઃ સ્મૃતિલંભે સર્વગ્રન્થિનાં વિમોક્ષઃ". આહારશુદ્ધિથી સત્ત્વશુદ્ધિ થાય છે, સત્ત્વશુદ્ધિથી નિશ્ચિત ચિરકાલીન સ્મૃતિ પ્રાપ્ત થાય છે, અને એ સ્મૃતિ પ્રાપ્ત થતાંજ બધી ગ્રન્થિઓમાંથી વિમુક્ત થવાય છે (૭–૨૬–૨) વચન દ્વારા આહારશુદ્ધિનાં ઉપલક્ષણથી પ્રત્યેક ભોગની શુદ્ધિની આવશ્યકતા બતાવી છે. મર્ત્ય–અલ્પ–ક્ષુદ્ર લૌકિક ભોગ શોકમોહથી કદી રહિત નથી હોતા. એટલે કે અનેક પ્રકારના શોકમોહરૂપી વિઘ્નોથી યુક્ત અલ્પભોગ સ્વયં નાશવંત હોવાથી મારક હોય છે, ભગવાનની સેવાયોગ્ય ભાવનો બળવાન ઘાતક હોય છે. તેથી લૌકિક ભોગ ત્યજવા યોગ્ય છે.

## (૯) બલાદ્ એતૌ (પ્રતિબન્ધકૌ) સદા મતૌ.

અર્થ : આ બંને પ્રતિબંધો સદા બળવાન છે એમ માનવું.

ભક્તિવર્ધિની (૬)માં કહેવામાં આવ્યું છે કે–"તાદશસ્યાપિ સતતં ગેહસ્થાનં વિનાશકમ્" એટલે કે તાદશી ભક્ત માટે પણ સતત ગૃહમાં રહેવું વિનાશક છે. તેથી લૌકિક ભોગ અને ભગવત્કૃત પ્રતિબંધ ભગવત્સેવામાં બહુ બળવાન પ્રતિબંધક હંમેશાં બની રહે છે. તેમાં લૌકિક ભોગનો ત્યાગ તો શક્ય છે, પણ ભગવત્કૃત પ્રતિબંધનું નિવારણ કરવું શક્ય નથી. તેનું વર્ણન હવે આગળ કહેવામાં આવશે.

## (૧૦) દ્વિતીયે (ભગવત્કૃત–પ્રતિબન્ધે જ્ઞાનસ્થિત્યભાવે ચ) સંસારનિશ્ચયાત્ ચિન્તા સર્વથા ત્યાજ્યા.

અર્થ : બીજા ભગવાન દ્વારા કરવામાં આવતા પ્રતિબંધમાં જ્ઞાનસ્થિતિના અભાવમાં સંસાર નિશ્ચિત હોવાથી ચિન્તા સર્વથા છોડી દેવી.

સર્વનિર્ણય–પ્રકરણ (કારિકા ૨૪૭)માં આ બતાવવામાં આવ્યું છે કે કઈ કઈ સ્થિતિઓમાં ભગવત્સેવા છોડી દેવી જોઈએ. જેમ કે–

(૧) આસુરાવેશને લીધે આપણી ઈન્દ્રિયોને ભગવત્સેવામાં સ્વતઃ પ્રવૃત્તિ કરવાનું સંભવિત ન લાગતું હોય તો હઠપૂર્વક તેમને ભગવત્સેવામાં લગાડવાથી વિક્ષેપ ઉત્પન્ન થઈ જાય છે. એવી સ્થિતિમાં વૈષ્ણવે સેવા છોડી દેવી જોઈએ.

(૨) અતિ ઘડપણ આવી ગયું હોય, કોઈ શારીરિક વ્યાધિને લીધે જીવનમાં ભગવત્સેવા કરવાની શક્તિ ન રહે તો તેણે સેવા છોડી દેવી જોઈએ.

(૩) પારિવારિક, સામાજિક કે રાજનૈતિક દૃષ્ટિએ આપણે જેને આધીન રહેવું



પડે તેવી વિવશતાને કારણે ભગવત્સેવા ન કરી શકાય તેમ હોય તો તે કારણે પણ ભગવત્સેવામાં પ્રતિબંધ થવા સંભવ છે.

(૪) સેવા કરતા રહેવા છતાં પણ નિરંતર ચિત્તમાં અન્ય વ્યાસંગ (આસક્તિ) કે વ્યગ્રતા રહેતાં હોય તો ભગવત્સેવાની યોગ્ય ભાવના હૃદયમાં કદાપિ પ્રગટ થતી નથી.

(૫) પરિવારના સભ્યો આપણી ભગવત્સેવા માટે આપણે જે ભાવના તેમની પાસેથી ઈચ્છતા હોઈએ તે ભાવનાથી રહિત હોય, અથવા ભગવત્સેવામાં પ્રતિકૂળ હોય, પણ તેઓ આપણે જે સેવા કરતા હોઈએ તેમાં લૌકિક હેતુવશ સહયોગ આપવામાં બંધાયેલા હોય તો, તેમને આપણી સેવા પીડાજનક લાગશે. એવી પરપીડાજનક ભગવત્સેવા જીવે ન કરવી જોઈએ.

શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ શબ્દોમાં આજ્ઞા કરે છે કે ઉપર કહેલી પરિસ્થિતિઓમાં સેવા છોડીને, તેના વિકલ્પમાં ભગવત્કથાને અનુકલ્પ (અવેજી પ્રકાર) તરીકે સ્વીકારવામાં આવી છે. પુષ્ટિમાર્ગમાં કથાનું અનુષ્ઠાન જ્ઞાનમાર્ગથી જોડાયેલી ભક્તિની સીમા જેવું છે; પરંતુ અહીં આ સીમાની અંદર રહેવાનું પણ જો શક્ય ન હોય તો માહાત્મ્યજ્ઞાનમૂલક પ્રપત્તિમાર્ગમાં રહેવું જોઈએ. તે માટે વિવેક, ધૈર્ય અને આશ્રય સ્વીકારવાની વાત સમજાવી છે, પણ જો તે પણ ન બને તો જીવે સમજી લેવું કે આ જન્મમાં પ્રભુ આપણને સંસારાવેશથી છુટકારો આપવા નથી ઈચ્છતા.

તેથી વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે કે–"અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ". અશક્ય હોય કે શક્ય હોય હમેશાં હરિનું શરણ ધ્યાન રાખવું. નવરત્ન ગ્રન્થમાં પણ કહ્યું છે કે–"ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિઃ યદ્ યત્ કરિષ્યતિ તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્ તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ" એટલે કે ચિત્તમાં જ્યારે ઉદ્વેગ થાય ત્યારે હરિ પરમાત્મા જે કાંઈ કરશે તે તેની લીલા છે એમ માનીને ચિંતા છોડી દેવી. તેથી સર્વાત્મભાવથી નિત્ય 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' એ મંત્ર સતત બોલતા રહેવું એવી મારી મતિ છે. ૮–૯. એ ઉપદેશ અનુસાર ચિન્તાનો ત્યાગ કરી શરણભાવના કરવી જોઈએ.

## (૧૧) નન્વાદ્યે/નાદ્યે (આદ્યફલાભાવે) તુ (ભગવતઃ આધિદૈવિકસેવા–) દાતૃતા નાસ્તિ.

અર્થ : સેવાના ફલના અભાવમાં ભગવાન આધિદૈવિક સેવાના ફલને દાન કરવા ચાહતા નથી એમ માનવું.

સેવા નિરંતર કરવા છતાં પણ અલૌકિક સામર્થ્ય પ્રગટ થવાનું કોઈ ચિહ્ન ન દેખાય તો સેવામાં આપણી ન્યૂનતા છે તેવું નહિ માની લેવું, પરંતુ ભગવાનની આધિદૈવિકી સેવાનું સુખદાન કરવાની ઈચ્છા નથી એમ સમજવું જોઈએ. આધિદૈવિકી સેવાના સુખની પાત્રતા પ્રભુની દાતૃતા પર અવલંબિત છે. એવું તો કહેવામાં આવ્યું જ છે કે પુષ્ટિમાર્ગીય ફલ કે અધિકારની પ્રાપ્તિ ભગવાનની આપવાની ઈચ્છા પર આધારિત છે, સાધન કરવાના અભિમાન પર નહિ.

**(૧૨) તૃતીયે** (ભોગાભાવ–સિદ્ધ્યભાવે) **તુ ગૃહં બાધકમ્.**

અર્થ : ત્રીજું ભોગાભાવ સિદ્ધ ન થતો હોય તો ઘર બાધક છે એમ સમજવું. તૃતીય ફલભોગનો અભાવ થાય ત્યારે તો ગૃહસ્થાશ્રમ પણ બાધક થઈ જાય છે. પણ ભોગનો અભાવ થવો જરૂરી છે. ભોગનો અભાવ એટલે ભોગોમાં અરુચિ થવી, પરમાત્મામાં રુચિ થવી જોઈએ.

સ્વગૃહમાં નિરંતર સેવા કરતા રહેવા છતાં પણ ભોગાભાવ જો સિદ્ધ ન થતો હોય તો ગૃહાસ્થાશ્રમના ઘરને બાધક સમજવું જોઈએ. તેથી ભક્તિવર્ધિની અને સંન્યાસનિર્ણય ગ્રન્થોમાં આવી પરિસ્થિતિમાં કથાશ્રવણ, પરિચર્યા અથવા ગૃહત્યાગના અનુકલ્પો અપનાવવાની વાત સમજાવવામાં આવી છે.

**(૧૩) ઈયં** (ભગવતો–દાતૃતા) **અવશ્યા સદા ભાવ્યા, અન્યત્સર્વં મનોભ્રમઃ, તદીયૈરપિ તત્** (દાતૃતાભાવનં) **કાર્યં** (યતો ભગવાન્) **પુષ્ટૌ નૈવ વિલમ્બયેત્.**

અર્થ : ભગવાન ફલદાતા છે અને તે ભક્ત સિવાય કોઈને આધીન નથી એમ સદા ભાવન કરવું, અન્ય સર્વ મનોભ્રમ છે. તેથી તદીય વૈષ્ણવો સાથે આત્મનિવેદન, પરમાત્માની કૃપા, દાતૃતાનું ભાવન કરવું જેથી ભગવાન કૃપા કરવામાં વાર ન કરે.

નવરત્ન ગ્રન્થમાં કહેવામાં આવ્યું છે કે આત્મનિવેદન કરવાવાળા પુષ્ટિભક્તે કદી ચિન્તા કરવી જોઈએ નહિ, કારણ કે પુષ્ટિપ્રભુ ભગવાન કોઈ એકાદ જન્મમાં પુષ્ટિજીવની લૌકિક સ્થિતિ જેવી સ્થિતિ કરે પણ છે, પરંતુ કદી પણ લૌકિક કે પ્રવાહી જીવ જેવી સ્થિતિ કરતા નથી. તેથી ભક્તિનો સારી રીતે નિર્વાહ ન થઈ શકે એવી સ્થિતિમાં અન્ય પુષ્ટિમાર્ગીય ભગવદીયોની સાથે બેસીને જાતે કરેલા આત્મનિવેદનની સ્મરણ–ભાવના કરવી જોઈએ. નવરત્નમાં કહ્યું છે કે:

'ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્ ॥
નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈઃ જનૈઃ ।
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥

(નવરત્ન ૧–૨)



અર્થ : ભગવાન ખૂબ જ દયાળુ છે. તેથી ભગવદીયજનોની લૌકિક દશા કરશે નહિ. ભગવદીયજનોની સાથે નિવેદન તો સર્વ પ્રકારે સ્મરવું જ. સર્વના ઈશ્વર અને સર્વના આત્મા પોતાની ઈચ્છા પ્રમાણે કરશે. ૧–૨.

બને છે તે જે ભગવાનની ઈચ્છા હોય તે. મળે છે તે જે ભગવાન આપણને આપવા ઈચ્છે છે. ભગવાનની ફલદાન કરવાની ઈચ્છા કોઈના હાથની વાત નથી. તે તો ભગવાનના હાથની વાત છે. તેમના પર કોઈનું જોર નથી ચાલતું. પરંતુ ભગવાન દયાળુ પણ છે. તે કેવળ સર્વેશ્વર નથી, સર્વાત્મા પણ છે. તેથી જે જીવનું પુષ્ટિમાર્ગમાં ભગવાને વરણ કરી લીધું હોય તેને પુષ્ટિભક્તિનું દાન કરવામાં પ્રભુ વધારે વિલંબ નહિ કરે. આ પ્રમાણે પુષ્ટિજીવે ભગવાનના પુષ્ટિફલદાતા હોવાની ભાવના નિરંતર કરતા રહેવી જોઈએ.

સાથે સાથે નિરોલક્ષણગ્રન્થમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે

''મહતાં કૃપયા યાવદ્ ભગવાન્ દયયિષ્યતિ ।
તાવદાનંદસંદોહઃ કીર્ત્યમાનઃ સુખાય હિ ॥

(નિ. લ. ૪)

જ્યાં સુધી મોટાઓની કૃપાથી ભગવાન્ આપણા પર કૃપા ન કરે ત્યાં સુધી આનંદસાગર એવા પ્રભુનું, તેમની લીલાઓનું કીર્તન કરવું. તે ચોક્કસ સુખરૂપ થાય છે. તેથી જેનાથી સેવા વગેરે ન કરી શકાતાં હોય એવા દયનીય પુષ્ટિજીવોના પ્રત્યે બીજા ભગવદીયનું પણ એ કર્તવ્ય બને છે કે તેમણે ભગવાનના ગુણો અને ચરિત્રોનું એવી રીતે કીર્તન કરવું કે જેનાથી સાધારણ પુષ્ટિજીવોનાં હૃદય અને બુદ્ધિમાં ભગવાનના પુષ્ટિફલદાતા હોવાની આસ્થા અને ધારણા દઢ થઈ જાય. જે પુષ્ટિજીવથી સેવા–કથામય આદર્શ પુષ્ટિજીવન નભાવી શકાતું હોય તેવા પુષ્ટિજીવે જે જીવથી પુષ્ટિમાર્ગીય સેવા–કથા ન નભતી હોય તેના તરફ આ રીતે વર્તવું જોઈએ. તેથી જ બાલબોધ ગ્રન્થના ઉપદેશ દ્વારા શ્રીમહાપ્રભુજી ભગવત્સેવા માટે અસમર્થ જીવોમાં તદીયતા અને ભગવદ્આશ્રયના ભાવોને જગાડવા ચાહે છે.

જલભેદ અને પંચપદ્યાનિ ગ્રન્થોમાં વક્તા અને શ્રોતાની ઉત્તમ, મધ્યમ અને નિમ્ન કક્ષાઓ સમજાવી છે. તેમનું સારી રીતે જ્ઞાન થવાથી પુષ્ટિજીવને સમજાઈ જશે કે જે પુષ્ટિજીવથી સેવાત્મિકા ભક્તિ નભાવી શકાતી નથી તે પણ કથા–શ્રવણ–કીર્તન–સ્મરણ વગેરે પ્રક્રિયાઓ દ્વારા પોતાના પુષ્ટિભાવોના પોષણ માટે સક્ષમ બની શકે છે.

## (૧૪) ગુણક્ષોભે અપિ એતદેવ દ્રષ્ટવ્યમ્ ઈતિ મે મતિઃ.

અર્થ : ગુણોના ક્ષોભમાં પણ આમ જ જોવું અને ભાવન કરવું એવી મારી મતિ છે.

ભક્તિવર્ધિની ગ્રન્થમાં એ બતાવ્યું છે કે સ્વગૃહમાં જે પુષ્ટિજીવથી ભગવત્સેવા—કથામય જીવન વ્યતીત કરવું શક્ય નથી બનતું તેવા જીવો માટે અનુકલ્પરૂપ ગૃહત્યાગના માટે આવશ્યક ભક્તિનો વ્યસનદશામાં વિકાસ પણ બહુ દુર્લભ વાત છે. ગૃહત્યાગનો વિકલ્પ કોઈ ભગવદીયની સત્સંગતિમાં રહીને ભગવત્પરિચર્યા કરવી અને ભગવત્કથાના શ્રવણ—કીર્તનમાં સંમિલિત થવાનું બતાવ્યું છે; પરંતુ તે વખતે જે ભગવદીયનો સત્સંગ આપણે કરવા ઈચ્છતા હોઈએ તેનામાં માનવ—સ્વભાવ સુલભ દોષદર્શન થવાને કારણે ભક્તિભાવમાં બાધા પહોંચવાની આશંકા થઈ હતી, તેના ઉકેલમાં એકાન્તવાસની યોગ્યતાનો પણ ત્યાં વિચાર કરવામાં આવ્યો હતો. એકાંતવાસમાં ભગવદીયની સંગતિ કેમ કરવી 'અદૂરે—વિપ્રકર્ષે' એટલે કે અતિ નિકટ પણ નહિ અને બહુ દૂર પણ નહિ ની નીતિ પ્રમાણે વર્તવું તે સમજાવ્યું હતું, કારણકે અપરિપકવ સિદ્ધાંતબોધની સ્થિતિમાં એકાંતવાસ કરવામાં કોઈ વખતે સિદ્ધાંતોના અવળી રીતે સ્વાધ્યાય થવાની પણ સંભાવના રહે છે.

તેથી સ્વમાર્ગીય સિદ્ધાંત સ્વમાર્ગીય વક્તાના મુખેથી સાંભળવાનો આગ્રહ રાખવો જોઈએ. "ભકત્યાચારોપદેશાર્થનાનાવાક્યનિરૂપકઃ" એટલે કે ભક્તિ અને આચારના ઉપદેશ માટે જુદા જુદા પ્રકારનાં વાક્યોનું નિરૂપણ કરનાર શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોનો સ્વાધ્યાય કરવો જોઈએ. તેનાથી બધા ગુણક્ષોભ શાંત થઈ જશે, એવું શ્રીમહાપ્રભુજીનું આશ્વાસન છે.

## (૧૫) અત્ર કુસૃષ્ટિઃ વા કાચિદુત્પદ્યેત સ વૈ ભ્રમઃ.

અર્થ : અહીં કુસૃષ્ટિ જે કાંઈક ઉત્પન્ન થાય છે તે ભ્રમ છે.

ષોડશગ્રન્થના ઉપક્રમરૂપ યમુનાષ્ટકમાં "મમાસ્તુ તવ સન્નિધૌ તનુનવત્વમ્" કહીને ભગવત્સેવા માટે જરૂરી દેહની નૂતનતાની પ્રાર્થના દ્વારા ભગવત્સેવાની મહત્તા બતાવી છે. ષોડશગ્રન્થના ઉપસંહારરૂપ સેવાફલ ગ્રન્થનું નામ 'ભક્તિફલ', 'કથાફલ', 'ત્યાગફલ', 'નિરોધફલ' અથવા 'પ્રપત્તિફલ' ન કહેતાં 'સેવાફલ' કહ્યું છે, તથા અલૌકિક સામર્થ્યના રૂપમાં સેવાનું ફલ સેવાને જ માનવું પણ, પુષ્ટિમાર્ગમાં સેવાની મહત્તાનું જ પ્રમાણ છે.

સિદ્ધાંતમુક્તાવલી, પુષ્ટિપ્રવાહમર્યાદા, સિદ્ધાંતરહસ્ય, ભક્તિવર્ધિની, તથા નિરોધલક્ષણ ગ્રન્થોમાં શબ્દશઃ અને બીજા ગ્રન્થોમાં તાત્પર્યશઃ સેવાના



મહત્ત્વનું વારંવાર પુનરુચ્ચારણ કરીને જે અભ્યાસ કરવામાં આવ્યો છે, તેના આધાર પર પણ પુષ્ટિમાર્ગમાં સેવાની અસાધારણ મહત્તા સિદ્ધ થાય છે. ચતુઃશ્લોકીમાં :

સર્વદા સર્વભાવેન, ભજનીયો વ્રજાધિપઃ।
સ્વસ્યાયમેવ ધર્મો હિ, નાન્યઃ ક્વાપિ કદાચન ।૧।

અર્થ : સર્વદા સર્વાત્મભાવથી વ્રજાધિપની સેવા કરવી જોઈએ. આપણો સાચો ધર્મ એ જ છે. કોઈ સ્થળે કે કોઈ કાળે બીજો કોઈ ધર્મ નથી. એ રીતે આ ગ્રન્થમાં કરવામાં આવેલી કૃષ્ણસેવાની પ્રશંસા

તથા નિરોધલક્ષણ ગ્રન્થમાં :

નાતઃ પરતરો મંત્રો, નાતઃ પરતરઃ સ્તવઃ ।
નાતઃ પરતરા વિદ્યા, તીર્થં નાતઃ પરાત્પરમ્ ।।૨।।

અર્થ : આવા નિરોધથી ઉત્તમ બીજો કોઈ મંત્ર નથી. તેથી ઉત્તમ બીજું કોઈ સ્તોત્ર નથી. તેથી ઉત્તમ બીજી કોઈ વિદ્યા નથી. તેથી ઉત્તમ બીજું કોઈ તીર્થ નથી એ વચન દ્વારા બીજા ઉપાયોની કરવામાં આવેલી નિંદા, દ્વારા અર્થવાદના વિચારોથી પણ ભગવત્સેવાની મહત્તા સિદ્ધ થાય છે.

શ્રીમહાપ્રભુજીના અન્ય ગ્રન્થો જેવા કે નિબંધ, ભાષ્ય કે શ્રીસુબોધિનીજીમાં સેવાનો ઉલ્લેખ મળે છે, પરંતુ ભગવત્સેવાનું સાંગોપાંગ—સપરિકર સ્વરૂપ જેવું સેવાફલમાં વર્ણિત થયું છે, તેવું અન્યત્ર સુલભ નથી. સેવાનું અંતરંગરૂપ ભાવ—ભાવના છે. સેવાના બહિરંગરૂપમાં આત્મસમર્પણ, તનુ—વિત્તજા સેવા, ગૃહસ્થિત વસ્તુઓ અને પરિજનોનો ભગવત્સેવામાં વિનિયોગ તથા બીજા પણ નવધા ભક્તિઅંગભૂત શ્રવણ, કીર્તનાદિ ઉપાયોને પણ માનવામાં આવ્યા છે. આ બધી વાતોનો જેવો સ્પષ્ટ અને સુસંગત વિચાર અપૂર્વ રીતે ષોડશગ્રન્થોમાં થયો છે, તેવો અન્યત્ર મળવો દુર્લભ છે.

પુષ્ટિમાર્ગમાં ભગવત્સેવા દ્વારા કોઈ પ્રકારના ફલની કામના કરવાની નથી. સેવાનું ફલ તો સેવા જ છે. તેથી વિવરણમાં 'સેવાયાઃ ફલત્રયમ્" નહિ કહેતાં 'સેવાયાં ફલત્રયમ્" કહેવામાં આવ્યું છે. તેથી ત્રણે ફલાવસ્થા ષોડશગ્રન્થમાં ખાસ કરીને પ્રતિપાદ્ય સેવાની અન્તર્ભૂત જ છે. આ ફલકીર્તનથી પણ ષોડશગ્રન્થોનું તાત્પર્ય ભગવત્સેવાના ઉપદેશમાં જ સમાપ્ત થાય છે.

અન્તિમ તાત્પર્યનિર્ધારક પ્રકાર ઉપપત્તિ માનવામાં આવે છે. બીજાં પ્રમાણોથી કોઈ એક વાતનું ખંડિત થવું સંભવ નથી. આ પ્રકારનું નિરૂપણ કરવું

'ઉપપત્તિ' કહેવાય છે. તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આ સોળ ગ્રન્થોમાં ખાસ કરીને પ્રતિપાદિત કરેલી ભગવત્સેવાના સ્વરૂપને બીજાં સાધનોની તુલનામાં સેવાને ગૌણ બનાવવાવાળાઓને પુષ્ટિની સુંદર સૃષ્ટિમાં કુસૃષ્ટિરૂપ જ સમજી લેવા જોઈએ—"કુસૃષ્ટિરત્ર વા કાચિદુત્પદ્યેત સ વૈ ભ્રમઃ". આવા ભ્રમોના નિવારણને માટે અંતઃકરણપ્રબોધ ગ્રન્થ લખવામાં આવ્યો છે.

આ પ્રમાણે ઉપક્રમ—ઉપસંહાર, અભ્યાસ, અર્થવાદ, અપૂર્વતા, ફલ અને ઉપપત્તિરૂપ એ છ તાત્પર્યનિર્ધારક પ્રકાર છે. તેમના દ્વારા નિઃશંકપણે સિદ્ધ થાય છે કે પુષ્ટિજીવોને માટે સ્વગૃહમાં શ્રીકૃષ્ણના પુષ્ટિસ્વરૂપની સેવા વ્રજભક્તોના ભાવથી ભાવનાત્મક રીતે અનુસરણ કરતાં કરતાં, પોતાનાં તન, મન અને ધનનો ભગવાનમાં વિનિયોગ કરવો અને તેના અનોસરમાં ભગવદ્ભાવમાં વૃદ્ધિ કરનારી ભગવત્કથાનું શ્રવણ, સ્મરણ, કીર્તન કરવું તે પુષ્ટિજીવનું પ્રથમ અને ચરમ કર્તવ્ય છે. જ્યાં ત્યાં ભટકનારા ચિત્તની બધી વૃત્તિઓનો નિરોધ ભગવત્સેવા અને ભગવત્કથામાં કરવો જોઈએ, કારણ કે—" યે નિરુદ્ધાસ્ત એવાત્ર મોદમાયાન્ત્યહર્નિશમ્" એટલે કે જે નિરુદ્ધ થયેલા છે તે જ અહીં આનંદ અહર્નિશ પ્રાપ્ત કરે છે એ નિયમ ધ્રુવ અને ન તોડી શકાય તેવો છે.

**ઇતિ શમ્**



# ૧૭. પંચશ્લોકી

શ્રીમહાપ્રભુજી—વિરચિત ઉપદેશ આપનાર અન્ય ગ્રંથોની જેમ આ પંચશ્લોકી ગ્રંથ પણ પુષ્ટિજીવોના હૃદયમાં સર્વથા—સર્વદા ધારણ કરી રાખવા જેવો ગ્રંથ છે. તેમાંના પાંચ શ્લોકોમાંથી સાડાત્રણ શ્લોકો તો પુષ્ટિભક્તિના અંગરૂપ ઉપદેશને માટે જ છે અને દોઢ શ્લોક પુષ્ટિપ્રપત્તિના અંગરૂપ ઉપદેશ માટે છે. શ્રીમહાપ્રભુજીના મત અનુસાર જીવ ત્રણ પ્રકારના હોય છે.

(૧) પુષ્ટિમાર્ગીય દૈવી જીવ

(૨) મર્યાદામાર્ગીય દૈવી જીવ

(૩) પ્રવાહમાર્ગીય આસુરી જીવ

આનું વર્ણન તો શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં કર્યું છે. ત્યાં ત્રણ પ્રકારના માર્ગ/ગતિ, ત્રણ પ્રકારના સાધન/ફલ, ત્રણ પ્રકારના જીવ/દેહ અને ત્રણે પ્રકારની તેમની રુચિ/કૃતિ વગેરેનું વર્ણન પણ આપશ્રીએ કર્યું છે. તો પણ ભૂતલ પર જન્મ લઈને બધા જીવો કોઈ વખતે એક બીજાના ઘરમાં, અથવા તો કોઈ વખતે બહારના લોકોનો સંગ પ્રાપ્ત કરીને, મિશ્રિત ભાવને પ્રગટ કરે છે. તેથી આવા ભાવમિશ્રણને કારણે ત્રણ પ્રકારના જીવોની રુચિમાં તથા સામર્થ્યમાં વિવિધતાનો અનુભવ થાય છે. તેથી મર્યાદામાર્ગીય અથવા પ્રવાહમાર્ગીય જીવોના માર્ગ—ગતિ, સાધન—ફલ, જીવ—દેહસ્વરૂપ અને રુચિ—કૃતિ વગેરે બધા વિષયોનું નિરૂપણ આપશ્રીએ પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં કરી દીધું છે. તેથી તેની ચર્ચા હવે અહીં કરવાની વાત રહેતી નથી, પરંતુ જે પુષ્ટિજીવો છે, તેમના વિવિધ સ્વભાવ અને સામર્થ્યનો વિચાર કરીને આપશ્રીના હૃદયમાં કરુણા પ્રગટી કે કોઈ પુષ્ટિજીવ નિજમાર્ગીય હોવા છતાં, સ્વભાવભેદ અથવા સામર્થ્યભેદને કારણે પુષ્ટિભક્તિની નિસરણી પર ચાલીને પુષ્ટિપ્રભુની સન્મુખ થઈ શકતો ન હોય તેની શી ગતિ થાય? તેથી નિજમાર્ગમાં નિજીજીવને નિજપુષ્ટિપ્રભુની સન્મુખ કરવા કોઈ માર્ગે ચલાવીને પ્રભુ પાસે પહોંચાડી શકાય એવો માર્ગ શોધી કાઢવો જોઈએ. તે કેવી રીતે બને? જે પુષ્ટિમાર્ગ છે તે તો જે જીવનો પ્રભુએ અંગીકાર કર્યો હોય તેને

સ્વરૂપાનંદનું દાન કરવા માટે જ છે. તોપણ આ માર્ગમાં ક્યારેક પ્રમેયબલ પ્રગટ કરીને પ્રભુ સ્વયં નિજજનની સન્મુખ પ્રગટ થાય છે; અથવા તો કેટલીક વખત પ્રભુ પ્રમેયબલ પ્રગટ કરતા નથી, ત્યારે જીવે ગુરુકૃપાથી પ્રમાણબળનો આશરો લઈને યથાસામર્થ્ય–યથોપદેશ ભક્તિમાર્ગ અથવા શરણાગતિમાર્ગની કેડીને પકડીને પુષ્ટિપ્રભુની અભિમુખ અગ્રેસર થવું પડે છે. તે વખતે શ્રુતિ–સૂત્ર–ગીતા– ભાગવત–પંચરાત્ર વગેરે પ્રમાણોમાં ભક્તિ અને શરણાગતિનાં જે જે અંગ, સ્વરૂપઘટક બતાવ્યાં છે તેમને ભક્તિપ્રપત્તિનાં પ્રામાણિક અને આવશ્યક કર્તવ્ય માનીને–"વર્ણાશ્રમવતાં ધર્મે મુખ્યે નષ્ટે છલેન તુ ક્રિયમાણે ન ધર્મઃ સ્યાદતસ્તસ્માન્ન મોચનં...એતન્માર્ગદ્વયં પ્રોક્તં ગતિસાધનસંયુતમ્", વર્ણાશ્રમધર્મીઓનો મુખ્ય ધર્મ નષ્ટ થતાં કપટપૂર્વક જે ધર્મ આચરવામાં આવે તે ધર્મ ધર્મ નથી. ભક્તિ અને શરણાગતિ આ બે કેડીઓ છે (ત.દી.નિ. ૨/૨૨૩–૨૫૬) વચન અનુસાર શાસ્ત્રમાં કહેલાં અંગોની મર્યાદાને તો યથાશક્તિ નિભાવવી પડે, પરંતુ પ્રધાનતા તો શાસ્ત્રપ્રમાણિત પુષ્ટિપ્રભુના પ્રમેયબલને હૃદયમાં વિશ્વાસપૂર્વક રાખવાની આવશ્યક માની છે. તેથી ભક્તિ અને પ્રપત્તિનાં શાસ્ત્રપ્રમાણિત–શાસ્ત્રવિહિત સ્વરૂપઘટક અંગોની જ મુખ્યતા જાણવી.

એવું શા માટે? ત્યાં કહે છે કે પુષ્ટિ ભક્તિનું જે સ્વરૂપ શ્રુતિ વગેરે બધાં શાસ્ત્રોમાં સિદ્ધ કરેલું છે તેમાં તો કોઈ સંદેહ નથી; પરંતુ વર્ણાશ્રમધર્મ, નિત્યકર્મ, યાગાદિ નૈમિત્તિક કર્મ, પૂજન–વ્રત–શ્રાદ્ધ વગેરે કર્મોની જેમ 'પુષ્ટિભક્તિ' કરો તેવી આજ્ઞા કોઈ શાસ્ત્રમાં મળી આવતી નથી. તેથી "ભક્તિમાર્ગસ્ય કથનાત્ પુષ્ટિરસ્તીતિ નિશ્ચયઃ", ભક્તિમાર્ગના નિરૂપણને કારણે પુષ્ટિમાર્ગ, ભગવાનના અનુગ્રહનો માર્ગ છે એ નક્કી છે (પુ.પ્ર.મ.ર.) એ વચનમાં શાસ્ત્રમાં ભક્તિમાર્ગનાં નિરૂપણથી પૃથક્ પુષ્ટિમાર્ગની પરોક્ષ સિદ્ધિ બતાવી દીધી છે.

તેથી પુષ્ટિમાર્ગીય ભક્તિ અને પ્રપત્તિનાં અંગોમાં નિષ્ઠાની વૃદ્ધિનો ઉપદેશ આ પંચશ્લોકીમાં કરવામાં આવ્યો છે.

આ ઉપદેશમાં એક શંકા થાય છે. તેમાં કહ્યા પ્રમાણે પુષ્ટિભક્તિમાં ઘરના ત્યાગની આવશ્યકતાનો તત્ત્વોપદેશ છે કે પુષ્ટિભક્તને ઘર છોડવાનો કર્તવ્યોપદેશ છે? જો ઘરનું સ્વરૂપ ત્યાજ્ય હોય તો એવા ઘરમાં ભગવત્સ્વરૂપની સેવા શા માટે કરવી? જો ઘરનો ત્યાગ કરવો એ બધા પુષ્ટિજીવોનું પ્રથમ કર્તવ્ય હોય તો પછી જે જીવોથી ઘરનો ત્યાગ કરવો ન બની શકે તેમણે અનુકલ્પ તરીકે



ભગવત્સેવા કરવી તે કર્તવ્ય થશે. ત્યારે તો ગૃહત્યાગ મુખ્ય કર્તવ્ય ગણાયું અને ભગવત્સેવા ગૌણ કર્તવ્ય બન્યું. પછી તો ભક્તિમાર્ગ કરતાં ત્યાગ–વૈરાગ્ય–સંન્યાસમાર્ગની શ્રેષ્ઠતા જ કેમ સિદ્ધ થઈ ન ગણાય?

આ શંકાનું સમાધાન એવું સમજવાનું કે અહીં શ્રીમહાપ્રભુજીએ ઘરનો ત્યાગ કરવાની આજ્ઞા તો કરી જ નથી; તેથી આપશ્રીના આ વચનને કર્તવ્યોપદેશ તો ન જ સમજવું. તેથી અહીં ઘરના સ્વરૂપનું કરેલું નિરૂપણ અભિપ્રેત હોય તો આપશ્રીના તે વચનને સ્વરૂપનો તત્ત્વોપદેશ જ સમજવો : જો ઘર સંસારાસક્તિ વધારવાવાળું હોય તો તે જીવાત્માને ભવસાગરમાં ડુબાવવાવાળું છે.

શ્રીમહાપ્રભુજીને પુષ્ટિજીવોના ઉદ્ધારની ચિંતા જ્યારે થઈ રહી હતી, ત્યારે પુષ્ટિપ્રભુએ સાક્ષાત્ પ્રગટ થઈને પુષ્ટિજીવને બ્રહ્મસંબંધના દાનની આજ્ઞા આપશ્રીને આપી. તેથી બ્રહ્મસંબંધને લીધે જીવને શ્રીકૃષ્ણસેવા કરવાના અધિકારની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તે જ પ્રમાણે મમતાસ્પદ આખું ઘર–ધન–ધાન્ય–વસ્ત્ર–પુત્ર–પત્ની વગેરે પરિવારજનોનો ભગવત્સેવામાં વિનિયોગ કે ઉપયોગ કરી શકે એવો જીવને બ્રહ્મસંબંધ દ્વારા અધિકાર સિદ્ધ થાય છે. પુષ્ટિપ્રભુએ આવું જ વચન શ્રીમહાપ્રભુજીને આપ્યું. તેથી સ્વરૂપતઃ તજવા યોગ્ય ઘર આત્મનિવેદન કરનારના સેવ્ય સ્વરૂપની સેવામાં વિનિયુક્ત થાય ત્યારે શ્લાઘ્ય કે પ્રશંસનીય બની જાય છે. અહીં આવો અભિપ્રાય કે હેતુ છે એમ જાણવું. સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં તેનું દૃષ્ટાંત આપ્યું છે કે–રસ્તાનું ગંદું પાણી ગંગાના પ્રવાહમાં ભળી જાય તો તે ગંગાના જળ જેટલું જ પવિત્ર થાય. તેથી આત્મનિવેદીએ કોઈ પ્રકારની ચિંતા કરવાનું કારણ નથી.

ઘરનો વિનિયોગ શ્રીકૃષ્ણની સેવામાં કરવાથી ગૃહ સંસારાસક્તિ–વર્ધક ન બનતાં ભક્તિવર્ધક બની શકે છે. ત્યાં સાવધાની એ રાખવાની કે સિદ્ધાંતમુક્તાવલીમાં કહેવામાં આવેલા પ્રકારથી જીવે પોતાનાં તન અને વિત્તથી શ્રીકૃષ્ણસેવા નિભાવવી જોઈએ. અર્થાત્ ભગવત્સેવા માટે જીવે ન તો કોઈનું ધન લેવું અથવા તો ન કોઈને ધન આપવું. પોતાનાં સગાંસંબંધીમાં કે ઈષ્ટજનોમાં પણ જે સ્વમાર્ગીય હોય તેમને જ પોતાનાં સેવ્યસ્વરૂપનાં દર્શન કરાવવાં, પણ આખા ગામને બોલાવી ભગવત્સેવાનું પ્રદર્શન તો ન જ કરવું, નહિ તો ગૃહનો શ્રીકૃષ્ણસેવામાં નિષ્કામ ભક્તિરૂપ સમર્પણ–વિનિયોગ કર્યો નહિ ગણાય; ઊલટું શ્રીકૃષ્ણનો સમર્પણ–વિનિયોગ ધન, સન્માન, પ્રતિષ્ઠા વગેરેના ક્ષુદ્ર ઉપાર્જનમાં જીવે કર્યો છે તેમ જાણવું. તેથી પાખંડ થયો ગણાશે અને દેવલકતાનો પણ દોષ

લાગશે. શ્રીમહાપ્રભુજીએ એવું કંઈ નથી કહ્યું કેઃ ''કૃષ્ણઃ સર્વાત્મના ત્યાજ્યઃ સ ચેત્ત્યક્તું ન શક્યતે ગૃહાર્થં તં પ્રયુંજીત ગૃહં તદ્દ્ભક્તિવારકમ્'' એટલે કે શ્રીકૃષ્ણ બધી રીતે ત્યજવા યોગ્ય છે, જો તેમને ત્યજવાનું શકય ન બને તો ઘર માટે તેમનો વિનિયોગ કરવો; ઘર ભક્તિવાળું તેનાથી નહિ બને. તેથી ભગવત્સેવાને આજીવિકા અથવા પદપ્રતિષ્ઠા કમાવાનું સાધન બનાવવાવાળો જીવ આસુરી જીવ માનવો.

ભક્તિવર્ધિની ગ્રંથમાં પુષ્ટિભક્તિના બીજભાવથી સંપન્ન જીવના બે પ્રકાર બતાવ્યા છે.

(૧) દઢબીજભાવવાળો જીવ

(૨) અદઢબીજભાવવાળો જીવ

તેમાં પણ અદઢબીજભાવવાળા જીવના પણ બે પ્રકાર બતાવ્યા છે. તેમાં પ્રથમ અવ્યાવૃત્ત (આજીવિકા પ્રાપ્ત કરવાની વ્યસ્તતા વગરનો જીવ) અને વ્યાવૃત્ત (આજીવિકા પ્રાપ્ત કરવામાં વ્યસ્ત જીવ). ત્યાં જીવની અંદર જે 'પુષ્ટિભક્તિનો બીજભાવ' કહેવામાં આવ્યો ત્યાં શ્રીકૃષ્ણમાં નિષ્કામ અચંચલ ભક્તિ સર્વાતિશાયિની સિદ્ધ થયેલી માનવી, આવા જીવને તો ભગવત્સ્વરૂપ–અનુસંધાન અને ભગવલ્લીલાનુસંધાન હૃદયમાં નિરંતર ચાલુ જ રહે છે. તે કારણે ગૃહ–ધન–પરિજન વગેરેની કોઈ અપેક્ષા ભક્તિમાં રહેતી નથી, એટલે આ કારણસર ન તો ઘર ત્યાજ્ય છે કે આવશ્યક છે. અદઢબીજભાવવાળામાં જે જીવ અવ્યાવૃત્ત હોય છે, તેને તો શ્રીકૃષ્ણસેવાનો સાચો અધિકારી જાણવો. આમ માનવાનું કારણ શું ? તેનું સમાધાન કરતાં ભક્તિવર્ધિનીમાં કહ્યું છે કે ''બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ'' એટલે કે ભક્તિના બીજની દઢતાનો પ્રકાર તો ગૃહસ્થાશ્રમમાં રહીને સ્વધર્મથી, સેવામાં પ્રતિકૂલ વ્યવસાયમાત્રથી રહિત થઈને, સ્વરૂપસેવા તથા શ્રવણ, કીર્તન, સ્મરણ દ્વારા શ્રીકૃષ્ણને ભજવા જોઈએ એ છે. શ્રીમહાપ્રભુજીની આ આજ્ઞા ત્યાં પ્રમાણ છે. સ્વગૃહમાં રહીને જે જીવ ભગવત્સેવા–કથામાં તત્પરતા નિભાવે છે, તેનો બીજભાવ દઢ થઈ જ જાય છે, અને ઘર સેવોપયોગી બનવાથી તેમાં મારાપણાની બુદ્ધિ ઉત્પન્ન થતી નથી. તેથી પુષ્ટિજીવ માટે ગૃહત્યાગ આવશ્યક નથી, છતાં પણ ભગવદ્વ્યસનના રસોન્માદમાં અજાણતાં ગૃહત્યાગ થઈ જાય તો તે કોઈ પણ રીતે બાધક નથી. જે જીવો અદઢબીજભાવવાળા છે, વ્યાવૃત્ત રહે છે, તેમને પ્રારંભમાં ભગવત્સેવા અથવા ગૃહત્યાગ એ બંનેમાં કોઈ વાતની ઉતાવળ કરવી નહિ. શા માટે ઉતાવળ



ન કરવી? તેનું સમાધાન કરતાં શ્રીમહાપ્રભુજી કહે છે કે આવા જીવોએ શ્રવણ, કીર્તન, સ્મરણ અર્થાત્ 'સેવાયાં' સેવામાંનો કલ્પ નહિ, પરંતુ 'કથાયાં' કથામાંના કલ્પની પ્રધાનતા સ્વીકારવી. તેથી શ્રવણાદિ દ્વારા એવા જીવોની જ્યારે શ્રીકૃષ્ણમાં રુચિ વધીને તે ભગવદાસક્તિનું રૂપ ધારણ કરે, ત્યારે તેમને ગૃહમાં અરુચિ ઉત્પન્ન થશે એવી આપશ્રી આજ્ઞા કરે છે. ગૃહમાં અરુચિ થવાને કારણે તે ગૃહસ્થ હોવા છતાં ઘરમાં રહેલી બધી વસ્તુઓ તથા પુત્ર, સ્ત્રી વગેરે સગાંસંબંધીઓને વિશે 'મારી ભગવદ્ભક્તિમાં આ સૌ કંઈક અંશે બાધક છે તેથી તેઓ બધાં મારા શા કામનાં છે?' એવો ભાસ તેને થાય છે. આવો ભાવ જીવના હૃદયમાં થયા પછી પણ, જો જીવ ઘરનો ત્યાગ ન કરે તો, તેનામાં ગૃહાસક્તિ ફરીથી પ્રબલ બનવા સંભવ છે. તેથી તેવા જીવને શ્રીમહાપ્રભુજી ગૃહત્યાગ કરીને ભગવદીયનો સંગ કરવાની જે આજ્ઞા આપે છે ત્યાં આ શંકા થાય છે કે 'ભક્તિ'નો અર્થ આ પુષ્ટિમાર્ગમાં માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદઢ સર્વતોધિક સ્નેહ જ માન્યો છે. તેથી આ બંને જો જીવમાં સિદ્ધ થાય તો કૃતકૃત્યતા એટલે કે જીવના જીવનની સાર્થકતા થઈ જાણવી. તેથી ગૃહમાં અરુચિ થાય કે જીવ ગૃહનો ત્યાગ કરે એ વાત ક્યાં આવી? ત્યાં એવું જાણવું કે જે ઉપર કહેલું ભક્તિનું સ્વરૂપ અને ભક્તિની સાધનફલ અવસ્થા બંને સાધારણ સ્વરૂપ છે. આવી ભક્તિ ચરમ ઉત્કર્ષવાળી તો ત્યારે જ બને કે જ્યારે ભગવાનનો ભક્તમાં અને ભક્તના મનનો ભગવાનમાં નિરોધ સિદ્ધ થાય ત્યારે. તેથી પુષ્ટિજીવની પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિરૂપ નિરોધની સિદ્ધિ થાય તે હેતુથી શ્રીમહાપ્રભુજી 'ગૃહં સર્વાત્મના ત્યાજ્યં' એટલે કે ગૃહ બધી રીતે ત્યાજ્ય છે એ અંશથી નિરૂપિત ગૃહત્યાગ પક્ષનું ભારપૂર્વક નિરૂપણ કરે છે.

અદઢબીજભાવવાળો જે કોઈ પુષ્ટિજીવ હોય તેણે ભગવત્સેવાપરાયણ ભગવદીયો સાથે ભગવન્નામ–સ્વરૂપ–લીલાઓનું શ્રવણ–કીર્તન–સ્મરણ કરવું જોઈએ. તેને 'કથાપક્ષ' કહેવામાં આવે છે. કથાપક્ષમાં પ્રારંભમાં ગૃહત્યાગ ઉચિત માન્યો નથી; પરંતુ અંતમાં બીજભાવ દઢ થાય ત્યારે તેને કર્તવ્યોપદેશ આપ્યો છે. ત્યાં પ્રારંભિક અવસ્થામાં અથવા બીજભાવ દઢ થયા પછી પણ જેનો સંગ કોઈ કરવા ચાહે ત્યારે તેની પરીક્ષા કરવી કે ન કરવી? તેવું કેમ પૂછવામાં આવે છે?

ત્યાં આવા પ્રશ્નનો હેતુ એવો સમજવો કે કોઈની પરીક્ષા કરીને સંગ કરવાનું કહ્યું છે તે શક્ય જ નથી, કારણ કે કોઈની પરીક્ષા કરીને સંગ કરવાનો હોય તો જેનો સંગ કરવાનો હોય તેના ગુણદોષનો વિચાર તો કરવો જ પડે. ત્યાં શ્રીભાગવતમાં પરદોષદર્શનની તો નિન્દા જ કરવામાં આવી છે–

"ગુણદોષદર્શિર્દોષો ગુણસ્તૂભયવર્જિત:", ગુણ અને દોષ તરફ દૃષ્ટિ જાય તે જ સૌથી મોટો દોષ છે. ગુણદોષો ઉભય તરફ દૃષ્ટિ ન જાય તે સૌથી મોટો ગુણ છે (ભાગવત ૧૧–૧૯–૪૫)–તે વચનમાં સ્પષ્ટ કહ્યું છે. અર્થાત્ પારકાના ગુણદોષને જોવા તે જ દોષ છે અને સાચો ગુણ તો પારકાના ગુણદોષ ન જોવા તે જ છે. તેનું સમાધાન શું?

ત્યાં એવું સમજવું કે ગુણદોષનો વિચાર કર્યા વિના દરેકનો સંગ કરવામાં આવે તો, આપણામાં જે દોષ ન હોય તે પણ સંગદોષને કારણે આપણામાં પ્રગટ થવાનો સંભવ રહે. તેથી શ્રીમહાપ્રભુજી તો બ્રહ્મસંબંધી દીક્ષા લેવામાં પણ "કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દંભારહિતં નરં શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેજ્જિજ્ઞાસુરાદરાત્". શ્રીકૃષ્ણસેવાને મુખ્ય માનીને, દંભાદિરહિત અને શ્રીભાગવતના તત્ત્વને જાણનાર નરની જિજ્ઞાસુએ આદરપૂર્વક સેવા કરવી જોઈએ (સ.નિ.૨૨૭). આ વચનમાં ગુરુની પરીક્ષાની આજ્ઞા કરી છે; ત્યાં સામાન્ય ભગવદીયની પરીક્ષા કરવામાં દોષનો વિચાર ક્યાં રહ્યો? તેથી શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે :

યો વદત્યન્યથાવાક્યમાચાર્યવચનાદ્ જન: ।
સંસૃતિપ્રેરકો વાપિ તત્સંગો દુષ્ટસંગમ: ॥
યશ્ચ કૃષ્ણે રતિં નિત્યં બોધયત્યપ્રયોજનામ્ ।
નિરપેક્ષ: સાત્ત્વિકશ્ચ તત્સંગ: સાધુસંગમ: ॥
એવં નિશ્ચિત્ય સર્વેષુ સ્વીયેષ્વન્યેષુ વા પુન: ।
મહત્કુલપ્રસૂતેષુ કર્તવ્ય: સંગનિર્ણય: ॥

અર્થ: શ્રીમદાચાર્યજીનાં વચનથી જો કોઈ અન્યથા કે વિરુદ્ધ વચન બોલે અથવા સંસારાસક્તિ વધે તેવી વાત કરતો હોય તો તેવા જીવના સંગને દુષ્ટ સંગ જાણવો. જે જીવ સ્વયં સાત્ત્વિક હોય અને નિષ્કામ નિષ્પ્રયોજન શ્રીકૃષ્ણરતિનો ઉપદેશ સ્વયં નિરપેક્ષ ભાવે કરતો હોય તો, તેનો સંગ સત્સંગ માનીને કરવો. આ વાતનો નિશ્ચય મનમાં દઢ રાખીને પોતાનાં સગાંસંબંધીનો અથવા બીજા કોઈનો અથવા આચાર્યકુલના બાલકનો પણ સંગ કરતાં પહેલાં બધાંની પરીક્ષા કરવી આવશ્યક છે. અહીં શંકા થાય છે કે શ્રીભાગવતમાં કહેલાં વચન વિશે શું વિચારવું? તેનું સમાધાન આ પ્રમાણે સમજવું કે અહીં શ્રીભાગવતમાં કહેવામાં આવ્યું છે તે તો ઉત્કટ વૈરાગ્યના સાધકને લક્ષ્યમાં રાખીને આપવામાં આવેલો એ ઉપદેશ છે. પુષ્ટિમાર્ગમાં તો રૂક્ષ (લૂખા) વૈરાગ્યની તો જરાયે મહત્તા નથી. તેથી તેનો વિચાર શા માટે કરવો? એવો વૈરાગ્ય શા કામનો કે જેનાથી જીવમાં ભક્તિ દઢ ન થાય? તેથી અહીં શ્રીભાગવતનું વચન બાધક નથી. તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે



'આખા જગતમાં સદ્બુદ્ધિ રાખીને તેનું સેવન સત્પુરુષ તો કરતા નથી. તેનું કારણ શું ? એ કે કોઈ કોઈ પ્રકારની ભ્રાંતિને કારણે અસદ્વિષયમાં સદ્બુદ્ધિ થઈ જાય છે. તેથી સમજદાર જીવ તો શ્રીકૃષ્ણને જ ભજે છે' (વેદસ્તુતિસુબો.૨૩). તેથી જેમ અસદ્વિષયમાં ભ્રાંતિવશ સદ્બુદ્ધિ થઈ શકે છે, તે જ રીતે અસત્પુરુષમાં પણ સત્પુરુષ હોવાની બુદ્ધિ ભ્રાંતિવશ હોઈ શકે છે. તેથી સંગ કરવામાં સદ્અસદ્નો વિવેક સમજવો અતિ આવશ્યક છે.

ભગવાન પણ ગીતા (૨/૬૨–૬૪)માં આજ્ઞા કરે છે કે 'જે સંગને કારણે જીવમાં કામના પ્રગટે છે તે કામનાને કારણે ક્રોધ, ક્રોધને કારણે મોહ, મોહને કારણે સ્મૃતિવિભ્રમ અને તેને કારણે બુદ્ધિનો નાશ થાય છે; તેના પરિણામે જીવની દુર્ગતિ થતાં તેનો નાશ થાય છે'. તેથી સંગ કરવામાં સાવધાની રાખવાની તો આવશ્યકતા છે જ. તેથી ભક્તિવર્ધિની ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'ભગવત્સેવાપરાયણ ભગવદીયનો સંગ પણ એવી ચતુરાઈથી કરવો કે તે ભગવદીયના નજીક પણ એટલા ન જવું કે જેનાથી તેના કોઈ દોષનો રંગ આપણને લાગી જાય અને તે ભગવદીયથી એટલા દૂર પણ ન રહેવું કે જેનાથી તે ભગવદીયના ભક્તિભાવનો રંગ પોતાને લાગે નહીં. ટૂંકમાં ભગવદીય સાથે પણ એવી રીતે રહેવું કે મનમાં તેમના વિશે કોઈ પણ પ્રકારનો દોષ ન આવે, પરંતુ ભગવદીયનો સંગ છોડવો નહિ. તેથી જલભેદ–પંચપદ્યાનિ ગ્રંથોમાં ભગવદ્ગુણગાનનાં કીર્તન કે શ્રવણ કરવાવાળા કેવા વક્તા અથવા કેવા શ્રોતાનો સંગ ક્યાં–કેવી રીતે–કેવા સ્વરૂપનો તે છે તે જાણવાનો તેમાં ઉપદેશ આપ્યો છે. ત્યાં આપશ્રી આજ્ઞા કરે છે કે 'વિત્તાર્થ કે વૃત્ત્યર્થ (ધન માટે કે વૃત્તિને માટે) ભગવત્સેવા કે ભગવત્કથા કરવાવાળાના મુખથી ભગવન્નામસ્મરણ કે ભગવત્કથાશ્રવણ કરવાથી કદી પણ પાવન થવાય નહિ. તેથી એવા ઉપદેશકના અથવા કથાકારના સંગને શ્રીમહાપ્રભુજી અસત્સંગ જ કર્યાની સાથે સરખાવે છે.

અહીં શંકા થાય કે જો સત્સંગ કરવામાં આટલી બધી સાવધાની રાખવી પડતી હોય તો સત્સંગ કરવા કરતાં કોઈનો સંગ ન કરવો તેને શ્રેયસ્કર કેમ ન માનવું? તેનું સમાધાન શ્રીસુબોધિનીજી (૧૦–૩–૩૭)માં કર્યું છે– "સત્સંગ અને શ્રીભાગવત જે છે તે તો ભગવાનનાં આધિભૌતિક ચરણારવિંદ છે, જ્ઞાન અને ભક્તિ ભગવાનનાં આધ્યાત્મિક ચરણારવિંદ છે; તે જ પ્રમાણે કૃપા કરીને ભગવાન પ્રગટ થઈને દર્શન આપે તે વખતનાં આપનાં સ્વરૂપનાં ચરણારવિંદને આધિદૈવિક જાણવા". આ વચનનો હેતુ વિચારતાં જે સત્સંગ છે તે

તો ભગવાનનાં જ આધિભૌતિક ચરણો છે. તેથી સત્સંગને ભવભયહારી અભીષ્ટકારી (કલ્યાણ કરનારાં), તીર્થાસ્પદ અને ભવસાગરમાંથી તારવાવાળાં આધિદૈવિક ચરણારવિંદની સમાન, માહાત્મ્યશાળી સમજવો જોઈએ. તેથી બાધક દુઃસંગના વિશે સાવધાની રાખીને, ઉપદેશનો અભિપ્રાય બધી રીતે સંગનો ત્યાગ કરવાવાળો ન સમજવો; પરંતુ ભક્તિમાર્ગમાં અસત્સંગની બાધકતાના સ્વરૂપનો આ ઉપદેશ છે તે બરાબર સમજી લેવું.

અહીં એક શંકા થાય કે સર્વકામનાવાળા, મોક્ષકામની ઈચ્છાવાળા, અકામી જીવાત્માઓ અને ભગવત્કામનાવાળા એમ બધા પ્રકારના જીવાત્માઓ ભગવદ્ભજન કરવાના તો અધિકારી છે જ. તેથી સ્વયં ભગવાન જ કહે છે કે "ન મય્યાવેશિતધિયાં કામઃ કામાય કલ્પતે, ભર્જિતાઃ ક્વથિતા ધાના પ્રાયો બીજાય નેશતે" (ભાગવત–૧૦–૨૨–૨૬). જેવું શેકેલું કે ઉકાળેલું ધાન બીજ બનીને ફરીથી ઊગી શકતું નથી, તે જ પ્રમાણે ભગવદ્વિષયક કામનાને કારણે ક્રોધાદિની કોઈ દુર્વાસના અંકુરિત થતી નથી. ભગવચ્ચરણારવિંદનો સંગ ભગવત્કામનો તો ઉદ્બોધક થઈ શકે છે; પરંતુ ભગવત્કામનાને કારણે બીજી કોઈ પ્રકારની દુર્વાસના જીવના હૃદયમાં પ્રગટ થઈ શકતી નથી. તેથી સત્સંગ જ ભગવાનનાં આધિભૌતિક ચરણરૂપ હોઈ ભગવત્કામને તો ઉદ્બોધન કે પ્રગટ કરી શકે છે; વળી તેને કારણે બીજી કોઈ દુર્વાસના જીવના હૃદયમાં પ્રગટ થતી નથી. માટે સત્સંગને સંગરોગની ઔષધિ સમજવી. તેથી સંગ કરતાં પહેલાં સદસદ્નો વિવેક અવશ્ય થાય છે જ. જેમ રોગનું નિદાન અને ચિકિત્સા કરાવતાં પહેલાં માણસ સારા ચિકિત્સકની શોધ કરે છે તે જ રીતે જો તેમ કરવામાં ન આવે તો ઉપર બતાવેલા દુર્ગુણવાળા મનુષ્યનો દુઃસંગ પ્રાપ્ત થતાં બધી જાતની દુર્વાસનાઓ હૃદયમાં ભરાઈ જવાથી જીવાત્માનો વિનાશ નિશ્ચય થાય છે. તેથી સત્સંગની આવશ્યકતા જોઈને શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "બાધસંભાવનાયાં તુ નૈકાંતે વાસ ઈષ્યતે, હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ". ભક્તિમાં બાધક થતું હોય તે ભક્તે એકાંતમાં રહેવું યોગ્ય નથી, તેણે માનવું કે ભગવાન બધી રીતે મારું રક્ષણ કરશે (ભ.વ.૧૦).

આમ "ભવાપવર્ગો ભ્રમતો યદા ભવેજ્જનસ્ય તર્હ્યચ્યુત સત્સમાગમઃ, સત્સંગમો યર્હિ તદૈવ સદ્ગતૌ પરાવરેશે ત્વયિ જાયતે મતિઃ" એટલે કે આપના સ્વરૂપમાં એકરસ રહેવાવાળા હે ભગવાન, જીવ અનાદિકાળથી જન્મમૃત્યુરૂપી સંસારનાં ચક્રમાં ભટકી રહ્યો છે. જ્યારે એ ચક્રમાંથી છૂટવાનો સમય આવશે ત્યારે એને સત્સંગ પ્રાપ્ત થશે. એ વાત નિશ્ચિત છે કે જે ક્ષણે સત્સંગ પ્રાપ્ત થાય



તે જ ક્ષણે સંતોના આશ્રય, કાર્યકારણરૂપી જગતના એકમાત્ર સ્વામી એવા આપનામાં જીવની બુદ્ધિ દઢતાથી લાગી જાય છે, (ભાગવત ૧૦/૫૧/૫૪) વચનમાં નિરૂપિત સત્સંગના માહાત્મ્યનો ઉપદેશ થયો. એથી એમ જણાવ્યું કે ભગવત્સેવા–કથા–કીર્તન–સ્મરણની માફક સત્સંગ પણ ભગવત્પરિચર્યા–શ્રવણ દ્વારા ચિત્તને ભગવાનમાં એકતાન કરવાનો એક ઉપાય છે.

આ પ્રમાણે "ગૃહં સર્વાત્મના ત્યાજ્યં" અંશથી નિરૂપણ કરતાં 'ઘર તજવા યોગ્ય છે' સ્વરૂપનો વિચાર કરતાં જીવને કર્તવ્યરૂપ સત્સંગનો ઉપદેશ કરીને તેના વિકલ્પરૂપે "કૃષ્ણાર્થં તત્પ્રયુંજીત" અંશથી નિરૂપિત પક્ષનો ઉપદેશ આગળની કારિકામાં કરે છે. ત્યાં શંકા થાય કે શ્રીમહાપ્રભુજી વિકલ્પની વાત કેમ કરે છે? તેનું સમાધાન એ સમજવાનું કે કહેલો ગૃહત્યાગપૂર્વકનો સત્સંગ અને ગૃહમાં રહીને ભગવત્સેવા કરવી એ બે વિકલ્પમાંથી જીવને જે રુચે તે કરવું એવો વિકલ્પનો હેતુ સમજવો; અથવા જો ઘરમાં રહીને જીવથી ભગવત્સેવા કરી શકાય તો જીવે ઘરમાં સ્થિતિ કરીને રહેવું; અથવા જો તેનાથી એમ ન બની શકે તો બીજભાવ દઢ થયા પછી તેણે ગૃહત્યાગ કરવો. આવી બંને અવસ્થામાં અધિકાર અનુસાર વિવેક રાખીને ગૃહમાં રહેવું અથવા ગૃહત્યાગ કરવો. આમ આપશ્રી વિકલ્પ વિશે આજ્ઞા કરે છે. અહીં વિચાર આવે કે આ બે વિકલ્પમાં તફાવત શો છે? તેનું સમાધાન આ પ્રમાણે સમજવું. પ્રથમ વિકલ્પમાં તો ભગવદીયોની સાથે સત્સંગ કરો કે ભગવત્સેવા કરો. તેમાં કોઈ અધિકારતારતમ્ય કે ફલતારતમ્ય સિદ્ધ થવાનું નથી. બીજા વિકલ્પમાં ભગવત્સેવાની પ્રધાનતા રાખી જો તેને અનુકૂલ ઘર હોય તો ઘરમાં રહેવું. તેનાથી પ્રતિકૂલ સ્થિતિ હોય તો ઘરના ત્યાગનો ઉપદેશ સ્વીકારવો. તેનાથી ઘરમાં રહીને ભગવત્સેવા કરવી એ મુખ્ય કલ્પ છે અને ગૃહત્યાગપૂર્વક સત્સંગ કરવો ગૌણ કલ્પ કે અનુકલ્પ છે. આ બેમાંથી કયા હેતુને પ્રામાણિક માનવો?

ત્યાં પૂર્વપક્ષ તરીકે આમ કહેવામાં આવે છે : (૧) ભક્તિવર્ધિનીમાં "સેવાયાં વા કથાયાં" એટલે કે ભગવત્સેવામાં અથવા કથામાં આમ કહ્યું છે એ હેતુ કહ્યો છે. (૨) સત્સંગને ભગવાનનાં ચરણારવિંદ બરાબર ગણ્યો છે. આ બીજો હેતુ છે. (૩) સ્ત્રીણાં સ્ત્રીસંગિનાં સંગં ત્યક્ત્વા દૂરત આત્મવાન્, ક્ષેમે વિવિક્ત આસીનશ્ચિન્તયેદ્ મામતન્દ્રિતઃ, ન તથાસ્ય ભવેત્ક્લેશો બંધશ્ચાન્યપ્રસંગતઃ, યોષિત્સંગાદ્ યથા પુંસો યથા તત્સંગિસંગતઃ". સંયમી પુરુષે સ્ત્રીઓ અને તેમના સંગીઓનો સંગ છોડીને પવિત્ર એકાંત સ્થાનમાં બેસીને,

આળસ ત્યજીને, ખૂબ જ સાવધાનીથી મારું સ્મરણ અને ચિંતન એકાગ્રતાપૂર્વક કરવું. સ્ત્રીઓના સંગથી અને સ્ત્રીઓનો સંગ કરનાર લંપટ પુરુષોના સંગથી જીવ જેવા ક્લેશ અને બંધન પામે છે તેવા ક્લેશ અને બંધન બીજા કોઈના પણ સંગથી થતાં નથી, તેથી એવા દુષ્ટોનો સતત પરિત્યાગ કરવો (ભાગવત ૧૧–૧૪–૨૯–૩૦). આ વચનનો અભિપ્રાય વિચારતાં સ્વરૂપથી ઘરનો તો ત્યાગ કરવાનું ઉચિત માન્યું છે. તે પણ ઘરનો ત્યાગ કરવાનો એક હેતુ માન્યો છે. તે જ પ્રમાણે (૪) "ન રોધયતિ માં યોગો...યથાવરુંધે સત્સંગો સર્વસંગાપહો હિ માં સત્સંગેન હિ દૈતેયા...બહવો મત્પદં પ્રાપ્તાઃ... તે નાધીતશ્રુતિગણા નોપાસિતમહત્તમાઃ અવ્રતાતપ્તતપસઃ સત્સંગાદ્ મામુપાગતાઃ" (ભાગવત ૧૧–૧૨–૧ થી ૭). જગતમાં જેટલી આસક્તિઓ છે તેમને સત્સંગ નષ્ટ કરી દે છે. તેથી જ સત્સંગ મને જેવી રીતે વશ કરી લે છે, તેવું સાધન યોગ કે સાંખ્ય નથી, ધર્મપાલન કે સ્વાધ્યાય નથી. તપસ્યા, ત્યાગ, ઈષ્ટપૂર્ત, અને મોટી દક્ષિણાઓથી પણ હું એવો પ્રસન્ન નથી થતો. ક્યાં સુધી કહું ?– વ્રત, યજ્ઞ, વેદ, તીર્થ અને યમનિયમ, પણ સત્સંગની જેમ મને વશ કરવા અસમર્થ છે. આ એક યુગની નહિ બધા જ યુગોની એક જ વાત છે. સત્સંગ દ્વારા જ દૈત્ય અને રાક્ષસ, પશુ અને પંખી, ગંધર્વ અને અપ્સરા, નાગ અને સિદ્ધ, ચારણ અને ગુહ્યક તેમ જ વિદ્યાધરોને મારી પ્રાપ્તિ થઈ છે. મનુષ્યોમાં વૈશ્ય, શૂદ્ર, સ્ત્રી, અંત્યજ વગેરે રજોગુણી, તમોગુણી પ્રકૃતિના ઘણા જીવોએ સત્સંગથી જ મારું પરમ પદ પ્રાપ્ત કર્યું છે. વૃત્રાસુર, પ્રહ્લાદ, વૃષપર્વા, બલિ, બાણાસુર, મયદાનવ, વિભીષણ, સુગ્રીવ, હનુમાન, જાંબવાન, ગજેન્દ્ર, જટાયુ, તુલાધાર, ધર્મવ્યાધ, કુબ્જા, વ્રજનાં ગોપીજનો, બ્રાહ્મણ પત્નીઓ અને બીજા લોકો પણ સત્સંગના જ પ્રભાવથી મને પ્રાપ્ત કરી શક્યા છે. તે લોકોએ વેદનો અભ્યાસ કર્યો નહોતો કે નહોતી કરી મહાપુરુષોની વિધિપૂર્વક ઉપાસના. તેમણે કૃચ્છ્ર–ચાંદ્રાયણ વગેરે વ્રત પણ નહોતાં કર્યાં. તેમણે બીજી કોઈ તપસ્યા પણ નહોતી કરી. બસ, કેવળ સત્સંગના પ્રભાવથી જ મને પ્રાપ્ત કરી લીધો હતો (ભાગવત ૧૧–૧૨–૧ થી ૭). શ્રીભાગવતનાં ઉપરનાં વચનો અનુસાર વિચાર કરતાં ભગવત્સેવા અને ભગવદીયસંગ વચ્ચે કોઈ તારતમ્ય સરવાળે લાગતું નથી.

હવે (પૂર્વપક્ષ જોયા પછી) ઉત્તરપક્ષમાં શું કહ્યું છે તેનો વિચાર કરીએ. (૧) "સેવાયાં વા કથાયાં વા" વચનોમાં ભગવત્સેવાકથાના સમુચ્ચયને ઉત્તમ પક્ષ માન્યો છે અને ભગવત્સેવા અથવા કથા બંનેમાંથી એક કરનારનો મધ્યમ પક્ષ માન્યો છે. ત્યાં જીવે એટલું તો હૃદયમાં દઢ કરી માનવું કે જો તેનાથી સેવા



અને કથા બંનેનું અવલંબન સ્વગૃહમાં રહી કરી શકાય તો એનાથી બીજું શું ઉત્તમ હોઈ શકે? પરંતુ જો તેમ કરવું શક્ય ન હોય તો ભગવત્સેવાર્થ અથવા ભગવત્કથાર્થ ઘરમાં રહેવાનો અથવા ઘરમાં ભગવત્સેવા ન બની શકે તો, બીજભાવ દઢ થતાં ઘરનો ત્યાગ કરીને ભગવદીયોને સંગે ભગવત્કથાનું અવલંબન લેવાનો શ્રીમહાપ્રભુજી જીવને ઉપદેશ આપે છે. (૨) સ્વમાર્ગીય સેવા–સિદ્ધાંત અનુસાર સેવ્યસ્વરૂપને જડ પ્રતીક ન માનવા. એવું શા માટે? બ્રહ્મવાદના સિદ્ધાંત અનુસાર સેવ્યસ્વરૂપને સાક્ષાત્ સ્વરૂપ જ માનવામાં આવે છે. તેથી પોતાના સેવ્યસ્વરૂપનાં ચરણારવિંદને આધિદૈવિક માનીને તે ચરણોનો દઢ આશ્રય રાખવો. સત્સંગને તો શ્રીમહાપ્રભુજીએ આધિભૌતિક ચરણોનાં રૂપમાં વર્ણવ્યો છે. (૩)ઘરમાં રહેનાર પુરુષને માટે સ્ત્રીસંગ, ઉપલક્ષણની દષ્ટિએ સ્ત્રીને માટે પુરુષનો સંગ એ મહાન બાધક માનવામાં તો આવ્યો છે; પરંતુ યથાભાવ કોઈ ઉત્તમ અધિકારી ભગવત્સેવામાં સહયોગીના ભાવથી, તો કોઈ મધ્યમાધિકારી ત્રિવર્ગસાધનમાં સહયોગીના ભાવથી, તો કોઈ અધમાધિકારી કામોપભોગમાં સહયોગીના ભાવથી; તો કોઈ અધમાધમ અધિકારી કેવળ ધનલોલુપ થઈને પરસ્પર સ્ત્રીસંગ અથવા પુરુષસંગ ઘરમાં કરે છે. તેથી સ્ત્રીપુરુષસંગની નિંદા ગીતામાં જે શ્રીકૃષ્ણે કરી છે કે "સંગાત્સંજાયતે કામઃ કામાત્ક્રોધોઽભિજાયતે ક્રોધાત્ભવતિ સંમોહઃ..." સંગથી કામ ઉત્પન્ન થાય, કામમાંથી ક્રોધ ઉત્પન્ન થઈ જાય, ક્રોધમાંથી સંમોહ થાય છે, સંમોહમાંથી સ્મૃતિભ્રમ થાય છે, સ્મૃતિનો ભ્રંશ થવાથી બુદ્ધિનો નાશ થાય છે, બુદ્ધિનો નાશ થવાથી જીવનો વિનાશ થાય છે, (ગીતા ૨–૬૨ થી ૬૩) ઉપરના વચનના અનુસંધાનમાં કહેલી વાત જ છે, બીજી રીતે નહિ. તેવું શ્રીભાગવતજીમાં પણ કહ્યું છે–"તાવદ્ રાગાદયઃ સ્તેનાસ્તાવત્કારાગૃહં ગૃહમ્ તાવન્મોહોઽંઘ્રિનિગડો યાવત્કૃષ્ણ ન તે જનાઃ" (ભાગવત ૧૦–૧૪–૩૬). જ્યાં સુધી જીવો આપના સેવક થઈ જતા નથી, ત્યાં સુધી જ રાગ, દ્વેષ વગેરે ચોરો થઈ વિવેક, ધૈર્યને ચોરી જાય છે. ત્યાં સુધી જ ઘર કેદખાનું થઈ બંધનકારક બને છે. ત્યાં સુધી જ પુત્ર વગેરેમાં મોહ પગમાંની બેડીની ગરજ સારે છે. પરંતુ જે ક્ષણે જીવો આપના સેવક બની જાય છે, તે જ ક્ષણે આ ત્રણેય સેવોપયોગી અને શાસ્ત્રોની દષ્ટિએ પણ અભિલાષા કરવા જેવા થઈ જાય છે (ભાગવત–૧૦–૧૪–૩૬). તેથી ભગવત્સેવાપરાયણ ભગવદીયની ગૃહસ્થિતિને શ્રીમહાપ્રભુજી 'નિબંધ'માં 'મુક્તિથી પણ ઉત્તમ' કહી તેનાં વખાણ કર્યાં છે. તેથી આધિદૈવિક સાક્ષાત્ પ્રભુનાં ચરણારવિંદનો દઢ આશ્રય રાખવાવાળાને માટે ગૃહનું સ્વરૂપ ત્યાજય હોવાનો ઉપદેશ ન જાણવો. બીજી રીતે

"શાવૌ કરૌ નો કુરુતઃ સપર્યામ્" (ભાગવત ૨–૩–૨૧) વચનમાં ભગવત્સેવારહિત હાથને મડદાના હાથ જેવા અપવિત્ર ગણાવે છે. તેથી જેવી ગૃહત્યાગની પ્રશંસા કરી છે તે જ રીતે યોગાદિ ક્રિયાઓના ઉપાયથી દેહત્યાગની પ્રશંસા શ્રીમહાપ્રભુજી કેમ નથી કરતા ? તેનાથી શું સિદ્ધ થાય છે ? ત્યાં એવું જાણવું કે જેમ ઘરને તેવી જ રીતે દેહના સ્વરૂપને ત્યાજ્ય કહ્યું છે. તે ત્યાજ્ય હોવાથી જેમ ગૃહત્યાગ કરીને સત્સંગમાં જીવ દોડે છે તેમ દેહથી સાધ્ય સત્સંગને છોડીને અનશનાદિ કઠોર વ્રત દ્વારા મુક્તિ મેળવવા શા માટે ન દોડવું ? તેના સમાધાનમાં સમજવાનું કે ભક્તિને મુક્તિ કરતાં શ્રેષ્ઠ માની છે; સત્સંગથી તો કેવળ શ્રવણેન્દ્રિય–અંતઃકરણ–જીવાત્મામાં જ ભક્તિ પ્રગટ થાય છે. જ્યારે ભગવત્સેવામાં તો દેહ,ઈન્દ્રિયો, પ્રાણ, અંતઃકરણ, આત્મા તથા બધા આત્મીય પદાર્થોમાં ભગવત્સંગવશાત્ ભગવત્કામ (ભગવત્પ્રેમ) ઉદ્દીપ્ત થઈ શકે છે, આનાથી શ્રેષ્ઠ શું ? (૪) તે જ પ્રમાણે શ્રીભાગવતના અગિયારમા સ્કંધમાં "ન રોધયતિ" એ વચનમાં સત્સંગની શ્રેષ્ઠ સાધનતાનું નિરૂપણ કર્યું છે. શ્રેષ્ઠ ફલરૂપતાનું નિરૂપણ છે, કંઈ ઈષ્ટતાનું નિરૂપણ કર્યું નથી. પુષ્ટિજીવને માટે સાચું ફળ તો ભગવત્સ્વરૂપની સેવાને જ માન્યું છે. "ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્", પુષ્ટિમાર્ગીય સૃષ્ટિ ભગવત્સ્વરૂપની સેવા માટે જ છે, બીજી રીતે આ સૃષ્ટિ છે જ નહિ, (પુ.પ્ર.મ.૧૨) તેથી પૂર્વપક્ષ દોષયુક્ત છે.

તે રીતે જે જીવ ભગવત્સેવા અને સત્સંગની વચ્ચે વિકલ્પ માને છે અથવા ગૃહત્યાગનો અનુકલ્પ ભગવત્સેવાને માને છે તે તો બધી રીતે મૂલવચનમાં અનભિપ્રેત આશય છે. અહીં આ પ્રમાણે નિષ્કર્ષ જાણવો : ગૃહસ્થિતિપૂર્વક (ઘરમાં રહીને) ભગવત્સેવારૂપ મુખ્ય કલ્પનો અનુકલ્પ જ ગૃહત્યાગપૂર્વક સત્સંગ છે; અથવા આને જ વ્યવસ્થિત વિકલ્પ જાણવો. વિચાર આવે કે એવું કેમ ? ત્યાં કહે છે કે જો ભગવત્સેવા નિજગૃહમાં રહી કરવી શક્ય હોય તો તે ઉત્તમ પક્ષ અથવા ભગવત્સેવા ઘરમાં રહીને કરવાનું શક્ય ન હોય તો બીજભાવ દઢ થયા પછી ગૃહત્યાગપૂર્વક સત્સંગ જ ઉત્તમ છે. આવા સત્સંગનું નિરૂપણ તો થઈ ગયું; પછી ગૃહસ્થિતિપૂર્વક ભગવત્સેવાનો ઉપદેશ અર્થાત્ "કૃષ્ણાર્થં તત્પ્રયુંજીત કૃષ્ણઃ સંસારમોચકઃ" એટલે કે ઘરનો ઉપયોગ શ્રીકૃષ્ણની સેવા માટે જ કરવો, કારણ કે શ્રીકૃષ્ણ જ સંસારને દૂર કરનાર છે આ અંશ દ્વારા નિરૂપિત પક્ષનો શ્રીમહાપ્રભુજી ઉપદેશ કરે છે.

ઘરમાં પત્ની, વહુ, બહેન, બેટી, પુત્ર, પિતા, ભાઈ વગેરે બંધુબાંધવ તથા નોકરચાકર વગેરે જે કોઈ ઘરમાં હોય અને જો તેઓ ભગવત્સેવામાં અનુકૂલ



હોય તો તેમની પાસે પણ ભગવત્સેવા–પરિચર્યા કરાવવી. તે બધાંમાંથી જે કોઈ ઉદાસીન (ભગવત્સેવા કરવાની ઈચ્છા નહિ ધરાવનારાં) હોય તો તેમને ભગવત્સેવાનું કોઈ કાર્ય ન સોંપવું, જાતે જ ભગવત્સેવાનું કાર્ય કરી લેવું. તેમાં પણ સ્વયં ભગવત્સેવામાં કંઈ સહાય કરતા ન હોય અને ભગવત્સેવામાં વિરોધ કરી પ્રતિબંધ ઊભો કરતા હોય તેવાઓનો પરિત્યાગ કરવો. એવું કરવા જતાં જો કોઈ દોષ લાગે તો શું કરવું ? ત્યાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પ્રભુથી બહિર્મુખ જીવનો પરિત્યાગ કરવામાં કોઈ પ્રકારનો શાસ્ત્રીય અપરાધ લાગતો નથી.

અહીં શંકા થાય કે ઘર–પરિવારના જે લોકો ભગવત્સેવામાં અનુકૂલ છે કે નથી તેની સમજણ આપણને કેવી રીતે પડે ? ત્યાં આવું સમાધાન સમજવું કે જે સર્વનિર્ણય નિબંધમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે :

વિક્ષેપાદથવાશક્ત્યા પ્રતિબન્ધાદપિ ક્વચિત્ ।
અત્યાગ્રહપ્રવેશે વા પરપીડાદિસમ્ભવે ।।

ગૃહસ્થાનામપિ પૂજાયાં પંચદોષ સંભવે... વિક્ષેપાદિતિ, સ્વતઃ પ્રવઢત્તિરહિતાનિ ઈન્દ્રિયાણિ બલાદ્ ભગવતિ યોજ્યમાનાનિ વિક્ષેપં જનયન્તિ વિગ્રહકર્શિતાનિ. જરયા વ્યાધિભિર્વા યદા શક્ત્યભાવો, લોકા વા પ્રતિબંધં કુર્વન્તિ, સ્વસ્ય વા પરમ આગ્રહ ઉત્પદ્યતે યેન તમસિ પ્રવિષ્ટો ભગવંતં ન સ્મરતિ, લોકાનાં વા પીડાં કુર્યાત્; તત્ર પૂજા ત્યક્તવ્યા. તદા અન્યત્રાપિ તથાત્વે પરદેશે શૂન્યદેવાલયે પૂજા વિધેયા. તત્રાપિ દોષસંભવે... તદા યત્રૈવ ગત્વા સેવા સંપત્સ્યતે તત્રૈવ સેવા કર્તવ્યા" (ત.દી.નિ.પ્ર. ૨/૨૪૭)

અર્થઃ આમાં વિક્ષેપ, અશક્તિ, પ્રતિબંધ, અત્યાગ્રહપ્રવેશ અને પરપીડા આ પાંચ દોષની વ્યાખ્યા ગ્રંથમાં જ જોઈ લેવી. જે જીવમાં આ પાંચ દોષ ન હોય તેને ભગવત્સેવા માટે અનુકૂળ સમજવો. ઉપરના દોષ ન હોય અને સેવામાં રુચિ જ ન પ્રગટ કરે તો તેવા જીવને ઉદાસીન માનવો. પણ ભગવત્સેવામાં જે જીવ બાધક બનતો હોય તેવા જીવનો તો સર્વથા ત્યાગ જ કરવો. પરંતુ તેનો ત્યાગ કરવાનું જો જીવથી બની શકે તેમ ન હોય તો જીવે ઘર છોડી બીજે રહેવું. આમ કરવાનું કારણ શું? તેનું કારણ એ છે કે જે ભગવત્સેવામાં બાધક બનતો હોય તેને વૈષ્ણવ સમજવો નહિ અને જે વૈષ્ણવધર્મનો વિરોધ કરતો હોય તેના સંગને તો દુઃસંગ જ જાણવો.

કેટલાક પાખંડી લોક અહીં નિષ્કારણ તોફાન કરે છે કે :–

પત્ની વગેરે અનુકૂળ હોય તો શ્રીમહાપ્રભુજીએ તેમની પાસે સેવા કરાવી લેવાની છૂટ આપી છે. તેથી એટલું સિદ્ધ થાય છે કે જે જીવ પતિ અથવા પિતાનું ધન

લઈને તે પત્ની કે પુત્ર પોત–પોતાના તનથી ભગવત્સેવા કરતાં હોય તેમાં સિદ્ધાંતમુક્તાવલીની 'તનુવિત્તજા'ની સેવાની આજ્ઞાને લેશમાત્ર બાધકતા આવતી નથી. તેનાથી શું સિદ્ધ થયું ? જેમ પતિની વિત્તજાથી પત્નીની તનુજા સેવામાં કોઈ જાતનો સિદ્ધાંતબાધ નથી, તે જ પ્રમાણે વૈષ્ણવોની વિત્તજાથી ગોસ્વામિબાલકોની તનુજા સેવામાં કોઈ જાતનો સિદ્ધાંતબાધ માનવો નહિ.

ત્યાં એવું સમજવું કે પતિપત્ની અથવા પિતાપુત્રાદિમાં ઘરની સંપત્તિનું જો વિભાજન ન થયું હોય ત્યારે ઘરની જે સંપત્તિ હોય તેની સાથે ઘરના બધા સભ્યોનો અવિભક્ત સ્વત્વ સંબંધ છે. તેથી પતિ કે પિતાના દ્રવ્યથી પત્ની કે સંતતિ ભગવત્સેવા કરે ત્યાં લેવડદેવડનો વ્યવહાર માનવામાં આવતો નથી. હવે કોઈ વૈષ્ણવ અને ગોસ્વામિબાલક કોઈ સંપત્તિ પરસ્પર અવિભક્ત (નહિ વહેંચાયેલી) હોય તો તે વખતે એકબીજાના દ્રવ્યથી ભગવત્સેવા કરે તો તેમાં પણ લેવડદેવડનો વ્યવહાર ન સમજવો; પરંતુ જો એમ ન હોય તો તે વખતે લેવડદેવડનો વ્યવહાર માનવો પડે. તે વખતે ભગવત્સેવા માટે પરદ્રવ્ય લેવાથી તનુવિત્તજા સેવાનું સ્વરૂપ વિઘાતક બની જાય છે અને સેવા કર્યા પછી સેવામાં વપરાયેલી સામગ્રીને પોતાના ઉપયોગમાં લે તો દેવલકતાનો (દેવધનનો ઉપભોગ કરવાનો) મહાપાતિત્યકારી દોષ લાગે છે.

બીજા કેટલાક પાખંડી લોક એવું વિધાન કરે છે કે :–

બ્રહ્મસંબંધ લીધા પછી અહંતા–મમતા (મારા–તારાની માન્યતા) રાખવી ઉચિત નથી. પછી ગોસ્વામિબાલકનું ધન હોય કે વૈષ્ણવનું ધન હોય! તેમાં શો ફેર પડવાનો હતો ? પ્રભુને સમર્પિત કર્યા પછી બધું પ્રભુનું થઈ જાય છે. તેથી આ મારું છે અને આ તારું છે તેવી ભેદદષ્ટિ રાખવી યોગ્ય નથી. ત્યાં પરદ્રવ્યથી સેવા ન કરાવવાની વાતનો અર્થ જ ક્યાં રહે છે ?

એવા પાખંડી વચનનાં નિરાકરણ માટે તેને એવું પૂછવું કે કેવળ દ્રવ્યની બાબતમાં જ અહંતા–મમતા ત્યાગવાની વાત કરો છો કે બધા વિષયમાં આવા ત્યાગની વાત કરો છો ? જો તે એમ કહે કે બધા જ વિષયોમાં અમે તો અહંતા–મમતાનો ત્યાગ કરી દીધો છે ત્યાં તેમને પુછાય કે પરપતિ–પરપત્નીનો પણ ભેદભાવ તમે ભૂલી ગયા છો ? જો આનો જવાબ 'હા' મળે તો શું ગોસ્વામિબાળકોની વહુ–બેટીજી વૈષ્ણવના ઘરે જઈ શકે અને વૈષ્ણવની વહુબેટી ગોસ્વામી બાલકનાં ઘરે રહી શકે ? જો આવી વાત કરવામાં પણ કોઈ દોષ માને તો સિદ્ધ થયું કે અહંતા–મમતા સર્વથા મટી નથી. તેથી જો અન્ય વિષયમાં મટી નથી, ત્યારે ભગવત્સેવારૂપ સ્વધર્મને દ્રવ્યની લાલસાની દુર્વૃત્તિને કારણે આજીવિકા ન મેળવવી હોય તો, અહંતા–મમતા ન રાખવાનાં



બહાનાં બનાવવાથી શો લાભ ? તેથી સિદ્ધાંતમુક્તાવલી તથા પંચશ્લોકીનાં બંને વચનોની એકવાક્યતાનો વિચાર કરતાં નિજપરિવારનાં પત્ની, પુત્ર, ભાઈ, ભોજાઈ, 'ગૃહદાસ', ઈત્યાદિકની દ્વારા ભગવત્સેવા કરાવી લેવાથી તનુ–વિત્તજા સેવાના સ્વરૂપનો કોઈ જાતનો વિઘાત થતો નથી; અને જેની સાથે સંપત્તિ કે ચૂલાનો પણ અવિભક્ત ભાવ ન રાખતાં ભેદભાવ રાખવામાં આવે છે, તેમના તનથી અથવા વિત્તથી જો ભગવત્સેવા કરાવવામાં આવે તો તનુવિત્તજા સેવાના નિયમનું ઉલ્લંઘન થઈ જાય.

શ્રીસુબોધિનીજી (૩–૧–૨)ના 'ગૃહસ્થિતેઃ ઉત્કૃષ્ટત્વં ન ભગવદીયત્વમાત્રેણ કિન્તુ ભગવતા સહ સ્થિત્યા ભગવતકાર્યાર્થં વા; અન્યથા ન સ્થાતવ્યમ્ ઈતિ સ્થિતિઃ" આ વચન અનુસાર ગૃહસ્થિતિના પક્ષનું અવલંબન કરવાવાળા આત્મનિવેદી અધિકારીને સ્વાત્માનો તથા સકલ સ્વાત્મીય પદાર્થનો ભગવત્સેવામાં સમર્પણ–વિનિયોગ કરવાનો ઉપદેશ કર્યો છે.

શ્રીભાગવત (૧૧–૨–૪૨)માં ભક્તિઃ પરેશાનુભવો વિરક્તિરન્યત્ર ચૈષ ત્રિક એકકાલઃ, પ્રપદ્યમાનસ્ય યથાશ્નતઃ સ્યુસ્તુષ્ટિઃ પુષ્ટિઃ ક્ષુદપાયોઽનુઘાસમ્" એટલે કે પરાભક્તિ કે પ્રેમલક્ષણા ભક્તિ, પ્રભુનો અનુભવ અને પરમાત્મા સિવાય બીજામાં વૈરાગ્ય, આ ત્રણે શરણે ગયેલ ભકતોને, –ઘી મિશ્રિત સ્નિગ્ધ ભોજન કરનારને જેમ પ્રત્યેક કોળિયે પ્રસન્નતા, પોષણ અને ભૂખની નિવૃત્તિ ત્રણેય એકસાથે થાય છે તેમ– ત્રણેય પરાભક્તિ આદિ એકસાથે પ્રાપ્ત થાય છે– આ વચન અનુસાર શરણાગતિ દ્વારા પરાભક્તિ, ઈશાનુભવ અને વૈરાગ્ય આ ત્રણેય મળી શકે છે. માટે ભક્તિમાર્ગમાં જે જીવ પ્રવેશ યોગ્ય છે, તેને માટે અથવા વર્તમાન જન્મમાં અથવા અવસ્થામાં યોગ્યતા ન હોય તો પણ, ભગવત્–શરણાગતિને કારણે વર્તમાન જન્મમાં અથવા આગામી જન્મમાં પણ પ્રભુભક્તિના જે અધિકારી બની શકશે તેમને માટે શરણાગતિનાં અંગોનો ઉપદેશ આપવા માટે દોઢ કારિકા કહી છે.

**ઈતિ શમ્**

## ૧૮. શિક્ષાશ્લોકાઃ

આ શિક્ષાપદ્યની પ્રાકટ્યવાર્તા આ પ્રમાણે કહેવામાં આવે છે, કે 'અંતઃકરણપ્રબોધ' ગ્રન્થમાં વર્ણવેલ લોકગોચર દેહદેશપરિત્યાગની ત્રીજી ભગવદાજ્ઞા થયા પછી, વિક્રમ સંવત ૧૫૮૭ના જેઠ વદી દસમીના દિવસે અડેલ ગામમાં શ્રીમહાપ્રભુજીને સંન્યાસગ્રહણ કરવાનું મન થયું. સંન્યાસનિર્ણય ગ્રંથમાં ઉપદેશવામાં આવેલા આઠ પ્રકારના સંન્યાસમાંથી બીજા પ્રકારનો સંન્યાસ પાળવા માટેનો આપશ્રીએ સ્વીકાર કર્યો, જે ચતુર્થાશ્રમરૂપ કર્મમાર્ગીય પ્રકારનો સંન્યાસ છે. અગિયારમા સ્કંધમાં કહેલો તથા બીજાં બધાં શાસ્ત્રવચનોથી અવિરુદ્ધ એવાં શિખાસૂત્રોના ત્યાગથી રહિત ત્રિદંડ ધારણ કરવાનો આ સંન્યાસમાં પ્રકાર રહેલો છે.

આ પ્રકારનો સંન્યાસ ગ્રહણ કરવાની રીતમાં ગૃહત્યાગ માટે ભાર્યાની આજ્ઞા લેવાની અપેક્ષા પણ છે એમ બતાવ્યું છે. આ કારણે શ્રીમહાપ્રભુજીએ કેટલીય વાર શ્રીમહાલક્ષ્મીજીની પાસે ગૃહત્યાગ કરવાની આજ્ઞા માગી, છતાં પણ તેમણે આપશ્રીને તેની આજ્ઞા આપી નહિ, ત્યારે આપે આપની દિવ્ય ઈચ્છાથી પોતાની પર્ણકુટીમાં અગ્નિ પ્રજ્વલિત કર્યો. તે જોઈને, શ્રીમહાલક્ષ્મીજીએ આપશ્રીને કહ્યું, ''જલદી જલદી બહાર નીકળી જાઓ.'' હવે આવી શ્રીમહાલક્ષ્મીજીની આજ્ઞા સાંભળીને આપશ્રીએ માની લીધું કે ભાર્યાની સંન્યાસ ગ્રહણ કરવા માટે મને ગૃહત્યાગની આજ્ઞા સિદ્ધ થઈ છે. એમ માનીને આપશ્રી હાથમાં કૌપીન લઈને ઘરમાંથી બહાર નીકળી ગયા. પછી તો આપે પ્રગટ કરેલો તે દિવ્ય અગ્નિ શાંત થઈ ગયો. ફરીથી વિધિ અનુસાર સંન્યાસ ગ્રહણ કરીને આપશ્રી તો અડેલથી કાશીનગરી તરફ પધારી ગયા.

આથી લોકગોચર દેશત્યાગની આજ્ઞા તો સિદ્ધ થઈ, પરંતુ લોકગોચર દેહત્યાગની આજ્ઞાનું પાલન કરવા માટે આપશ્રીએ એક મહિના સુધી અનશન કર્યું. ત્યાર પછી વળી પાછું આપશ્રીએ મૌન પણ ધારણ કરી લીધું.

તે વખતે અડેલથી શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજી પણ, પોતાનાં સેવકો તથા કુટુંબીજનોની સાથે શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવા કાશીમાં પધાર્યા.



ત્યાં પધારેલા બધાંએ આપશ્રીને પ્રાર્થના કરી કે 'હવે અમારું કર્તવ્ય શું ?' તે વખતે આપશ્રીએ તો મૌન ધારણ કરી રાખ્યું હતું, તેથી શ્રીગંગાજીની તટભૂમિ પર સાડા ત્રણ શ્લોક લખી તેનો ઉપદેશ શ્રીમહાપ્રભુજીએ પોતાના પુત્રોને તથા સેવકોને આપ્યો. તેથી આ ગ્રંથને 'શિક્ષાશ્લોકી' કહ્યો છે.

ત્યાં આ શંકા થાય છે, 'સંન્યાસનિર્ણય' ગ્રંથમાં તો આપશ્રીએ વિરહાનુભવની સિદ્ધિને માટે પરિત્યાગનો ઉપદેશ કર્યો છે. તો સંન્યાસ ગ્રહણ કરતી વખતે આપશ્રીએ તે પ્રકારનું અનુસરણ કેમ ન કર્યું ? અહીં તેનું એવું સમાધાન સમજવું કે ભક્તિના બે પક્ષ છે : એક તો સેવા અને બીજી કથા. 'કથા' એટલે ભગવાનનાં રૂપ, ગુણ, નામ અને લીલાનું શ્રવણ, કીર્તન, સ્મરણ. તેને કથા કહેવામાં આવે છે. ત્યાં લીલાભાવના અથવા લીલાકીર્તનની સાથે સેવામાં તત્પર થઈને રહેવાથી બંને પક્ષનું અનુષ્ઠાન (સેવા અને કથાની ક્રિયાનું) સિદ્ધ થાય છે. તેમાં પણ સેવાપક્ષ તો મુખ્ય કલ્પ (આચાર) છે; પરંતુ આ મુખ્ય કલ્પમાં પણ પાંચ પ્રકારના બાધક શ્રીમહાપ્રભુજીએ 'નિબંધ'માં બતાવ્યા છે.:–

(૧) લૌકિક વિષયોમાં રાગદ્વેષની પ્રબલતાને કારણે ઇન્દ્રિયોની ભગવત્સેવામાં સહજ અરુચિ થાય, તેવા વખતે હઠપૂર્વક સેવા કરવાનો જીવ પ્રયાસ કરે તો ચિત્તમાં વિક્ષેપ (ખીજ, અન્યમનસ્કતા, ઉદ્વેગ વગેરે) પ્રગટે. તેવા વખતે સેવા છોડી દેવી તે જ યોગ્ય છે.

(૨) આપણી સેવા ભગવાનને ન ગમતી હોય અર્થાત્ ભગવદિચ્છાથી વિપરીત હોવાથી અસાધ્ય રોગાદિજન્ય શારીરિક અશક્તિ, અક્ષમતા થાય, છતાં જીવ હઠપૂર્વક સેવા કરે તો કોમલ સ્વભાવવાળા પ્રભુને પરિશ્રમ પડે છે. તેવા વખતે તે સેવા ન કરવી એ જ સારું.

(૩) અપુષ્ટિમાર્ગીય વૈષ્ણવનાં ઘરમાં જન્મ થવાને કારણે ઘરનાં વડીલોને કોઈ વૈષ્ણવ ઘરમાં સેવા કરે ત્યારે તેમનાં મનમાં ભગવત્સેવા વિરોધી ભાવ ઊભો થાય. તેવા પ્રતિબંધ સમયે સેવા ન કરવામાં આવે તે જ સારું. કથાપક્ષમાં તો તેના પ્રતિબંધની ગણતરી કરવામાં નથી આવી, પણ સેવાપક્ષમાં પ્રતિબંધ ઊભો થાય તો સેવાનો ત્યાગ કરી દેવો યોગ્ય છે. શા માટે? તેનું કારણ એટલું જ કે પોતાની ભગવત્સેવામાં દુરાગ્રહને કારણે પોતાના સેવ્ય પ્રભુનો અનાદર અથવા નિંદા ઘરમાં કોઈ ન કરે.

(૪) સેવોપયોગી કોઈ વિશેષ સામગ્રીનો જ પ્રભુને ધરાવવા માટેનો અતિ આગ્રહ પોતાના ચિત્તની તત્પરતાનો નાશ કરીને જીવની તામસી વૃત્તિને વધારવાનું કારણ બને છે. જો તામસી વૃત્તિની વૃદ્ધિ થતી હોય તો તેનાં કરતાં સેવા ન કરવી વધારે યોગ્ય છે.

(૫) સેવા કરનારી વ્યક્તિ ઘરમાં વડીલ હોય અને નાની વ્યક્તિઓને પ્રભુમાં ભાવ ન હોય તો પણ સેવા કરાવે, ત્યારે સ્વાર્થ, સંકોચ અથવા ભયવશાત્ નાનાંઓને સેવામાં જોડાવું પડે છે અને ત્યારે તેઓ ભીતરમાં પીડાની સાથે સેવા કરે છે. તેમ કરવાથી પ્રભુને સુખ પડતું નથી. પ્રભુને સુખ ન આપવાવાળી સેવા કરવી, તેના કરતાં તેવી સેવા ન કરવી તે વધારે સારું છે.

સેવામાં આવાં બાધક તત્ત્વોનો અભાવ થાય તેમ કરવું તે પુષ્ટિજીવનું મુખ્ય કર્તવ્ય બને છે. તેથી આવા બાધકો સહિત ભક્તિભાવ હોય છતાં પુષ્ટિજીવ સેવા કરે તેના કરતાં તે કથાપક્ષને ગ્રહણ કરે તેને યોગ્ય માન્યું છે. તેથી જ ભક્તિવર્ધિનીમાં ભક્તિની વ્યસનદશા સિદ્ધ થાય ત્યારે કથાપક્ષમાં સંપૂર્ણ ગૃહત્યાગને અથવા 'નિબંધ'માં સમયે સમયે તીર્થયાત્રાના નિમિત્તે થોડા સમય માટે ગૃહત્યાગનો પણ પ્રકાર સમજાવ્યો છે. ગૃહત્યાગના આ પ્રકારને શ્રીમહાપ્રભુજીએ ભગવદ્વિરહના અનુભવ કરવાના પ્રકાર તરીકે સમજાવ્યો છે. શા માટે? પુષ્ટિસૃષ્ટિનું ભૂતલ પર જે પ્રાકટ્ય થયું છે તેનો હેતુ શ્રીકૃષ્ણના સ્વરૂપની સેવાનો છે. તેથી આ જન્મનાં પ્રત્યેક વર્ષ, માસ અને દિવસ, અથવા પ્રભુની જીવ પર જ્યારે અતિશય કૃપા હોયતો, પ્રત્યેક પ્રહર, ઘડી અથવા ક્ષણમાત્ર પણ ભગવત્સેવા વિના વીતે અને ત્યારે જો વિરહતાપ ન થાય તો જીવે સમજવું કે તેનામાં કંઈક આસુરાવેશે પ્રવેશ કર્યો છે; કારણ કે ભક્તિની વ્યસન અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે ભગવત્સેવા વિના જીવને વિરહતાપ થવાનો અવશ્ય સંભવ છે. તેથી ઘરમાં સેવા જીવથી સ્વયં ન નભતી હોય તો, પ્રભુના વિરહનો અનુભવ કરવા માટે ગૃહનો પરિત્યાગ કરવાનો આપશ્રીનો ઉપદેશ ગૌણ કલ્પના રૂપમાં આપવામાં આવ્યો છે. ત્યાં કર્તવ્યોપદેશ ગૃહપરિત્યાગનો છે, વિરહના અનુભવ માટે નથી અને છતાં ત્યાં વિરહાનુભવનું પ્રયોજન તો છે જ, ગૃહપરિત્યાગનું નહિ, કારણ કે ગૃહપરિત્યાગ તો અનીશ્વરવાદી, ઈશ્વરને નહિ માનનારા જૈનો અને બૌદ્ધો પણ કરે છે, પણ ગૃહનો પરિત્યાગ એ ભગવદ્ભક્તિનું અંગ નથી. બાકી શ્રીમહાપ્રભુજી તો ભગવદ્મુખાવતાર અને ભક્તિમાર્ગાબ્જમાર્તંડ છે. તેથી ભક્તિમાર્ગના ગૌણકલ્પને અનુસરવાની આવશ્યકતા આપશ્રીને શાની હોય? તેથી આપશ્રીના સંન્યાસનો પ્રકાર



સંન્યાસનિર્ણય તથા ભક્તિવર્ધિનીમાં કહેલા પ્રકારનો ન હતો, પરંતુ 'સર્વનિર્ણય'માં આપશ્રીએ કહેલા પ્રકારનો જ હતો.

સાક્ષાત્ સ્વરૂપની સેવા જો કોઈ જીવ સ્વગૃહમાં સ્વતનુવિત્ત અને પરિજનોના સમર્પણપૂર્વક કરતો હોય, તેવા જીવને સેવા છોડીને વિપ્રયોગના અનુભવ માટે કથાપક્ષનું અવલંબન લેવડાવતો કરવો તે તો ભક્તિમાર્ગીય પાખંડ જ છે. ઘણી સેવા કરવાનું છૂટી જાય અથવા નિત્યક્રમમાં જ્યારે સેવાના અનોસર હોય ત્યારે વિરહાનુભવાર્થ કથા–સ્મરણ પક્ષનો ભક્તિમાર્ગીય પ્રકાર પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત જ છે. તેથી "સેવાયાં વા કથાયાં વા" વચનમાં પ્રથમ કર્તવ્ય તથા ઉલ્લેખ સેવાનો જ છે. તે જ પ્રમાણે– "સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યં" એટલે કે સ્મરણ અને સેવા ન ત્યજવાં વચનમાં અંત સુધી છોડવાં નહિ તેવો ઉલ્લેખ તો 'ભજન' અથવા 'સેવા' માટે જ છે.

તેથી વિરહાનુભવકામનાનો સેવાપક્ષમાં તો સંભવ નથી. શા માટે નહિ? તેના સમાધાનમાં સમજવાનું કે સેવા કરતાં કરતાં સાક્ષાત્ સેવ્યસ્વરૂપની સંયોગાનુભૂતિ સ્વયં થતી હોય તે છોડીને વિપ્રયોગની અનુભૂતિ કરવા માટે કોઈ વ્યક્તિ ગૃહત્યાગ કરે તો તેને ભગવત્પ્રાપ્તિની કામના ખંડિત થયેલી જ સમજવી. અથવા તેનો ભગવન્મૂર્તિમાંનો ભગવદ્ભાવ ખંડિત થયેલો જ માનવો. દૃષ્ટાંત તરીકે જેમ કોઈ પ્રેમિકા પોતાના પ્રિયતમથી છૂટા પડવાનું ઈચ્છતી નથી અને ક્યારે વિધિવશાત્ છૂટા પડે તો તેને વિરહતાપ થાય છે, પણ કોઈ વખતે વ્યભિચારિણી સ્ત્રી પોતાના જારપતિને મળવાની આતુરતામાં જ્યારે પોતાનો પતિ પરદેશ જાય તો સારું એવો મનોરથ મનમાં કરે છે અથવા પોતાના પતિથી છૂટા પડવાની ઈચ્છા કરે છે, તે વખતે તે સ્ત્રીનો પતિપ્રેમ ખંડિત થયેલો જાણવો.

જેમ વર્તમાનકાળમાં પણ કોઈ સ્વમાર્ગીય શાસ્ત્રીજી પણ પોતાના માથે બિરાજતા સ્વરૂપને છોડીને જગાએ જગાએ શ્રીભાગવતસપ્તાહો કરે છે અને શ્રીભાગવત કથાઓમાં કથા કહેતાં કહેતાં કંઠાવરોધ અને અશ્રુપાત કરે છે, તે આડંબર (દંભ) બતાવે છે. જાણે કે ભક્તિની વ્યસનદશા સિદ્ધ ના થઈ ગઈ હોય! અને વસ્તુતઃ પોતાનાં સેવ્ય સ્વરૂપમાં પરમાસક્તિ સિદ્ધ ના થઈ હોય તો તેવી વ્યક્તિએ સેવા છોડીને શા માટે ઠેરઠેર ભટકવું જોઈએ? જ્યારે જીવને સેવા છોડીને પેટ ભરવા માટે ઠેરઠેર ભટકવું સારું લાગે છે, ત્યારે સમજી લેવું કે તેની સ્વરૂપાસક્તિ ખંડિત થઈ ગઈ છે અને સ્વરૂપાસક્તિના અભાવમાં પ્રગટ થયેલ કંઠાવરોધ અને અશ્રુપાતનું મૂળ કારણ વિપ્રયોગ નથી, પણ પાખંડીપણું જ છે.

તેથી વિપ્રયોગ માટેના સંન્યાસમાં કર્તવ્યોપદેશ ગૃહીય ભોગવાસનાના ત્યાગ માટે છે અને પ્રયોજનોપદેશ વૈરાગ્યસાધના માટે ન હોઈ વિપ્રયોગ સાધના માટે છે. "ભોગાભાવઃ તદૈવ સિદ્ધ્યતિ યદા ગૃહપરિત્યાગઃ"– એટલે કે ભોગોના અભાવ ત્યારે જ સિદ્ધ થાય છે જ્યારે ગૃહપરિત્યાગ થાય.– "તાદશસ્યાપિ સતતં ગૃહસ્થાનં વિનાશકમ્" એટલે કે તાદશી ભક્ત માટે સતત ઘરમાં રહેવું તેનો વિનાશ કરનારું છે. આ વચનોથી સમજવું કે તાદશી ભક્તથી ઘરમાં ભગવત્સેવા ન નભતી હોય તે અવસ્થામાં, આ કારણથી ભક્તિમાર્ગમાં આ ગૌણકલ્પ ભક્તિમાર્ગાબ્જમાર્તંડ શ્રીમહાપ્રભુજીને અપેક્ષિત નથી, મતલબ કે શ્રીમહાપ્રભુજીને આ ગૌણ વિકલ્પ ગમતો નથી.

શ્રીમહાપ્રભુજી ભક્તિના પૂર્વ અંગ તરીકે ભગવાનના માહાત્મ્યજ્ઞાનને માને છે. તેથી માહાત્મ્યજ્ઞાન સિદ્ધ થયા પછી, જીવને લોકેષણા, વિત્તેષણા અથવા બાહ્યવિષયસુખેષણા એટલે બહારના ભોગો ભોગવવાની ઈચ્છા કે ભોગવવાની ઈચ્છાનું માહાત્મ્ય જીવને સ્ફુરતું નથી. તે કારણે જીવને અજ્ઞાનમાંથી ઉત્પન્ન થતો સુલભ ભ્રમયોગ થવાનો સંભવ નથી અને ભક્તિનું ઉત્તર અંગ તો સુદૃઢ સર્વતોધિક સ્નેહ માન્યું છે. તેને કારણે આધુનિક શાસ્ત્રીઓની પેટ ભરવા માટે કરવામાં આવતી કથાઓમાં પ્રગટ થતો વિપ્ર(પાખંડ)યોગ (ધન કમાવાનો ઉપાય) થવાનો પણ સંભવ રહેતો નથી. તેથી સિદ્ધ થાય છે કે શ્રીમહાપ્રભુજીએ જે પ્રકારનો સંન્યાસગ્રહણ કર્યો તે ચતુર્થાશ્રમરૂપ કર્મમાર્ગીય સંન્યાસ હતો. તે જ લૌકિક દૃષ્ટિએ દેહ–દેશ પરિત્યાગની ભગવદાજ્ઞા પાલનમાં આનુષંગિક ફળ રૂપે મળેલું કર્મ હતું. તેથી અતંઃકરણપ્રબોધમાં આપશ્રી આજ્ઞા કરે છે કે "આજ્ઞૈવ કાર્યા સતતં સ્વામિદ્રોહોઽન્યથા ભવેત્", જીવે તો હંમેશા સ્વામીની આજ્ઞા પ્રમાણે જ વર્તવું જોઈએ, નહીં તો સ્વામિદ્રોહ થાય.

અહીં શંકા થવાનો સંભવ છે. તેનું સમાધાન શ્રીહરિરાયજીએ પોતાના અનેક ગ્રંથોમાં અને શ્રીમહાપ્રભુજીએ નિરોધલક્ષણ ગ્રંથમાં કર્યું છે :

"યચ્ચ દુઃખં યશોદાયાઃ નંદાદીનાં ચ ગોકુલે ।
ગોપિકાનાં તુ યદ્ દુઃખં તદ્ દુઃખં સ્યાન્મમ કવચિત્ ॥ (નિ.લ.૧)

શ્રીગોકુલમાં શ્રીયશોદાજીને અને નંદરાયજીને તથા તેમના સંબંધવાળા બીજાઓને પરમ ફળ આપવાવાળા શ્રીપ્રભુએ જે દુઃખ આપ્યું છે, પુનઃ શ્રીગોપીજનોને જે દુઃખ થયું તે દુઃખ મને ક્યારે થશે? એ વચનોમાં વિરહદુઃખની જે કામના બતાવી છે તેની સંગતિ કેમ જાણવી? સંગતિને જીવ શું સમજી શકે ?



અહીં સર્વ પ્રથમ શ્રીમહાપ્રભુજીના વચનના અભિપ્રાયને એ રીતે સમજવો કે ભગવાનમાં જીવનો નિરોધ કેવી રીતે સિદ્ધ થાય તેની સાધનાના રૂપમાં સેવાના અનોસરમાં કેવી ભાવના કરવી તે સમજાવ્યું છે. ત્યાં એવું કહેવામાં આવ્યું છે કે જેવી રીતે ભગવાન શ્રીકૃષ્ણ ગાયો ચરાવવા જતા તે વખતે નંદયશોદા અને ગોપીજનોને વિરહતાપ થતો હતો, તેવો જ વિરહતાપ મને સેવાના અનોસરમાં કયારે થશે ? આ શ્લોકમાં જીવમાં આવો મનોરથ જગાડવાનો ઉપદેશ શ્રીમહાપ્રભુજી આપે છે. આ જ ગ્રન્થના બીજા શ્લોકમાં ગાયો ચરાવી વ્રજમાં પાછા પધારતા પ્રભુના આવવાથી જેવું સેવાસુખ શ્રીગોકુળમાં ગોપીજનોને તથા બધા વ્રજવાસીઓને થાય છે, તેવું સુખ ભગવત્સેવા કરતી વખતે મને કયારે થશે ? જીવમાં સેવા સમયે આવો મનોરથ જગાડવાનો પણ ઉપદેશ છે, આવો મનોરથ જગાડવાની શ્રીમહાપ્રભુજીની ઈચ્છા છે. તે જ પ્રમાણે ત્રીજા શ્લોકમાં જે પુષ્ટિભકતોથી ગમે તે કારણે પુષ્ટિસેવા નભતી ન હોય તેને માટે–જ્યારે ઉદ્ધવજીનું વ્રજમાં આગમન થયું તે સમયે વિરહતાપની તીવ્રતાવશ ભગવત્કથાનો મહાન ઉત્સવ સિદ્ધ થયો તે જ પ્રમાણે–કોઈ ભગવદીયની સાથે ભગવત્કથાના સત્સંગના સુમહાન ઉત્સવનો મનોરથ જગાડવાનો ઉપદેશ છે. ઉપરના ત્રણ શ્લોકોમાં 'મમ' – 'મે' – 'મે મનસિ' રૂપ ઉત્તમ – પુરુષવચનનો પ્રયોગ શ્રીમહાપ્રભુજીએ કર્યો છે. જેમ કૃષ્ણાશ્રયમાં "વિવેકધૈર્યભકત્યાદિ રહિતસ્ય... મમ' એટલે કે વિવેક, ધૈર્ય, અને નવધા ભક્તિ વગેરેથી રહિત અને વિશેષ કરીને પાપમાં આસકત એવો સાધન વગરનો દીન જે હું તેની ગતિ શ્રીકૃષ્ણ જ હો આવો પ્રયોગ શ્રીમહાપ્રભુજીએ કર્યો છે. તે પોતાના અભિપ્રાયને બંધબેસતો ન હોઈ નિજજનને બંધબેસતો અભિપ્રાય છે તેવું આપશ્રી સમજાવે છે. તે સ્વાભિપ્રાયક નથી પણ નિજજનાભિપ્રાયક છે એમ સમજી લેવું. શા માટે આપશ્રી એમ કહે છે ? તેના સમાધાનમાં એવું સમજવાનું કે પુષ્ટિમાર્ગીય જીવે પ્રભુની શરણાગતિ સ્વીકારતી વખતે પોતાની નિઃસાધનતાની ભાવના કરવી જોઈએ. તે માટે આપશ્રીએ આવો ઉપદેશ કર્યો છે. તેવી જ રીતે સેવા–કથા ઉભયપરાયણ અથવા કેવળ કથાપરાયણ પુષ્ટિભકતે કેવી ભાવના કરવી જોઈએ કે જેથી તેની ભક્તિ નિરોધદશાને પ્રાપ્ત થાય. તે માટે આપશ્રીએ આ ઉપદેશ આપ્યો છે. શ્રીમહાપ્રભુજી પોતાના માટે તો "અહં નિરુદ્ધો રોધેન નિરોધપદવીંગતઃ" એટલે કે હું તો રોધ વડે નિરુદ્ધ છું અને નિરોધ પદવીને પામેલો છું આવી આજ્ઞા પોતાને માટે કરે છે. તેથી સ્પષ્ટ સમજાય છે કે નિરોધની ફલદશાને આપ તો સર્વદા અનુભવો છો. તેથી નિરોધની સાધનરૂપા ભાવનાના મનોરથને આપે સ્વયંને માટે કર્યો હોય તે સંભવિત નથી.

કોઈક દલીલ કરે કે શ્રીહરિરાયજી ભગવત્સેવા કરતાંય વિશેષ વિપ્રયોગમાં માને છે? તેના જવાબરૂપે સમજવાનું કે તો પછી શા માટે સેવા છોડીને પોતે સંન્યાસગ્રહણ કરીને વિપ્રયોગ ન કર્યો ? તેથી શ્રીહરિરાયજીનું કહેવાનું તાત્પર્ય પણ—સેવાના અનોસરમાં જ વિપ્રયોગની પરમફલતાનો સ્વીકાર કરવો—એમ યોગ્ય છે.

તેથી આ શિક્ષાશ્લોકીમાં મુખ્યત્વે પાંચ ઉપદેશ શ્રીમહાપ્રભુજીએ આપ્યા છે. :—

(૧) જે પુષ્ટિમાર્ગીય જીવ છે તેણે કદી પણ બહિર્મુખ ન બનવું જોઈએ.

(૨) જે પુષ્ટિમાર્ગીય જીવ છે તેણે પોતાના પુષ્ટિપ્રભુની ભક્તિ અથવા શરણાગતિને લૌકિક દષ્ટિથી ન કરવી.

(૩) આ લોકમાં કે પરલોકમાં પુષ્ટિજીવનું સર્વસ્વ તો પુષ્ટિપ્રભુ શ્રીકૃષ્ણ જ હોય છે.

(૪) તેથી સર્વથા શ્રીકૃષ્ણાર્થી બનીને સર્વભાવથી શ્રીકૃષ્ણની સેવા કરવી.

(૫) પુષ્ટિજીવનું જેમાં હિત સમાયેલું હશે તે બધું કામ શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણ કરી આપે છે. કાળ—સ્વકર્મ—સ્વભાવ—અન્યદેવ અને બીજા કોઈ દેવનું કોઈ સામર્થ્ય અહીં શ્રીકૃષ્ણની આગળ ચાલે તેમ નથી એવો દઢ વિશ્વાસ સર્વદા રાખવો.

**ઈતિ શમ્**



# ૧૯. શ્રીમધુરાષ્ટકમ્

એક કિંવદંતી અનુસાર શ્રીમધુરાષ્ટકમ્ ગ્રન્થનું પ્રાકટ્ય શ્રીમહાપ્રભુજીને ગોકુળમાં બ્રહ્મસંબંધ—દાનની આજ્ઞાના હેતુ માટે શ્રીગોવર્ધનધરના પ્રકટ થયાના સમયે થયું હતું; પરંતુ આ વિષયમાં શ્રીમત્પ્રભુચરણનું મૌન આ કિંવદન્તીની ઐતિહાસિકતાને સંદિગ્ધ બનાવે છે. આ સ્તોત્ર પર શ્રી બાલકૃષ્ણલાલજીએ કરેલી વ્યાખ્યામાં એક વિવરણ અવશ્ય પ્રાપ્ત થાય છે કે શ્રાવણમાસની શુક્લ એકાદશીની મધ્યરાત્રિએ શ્રીમહાપ્રભુજીને ભગવાને પ્રત્યક્ષ દર્શન આપ્યાં. ત્યાર પછી પ્રભુ અંતર્ધાન થઈ ગયા. એટલે શ્રીમહાપ્રભુજીને પ્રભુના તીવ્ર વિપ્રયોગની અનુભૂતિ થતી રહેતી હતી. એવી અવસ્થામાં ભગવાનની આન્તર અનુભૂતિની તન્મય અવસ્થામાં શ્રીમહાપ્રભુજીના શ્રીમુખમાંથી શ્રીમધુરાષ્ટકમ્નું મધુર ગાન સ્રવિત થઈ ગયું.

શ્રીબાલકૃષ્ણજીનું કહેવાનું તાત્પર્ય અહીં શ્રીમધુરાષ્ટકમ્ની રચનામાં ઐતિહાસિક ઘટનાક્રમ સૂચિત કરવાનો નહિ, પણ આ મધુર સ્તોત્રનાં પ્રાકટ્યમાં મધુર કારણનું વિવેચન કરવાનો લાગે છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં, પરમાત્મા બધા જીવાત્માઓ માટે મધુરૂપ છે અને બધા જીવાત્માઓ પરમાત્માને માટે મધુરૂપ છે એવું વર્ણન મળે છે. તૈત્તિરીય ઉપનિષદમાં પરમાત્માને રસરૂપ માનવામાં આવ્યા છે —'રસો વૈ સઃ'. એમ તો બ્રહ્મને અપૂર્વ—અનપર અનન્તર—અબાહ્ય એકમ્ એવ અદ્વિતીય કહેવામાં આવ્યા છે; પરંતુ શ્રુતિઓમાં પરમાત્માને જેવા 'અરૂપ' (નિરાકાર) કહ્યા છે તેમ 'સર્વરૂપ' (સાકાર) પણ કહ્યા છે. તે જ પરમાત્મા અપૂર્વ—અનપર અનન્તર—અબાહ્ય બ્રહ્મ સર્વાનુભૂ—સર્વાનુભૂતિરૂપ પણ છે જ. તે સર્વકામઃ સર્વગન્ધઃ સર્વરસઃ સર્વમિદમ્ છે, એવું છાંદોગ્યઉપનિષદમાં છે. એ જ પ્રમાણે બૃહદારણ્યક ઉપનિષદમાં પણ કહ્યું છે કે—'સ વૈ નૈવ રેમે તસ્માદેકાકી ન રમતે સ દ્વિતીયમૈચ્છત્ સહૈતાવાનાસ યથા સ્ત્રીપુમાંસૌ સંપરિષ્વક્તૌ સ ઈમમેવાત્માનં દ્વેધાપાતયત્તતઃ પતિશ્ચ પત્નીચાભવતામ્''. તે રમતા નહોતા; એકલા રમવાનું શક્ય ન હતું; તેથી તે કોઈપણ એકલો રમતો નથી. તેમણે બીજા રમનારની ઈચ્છા કરી. જેમ સ્ત્રી અને પુરુષ એક બીજાને અવલંબિત છે તેમ

જ આ આત્માને તેણે બે વિભાગોમાં વહેંચ્યો, પછી એક પતિ અને બીજો પત્ની બની ગયો; આ પ્રમાણે જીવ અને પ્રભુનો સંબંધ છે. તેવું બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે.

આ સૃષ્ટિ, આ દ્વૈત, આ એકનું અનેક નામ—રૂપો ધારણ કરવું—આ અપૂર્વ—અનપર અનન્તર—અબાહ્ય બ્રહ્મનું સર્વને અનુભવ કરાવનાર બનવું તે તેમના નિજાનંદ સ્વભાવની અભિવ્યક્તિ છે. આ જગત પરમાનન્દરૂપ પરમાત્માની સ્વાનંદાનુભૂતિરૂપ ક્રીડા છે – લીલા છે. આ આનંદાત્મિકા ક્રીડાની માયાને—અવિદ્યારૂપ અશુભ કારણો વડે તેની વ્યાખ્યા કરવી એ તો બ્રહ્મના આનંદાત્મક રમણની અસ્વીકૃતિ જ ગણાય.

'આનંદો બ્રહ્મેતિ વ્યજાનાત્', 'સ વૈ નૈવ રેમે' અને 'સ ઇમમેવાત્માનં દ્વેધાપાતયત્' એટલે કે આનંદ જ બ્રહ્મ છે તેમ જાણો; તેઓ રમતા નહોતા; તેમણે આ આત્માને બે વિભાગમાં વહેંચી દીધો આ વાકયોનું આગ્રહરહિત વિવેચનથી સ્પષ્ટ થાય છે કે આનંદરૂપ પરમાત્મા પણ એકલા રમણ કરી શકતા નથી, પરંતુ તેઓ જો પોતાને અનેક રૂપોમાં વિભક્ત ન કરી શકતા હોત તો આ સૃષ્ટિની ક્રીડા કેવી રીતે પ્રકટ થાત ? પ્રભુ જાતે જ પોતાના આનંદની ગહન અનુભૂતિને માટે બ'એકમેવાદ્વિતીયમ્ બ્રહ્મ', 'સહૈતાવાનાસ' બની જાય છે. એક અને અદ્વિતીય બ્રહ્મ તે પોતે જ આનંદ માટે અનેક બની જાય છે. આ વાત જ બ્રહ્મને રસરૂપ સિદ્ધ કરે છે.

બ્રહ્મ રસરૂપ છે કારણકે તે રમણ કરવાની ઈચ્છાથી સર્વાનુભૂતિરૂપ બન્યા છે. રસ આનંદરૂપ હોય છે. તેથી રસાત્મક બ્રહ્મ આનંદરૂપ છે. ઉપનિષદ કહે છે કે 'આ આનંદરૂપ પરમાત્મામાંથી જ આ બધું જડ અને ચેતન જગત ઉત્પન્ન થયું છે, આનંદરૂપ પરમાત્મામાં જ બધું સ્થિત છે અને પરમાત્મામાં જ આ બધું લીન થવાનું છે – આનંદાદ્ધ્યેવ ખલ્વિમાનિ ભૂતાનિ જાયન્તે આનંદેન જાતાનિ જીવન્તિ આનંદં પ્રયન્ત્યભિસંવિશન્તિ તદ્ વિજિજ્ઞાસસ્વ તદ્ બ્રહ્મ.

તેથી આ આનંદાત્મિકા ક્રીડામાં પ્રકટ થવાવાળા બધા જીવાત્માઓને માટે પરમાત્મા મધુ છે અને પરમાત્માને માટે બધા જીવાત્માઓ મધુ છે— ''અયમાત્મા સર્વેષાં ભૂતાનાં મધુ અસ્યાત્મનઃ સર્વાણિ ભૂતાનિ મધુ''. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે – ''મધુરાધિપતેરખિલં મધુરમ્'' એટલે કે મધુરાપતિનું બધું જ મધુર છે.

જીવનની બધી મધુરતા પરમાત્મા સાથે જોડાઈ જવામાં છે. તેઓ જ બધી મધુરતાઓના સ્રોત છે. તે મધુરાધિપતિની દરેક વાત મધુર છે— તેમની સાથે સંબંધ રાખનારું બધું જ મધુર છે. તેમના વિના – તેમની મધુર ક્રીડા વિનાનું આ જગતમાં કશું જ નથી. મધુરાષ્ટક સ્તોત્ર મધુરાધિપતિ પરમાત્માની મધુરતાનું જ ગાન છે.



પરમાત્માના મધુરતમ રૂપની અનુભૂતિ શ્રીકૃષ્ણ દ્વારા વ્રજમાં પ્રકટ કરેલા સ્વરૂપ, ગુણ, લીલા તથા નામોની સાથે અતિ ઘનિષ્ઠતાથી જોડાયેલી છે, તે પણ પુષ્ટિભક્તોને માટે. શ્રીકૃષ્ણના સ્નેહપાશમાં બંધાઈને શ્રીકૃષ્ણ જેમના હૃદયમાં નિરુદ્ધ થઈ જાય છે, તે જ જીવોમાં શ્રીકૃષ્ણના મધુર રૂપને જોવાની, મધુર ગુણો ગાવાની, મધુર લીલાના અનુભવની તથા મધુર નામોનું ઉચ્ચારણ કરવાની ઉત્કંઠા જાગે છે.

તે ઉત્કંઠા જ્યારે વિરહ—પીડાનું રૂપ ધારણ કરી લે છે, ત્યારે હૃદયમાં રહેલો પ્રેમ જ પ્રિયતમનું રૂપ તેમજ પ્રિયતમની લીલાઓની અનુભૂતિનું રૂપ પણ ધારણ કરી લે છે. ભગવાનના વિપ્રયોગમાં પણ તેમનું સ્વરૂપ તેમ જ લીલાઓની આન્તરિક અનુભૂતિ આન્તર—સંયોગ જ કહેવાય છે. શ્રીમહાપ્રભુજી તેને 'પરમ ફલ' કહે છે – 'આન્તરં તુ પરં ફલમ્'' એટલે કે આન્તરિક અનુભૂતિ જ પરમ ફલ છે કારણ કે આ આંતર અનુભૂતિ ગાઢ તન્મયતાની ક્ષણોમાં અન્તઃસ્થિત પ્રભુના સ્વરૂપને તેમ જ અંતરમાં ચાલતી ભગવલ્લીલાઓને પણ બહાર પ્રકટ કરી દે છે. ભગવાન અને તેમની મધુર લીલાઓનું બહાર પ્રકટ થવું એ ભક્તના મનોરથની સર્વાત્મના પૂર્તિ જ છે. તેથી શ્રીમત્પ્રભુચરણ ભ્રમરગીતની ટિપ્પણીમાં કહે છે કે –''એતાસાં તુ બહિઃ પ્રાકટ્યમેવાભીષ્ટં તદૈવ ઈશ્વરવાદઃ અન્યથા તુ શૂન્યવાદ એવ''. આ લીલાઓનું પરમાત્મા સાથે બહાર પ્રાકટ્ય થવું તે જ ઈશ્વરવાદ છે, નહીં તો શૂન્યવાદ જ છે. અર્થાત્ સર્વેન્દ્રિય સહિત સર્વ પદાર્થોમાં સર્વત્ર પરમાત્માનું પ્રકટ થવું એટલે ભક્તને સર્વાત્મભાવ સિદ્ધ થવો તે જ ઈશ્વરવાદ છે, નહીં તો બધું શૂન્ય જ છે.

મધુરાષ્ટક સ્તોત્ર ભક્તના અંતઃકરણમાં છુપાયેલું મધુર રૂપ, ગુણ તેમ જ લીલાઓને પ્રકટ કરવાનું મધુરતમ સાધન છે. આવશ્યકતા છે જીવના કેવળ તીવ્ર તાપની સાથે તેનું ગાન કરવાની ! શ્રીકૃષ્ણની મધુર અનુભૂતિ માટે જેના હૃદયમાં તીવ્ર તાપ પ્રકટ થાય એવા રસિક ભક્ત જ આ મધુર સ્તોત્રનો પાઠ કરવાના સાચા અધિકારી છે, બીજા નહીં.

**પ્રાર્થયે રસિકાઃ સ્વૈરં પશ્યન્ત્વિદમહર્નિશમ્ ।**
**એતદ્રસાનભિજ્ઞસ્તુ માદ્રાક્ષીદપિ વૈષ્ણવઃ ॥**

(શ્રીમત્પ્રભુચરણ)

અર્થ :– હે રસિકો ! આ ગ્રન્થનો અભ્યાસ જો અહર્નિશ કરવો હોય તો અવશ્ય કરો. છતાંય ભગવાનની દિવ્ય રસાત્મિકા લીલાની દિવ્યતાથી અનભિજ્ઞ એટલે કે આ લીલાઓને લૌકિક બુદ્ધિથી જોનારાઓને હું પ્રાર્થના કરું છું કે તેઓ વૈષ્ણવ હોય તો પણ આ ગ્રન્થ જોવાનું સાહસ ન કરે.

**ઇતિ શમ્**

વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન પ્રભુચરણ શ્રીગોપીનાથજીનો પંચશતિ ઉત્સવ હોવાથી વિવિધ કાર્યક્રમો, શિબિરોની માહિતિ માટે સંપર્કઃ શ્રીવલ્લભ સુખધામ ૨૮૦૧૨૮૩૦ તથા ઓનલાઈન માહિતિ www.pustimarg.net

## શ્રીવલ્લભ સુખધામ – કાંદીવલી તેમજ બીજા સ્થળોએ ચાલતા વિવિધ વર્ગોની માહીતિ

| દિવસ | દ્વારા | વિષય | સમય |
|---|---|---|---|
| સોમવાર | શ્રીમતિ સરલાબેન | કીર્તન | સાંજે ૩ થી ૫:૩૦ |
| | પુજ્ય શ્રીયોગેશકુમારજી (ગોકુલ-પાર્લા) | અધ્યયન (પુરુષોત્તમસહસ્રનામ) | સાંજે ૮ થી ૯:૩૦ |
| ગુરૂવાર | શ્રીમતિ મનિષાબેન<br>શ્રીમતિ ઉમાબેન/ગીતાબેન | સં કૃત વ્યાકરણ | સાંજે ૩ થી ૪:૩૦ |
| | શ્રીમતિ જાગૃતિબેન | શ્રૃંગાર | સાંજે ૪:૩૦ થી ૬:૦૦ |
| શુક્રવાર | શ્રીમતિ સરલાબેન | કીર્તન | સાંજે ૩ થી ૫:૩૦ |
| શનિવાર | શ્રીમતિ સુર્યાબેન | ષોડશગ્રન્થ | સાંજે ૪ થી ૬:૦૦ |
| | શ્રીધર્મેન્દ્રભાઈ ઝાલા | બાળકો માટે<br>ષોડશગ્રન્થ પારાયણ, વાર્તા, પુષ્ટિમાર્ગના પાયાની માહીતિ | સાંજે ૭:૦૦ થી ૮:૦૦ |
| | શ્રીધર્મેન્દ્રભાઈ ઝાલા | યુવાનો/કિશોર માટે<br>ષોડશગ્રન્થ વ્રજભાષા ટીકાસાથે | સાંજે ૮ થી ૯:૦૦ |
| | શ્રીધર્મેન્દ્રભાઈ ઝાલા | મોટા માટે ષોડશગ્રન્થ સંસ્કૃત ટીકાસાથે | સાંજે ૯ થી ૧૦:૩૦ |
| | શ્રીમતિ સ્વાતિબેન શાહ બાળકો માટે | શ્રીવલ્લભ એપાર્ટમેન્ટ, C-૩૦૧/૩૦૨, મહાવીરનગર, કાંદીવલી (વેસ્ટ) | સાંજે ૪ થી ૫:૦૦ |
| એકાદશી | વર્ગ | ગોસ્વામી આચાર્યો દ્વારા થયેલ પ્રવચનનોની વિડિયો સીડી દ્વારા અધ્યયન | સાંજે ૭ થી ૯:૦૦ |

## શ્રીવલ્લભ સુખધામ – કાંદીવલી અને તેની પ્રવૃત્તિઓ

### બસ જરૂર છે નિષ્ઠાથી જોડાઈ જવાની

| | પ્રવૃત્તિ • | સમ્પર્ક |
|---|---|---|
| ૧ | શ્રીવલ્લભ પુસ્તકાલય | મધુભાઈ શાહ –૨૮૦૭૦૦૪૩<br>કૃષ્ણાબહેન – ૯૩૨૦૭૮૭૬૪૨<br>ધીરેનભાઈ મહેતા – ૯૮૨૦૯૪૮૩૨૨ |
| ૨ | પુષ્ટિમાર્ગીય વેબસાઈટ | વેબમાસ્ટર – ૨૮૦૧૨૮૩૦ |
| ૩ | વિવિધ અધ્યયન/સત્સંગના વર્ગો જેનું લિસ્ટ આ સાથે આપેલ છે. | માર્ગદર્શન ધર્મેન્દ્રભાઈ ઝાલા – ૨૮૦૬૮૬૨૫ |
| ૪ | લગભગ ૬૦૦ થી ૭૦૦ કલાક સાંભળી શકાય તેટલી સાહિત્ય સામગ્રી સી.ડી./એમ.પી.૩/ડી.વી.ડી. રૂપે (આચાર્યો દ્વારા ષોડશ ગ્રન્થ પ્રવચનમાલા, બાલ સંસ્કાર શિબિર/અધ્યયન-પ્રવચન સત્રો વગેરે) | માર્ગદર્શન પરેશભાઈ શાહ – ૯૮૨૦૬૧૫૪૩૪ |
| ૫ | સી.ડી./એમ.પી.૩/ડી.વી.ડી. ની પ્રાપ્તિ | કૃષ્ણાબહેન – કાંદિવલી – ૯૩૨૦૭૮૭૬૪૨<br>હિતેશભાઈ રૂપારેલિયા – ૯૨૨૩૩૮૪૨૫૨<br>કલ્પનાબેન કાણકીયા – ૨૬૧૩૪૯૪૨ |
| ૬ | વર્ષ દરમ્યાન યોજાતા સત્ર/શિબિરો માટે | કમલેશભાઈ મહેતા – ૯૮૯૨૮૦૦૧૩૧<br>પરેશભાઈ શાહ – ૯૮૨૦૬૧૫૪૩૪<br>હિતેન્દ્રભાઈ શાહ – ૯૮૨૦૧૨૪૫૩૪ |
| ૭ | પુષ્ટિમાર્ગીય પરીક્ષા દર વર્ષે શ્રાધ્ધ પક્ષના પ્રથમ અઠવાડિયાના પહેલા રવિવારે | ધર્મેન્દ્રભાઈ ઝાલા, હિતેન્દ્રભાઈ શાહ, હિતેશભાઈ રૂપારેલિયા |
| ૮ | બહેનોની પ્રવૃત્તિ – અધ્યયન અને વ્યાકરણ વર્ગ | મનીષાબેન શાહ,<br>સુર્યા બેન – ૯૩૨૦૬૫૩૦૬૭ |
| ૯ | બાળકોના અધ્યયન વર્ગ અને ત્રિમાસિક કાર્યક્રમ / શિબિરો | રાજુભાઈ કંસારા – મુંબઈ – ૯૮૨૦૦૨૦૪૫૮<br>રાજેશભાઈ પરીખ – પાર્લા – ૯૮૨૦૧૬૭૧૭૦<br>સ્વાતિબેન શાહ – કાંદિવલી – ૯૮૨૦૧૮૪૩૪૫ |

પાર્લા કેન્દ્ર : રસિકભાઈ શાહ ૨૬૧૭૫૯૪૫, કુમુદબેન અને કૃષ્ણકાન્તભાઈ વોરા ૨૬૧૭૦૪૧૭, હર્ષદભાઈ કાપડિયા ૯૮૬૯૯૨૫૨૬૯

મુબંઈ કેન્દ્ર : રાજુભાઈ કંસારા ૯૮૨૦૦૨૦૪૫૮, અંશુભાઈ શાહ ૯૮૨૦૭૫૮૭૫૯

ઘાટકોપર કેન્દ્ર : પ્રણવભાઈ શાહ ૯૩૨૪૨૪૯૨૦૨, મૈત્રી પોરેચા ૯૮૧૯૦૨૬૨૧૭